

जैन सत्य प्रकाश

विषय–दर्शन



સાભાર-સ્વીકાર

૧૦૧) પૂ. મુનિરાજ શ્રીગૌતમસાગરજી મ. નાં ઉપદેશથી શ્રી જૈન સંઘ, નેર (ધૂળિયા)

૫૧) પૂ. મુનિરાજ શ્રીદર્શનવિજયજી (ત્રિપુટી) મ. ના ઉપદેશથી શ્રી જૈન સંઘ, કોશીલાવ (રાજસ્થાન)

૪૧) પૂ પ શ્રીકીર્તિમુનિજી મ. ના ઉપદેશથી શેઠ કપૂરચંદ ભગવાનજી, જામ-કંડોરણા (સૌરાષ્ટ્ર)

૨૫) પૂ પં. શ્રીદાનવિજયજી ગણિવરના ઉપદેશથી શ્રીવીરવિજયજી મહારાજનો ઉપાશ્રય, અમદાવાદ

૨૫) પૂ ઉપા. શ્રી ધર્મવિજયજી મ. ના ઉપદેશથી શ્રી જૈનશાળા સંઘ, રાધનપુર

૨૫) પૂ. આ. શ્રીહેમસાગરસૂરીશ્વરજી મ. ના ઉપદેશથી શેઠ રતનચંદ ગુલાબચંદ જૈન ઉપાશ્રય, નાગજી ભૂધરની પોળ, અમદાવાદ

૨૫) પૂ. આ. શ્રી વિજયપ્રતાપસૂરીશ્વરજી મ ના ઉપદેશથી શ્રી દેરાસરિયા જૈન સંઘ, ધ્રાંગધ્રા.

૨૫) પૂ શ્રીમાનવિજયજી ગણિવરના ઉપદેશથી શ્રીપાર્શ્વનાથ ભગવાનની પેઢી, નવસારી

॥ ॐ अर्हम् ॥
अखिल भारतवर्षीय जैन श्वेताम्बर मूर्तिपूजक
मुनिसम्मेलन संस्थापित
श्री जैनधर्म सत्यप्रकाशक समितिनुं मासिक मुखपत्र
जेशिंगभाईनी वाडी : घीकांटा रोड : अमदावाद (गुजरात)

वर्ष : १९	વિક્રમ સં. ૨૦૦૯ : વીર નિ. સં. ૨૪૭૯ : ઈ. સ. ૧૯૫૩	क्रमांक
अंक : १	આસો સુદિ ૭ : ગુરુવાર : ૧૫ ઓકટોબર	२१७

પ્રાસંગિક નોંધ

ઓગણીસમા વર્ષની પ્ર॰સ્થા॰ન॰યા॰ત્રા

આ માસિક પોતાના જીવનનું અઢારમું વર્ષ પૂરું કરી આજે ઓગણીસમા વર્ષમાં પ્રસ્થાન કરે છે; એ સમયે જે પૂજ્ય આચાર્યાદિ મુનિવરોએ અમને પ્રોત્સાહન આપી, તે તે ગામના શ્રીસંઘોને ઉપદેશ આપી પ્રેરણા કરી છે તે પૂજ્યો અને શ્રીસંઘનો આભાર માને છે અને જે લેખકોએ માસિકને સમૃદ્ધ બનાવવા સાથ આપ્યો છે તેમની પણ સાભાર નોંધ લે છે.

જૈન અને જૈનેતરોમાં એક એવો વર્ગ તૈયાર થયેલો છે જે જૈન તત્ત્વજ્ઞાન, ઈતિહાસ, પુરાતત્ત્વ અને સાહિત્યિક વિગતોની જિજ્ઞાસા ધરાવે છે, ત્યારે બીજી તરફ આપણી સામગ્રી જ્યાંત્યાં વેરવિખેર પડી છે તત્ત્વજ્ઞાનને આજના વિજ્ઞાન સાથે ઘટાવવું, ગ્રંથોમાં વિખરાયેલી ઐતિહાસિક સામગ્રીને એકત્રિત કરવી, અજાણ્યા ખૂણે પડેલાં ધ્વસ્ત મંદિરો, તેમાં પડપોપડા બાઝી ગયેલા શિલાલેખો, ગ્રંથભંડારોમાં પડી રહેલા અજ્ઞાત ગ્રંથો અને તેની વિગતો એકઠી કરવાનું કામ વ્યવસ્થિતરીતે આપણી કોઈ સંસ્થા હાથ ધરે એ બાકી છે. પરિણામે આજસુધીમાં ઘણું ભૂગર્ભમાં ભળી ગયું, કેટલુંયે નાશ થયું અને કેટલુંક પરાવર્તન પામ્યું છતાં આપણે એ તરફ ઝાઝી દરકાર રાખી નથી આ રીતે આપણો વારસો વેડફાઈ રહ્યો છે. જ્યારે બીજી તરફ કેટલાક લેખકો જૈનધર્મ વિશે ગેરસમજૂતીથી દોરવાઈને ભ્રાંત વિચારો રજૂ કરી રહ્યા છે.

આવી હકીકતોને સાચી રીતે, સબળ પુરાવા સાથે રજૂ કરવાની આ માસિકની નેમ છે. પણ આ વિકટ કામ માટે વિવિધ સામગ્રી અપેક્ષિત છે; છતાં અમારી

ટૂંકી મર્યાદામાં આ માર્ગે અમારો ઉત્સાહભર્યો પ્રયાસ છે, જે અઢાર વર્ષની ફાઈલોથી જાણી શકાય એમ છે.

સમિતિના એકલા ઉત્સાહથી આ કામ સરે એવું નથી. સમાજના, આ ઉચ્ચ અને શિષ્ટ ઉદ્દેશને ધરાવતા એક માત્ર માસિકને નભાવવાનું કામ તો સમસ્ત ભારતના શ્રીસંઘનું છે. અઢાર વર્ષની સતત સેવાઓ બજાવ્યા પછી સમાજમાં હકની લાગણીથી એ નભી રહ્યું છે. અમારે કબૂલ કરવું જોઈએ કે પૂજ્ય આચાર્યાદિ મુનિવરોના ઉપદેશથી શ્રીસંઘે એને આજ સુધી પોષ્યું છે અને એ બળે એ ટકી રહ્યું છે. પણ એને આવતી કાલની ચિંતા મૂંઝવી રહી છે. ગતવર્ષની ખોટ એણે ચાલુ વર્ષની આવકથી પૂરી છે. પણ નવા વર્ષ માટે એની પાસે ઉત્સાહ સિવાય બીજું બળ નથી. આથી જ એને પગભર અને સમૃદ્ધ બનાવવા અમારું નિવેદન છે. આપણા સંપન્ન સમાજ આગળ આ સવાલ કાંઈ મોટો નથી. વાર્ષિક ખર્ચને પહોંચી વળે એટલાં નાણાં તો સમિતિ પાસે હોવાં જ જોઈએ.

માસિકે કરેલી સેવા કે તેની યોગ્યતા માટે અમારે કશું કહેવાનું નથી. અમને એટલો સંતોષ છે કે, એણે સમાજમાં લાગણીભર્યું સ્થાન પ્રાપ્ત કર્યું છે, એ જ એનો સાચો પુરસ્કાર છે.

માસિકના લેખકો એ તો માસિકનો પ્રાણ છે લેખકોની શક્તિઓ વિકસે, સમાજમાં માનભર્યું સ્થાન પ્રાપ્ત કરે અને એની પરંપરા ચાલુ રહે એ ઉદ્દેશ પણ માસિક અપનાવી રહ્યું છે, એ મુજબ જૂના લેખકો સાથે નવા લેખકો પણ મળતા રહ્યા છે.

સામાન્ય અને હળવા લેખોને સ્થાન આપવાનો માસિકનો ઉદ્દેશ નથી, અને વર્ગીય ચર્ચામાં એ પડતું નથી. તત્ત્વજ્ઞાન, ઇતિહાસ, પુરાતત્ત્વ કે સાહિત્યિક વાર્તા અને ઉપદેશને લગતા લેખો, અલબત્ત; આપણા સમાજમાં બધાને એકસરખા વાચનસુલભ બનતા નથી. એ નક્કર હકીકત જાણવા છતાં બીજા સમાજોની અપેક્ષાએ અને ભાવિ પેઢી જે જ્ઞાનની ભૂખ માટે લાલાયિત છે તેમની દૃષ્ટિએ માસિકની લેખ-સામગ્રીનું ધોરણ કંઈક ઊંચું બની રહે છે. છતાં કેટલીક વખત ઉચ્ચ કક્ષાની વાર્તાઓ અને ઉપદેશોને પણ માસિક અપનાવતું રહ્યું છે અને બને તેટલું સર્વજનસુલભ બનાવવાનો પ્રયત્ન રહ્યા કરે છે.

અમે ઇચ્છીએ છીએ કે નવા વર્ષે આરંભેલી અમારી પ્રસ્થાનયાત્રામાં સૌ કોઈ સાથ આપે—પોતાનાં તન, મન અને ધનથી મદદગાર બને. ત્યારે જ અમારા ઉત્સાહમાં બળ અને તેજ આવશે અને ત્યારે જ માસિક સમૃદ્ધ બની નવા તેજે અને નવા રંગે દીપી ઊઠશે.

—સંપાદક



શ્રીપાળ રાસનું નૈવેદ્ય

લેખક : પૂજ્ય મુનિરાજ શ્રીચંદ્રપ્રભસાગરજી

કર્મશાસ્ત્રના અલ્પ અભ્યાસને કારણે માનવજાત મૂંઝવણની ખીણમાં અટવાઈ પડી છે. કર્મશાસ્ત્રનો થોડો અભ્યાસ હોય તો મૂંઝવણનો અંત આવતાં વાર ન લાગે અભ્યાસી માણસ તો સમજી જાય કે, આ વિષમ સંયોગોમાં સમતુલા જાળવ્યા વિના, નિરાશા કે ભીરુતા દાખવીશ તો આ મૂંઝવણની ખીણમાંથી માર્ગ કાઢવાને બદલે, શોકની ઝાડીમાં વધારે અટવાઈ પડીશ. માટે આવા વિષમ સંયોગોનો ધૈર્યતાપૂર્વક સામનો કરવો કાં સંયોગોને સમતાથી સહી લેવા અથવા સંયોગોના સમય પૂરતું મૌન રહી, સંયોગોના પૂરને પસાર થવા દેવું અને પૂર ઓસરતાં પુનઃ મૂળ સ્થિતિમાં આવી જવું; પણ આત્માની સમાધિ તો ન જ ગુમાવવી—આ મૌલિક વાત શ્રીમયણાસુંદરીના પિતા, રાજ્ય ને ગૃહત્યાગના કઠોર કર્તવ્યો દ્વારા, બહુ જ નમ્ર રીતે 'શ્રીપાળના રાસ'માં કહી જાય છે. રાસનું વાચન થતુ હોય છે ત્યારે વાચક શ્રોતાનુ હૈયું લયપૂર્વક સિદ્ધાન્તના મૂળ સુધી તણાતું હોય છે. આગળ જતા આ કર્મવાદના સિદ્ધાન્તનો બીજો પાસો આવે છે.

કર્મશાસ્ત્રનો અર્થ એ નથી કે, કર્મવાદને સ્વીકાર્યો એટલે પ્રયત્નની ઉપેક્ષા કરવી. કર્મવાદમાં પ્રયત્નને પૂર્ણ સ્થાન છે. કર્મનો અર્થ જ એક રીતે પ્રયત્ન,–કરવું એટલે કર્મ! ભૂતકાળમાં થઈ ગયેલા કર્મના પરિણામ વખતે અફસોસ કર્યા વિના, ભાવિ માટે–હવે પછીના કાર્ય માટે સજાગ બની આગળ વધવું એનું નામ કર્મવાદ! આ સિદ્ધાન્ત જીવનની વિષમતાઓમાં જેમ શાન્તિ ભરી દોરી જાય છે, તેમ ભાવિના માર્ગમાં પ્રકાશ પણ પાથરે છે એ સમજાવે છે કે:–What is done, Cannot be undone; but be careful for the future. જે થવાનું હતું તે થઈ ગયું છે, જે થયું છે તે મટવાનું નથી; પણ હવે તો તું સાવધાન થા. આ સમજણ આવતા અણધારી આવેલી વિષમ સ્થિતિમાં મન સ્વસ્થ રહે છે, ને આગળના પંથમાં એ સુસજ્જ ને વ્યવસ્થિત થઈ પ્રયાણ કરે છે. અને તેથી જ મયણાસુંદરી કર્મવાદને માનવા છતાં નિમાલ્ય બની બેસી ન રહેતાં, પુરુષાર્થથી એ કર્મોને કઈ રીતે દૂર કરવાં તેનુ માર્ગદર્શન ગુરુ પાસે માગે છે અને મહાજ્ઞાનીએ ચીંધેલા આરાધનામાં શ્રદ્ધા અને દૃઢ સંકલ્પપૂર્વક એ લાગી જાય છે!

સાથેસાથે એક ગજરુઆળા સિદ્ધાન્ત ખાતર રાજ્યસુખ અને સ્નેહીઓની હૂંફનુ બલિદાન આપીને પણ પોતાના સિદ્ધાન્તને અણનમ રીતે પાળે છે અને તીવ્ર પ્રયત્નો દ્વારા –શ્રી. સિદ્ધચક્રની આરાધના દ્વારા–પોતાના કોઢિયા પતિને નીરોગી બનાવી નારી જીવનનુ એક ગૌરવભર્યું જ્વલન્ત દૃષ્ટાન્ત રજુ કરે છે.

આ સિવાય આજનો યુગ તર્કપ્રધાન બનતો જાય છે આજે માણસ વસ્તુ માત્રને તર્કના ચીપિયાથી ઉપાડે છે પણ કર્મશાસ્ત્રની તીક્ષ્ણતાના અભાવે એ ચીપિયો એટલો તો સ્થૂલ બની ગયો છે કે સૂક્ષ્મ પ્રવાહોને તો એ સ્પર્શીયે નથી શકતો સૂક્ષ્મ પ્રવાહોને સ્પર્શવા


એ પ્રયત્ન જરૂર કરે છે પણ તત્ત્વ એટલું સૂક્ષ્મ છે અને ચીપિયો એટલો સ્થૂલ છે કે બન્નેને મેળ જ ન ખાય અને કોઈકવાર સ્પર્શી જાય તોય શ્રદ્ધાના અભાવે એ પળવારમાં સરી જાય અને મૂળ સ્થિતિ આવીને ઊભી રહે અને ક્યારે તર્ક ન પહોંચતાં બોલી ઊઠે છે: (It is inconvincable) આ કલ્પનામાં ન આવે એવી વસ્તુ છે. ત્યારે કર્મવાદનો અભ્યાસી કહેશે: જગતની કોઈ વસ્તુ અહેતુક નથી. (Effect of the Cause) હેતુની અસર તો છે જ. તો આ પ્રસંગ પાછળ પણ કર્મનું અદૃશ્ય બળ કામ કરતું હોવું જ જોઈએ. એના બળે જ આ સ્થિતિ ઊભી થઈ છે. આ વાત—એક જ વાતાવરણમાં રહેવા છતાં શ્રીપાળ પર કોઢ રોગની અસર થવી અને એમની માતા પર એની અસર ન થવી—આ પ્રસંગદ્વારા આપણને સમજાય છે. અહીં કર્મને ન સ્વીકારીએ અને માત્ર જંતુવિજ્ઞાનમાં જઈએ તો બન્ને પર એની સમાન અસર થવી જોઈએ, પણ તેમ નથી; કારણ કે બન્નેના જીવન પાછળ હેતુઓ ભિન્ન ભિન્ન છે, કર્મ જુદાં જુદાં છે.

આ રીતે આ રાસનો પ્રત્યેક પ્રસંગ કેવો સહેતુક છે તે ઊંડાણથી વિચાર કરતાં સમજાય તેમ છે. આ રાસ, કર્મગ્રન્થનો ઊંડો ને સૂક્ષ્મ અભ્યાસ કરવા અસમર્થ સામાન્ય વ્યક્તિ પર, પણ હળવા પ્રસંગોદ્વારા, પ્રત્યેક સંયોગો પાછળ કાર્ય કરતા ગઈ કાલના નિમિત્ત પર પ્રકાશ પાડી, કર્મના સિદ્ધાન્તોની અવિસ્મરણીય છાપ પાડી જાય છે

અને એટલે જ, આ પાવનકારી જીવનચરિત્ર વર્ષમાં એકવાર નહિ, પણ બે વાર—ચૈત્ર ને આસોમાં વંચાય છે. વારંવાર વાંચવા છતાં આનું વાચન નીરસ નથી લાગતું અને જ્યારે જ્યારે વંચાય છે, ત્યારે એમાંથી રસનાં ઝરણાં વહે છે. એનું બીજું કારણ એ પણ છે કે, આના પ્રસંગો નિર્ગ્રન્થજીવનને સ્પર્શવા કરતાં ગૃહસ્થજીવનને સ્પર્શે છે: નારીશિયળ, સહિષ્ણુતા, દૃઢ સંકલ્પ ને નિઃસીમ શ્રદ્ધાદ્વારા અને પુરુષસૌજન્ય, સંયમ, ક્ષમા ને ભક્તિદ્વારા માનવતાની સીમા વટાવીને, સાધુતાની ભૂમિકા સુધી કયી રીતે પહોંચી શકે છે, આ વાત મયણાદેવીને શ્રીપાળે પોતાના સૌમ્ય આચરણથી આમાં પૂરવાર કરી છે.

એક રીતે તો આ રાસને પ્રકાશ ને અંધકારના યુદ્ધનો ઇતિહાસ કહીએ તોય ચાલે. શ્રીપાલનો સૌજન્યતાભર્યો પ્રકાશ, ધવળની દુર્જનતાના અંધકાર પર વિજય કઈ રીતે મેળવે છે એનું તલસ્પર્શી વિવેચન એટલે, 'શ્રીશ્રીપાલનો રાસ'!

(સાધના પ્રકાશનમંદિર તરફથી પ્રકાશિત 'શ્રીપાલના રાસ'નું નૈવેદ્ય)



પ્રાચીન સમયમાં ભજવાયેલાં જૈન નાટકો

લેખક : પ્રો. શ્રીયુત હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

⊙

ભારતીય સાહિત્યના સર્જનમાં જૈનોનો ફાળો જેવો તેવો નથી. સાહિત્યનાં વિવિધ અંગોમાં નાટક એક મહત્ત્વનું અને આકર્ષણનું અંગ ગણાય છે એને વિકસિત કરવામાં અને એ દ્વારા જૈન સાહિત્યને સમૃદ્ધ બનાવવામાં જૈન ગ્રન્થકારોએ પોતાની શક્તિનો ઉપયોગ કર્યો છે. 'શ્રમણ ભગવાન્' મહાવીરસ્વામીની પૂર્વેની કોઈ જૈન કૃતિ ભાગ્યે જ સચવાઈ રહી હશે અને જે કોઈ હશે તે ધાર્મિક હશે અને એને કોઈક રીતે આગમોમાં ગૂંથી લેવાઈ હશે. આવી પરિસ્થિતિમાં મહાવીરસ્વામી કરતાં વધારે પ્રાચીન સમયનું કોઈ નાટક આજે ન મળતું હોય તો તેમાં નવાઈ નથી.

રાયપસેણિય, રાયપસેણઇઅ, રાયપ્પસેણઇય અને રાયપ્પસેણઇજ્જ એમ વિવિધ પાઇય નામોથી અને રાજપ્રશ્નીય એવા સંસ્કૃત નામે ઓળખાવાતા બીજા ઉવંગમાં સૂર્યાભદેવનો અધિકાર આવે છે. એણે મહાવીરસ્વામીને, બત્રીસ પ્રકારનાં નાટક ભજવી બતાવવા ત્રણવાર સમ્મતિ માગી પણ ઉત્તર ન જ મળ્યો એટલે એણે દેવકુમારો અને દેવકુમારી વિકુર્વી તેમને નાટક ભજવવા ફરમાવ્યું. છેલ્લા નાટકમાં મહાવીરસ્વામીનાં ચ્યવન, ગર્ભસંહરણ, જન્મ, અભિષેક, બાલક્રીડા, યૌવન, નિષ્ક્રમણ, તપશ્ચર્યા, કેવલજ્ઞાનની પ્રાપ્તિ, તીર્થનું પ્રવર્તન અને નિર્વાણ એ બાબતો બતાવાઈ. આ સમયે વાજિત્રો વગાડયાનો, સંગીત સુણાવ્યાનો નૃત્ય કર્યાનો અને અભિનયો કર્યાનો જેમ ઉલ્લેખ મળે છે તેમ મોઢેથી સંવાદાદિ બોલાયાનો ઉલ્લેખ જોવાતો નથી વિશેષમાં આ 'મૂક અભિનય' હોય તો પણ એ નાટક ભજવાયા બાદ પણ એ લિપિબદ્ધ કરાયું હોય તો તે પ્રકારનો ઉલ્લેખ જણાતો નથી.

પુપ્ફિયા નામના દશમા ઉવંગમાં ચન્દ્ર નામના ઇન્દ્રે મહાવીરસ્વામીની સમક્ષ સૂર્યાભદેવની પેઠે નાટ્યવિધિ બતાવ્યાનો ઉલ્લેખ છે આ ઉવંગમાં સૂર્યે, શુક્રે, બહુપુત્રિકા દેવીએ તેમજ પૂર્ણભદ્રે, માણિભદ્રે, દત્તે, શિવે, બલે અને અનાદતે (અનાઢિય) પણ નાટ્યવિધિ બતાવ્યાનો ઉલ્લેખ છે. આ દશ વ્યક્તિઓ તરફથી ભજવાયેલાં નાટક પણ લિપિબદ્ધ થયેલાં હોય એમ જણાતું નથી.

દસવેયાલિયની નિજ્જુત્તિમાંથી ઉદ્ધરેલી પ્રશાખા તરીકે નિર્દેશાતી અને ભદ્રબાહુસ્વામીની કૃતિ તરીકે ઓળખાવાતી પિંડનિજ્જુત્તિમાં ગા. ૪૭૪–૪૮૦ માં 'રટ્ઠપાલ' નાટક

ભજવાયાની વાત છે. ભરત ચક્રવર્તીના જીવનવૃત્તાન્તને અંગેનું આ નાટક પાટલિપુત્રમાં આષાઢાભૂતિ નામના મુનિએ ભજવ્યાનો અહીં ઉલ્લેખ છે. એ નાટક જોઈને અનેક રાજાઓ અને રાજકુમારો સંસારથી ઉદ્વિગ્ન બની દીક્ષા લેતા હતા. આથી સંસારને હાનિ થશે અને પૃથ્વી ક્ષત્રિય વિનાની બનશે એવો ભય ઉત્પન્ન થતાં એ નાટકનો નાશ કરાયો એમ આ પિંડનિજ્જુત્તિની વૃત્તિ (પત્ર ૧૩૯ અ)માં એના રચનાર મલયગિરિસૂરિએ કહ્યું છે. આ પરિસ્થિતિને લઈને આપણે આજે આ નાટકથી વંચિત બન્યા છીએ.

ઉત્તરજ્ઝયણના ઉપર નેમિચન્દ્રસૂરિએ વિ. સં. ૧૧૨૯માં વૃત્તિ રચી છે. આ 'મૂલસુત્ત' તરીકે ઓળખાવાના આગમના અ. ૧૩ના ૧૯૬મા પત્રની વૃત્તિમાં તેમજ અ. ૧૮ના ૨૪૦મા પત્રની વૃત્તિમાં મહુયરીગીય અને સોયામણિ એ બે નાટકોનો અનુક્રમે ઉલ્લેખ છે.

વિ. સં. ૧૪૦૫માં રાજશેખરસૂરિએ પ્રબન્ધકોશ યાને ચતુર્વિંશતિપ્રબન્ધની રચના કરી છે. આમાંનો નવમો પ્રબન્ધ બપ્પભટ્ટિસૂરિને અંગેનો છે. એમાં બપ્પભટ્ટિસૂરિના ગુરુભાઈ નન્નસૂરિએ વૃષભધ્વજચરિત્ર નાટકરૂપે રચ્યું. નન્નસૂરિએ તેમજ ગોવિન્દસૂરિએ ગુટિકા વડે વર્ણનું અને સ્વરનું પરાવર્તન કરી નટનો વેષ ધારણ કર્યો. એ નાટક નટોને શીખવાયું. પછી આમ નરેશ્વર સમક્ષ એ ભજવી બતાવાયું. તેમાં ભરત અને બાહુબલિ વચ્ચેના યુદ્ધનો પ્રસંગ એવો અદ્ભુત રીતે 'વીર' રસથી જમાવાયો કે આમ રાજા અને એના સુભટો તરવાર ખેંચીને ઊભા થઈ 'મારો, મારો' એમ બોલવા લાગ્યા.

આમ આ નાટક જે આમ રાજાના દરબારમાં ભજવાયું હતું તે આમ રાજા ઈ. સ.ની આઠમી સદીમાં થઈ ગયા છે એમ મનાય છે. આ નાટક લિપિબદ્ધ થઈ કોઈ સ્થળે સચવાઈ રહ્યું હોય એમ જાણવામાં નથી.

વિબુધાનન્દ—શીલાચાર્યની કૃતિ તરીકે ઓળખાવાતા મહાપુરિસચરિયમાં કર્તાએ વિબુધાનન્દ નામના એકાંકી નાટકને ગૂંથ્યું છે.[1] આ નાટક કોઈ વેળા ભજવાયું હોય તો તેની તપાસ કરવી બાકી રહે છે.

બુદ્ધિસાગરસૂરિએ કોઈ નાટક કે નાટકો રચ્યાં હોવાં જોઈએ એમ વર્ધમાનસૂરિએ વિ. સં. ૧૧૪૦માં રચેલા મનોરમાચરિયની પ્રશસ્તિ જોતાં જણાય છે. શું એ નાટક કે નાટકો કોઈ વેળા ભજવાયા હતાં ખરાં?

'કલિકાલસર્વજ્ઞ' હેમચન્દ્રસૂરિના[2] એક શિષ્યનું નામ દેવચન્દ્ર છે. એમણે બે નાટકો રચ્યાં છે. (૧) ચન્દ્રલેખાવિજય પ્રકરણ ને (૨) માનમુદ્રાભંજન. ચન્દ્રલેખાવિજય પ્રકરણમાં પાંચ અંક છે. કુમારવિહારમાં મૂલનાયક પાર્શ્વજિનની ડાબી બાજુએ રહેલા અજિતનાથના જિનાલયમાં વસન્તોત્સવ પર કુમારપાલની પરિષદ્‌ના ચિત્તના પરિતોષ માટે એ રચાયું હતું. એનો રચનાસમય વિ. સં. ૧૨૦૭ની આસપાસનો છે. અર્ણોરાજને પરાસ્ત કરવામાં કુમારપાલે દાખવેલા પરાક્રમની પ્રશંસારૂપે આ નાટક રચાયું છે

---

૧. જુઓ મારું પુસ્તક નામે પાઇય (પ્રાકૃત) ભાષાઓ અને સાહિત્ય (પૃ. ૧૦૩).

૨. એમના શિષ્ય 'કવિકટારમલ્લ' રામચન્દ્રસૂરિએ જાતજાતનાં નાટકો—પ્રકરણ, વ્યાયોગ, નાટિકા વગેરે રચ્યાં છે. આની રૂપરેખા મેં જૈન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ એ નામના મારા પુસ્તકમાં આલેખી છે. એ પુસ્તક અત્યારે તો અપ્રસિદ્ધ છે.

અનન્તકુમાર ચક્રવર્તી અને વિલાસવતીનો અધિકાર આવે છે. આ નાટક કોઈ સ્થળે ઉપલબ્ધ છે ખરું ?

'મોઢ' વંશના મંત્રી ધનદેવ અને રુક્મિણીના પુત્ર શ્રાવક યશઃપાલે મોહરાજ-પરાજય નામનું નાટક (થરાદ)માં ત્યાંના કુમારવિહારના શણગારરૂપ વીર જિનેશ્વરના યાત્રા-મહોત્સવના પ્રસંગે રચ્યું હતું. આ યશઃપાલ તે રાજા અજયપાલનો જૈન મંત્રી હતો. એણે આ નાટકમાં, ધર્મરાજ અને વિરતિની પુત્રી કૃપાસુન્દરીના કુમારપાલ સાથેના લગ્નની હકીકત ગૂંથી છે. આ રચના વિ. સં. ૧૨૨૯ થી ૧૨૩૨ના ગાળામાં થઈ છે એમ મનાય છે.

'ધર્કટ' વંશના ધનદેવના પુત્ર પદ્મચન્દ્રના પુત્ર શ્રાવક યશશ્ચન્દ્રે મુદ્રિતકુમુદચન્દ્ર પ્રકરણ નામનું નાટક રચ્યું છે. શ્વેતાંબર આચાર્ય દેવસૂરિ અને દિગમ્બર આચાર્ય કુમુદચન્દ્ર વચ્ચે ઈ. સ. ૧૧૨૪માં થયેલા વાદવિવાદરૂપ વસ્તુ આમાં ગૂંથી લેવાઈ છે. આ નાટક કોઈ વેળા ગુજરાતમાં ભજવાયું છે ખરું ?

દેવસૂરિના સંતાનીય જયપ્રભસૂરિના શિષ્ય રામભદ્રે ૭ અંક પૂરતું પ્રબુદ્ધ-રૌહિણેય નામનું નાટક રચ્યું છે. વિ. સં. ૧૨૨૧ના અરસામાં નિર્દેશાયેલ યશોવીરે અને એના ભાઈ અજયપાલે બનાવેલા આદીશ્વરચૈત્યના યાત્રોત્સવને પ્રસંગે આ નાટક ભજવાયું હતું. રૌહિણેય ચોરને શ્રેણિક રાજાના પુત્ર અભયકુમારે કેવી યુક્તિથી પકડ્યો તેનું અહીં વર્ણન છે.

પ્રજ્ઞાચક્ષુ મહાકવિ શ્રીપાલના પુત્ર કવિ સિદ્ધપાલના [1]પુત્ર કવિ વિજયપાલે દ્રૌપદી-સ્વયંવર નામનું બે અંક પૂરતું નાટક રચ્યું છે. આ નાટક 'ભોળા' ભીમદેવની આજ્ઞાથી ત્રિપુરુષદેવ સામે વસન્તોત્સવના સમયે ભજવાયું હતું અને એના અભિનયથી 'અણહિલ પુર' પાટણની પ્રજા પ્રમુદિત થઈ હતી. 'ભોળા' ભીમને 'ભીમદેવ બીજો' પણ કહે છે. એણે 'અભિનવ સિદ્ધરાજ' એવું બિરુદ ધારણ કર્યું હતું. એણે વિ. સં. ૧૨૩૫ થી ૧૨૯૮ સુધી રાજ્ય કર્યું હતું.

વસ્તુપાલના ગાઢ સંપર્કમાં આવેલા અને આઠ પ્રકરણમાં અલંકારમહોદધિ રચનારા નરેન્દ્રપ્રભસૂરિએ કાકુત્સ્થકેલિની રચના કરી છે, એમ રાજશેખરસૂરિકૃત ન્યાયકન્દલી-પંજિકા જોતાં જણાય છે. એક સૂચિના આધારે એ નાટક હોવાનું જણાય છે. આમાં રઘુવંશને લગતો વિષય હોય તો ના નહિ. આ નાટક ૧૫૦૦ શ્લોક જેવડું છે. પણ એ કોઈ સ્થળે હોય એવો ઉલ્લેખ જણાતો નથી તો પછી એ કોઈ વેળા ભજવાયું છે કે નહિ તે વિષે શું કહી શકાય ?

અભયદેવસૂરિના શિષ્ય હરિભદ્રસૂરિના શિષ્ય બાલચન્દ્રસૂરિએ કરુણાવજ્રાયુધ નામનું પંચાંકી નાટક રચ્યું છે. એ વસ્તુપાલની આજ્ઞાથી શત્રુંજય ઉપરના ઋષભદેવના ઉત્સવમાં ભજવાયું હતું. વસ્તુપાલ વિ. સં. ૧૨૭૭માં શત્રુંજયની યાત્રાએ ગયા હતા એટલે એ સમય ઉપર આ નાટક રચાયું હશે. વજ્રાયુધ ચક્રવર્તી પોતાના પ્રાણના ભોગે પણ કબૂતરનું બાજ પક્ષીથી રક્ષણ કરે છે એ વાત[2] અહીં અપાઈ છે.

---

૧. પુત્ર અને પૌત્ર પણ પોતાની જેમ 'કવિ' હોય એવા ઘટના વિરલ જણાય છે એટલે આ શ્રીપાલ, સિદ્ધપાલ અને વિજયપાલની—આ ત્રણ 'પાલ'ની ત્રિપુટી ખાસ નોંધપાત્ર બને છે.

૨ આ શિબિ રાજાના વૃત્તાંતનું સ્મરણ કરાવે છે.

ભરૂચના મુનિસુવ્રતસ્વામીના મન્દિરના આચાર્ય અને વીરસૂરિના શિષ્ય જયસિંહસૂરિએ હમ્મીરમદમર્દન નામનું નાટક રચ્યું છે. એમાં વીરધવલે અને વસ્તુપાલે મીલચ્છીકાર (સુલતાન અલ્તમશ)ને હરાવ્યો એ બાબત ગૂંથી લેવાઈ છે. આ નાટકની રચના વિ. સં. ૧૨૭૬ થી ૧૨૮૫ના ગાળા માં થઈ હોય એમ લાગે છે. આ નાટક વસ્તુપાલના પુત્ર જયન્તસિંહની આજ્ઞાથી ખંભાતમાં ભીમેશ્વરદેવના યાત્રામહોત્સવને પ્રસંગે પહેલવહેલું ભજવાયું હતું. 'શકુનિકાવિહાર' નામના મન્દિરની ભીંતમાં વસ્તુપાલ અને તેજઃપાલના અદ્ભુત દાનની પ્રશંસારૂપે રચાયેલું પ્રશસ્તિકાવ્ય પથ્થરમાં કોતરાવાયું હતું. એ કાવ્ય હમ્મીરમદમર્દનની એક હાથપોથીના અન્તમાં મળે છે; બાકી અત્યારે તો આ મન્દિરની મસીદ બની ગઈ છે.

મેઘપ્રભસૂરિએ ધર્માભ્યુદય નામનું નાટક રચ્યું છે. એને છાયાનાટ્ય પ્રબંધ પણ કહે છે. એ દશાર્ણભદ્રનું જીવન રજૂ કરે છે. એ નાટક પાર્શ્વનાથના જિનાલયમાં યાત્રા પ્રસંગે ભજવાયું હતું, એ નાટકનો જર્મન ભાષામાં અનુવાદ થયેલો છે.

શ્રીપાલ-નાટક—આ નાટક રચાયાનો તો ઉલ્લેખ મળે છે, પણ એ કોઈ સ્થળે ભજવાયું છે ખરું ?

વિ. સં. ૧૩૪૭ની આસપાસમાં થઈ ગયેલા દિગંબર હસ્તિમલ્લે નીચે મુજબનાં નાટકો રચ્યાં છે:—

અંજના-પવનંજય, મૈથિલીકલ્યાણ, વિક્રાન્ત-કૌરવ, અને સુભદ્રાહરણ.

આ ઉપરાંત અર્જુનરાજ વગેરે [1]અન્ય નાટકો પણ એમણે રચ્યાનું કેટલાક માને છે.

હસ્તિમલ્લનાં આ નાટકો પૈકી કોઈ પણ નાટક કોઈ પણ સ્થળે ભજવાયું હોય તો તે જાણવું બાકી રહે છે.

કેટલાંક નાટકો જિનાલયમાં ભજવાયાના ઉલ્લેખ જોવાય છે. તેમજ જિનાલયના પ્રવેશ-દ્વારની સામેના અને ગર્ભાગારની આગળના ભાગને 'રંગમંડપ' કહે છે તો આ ઉપરથી એક પ્રશ્ન સ્ફુરે છે કે શું એ 'રંગમંડપ'માં નાટકો ભજવાતાં હશે? જો એમ જ હોય તો પ્રેક્ષક-વર્ગ માટે શી વ્યવસ્થા હશે?

1. આના નામ મેં જૈન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ નામના મારા પુસ્તકમાં નોંધ્યાં છે.

[અનુસંધાન પૃષ્ઠ : ૧૪ થી ચાલુ]

નામ ગધૈયા રાખ્યું આજે પણ ગુજરાત, માળવા અને રાજપૂતાનામાં ગધૈયા-સિક્કા ઘણા મળે છે.

સાંડેરાવના મંદિરના એ સિક્કાઓ પણ ગધૈયા છે. એ લોકવાયકા અને એ સિક્કાઓના કાળનો સમન્વય કરીએ તો એ મંદિર લગભગ સાતમી સદીનું ઠરે છે. સાંડેરકગચ્છ પણ આઠમી સદીનો ચૈત્યવાસી ગચ્છ છે અને તેનું આ જૂનામાં જૂનું દેરાસર છે.

આ મંદિરમાં મૂળનાયક ભગવાન મહાવીરસ્વામી હતા, આજે અહીં પરિકરવાળા મૂળનાયક છે. પણ તેની નીચે લેખ કે લાંછન નથી. જૈનો તેને શાંતિનાથ ભગવાન તરીકે ઓળખે છે.

એકંદરે સાંડેરાવ એ પ્રાચીન નગર છે. પ્રાચીન જૈનધામ છે.

ગાંડી !

લેખક : પૂજ્ય પં. શ્રીધુરંધરવિજયજી

સૂર્ય આકાશમાં ઊંચે ચડતો હતો ત્યારે એક તપસ્વિની પોતાના સ્થળથી ચાલી નીકળતી. એ સ્ત્રીને એક ધૂન લાગી હતી. ગામમાં જેવો પ્રવેશ કરે કે તરત જ કોણ જાણે ક્યાંથી તેની પાછળ પાંચ પચીસ છોકરાનું ટોળું જામી જતું. ' એ ગાંડી, ગાંડી ' એવી બૂમરાણો મચાવીને વગર પૈસે તે ટોળું એ સ્ત્રીને પ્રસિદ્ધિ આપતું હતું. ટોળામાંથી બે પાંચ છોકરાઓ દૂર થતા—ખસી જતા ત્યાં તો બીજા પાંચ—સાત છોકરાઓ આવી મળતા ટોળાની સંખ્યા દિવસ ચડવાની સાથે વધતી જતી, પણ ઘટતી નહિ.

છોકરાઓમાંથી કોઈ છોકરો કાંકરા મારતો તો કોઈ હાથના ચેનચાળા કરીને તે સ્ત્રીને ચીડવવા માટે પ્રયત્ન કરતો. આવા જુદાજુદા અનેક પ્રકારનાં કષ્ટોને ગણકાર્યા સિવાય તે સ્ત્રી પોતાનું ધ્યેય સિદ્ધ કરવા માટે આગળ ધપતી. એક ગલીમાંથી બીજી ગલીમાં, એક બજારમાંથી બીજા બજારમાં, એક લત્તામાંથી બીજા લત્તામાં; એમ આખા ગામમાં તે ભટકતી. તે પોતાના સગા પુત્રની શોધમાં હતી.

જેની શોધમાં તે સ્ત્રી નીકળી હતી તે શરીરે સુકુમાર હતો. પ્રથમ વયમાં આવતાં જ તે કુમાર સંયમી બન્યો હતો, સંયમના કઠિન અને કઠોર અનુષ્ઠાનો તેને દુષ્કર જણાતાં ન હતાં, તેથી તે મૂંઝતો નહિ. ઊલટુ તેની આવા વિષમ માર્ગમાં પણ પ્રસન્નતા જોઈને અનેકને પ્રેરણા મળતી. અનેકને એ આલંબનભૂત બનતો. તેનું મુખ્ય કારણ એક એ પણ હતું કે તે કુમારને તેના પિતાની હૂંફ હતી. પિતા પણ સાથે જ સંયમી થયા હતા પુત્રનું સર્વ પ્રકારે સંયમી જીવન નિરાબાધ રહે તેની તેઓ પૂરેપૂરી કાળજી રાખતા. વિનય અને અનુરાગ એ બેનું સંમિશ્રણ આ વૃદ્ધ તાતમુનિના જીવનમાં પોતાના પુત્રને અવલંબીને એટલું સુન્દર ખીલી ઊઠ્યું હતું કે બીજા માટે એ અનુકરણીય ગણાતું. એ વૃદ્ધ મુનિ પોતાનું કર્તવ્ય કર્યે જતા હતા. અને બાળમુનિ એ સુંવાળી હૂંફમાં સમય કેમ પસાર થાય છે એ પણ જાણતા ન હતા. દિવસો, મહિનાઓ અને વર્ષો વીતી ગયાં. મુનિ કુમાર મટી યુવાન થયા. યૌવનને આંગણે મુનિ આવ્યા નહિ ત્યાં તો તાતમુનિ સ્વર્ગે સીધાવ્યા. પિતા પરલોક જતાં ગોચરી લાવવી, પાણી લાવવું બહાર જવું વગેરે સર્વ કાર્યભાર એ મુનિને માથે આવી પડ્યો. કોઈ પણ વખત નહિ કરેલાં કાર્યો પોતાને માટે કરવા તેમને અનિવાર્ય બન્યાં. મુનિ અકળાતાં પણ કરે શું ! ન કરે તો કોણ કરી આપે ? કર્યા સિવાય છૂટકો ન હતો. ગ્રીષ્મ ઋતુના ખરેબપોરે પાત્રાં લઈને એ પ્રથમવાર ગોચરી માટે નીકળી પડ્યા.

ધોમ ધખી રહ્યો હતો. ધરતીમાંથી જાણે ધુમાડા નીકળતા હોય એમ ઝીણી રજ ઊંચે ચડતી હતી. ઘરમાંથી બહાર નીકળવાનું કોઈને મન પણ થતું ન હતું. નગરમાર્ગો

સૂમસામ શાંત હતા. સાંકડા ને ટૂંકા માર્ગો પણ લાંબા ને પહોળા લાગતા હતા. એવા વિજન માર્ગ ઉપર એ મુનિ ચાલ્યા જતા હતા. ગોચરી કેમ વહોરવી એનો તેમને વ્યવસ્થિત અનુભવ ન હતો. માથું ખુલ્લું હતું, પગ અડવા હતા. માથું તપતું હતું ને પગ દાઝતા હતા. પગ ધરતી પર મૂકતાની સાથે ઉપાડી લેવાનું મન થતું હતું. પેટમાં સખત ભૂખ લાગી હતી, વહોરીને લાવ્યા સિવાય બીજો કોઈ ઉપાય ન હતો. ધગધગતી ધરતી ઉપર એકદમ આગળ વધી શકાતું ન હતું. માથાને અને પગને ઠંડક આપવા માટે કોઈ છાયામાં થોડો વખત ઊભા રહેવાનો મનમાં વિચાર કરતા મુનિ માર્ગ કાપતા હતા. એક ઊંચી હવેલીની અટારી નીચે મુનિ આવી પહોંચ્યા ને ઊભા રહ્યા. તેમના મનમાં અનેક ગડમથલો મચી રહી હતી.

જે સ્થળે મુનિ ઊભા હતા તેની સામે જ શ્રીમન્તાઈનો ખ્યાલ કરાવતું—જાણે મોહ રાજાનું જાગેલું સામ્રાજ્ય હોય એમ પ્રથમ દર્શને જ સ્પષ્ટ તરી આવતું મહાલયસમું સુંદર મકાન હતું. એ મકાનમાં ચિરવિરહ સંતપ્ત એક યુવતી રહેતી હતી. યુવતી બારીમાં ઊભી ઊભી માર્ગ ઉપરથી કોણ આવે છે તે જોયા કરતી હતી. છાયામાં વિચારમગ્ન ઊભેલા મુનિને એ યુવતીએ નીરખ્યા. જોતાંની સાથે જ મુનિ તેના મનમાં વસી ગયા યુવતીએ દાસીને બૂમ મારીને કહ્યું કે—'સામે ઊભેલા મુનિને અહીં બોલાવી લાવ.'

દાસી મુનિ પાસે ગઈ અને પોતાનું આંગણું પવિત્ર કરવા માટે વિનંતિ કરી. વિચારશૂન્ય—યંત્રની માફક મુનિ કાંઈ પણ બોલ્યા વગર દાસીની પાછળ પાછળ ચાલ્યા. મુનિએ મકાનમાં પ્રવેશ કર્યો. જાણે વિરતિસદનમાંથી રતિસદનમાં પ્રવેશના હોય એમ.

આંખ નચાવતી, મુખ મલકાવતી, પાલવ સંકોરતી યુવતીએ મુનિને આવકાર આપ્યો. એ આવકારમાં ભારોભાર વિકાર ભર્યો છે તેનું ભાન મુનિને વખત જતાં થયું. જે રસનો અનુભવ કદી કરવો નથી એવા પ્રતિજ્ઞાબદ્ધ મુનિને એ રસે ખેંચ્યા—ને મુનિ મૌન ધારણ કરીને એ રસમાં ખેંચાયા—તણાયા અને જાણે ડૂબી ગયા.

સમય ઘણો પસાર થયો છતાં મુનિ ઉપાશ્રયે પાછા ન ફર્યા. એટલે સહવર્તી મુનિઓને ચિંતા થવા લાગી. તેઓએ તપાસ કરી—કરાવી પણ ક્યાંઈ પત્તો ન લાગ્યો. પોતાની સાધનામાં મગ્ન મુનિઓ તો છેવટે ચિંતા મૂકીને એ વાત ભૂલી પણ ગયા. પરંતુ એ વાત ભૂલી ન શકી એક વ્યક્તિ—એ વ્યક્તિ હતી, આ મુનિની માતા. તેણે જ્યારે ઉપાશ્રયે આ વાત સાંભળી કે—ગોચરી વહોરવા ગયેલા મુનિ હજુ સુધી પાછા આવ્યા નથી—ત્યારે તેનું હૃદય વલોવાવા માંડ્યું. વ્યાકુળ મને એ તેની શોધમાં નીકળી પડી.

માર્ગમાં જે કોઈ મળે તેને એ પૂછતી કે અમુક મુનિને જોયા છે? ક્યાં છે એ! મને બતાવોને! એ તેનું વર્ણન કરવા લાગતી તેનું રૂપ આવું છે. સ્વરૂપ આવું છે. આટલી ઊંચાઈ છે. આવું નાક છે. આવી આંખો છે. કપાળ વિશાળ છે. વગેરે પરિચય આપીને પૂછતી. કોઈ તો કહો કે આવા મુનિને ક્યાંય જોયા છે—સાંભળ્યા છે? એકાદ બે દિવસ તો કોઈને વિચિત્ર ન લાગ્યું. પણ જ્યારે હંમેશનો આ કાર્યક્રમ થઈ ગયો ત્યારે લોકોના મનમાં થઈ ગયું કે આનું ચસકી ગયું છે.

વાત વહેતી થઈ ગઈ કે, એક સાધ્વી ગાંડી થઈ ગઈ છે ને આખો દિવસ ગામમાં બધાને એકની એક વાત પૂછતી ફરે છે.

સાધ્વી પણ સંથારેથી નીકળે, ગલીએ ગલીએ ને રસ્તે રસ્તે ભમે ને જે મળે તેને પૂછે. સાંજ પડે એટલે પોતાને સ્થાને પહોંચી જાય નથી તેને ખાવાનું ભાન કે નથી સૂવાનું. દિવસો–મહિનાઓ અને વર્ષો થવાં તેની આંખ વહાલસોયા પુત્રની ભાળ મેળવવા મીંચાણી નથી. આંખનું ધારણ પણ એ 'ગાંડી' છે એમ લોકોને જણાવવા દરેક ક્ષણે તૈયાર હતું. પછી તો એ નીકળે ને તેની પાછળ છોકરાઓનું ટોળું જામી જાય–જાણે એક મોટો વરઘોડો નીકળ્યો હોય એવું વાતાવરણ જામે.

સવારનો સમય છે. અટારીમાં યુવક અને યુવતી બેઠાં છે. યુવકના કેશકલાપમાં યુવતીના હાથની આંગળીઓ ફરી રહી છે. યૌવનસુલભ અનેક ચેષ્ટાઓ યુવતી કરી રહી છે.

ગમે તેમ હો પણ યુવક આજ સવારથી ઊઠ્યો ત્યારનો કોઈ અગમ્ય વિચારમાં લીન બની ગયો. એના મનમાં શું વિચાર ચાલે છે–તેની સમજ યુવતીને પડતી નથી એટલે યુવતી માને છે કે આજ કોઈ વગર કારણે જ એ રીસાવા લાગે છે. નહિ તો પરાણે બોલાવે એવા એ આજ કેમ બોલતા નથી !

દિવસ ઊંચે ચડયો ને — શેરીમાં 'ગાંડી'ની જોરદાર બૂમ પડી અટારીમાંથી યુવકે માર્ગ ઉપર નજર કરી તો...... ..એક સ્ત્રી રસ્તે જતા — આવતા દરેકને પૂછી રહી છે–કોઈએ મારો અરણીક જોયો છે. જોયો હોય તો કહો — તે આવો છે તેવો છે —

સ્ત્રી પાછળ છોકરાઓનું ટોળું જામી ગયું છે. આ દૃશ્ય જોઈ જોઈને જનતા ટેવાઈ ગઈ હતી. એટલે કોઈ ખોટી થતું નહોતું. સહુ પોતપોતાને કામે ચાલ્યા જતા હતા.

પણ — અટારીએથી જોનાર યુવકને માટે આ દૃશ્ય તદ્દન નવીન હતું. એટલું જ નહિ, પણ હૃદયમાં આંચકો લાવે એવું હતું.

ક્યાં પોતે ? ને ક્યાં આ દૃશ્ય ખડું કરતી સાધ્વી માતા !

પોતાનો ભૂલાઈ ગયેલો ભૂતકાળ નજર સામે તરવરવા લાગ્યો. આ દર્શન માત્રથી તેના હૃદયમાંથી મોહની સેનાએ ચાલતી પકડી. જાણે ઘેન ઊતરી ગયું અને તે પણ એ મહાલયમાંથી નીચે ઊતરી પડ્યો ને સાધ્વીના પગમાં પડ્યો યુવકના મુખમાંથી એક શબ્દ સરી પડ્યો. 'મા !' — ને તેણે આગળ ચલાવ્યું : 'હું કાયર બન્યો. સંયમની કઠોરતા સામે હું ટકી શક્યો નહિ, હું અપરાધી છું — ઘોર અપરાધી છું મારે કારણે — તારી આ દશા ? હવે હું નહિ ડરું — હું ફરી એ માર્ગે ચાલીશ ને પાર ઊતરીશ — મા. ! ચાલ–મને ગુરુ મહારાજ પાસે લઈ ચાલ' — માનું મન ઠેકાણે આવી ગયું.

પોતાના પુત્રને લઈને તે ગુરુમહારાજ પાસે આવી. પુત્રે પોતાની ફરી સાધના કરવાની તત્પરતા બતાવી. યોગ્ય આત્માને ફરી આગળ વધવા માટે યોગ્ય સલાહ આપીને ગુરુ મહારાજે ફરી તક આપી. શરીરમેહ આત્માને મારી રહ્યો છે માટે જો સાધનામાં અચળ બનવું હોય તો એ દૂર કરવો જોઈએ અગ્નિ જેથી ધગધગતી પથ્થરની શિલા ઉપર ઊભાડે દિલે અરણીકે અનશન કર્યું.

છેવટે અખંડ ચારિત્રનું આરાધન કરીને અરણીક મુનિ અમર બન્યા.

નગરની જનતાએ કેટલાએક વખત સુધી વાતો કરી કે હવે પેલી ગાંડી કેમ નથી દેખાતી ! પણ જાણકારો તો જાણતા હતા કે એ ગાંડી ન હતી પણ પોતાનું અને પરનું ગાંડપણ દૂર કરવાની તાલાવેલીવાળી ખૂબ ડાહી—પરમ સાધ્વી હતી એ.



સાંડેરાવ

લેખક : પૂજ્ય મુનિરાજ શ્રીજ્ઞાનવિજયજી (ત્રિપુટી)

જૈનસંઘ ઉત્તર ભારત અને પૂર્વ ભારતમાંથી હિજરત કરી રાજપૂતાનામાં આવ્યો ત્યારે તેણે અહીં આવતાં આ પ્રદેશનાં ઘણાં સ્થાનોને પોતાનાં પ્રાચીન તીર્થોની જેમ જમાવ્યાં છે, તેમાંનું સાંડેરાવ પણ એક છે.

સાંડેરાવ બહુ પુરાણું નગર છે. પહેલેથી આજસુધી અહીં જૈનોની સંખ્યા મોટા પ્રમાણમાં મળે છે. આજે પણ અહીં તપગચ્છ જૈનોનાં લગભગ ૪૦૦ ઘર છે અને ૨ દેરાસર છે.

ઇતિહાસ[1] કહે છે કે, અહીંથી સંડેરક નામનો ગચ્છ ઉત્પન્ન થયો હતો, જેનાં પંડેરક, સંડેરક, ખંડેરક વગેરે નામો મળે છે, જેમાં આ૦ યશોભદ્રસૂરિ, જેમણે ખેડબ્રહ્માના જૈન દેરાસરને આકાશ માર્ગે ઉડાવી લાવી નાડલાઈ તીર્થમાં સ્થાપ્યું હતું. અને નવા જૈનો બનાવ્યા હતા. આ૦ બલભદ્ર, જેમણે તે સમયના જૂનાગઢના રાજા રાંખેંગારને ચમત્કાર બતાવી ગિરનાર તીર્થને બીજાના હાથમાં જતાં પાછું વાળ્યું હતું અને હત્થુંડી[2] નામે નવા ગચ્છની સ્થાપના કરી હતી. મહાતપસ્વી ખિમઋષિ, જેમણે ધારાના રાજા મુંજના ભાઈ સિંધુલના માનીતા રાવતને દીક્ષા આપી હતી, જુદા જુદા ૮૪ અભિગ્રહો કર્યા હતા, જે દરેકનાં પારણાં થયાં હતાં. આ હકીકતો, એ સમયે આ પ્રદેશમાં તેમનો કેવો અને કેટલો પ્રભાવ હતો, એ જાણવા માટે સબળ કારણો આપે છે સાંડેરાવ, નાડોલ, નાડલાઈ, રાતા-મહાવીર[3] વગેરે આ ગચ્છનાં પ્રધાન ક્ષેત્રો હતાં. નાડોલના ચૌહાણ રાજાઓ પણ સંડેરક ગચ્છના આચાર્યોના ઉપાસક હતા.[4]

અહીં પ્રાચીન સમયનું દેરાસર છે. વિક્રમની નવમી શતાબ્દી પહેલાનું હોય એમ કેટલાએક કારણોથી અનુમાન કરી શકાય છે. તેમાં જુદા જુદા સંવતના શિલાલેખો છે. જે પૈકીના કેટલાએકની નોંધ નીચે આપીએ છીએ

મોટા દરવાજામાં પેસતાં માથે ચોકીના પાટડાનો લેખ-સં. ૧૨૨૧ મહા વદિ ૨ કેલ્હણદેવના રાજ્યમાં તેની રાજમાતા આનલદેવીએ સંડેરકગચ્છના દેરાસરમાં મૂળનાયક ભગવાન મહાવીરસ્વામીના ચૈત્ર શુદ ૧૩ના કલ્યાણકનિમિત્તે જુવારનો એક હારો આપ્યો,

---

૧. જૈન પરંપરાનો ઇતિહાસ, પૃ. ૫૬૮ થી ૫૭૯

૨. એજન, પૃ. ૫૭૭

૩. ગોલવાડમાં સેવાડી પાસે હત્થુંડીને સ્થાને રાતા મહાવીરનું તીર્થ છે, જેમાંથી વિ. સં. ૧૦૧૧, ૧૧૨૩ના શિલાલેખો મળે છે સં. ૧૦૫૨નો શાન્તિભદ્રાચાર્યનો લેખ, સં. ૧૩૪૪ની હત્થુંડી ગચ્છના આચાર્યની પ્રતિમા, સં. ૧૭૨૫નો લેખ, સં ૧૭૬૭ની તપગચ્છના આચાર્યોની ચરણપાદુકાઓ છે. સં. ૧૩૩૧, ૧૩૩૬, ૧૩૪૫, ૧૩૫૬માં નાડોલના ચૌહાણ રાજાઓએ સેવાડીના બજાર પર રાતા મહાવીરના દેરાસરના કામો માટે નાખેલા લાગાઓના શિલાલેખો વિદ્યમાન છે. હત્થુંડીમાં પહેલાં સં. ૯૭૩ થી ૧૦૭૦ સુધી રાઠોડ રાજાઓનું રાજ્ય હતું, જે દરેક જૈનધર્મના પ્રેમી રાજાઓ હતા. (જુઓ જૈન. પ ઈ પૃ. ૫૯૨ થી ૫૯૫) ત્યારબાદ ત્યાં નાડોલના ચૌહાણોનું રાજ્ય હતું.

૪. જુઓ જૈ. પ. ઇતિહાસ પૃ. ૫૯૩, જુઓ શિલાલેખો.

રાઠોડ પાતૂ વગેરેએ ૧ દ્રમ્મ આપ્યો, અને સાંડેરાવના સુથાર વગેરેએ કલ્યાણકનિમિત્તે જુવારનો હારો આપ્યો.[૫]

એક થાંભલા ઉપર લેખ છે. તેમાં સં. ૧૨૩૬ના કા. વ. ૨ બુધવારે, નાડોલના રાજા કેલ્હણદેવના રાજ્યમાં રાણી જાલ્હણદેવીના તાબાના પ્રદેશમાં સંડેરક ભ. પાર્શ્વનાથની કૃપાથી થાથાના પુત્ર રાલાએ પરિવાર સાથે આત્મકલ્યાણ માટે પોતાનું ઘર આપ્યું. રાલાના માણસોએ હારા ૪ આપ્યા, ગોહીઓએ સારવાર કરવી. એ જ રાલ્હા અને પાલ્હાએ દેરાસરમાં થાંભલો કરાવી આપ્યો. સંવત ૧૨૬૬ જેઠ શુદ ૧૩ શનિવારે.

માતા ધારમતિએ થાંભલો ઊભો કરાવ્યો.[૬]

(૧) ભગવાન આદિનાથના તોરણમાં ડાબી બાજુનો લેખ-

ॐ सं. ११९५ माघ वदि पक्षे +

(૨) આચાર્યની મૂર્તિ નીચેનો લેખ—

ॐ श्रीखंडेरकचैत्ये पंडित-जिनचंद्रेण गोष्ठियुतेन धीमता ॥ देवनाग-गुरोर्मूर्तिः कारिता मुक्तिवांछता ॥ सं० ११९३ वैशाख वदि ३

આચાર્યની નીચે ૪ ભક્ત મૂર્તિઓ છે તેનાં નામો **प + जः** (હાથમાં કપડું છે) **पं० जिनचंद्रः** (પગ દાબે છે) **थिरपाल** (હાથ જોડીને ઊભો છે) **शुभंकर** (હાથમાં ફુલછાબ લઈ ઊભો છે.[૭]

(૫) **ॐ ॥ संवत् १२६९ वर्षे फागुण शुदि ४ गुरौ अद्येह श्रीखंडेरकनिवासी श्रे० गुणपाल (+) पुत्रि कल्याणा० गोला० भूम्या: सुखमिणिस्वामिकस्य श्रीमहावीरदेवचैत्ये खत्तिका कारापिता ॥**

આ લેખ ભમતીની એક દેરીના ઊત્તરંગ ઉપર ખોદેલો છે આ દેરીમાં આજે આ૦ વિજયહિમાચલસૂરિપ્રતિષ્ઠિત પ્રતિમા વિરાજે છે.

(૬) ભ૦ ચંદ્રપ્રભુની નીચે છૂટા પરિકરમાંનો શિલાલેખ (પડિમાત્રા)—

सं. १३०२ माघ शु० १५ शुक्रे हारिजगच्छीयश्रीमहेन्द्रसूरिशिष्यश्रीगुणभद्रसूरीणामुपदेशेन पितृव्यनागदेवीधात्रिकुंडुंबानुमत्या सुतक्षेमसिंहेन पितृश्रे० जयताश्रेयसेसुदेवकुलिकं श्रीवीरबिंबं का०

(૭) ભોંયરામાં એક શિલાલેખ છે.

(૮) ઉપાશ્રયમાં પહેલી લાઈનની નં૦ ૨, ૩, ૪ ચોકીઓ, બીજી લાઈનની ૧ ચોકી અને ત્રીજી લાઈનની નં૦ ૧ ચોકીના પાટડાઓમાં શિલાલેખો છે.

(૯) **संवत् +९ + + (५७) वर्षे श्रावण शुदि ६ दिने सकल पंडितशिरो-(*) मणि पं० श्री ५ पं०माणिक्यविजय तत् (*) शिष्य पं० शांतिविजयशिष्य रविविजयपादुकाय(यै) नमः (*)**

દેરાસરની ડાબી બાજુની દીવાલમાં ઉપસાવેલી મૂર્તિ છે, જેની સામે અખંડ દીવો રાખવામાં આવે છે.

દેરાસરના ગુપ્ત ભંડારમાં ગધૈયા સિક્કા છે, જે હાલ સંઘની પેઢીમાં સુરક્ષિત છે.

૫, ૬. જુઓ, આત્માનંદસભાનો પ્રાચીન લેખ સંગ્રહ, નં. ૩૪૯, ૩૫૦

૭. શાંતા મહાવીરજીના એક દેરીના પાટડા ઉપર આ૦ દેવનાગનો શિલાલેખ છે

ઉપરના શિલાલેખો વગેરેથી નક્કી થાય છે કે, સાંડેરાવમાં સં. ૧૧૧૫ પહેલાં સંડેરક ગચ્છનું ચૈત્ય હતું. સં. ૧૧૯૩ પહેલાં દેવનાગસૂરિ થઈ ગયા. સુખમિણિ નગરથી લાવેલ ભગવાન મહાવીરસ્વામી મૂળનાયક હતા. અહીં મહાવીર જન્મકલ્યાણકનો મોટો ઉત્સવ થતો હતો, એ નિમિત્તે રાણી વગેરેએ દાન આપ્યું હતું. દેરાસરની ભમતીમાં દેરીઓ હતી. ઉપાશ્રય પણ પ્રાચીન છે, (તેમાં ઊભા કાઉસ્સગિયાની કળાવાળી પણ ખંડિત પ્રતિમા છે.)

સં. ૧૨૩૯ના શિલાલેખથી સમજાય છે કે અહીંના મૂળનાયક ભગવાન મહાવીરસ્વામીની પ્રતિમા પહેલાં સુખમિણિમાં હતી. ત્યાંથી લાવી અહીં સાંડેરાવમાં પધરાવી છે. આ સુખમિણિનગર ક્યાં આવ્યું તે શોધવાનું બાકી રહે છે. છન્માણી, ષણ્માની અને સુખમિણિએ એક નગરનાં નામો તો નહીં હોય ?

ઇતિહાસ[8] કહે છે કે—પુષ્યમિત્ર રાજાએ અને શંકરાચાર્યના સમયે કાશીના રાજાએ બૌદ્ધો તથા જૈનો ઉપર અત્યાચાર કર્યો હતો. જૈનો ઉત્તર ભારત તથા પૂર્વ ભારત છોડી રાજપૂતાનામાં આવી વસ્યા અને તે પ્રદેશની પ્રાચીન જિનપ્રતિમાઓ સાથે લાવીને અહીં જુદા જુદા સ્થાનોમાં "જીવિતસ્વામી" વગેરે નામથી સ્થાપિત કરી.[9] સંભવ છે કે, ત્યારે જૈનોએ સુખમિણિની પ્રતિમા લાવી અહીં સાંડેરાવમાં સ્થાપિત કરી હશે

દેરાસરમાં સાપની મૂર્તિ છે. જૈનો તેને પૂજ્ય ભાવથી જુએ છે. તેનું કારણ એવું કહેવાય છે કે, જૈનોનાં કેટલાએક ગોત્રો ધરણેંદ્રને પોતાના ગોત્રદેવ તરીકે માને છે. ઘાણેરાવ પાસે મૂછાળા મહાવીર તીર્થમાં તો એક દેરીમાં સાપની અધિષ્ઠાયકની જેમ સ્વતંત્ર ગોળ મૂર્તિ છે. ગુજરાત-પાટણમાં પણ એક દેરાસરમાં પડખે સાપની દેરી છે, જેને જૈન-જૈનેતરો માને છે. એ મૂર્તિઓ સ્થપાવાનું કારણ પણ ઉપર પ્રમાણે જ સંભવે છે કે-નાગશિશુવંશ, નાગવંશ, પાર્શ્વનાથ સંતાનીય કોઈ પરંપરા કે ચૈત્યા રોકાણીના વંશના એ જૈનો હશે; કેમકે તેઓની સાથે ધરણેંદ્ર અને નાગનો સંબંધ હોવાનું જાણવા મળે છે.

સાંડેરાવનું દેરાસર કેટલું પ્રાચીન છે એ વિશે અહીં લોકવાયકા એવી છે કે-"આ મંદિર ગર્દભસેન રાજાએ બનાવ્યું છે, જેની નિશાની મંદિરના શિખરમાં ખુરની કોરણી કરી છે તે છે." અહીંના સુરક્ષિત ગધૈયા-સિક્કાઓ તપાસતા એ લોકવાયકા સાચી હોય -વિક્રમની છઠ્ઠી સાતમી સદીનું એ મંદિર હોય એ શક્ય લાગે છે.

ઇતિહાસ કહે[10] છે કે, મધ્ય એશિયાની હૂણ જાતિના ઓકસસ શાખાવાળા શ્વેત હૂણોએ વિ. સં ૫૧૨માં હિંદ ઉપર હુમલો કર્યો અને ધીરે ધીરે પશ્ચિમ હિંદમાં પોતાનું રાજ્ય જમાવ્યું. તેઓએ ઈરાનના સેસેનિયન સિક્કાઓનો હિંદમા પ્રચાર કર્યો, એ સિક્કાની એક બાજુ રાજાનો ચહેરો તથા લેખ અને બીજી બાજુએ અગ્નિકુંડ તથા બે પહેરેગીરો એમ ખોદેલું હતું. હૂણોનું રાજ્ય જવા છતાં પણ આ સિક્કાઓ વિક્રમની ૧૧મી સદી સુધી ગુજરાત, માળવા, અને રાજપૂતાનામાં છૂટથી વપરાતા હતા પરન્તુ ધીરે ધીરે તેના માપમાં ફારફેર થતો રહ્યો અને તેમાંનો રાજાનો ચહેરો પણ બદલતો ગયો. આ ચહેરો સમય જતાં એવો બદલાઈ ગયો કે ખુર જેવો લાગતો હતો. આથી લોકોએ એ સિક્કાનું

૮, ૯. જૈન પરંપરાનો ઇતિહાસ, પૃ. ૫૦૪ પૃ. ૧૧.

૧૦. ભારત કે પ્રાચીન રાજવંશ, પૃ. ૩૨૬, ૩૨૭.

[જુઓ અનુસંધાન પૃષ્ઠ: ૮]



સાધ્ય કે સાચો પુરુષાર્થ!

★

લેખક : પૂજ્ય મુનિરાજ શ્રીમહાપ્રભવિજયજી
[પૂ. આ. શ્રી. વિજયરામચંદ્રસૂરીશ્વરજી અંતેવાસી]

★

જગતના પ્રાણીઓના અનેક અપેક્ષાએ અનેક પ્રકારના ભેદો પડી શકે છે. પ્રવૃત્તિ અને ફળની અપેક્ષાએ સૂરિપુંગવ શ્રીઉમાસ્વાતિજીએ જીવ માત્રના ઉત્તમોત્તમાદિ છ વર્ગ પાડ્યા, તેમ ધ્યેય કે પ્રયોજનની અપેક્ષાએ જીવ માત્રના ચાર વર્ગ પાડી શકાય જગતમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ સિવાય કોઈ બીજું પ્રયોજન કે ધ્યેય કોઈ પણ આત્માને હોઈ શકતું નથી. માટે ચાર જ પુરુષાર્થ કહેવામાં આવ્યા છે. એ દૃષ્ટિએ સર્વજ્ઞે આત્માઓના ચાર પ્રકાર પડે છે, પણ એ ચતુર્વર્ગ કે ચારે પુરુષાર્થ શ્રેષ્ઠ જ છે એમ માની લેવું યોગ્ય નથી.

બાહ્ય સુખ તે કામ અને બાહ્ય સુખનાં સાધનો અર્થ કહેવાય. જ્યારે તાત્ત્વિક આત્મીય સુખ તે મોક્ષ અને તે મોક્ષનાં સાધનો તે ધર્મ કહેવાય.

પોતાનું-આત્માનું મોક્ષ થાય એ પ્રયોજનથી પ્રવૃત્તિ કરનાર આત્માઓ બાહ્ય સુખ અને તેનાં સાધનો, સાચું સુખ નહિ પણ સુખાભાસ જેવાં છે તેથી તેને અસાર માની હેય તરીકે જ ગણે. જ્યારે મોક્ષમાં સ્થિર સત્ય અને પૂર્ણ સુખ હોવાથી તે ઉપાદેય છે. ધર્મની ઉપાદેયતા સ્વતંત્ર નથી પણ ધર્મ મોક્ષનું કારણ હોવાથી **મોક્ષસુખની સિદ્ધિના કારણ પૂરતી જ ધર્મની** ઉપાદેયતા છે. પણ અસાર એવા અર્થ, કામના પ્રયોજનવાળા ધર્મની ઉપાદેયતા મનાતી નથી. એટલા જ માટે કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચંદ્રસૂરીશ્વરજીએ ફરમાવ્યું કે, "**चतुर्वर्गेऽग्रणी मोक्षो योगस्तस्य च कारणम्.**" એમ જણાવી ચતુર્વર્ગમાં તાત્ત્વિકતાએ મોક્ષની જે સ્વતંત્ર ઉપાદેયતા અને યોગની-ધર્મની સ્વતંત્ર રીતે નહિ પણ મોક્ષના કારણ તરીકે જ ઉપાદેયતા બનાવી તે સ્પષ્ટ સમજાશે. તો પછી આત્મસ્વરૂપના બાધક, કર્મપાશમાં ફસાવનાર અને ચતુર્ગતિમાં ભમાવનાર એવા કામ અને અર્થને (બાહ્ય સુખ અને અને તેનાં સાધનો) વિવેકી ઉપાદેય ક્યાંથી ગણે?

બાહ્ય સુખ (કામ) અને તેના સાધનો (અર્થ) ના સર્વાંશે નિષેધ માટે શાસ્ત્રોમાં કથન આવે છે-"**सव्वाओ मेहुणाओ वेरमणं**" કહી પાંચ પ્રકારના વિષયના ઉપભોગ અને "**सव्वाओ परिग्गहाओ वेरमणं**" કહી સચિત્તાદિના ગ્રહણ અને મૂર્છા સંપૂર્ણપણે વર્જવા માટે જણાવ્યું છે. આંશિક પણ અર્થ, કામની ઉપાદેયતા હોત તો તેમ ન કહેત. માટે જ શ્રીહેમચંદ્રસૂરિજી વીર પરમાત્માની સ્તુતિ કરતાં કહે છે કે :—

"हितोपदेशात् सकलज्ञक्लृप्तेर्मुमुक्षुसत्साधुपरिग्रहाच्च ।
पूर्वापरार्थेष्वविरोधसिद्धेस्त्वदागमा एव सतां प्रमाणम् ॥"

આ શ્લોકમાં બતાવેલ ચાર કારણે જિનેશ્વરોએ પ્રરૂપિત આગમો સત્પુરુષોને માન્ય છે. ચોથા કારણમાં બતાવ્યું કે અન્યના આગમમાં આગળ પાછળના પદાર્થોમાં જેમ વિરોધ આવે છે તેવો વિરોધ આપના આગમમાં નથી માટે પ્રમાણભૂત છે. માટે અંશે પણ અર્થ-કામની ઉપાદેયતા ન માનતાં સંપૂર્ણપણે તેને હેય માનીએ તો જ શ્રીવીતરાગ પરમાત્માનું શાસન પ્રામાણિક રહે. માટે ધર્મ, અર્થ કામ અને મોક્ષ જે ચાર વર્ગ કરવામાં આવ્યા છે તે માત્ર ધ્યેય કે પ્રયોજનના હિસાબે છે પણ ઉપાદેયતાના હિસાબે નથી. સાચું જ કહ્યું છે :—

तुल्ये चतुर्णां पौमर्थ्ये, पापयोरर्थकामयोः । आत्मा प्रवर्तते हन्त !, न पुनर्धर्ममोक्षयोः ॥

ચારે પુરુષાર્થ કહેવાય છે તો પણ ખેદનો વિષય છે કે, આ આત્મા, પાપના કારણભૂત એવા અર્થ અને કામમાં પ્રવર્તે છે. પણ મોક્ષ અને ધર્મમાં પ્રવર્તતો નથી. સૂરિપુંગવ શ્રીસોમપ્રભાચાર્યનો આ શ્લોક ઈતર-લૌકિક ધર્મની ઉપાદેયતાની સ્વીકૃતિ જણાવવા માટે જ ફક્ત છે. ધર્મ વગર અર્થ અને કામના સાધન તરીકે જે ધર્મની ઉપાદેયતા બતાવી તે કોઈ રીતે જૈનશાસનથી પ્રમાણિત નથી.

"त्रिवर्गसंसाधनमन्तरेण, पशोरिवायुर्विफलं नरस्य ।

तत्रापि धर्मं प्रवरं वदन्ति, न तं विना यद् भवतोऽर्थकामौ ॥"

બાલદષ્ટિવાળાને નવીન માર્ગપ્રવેશ માટે પ્રાથમિક દષ્ટિએ અર્થ અને કામના સાધન તરીકે પણ ધર્મની ઉપાદેયતા હોય તો પણ સદ્ધર્મના ઉપદેશકો અર્થ અને કામને સાધ્ય તરીકે ગણાવી શકે જ નહિ. છતાં કોઈ પ્રસંગે અનુવાદ કરવા લાયક કે ઉપર જણાવ્યા પ્રમાણે પ્રાથમિક પ્રવેશ માટે લાલચરૂપે હોય પણ અર્થ અને કામને ઉપાદેય કોઈ પણ રીતે ગણવાની ભૂલ કોઈથી ન થવી જોઈએ

પ્રવૃત્તિ કે ફળની અપેક્ષાએ કહેલ છ વર્ગમાં ઉત્તમોત્તમપણું અને ઉત્તમપણું એકતાના હિસાબે સાધ્ય કે ઉપાદેય છે અને મધ્યમ વિમધ્યમ-અધમ અને અધમાધમપણું હેય જ છે. માટે આ ષડ્વર્ગ એકતાના હિસાબે નથી પણ ચતુર્વર્ગની માફક ફક્ત વર્ગીકરણ રૂપે જ છે.

જગતમાં પદાર્થો ઉપાદેય, હેય અને ઉપેક્ષણીય એમ ત્રણ પ્રકારે છે અને તે ત્રણે ઐહિક (લૌકિક) આમુષ્મિક (પારલૌકિક કે લોકોત્તર) એમ બન્ને દષ્ટિએ હોય છે. ઐહિકદષ્ટિએ ઉપાદેય-સ્રક્-ચંદન-અંગનાદિ, હેય-સર્પ વિષ કંટકાદિ અને ઉપેક્ષણીય-તૃણ, ધૂળ, કાંકરા વગેરે છે. જ્યારે આમુષ્મિક દષ્ટિએ ઉપાદેય—સમ્યગ્ દર્શન-જ્ઞાન ચારિત્રાદિ, હેય-મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ વગેરે, ઉપેક્ષણીય, સ્વર્ગવિભૂતિ વગેરે આ રીતે પદાર્થ જાણી તેની પ્રાપ્તિ, પરિહાર અને ઉપેક્ષા કરવાની ઇચ્છાવાળાએ વિવેકથી તેમાં પ્રવૃત્તિ-નિવૃત્યાદિરૂપ પ્રયત્ન કરવો જોઈએ.

ઉપદેશના ક્રમમાં પ્રથમ સર્વવિરતિ, પછી દેશવિરતિ, તેમાં શ્રાવકપણું, સમકિત અને તે પછી માર્ગાનુસારિપણું આવે છે, જ્યારે જીવ પ્રાયઃ છેલ્લુ પશ્ચાનુપૂર્વીથી સર્વવિરતિ પામે છે. માટે યોગ્યતા જોઈ ઉપદેશ કરવાનો અને વ્રત આપવાના રહે છે. અન્યથા ઉપદેશક દોષભાગ્ બને.

'**सर्वनाशे अर्धं त्यजेत्**' એટલે સર્વનાશના પ્રસંગે અને તેટલું પણ રક્ષણ કરવું એ ન્યાયે, સર્વવિરતિ ન બની શકે તો તે આત્મા આરાધનાથી બિલકુલ વંચિત ન રહી જાય તે માટે પાછળના ક્રમે પણ લેવાનું બતાવ્યું છે. તેમાં જેટલી વિરતિ થાય તેટલો ધર્મ બાકીનો અધર્મ. તેનું પાપ ખરું પણ નિયમ ભંગ નહિ. માટે અવિરતિનો અંશ પાપબંધના કારણે હેય જ છે.

પાંત્રીસ ગુણવાળો આત્મા દેશનાર્હ કહ્યો છે. જેનામાં તે ગુણ હોય તેને ધર્મનો ઉપદેશ અપાય. માર્ગાનુસારી માટે ન્યાયસંપન્નવિભવ ધર્મ, જ્યારે અન્યાયસંપન્ન વિભવ પાપ અન્યાય ગયો એટલા અંશે ધર્મ. બાકીનું પાપ ખરું પણ નિયમ ભંગ નહિ પૈસાને સારા માને તે જૈન નહિ પણ જૈન પાસે પૈસા ન હોય એમ નહિ. તેને હોય બધું પણ માને પાપ. પાપના ઉદયથી ઓછો હોય, છોડવાની શક્તિ ભલે તેને ન હોય, પણ છોડવાની પેરવીમાં હોય

અઢાર પાપસ્થાનમાં ચોથે મૈથુનનો ત્યાગ કહ્યો. એટલે શ્રાવકને સ્વસ્ત્રીને, સ્વીકારમાં પાપ નહિ એમ નહિ (પાપ ખરું જ) પણ પોતાના નિયમનો ભંગ નહિ; માટે સ્ત્રી ઉપાદેય

ન ગણાય. પાંચમે પરિગ્રહ સંસાર ન છૂટી શકે તેથી 'સંસારમાં રહેવું પડે, તેમાં પૈસાની જરૂર પડે માટે રાખે. રાખવામાં પરિમાણ કર્યું હોય ત્યાં સુધી વ્રતભંગ નહિ પણ પાપ તો તેટલા પૂરતું ખરું જ. લક્ષ્મી ઉપાદેય નથી.

પ્રયત્ન વગર ધર્મ કે વિરાગ આવતો નથી. માટે જ્યારે બને ત્યારે ખરો એમ વિચારી બેસી રહેવાનું ન હોય. આજ્ઞા મુજબ પ્રયત્ન કરવાનો હોય. સુવિહિત શિરોમણિ શ્રી શ્રીહરિભદ્રસૂરિજીએ ફરમાવ્યું :—

" भवस्वरूपविज्ञानात्तद्विरागाच्च तत्त्वतः । अपवर्गानुरागाच्च, स्यादेतन्नान्यथा क्वचित् ॥ "

સંસારના સ્વરૂપજ્ઞાનથી સંસાર ઉપર વૈરાગ્ય આવતાં અને મોક્ષ તરફના અનુરાગથી ધર્મમાં પ્રવૃત્તિ થાય છે. પણ બીજી કોઈ રીતે નહિ. સંસારમાં સારા દેખાતા કે લાગતા પદાર્થો અસત્ય, અસ્થિર, અપૂર્ણ સુખવાળા છે. તેને સાચું સુખ આપવાની તાકાત નથી. વાસ્તવિક સુખનું સ્થાન કોઈ હોય તો મોક્ષ જ છે આ રીતે સમજ થતાં પરમાર્થથી સંસારનો વિરાગ અને મોક્ષનો રાગ થતાં ધર્મ પ્રાપ્ત થાય છે. તે માટે પ્રયત્ન કરવો પડે છે. આપણને વિષયોમાં સુખ દેખાય છે. જ્યારે જ્ઞાનીઓને તેના ત્યાગમાં સુખ દેખાય છે. માટે તે છોડવાનું કહે છે. વિષયકષાય ઝેરના પ્યાલા જેવા છે, છતાં નાચી કુદીને આપણે મન-વચન-કાયા દ્વારા આત્માને નિર્બળ અને મલિન બનાવીએ છીએ, માટે જ્ઞાનીઓએ એ ત્રણે યોગ દ્વારા આત્માને નિર્મળ બનાવવા ફરમાવ્યું છે.

પરલોકના માર્ગમાં જિનાગમ સિવાય બીજું પ્રમાણ નથી. માટે આગમપુરસ્સરની જ સર્વ ક્રિયાઓ કરવાની હોય. શક્તિ ગોપવ્યા સિવાય આત્માને બાધા ન થાય તેમ, પારિણામિક બુદ્ધિવાળો દાનાદિ ચતુર્વિધ ધર્મ આદરે. પૂ. પા. શ્રી હરિભદ્રસૂરિજીએ ફરમાવ્યું છે કે:—

" वचनाराधनया खलु, धर्मस्तद्बाधया त्वधर्म इति । इदमत्र धर्मगुह्यं, सर्वस्वं चैतदेवास्य ॥

यस्मात्प्रवर्तकं भूवि, निवर्तकं चान्तरात्मनो वचनम् । धर्मश्चैतत्संस्थो, मौनीदं चैतदिह परमम् ॥

अस्मिन् हृदयस्थिते सति, हृदयस्थस्तत्त्वतो मुनीन्द्र इति ।

हृदयस्थिते च तस्मिन्नियमात् सर्वार्थ संसिद्धिः ॥ "

સર્વજ્ઞની આજ્ઞાનુ આરાધન-આજ્ઞાનુકૂળ વર્તન તેજ સત્ય ધર્મ અને તેના વચન (આજ્ઞા)ની વિરાધના પ્રતિકૂળ વર્તન તે જ અધર્મ. સર્વજ્ઞના આગમમાં એ જ ધર્મનું ગૂઢ રહસ્ય છે. ને એ જ ધર્મનું સર્વસ્વ છે સર્વ અનુષ્ઠાનોનું મૂળ પ્રભુઆજ્ઞા જ છે.

કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચંદ્રસૂરીશ્વરજી પણ ફરમાવે છે કે " —**आज्ञाराद्धा विराद्धा च, शिवाय च भवाय च** ' પ્રભુઆજ્ઞાનું પાલન એ જ સત્ય ધર્મ. આજ્ઞાનું પાલન મોક્ષ માટે બને. જ્યારે આજ્ઞાનું ખંડન અનંતા સંસાર માટેજ થાય

અંતરાત્માને વિધેય કાર્યમાં પ્રવર્તક અને નિષિદ્ધ કાર્યોથી નિવર્તક (નિવૃત્તિકારક) આ ભૂમંડલમાં કેવલ સર્વજ્ઞોક્ત પ્રવચન જ છે અને ધર્મ પણ એના આધારે છે. માટે અમોને મુનીંદ્ર પ્રવચન જ પરમ પ્રમાણ છે.

જો એ પ્રવચન હૃદયમાં હોય, તો પરમાર્થી તીર્થંકરદેવ જ હૃદયસ્થ ગણાય અને પરમાત્મા હૃદયસ્થ હોય, તો નિશ્ચે, સકલ ઇષ્ટ પદાર્થોની સિદ્ધિ થાય છે.

માટે ખરેખર સૂક્ષ્મબુદ્ધિથી ધર્મ વિચારવો જોઈએ. નહિ તો ધર્મ કરવા જતાં પણ અધર્મ જ થઈ જાય અને લાભની જગ્યાએ તોટો જ આવે.

કડખો અને જૈન કૃતિઓ

લેખક : પ્રો. શ્રીયુત હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

આજથી પચાસેક વર્ષ ઉપર મેં 'કડખો' શબ્દ પહેલી વાર સાંભળ્યો હતો. થોડા સમય અગાઉ 'શ્રીપાલરાસ'નું વાચન કરતી વેળા કડખા શબ્દે મારું ધ્યાન ખેંચ્યું તેથી એમાં આવતી 'કડખા'ની દેશી વિશે વિચાર કરવાનો પ્રસંગ પ્રાપ્ત થયો.

સજ્જન સન્મિત્રની પ્રથમ આવૃત્તિમાંની કેટલીક કૃતિઓ વાંચતાં પણ મને 'કડખો' શબ્દ નજરે પડતો અને એ વેળા જૂના સંસ્કાર તાજા થતાં મને એ વિષે વિચાર કરવાનું મન થતું, પણ એ વિચાર સક્રિય બનતો અટકી જતો. હાલમાં થોડા વખત ઉપર ન્યાય-વિશારદ ન્યાયાચાર્ય યશોવિજયગણિને વિષે મેં ક્યાં ક્યાં શું શું લખ્યું છે તેની નોંધ કરતી વેળા એમણે રચેલી અને **શોભન-સ્તુતિ**[1] મારી સંસ્કૃત ભૂમિકા (પૃ. ૧૦૫)માં છપાયેલી કૃતિ નામે 'શ્રીવિજયદેવસૂરિ-સ્વાધ્યાય" ઉપર નજર પડી અને એ કડખાની દેશીમાં રચાયેલી છે એવા મેં કરેલા ઉલ્લેખ ઉપરથી 'કડખો' એટલે શું અને એ દેશીમાં કઇ કઇ કૃતિઓ— ખાસ કરીને જૈન કૃતિઓ રચાઈ છે, એ દેશીનો પહેલવહેલો ઉપયોગ કોણે કર્યો છે ઇત્યાદિ બાબત વિચારવા હું ખૂબ જ પ્રેરાયો. એના પરિણામે હવે આજે મને એ દિશામાં પ્રકાશ પાડનારી જેટલી સામગ્રી મળી છે તે આ લેખમાં હું અહીં રજૂ કરું છું અને એમાં રહી જતી ન્યૂનતાને દૂર કરવા માટે વિશેષજ્ઞોને વિનવું છું.

"**સાર્થ** ગુજરાતી જોડણીકોશ'ની ત્રીજી આવૃત્તિમાં 'કડખો' શબ્દ અપાયો છે, એને અહીં 'હિંદી' કહ્યો છે, અને એનો અર્થ "દુહા જેવી એક વીરરસની રચના" એમ કરાયો છે અને એનો અર્થ 'કડખો બોલનાર ભાટ' એમ કરાયો છે.

'કડખેદ' માટેનો હિંદી શબ્દ 'કડખૈત' છે. એક ગુજરાતી-અંગ્રેજી કોશમાં 'કડખા' શબ્દ આપી એનો અર્થ 'એક રાગિણી' કરાયો છે. **હિંદી વિશ્વકોશ** (ભા. ૩ પૃ. ૬૪૯)માં '**कड़खा**' શબ્દ છે. એનો અર્થ નીચે મુજબ અપાયો છેઃ—" गीतविशेष, एक नगमा। यह एक प्रकारका युद्धसंगीत है। वीरोंकी प्रशंसा भरी रहती है। कड़खा सुन योद्धा उत्तेजित होते हैं।"

જૈન ગૂર્જર કવિઓ (ભા. ૩)ના બીજા ખંડમાં વિવિધ દેશીઓની લગભગ અકારાદિ ક્રમે નોંધ અપાઈ છે એમાં પૃ. ૧૮૬૪-૫માં "કડખાની દેશી"માં રચાયેલી કૃતિઓ વિષે નીચે મુજબ ઉલ્લેખ છેઃ—

"(૧) કડખાની જાતિ.—

સુણો શ્રી રામ લંકાપુરી છે જિહાં, વંદે વિદ્યાધરા હાથ જોડી;
દૈત્ય રાવણ તિહાં રાજ્ય પામે સદા, કોઈ ન સકે તસ માન મોડી.

—એ **સીતારામ ચોપાઇ** (સમયસુંદર કૃત) મધ્યે-જ્ઞાનકુશલ કૃત પાર્શ્વ૦ ૪-૨, સં૦ ૧૭૦૭) -રાગ રામગ્રી (ચંદ્રકીર્તિકૃત ધર્મબુદ્ધિ. ૧-૬ સં૦ ૧૬૮૨) ઝૂલણાને મળતી.

(૨) કડખાની --મ કરિ હો જીવ દિનરાતિ પરિતાતિ તું (જુઓ નં. :૫૨૯)
(કેસરકુશલકૃત ૧૮ પાપસ્થાનક સ. ૧૦ સ. ૧૭૩૦)-ઝૂલણાને મળતી.

(૩) કડખાની—રાગ સોરઠ (આ પણ ઝૂલણાને મળતી છે) (જિનરાજસૂરિકૃત

---

૧. આ કૃતિ **જૈન સ્તોત્ર સન્દોહ** (ભા ૧)ની પ્રસ્તાવના (પૃ.૮૮-૮૯)માં છપાઈ છે. એ ઉપરથી પાઠભેદ તારવી શકાય.

ચોવીસી. ૨. પણ તેની ૯ તથા ૨૦ ઝૂલણાને મળતી નથી) રાજરત્નની વિજયશેઠ સ૦ ૨૨ સં૦૧૬૯૬)

(૪) કડખાની–આસાઉરી (ઝૂલણાને મળતી) (જ્ઞાનસાગરકૃત શાંતિનાથ ૨૫ સં૦ ૧૭૨૦ તથા શ્રીપાલ ૧૭ સં. ૧૮૨૬, જિનહર્ષકૃત ઉપમિત. ૫૭ સં૦ ૧૭૪૫ "[1]

ઉપાધ્યાય વિનયવિજયગણિએ શ્રીપાળ રાજાનો રાસ રચવા માંડ્યો હતો. એ લગભગ પૂર્ણ થવા આવ્યો હતો એવામાં વિ સં. ૧૭૩૮ માં રાંદેરમાં એમનો સ્વર્ગવાસ થયો અને એ રાસ આગળ ઉપર વિ. સં. ૧૭૪૩ માં ડભોઈમાં સ્વર્ગે સંચરનાર ન્યાયાચાર્ય યશોવિજયગણિએ પૂર્ણ કર્યો. પૂર્ણાહુતિનું વર્ષ અપાયું નથી છતાં કેટલાયે લેખકોએ એને ૧૭૩૮નું ગણી લીધું છે. મેં પણ કોઈ કોઈ સ્થળે એવો ઉલ્લેખ કર્યો છે, પરંતુ એ વિષે વિશેષ ચોકસાઈ કરવાની જરૂર રહે છે બનવાજોગ છે કે વિનયવિજયજીના ગયા પછી ટૂંક સમયમાં યશોવિજયગણિએ એ રાસ પૂર્ણ કર્યો હોય. એ ટૂંક સમય તે એકાદ વર્ષ કરતાં વધારેનો ગાળો ભાગ્યે જ હોઈ શકે એમ સામાન્ય રીતે કહી શકાય. એમણે હાથે પૂર્ણ થયેલી આ કૃતિમાં ચોથા ખંડની ચોથી ઢાલ કડખાની દેશીમાં રચાઈ છે એમ એમણે પોતે કરેલો ઉલ્લેખ કહી આપે છે. આ રહ્યો એ ઉલ્લેખઃ—

"ખંડ ચોથે હુઈ ઢાલ ચોથી ભલી, પૂર્ણ 'કડખા' તણી એક દેશી"

આ ઢાલની પહેલી કડી અહીં હું નોંધીશ કે જેથી કડખાની રચના ઉપર પ્રકાશ પડી શકે—એના બંધારણનો ખ્યાલ આવી શકે. એ કડી નીચે મુજબ છે.—

"ચંગ રણરંગ મંગળ હુઆં અતિઘણાં, ભૂરિ રણતૂર અવિદૂર વાજે,
કૌતુકી લાખ દેખણ મલ્યા દેવતા, નાદ દુંદુભિતણે ગયણ ગાજે."

કેટલાક જૈન રાસમાં યુદ્ધનું વર્ણન આવે છે. એવે સમયે કડખામાં રચના થઈ હોવાનો સંભવ છે; તો એ દૃષ્ટિએ વિવિધ રાસ તપાસવા ઘટે.

સજ્જન સન્મિત્રની પ્રથમ આવૃત્તિમાં ને જે કૃતિઓને મથાળે કડખાનો ઉલ્લેખ છે. તે હું ક્રમવાર નોંધું છું અને સાથે સાથે એની આદ્યપંક્તિ પણ રજૂ કરું છુંઃ–

પૃ. ૧૦૩–૪ માં કનકવિજયે પાંચ કડીમાં રચેલું મંડોવરા-પાર્શ્વનાથ-જિનસ્તવન છપાયેલું છે. એનો પ્રારંભ નીચે મુજબ છેઃ—

"તાર મુજ તાર ત્રિભુવન ધણી, પાર ઉતાર સંસારસ્વામી,
પ્રાણ તું ત્રાણ તું શરણ આધાર તું, આત્મારામ મુજ તુંહિ સ્વામી"

આ સ્તવનને મથાળે "કડખાની દેશી, પ્રભાતિ ચાલમા" એવો કૌંસગત ઉલ્લેખ છેઃ

પૃ. ૬૦૦–૬૦૧ માં પરનિંદાવારક હિતશિખામણની સજ્ઝાય છેઃ એની નવ કડીમાંની પહેલી કડી નીચે પ્રમાણે છે—

"મ કર હો જીવ પરતાંત દિનરાત તું, આપણો વાંક નયણે ન દેખે,
તિલસમ પારકા દોષ હોવે જીકે, તેહ :કરી દાખવે મેરુ લેખે. ૧"

પૃ. ૬૦૨ માં ૭ કડીની પુણ્યની સજ્ઝાય છે. આદ્ય કડી નીચે મુજબ છેઃ—

"પુન્ય કર પુન્ય કર પુન્ય કર પ્રાણીઆ, પુન્ય કરતા સયલ રિદ્ધિ,
વૃદ્ધિ કનકની કોડી કર જોડી કાયા કરે, લાચ્છી લીલા લહે ધર્મબુદ્ધિ."

૧. આ તમામ લખાણ—કૌંસગત ઉલ્લેખો પણ મૂળ કૃતિના લેખકનાં જ છે.

પૃ. ૬૦૬ માં પાંચ કડીની ચેતનને શિખામણની સજ્ઝાય છે. એની અંતિમ કડી કર્તાના નામનું દ્યોતન કરતી હોય એમ લાગે છે. એથી એ હું નીચે પ્રમાણે આપું છું:—

" અથિર સંસારમાં સાર 'નવકાર' નું, ધ્યાન ધરતાં સદા હૃદય રીઝે,
એહથી ભવ તરે મેરુ મહિમા ધરે, રિદ્ધિ વિજયાદિ સુખ સકલ સીઝે."

પૃ ૬૦૬-૭માં ભાવના-મહિમા સજ્ઝાય છે. એ પાંચ કડીની કૃતિની આદ્ય કડી નીચે મુજબ છે —

"વિમળ કુળ કમલના હંસ તું જીવડા, ભુવનના ભાવ ચિત્ત જો વિચારી,
જેણે આ મનુજ ગતિ રત્ન નવિ કેળવ્યું, તેણે નર નારી મણિ કોડી હારી."

પૃ. ૬૦૭-૬૦૮ માં સાત કડીની અનિત્ય ભાવનાની સજ્ઝાય છપાયેલી છે. એને વિષે કડખાની દેશી" એવો ઉલ્લેખ નથી. તેમ છતાં એની રચના ઉપર મુજબ હોવાથી એ સજ્ઝાયનો પ્રારંભ હું નીચે મુજબ નોંધું છું:—

"મૂંઝ માં મૂંઝ માં મોહમાં જીવ તું, શબ્દ વર રૂપ રસ ગંધ દેખી,
અથિર તે અથિર તું અથિર તનુ જીવિત, ભાવ મન ગગન [1]હરિચાપ પેખી."

જૈ. ગૂ. ક. (ભા. ૩, ખં ૨) ગત ઉપર્યુક્ત ઉલ્લેખમાં કડખાની દેશીને ઝૂલણા સાથે મળતી આવે છે એમ કહ્યું છે તે એ વાત ચકાસવી સુગમ થઈ પડે તે માટે હું આ 'ઝૂલણા' છંદ વિષે કેટલીક હકીકત અહીં વિચારું છું;—

'ઝૂલણા' એ વર્ણમેળ, રૂપમેળ કે અક્ષરમેળને નામે ઓળખાતો છંદ નથી, પરંતુ એ તો 'માત્રામેળ છંદ છે. એમાં ૩૭ માત્રા હોય છે અને એમાં આઠ સ્થળે એટલે કે પહેલી માત્રાએ અને પછી પાંચ પાંચ માત્રાએ તાલ આવે છે. ૧૦, ૧૦, ૧૦ ને ૭ માત્રા પછી યતિ હોય છે. છેલ્લે ગુરુ અક્ષર હોય છે. પંચમાત્રિક 'ગાલગા 'થી 'ઝૂલણા ' છંદ સધાય છે. એ છંદનો ગુજરાતી કવિઓએ ઉપયોગ કર્યો છે. એમની કૃતિઓમાંથી બે ઉદાહરણ આપું છું:—

૨ ૧ ૨ ૨ ૧ ૨ | ૨ ૧ ૨ ૨ ૧ ૨ | ૨ ૧ ૨ ૨ ૧ ૨ | ૨ ૧ ૨ ૨
" મા ટી ના મા ન વી | મા ટી માં હે મ ળી | કા ય તા રી જ શે | જા ણુ આ ઈ
૨ ૧ ૨ ૨ ૧ ૨ | ૨ ૧ ૨ ૨ ૧ ૨ | ૨ ૧ ૨ ૨ ૧ ૨ | ૨ ૧ ૨ ૨
જી વ જા ણે ન હિ | જા ય જુ દો પ ડી | કા ય નો થા ય શો | હા લ આં હીં ?"

૨ ૧ ૧ ૨ ૨ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૨ ૧ ૨
આ જ મ હા રા જ જ લ પ ર ઉ દ ય જો ઇ ને
૨ ૧ ૨ ૫ ૧ ૧ ૨ ૨ ૧ ૨ ૨
ચં દ્ર નો હૃ દ ય માં હ ર્ષ જા મે

બીજા ઉદાહરણમાં અંકના ઉપર ઊભી લીટી આપી મેં તાલનું સૂચન કર્યું છે, આ, રા, પ, જો, ચં, હૃ, હ અને મે એમ આઠ અક્ષર ઉપર એકેક તાલ છે. આમ આઠ તાલ છે.

કડખા માટે વિશેષ વિચાર કરાય તે માટે અત્યારે તો ભૂમિકારૂપે આટલો નિર્દેશ કરી હિંદીમાં કડખાનું શું સ્થાન છે એ વગેરે બાબત આગળ ઉપર વિચારવાની અભિલાષા રાખતો હું વિરમું છું.

---

૧ મેઘધનુષ્ય.

रणथंभोरके अलाउद्दिनके
मंत्री धनराजका वंशपरिचय

◎

लेखक · श्रीयुत अगरचन्द नाहटा

जैन साहित्य समुद्रके समान विशाल है। उसका पार पाना असंभव है। जब कभी भी किसी प्राचीन हस्तलिखित ग्रंथभंडारका अवलोकन किया जाता है तो उसमें कुछ न कुछ महत्त्वपूर्ण अज्ञात ग्रंथ मिल ही जाते हैं। बहुतसे ग्रंथोंका तो केवल उल्लेख ही मिलता है, ग्रंथकी प्रतियें कहीं प्राप्त नहीं होती। कई ग्रंथोंकी प्रतियाँ अपूर्ण मिलती हैं। किसी किसी प्रतिके तो आदि अंत व मध्यके एक आध पत्र ही मिलते हैं। इससे जैन साहित्य कितना विशाल था और कितना अधिक नष्ट हो चुका, उसका सहज ही अनुमान लगाया जा सकता है।

गत अश्विन मासकी बात है, राजस्थानके मुख्य मंत्रीश्री टीकारामजी पालीवालके निमंत्रणसे आबू सम्बन्धी विचार–विमर्शके लिये जयपुर जाना हुआ तो राजस्थान पुरातत्त्वमन्दिर, मुनि जिनविजयजीका व्यक्तिगत संग्रह एवं मुलतान व डेरा–गाजीखांके हस्तलिखित ग्रंथ भंडारोंको देखनेका अवसर मिला। इनमें पचीसों ऐसे अज्ञात ग्रंथ प्राप्त हुए जिनकी अन्य प्रतियाँ कहीं भी उपलब्ध नहीं हैं। मुनिजीके संग्रहमें दो अज्ञात ग्रंथ अपूर्ण रूपसे प्राप्त हुए; जिनमेंसे 'धनराज–प्रबोधमाला' नामक छोटेसे धर्मोपदेश–सूक्ति संग्रहका परिचय यहाँ दिया जा रहा है। दूसरे कवि सूरचंदविरचित 'पदैकविंशति' नामक ग्रन्थका परिचय फिर कभी दिया जायगा।

'धनराज प्रबोधमाला'के ४ पत्र ही मिले हैं; जिनमें से प्रथम पत्रका एक किनारा सड कर टूट गया हैं, इससे कुछ पद्यांश नष्ट हो गया है। चौथे पत्रमें ग्रन्थकी रचना–प्रशस्ति अपूर्ण रह गई है जो पांचवें पत्रमें समाप्त हो जाना चाहिए पर उस पत्रके प्राप्त नहीं होनेसे ग्रन्थके रचनाकाल आदिका निश्चित पता नहीं चल सका। प्रति १६ वीं शताब्दीकी लिखित है। अक्षर बडे एवं सुवाच्य हैं। प्रति पृष्ठ पंक्ति १३ और प्रति पंक्तिमें ५०--५२ लगभग अक्षर हैं। मूल ग्रन्थ ७५ श्लोकोंका है, जो ११ प्रक्रमोंमें विभक्त है। प्रक्रमोंके नाम एवं श्लोकोंकी संख्या इस प्रकार है:---(१) ×××× रंगोत्पत्ति, श्लोक १२, (२) सुगुरूपदेश, श्लोक ६, (३) सुपात्रदान, श्लोक ५, (४) शीलमाहात्म्य श्लोक ६, (५) तपोमाहात्म्य, श्लोक ७, (६) भावमाहात्म्य श्लोक ४, (७) परोपकार, श्लोक ५, (८) द्यूतादि सप्तव्यसन,

धरमिणि-वाहूनाम्ना स्त्रीयुगलं मन्त्रिधनराजस्य ।
प्रथमोदरजौ सीहा-श्रीपतिपुत्रौ च विख्यातौ ॥ १० ॥

कुलदीपकौ द्वावपि राजमान्यौ मुदानृतालक्षणलक्षिताशयौ ।
गुणाकरौ द्वावपि संघनायकौ धनाङ्गजौ भूवलयेन नन्दताम् ॥ ११ ॥

खलचीवंशविभूषणसालेरल्लावदीनभूपस्य ।
विश्वासपात्रमनघं धनराजो मन्त्रनायको जीयात् ॥ १२ ॥

स द्रव्यतः प्रवरभावत आददे यः, सम्यक्त्वरत्नमतिदुर्लभमत्र वृत्तौ ।
शङ्कादिदोषरहितं धनदः स जीयात्, श्रीरत्नसिंहसुगुरोः पदपद्ममूले ॥ १३ ॥

अथ च—

श्रीचैत्रगणे गणनातिगगुणगणैकनिधिरासीत् ।
श्रीरत्नाकरसूरिः यन्नाम्ना रत्नाकरातपागच्छः ॥ १४ ॥

श्रीवृद्धसालीयगणे भदन्ताः, श्रीजैत्रपूर्वास्तिलका बभुवुः ।
तत्पट्टपूर्वाचलचन्द्ररोचिः सूरिर्बभूवाथ श्रीरत्नसिंहः ॥ १५ ॥

तत्पट्टोदयशैलराजशिखरालंकारभूतावुभौ ।
सूरींद्रौ शशिभास्कराविव जगज्जैत्र प्र·································॥ १६ ॥



સુભાષિત

માયા મૂંકી મન તણી, બોલ બોલ વિવેકિ;
મન વચનહિં નવિ અંતરું, તે નવિ વિહડઈ છેકિ.

⊙

જે જેહના ગુણ ઓલખઈ, તે તિહાં નેહ કરાઈ;
ફલીઈ દ્રાષહ મંડવઈ, કાગલી ઓલી ખાઈ.

⊙

મિત્તત્તણુ ઈમ જાણીઈ, કજ્જ કરંઈ દોષ;
ગુણ મહીઅલિ વિપ્ફોરવઈ, હૈડા ઢંકઈ કોષ.

૨૫) પૂ. પં શ્રી મેરુવિજયજી ગણિવરના ઉપદેશથી શ્રી જૈન સંઘ, વાંકલી (રાજસ્થાન)
૨૫) પૂ. મુનિરાજ શ્રીમહાપ્રભવિજયજી મ. ના ઉપદેશથી શેઠ ભોગીલાલ વેલચંદ
યેવલા (નાશિક)
૨૫) પૂ. ઉપા. શ્રીસુખસાગરજી મ. ના ઉપદેશથી શ્રીવર્ધમાન આણંદજી જૈન શ્વેતાંબર પેઢી, ભોપાલ (મધ્યભારત)
૨૫) પૂ. મુનિરાજ શ્રીકુંદકુંદવિજયજી મ. ના ઉપદેશથી શ્રીમાહિમ તડ જૈન સંઘ,
માહિમ (મુંબઈ)
૨૧) પૂ. મુનિરાજ શ્રીસંપતવિજયજી મ. ના ઉપદેશથી શ્રી જૈન શ્વેતાંબર મંદિર પેઢી,
અકોલા (મધ્યપ્રદેશ)
૧૫) પૂ. આ. શ્રીવિજયભક્તિસૂરીશ્વરજી મ. ના ઉપદેશથી શ્રીસંઘ-શાહપુર-મંગળપારેખનો ખાંચો, અમદાવાદ
૧૫) પૂ. આ. શ્રીચંદ્રસાગરસૂરીશ્વરજી મ. ના ઉપદેશથી શ્રી હરિપુરા જૈન સંઘ, સૂરત
૧૫) પૂ મુનિરાજ શ્રીલલિતવિજયજી મ. ના ઉપદેશથી શ્રી આત્માનંદ જૈન સેવાસમિતિ,
કોલ્હાપુર
૧૨) પૂ મુનિરાજ શ્રીગૌતમસાગરજી મ. ના ઉપદેશથી શ્રી જૈન સંઘ, નેર (ધૂલિયા)
૧૧) પૂ. પં. શ્રીઅશોકવિજયજી મ. ના ઉપદેશથી શ્રી થરા જૈન લાયબ્રેરી, થરા
૧૧) પૂ. મુનિરાજ શ્રીસૌભાગ્યસાગરજી મ. ના ઉપદેશથી શ્રી જૈન સંઘ. લુણાવાડા
૧૧) પૂ. મુનિરાજ શ્રી ચિદાનંદસાગરજી મ. ના ઉપદેશથી શેઠ મણિલાલ પાનાચંદ દોશી,
ગોધરા
૧૦) પૂ ઉપા. શ્રી દેવેન્દ્રસાગરજી મ. ના ઉપદેશથી શેઠ મોહનલાલ કરમચંદ, વીસનગર
૧૦) પૂ આ શ્રી કીર્તિસાગરસૂરીશ્વરજી મ. ના ઉપદેશથી શ્રી જૈન સંઘ, જૂના ડીસા
૧૦) શ્રી આત્મારામજી જૈન ઉપાશ્રય, C/O શા ગોરધનદાસ બાપુલાલ, વડોદરા
૧૦) પૂ મુનિરાજ શ્રી જયવિજયજી મ. ના ઉપદેશથી શ્રી જૈન સંઘ મુરબાડ
૧૦) પૂ. મુનિરાજ શ્રી ચિદાનંદવિજયજી મ ના ઉપદેશથી શ્રી સાગરગચ્છ જૈન સંઘ, ડભોઈ
૧૦) પૂ મુનિરાજ શ્રી પ્રીતિવિજયજી મ ના ઉપદેશથી શ્રી જૈન સંઘ, નેલોર (મદ્રાસ)
૧૦) પૂ. પં. શ્રીરૂપવિજયજી ગણિવરના ઉપદેશથી શ્રી જૈન વિદ્યાશાળા, સાંડેરાવ
૮) પૂ આ. શ્રી વિજયહિમાચલસૂરીશ્વરજી મ ના ઉપદેશથી શ્રીવીશા શ્રીમાળી જૈન પેઢી,
જામનગર
૫) પૂ. મુનિરાજ શ્રીમાનતુંગવિજયજી મ. ના ઉપદેશથી શ્રી તપગચ્છ જૈન સંઘ, જેતપુર
૫) શ્રીવિજયઆણસૂર મોટા ગચ્છ વર્કીંગ કમીટિ, હા. મેતા મૂળચંદભાઈ વર્ધમાનભાઈ,
સાણંદ
૫) પૂ મુનિરાજ શ્રીનરરત્નવિજયજી મ. ના ઉપદેશથી, શ્રી જૈન સંઘ, માણેકપુર
૫) પૂ મુનિરાજ શ્રીપદ્મવિજયજી મ. ના ઉપદેશથી શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, વડાલી
૫) પૂ પં. શ્રીકૈલાસસાગરજી ગણિવરના ઉપદેશથી શ્રી જૈન સંઘ પેઢી, ઉંઝા
૫) મુનિરાજ શ્રીસુબોધવિજયજી મ. ના ઉપદેશથી શ્રી જૈન સંઘ, આગલોડ

Shri Jaina Satya Prakasha. Regd. No. B. 3801 શ્રી જૈન સત્ય પ્રકાશ

શ્રી જૈન સત્ય પ્રકાશ

અંગે સૂચના

યોજના

૧. શ્રી જૈનધર્મ સત્ય પ્રકાશક સમિતિ દ્વારા 'શ્રી જૈન સત્ય પ્રકાશ' માસિક ૧૭ વર્ષ થયાં પ્રગટ કરવામાં આવે છે.

૨. એ સમિતિના આજીવન સંરક્ષક તરીકે રૂા. ૫૦૦) આ૦ દાતા તરીકે રૂા. ૨૦૦) આ૦ સદસ્ય તરીકે રૂા. ૧૦૧) રાખવામાં આવ્યા છે. આ રીતે મદદ આપનારને માસિક કાયમને માટે મોકલવામાં આવે છે.

વિનંતિ

૧. પૂજ્ય આચાર્યાદિ મુનિવરો ચતુર્માસનું સ્થળ નક્કી થતાં અને શેષ કાળમાં જ્યાં વિહરતા હોય એ સ્થળનું સરનામું માસિક પ્રગટ થયે, એના ૧૫ દિવસ અગાઉ મોકલતા રહે અને તે તે સ્થળે આ માસિકના પ્રચાર માટે ગ્રાહકો બનાવવાનો ઉપદેશ આપતા રહે એવી વિનંતિ છે.

૨. તે તે સ્થળોમાંથી મળી આવતાં પ્રાચીન અવશેષો કે ઐતિહાસિક માહિતીના સમાચાર આપવા વિનંતિ છે.

૩. જૈનધર્મ ઉપર આક્ષેપાત્મક લેખો આદિની સામગ્રી અને માહિતી આપતા રહે એવી વિનંતિ છે.

ગ્રાહકોને સૂચના

૧. "શ્રી જૈન સત્ય પ્રકાશ" માસિક પ્રત્યેક અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થાય છે.

૨. આ માસિકનું વાર્ષિક લવાજમ રૂા. ૩) ત્રણ રૂપિયા રાખવામાં આવ્યું છે.

૩. માસિક વી. પી. થી ન મંગાવતાં લવાજમના રૂા. ૩) મનીઑર્ડરદ્વારા મોકલી આપવાથી અનુકૂળતા રહેશે.

૪. આ માસિકનું નવું વર્ષ દિવાળીથી શરૂ થાય છે. પરંતુ ગ્રાહક ગમે તે અંકથી બની શકાય.

૫. ગ્રાહકોને અંક મોકલવાની પૂરી સાવચેતી રાખવા છતાં અંક ન મળે તો સ્થાનિક પોસ્ટ ઑફિસમાં તપાસ કરી પછી અમને સૂચના આપવી.

૬. સરનામું બદલવાની સૂચના તે મહિનામાં ૧૦ દિવસ અગાઉ આપવી જરૂરી છે.


લેખકોને સૂચના

૧. લખાણ કાગળની એક તરફ વાંચી શકાય તેવી રીતે શાહીથી લખી મોકલવા.

૨. લેખો ટૂંકા, મુદ્દાસર અને વ્યક્તિગત ટીકાત્મક ન હોવા જોઈએ.

૩. લેખો પ્રગટ કરવા ન કરવા અને તેમાં પત્રની નીતિને અનુસરીને સુધારોવધારો કરવાનો હક્ક તંત્રી આધીન છે.

મુદ્રક : ગોવિંદલાલ જગશીભાઈ શાહ, શ્રી શારદા મુદ્રણાલય, પાનકોર નાકા, અમદાવાદ.
પ્રકાશક : ચીમનલાલ ગોકળદાસ શાહ
શ્રી જૈનધર્મ સત્ય પ્રકાશક સમિતિ કાર્યાલય, જેશિંગભાઈની વાડી, ઘીકાંટા રોડ–અમદાવાદ



શ્રી જૈન સત્ય પ્રકાશ

તંત્રી

ચીમનલાલ ગોકળદાસ શાહ

તા ૧૫-૧૨-૫૩ : અમદાવાદ

વર્ષ ૧૯ : અંક ૨-૩] [ક્રમાંક : ૨૧૮-૧૯



નવ આચાર્યોની એક અદ્વિતીય સંયુક્ત મૂર્તિ

વિગત માટે જુઓ પાન ૩૧ થી ૩૪

॥ ॐ अर्हम् ॥

अखिल भारतवर्षीय जैन श्वेताम्बर मूर्तिपूजक

मुनिसम्मेलन संस्थापित

श्री जैनधर्म सत्यप्रकाशक समितिनुं मासिक मुखपत्र

जेशिंगभाईनी वाडी : घीकांटा रोड : अमदावाद (गुजरात)

वर्ष : १९	વિક્રમ સં. ૨૦૧૦ : વીર નિ. સં. ૨૪૭૯ : ઈ. સ. ૧૯૫૩	क्रमांक
अंक : २–३	માગશર સુદિ ૧૦ : મંગળવાર : ૧૫ ડિસેમ્બર	૨૧૮–૧૯

ગુજરાતની સાંસ્કૃતિક પ્રતિભા

[જૈનોનો ફાળો]

—શ્રીયુત હરસિદ્ધભાઈ દીવેટિયા.

[અમદાવાદ ખાતે તા. ૩૦–૧૦–૫૩ ના રોજ મળેલા અખિલ ભારતીય પ્રાચ્ય વિદ્યાપરિષદના ૧૭ મા અધિવેશન પ્રસંગે સ્વાગત સમિતિના અધ્યક્ષ સ્થાનેથી યુનિવર્સીટીના વાઇસ. ચાન્સેલર માન્યવર શ્રી. હરસિદ્ધભાઇ દીવેટિયાએ અંગ્રેજીમાં આપેલા ભાષણમાંથી]

જૈન પંડિતોની વાઙ્મય પ્રતિભાનાં સુફળ હજી આજે પણ પાટણ, ખંભાત, અમદાવાદ, વડોદરા અને દૂર સુદૂર આવેલા જેસલમીર ખાતે જુદાજુદા અનેક ભંડારોના ભોંયરામાં સુરક્ષિત રહ્યાં છે. એ ભોંયરામાં સંખ્યાબંધ ગ્રંથો અને હસ્તલિખિત ગ્રંથો સંઘરી રાખવામાં આવ્યા છે અને એમાંના ઘણા હજી પણ પંડિતોના સંશોધનની વાટ જોઈ રહ્યા છે. મધ્યકાલીન ગુજરાતનું ખરેખરું ધન હજી પણ એ ભંડારોમાં ગુપ્ત પડી રહેલું છે અને આધુનિક કાળમાં હમણાંના વિદ્વાનોને પોતાની શોધખોળની પ્રવૃત્તિઓમાં ઠીકઠીક પ્રમાણમાં રસ જાગ્યો છે તેમ છતાં પણ સહાયક બનવા માટે તેમનું કાર્ય સિદ્ધ થવામાં ઘણા સારા પ્રમાણમાં આર્થિક મદદ તેમજ વિદ્વાનોની સંસ્થાઓના સહકારની જરૂર રહેશે. આ અધિવેશનની સાથોસાથ યોજવામાં આવેલા પ્રદર્શનની અંદર આ સાહિત્યધનમાંથી થોડુંક એકત્રિત કરીને રજૂ કરવામાં આવ્યું છે એ જોવાની આપ સહુને તક મળી રહેશે અને મને આશા છે કે આપણી પ્રાચીન સંસ્કૃતિનું જ્ઞાન વિસ્તારવા માટે, એને વ્યાપક બનાવવા માટે આ ભંડારોમાં જે મહામોંઘું સાહિત્ય સંઘરાયેલું પડ્યું છે તેનો થોડોક ખ્યાલ આપને જરૂર આવશે. જૈન ભંડારો અને દેરાસરો બાંધવાનો સુયશ ગુજરાતના મુસ્લિમ રાજાઓ અને મુગલ શહેનશાહો ઉપર પણ

[જુઓ : અનુસંધાન પૃષ્ઠ ૪૮]

જ્ઞાનભંડારો પર એક દૃષ્ટિપાત

લેખક : પૂ. મુનિરાજ શ્રી. પુણ્યવિજયજી

[અમદાવાદ ખાતે તા. ૩૦-૧૦-૫૩ ના રોજ મળેલા અખિલ ભારતીય પ્રાચ્ય વિદ્યાપરિષદના ૧૭ મા અધિવેશન પ્રસંગે ગુજરાત વિદ્યાસભા અંતર્ગત શ્રી ભોળાભાઈ જેસંગભાઈ અધ્યયન-સંશોધન વિદ્યાભવન દ્વારા યોજવામાં આવેલા હસ્તલિખિત ગ્રંથોના પ્રદર્શનના પ્રયોજક પૂ. મુનિરાજ શ્રી. પુણ્યવિજયજીએ આપેલા હિંદી ભાષણના ઉપયોગી મુખ્ય ભાગનો અનુવાદ]

આ યુગના વિકસિત સાધન અને વિકસિત વ્યવહારની દૃષ્ટિએ લાઇબ્રેરી અથવા પુસ્તકાલયોનું વિશ્વમાં જે સ્થાન છે તે સ્થાન પહેલાના સમયમાં તે યુગની મર્યાદા અનુસાર જ્ઞાનભંડારોનું હતું. ધન, ધાન્ય, વસ્ત્ર, પાત્ર આદિ દુન્યવી ચીજોના ભંડારોની માફક શાસ્ત્રોના પણ ભંડાર અથવા તો સંગ્રહો કરવામાં આવતા હતા. અને આ ભંડાર ધર્મજીવી અથવા તો વિદ્યાજીવી ઋષિ, મુનિ યા વિદ્વાનોને હાથે નિર્માણ થતા હતા. આ પ્રથા કોઈ એક દેશ, કોઈ એક ધર્મ, યા કોઈ એક પરંપરામાં મર્યાદિત રહી ન હતી ભારતીય આર્યોની માફક ઈરાની આર્યો, ખ્રીસ્તીઓ અથવા મુસલમાનો પણ પોતાના સમ્માન્ય શાસ્ત્રોના સંગ્રહો સર્વદા કરતા રહ્યા હતા.

ભંડારના ઇતિહાસની સાથે અનેક બાબતો સંકલિત છે—લિપિ, લેખનનું સાધન, લેખનનો વ્યવસાય, પરંતુ અહીં તો મારા લગભગ ચાલીસ વર્ષના પ્રત્યક્ષ અનુભવથી જે વાત જાણવામાં આવી છે તેનો હું સંક્ષેપમાં નિર્દેશ કરવા ઇચ્છું છું.

હું જાણું છું તે મુજબ કહી શકું કે ભારતમાં બે પ્રકારના ભંડાર મુખ્યતયા જોવામાં આવે છે—વ્યક્તિગત માલિકીનું અને સાંઘિક માલિકીનું. વૈદિક પરંપરામાં પુસ્તક સંગ્રહનો મુખ્ય સંબંધ બ્રાહ્મણવર્ગની સાથે રહેલો છે. બ્રાહ્મણવર્ગ ગૃહસ્થાશ્રમપ્રધાન છે. તેને પુત્રપરિવાર વગેરેનો પરિગ્રહ પણ ઇષ્ટ છે—શાસ્ત્રસંમત છે. તેથી જ બ્રાહ્મણપરંપરાના વિદ્વાનોના પુસ્તકસંગ્રહો મુખ્યત્વે વ્યક્તિગત માલિકીના રહ્યા છે અને આજ પણ એવું જ છે. ગુજરાત, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ બિહાર, બંગાળ, મિથિલા અથવા તો દક્ષિણના કોઈ પણ પ્રદેશમાં જઈને પુરાણા બ્રાહ્મણપરંપરાના સંગ્રહો આપણે જોવા માગીએ તો કોઇને કોઈ વ્યક્તિગત કુટુંબની માલિકીના જ ગણી શકશે. પરંતુ ભિક્ષુપરંપરામાં આનાથી ઉલટો પ્રકાર છે. બૌદ્ધ-જૈન જેવી પરંપરાઓ ભિક્ષુ યા શ્રમણ પરંપરામાં સંમિલિત છે. જો કે ભિક્ષુ યા શ્રમણ ગૃહસ્થોના અવલંબન વડે જ ધર્મ યા વિદ્યાનુ સંરક્ષણ સંવર્ધન કરે છે તો-પણ તેનું પોતાનું જીવન અને ઉદ્દેશ અપરિગ્રહના સિદ્ધાંત ઉપર અવલંબિત છે—તેને કોઈ પોતાનો પુત્રપરિવાર વગેરે હોતું નથી. તેથી તેની મારફત કરાયેલો અથવા તો રક્ષાયેલો સંગ્રહ સાંઘિક માલિકીનો રહ્યો છે અને આજે પણ એ મુજબ છે. કોઈ બૌદ્ધ વિહાર યા કોઈ જૈન સંસ્થામાં કોઈ એક આચાર્ય યા વિદ્વાનનું પ્રાધાન્ય કોઈ કાળે રહ્યું હોય તો-પણ તેના આશ્રય નીચે બનેલો અથવા સંરક્ષિત થયેલો જ્ઞાનભંડાર તત્ત્વતઃ સંઘની માલિકીનો જ રહે છે અથવા માનવામાં આવે છે.

સામાન્યરૂપે આપણે જાણીએ છીએ કે આ દેશમાં બૌદ્ધવિહાર નહિ હોવાથી બૌદ્ધ સંઘનો ભંડાર પણ નથી. પરંતુ વસ્તુસ્થિતિ જુદી છે. અહીંના પુરાણા બૌદ્ધ વિહારોના

નાના મોટા અનેક પુસ્તકસંગ્રહો કેટલાક મૂળરૂપમાં અને કેટલાક પલટાયેલા રૂપમાં ભારતના પાડોશી અનેક દેશોમાં ગયા છે. નેપાળ, ચીન, સિલોન, તીબેટ, બર્મા વગેરે અનેક દેશોમાં પુરાણા બૌદ્ધ શાસ્ત્રસંગ્રહો આજે પણ સુલભ છે.

જૈન પરંપરાના ભિક્ષુઓ ભારતની બહાર ગયા નથી. તેને લીધે તેમનો શાસ્ત્રસંગ્રહ પણ મુખ્યત્વે ભારતમાં જ રહ્યો છે. ભારતનો ભાગ્યે જ કોઈ એવો ભાગ હોય કે જ્યાં જૈન પુસ્તકસંગ્રહ ઓછાવધતા પ્રમાણમાં ન પણ મળી શકે. દૂર દક્ષિણમાં કર્ણાટક, આંધ્ર, તામીલ વગેરે પ્રદેશોથી માંડીને ઉત્તરના પંજાબ, યુક્ત પ્રદેશો સુધી અને પૂર્વના બંગાળ, બિહારથી માંડીને પશ્ચિમના કચ્છ, સૌરાષ્ટ્ર સુધી જૈન ભંડારો આજે પણ જોવામાં આવે છે, પછી ભલે કોઈ જગ્યાએ તે નામ માત્ર હોય. આ સર્વ ભંડારો મૂળમાં સાંઘિક માલિકીના ધોરણ ઉપર જ સ્થાપિત થયા છે. સાંઘિક માલિકીના ભંડારોનો મુખ્ય લાભ એ છે કે તેની વૃદ્ધિ સંરક્ષણ વગેરે કાર્યોમાં સંઘ ભાગ લે છે અને સંઘના જુદા જુદા દરજ્જાના અનુયાયી ગૃહસ્થો તેમાં પોતાનો ભક્તિપૂર્વક સાથ દે છે, જેને લીધે ભંડારોની શાસ્ત્રસમૃદ્ધિ બહુ વધી જાય છે અને તેની રક્ષા પણ ઠીક ઠીક થાય છે. આ જ કારણ છે કે જેને લીધે વચગાળાના અંધાધુંધીના સમયમાં સેંકડો વિઘ્ન-બાધાઓ ઉપસ્થિત થવા છતાં પણ હજારોની સંખ્યામાં પુરાણા ભંડારો સુરક્ષિત રહ્યા છે અને પુરાણા ભંડારોની કાયા ઉપર નવા ભંડારોની સ્થાપના અને વૃદ્ધિ થતી રહી છે, જે પરંપરા આજે પણ ચાલુ છે.

આ વિષયમાં એક બે ઐતિહાસિક ઉદાહરણ પૂરતાં છે. જ્યારે પાટણ, ખંભાત આદિ સ્થળોમાં કોઈ ઉત્પાતની સંભાવના માલૂમ પડી કે તરત જ આચાર્યોએ બહુમૂલ્ય શાસ્ત્રસંપત્તિ જેસલમેર જેવા દૂરવર્તી સુરક્ષિત સ્થાનોમાં સ્થાનાંતરિત કરી દીધી. એથી અન્યથા જ્યાં એવા ઉત્પાતનો સંભવ નહોતો ત્યાં પુરાણા સંગ્રહો એ જ રીતે ચાલુ રહ્યા હતા. જેવા કે કર્ણાટકના દિગંબર ભંડારો.

આમ તો વૈદિક બૌદ્ધાદિ પરંપરાઓના ગ્રંથો સાથે મારો એ જ ભાવ તથા સંબંધ છે જેવો જૈન પરંપરાના શાસ્ત્રગ્રંથોની સાથે છે, તોપણ મારા કાર્યોનો મુખ્ય સંબંધ પરિસ્થિતિની દૃષ્ટિએ જૈન ભંડારો સાથે રહ્યો છે. આમ હોવાથી હું તેને લગતા અનુભવ વિષે જ અહીં વિચાર પ્રસ્તુત કરવા માગું છું. ભારતમાં ઓછામાં ઓછા પાંચસો શહેર, ગામ, કસબા વગેરે સ્થાન હશે જ્યાં જૈન શાસ્ત્રસંગ્રહ મળી શકે એમ છે. પાંચસોની સંખ્યા-આ તો સ્થાનોની સંખ્યા છે. ભંડારોની નહિ-ભંડાર તો કોઈ એક શહેર, એક કસબો અથવા ગામડામાં બે, પાંચથી માંડીને પંદર, વીસ સુધી મળી શકે તેમ છે. પાટણમાં વીસથી વધારે ભંડાર છે તો અમદાવાદ, સુરત, બીકાનેર વગેરે સ્થળોમાં દશ-દશ, પંદર-પંદર આસપાસ જોવામાં આવે છે. ભંડારનાં કદ પણ સૌના એકસરખાં નથી. કોઈ કોઈ ભંડારમાં પચીસ હજાર સુધીનો ગ્રંથસંગ્રહ છે તો કોઈ કોઈમાં બસો પાંચસો પણ છે ભંડારોનું મહત્ત્વ જુદી જુદી દૃષ્ટિથી આંકવામાં આવે છે. કોઈમાં ગ્રંથરાશિ વિપુલ છે તો વિષયવૈવિધ્ય ઓછું છે; કોઈમાં વિષયવૈવિધ્ય વધારે છે તો આપેક્ષાકૃત પ્રાચીનત્વ કમ છે, કોઈમાં પ્રાચીનતા વધારે છે; કોઈમાં જૈનેતર બૌદ્ધ-વૈદિક જેવી પરંપરાઓના મહત્ત્વપૂર્ણ ગ્રંથો શુદ્ધરૂપમાં સંગ્રહિત છે તો કોઈમાં થોડા પણ એવા ગ્રંથો છે કે જે આ ભંડારો સિવાય દુનિયાના કોઈ ભાગમાં આજ સુધી પ્રાપ્ત થયા નથી. ખાસ કરીને એવા ગ્રંથો બૌદ્ધપરંપરાના છે; કોઈમાં સંસ્કૃત, પ્રાકૃત,

અપભ્રંશ, પ્રાચીન ગુજરાતી, રાજસ્થાની, હિંદી, ફારસી વગેરે ભાષાવૈવિધ્યની દૃષ્ટિએ ગ્રંથ-રાશિનું મહત્ત્વ છે, તો કોટામાં પુરાણા તાડપત્ર અને ચિત્રસમૃદ્ધિનું મહત્ત્વ છે.

સૌરાષ્ટ્ર, ગુજરાત અને રાજસ્થાનના જુદા સ્થાનોમાં હું રહ્યો છું અને મેં ભ્રમણ પણ કર્યું છે. મેં લગભગ ચાલીસ સ્થાનોના બધા ભંડારો જોયા છે અને લગભગ પચાસ ભંડારો-માં તો પ્રત્યક્ષ બેસીને કામ કર્યું છે. આટલા પરિમિત અનુભવોમાં પણ જે સાધનસામગ્રી જાણવામાં આવી છે તેમજ હસ્તગત થઈ છે તે આધારે હું કહી શકું છું કે વૈદિક, બૌદ્ધ અને જૈન પરંપરાના પ્રાચીન તથા મધ્યકાલીન શાસ્ત્રોના સંશોધન વગેરેમાં જેને રસ છે તેને માટે અપરિમિત સામગ્રી ઉપલબ્ધ છે

શ્વેતાંબર, દિગંબર, સ્થાનકવાસી અને તેરાપંથી—આ ચાર ફિરકાથી આશ્રિત જૈન ભંડારો છે. આમ તો આ સર્વ ફિરકાના ભંડારોથી હું થોડોઘણો પરિચિત છું. તો પણ મારો સૌથી વધારે પરિચય અને પ્રત્યક્ષ અનુભવ શ્વેતાંબર પરંપરાના ભંડારો સાથે જ રહ્યો છે. હું માનું છું કે વિષય તથા ભાષાના વૈવિધ્યની દૃષ્ટિથી, ગ્રંથસંખ્યાની દૃષ્ટિથી, પ્રાચીનતાની દૃષ્ટિથી, ગ્રંથોના કદ, પ્રકાર, અલંકરણ વગેરેની દૃષ્ટિથી તથા અલભ્ય, દુર્લભ અને સુલભ પરંતુ શુદ્ધ એવા બૌદ્ધ, વૈદિક જેવી જૈનેતર પરંપરાઓના બહુમૂલ્ય વિવિધ ગ્રંથોના સંગ્રહની દૃષ્ટિથી શ્વેતાંબર પરંપરાના અનેક ભંડારો એટલા મહત્ત્વના છે કે તેટલા મહત્ત્વના અન્ય સ્થાનોના છે જ નહિ.

માધ્યમની દૃષ્ટિએ મારા જોવામાં આવેલા ગ્રંથોના ત્રણ પ્રકાર છે. તાડપત્ર, કાગળ અને કપડું. તાડપત્રના ગ્રંથો વિક્રમની નવમી શતાબ્દીથી માંડીને સોળમી શતાબ્દી સુધીના મળે છે. કાગળના ગ્રંથો જૈન ભંડારોમાં વિક્રમની તેરમી શતાબ્દીના પ્રારંભથી આજ સુધીના મૌજુદ છે. જો કે મધ્ય એશિયાના યારકંદ શહેરથી દક્ષિણની બાજુએ ૬૦ માઈલ ઉપર કુગિ-યર નામના સ્થાનમાંથી પ્રાપ્ત થયેલા કાગળના ચાર ગ્રંથો ઈ. સ. ની પાંચમી શતાબ્દીના માનવામાં આવે છે. પરંતુ એટલા પુરાણા કોઈ તાડપત્રના અથવા તો કાગળના ગ્રંથ આજ સુધી જૈન ભંડારોમાંથી મળ્યા નથી. આનો અર્થ એટલો જ છે કે પૂર્વકાળમાં લખાયેલા ગ્રંથો જેમ જેમ વૃદ્ધ થતા ગયાં—નાશાભિમુખ થતા ગયા તેમ તેમ તે ઉપરથી નવી નવી નકલો થતી ગઈ અને નવા રચતા ગ્રંથો પણ લખાતા ગયા. આ રીતે આપણી સામે જે ગ્રંથસામગ્રી મોજુદ છે તેમાં મારી દૃષ્ટિથી વિક્રમની પૂર્વ શતાબ્દીઓથી માંડીને નવમી શતાબ્દી સુધીના ગ્રંથોનું અવતરણ છે અને નવમી શતાબ્દીની પછી નવા રચાયેલા ગ્રંથોનો પણ સમાવેશ છે.

મારી નજર તળેથી પસાર થયેલા ગ્રંથોમાં તાડપત્રીય ગ્રંથોની સંખ્યા લગભગ ૩૦૦૦ જેટલી છે અને કાગળના ગ્રંથોની સંખ્યા તો બે લાખથી વધારે છે. એ કહેવાની જરૂર નથી કે આમાં સર્વ જૈન ફિરકાના સર્વ ભંડારોના ગ્રંથોની સંખ્યા અભિપ્રેત નથી. એ સંખ્યા તો દસ પંદર લાખથી પણ કંઈક વધી જાય તેમ છે.

જુદી જુદી અપેક્ષાથી ભંડારોનું વર્ગીકરણ નીચે લખ્યા મુજબ કરી શકાય. એ ધ્યાનમાં રહેવું જોઈએ કે આ વર્ગીકરણ સ્થૂલ છે.

પ્રાચીનતાની દૃષ્ટિથી તથા ચિત્રપટ્ટિકા તેમજ અન્ય ચિત્ર સમૃદ્ધિની દૃષ્ટિથી અને સંશોધિત તથા શુદ્ધ કરાયેલા આગમિક સાહિત્યની તેમજ તાર્કિક, દાર્શનિક સાહિત્યની દૃષ્ટિથી

જેમાં જૈન પરંપરા ઉપરાંત વૈદિક તેમજ બૌદ્ધ પરંપરાનો સમાવેશ થાય છે—પાટણ, ખંભાત અને જેસલમેરના તાડપત્રીય સંગ્રહો સૌથી પ્રથમ કોટિના છે. આમાં જેસલમેરનો ખરતર આચાર્ય શ્રીજિનભદ્રસૂરિ–સંસ્થાપિત તાડપત્રીય ભંડાર પ્રથમ સ્થાન ખેંચે છે. નવમી શતાબ્દીવાળો તાડપત્રીય ગ્રંથ–વિશેષ આવશ્યક મહાભાષ્ય, જે લિપિ, ભાષા અને વિષયની દૃષ્ટિથી મહત્ત્વ ધરાવે છે તે પહેલવહેલો આ સંગ્રહમાંથી મળ્યો છે. આ સંગ્રહમાં જેટલી અને જેવી પ્રાચીન ચિત્રપટ્ટિકાઓ તથા અન્ય પુરાણી ચિત્રસમૃદ્ધિ છે તેટલી પુરાણી અને તે પ્રકારની કોઈ એક ભંડારમાં લભ્ય નથી. આ તાડપત્રીય સંગ્રહમાં જ આગમિક ગ્રંથો છે તે મોટા ભાગે સંશોધિત અને શુદ્ધ કરાયેલા છે. વૈદિક પરંપરાના વિશેષ શુદ્ધ અને મહત્ત્વના કેટલાક ગ્રંથો પણ આ સંગ્રહમાં ઉપલબ્ધ છે. આમાં સાંખ્યકારિકા ઉપરનું ગૌડપાદ–ભાષ્ય તથા બીજી વૃત્તિઓ પણ છે. યોગસૂત્ર ઉપરની વ્યાસભાષ્ય સહિત તત્ત્વવૈશારદી ટીકા છે. ગીતા ઉપરનું શાંકરભાષ્ય અને શ્રીહર્ષનું ખંડનખંડખાદ્ય છે. વૈશેષિક અને ન્યાયદર્શનનું ભાષ્ય અને એના ઉપરની ક્રમિક ઉદયનાચાર્ય સુધીની સર્વ ટીકાઓ મોજુદ છે. ન્યાયસૂત્ર ઉપરનું ભાષ્ય, તેનું વાર્તિક, વાર્તિક ઉપરની તાત્પર્ય–ટીકા અને તાત્પર્યટીકા ઉપર તાત્પર્યશુદ્ધિ તથા એ પાંચ ગ્રંથો ઉપર વિષમપદવિવરણરૂપ 'પંચપ્રસ્થાન' નામનો એક અપૂર્વ ગ્રંથ આ સંગ્રહમાં છે. બૌદ્ધ પરંપરાના મહત્ત્વપૂર્ણ તર્કગ્રંથોમાંથી સટીક સટિપ્પણ ન્યાયબિંદુ તથા સટીક સટિપ્પણ તત્ત્વસંગ્રહ જેવા અનેક ગ્રંથો છે. અહીં એક બાબતનો હું ખાસ નિર્દેશ કરવા માગું છું જે સંશોધકો માટે ખાસ ઉપયોગી છે. અપભ્રંશ ભાષાના કેટલાક અપ્રકાશિત તથા અન્યત્ર અપ્રાપ્ય એવા બારમી સદીના મોટા મોટા કથા–ગ્રંથો આ ભંડારમાં છે. જેવા કે વિલાસવઈકહા, અરિટ્ઠ–નેમિચરિઉ ઇત્યાદિ. આવી રીતે છંદ વિષયક કેટલાક ગ્રંથો છે, જેની નકલો પુરાતત્ત્વકોવિદ શ્રીજિનવિજયજીએ જેસલમેર જઈને કરાવી છે. એ નકલોના આધારે પ્રોફેસર વેલિનકરે તેનું પ્રકાશન કર્યું છે.

ખંભાતના શ્રીશાંતિનાથ તાડપત્રીય–ગ્રંથ ભંડારની એક બે વિશેષતાઓ એ છે કે, એમાં ચિત્રસમૃદ્ધિ તો છે જ, પણ ગુજરાતના સુપ્રસિદ્ધ અને વિદ્વાન વસ્તુપાલની સ્વહસ્તલિખિત 'ધર્માભ્યુદય' મહાકાવ્યની પ્રત પણ છે. પાટણના ત્રણ તાડપત્રીય સંગ્રહોની અનેક વિશેષતાઓ છે. એમાંથી એક તો એ છે કે ત્યાંથી ધર્મકીર્તિનું 'હેતુબિંદુ' અર્ચટની ટીકાવાળું પ્રાપ્ત થયું છે, જે આજ સુધી મૂળ સંસ્કૃતમાં કોઈ ઠેકાણેથી મળ્યું નથી. જયરાશિનું તત્ત્વોપપ્લવ જેનો અન્યત્ર કોઈ પત્તો નથી તે પણ અહીંથી મળ્યું છે.

કાગળ–ગ્રંથના અનેક ભંડારોમાંથી ચાર પાંચનો નિર્દેશ અહીં પૂરતો લેખાશે. પાટણના તપાગચ્છનો ભંડાર ગુજરાતી, રાજસ્થાની, હિંદી અને ફારસી ભાષાના વિવિધવિષયક સેંકડો ગ્રંથોથી સમૃદ્ધ છે. જેમાં 'આગમડંબર' નાટક પણ છે, જે અન્યત્ર દુર્લભ છે. પાટણના ભાભાના પાડાનો ભંડાર પણ અનેક દૃષ્ટિથી મહત્ત્વનો છે. હમણાં હમણાં એમાંથી જ છઠ્ઠી–સાતમી સદીના બૌદ્ધ તાર્કિક આચાર્ય શ્રીધર્મકીર્તિના સુપ્રસિદ્ધ 'પ્રમાણવાર્તિક' ગ્રંથની સ્વોપજ્ઞ વૃત્તિ મળી છે, જે તિબેટથી પણ આજ સુધી પ્રાપ્ત થઈ નથી. ખંભાતની જૈન શાળાનો ભંડાર પણ મહત્ત્વ ધરાવે છે. તેમાં વિક્રમ સંવત ૧૨૩૪ની લખેલી જિનેશ્વરીય કથાકોશની પ્રતિ છે. જૈન ભંડારમાં મળતી કાગળની પોથીઓમાં આ સૌથી પુરાણી છે. આઠસો વર્ષ પછી આજે પણ તેના કાગળની સ્થિતિ સારી છે. ઉપાધ્યાય શ્રીયશોવિજયજીના સ્વહસ્તલિખિત કેટલાય ગ્રંથો જેવા કે વિષયતાવાદ, સ્તોત્રસંગ્રહ વગેરે આ ભંડારમાંથી હમણાં હમણાં મળે

આવ્યા છે. જેસલમેરના એક કાગળના ભંડારમાં ન્યાય અને વૈશેષિક દર્શનના સૂત્ર, ભાષ્ય, ટીકા, અનુટીકા વગેરેનો પૂરો સંગ્રહ બહુ શુદ્ધરૂપમાં વિદ્યમાન છે, જે વિ. સં. ૧૨૭૯માં લખવામાં આવેલ છે. અમદાવાદના માત્ર બે ભંડારનો જ નિર્દેશ કરવા માગું છું. પગથિયાના ઉપાશ્રયના સંગ્રહમાંથી ઉપાધ્યાય શ્રીયશોવિજયજીની સ્વહસ્તલિખિત પ્રમેયમાળા તથા વીતરાગસ્તોત્ર અષ્ટમ પ્રકાશની વ્યાખ્યા—આ બે ગ્રંથ તાજેતરમાં આચાર્ય શ્રીવિજયમનોહરસૂરિજી મારફત મળ્યા છે. બાદશાહ જહાંગીર દ્વારા સન્માનિત વિદ્વાન ભાનુચંદ્ર અને સિદ્ધિચંદ્ર રચિત કેટલાય ગ્રંથો આ સંગ્રહમાં છે, જેવા કે નૈષધની તથા વાસવદત્તાની ટીકા વગેરે. દેવસાના પાડાનો સંગ્રહ પણ મહત્ત્વનો છે. એમાં પણ ભાનુચંદ્ર—સિદ્ધિચંદ્રના અનેક ગ્રંથો છે એમ સાંભળવામાં આવ્યું છે.

કપડા ઉપર પત્રાકારમાં લખાયેલો આજ સુધીમાં એક જ ગ્રંથ મળ્યો છે, જે પાટણના શ્રીસંઘના ભંડારમાં છે. આમ તો રોલ—ટીપણાના આકારના કપડા ઉપર લખાયેલા કેટલાય ગ્રંથો મળેલા છે, પણ પત્રાકારે લિખિત આ એક જ ગ્રંથ છે.

સોનાચાંદીની શાહીથી બનાવેલા તથા અનેક રંગવાળા સેંકડો નાનાવિધ ચિત્રો જેવા તાડપત્રીય ગ્રંથો પર મળે છે તેવા જ કાગળના ગ્રંથો પર પણ જોવામાં આવે છે. આ રીતે તથા કપડા ઉપર આલિખિત, અલંકારખચિત વિજ્ઞપ્તિપત્ર, ચિત્રપટ પણ મોટા પ્રમાણમાં મળે છે. (વાંચતી વખતે પાના રાખવા માટે તથા પ્રતાકાર ગ્રંથ બાંધવાને માટે જે બન્ને બાજુ રાખવામાં આવે છે તે) પૂંઠા, ડબા વગેરે પણ સચિત્ર તથા વિવિધ આકારના પ્રાપ્ત થાય છે. ડબાની એક ખૂબી એ છે કે એમાંથી કોઈ ચર્મજટિત છે, કોઈ વસ્ત્રજટિત હોય છે તો કોઈ કાગળના મઢેલા હોય છે. આજકાલના છાપેલા પુસ્તકોનાં પાકાં પૂંઠા ઉપર જેવી રચનાઓ જોવામાં આવે છે એવી આ ડબાઓ ઉપર ઠપ્પાથી—સંચાથી ઢાળેલી અનેક તરેહની રંગબેરંગી રચનાઓ કરવામાં આવેલી હોય છે.

આ જ્ઞાનભંડારો વિવિધ દૃષ્ટિથી સમૃદ્ધ અને મહત્ત્વના છે. એમની મુખ્ય વિશેષતા એ છે કે તેનો સંગ્રહ જો કે જૈનોએ કર્યો હોય તો પણ તે માત્ર જૈન શાસ્ત્રોના સંગ્રહથી મર્યાદિત હોતો નથી. તેમાં જૈન જૈનેતર અથવા વૈદિક—બૌદ્ધ—જૈન, સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ આદિ ભાષાના ચરિત્રગ્રંથો, રાસ આદિ વિવિધ સાહિત્ય વિદ્યમાન છે. સંક્ષિપ્તમાં મારે કહેવું જોઈએ કે આ ભંડારોનું સાચું મહત્ત્વ તેની વ્યાપક અને વિશાળ સંગ્રહદૃષ્ટિમાં રહેલું છે. જેવી રીતે આ વિશાળ જ્ઞાનભંડારોમાં લેખન-સંશોધન—રક્ષણ વિષયક સાધન તેમ જ સંગ્રહ છે તેવી રીતે તાડપત્ર, કાપડ, અને કાગળ ઉપર કાળી, લાલ, સોનેરી, રૂપેરી અનેક પ્રકારની શાહીથી લખેલા અનેક આકાર—પ્રકારના અત્યંત સુંદર અને કલાપૂર્ણ સચિત્ર—અચિત્ર, પત્રાકાર, ગુટકાકાર, કુંડળિયાકાર લખાયેલા ગ્રંથો વિદ્યમાન છે. અનેક પ્રકારના સચિત્ર—અચિત્ર વિજ્ઞપ્તિપત્ર, તીર્થયાત્રાદિના ચિત્રપટ, યંત્રપટ, વિદ્યાપટ આદિનો વિશાળ સંગ્રહ આ ભંડારમાં છે. જૈનોએ આ ભંડારના સંગ્રહને માટે હાર્દિક મનોયોગની સાથે સાથે પોતાની સંપત્તિ પાણીની માફક વહેવરાવી છે. એ જ રીતે તેના સંરક્ષણ માટે પણ તેમણે સર્વ શક્ય ઉપાયો કર્યા છે.

આ પ્રકારના જ્ઞાનભંડાર, તેમાં ઉપલબ્ધ સામગ્રી તેમ જ ગ્રંથરાશિ તથા તેની વ્યવસ્થા વગેરે બાબતો વિષે મેં અહીં સંક્ષિપ્ત વર્ણન કર્યું છે. વિશાળ તેમજ વૈવિધ્યપૂર્ણ આ ગ્રંથરત્નોના પરીક્ષકો તેનો સમ્યક્ ઉપયોગ કરે, એવી મારી આંતરિક અભિલાષા છે.

નવ આચાર્યોની

એક સંયુક્ત મૂર્તિ

[ચિત્ર માટે જુઓ ટાઇટલ પેજ બીજું]

⊙

લેખક : શ્રીયુત અગરચંદજી નાહટા

જૈનધર્મમાં તીર્થંકરોની માફક ગુરુઓને પણ પૂજ્ય માનીને તેમનું વિનય, વૈયાવૃત્ય (સેવા), ભક્તિ કરવાનું વિધાન કરેલું છે. જૈનધર્મના નમસ્કાર મંત્રમાં પંચ પરમેષ્ઠીને નિત્ય નમસ્કાર કરવામાં આવે છે. આ નમસ્કાર સૂત્રનું મહત્ત્વ જૈન ગ્રંથોમાં ઘણું વિશેષરૂપે વર્ણવેલું છે. આ સૂત્રમાં ઉલ્લિખિત પંચ પરમેષ્ઠીમાં અર્હંત અને સિદ્ધ—બંને દેવસ્થાનીય છે અને આચાર્ય, ઉપાધ્યાય તેમજ સાધુ—આ ત્રણે ગુરુઓ છે. સિદ્ધચક્ર યંત્રમાં આ પંચ પરમેષ્ઠી તો છે જ પરંતુ સાથોસાથ આત્માના ચાર વિશેષ ગુણ—દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ એ ચારનો ઉમેરો પણ કરવામાં આવ્યો છે. આ ચાર આત્મિક ધર્મો છે. આથી દેવ, ગુરુ, ધર્મ—આ ત્રિપુટીના નવ ભેદોનું સમ્મિલિતરૂપ જ સિદ્ધચક્ર અથવા નવપદ યંત્ર. આની આરાધના પ્રત્યેક આશ્વિન અને ચૈત્ર માસમાં નવ દિવસ સુધી વિધિપૂર્વક કરવામાં આવે છે.

જૈન આગમોમાં ગુરુઓનું મહત્ત્વ ઘણું વિશેષરૂપે બતાવવામાં આવ્યું છે. તીર્થંકરો તો નિયત સમયમાં નિયત સંખ્યામાં જ થાય છે પરંતુ તેમના પ્રરૂપિત ધર્મમાર્ગના પ્રચારમાં ગુરુજનો જ પ્રયત્નશીલ રહે છે. સાધુઓ માટે ગુરુઆજ્ઞાનું એટલે સુધી વિધાન કરવામાં આવ્યું છે કે, એક શ્વાસોચ્છ્વાસની ક્રિયા, જે અનિવાર્ય અને નિરંતર ચાલ્યા કરે છે, એ સિવાયની કોઈ પણ પ્રવૃત્તિ ગુરુની આજ્ઞા લીધા વિના કરી ન શકાય. ક્યાંઈ પણ જવું–આવવું હોય, આહાર લાવવો હોય, તેનો ઉપયોગ કરવો હોય, તપ આદિ ધાર્મિક અનુષ્ઠાન કરવું હોય—એ બધામાં ગુરુની આજ્ઞા લેવાનું આવશ્યક માનવામાં આવ્યું છે.

જ્યાં સુધી મૂર્તિપૂજાનો સવાલ છે ત્યાં સુધી તીર્થંકરોની મૂર્તિઓ તો પ્રાચીન મળે જ છે પરંતુ આચાર્ય વગેરેની મૂર્તિઓ એટલી પ્રાચીન નથી મળતી. આચાર્ય, ઉપાધ્યાય, સાધુ—આ ત્રણ ગુરુઓમાં આચાર્ય સંઘના નેતા હોય છે. એટલા માટે તીર્થંકરોની અવિદ્યમાનતામાં તો તેમનું મહત્ત્વ તીર્થંકરોની માફક જ માનવામાં આવે છે, છતાં ગુરુ છદ્મસ્થ હોય છે. એટલા માટે તેમના ઉપર તીર્થંકરોની આજ્ઞાનો અંકુશ તો હર સમય રહે જ છે. આચાર્યોની મૂર્તિનું નિર્માણ અને પૂજન ક્યારથી શરૂ થયું તે માટે નિશ્ચિત પ્રમાણ તો મળતું નથી પરંતુ માલમ પડે છે કે, ચૈત્યવાસની પ્રબલતાના સમયે આનો પ્રારંભ થયો હશે. વાસ્તુશાસ્ત્રના ગ્રંથોમાં અને ઉપલબ્ધ પુરાતત્ત્વ સામગ્રીથી તેનો નિર્ણય કરવો આવશ્યક છે કે, ગુરુમૂર્તિઓના નિર્માણનું વિધાન ક્યા પ્રાચીન ગ્રંથમાં મળી આવે છે અને ઉપલબ્ધ ગુરુમૂર્તિઓમાં સૌથી પ્રાચીન મૂર્તિ કયે સ્થળે, ક્યા આચાર્યની, ક્યા સમયની છે.

વડોદરાના ડૉ. ઉમાકાંત શાહે જૈન મૂર્તિકળા પર વિશેષ અધ્યયન કરીને હમણાં જ ડૉક્ટરેટ (પીએચ. ડીની પદવી) પ્રાપ્ત કરી છે. તેમને હું એ અનુરોધ કરીશ કે, ગુરુ-મૂર્તિઓની પ્રાચીનતા અને તેની કળાના સંબંધમાં અવશ્ય પ્રકાશ પાડે. ઉપલબ્ધ ગુરુ-મૂર્તિઓમાં આસન આદિની ભિન્નતા મળે જ છે, તેથી કઈ શતાબ્દીથી ગુરુમૂર્તિઓની કળામાં શાં શાં પરિવર્તન થયાં, તેનું અધ્યયન પણ આવશ્યક છે.

ઉપલબ્ધ ગુરુમૂર્તિઓમાં હું જાણું છું ત્યાં સુધી મથુરાની કણ્હ (કૃષ્ણ)-મૂર્તિ સૌથી પ્રાચીન છે, તે પછી પાટણની શીલગુણસૂરિની મૂર્તિનું સ્થાન છે. મધ્યવર્તી મૂર્તિઓની શોધ આવશ્યક છે. આ આચાર્યોનો સમય ૯મી શતાબ્દીનો છે. પરંતુ એમની મૂર્તિઓ સંભવતઃ પાછળથી બનાવીને સ્થાપન કરવામાં આવી છે બારમી સદીથી આચાર્ય આદિ ગુરુઓની મૂર્તિઓનું નિર્માણ અધિકરૂપે થવા લાગ્યું, એમ પ્રતીત થાય છે. તેરમી અને ચૌદમી શતાબ્દીની અનેક ગુરુમૂર્તિઓ શત્રુંજય આદિ તીર્થોમાં જોવા મળે છે. 'યુગપ્રધાનાચાર્ય ગુર્વાવલી'માં ખરતરગચ્છના આચાર્યોની અનેક મૂર્તિઓની પ્રતિષ્ઠા થયાનો ઉલ્લેખ મળે છે, પરંતુ એમાંની અધિકાંશ મૂર્તિઓ આજે પ્રાપ્ત નથી.

મુસલમાની સામ્રાજ્યના સમયે ભારતીય શિલ્પોનો જે અત્યંત અધિક વિનાશ થયો, એ જ સમયે આ મૂર્તિઓને તોડી-ફોડી દેવામાં આવી અને કેટલીક મૂર્તિઓ સ્થાનાંતરિત કરવામાં આવી હશે. ગુરુઓની મૂર્તિઓની સાથે તેમની ચરણપાદુકાઓની સ્થાપના અને પૂજા ક્રમશઃ વધતી જ ગઈ અને પછીથી સ્વતંત્ર ગુરુમંદિરોનું નિર્માણ પણ થવા લાગ્યું. સ્તૂપોનું નિર્માણ તો પહેલેથી જ થતું રહ્યું છે. 'યુગપ્રધાનાચાર્ય ગુર્વાવલી'માં અજમેરમાં શ્રીજિનદત્તસૂરિના સ્તૂપની પ્રતિષ્ઠા થયાનો ઉલ્લેખ છે, એ પછી તો બધા આચાર્યોના અગ્નિસંસ્કારના સ્થાન પર સ્તૂપ બનાવવામાં આવ્યા, આ ગુરુપાદુકાઓ, મૂર્તિઓ આદિના લેખોથી આપણને તે આચાર્યોના સ્વર્ગવાસ-સમયનો નિશ્ચિત પત્તો લાગી જાય છે, એટલા માટે ઐતિહાસિક દષ્ટિથી પણ તેનું મહત્ત્વ ઘણું છે.

ગુરુપાદુકાઓની સ્થાપના ક્રમશઃ વધવા લાગી અને આચાર્યોની જ નહિ પણ ઉપાધ્યાયો, અન્ય મુનિઓ તેમજ છેવટે સાધ્વીઓની પણ અનેક ચરણપાદુકાઓ સ્થાપન થઈ. સોળમી શતાબ્દી સુધીની અનેક ગુરુમૂર્તિઓ તેમજ પાદુકાઓ મુસલમાનોના અત્યાચારોનો શિકાર બની ગઈ, પરંતુ સમ્રાટ અકબરના સમયે ફરીથી એકદમ સુખશાંતિનો વિસ્તાર થયો. આથી આચાર્યોનો નિર્વાણ સમય વગેરેનો તો પટ્ટાવલીઓમાં પણ ઉલ્લેખ મળી જાય છે, જો કે ઘણાએક ગચ્છોની પટ્ટાવલીઓ અત્યારે પ્રાપ્ત નથી. કેટલાક આચાર્યોનો ઇતિહાસ તેમના સંબંધે બનાવાયેલા રાસ અને ઐતિહાસિક ગીતોમાં મળી જાય છે. કેટલીક પટ્ટાવલીઓના ઉલ્લેખો સમકાલીન લખાયેલા ન હોવાથી ભ્રાંત પણ હોય છે, આથી તેનો નિર્ણય કરવા માટે અને જે ગચ્છોની પટ્ટાવલીઓમાં પ્રાપ્ત નથી તે આચાર્યોના સ્વર્ગવાસ-સમયનો નિર્ણય કરવા માટે ગુરુમૂર્તિઓના લેખો ઘણા જ ઉપયોગી છે, પરંતુ તેથીયે અધિક મહત્ત્વના લેખો ઉપાધ્યાય, સામાન્ય મુનિ, અને સાધ્વીઓના પાદુકાલેખો છે, કેમકે તેમના સ્વર્ગવાસ સમયનો નિર્ણય કરવા માટે બીજું કોઈ પણ સાધન મળતું જ નથી. અમે સંગ્રહ કરી સંપાદિત કરેલા 'बीकानेर जैन लेख संग्रह'માં એવા એકાધિક લેખો છે, તે પછીથી ક્યારેક પ્રકાશિત કરવામાં આવશે, આમ તો તે લેખો ગ્રન્થરૂપે 'બીકાનેર જૈન લેખ સંગ્રહ'માં છપાઈ ગયા છે.

આજ રીતે અન્ય સ્થાનોમાં પણ ગુરુપાદુકા આદિના જે લેખો મળે છે, તેનો એક સંગ્રહ-ગ્રંથ પ્રકાશિત થાય તો જૈન ઇતિહાસ માટે એક મહત્ત્વપૂર્ણ સાધન થઈ પડશે.

ગુરુમૂર્તિઓ અને પાદુકાઓના નિર્માણમાં ખરતરગચ્છવાળાઓનો પ્રયત્ન સૌથી અધિક રહ્યો છે. આ ગચ્છના પ્રભાવક આચાર્યો શ્રીજિનદત્તસૂરિ અને શ્રીજિનકુશળસૂરિજી તો પોતાના ચમત્કારોથી સેંકડો સ્થાનોમાં કોઈ ગચ્છ અને સંપ્રદાયનો ભેદ રાખ્યા વગર બધા લોકો

માટે સમાનરૂપે માન્ય છે. તેમની પચાસો મૂર્તિઓ અને સેંકડો ચરણપાદુકાઓ ભારતના પ્રાયઃ બધા પ્રાંતમાં સ્થાપન કરવામાં આવેલી છે. સ્વતંત્ર ગુરુમંદિરોની સંખ્યા પણ શતાધિક હશે. આ બે આચાર્યો ઉપરાંત મણિધારી જિનચંદ્રસૂરિ અને યુગપ્રધાન જિનદત્તસૂરિ આ બંનેની પણ સારી માન્યતા છે. લોકોમાં આ આચાર્યો દાદાસાહેબના નામે સર્વત્ર પ્રસિદ્ધ છે. શ્રીજિનદત્તસૂરિજી મોટા સાહેબ અને શ્રીજિનકુશળસૂરિજી નાના દાદાસાહેબ મનાય છે.

કેટલાયે સ્થાનોમાં આ ચારે અને ક્યાંક ક્યાંક તો એકી સાથે અને આ આચાર્યોનાં સમ્મિલિત ચરણો પણ સ્થાપન કરેલાં મળે છે. પરંતુ હજી સુધી, જે અદ્ભુત મૂર્તિનું આ લેખમાં વિવરણ આપવામાં આવે છે, એવી નવ આચાર્યોની સંયુક્ત મૂર્તિ બીજે કોઈ સ્થળે જોવામાં નથી આવી. આ મૂર્તિ ઉજ્જૈનના શાંતિનાથ જિનાલયમાં સ્થાપિત છે. વચ્ચે એક મોટી ગુરુમૂર્તિ છે અને તેમની બંને બાજુએ ચાર ચાર બીજી ગુરુમૂર્તિઓ છે.

મોટી ગુરુમૂર્તિની બરાબર ઉપર એક તીર્થંકર પ્રતિમા ઉત્કીર્ણ છે અને આ મૂર્તિના પગની બંને બાજુએ બે મુનિઓ હાથ જોડીને બેઠેલા છે. આસન નીચે જ સ્થાપનાચાર્યજી બતાવવામાં આવ્યા છે. નીચેની પટ્ટિકા પર ચાર પંક્તિઓનો લેખ કોરેલો છે, જે આ પ્રકારે છે:—

(१) "सं. १३३२ ज्येष्ठ सुदि १३ बुधे श्रीमद्रेश्वरसूरि श्रीजयसिंघसूरि श्रीहेमहर्षसूरि

(२) श्रीभुवनचन्द्रसूरि श्रीदेवचन्द्रसूरि श्रीजिनेश्वरसूरि श्रीजिनदेवसूरिश्री

(३) जिनचन्द्रसूरि श्रीशान्तिप्रभसूरि अमीषां मूर्ति [:] पं. नरचन्द्रगणिना

(४) कारिता प्रतिष्ठिता श्रीवर्द्धमानसूरिभिः ॥ शुभं भवतु ॥"

થોડાં વર્ષો પહેલાં અમને આ ગુરુમૂર્તિના લેખની નકલ શ્રીબુદ્ધિમુનિજી મહારાજથી પ્રાપ્ત થઈ હતી. આ લેખમાં આપેલાં શ્રીજિનેશ્વરસૂરિ, શ્રીજિનચંદ્રસૂરિ—આ નામો ખરતરગચ્છના આચાર્યોનાં જ મળે છે—એટલા માટે ઉજ્જૈનના સાવણ સુખાજી આદિને એવો ભ્રમ થયો હતો કે આ ક્યા ગચ્છની મૂર્તિ છે, કદાચિત્ ખરતરગચ્છની ન હોય. લેખથી એ સ્પષ્ટ થઈ જાય છે કે, આ મૂર્તિ ખરતરગચ્છના આચાર્યોની નથી, પરંતુ કોઈ બીજા ગચ્છના આચાર્યોની મૂર્તિ છે. તેમ છતાં મૂર્તિ અને લેખ સ્વયં આંખોથી જોઈ લેવો જરૂરી લાગ્યો, આથી સાવણ સુખાજી અને લઢ્ઢાજીને કહીને તેનો ફોટો મંગાવ્યો; જેનાથી પૂર્વપ્રાપ્ત લેખની કેટલીક અશુદ્ધિઓનું સંશોધન પણ થઈ ગયું.

પ્રસ્તુત લેખમાં એ ચિત્રનો બ્લોક પણ આપવામાં આવ્યો છે, જેનાથી પાઠક સ્વયં આ અદ્ભુત મૂર્તિના દર્શનનો લાભ ઉઠાવી શકશે.

હવે ઉપર્યુક્ત લેખમાં આવેલા આચાર્યોની પરંપરાના નિર્ણયની જ સમસ્યા બાકી રહે છે. લેખમાં એ સ્પષ્ટ કરવામાં આવ્યું નથી કે, જે નવ આચાર્યોની આ મૂર્તિ છે તેમનો પારસ્પરિક સંબંધ શો હતો! પરંતુ સંભવ એ જ છે કે, તેઓ એક બીજાના પટ્ટધરો હશે. આ જ ધારણાથી પ્રાપ્ત જૈન ઐતિહાસિક સાધનોની છાનબીણ કરવામાં આવી પરંતુ હજી સુધી આ આચાર્યોના ગચ્છ અને પરંપરાનો નિર્ણય થઈ શક્યો નથી. કેમકે, આટલા આચાર્યોની પરંપરાનાં નામોનો ઉલ્લેખ બીજા કોઈ જૈન ગ્રંથ, પ્રશસ્તિ, પુષ્પિકા અને પ્રતિમાલેખો આદિમાં નથી મળતો; એટલા માટે અમે બીજા વિદ્વાનોને અનુરોધ

કરીએ છીએ કે તેમની જાણમાં એમના ગચ્છ આદિના નિર્ણયનું કોઈ સાધન હોય તો શીઘ્ર પ્રકાશમાં મૂકે.

ગુરુમૂર્તિઓના ઇતિહાસની સાથે આપણા ગુરુઓનાં જે પ્રાચીન ચિત્રો ગ્રંથોમાં અને સ્વતંત્રરૂપે મળે છે, તેનો સંગ્રહ પણ અવશ્ય કરવો જોઈએ. મારી જાણમાં આચાર્ય શ્રીજિનવલ્લભસૂરિ અને શ્રીજિનદત્તસૂરિજીનાં ચિત્રો, જે જેસલમેરની કાષ્ઠ–પટ્ટિકાઓ પર ચિત્રિત મળે છે–તે સૌથી પ્રાચીન છે. આ પટ્ટિકાઓ ક્યારે ચિત્રિત કરવામાં આવી, તેનો ઉલ્લેખ મળતો નથી—છતાંયે પ્રાચીન તો અવશ્ય છે જ. આ જ સમયની અન્ય જે કાષ્ઠપટ્ટિકા, જેમાં વાદી શ્રીદેવસૂરિજીએ પાટણમાં દિગંબર આચાર્ય કુમુદચંદ્રને શાસ્ત્રાર્થમાં પરાજિત કરવાના ભાવવાળી મળે છે, આની ચિત્રકળા અત્યંત મહત્ત્વની છે. આ પણ ખરતરગચ્છીય બડા જ્ઞાનભંડારનો જ અમૂલ્ય નિધિ છે. મુનિ જિનવિજયજીએ આનો બ્લોક 'ભારતીય વિદ્યા'ના ત્રીજા વર્ષમાં પ્રકાશિત કર્યો છે. પરંતુ તેનાથી એના રંગોની તાજગીનો આભાસ મળતો નથી. થોડાં વર્ષો પૂર્વે જ્યારે હું મુંબઈ ગયો હતો ત્યારે ભારતીય વિદ્યાભવનમાં મુનિજીના સંગ્રહના પ્રદર્શનમાં એ પટ્ટિકાઓને રાખેલી જોઈ ત્યારે મને ઘણો આનંદ થયો.

તાડપત્રીય પ્રતિઓમાં આચાર્ય હેમચંદ્રસૂરિ અને રાજા કુમારપાલનાં સંયુક્ત ચિત્રો મળે છે અને તેનો રંગીન બ્લોક પણ પ્રકાશિત થઈ ચૂક્યો છે. શ્રીજિનેશ્વરસૂરિનાં ચિત્રો (ખંભાત તાડપત્રીય પ્રતિ એ)ના બ્લોક સારાભાઈ નવાબ પાસેથી મેળવીને અમે અમારા 'ઐતિહાસિક જૈન કાવ્યસંગ્રહ'માં પ્રકાશિત કર્યા છે અને બીજા પણ ખરતરગચ્છીય આચાર્યોનાં જેટલાં પણ ચિત્રો અમને એ સમયે પ્રાપ્ત થયાં, તે આ ગ્રંથમાં આપી દેવામાં આવ્યાં છે. એ પછીથી પણ બીજા આચાર્યો અને વિદ્વાનોનાં કેટલાંયે ચિત્રો અમને મળી આવ્યાં છે—અને મળતાં રહે છે. તાડપત્રીય અને કાગળની કેટલીયે પ્રતિઓમાં નામોલ્લેખ સહિત સાધુ અને શ્રાવક આદિનાં ચિત્રોનું આલ્બમ જ્યારે સુયોગ મળશે ત્યારે પ્રકાશિત કરવાનો અમારો વિચાર છે. ઉપલબ્ધ ચિત્રોથી અને મૂર્તિઓથી આપણે ચિત્ર અને મૂર્તિકળામાં થયેલા ક્રમિક પરિવર્તનને સારી રીતે જાણી શકીએ છીએ. સાથોસાથ ગુરુઓની વેષ–ભૂષા અને બેસવા વગેરેની મુદ્રાઓની ભિન્નતાનો પણ એનાથી પત્તો લાગે છે.

ગુરુમૂર્તિઓની માફક શ્રાવક–શ્રાવિકાઓની પણ જે મૂર્તિઓ અને ચિત્રો મળે છે, તેનો સંગ્રહ અને કળાનું અધ્યયન થવું જરૂરી છે

[જુઓ પૃષ્ઠ : ૩૫ થી ચાલુ]

કલ્પનાનો નશો જગતને શબ્દોદ્વારા પાનાર કવિ! કોઈ પણ વસ્તુની પ્રશંસા કરતાં પહેલાં તેના બાહ્ય સ્વરૂપમાં મુગ્ધ બની, એના અંતરંગ સૌંદર્યની અવહેલના તું ના કરતો! દરેક પદાર્થના વ્યક્તિત્વને રાગદ્વેષની અંતર વૃત્તિઓથી પર રહીને ઓળખજે,! કોઈ પણ વસ્તુ સારી કે ખરાબ છે તેના વર્તમાનથી નહિ, પણ ભાવિ પરિણામથી છે—આ સત્યને કદી તું ભૂલતો નહિ

શબ્દોના સ્વામી ઓ કવિ! તે જ સત્ય કે જે શિવ અને સુંદર છે, માટે તું કલ્યાણકર સુંદરતાનો જ આગ્રહ રાખજે. સત્ય અને શિવથી જે પૃથક્ છે, તે કદી પણ સુંદર હોઈ શકે નહિ, માટે તારી આંતરદૃષ્ટિ શિવ, સુંદર એવા સત્યના માર્ગે વાળજે! તારાં કાવ્યો એનાં ગુણગાન કરવામાં ગાજે! સત્યનો સાચો રાહબર બનજે! જગતની શાંતિનો અગ્રદૂત બની સંસારભરની અશાંતિનાં ઘેરાયેલાં વાદળોને વિખેરી નાખજે!



ધૂપ-દીપ

[શબ્દસૃષ્ટિના સોહામણા શિલ્પી કવિને !]

લેખક : પૂ. પં. શ્રીકનકવિજયજી ગણિવર

રે કવિ ! તારા શબ્દોમાં શક્તિ છે. તારા અંતરમાં દષ્ટિ છે. પણ ભાઈ તારી શક્તિનો ઉપયોગ તું નારીજાતના શરીર, હાડ, કે માંસની સુંદરતાનાં વિકૃત વર્ણનો કરી, એને અપમાનિત ના કરતો. સ્ત્રીજાત એ ભોગવિલાસની વસ્તુ નથી. એ તો જગતની પવિત્ર સૃષ્ટિ છે. એના સૌંદર્યને અપવિત્ર બનાવવા માટે તારી કવિતા નથી, એ તું ભૂલતો નહિ નહિ તો તારી દષ્ટિ એકાંગી તેમજ મિથ્યા બની જશે.

ઓ રસિક કવિ ! તું જનતાના પ્રેમને કલુષિત, સંકુચિત અને ભ્રમિત ના કરતો. પ્રેમ એ આત્માનું વિરાટ સ્વરૂપ છે, પ્રેમના તંતુઓ નિષ્કામભાવે પરમાત્માની સાથે જોડાઇ રહે તો જ તે પ્રેમ કલ્યાણ કરે છે. માટે જનસમાજને આ માર્ગે વાળી તુ તારી શક્તિને સફળ કરજે. માતા, બહેન, પુત્રી સમક્ષ, અરે ! પોતાની પત્નીની પાસે પણ જે વર્ણન ન થઈ શકે, એવા વર્ણનો તું આમ છડેચોક કરતો ના રહીશ. એમ કરવામાં સાહિત્યની વિકૃત અસર આમસમુદાયમાં ફેલાય છે.

વસંત સુંદર છે. મંદ–સુગંધી મલય સમીર સુખ કરે છે. પ્રકૃતિજન્ય દશ્યો મનોહર અને આકર્ષક છે, એ બધું ખરું. પણ કવિ ! એ સર્વની શોભાનાં વર્ણનો કરતાં તું એ બધાયને મલિન ભાવોના ઉત્તેજક બનાવીને કલુષિત ના કરતો. જન સમાજની ચિત્ત-વૃત્તિ અને એની દષ્ટિ પહેલેથી જ બગડી રહી છે, વિકૃત બની રહી છે. એને તારા વિકૃત ઉત્તેજનની આવશ્યકતા નથી. તારી શક્તિ તો એ કાલિમા–મલીનતાને સાફ કરવામાં લગાડવી જોઈએ; એમ તને નથી લાગતું ?

શબ્દશિલ્પી કવિ ! તું તારી શક્તિનો ઉપયોગ નારીજાતનાં માતૃત્વ; ભગિનીત્વના ગૌરવને પ્રગટ કરવામાં કર. જેથી સમાજમાં સમસ્ત સંસારમાં સંયમ, શીલ, તેમજ વૈરાગ્યનું નિર્મળ વાતાવરણ ફરીથી ફેલાતું રહે. ભાઈ કવિ ! જગતમાં વૈર, ભય, ઈર્ષ્યા, હિંસા, સ્વાર્થ, અસત્ય તથા વિષયાસક્તિ ઈત્યાદિ અનિષ્ટ તત્ત્વોને દૂર–સુદૂર કરવામાં તારી શક્તિનો ઉપયોગ કરજે ! તારું સામર્થ્ય એમાં ખરચજે.

રસિકતાના પૂજારી ઓ કવિ ! તારી અંતર દષ્ટિને પ્રત્યેક વસ્તુના સ્વરૂપને શોધવામાં જોડજે. વસ્તુ સ્વરૂપનો જ્ઞાતા અને સાચો આર્ષદ્રષ્ટા બની તુ તારાં કાવ્યો રચજે ! આત્માની પ્રસન્નતા, ચારિત્રની સુવાસ, હૃદયની સરળતા અને જગતની નિસ્પૃહતા–આ જ સાચી ગુણવિભૂતિ છે, માટે કવિ ! તું આ ગુણોને સન્માનવામાં કે ગાવામાં પાછો પડતો નહીં.

શબ્દબ્રહ્મના ઉપાસક ઓ ભાઈ ! ધનવાનની સંપત્તિ, વૈભવનો નશો, ઐશ્વર્યની ખુમારી–સત્તાનાં સિંહાસનો, આ બધાં કરતાં સંસારત્યાગી, નિઃસ્પૃહ સંતપુરુષોનું નિર્મલ જીવન કંઈ ગણું ચઢિયાતું છે. એ મહાત્માઓના દેહ ભલે મલીન હોય, સંસારના વૈભવો ભલે એમની પાસે ન હોય, છતાં એઓનું આત્મતેજ અપૂર્વ છે. માટે જ આ બધું સુંદર છે. એવા મહામુનિઓને તારી કવિતામાં મઢજે.

[જુઓ : અનુસંધાન પૃષ્ઠ : ૬૪]



પાંચસો વર્ષ ઉપરની

સમસ્યા અને એનો ઉકેલ

લેખક : પ્રો. શ્રીયુત હીરાલાલ રસિકદાસ કાપડિયા એમ. એ.

'રાજ'ગચ્છના મંડનરૂપ ધનેશ્વરસૂરિએ શત્રુંજયમાહાત્મ્ય નામનું મહાકાવ્ય પંદર સર્ગમાં રચ્યું છે, એમાં છેલ્લા સર્ગમાં પાંચમા અને છઠ્ઠા આરાના ભાવિભાવનું વર્ણન છે. એ પ્રસંગે શ્લો. ૧૮૪ માં એમણે કહ્યું છે કે 'ચંદ્ર'ગચ્છરૂપ સમુદ્રને વિષે ચંદ્ર સમાન એવા ધનેશ્વરસૂરિ થશે. તેઓ વલ્લભીપુરના નાયક શિલાદિત્યને જૈનધર્મનો બોધ કરાવશે અને એ શિલાદિત્ય બૌદ્ધોને પોતાના રાજ્યમાંથી હાંકી કાઢી વિક્રમથી ૪૭૭ વર્ષ વ્યતીત થતાં ધર્મની વૃદ્ધિ કરશે. આ ઉપરથી આ મહાકાવ્ય વિ. સં. ૪૭૭ માં રચાયું છે એમ કહી શકાય, પરંતુ શ્લો. ૧૮૮ માં કુમારપાલ, બાહડ, વસ્તુપાલ અને સમર વગેરે શાસન-પ્રભાવક થશે એવો જે ઉલ્લેખ છે તે ભવિષ્યવાણીરૂપ ન ગણાય તો આ મહાકાવ્ય વિ. સં. ૧૩૬૯ પછી રચાયેલું મનાય.

આ મહાકાવ્યના પાંચમા સર્ગના પ્રારંભમાં સમસ્યારૂપ નીચે મુજબનું પદ્ય જોવાય છેઃ—

"किं तद् वर्णचतुष्टयेन वनजं वर्णैस्त्रिभिर्भूषण-
माद्यैकेन मही द्वयेन विहगो मध्यद्वये प्राणदः ।
व्यस्ते गोत्रतुरङ्गचारिमखिलं प्रान्ते च सम्प्रेषणं,
ये जानन्ति विचक्षणाः क्षितितले तेषामहं किङ्कर ॥"

આ મહાકાવ્યના સંપાદક શ્રી. હીરાલાલ દેવચંદે "मखिलं"ને બદલે "कुसुमं" અને "सम्प्रेषणं"ને બદલે "सम्प्रेक्षणं" એમ પાઠાંતર આપ્યાં છે.

જૈન સ્તોત્ર સંદોહ (ભા. ૨, પૃ ૭૦-૮૭)માં વણિક કોટિધ્વજ શિવનાગે રચેલું "ધરણોરગેન્દ્ર"થી શરૂ થતું અને વિવિધ મંત્રોથી વિભૂષિત પાર્શ્વનાથ મહાસ્તોત્ર કોઈકની સંસ્કૃત વૃત્તિ સહિત છપાયું છે. એ વૃત્તિની એક હાથપોથી વિ. સં. ૧૫૨૩ માં લખાયેલી છે. એમાં શ્લો. ૨૦ ના સ્પષ્ટીકરણરૂપ વૃત્તિ (પૃ. ૮૧)માં લગભગ ઉપર મુજબનું પદ્ય છે. સ્પષ્ટ શબ્દોમાં કહું તો એ નીચે પ્રમાણે છપાયું છે:—

"किं तद् वर्णचतुष्टयेन वनजं वर्णैस्त्रिभिर्भूषणं,
आद्यैकेन मही द्वयेन विहगो मध्यद्वये प्राणकम् ।
व्यस्ते गोत्रतुरङ्गचारिकुसुमं प्रान्ते च सम्प्रेषणं,
ये जानन्ति विचक्षणा भुवि नरास्तेषामहं किङ्करः ॥"

અહીં "द्वयेन"ને બદલે પુનશ્ચ અને "मध्यद्वये"ને સ્થાને "मध्ये बलप्राणकम्" એમ પાઠાંતર નોંધાયેલાં છે.

"ભાંડારકર પ્રાચ્યવિદ્યા સંશોધન મંદિર" તરફથી, મેં આજથી સત્તરેક વર્ષ ઉપર તૈયાર કરેલું "જૈન હસ્તલિખિત પ્રતિઓનું વર્ણનાત્મક સૂચીપત્ર" છપાય છે. એના ૧૮મા પુસ્તકના પ્રથમ ભાગ (પૃ. ૪૪૩)માં મેં અજ્ઞાતકર્તૃક ઉપદેશરસાલ નામની કૃતિ વિષે

નોંધ લીધી છે. આની હાથપોથીના પ્રથમ નિરંક પત્ર ઉપર હાથપોથી લખનારાથી ભિન્ન કોઈ વ્યક્તિએ નિમ્ન–લિખિત પદ્ય લખ્યું છે:—

" किं स्याद् वर्णचतुष्टयेन वनजं वर्णैस्त्रिभिर्भूषणं,
स्यादाद्येन मही त्रयेण च फलं मध्यद्वये प्राणदः ।
व्यस्ते गोत्र–तुरङ्ग–घास–कुसुमान्यन्तेन सम्प्रेक्षणं,
ये जानन्ति विचक्षणाः क्षितितले तेषामहं किङ्करः ॥"

આમ જે એક સમસ્યારૂપ પદ્ય વિવિધ પાઠભેદપૂર્વક મળે છે તેનો અર્થ હવે આપણે વિચારીશું, પણ તે પૂર્વે નોંધી લઈશું કે અર્થદૃષ્ટિએ આ પદ્યનાં બે ચરણો — પ્રથમ અને અંતિમ સમાન છે. પદ્યનો અક્ષરશઃ અર્થ ન આપતાં એનો છાયાનુવાદ આપવો ઉચિત જણાય છે. એટલે હું તેમ કરું છું:—

વનમાં ઉત્પન્ન થયેલી એવી અને ચાર વર્ણના નામવાળી એવી કઈ વસ્તુ છે કે જેના નામના ત્રણ વર્ણનો અર્થ 'ભૂષણ' યાને 'ઘરેણું' થાય છે, જેના આદ્ય વર્ણનો અર્થ 'પૃથ્વી', બે વર્ણનો અર્થ 'પક્ષી' (પાઠાંતર પ્રમાણે ત્રણ વર્ણનો અર્થ ફળ) મધ્યના બે વર્ણનો અર્થ 'પ્રાણને આપનાર' જેના છૂટા છૂટા (ગમે તે ક્રમે વર્ણો લેતાં 'ગોત્ર', 'ઘોડો', 'ઘોડાનો ચારો' અને 'ખિલ' (પાઠાંતર પ્રમાણે 'ગોત્ર', 'ઘોડો' 'ઘાસ' અને 'ફૂલ') અને અંતિમ વર્ણનો અર્થ સંપ્રેક્ષણ યાને નાટક (પાઠાંતર પ્રમાણે મોકલવું તે) થાય છે? જે વિચક્ષણ જનો આ જાણે છે—જેઓ આનો ઉકેલ કહેશે તેનો હું સેવક છું.

ઉકેલ અને એની સંગતિ — આ સમસ્યાનો ઉકેલ 'કુવલય' છે. એનો અર્થ 'કમળ' છે અને એક રીતે 'વનજ'નો અર્થ પણ 'કમળ' છે, કેમકે 'વન'નો એક અર્થ 'જળ' પણ થાય છે. આ વિચારતાં તો સમસ્યાનો ઉકેલ સમસ્યામાં જ અપાયેલો ગણાય. આમ આ અંતર્લાપિકાનું સ્મરણ કરાવે છે.

'કુવલય'માં કુ, વ, લ અને ય એમ ચાર વર્ણ છે. એના ત્રણ વર્ણ તરીકે વ લ, અને યનો વિચાર કરતાં 'વલય' બને અને એ સ્ત્રીઓનું આભૂષણ છે—એનું કંકણ છે.

પ્રથમ વર્ણ 'કુ'નો અર્થ 'પૃથ્વી' થાય છે.

વ અને ય એ બે વર્ણોથી ઉદ્ભવતા 'વય' શબ્દનો અર્થ 'પક્ષી' થાય છે એમ કહેવા માટે કોઈ આધાર મને મળી આવ્યો નથી, આથી હું 'વય'ને સ્થાને 'વયસ્' શબ્દ સૂચવું છું, કેમકે સમસ્યા વગેરેમાં—યમક, શ્લેષ અને ચિત્ર–કાવ્યમાં વિસર્ગ અને અનુસ્વારનો ઉમેરો કરવો કે એને જતા કરવા, બ્ અને વ્ એ બેને એકાર્થક ગણવા તેમજ ડ અને લ્ ને માટે પણ એમ જ સમજવું એ વાત આ વિષયના અભ્યાસીથી અજાણ્યું નથી. વાગ્ભટાલંકારના નિમ્નલિખિત પદ્યમાં કહ્યું પણ છે કે—

" यमक–श्लेष–चित्रेषु बवयोर्डलयोर्न भित् ।
नानुस्वार–विसर्गौ च चित्रभङ्गाय सम्मतौ ॥ २० ॥"

આ ઉપરથી 'વય' ને 'વયસ્' ગણતાં એનો અર્થ 'પક્ષી' થાય છે.

ક્યા ત્રણ અક્ષરનો અર્થ 'ફળ' થાય છે એ વાત કુ, વ, લ, અને ય એ ચાર વર્ણમાં જરૂર પ્રમાણે કુ, બ, ઠ અને ય નો વિચાર કરતાં પણ સમજાતું નથી તો એ વાત હું વિશેષજ્ઞોને ભળાવું છું, અને સાથે સાથે 'બકુલ' એ ફળ ગણાય કે કેમ એ પણ પૂછું છું.

મધ્યના બે વર્ણ તે વ અને લ છે. 'બ્' અને 'વ્' નો અભેદ જાણીતો છે એટલે એ દૃષ્ટિએ 'બલ' શબ્દનો વિચાર કરાય તો એ બળ આવે તો સામર્થ્ય પ્રાણદાયક ગણાય એક પાઠાંતર તો આ 'બલ' શબ્દ ગર્ભિત રીતે સૂચવે પણ છે.

'કુલ' નો અર્થ 'ગોત્ર' સુપ્રસિદ્ધ છે.

'તુરંગ' નો અર્થ 'ઘોડો' થાય છે. એને માટે ક્યા વર્ણની શી યોજના કરવી તે જાણવું બાકી રહે છે. બાકી એને ભિન્ન ન ગણતાં 'તુરંગ-ચારિમ' એમ ભેગો શબ્દ-ગુચ્છ લેતાં તો 'ઘોડાનું ખાવાનું' એમ અર્થ થાય અને 'યવ' એટલે જવ એ ઘોડાનો ખોરાક છે. એનો એક પર્યાય 'હયપ્રિય' છે પણ ખરો.

'ખાસ' એ અર્થ ક્યા વર્ણનો થાય એ વિચારવું બાકી રહે છે.

'ખિલ' ના બે અર્થ સુપ્રસિદ્ધ છે. (૧) ખેડયા વિનાની જમીન અને (૨) પૂર્તિ. શું લવ' નો અર્થ જે 'અંશ' થાય છે તેને 'ખિલ' એ અર્થસૂચક ગણાય?

'કુવ' નો અર્થ 'કુસુમ' થાય છે. વળી 'કમળ' પણ થાય છે. 'કુવલ' નો અર્થ પણ 'કમલ' છે.

'વ, કુ, અને લ એ ત્રણ વર્ણોને સાથે લેતાં 'વકુલ' શબ્દ બને છે. 'વ્' અને 'બ્' ! બંને અભિન્ન ગણતાં 'બકુલ' બને છે અને એ બોરસલીનું ફૂલ તો જાણીતું છે.

નાટકમાં સંગીતને સ્થાન છે અને એમાં 'લય' માટે અવકાશ છે. એ 'લય' નો વર્ણ અંતિમ છે એથી હું "સંપ્રેક્ષણું" પાઠને "સંપ્રેષણું" કરતાં વધારે પસંદ કરું છું.

આ ઉપરથી જોઈ શકાશે કે 'કુવલય' એ ઉકેલ યથાર્થ છે. આ સમસ્યા સમજવામાં સમતા રહે એ માટે અહીં જે શબ્દો વિચારાયા છે તે હું નોંધું છું :—

કુ=પૃથ્વી. કુલ=ગોત્ર. કુવ=કુસુમ; કમળ. કુવલ=કમળ. કુવલય=કમળ. બકુલ= બોરસલીનું ફૂલ; બલ=પરાક્રમ; યવ=જવ; લય=સંગીત સાથે સંબંધ અર્થ; લવ=અંશ; વયસ્=પક્ષી; ને વલય=કંકણ.

આમ ઓછામાં ઓછી પાંચસો વર્ષ જેટલી પ્રાચીન એવી સમસ્યાનો ઉકેલ તો સૂચવ્યો છે, પરંતુ આ સમસ્યારૂપ પદ્યને શત્રુંજયમાહાત્મ્યના પાંચમા સર્ગના પ્રારંભમાં સ્થાન કેમ અપાયું છે એ સમસ્યાનો ઉકેલ કોઈ સૂચવશે?

★

માંડવગઢના

શ્રીપ્રમદપાર્શ્વદેવ

લેખિકાઃ—ડૉ. શ૨. ક્રાઉઝે ઉર્ફે સુભદ્રાદેવી

સુરમ્ય માલવભૂમિમાં ખીલેલી આર્ય સંસ્કૃતિની એક ઉત્કૃષ્ટ પુષ્પરૂપી શિલ્પકળા અલાઉદ્દીન ખિલજીના આક્રમણની ભયંકર કાલરાત્રિમાં નષ્ટભ્રષ્ટ થઈ હતી. માંડવગઢનાં પ્રૌઢ મંદિરોનાં સ્થાને વેરાન વગડો ફેલાયો હતો.

એક અંધકારમય સદી વીતી. માલવાના ગોરી અને ખિલજી સુલતાનોના રાજ્યકાળનું પ્રભાત ઊગ્યું. નવીન રાજ્યવૈભવ ચમકવા લાગ્યો. જ્ઞાન, વિજ્ઞાન, કાવ્ય, સંગીત, નૃત્ય, સ્થાપત્ય અને શિલ્પકળા પુનર્જીવિત થયાં. માંડુના પેલા ખંડિયેરોમાંથી જબરા મહેલો, મસજિદો અને મકબરાઓ બનાવવા લાગ્યા, જેના પ્રચંડ અવશેષો આજે પણ પ્રવાસીઓના વિસ્મયનું કારણ બની રહ્યા છે. સાહસિક સુલતાન હોશંગશાહે માંડુને જ માલવાની રાજધાની બનાવી અને તેના પુત્ર મુહમ્મદ ગોરીએ એને મમત્વભરેલું અર્થસૂચક શાદિયાબાદ[1] નામ લાગુ કર્યું, જે ઠેઠ મોગલ સમ્રાટોના સમય સુધી માંડવગઢ, મંડુ અને મંડપ નામો સાથે ઉપયોગમાં આવતું રહ્યું.

ભૂતપૂર્વ હિંદુ રાજાઓના રાજમંત્રપ્રવીણ કુલપરંપરાગત હિન્દુ અને જૈન સચિવો તે સુલતાનોની સેવામાં પ્રવિષ્ટ થવા લાગ્યા. તેમના સમયાનુકૂલ સંરક્ષણમાં આર્યધર્મો પણ ફરીવાર પ્રકાશમાં આવવા લાગ્યા. મંદિરની પ્રતિષ્ઠાઓ, બિંબોની સ્થાપનાઓ, સાધુસંતોના પ્રવેશો અને પદવીપ્રદાન ઉત્સવો, ધર્મચર્ચાઓ, રાજમુલાકતો, ઇત્યાદિ પ્રસંગોના જે ઉલ્લેખો તે સમયના સાહિત્ય અને પુરાતત્ત્વમાં મળી આવે છે તે આ વાતની સાક્ષી પૂરે છે. આટલું જ નહીં પરંતુ નકદુલ્મુલ્ક, માફરુલ્મુલ્ક, આફતાબ જેવા વિદેશી ખિતાબોથી અલંકૃત થતા હિન્દુ અને જૈન અધિકારીઓ એટલી હદ સુધી અમીરોની પંક્તિમાં ગણાવા લાગ્યા કે તત્કાલીન ફારસી ઇતિહાસ ગ્રંથોથી કોઈ વાર એ વાતનો નિર્ણય કરવો કઠિન થઈ પડે છે કે ફલાણો અમીર મુસલમાન હતો અથવા હિન્દુ, જૈન હતો!

એવા સમયમાં તે જ શાદિયાબાદ, યાને આનંદવસ્તી, ઉલ્લાસપુર, પ્રમદનગર નામથી ઓળખાતા માંડવગઢમાં "પ્રમદ પાર્શ્વનાથ" નામનું એક જિનબિંબ વિદ્યમાન હતું. એ વાત સ્થાન અને સમયને અનુકૂલ જ ગણવી જોઈએ.

આ "પ્રમદ પાર્શ્વનાથ" પ્રતિમાનું અસ્તિત્વ એક સંસ્કૃત સ્તવનથી જ્ઞાત થાય છે, જે પૂજ્ય શ્રીહરિભદ્રસૂરિ દ્વારા વિરચિત સુપ્રસિદ્ધ "સંસારદાવ-સ્તુતિ"ની પાદપૂર્તિનું રૂપ ધારણ કરે છે. આ "પ્રમદ પાર્શ્વદેવ સ્તવન" પૂજ્યપાદ સ્વ૦ આચાર્યશ્રી વિજયધર્મસૂરીશ્વરજી દ્વારા સંપાદિત 'જૈન સ્તોત્રસંગ્રહ'ના પ્રથમ ભાગમાં[2] પ્રકાશિત થયું હતું જે આજે અલભ્ય છે. બિંબ સંબંધીના ઉલ્લેખો ઉક્ત સ્તવનના પહેલા અને છેલ્લા પદ્યમાં મળે છે, જે આ પ્રમાણે છે:—

---

૧. તબકાત ઈ અકબરી, ૩, ૨, પૃ. ૪૫૧ (શ્રી વ્રજેન્દ્રદેવ કૃત ભાષાંતરમાં) કલકત્તા, સન્ ૧૯૩૯.
૨. શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળા ૭, કાશી, વીર સં. ૨૪૩૯ પૃ. ૬૭-૬૯.

श्रेयो दधानं कमलानिधानं, पार्श्वं स्तवेऽहं प्रमदाभिधानम् ।
सुःश्रेयसश्रीसहकारकीरं, संसारदवानलदाहनीरम् ॥ १ ॥

तथाः— इत्थं श्रीपार्श्वदेवस्त्रिभुवनविजयी जैनभद्रांह्रिसेवः,
श्रीसिद्धान्तप्रभोद्यद्विनयनतमुनिर्जैनचन्द्रो वितन्द्रः ।
श्रीलक्ष्मीमण्डपप्रागुदयगिरिशिरोममण्डनं जीवराजी—
राजीवोल्लासहेतुः प्रदिशतु कुशलं श्रेयसे श्रीविलासम् ॥ १७ ॥

એટલે :—હું પાર્શ્વનાથને સ્તવું છું જે શ્રેયના આપનાર, લક્ષ્મીનું નિધાન, પ્રમદ નામધારી સુખ અને વૈભવ દાવાનલના દાહને માટે જલ સમાન છે. ૧.

તથા :— એવી રીતે જ ત્રણે લોકોમાં વિજયી છે. જેમના પગ જૈનો દ્વારા (શ્લેષ:– જિનભદ્રના શિષ્ય દ્વારા) સેવિત છે, જેમની આગળ મુનિજનો સિદ્ધાન્તના પ્રભાવથી ઉત્પન્ન થયેલ વિનયપૂર્વક નમન કરે છે (શ્લેષ :– જે મહાત્માની આગળ ઉદિત વિનયપૂર્વક સિદ્ધાન્ત-રુચિ નમન કરે છે), જે જૈનોને માટે ચંદ્ર સમાન છે (શ્લેષ :– જે જિનચંદ્રના ગચ્છપતિ સમયમાં વિદ્યમાન છે), જે આલસ્યથી રહિત છે, જે દોલતથી ભરેલા શ્રીમંડપગઢ (શ્લેષ :– લક્ષ્મીના તંબુ)ના પહેલા ઉદયગિરિના શિરોભૂષણરૂપ છે, જે જીવરૂપી નીલકમળને માટે ઉલ્લાસનું કારણ છે, તેવા શ્રી પાર્શ્વદેવ શ્રીનો સારો વિલાસ શ્રેયને માટે પ્રદાન કરો. ૧૭.

આ સ્તવનને કેટલેક સ્થળે શ્રીજિનચંદ્રસૂરિની કૃતિ બતાવવામાં આવેલ છે પરંતુ મારા નમ્ર મત પ્રમાણે તેના કવિ કેવલ શ્રી સિદ્ધાન્તરુચિ હોઈ શકે, કારણ કે એમનું નામ છેલ્લા પદ્યમાં "સિદ્ધાન્તપ્રભ" આ શ્લેષમાં રહેલું છે, જે "સિદ્ધાન્તરુચિ"નો ઠીક પર્યાય છે. એટલું જ નહીં પરંતુ તે આ જ કવિ દ્વારા વિરચિત "જયરાજપુરીય પાર્શ્વજિન સ્તવન"[૧] માં આવેલા "સિદ્ધાન્તધિય" આ શ્લેષનું પણ સ્મરણ કરાવે છે, જેમાં કવિએ પોતાનું નામ તદ્દન સદૃશ ઢંગથી પ્રકટ કર્યું છે.

આ જ પદ્યના બે અન્ય શ્લેષોમાં એટલે "જૈનભદ્રાંહ્રિસેવઃ" અને "જૈનચન્દ્રો" આ શબ્દોમાં કવિના ગુરુ શ્રીજિનભદ્રસૂરિ અને તે સમયના ખરતરગચ્છાધિપતિ શ્રી જિન-ભદ્રસૂરિના પણ નામો સૂચિત કરવામાં આવ્યાં છે.

આચાર્ય શ્રીજિનભદ્રસૂરિ ખરતરગચ્છના પંચાવનમા અધિપતિ હતા. એમનો જન્મ સં. ૧૪૫૦ માં, સૂરિપદ સં. ૧૪૭૫ માં, અને સ્વર્ગવાસ સં. ૧૫૧૪ માં થયો હતો. એમના ઘણા પ્રતિષ્ઠાલેખો સં. ૧૪૭૯ થી સં. ૧૫૧૨ સુધીના ઉપલબ્ધ છે. જેસલમેરની સં. ૧૪૯૭ ની 'સંભવનાથ મંદિર પ્રશસ્તિ'[૨]થી જ્ઞાત થાય છે કે એમના હાથે મંડપદુર્ગમાં કોઈ જિનબિંબની પ્રતિષ્ઠા થઈ હતી.

માંડવગઢના જૈન સંઘ સાથે એમનો વિશેષ સંબંધ હતો. તે ત્યાંના શ્રીમાલકુલ અને

---

૧. 'જૈન સ્તોત્રસંદોહ', દ્વિતીય ભાગ, અમદાવાદ સન્ ૧૯૩૬, પૃ. ૧૪૦–૧૪૨ (સંપાદક પૂજ્ય મુનિરાજ શ્રીચતુરવિજયજી.)

૨. પૂ. શ્રી. નાહર, 'જૈન લેખ સંગ્રહ', તૃતીય ખંડ, વીર સંવત્ ૨૪૫૫, પૃ. ૧૮, પદ્ય ૪.

સોનગરા વંશના પ્રસિદ્ધ શ્રાવકો બાહડપુત્ર શ્રી મંડન અને તેમના પિત્રાઈ દેહડપુત્ર શ્રી ધનદના ઇતિહાસથી પણ જણાય છે. બન્ને એક પ્રાચીન મંત્રીકુટુંબમાં ઉત્પન્ન થયેલા શ્રીમંતો અને કવિઓ હતા. શ્રી મંડનનાં ૧૦ કાવ્યો, ચંપૂ ઇત્યાદિ કૃતિઓનાં નામો પ્રસિદ્ધ છે. તેમાંની ૯ કૃતિઓ સં. ૧૫૦૪ માં માંડુમાં લખેલી એક પ્રતમાં ઉપલબ્ધ અને અંશતઃ પ્રકાશિત છે.[1] શ્રી ધનદે સ્વયં સં. ૧૪૯૦ માં રચેલી શતકત્રયી, એટલે શ્રૃંગાર, નીતિ અને વૈરાગ્યશતક ઉપલબ્ધ અને પ્રકાશિત છે. નીતિશતકમાં[2] શ્રી જિનભદ્રસૂરિનું નામ કવિના ગુરુ તરીકે ભક્તિપૂર્વક લેવામાં આવ્યું છે. તે સિવાય કવિ મહેશ્વર કૃત "કાવ્ય મનોહર"[3] નામક મંડનના જીવનવૃત્તાંતમાં પણ (રચનાકાલ સં. ૧૫૦૪ ની પૂર્વે) આ આચાર્યની સ્તુતિ મંડનના કુલગુરુ તરીકે કરવામાં આવી છે.

સં. ૧૫૦૩ માં લખેલી 'શ્રી ભગવતીસૂત્ર'ની એક પ્રતની પુષ્પિકા[4]માં આ આશયનો નિર્દેશ છે કે મંડપના તેજ સંઘપતિ મંડને પોતાના ભાઈ શ્રીધનરાજ (ધનદ) ઇત્યાદિ કુટુંબીજનો સહિત એક સંપૂર્ણ સિદ્ધાન્ત ગ્રંથસંગ્રહ શ્રીજિનભદ્રસૂરિના ઉપદેશથી લખાવ્યો હતો, જેમાંની તે એક પ્રત છે.

પટ્ટાવલીઓ[5] પ્રમાણે શ્રી સિદ્ધાન્તરુચિ એ જ જિનભદ્રસૂરિના ૧૮ પ્રસિદ્ધ શિષ્યોમાંના એક હતા.

શ્રી જિનચંદ્રસૂરિ ખરતરગચ્છના સત્તાવનમા અધિપતિ હતા. ખરતરગચ્છમાં આ નામના અનેક અધિપતિઓ થયા છે. તેઓમાં આપ પાંચમા જિનચંદ્રસૂરિ અને જિનભદ્રસૂરિના પટ્ટધર થાય છે. એમનો જન્મ સં. ૧૪૮૭ માં, સૂરિપદ સં. ૧૫૧૫માં[6] અને સ્વર્ગવાસ સં. ૧૫૩૭માં[7] થયો હતો. એમનો પણ માંડવગઢ સાથે ઠીક સંબંધ હતો. એમના જે પ્રતિષ્ઠાલેખો ઉપલબ્ધ છે તે સં. ૧૪૧૯ થી ૧૫૩૪ સુધીના છે. તેમાંના બે માંડવગઢના છે. તે બે લેખો પ્રમાણે તેઓએ સં. ૧૫૨૪ માં[8] એક શ્રેયાંસનાથ પ્રતિમા અને સં. ૧૫૨૮માં[9] એક નમિનાથ પ્રતિમાની પ્રતિષ્ઠા ત્યાં કરી હતી. પહેલી પ્રતિમા આજે પણ માંડુમાં, અને બીજી બિહારના એક મંદિરમાં છે.

શ્રી મેરુસુન્દર કૃત 'શીલોપદેશમાલા' બાલાવબોધની પ્રશસ્તિથી[10] જ્ઞાત થાય છે કે

---

૧. શ્રી હેમચંદ્રાચાર્ય ગ્રંથાવલી, ક. ૭-૧૧ અને ૧૭, પાટણ સં. ૧૯૧૮-૧૯.

૨. પદ્ય ૯૪, કાવ્યમાલા ૧૩, પૃ. ૬૩.

૩. શ્રી હેમચંદ્રાચાર્ય ગ્રંથાવલી, ક. પૃ. ૨૮ (અંતિમ પ્રશસ્તિ પદ્ય ૩૭.

૪. 'વિજ્ઞપ્તિત્રિવેણિ', સંપાદક મુનિ શ્રી જિનવિજય, ભાવનગર સન્ ૧૯૧૬, પ્રસ્તાવના પૃ. ૬૫.

૫. શ્રી ખરતરગચ્છ પટ્ટાવલી ક. ૩ (મુનિ શ્રી જિનવિજય દ્વારા સંપાદિત 'ખરતરગચ્છ પટ્ટાવલી સંગ્રહ' કલકત્તા સન્ ૧૯૩૨) પૃ. ૫૫.

૬. ખરતરગચ્છ સૂરિપરંપરા પ્રશસ્તિ (રચનાકાલ સં. ૧૫૮૨, ઉપર્યુક્ત સંગ્રહમાં પૃ. ૬) પ્રમાણે ("बाणेन्दुबाणेन्दुमिते च वर्षे") આજ આંકડો યથાર્થ છે. અન્યત્ર ૧૫૧૪ લખેલું છે તે ભ્રાંત સમજવું જોઇએ.

૭. કંઈક સ્થાને સં. ૧૫૩૦ મળે છે જે તત્પશ્ચાત્ ઉપલબ્ધ લેખોના કારણે અસંભવ લાગે છે.

૮. મુનિરાજ શ્રી ધુરંધરવિજય, 'શ્રી માંડવગઢની મહત્તા', શ્રી જૈન સત્ય પ્રકાશ, સન્ ૧૯૯૮ પૃ. ૨૭ ક. ૧૦.

૯. પૂ. શ્રી નાહર, 'જૈન લેખ સંગ્રહ' ભાગ ૧, કલકત્તા વીર સં. ૨૪૪૪, ક. ૨૧૯.

૧૦. 'જૈન ગુર્જર કવિઓ' મુંબઇ સન્ ૧૯૪૪, પ્રયોજક શ્રી મો. દ. દેશાઈ, ક. ૨, પૃ. ૧૫૮૩.

આ ગ્રંથ સં. ૧૫૨૫ માં શ્રીજિનભદ્રસૂરિના શિષ્ય શ્રીજિનચન્દ્રસૂરિએ માંડવગઢનિવાસી શ્રીમાલકુલમાં ઉત્પન્ન સંઘપતિ શ્રીધનરાજની પ્રાર્થનાથી શ્રીરત્નમૂર્તિ વાચનાચાર્યના શિષ્ય શ્રી મેરુસુન્દર દ્વારા રચાવ્યો હતો. આ ધનરાજ એ જ મહાશય હોવા જોઈએ કે જેમને ઉપર શ્રીજિનભદ્રસૂરિના ભક્ત તરીકે ઉલ્લેખ કરવામાં આવેલા છે.

શ્રી સિદ્ધાન્તરુચિ પોતે શ્રીજિનભદ્રસૂરિના શિષ્ય અને શ્રીજિનચન્દ્રસૂરિના નાના ગુરુભાઈ હતા. એમનું નામ સં. ૧૪૮૪ માં રચેલી 'વિજ્ઞપ્તિત્રિવેણી'[1]માં અને અન્યાન્ય બીજા મુનિઓનાં નામો સાથે પં. સિદ્ધાન્તરુચિ ગણી તરીકે ઉલ્લિખિત મળે છે.

એમના શ્રી સાધુસોમ, શ્રી વિજયસોમ અને શ્રી અભયસોમ નામના ત્રણ શિષ્યોના ઉલ્લેખો મળે છે, તેમાંના પહેલા શિષ્ય શ્રીસાધુસોમ દ્વારા, સં. ૧૫૧૯ માં રચાયેલ શ્રી જિનવલ્લભસૂરિ કૃત 'મહાવીર ચરિત્ર'ની ટીકાની પ્રશસ્તિમાં એવો નિર્દેશ છે કે કર્તાના ગુરુ શ્રી જિનભદ્રસૂરિશિષ્ય શ્રીસિદ્ધાન્તરુચિ મહોપાધ્યાયે સુપ્રસિદ્ધ શ્રીજીરાવલ્લી પાર્શ્વનાથના પ્રસાદથી વરદાન મેળવીને શ્રી ગ્યાસુદ્દીન શાહની મહાસભામાં વાદીઓ પર વિજય પ્રાપ્ત કર્યો હતો.[2]

બીજા શિષ્ય શ્રીવિજયસોમદ્વારા સં. ૧૫૩૨ માં લિપિકૃત 'શ્રી ભગવતીસૂત્ર'[3], 'શ્રીદર્શનશુદ્ધિ'[4] અને 'શ્રીખરતરગચ્છ સામાચારી'[5]—આ ત્રણ ગ્રંથોની પ્રતિલિપિઓની પુષ્પિકાઓમાં પણ શ્રીસિદ્ધાન્તરુચિનું નામ મહોપાધ્યાય તરીકે ઉલ્લિખિત છે. ત્રણે ગ્રંથોમાં શ્રીજિનભદ્રસૂરિના પટ્ટધર શ્રીજિનચન્દ્રસૂરિના ગચ્છપતિત્વનો નિર્દેશ છે, અને ત્રણેનું લેખન શ્રીમાલજ્ઞાતીય ઠકુરગોત્રીય સંઘપતિ જયતાપુત્ર શ્રીમંડનના વ્યયથી થયું હતું કે જેમના ખર્ચથી સં. ૧૫૨૮ માં 'વસુદેવ હિંડી'[6]ના બીજા ભાગની પ્રત પણ શ્રીપદ્મમૂર્તિગણિ શિષ્ય શ્રીમેરુસુન્દર[7] દ્વારા લખાવવામાં આવી હતી. ચારે ગ્રંથોની પ્રતિલિપિઓ જયતાપુત્ર મંડને (માંડને) માંડવગઢના ચિત્કોશ-જ્ઞાનભંડારને માટે કરાવી હતી આ આશયનો ચારેમાં પણ ઉલ્લેખ છે.

શું આજ ચિત્કોશની સાથે થોડાં વર્ષ પહેલાં બાહડપુત્ર મંડન દ્વારા લખાવેલ પૂર્વકથિત સિદ્ધાન્તકોશનો કોઈ સંબંધ હશે કે કેમ તે કહી શકાતું નથી, પણ એટલું તો નક્કી છે કે બન્ને કોશોની પ્રતિલિપિઓ છિન્નભિન્ન થયેલી છે. પહેલી આજે પાટણમાં, બીજી રાધનપુરમાં, ત્રીજી સૂરતમાં અને ચોથી લીંબડી (સૌરાષ્ટ્ર)માં છે. શેષનો પત્તોય નથી.

આ બધા પ્રમાણોથી જે માહિતી મળે છે તેનો સરવાળો નિમ્નાનુસાર છે:—

શ્રી સિદ્ધાન્તરુચિ આચાર્ય શ્રીજિનભદ્રસૂરિના શિષ્ય હતા અને શ્રીજિનભદ્રસૂરિ તથા

---

૧. ઉપર જેમ પૃ. ૨૫ (મૂલ) અને પ્રસ્તાવના પૃ. ૬૯–૮૧.

૨. 'જૈન સ્તોત્ર સંદોહ' ઉપર જેમ, પ્રસ્તાવના પૃ. ૬૭.

૩. 'વિજ્ઞપ્તિત્રિવેણી' ઉપર જેમ, પ્રસ્તાવના પૃ. ૭૦—૭૧.

૪. 'શ્રી પ્રશસ્તિ સંગ્રહ' સંપાદક શ્રી અ. મ. શાહ, સં. ૧૯૯૩, ભાગ ૨, ક. ૧૫૦.

૫. 'શ્રી પ્રશસ્તિ સંગ્રહ' ઉપર જેમ ક. ૧૫૨.

૬. 'ઐતિહાસિક રાસ સંગ્રહ' ભાગ ૩, સંશોધક પરમપૂજ્ય આચાર્યશ્રી વિજયધર્મસૂરિસૂરીશ્વરજી, ભાવનગર સં. ૧૯૭૮ પ્રસ્તાવના પૃ. ૧૮.

૭. આ મેરુસુંદર ઉપર્યુલ્લિખિત 'શીલોપદેશમાલા–બાલાવબોધ'ના કર્તા મેરુસુંદરથી ભિન્ન લાગે છે.

શ્રીજિનચન્દ્રસૂરિના ગચ્છાધિપત્ય સમયમાં વિદ્યમાન હતા. સં. ૧૪૮૪ માં તેઓ ગણિ હતા. સં. ૧૫૧૯ની પૂર્વે એમને મહોપાધ્યાય પદવી મળી હતી. તેઓ કવિ અને વિદ્વાન તરીકે પ્રસિદ્ધ હતા.

એમના શિષ્ય શ્રીસાધુસોમ સં. ૧૫૧૯ માં અને શ્રીવિજયસોમ સં. ૧૫૩૨ માં વિદ્યમાન હતા.

શ્રીસિદ્ધાન્તરુચિ તથા એમના ગુરુ અને શિષ્યમંડળનો વિશેષ સંબંધ માંડવગઢ સાથે હતો. ત્યાં તેઓનું ગમનાગમન અને વિવિધ ધર્મકાર્યો થતાં હતાં. શ્રી સિદ્ધાન્તરુચિ સ્વયં સુલતાન ગ્યાસુદ્દીનના રાજત્વકાળમાં (સં. ૧૫૨૫-૫૬) ઓછામાં ઓછું એકવાર માંડુમાં આવ્યા અને તેમની પંડિત સભામાં વિજયી થયા હતા.

શ્રીપ્રમદ પાર્શ્વનાથ સ્તવનની રચનાને માટે આચાર્ય શ્રીજિનચન્દ્રસૂરિનો ગચ્છપતિ-સમય—અર્થાત્ સં. ૧૫૧૫ થી ૧૫૩૭ સુધીનો સમય નિશ્ચિત થાય છે.

સ્તવનથી અનુમાન થાય છે કે તે સમયમાં માંડુમાં શ્રી પ્રમદ પાર્શ્વનાથનું મંદિર વિદ્યમાન હતું. આટલું જ નહીં; પરંતુ "**श्रीमन्मण्डपप्राग्दिग्गिरिशिरोमण्डन**" આ શબ્દથી કહી શકાય કે તે માંડુના ઠેઠ પૂર્વ ભાગમાં કંઈક ઊંચા સ્થાન પર આવેલું યા પોતે જ પણ એક ઊંચી ઈમારત હશે. એટલે પૂજ્યપાદ આચાર્ય શ્રીવિજયયતીન્દ્રસૂરિજીનું અનુમાન કે લોહાની દરવાજા પાસે જૈન મંદિરના જે ખંડિયેરો આજે દેખાય છે તે જ ભૂતપૂર્વ પ્રમદ પાર્શ્વનાથના મંદિરના અવશેષો હોવા જોઈએ એમ યથાર્થ પ્રતીત થાય છે. કારણ કે આ સ્થાનની ટેકરીની ઢાળનું મુખ સીધું પૂર્વ દિશા તરફ આવ્યું છે અને તે એટલી ઊંચી છે કે સૂર્યનાં પહેલાં કિરણો આજ મંદિરના શિખરોનો સ્પર્શ કરી શકતાં હતાં.

આ મંદિર કયા સમયમાં નિર્માણ થયું હતું તેનું અનુમાન કરવું કઠિન છે. સંભવતઃ શાદિયાબાદ નામ પાડ્યા પછી, અર્થાત્ સુલતાન મુહમ્મદ ગોરીના એકવર્ષીય રાજ્યકાળ સં. ૧૪૯૧-૯૨ ની અંદર અથવા તેની પછી શાદિયાબાદ નામના અર્થને અનુસરીને પ્રમદ પાર્શ્વનાથ નામનું બિંબ અને મંદિર બન્યાં હશે.

જેસલમેરના સં. ૧૪૯૭ના પૂર્વોક્ત પ્રતિષ્ઠાલેખમાં શ્રીજિનભદ્રસૂરિ દ્વારા મંડપમાં કરાયેલી બિંબપ્રતિષ્ઠાનો ઉલ્લેખ છે. એટલે શ્રીપ્રમદ પાર્શ્વદેવની પ્રતિષ્ઠા તેઓશ્રીના શુભ હાથે થઈ હોય તો તે સંભવિત છે.

મંદિર અને પ્રતિમાજીની દશા સ્તવનના રચનાકાળમાં પૂજાને યોગ્ય અને શ્રીસિદ્ધાન્ત-રુચિ જેવા કવિ અને વિદ્વદ્વરમાં ભક્તિભાવના જગાડવા સમર્થ હતાં તે તો સ્પષ્ટ જ છે.

[જુઓ : પૃષ્ઠ ૪૪ થી ચાલુ

हरीआके कुलमें पासवीर भी प्रधानपुरुष हुए। इन्होंने अमरकोटमें यश उपार्जन किया। ये राजमान्य थे। मरुस्थली मारवाडमें भी इनकी बडी प्रसिद्धि थी। एक विषापहार गोत्र है जिसके सात गोत्र हुए जिन्हें राजा राणा भी आदर देते थे। हालाहर देशमें इन्होंने बडे सुकृत कर लक्ष्मीका सद्व्यय किया।

[श्रीअनन्तनाथ भंडार-बंबईके गुटकेमें संवेगसुंदरके सारशिखरगण-रासके बाद शाह राजसी शाह नामक रास है। इसके बाद यह रास अधूरा मिला। श्रीदेसाइजी ता. २७-९-४२की प्रतिलिपिसे यह सार किया गया है। पद्यसंख्या ५९ है]

हरियाशाह रास सार

लेखक : श्रीयुत भंवरलालजी नाहटा

सरस्वती, संखेश्वर—गौड़ी पार्श्वनाथ और गणेशको नमस्कार करके घृतदान करनेवाले हरिया साहका यशवर्णन एवं उनके पूर्वजोंका संक्षिप्त इतिहास लिखा जाता है।

छत्तीस राजकुलोंमें परमार वंश प्रसिद्ध है। इस वंशमें राउ दधिचंद्र—पुत्र भणिचंद्र—रणमल पुत्र हरिआ बड़ा दयालु हुआ। श्रीमहावीरस्वामीके त्रीजे (?) पाट पर आचार्य धर्मघोष हुए जिन्होंने सं० १२६९ में प्रतिबोध दिया और भाल्णीपुरमें एक शिखर (बद्ध जिनालय) निर्मित हुआ। हरिआके पुत्र गुणा, सामत और मांडण थे। गुणाका पुत्र नरीआ, उसके आसर, देसल हुए। आसर पुत्र नकीआके जसीआ, भाणा, राणा, और पासड हुए। जसीआके हरीआ और उसके नकस्या, कोआ, पदमा और सोढिल हुए। कोआके पुत्र आसधर, उसके सोमिग और वकिआ हुए। सोमिगके माणिक, पासदत्त और भोजिआ हुए। माणिकके खेतल, सामल, खिरु, नमु और पंचायण—पांच पुत्र थे। खेतलके आसा, डेपा, गोपा, डलिआ चार पुत्र थे। आसाके राजु, धीरण हुए। राजूके खलीआ और जैता हुए। लखीआके आसपाल—हरगण हुए। राजाके भाई धीरणके पांच पुत्र माला, पंचाणिया, भोजिया, धना और धारण थे, जो राजदरबारमें प्रसिद्ध थे। मालाके पुत्र हेराज, वीजल, सरवण हुए। मालाके भाई पंचाणीया पुण्यात्मा थे। उनकी स्त्री आसमतीके मोखीआ, कमो, धनो हुए, जो परिचित—अपरिचितोंका पोषण करनेवाले हैं। देपा, गोपा के वहियावट (?) मंगिउ हुए, डाहीनी कूक्षीसे उत्पन्न डेरू, भारु, आसारिओ प्रसिद्ध व्यक्ति थे। साह डेरूके पुत्र लाढ़ और उसके राजू, आसपंत, देवाणंद, धारू, मणसी और चांपा नामक छः पुत्र हुए। साह डेरू पर्युषणमें प्रचुर द्रव्यव्यय करता है। हरिआके वंशमें पुन्यकार्य उल्लासपूर्वक किये जाते हैं। पंचालियाने घृत बांट कर पुण्योपार्जन किया। पुण्यसे ही मनोकामना सिद्ध होती है। महाजनोंमें जो घृत लंभनिका बांटी उसका संक्षिप्त परिचय दिया जाता है।

प्रथम लाहणि नोतनपुर, फिर खिमराणी, धुल्हेर, महिमाणे, खडवे, नागूराई, आरीखाणे, खीरसराना, गजणे, द्रोणीअे, टोडा, बाटावडी, दवासंग, वेराजू, तूसिसूराओं, कानांनी, सांगण, छीकारी, छिछि स्थानोंमें घृतलाहण बांटी। आगे भी हरिआके वंशमें बडे बडे पुण्यकार्य हुए। सप्तक्षेत्रमें दान दिया गया। पीपलीउं, डिढोअे, वसइ, वेहडी, लाखा, बाउल, डेरा, चिल्ला, बेराजूं, नागुरी, पंचालु, पाडाणि, खाहवडी गावोंमें दानी पंचालिआने घृतकी लाहण की। पश्चिमके महाजनोंमें भी घी बांटा। रासंगपुर, झांखरि, बालाचदेउ, मांढ, बीसोतरी, ग्रामडी, संभालिप, सोनारडी, आदि हालाहरदेशमें लाहण लाही।

[જુઓ : અનુસંધાન પૃષ્ઠ ૪૩]

आबूके विष्णुमंदिरका एक लेख

लेखक : पू. उपाध्याय श्रीविनयसागरजी,

(साहित्याचार्य, दर्शनशास्त्री, साहित्यरत्न, काव्यतीर्थ, शास्त्रविशारद, काव्यभूषण)

⊙

गत वर्ष ग्रीष्मर्तुके दिवसोंमें विहार (प्रवास) करते हुए हम लोग आबू पहुँचे। अर्बुद-गिरि तीर्थस्थ विमलवसति आदि मन्दिरोंके दर्शन किये। वहाँकी स्थापत्यकलाके उत्कृष्ट नमूने देखकर हृदय आनन्दसे भर गया। एक दिन प्रातःकालमें मुनिराज श्रीपुण्यविजयजी, मैं और भाईश्री उमाकान्त (जो जैन मूर्तिकला पर रिसर्च कर रहे थे, और अब तो उन्हें इस विषयके थीसिस पर Ph. D. की उपाधि भी प्राप्त हो गई है) तीनों ही कन्याकुमारीका स्थान देखनेके लिये गये। कन्याकुमारी स्थानके पास ही एक जीर्ण-शीर्ण अवस्थामें द्वारकानाथजीका मन्दिर है जिसकी घूमटी इत्यादि गिर चुकी है, स्तम्भ आदिके अवशेष भी खण्डहर रूपमें यत्र-तत्र पड़े हैं। उस मन्दिरमें भी हम लोग गये। तत्रस्थ शेषनाग-शय्याशयित विष्णु आदिकी कुछ मूर्तियाँ हैं, जो स्थापत्य-कलाको दृष्टिसे १०–११ वीं शताब्दिकी प्रतीत होतीं हैं। उनका ऐतिहासिक दृष्टिसे महत्त्व समझकर भाई उमाकान्त तो उनके चित्र लेनेमें संलग्न हो गये। उसी मन्दिरमें प्रवेश करने पर जमण। बाजूके गोखलेके थंभे पर निम्नलिखित लेख उत्कीर्ण (अंकित) देखा। प्रयत्न कर उसकी प्रतिलिपि भी हम लोगोंने ली। वह इस प्रकार है :—

"ॐ संवत् १५ आषाढादि वर्षे शाके १३५७ (?) प्रवर्त्तमाने फाल्गुन मासे शुक्ल-पक्षे नवम्यां तिथौ सोमवासरे श्रीगूर्जर श्रीमालज्ञातीय सेथालगोत्रे श्रीखरतरपक्षीय मंत्रि विजपाल सुत मंत्रि मंडलिक तत्पुत्र मं० रणसिंह तत्पुत्र ४ प्रथमः सा० सायरः, द्वितीयः सा० खेटाभिधः, तृतीयः सा० सामन्तः, चतुर्थः सा० चाचिगः। तन्मध्यतः सा० सायर भा० बाई तत्पुत्र ४ पुत्री ३ प्रथमः सा० पद्माभिधः, द्वितीयः सा० रत्नाख्यः, तृतीयः सा० आसाख्यः, चतुर्थः सा० पाचाख्यः, पञ्चमधर्मपुत्रः सा० पूर्याभिधानः, तद्भगिनी बाई मल्हाई, बाई रंगाई, बाई रखीई। एतन्मध्ये श्रीअर्बुदाचलमहातीर्थे यात्रार्थं समागतेन पूर्वयोगिनीपुरवास्तव्येन पश्चात् साम्प्रतं अहमदाबादश्रीनगरनिवासिना श्रीक्षत्रपकुलप्रसिद्धेन साह आसाकेन प्रथम भा० माघी, द्वितीय भा० हमीरदे, तृतीय भा० टबकू पुत्र सा० जीवराजप्रभृतिसमस्तकुटुम्बसहितेन स्वभुजोपार्जितवित्तेन चित्तोल्लासतः श्रीमद्विष्णुदेवप्रासादजीर्णोद्धारः कारितः श्रीमद्देवगुरुप्रसादात् आचन्द्रार्कं जीयात्॥"

अर्थात्—विक्रम संवत् १५२५ शक १३५७ (?) के फाल्गुन शुक्ला नवमी सोमवारको श्रीगूर्जर, श्रीमालज्ञातीय, सेथालगोत्रीय, खरतरपक्षीय मंत्री विजपालके पुत्र मंत्री मण्डलिकके पुत्र मंत्री रणसिंह थे। इनके चार पुत्र थे, १. साह सायर, २. साह खेटा, ३. साह सामन्त,

और ४. साह चाचिग। इनमें साह सायरकी पत्नी बाई पल्हीके चार पुत्र और तीन पुत्रियाँ थीं, जिनमें प्रथम पुत्र पथा नामक, द्वितीय पुत्र साह रत्ना नामक, तृतीय पुत्र साह आसा नामक, चतुर्थ पुत्र साह पांचा नामक और पञ्चम धर्मपुत्र साह पूया नामक थे। इनकी तीनों बहिनोंके नाम क्रमशः बाई मल्हाई, बाई रंगाई, और बाई लखीई थे। इनमेंसे साह आसा नामक पुत्र जो क्षत्रपकुलप्रसिद्ध था तथा जो पूर्व समयमें योगिनीपुर (दिल्ली)का निवासी था और पश्चात् (किसी भी कारणवश) अहमदाबादका निवासी बन चुका था, जिसकी तीन पत्नियाँ थीं—१ माघी, २ हमीरदेवी और ३ टबकू। तथा जिसके पुत्रका नाम जीवराज था —वह अपने समस्त परिवार सहित अर्बुदाचल (आबू) महातीर्थकी यात्रा करने आया था। उसने अपनी भुजा द्वारा उपार्जित द्रव्यसे, हृदयकी प्रसन्नताके साथ इस विष्णुदेवके मन्दिरका जीर्णोद्धार करवाया जो देव-गुरुके प्रसादसे चन्द्र-सूर्य पर्यन्त विद्यमान रहे।

इस लेखसे साह आसाका वंशवृक्ष इस प्रकार बनता है:—

मं. विजपाल
|
मं. मंडलिक
|
मं. रणसिंह
|
सा. सायर (पत्नी पल्ही) | सा. खेटा | सा. सामन्त | सा. चाचिग

सा. सायर (पत्नी पल्ही)
|
सा. पथा | सा. रत्ना | सा. आसा | पाचा | पूया | मल्हाई (पुत्री) | रंगाई (पुत्री) | लखीई (पुत्री)

सा. आसा
|
(३ पत्नियाँ—माघी, हमीरदे, टबकू)
|
जीवराज

इस लेखसे निम्नलिखित हकीकत प्रकाशमें आती हैं:—

(१) 'खरतरपक्षीय' एवं 'देवगुरुप्रसादात्' जैसे जैन पारिभाषिक शब्दका प्रयोग होनेके कारण सिद्ध है कि साह आसा जैन वंशीय थे. खरतरगच्छ संघका उपासक था।

(२) श्रीमालज्ञातिमें सेथालगोत्र उस समय विद्यमान था। आज इस गोत्रके वंशजोंका तो क्या, इस गोत्रका नामावशेष तक नहीं रहा।

(३) विजपाल, मंडलिक और रणसिंहके आगे मंत्री विशेषण है जो परवर्ती परंपरामें नहीं है। अतः संभव है कि ये तीनों किसी राज्यके मन्त्री रहे हों।

(४) योगिनीपुर जिसका वर्तमान नाम दिल्ली है जो भारतकी राजधानी है। दिल्लीको प्रायः पूर्ववर्ती जैन ग्रन्थकारोंने योगिनीपुरके नामसे ही उल्लेख किया है।

(५) अहमदाबाद पूर्वमें राजनगरके नामसे ख्यात था, जिसका अहमदशाहने अपने नामसे अहमदाबाद रखा था। वह व्यापारकी दृष्टिसे इस समय तक काफी प्रसिद्ध हो चुका था।

(६) सभवतः क्षत्रपवंशीय कोई सामन्त या राजा विशेष उस समय अवश्य ही अहमदाबादमें रहा हो और साह आसा उसके कृपाभाजन रहे हों। अन्यथा 'क्षत्रपकुलप्रसिद्धेन' शब्दकी संगति नहीं बैठती।

(७) जैन श्रावकने इस विष्णुदेवके मन्दिरका जीर्णोद्धार करवाया।

(८) यही विष्णुदेव मन्दिर आज द्वारकानाथके नामसे प्रचलित है।

संभव है मुगलोंने जिस समय आबूके प्रसिद्ध जैन मन्दिरोंके कुछ हिस्सेका ध्वंस किया था उस समय ही इस विष्णुदेवके मन्दिरको भी कुछ क्षति पहुँचाई हो। इसीलिये जीर्ण देखकर साह आसाने जीर्णोद्धार करवाया हो।

जहां हम देखते हैं कि एक तरफ तो मुगल लोग धार्मिक असहिष्णुता और फिरकापरस्तीके वशीभूत होकर भारतीय संस्कृतिके प्रतीक देवालयोंका नाश कर रहे थे तो दूसरी तरफ पंथभाव और साम्प्रदायिक मनोवृत्तियोंका त्याग कर एक जैन हिन्दू मन्दिरका उद्धार करवा रहा था, जो हमें सूचना देता है कि जैन संस्कृति और वैदिक संस्कृति कोई पृथक् वस्तु नहीं किन्तु एक ही भारतीय संस्कृतिकी सतत प्रवहमान दो धाराएं थीं जो सदासे इकाई रूपमें रही हैं और रहेंगी। परन्तु आज पुनः वही धार्मिक असहिष्णुता मुगलोंमें ही नहीं किन्तु भारतीय संस्कृतिके नामसे चिल्लानेवाले समाजोंमें भी हम देख रहे हैं। क्या ही अच्छा हो कि आज भी हम उसी प्रकार भारतीय संस्कृतिके नाते अद्वैतरूपमें होकर, कन्धेसे कन्धा भिडाकर सांस्कृतिक उत्थानमें पूर्ण सहयोग दें।

अन्तमें एक निवेदन और कर देना चाहता हूं कि आज जहां जैन और हिन्दू लाखोंकी संख्यामें इस तीर्थ पर यात्राके लिये जाते है, वहां किसीकी भी इस जीर्ण-शीर्ण देवालय पर दृष्टि पडी प्रतीत नहीं होती। आवश्यकता है, कि इस जीर्ण देवालयका पुनः उद्धार करवाया जाय। हमें अपनी सांस्कृतिक और ऐतिहासिक निधियोंकी इतनी उपेक्षा नहीं करनी चाहिये। क्या पुरातत्वविभाग इस ओर ध्यान देगा!

સ્તંભતીર્થ—ખંભાતમાં ભોંયરે નીકળી આવેલા

શ્રીચિંતામણિપાર્શ્વનાથના મંદિરના

સંસ્કૃત લેખનો અનુવાદ

પ્રેષક: શ્રીયુત મોહનલાલ દીપચંદ ચોકસી

◎

કલ્યાણની પરંપરાના સ્થાનરૂપ, કલ્યાણ કરવાની કામનાવાળા, હૃદયના ઈચ્છારૂપી ઝાડને (પોષણ કરવામાં) મેઘરૂપ (ભક્તોની અનેક કામનાઓને પૂર્ણ કરનાર), પ્રીતિરૂપી કમલિનીને (પ્રકાશ કરવામાં) સૂર્ય સમાન (ભક્તજન ઉપર પ્રેમ રાખનાર), ચિંતામણિ પાર્શ્વનાથ તમારું રક્ષણ કરો; જેના ચરણોની સેવા કરનાર મનુષ્યને સંપત્તિ છોડતી નથી. (૧) સિદ્ધાર્થ રાજાના વંશરૂપ કમળોને પ્રકાશ કરવામાં સૂર્ય સરખા (સિદ્ધાર્થ રાજાના વંશમાં ઉત્પન્ન થયેલા) અત્યંત પ્રતાપી શ્રીવર્ધમાન પ્રભુ તમારું રક્ષણ કરો; કે જે જગતને પવિત્ર કરનારા રસથી દીપી રહેલી ઉત્પત્તિ, સ્થિતિ, લય કરવામાં સહજ ઉક્તિવાળી જેની વાણી સ્વર્ગની વાપીની પેઠે મહાત્માઓના પ્રેમને પ્રાપ્ત કરનારી હતી. (૨) ઘણા ઈંદ્રોએ જેમના ચરણ યુગલ (બે)માં વંદન કર્યું છે, વિશેષ સંપત્તિવાળા, તેમના (શ્રીવર્ધમાન પ્રભુના) પીઠસ્થાન-રૂપી સાગરના ચંદ્રમા સરખા સુધર્મા નામના ગણધર હતા કે જેમની વિદ્યાયુક્ત ઉદારતાથી પ્રસન્ન મનવાળી સંતતિ ભગવાન વીર પ્રભુની ભૂમિની પેઠે ઉન્નતિને ધારણ કરે છે. (૩)

એ વંશમાં ક્રમે કરી જગચ્ચંદ્ર એવા નામે સૂરિ થઈ ગયા; જેમણે ૧૨૮૫ સંવત્સરમાં તપ કરી વિશિષ્ટપદ પ્રાપ્ત કર્યું હતું. (૪) એમાં હેમવિમલ વગેરે સૂરિ થઈ ગયા, તેમ એ સ્થાનમાં આનંદવિમલ નામના સૂરિ થઈ ગયા. (૫)

[ચાલુ]

[અનુસંધાન પૃષ્ઠ : ૨૫ થી ચાલુ]

જૈન કોમના આગેવાનોનો જે પ્રભાવ હતો અને તેમની જે દીર્ઘદૃષ્ટિ હતી તેને આભારી છે. અમદાવાદના નગરશેઠ કુટુંબના આદ્યપુરુષ શેઠ શાંતિદાસ ઝવેરીની શહેનશાહ ઔરંગઝેબ ઉપર સારા પ્રમાણમાં લાગવગ પહોંચતી હતી. એ મહાન મૂર્તિભંજક શહેનશાહે જૈન કોમ અર્થે, શેઠ શાંતિદાસને જૈન દેવાલયોવાળાં શત્રુંજયનાં શૃંગો, ગિરનાર અને આબૂપર્વત ઉપરની એક ટેકરી બક્ષીસ આપતું એક ફરમાન પ્રગટ કર્યું હતું અને એમાં તમામ લોકોને એવી ચેતવણી આપી હતી કે શેઠ શાંતિદાસને પાલીતાણા ગામ તેમજ જે ત્રણ ગિરિશિખરો આપ્યાં છે તેને અંગે કોઈએ પણ કોઈ પણ જાતનો અવરોધ નાખવો નહિ તેમજ પેદા કરવો નહિ અને કોઈ પણ શખ્સ એ ગામ તેમજ ત્રણ ગિરિશિખરો વિષે કોઈ પણ જાતનો દાવો કરશે તો તે પ્રજાના તેમજ પાક પરવરદિગારના રોષને અને શાપને પાત્ર થશે. દેરાસરોનો શાંતિપૂર્વક ઉપયોગ કરવા દેવામાં ન આવે તો ઈશ્વરનો શાપ ઉતારનાર ઔરંગઝેબ જેવા મૂર્તિભંજક શહેનશાહ પાસેથી આ દેરાસરો માટે રક્ષણનું અભયવચન મેળવવું એ શું કોઈ જેવી તેવી સિદ્ધિ છે?

[illegible]

१००) પૂ. આ. શ્રીવિજય[illegible] અમર જૈન શાળા, ખંભાત

५०) શેઠ હેમચંદ શિવરાજ, [illegible]

२५) પૂ. મુનિરાજ શ્રી[illegible]સાગરજી મ.ના ઉપદેશથી [illegible]શ્વરજી ધર્મશાળા જૈન સંઘ, મુંબઈ

२५) પૂ. પં. શ્રીધુરંધરવિજયજી મ.ના ઉપદેશથી શ્રી[illegible]જી જૈન દેરાસર. મુંબઈ

२५) પૂ. આ. શ્રીવિજયોદયસૂરીશ્વરજી મ.ના ઉપદેશથી શ્રી જૈન શ્વેતાંબર મંદિરમાર્ગી સંઘ. સાદડી

२०) પૂ. આ. શ્રીવિજયહર્ષસૂરીશ્વરજી મ.ના ઉપદેશથી શ્રી જૈન સંઘ. તખતગઢ

२०) પૂ. આ. શ્રીવિજયરામસૂરીશ્વરજી મ.ના ઉપદેશથી શ્રી જૈન સંઘ. સિરોહી

१५) પૂ. મુનિરાજ શ્રીમહોદયવિજયજી મ.ના ઉપદેશથી શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ. ડીસા

१५) પૂ. મુનિરાજ શ્રીચંદ્રોદયસાગરજી મ.ના ઉપદેશથી શેઠ આણંદજી કલ્યાણજી. સુરેંદ્રનગર

११) પૂ. મુનિરાજ શ્રીજયંતવિજયજી મ.ના ઉપદેશથી શ્રીવાસુપૂજ્યસ્વામી જૈન ટેંપલ ટ્રસ્ટ, પૂના

११) પૂ. મુનિરાજ શ્રીસુબુદ્ધિવિજયજી મ.ના ઉપદેશથી શ્રી જૈન તપગચ્છ સંઘ, વાંકાનેર

११) પૂ. પં. શ્રીકનકવિજયજી મ.ના ઉપદેશથી શ્રી જૈન સંઘ. સાવરકુંડલા

११) પૂ. મુનિરાજ શ્રીભાવવિજયજી મ.ના ઉપદેશથી શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ. નડિઆદ

१०) પૂ. પં. શ્રીમાણેકવિજયજી મ.ના ઉપદેશથી શ્રી જૈન સંઘ. ખેરાળુ

१०) પૂ. પં. શ્રીપ્રવીણવિજયજી મ.ના ઉપદેશથી શ્રીઓસવાલ જૈન સંઘ. પૂના

१०) પૂ. મુનિરાજ શ્રીમહાપ્રભવિજયજી મ.ના ઉપદેશથી શ્રી સંઘ, પેથલા

१०) પૂ. આ. શ્રીવિજયયશોદેવસૂરીશ્વરજી મ.ના ઉપદેશથી શ્રી જૈન શ્વેતાંબર શ્રી સંઘ. હિંગનઘાટ

७) પૂ. મુનિરાજ શ્રીવિજ્ઞાનવિજયજી મ.ના ઉપદેશથી શ્રીતપગચ્છ જૈન સંઘ. જૂનાગઢ

५) પૂ. મુનિરાજ શ્રીપુણ્યોદયવિજયજી મ.ના ઉપદેશથી શ્રી જૈન સંઘ. ઝીંઝુવાડા

विनंति

पूज्य आचार्यादि मुनिवरोने विनंति छे के चतुर्मास पूर्ण थयुं होवाथी पोत पोतानुं सरनामुं प्रत्येक अंग्रेजी महिनानी पहेली तारीखे अमने सूचित करे एवी आशा राखीए छीए.

—व्यवस्थापक

શ્રી [illegible]કાશ

[illegible]યોજના

૧. શ્રી. જૈનધર્મ સત્ય પ્રકા[illegible] દ્વારા 'શ્રી. જૈન સત્ય પ્રકાશ' માસિ[illegible] થયાં પ્રગટ કરવામાં આવે છે.

૨. એ સમિતિના આજીવન સ[illegible] રૂ. ૫૦૦] આ૦ દાતા તરીકે રૂ. [illegible] આ૦ સદસ્ય તરીકે રૂ. ૧૦૧] રાખવામાં [illegible] છે. આ રીતે મદદ આપનારને માસિ[illegible] માટે મોકલવામાં આવે છે

વિનંતિ

૧. પૂજ્ય આચાર્યાદિ મુનિવરો ચતુર્માસનું સ્થળ નક્કી થતાં અને શેષ કાળમાં જ્યાં [illegible] હોય એ સ્થળનું સરનામું માસિક પ્રગટ થાય એના ૧૫ દિવસ અગાઉ મોકલતા રહે અને તે તે સ્થળે આ માસિકના પ્રચાર માટે ગ્રાહકો બનાવવાનો ઉપદેશ આપતા રહે એવી વિનંતિ છે.

૨. તે તે સ્થળોમાંથી મળી આવતાં પ્રાચી[illegible] અવશેષો કે ઐતિહાસિક માહિતીની સૂચ[illegible] આપવા વિનંતિ છે.

૩. જૈનધર્મ ઉપર આક્ષેપાત્મક લેખો આદિની સામગ્રી અને માહિતી આપતા રહે એવી વિનંતિ છે.

ગ્રાહકોને સૂચના

૧. "શ્રી જૈન સત્ય પ્રકાશ" માસિક પ્રત્યેક અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થાય છે.

[illegible]નું વાર્ષિક લવાજમ રૂ. ૩] [illegible] આવ્યું છે.

[illegible]થી ન મંગાવતાં લવા-[illegible]રદ્વારા મોકલી આપ-[illegible]

૪. [illegible]નું વર્ષ દિવાળીથી [illegible] ગમે તે અંકથી [illegible]

[illegible] અંક મોકલવાની પૂરી સાવ-[illegible] અંક ન મળે તો સ્થાનિક પોસ્ટ ઓફિસમાં તપાસ કર્યા પછી અમને સૂચના આપવી.

[illegible]સરનામું બદલાવવાની સૂચના ઓછામાં ઓછા ૧૦ દિવસ અગાઉ આપવી જરૂરી છે.


લેખકોને સૂચના

૧. લેખો કાગળની એક બાજુ [illegible] લખી એવી રીતે શાહીથી લખી મોકલવા.

૨. [illegible]કા, મુલાકાત અને [illegible] ટીકાત્મક [illegible] મોકલવા.

૩. લેખો પ્રગટ કરવા ન કરવા [illegible] પત્રની નીતિને અનુસરીને સુધારાવધારો કરવાનો હક તંત્રી આધીન છે.

મુદ્રક : ગોવિંદલાલ જગશીભાઈ શાહ, શ્રી શારદા મુદ્રણાલય, પાનકોર નાકા, અમદાવાદ.
પ્રકાશક : ચીમનલાલ ગોકળદાસ શાહ
શ્રી જૈનધર્મ સત્ય પ્રકાશક સમિતિ કાર્યાલય, જેશિંગભાઈની વાડી, ઘીકાંટા રોડ—અમદાવાદ



તંત્રી

ચીમનલાલ ગોકળદાસ શાહ

તા. ૧૫-૨-૫૪ અમદાવાદ

વર્ષ ૧૯ : અંક : ૪-૫] [ક્રમાંક : ૨૨૦-૨૧

विषय-दर्शन



વિનંતિ

પૂજ્ય આચાર્યાદિ મુનિવરો શેષ કાળમાં પોતાનું નિયત સરનામું પ્રત્યેક માસની પહેલી તારીખ સુધીમાં જણાવે એવી વિનંતિ છે.

વ્યવ૦

॥ ॐ अर्हम् ॥

अखिल भारतवर्षीय जैन श्वेताम्बर मूर्तिपूजक
मुनिसम्मेलन संस्थापित
श्री जैनधर्म सत्यप्रकाशक समितिनुं मासिक मुखपत्र
जेशिंगभाईनी वाडी : घीकांटा रोड : अमदावाद (गुजरात)

वर्ष : १९ ‖ વિક્રમ સં. ૨૦૧૦ : વીર નિ. સં. ૨૪૮૦ : ઈ. સ. ૧૯૫૪ ‖ क्रमांक
अंक : ४—५ ‖ મહા સુદિ ૧૩ : સોમવાર : ૧૫ ફેબ્રુઆરી ‖ २२०—२१

આત્મનિર્મળતાના પંથે

[૧]

લેખક પૂજ્ય મુનિરાજ શ્રી મહાપ્રભવિજયજી

આત્મનિર્મળતા એટલે પરમ સુખની પ્રાપ્તિ. સુખ એ આત્માનો સ્વભાવ છે. જ્યાં સુધી આત્માની નિર્મળતા ન થાય ત્યાં સુધી સંસાર છે, ઉપાધિ છે, બંધન છે, દુઃખ છે. દુઃખનું કારણ અજ્ઞાન છે.

બધી યોનિઓમાં મનુષ્ય સર્વોત્તમ પ્રાણી છે. પોતાની કેટલીક વિશિષ્ટ શક્તિઓથી તે બીજા જીવધારીઓ કરતાં અધિક વિકાસ કરવાની ક્ષમતા રાખે છે. દરેક દર્શનકારાએ માનવજીવનની બહુમૂલ્યતા અને દુર્લભતા એકસ્વરે ગાઈ છે. જે વસ્તુ થોડી હોય, દુષ્પ્રાપ્ય અને કીમતી હોય એની મહત્તા આપમેળે ગવાય છે. એ જ રીતે માનવજીવન મહાન છે. 'ઉત્તરાધ્યયન સૂત્ર' માં ચાર વસ્તુઓને દુર્લભ જણાવી છે :—

"चत्तारि परमंगाणि, दुल्लहाणि य जंतुणो ।
माणुसत्तं सुई सद्धा, संजमम्मि वीरीयं ॥"

—આ સંસારમાં જીવને ચાર વસ્તુઓ પ્રાપ્ત થવી દુર્લભ છે. તે છે— મનુષ્યપણું, ધર્મનું શ્રવણ, સમ્યક્શ્રદ્ધા અને સંયમમાં પુરુષાર્થ.

આ ચારે વસ્તુઓમાં મનુષ્યપણાને સૌથી પ્રથમ બતાવેલ છે. બાકીના ત્રણનો આધાર મનુષ્યપણા ઉપર જ રહેલો છે. કર્મનાં બંધન તોડી આત્મનિર્મળતાના પંથે જવા માટે બીજો ભવ અનુકૂળ નથી. માનવ ભવમાં જ મોક્ષ માટેનો પુરુષાર્થ શક્ય છે. નારકીના ભવમાં અપાર દુઃખ છે, દુઃખની યાતનામાં ધર્મનું આરાધન સંભવિત નથી. તિર્યંચ-પશુ-પક્ષીના ભવમાં વિચારશક્તિની ઊણપ છે. એ જીવન

પરાધીન હોવાથી જેમ તેમ પૂરું થાય છે. દેવભવમાં માત્ર સુખ છે. સુખ-ભોગની સામગ્રીમાં ધર્મની આરાધના શક્ય નથી. માત્ર મનુષ્યભવ જ એવો છે જેમાં ધર્મશ્રવણ, શ્રદ્ધા અને સંયમનો પુરુષાર્થ કરી શકાય. એ માટે યોગ્ય સામગ્રી ન મળે તો એ પુરુષાર્થ થઈ શકતો નથી.

મનુષ્ય જન્મતાં જ પરિસ્થિતિથી જકડાયેલો હોય છે. કેટલાકને જીવનનિર્વાહનાં પૂરતાં સાધન નથી હોતાં અને કેટલાકને હોય છે. એનું શું કારણ? જન્મતાં-વેંત બાળકે એવો શો પુરુષાર્થ કર્યો હોય કે તેને સુખી જીવન મળે અને બીજાને નિર્વાહનાં પણ ફાંફાં હોય તે માટે તેને જવાબદાર કેમ ગણાય? સ્પષ્ટ છે કે, પૂર્વનાં કર્મ અનુસાર માણસને સુખ અને દુઃખની સ્થિતિ પ્રાપ્ત થાય છે.

સુખ અને દુઃખનો મનુષ્ય સ્વયં નિર્માતા છે. સારી કે ખરાબ પ્રવૃત્તિઓ જ તેનું શુભ અને અશુભ કર્મ છે. આ કર્મનો બંધ માનવજીવનમાં ક્ષણે ક્ષણે થયા કરે છે. આ કર્મો જ માનવને તેના મૂળ આત્મગુણને વિકસિત થવા દેતાં નથી. માટે જૂના કર્મોનું જેમ ફળ હોય છે, તેમ નવાં કર્મોના ઉપાર્જનમાં પણ વિવેક બુદ્ધિ રાખવી જોઈએ.

ખાવું-પીવું, ભોગ ભોગવવા, સંતાન પ્રાપ્તિ કરવી; જન્મવું, મરવું—આ ક્રિયાઓ માત્ર મનુષ્ય જ નથી કરતો. પશુ-પક્ષીઓ પણ આ પ્રવૃત્તિ કરે જ છે. પરંતુ મનુષ્યમાં વિચારશક્તિની વિશેષતા છે; જે એને જીવનવિકાસમાં કારણભૂત બની શકે છે.

વિચારશક્તિ માટે જ્ઞાનની જરૂરત છે. જ્ઞાન જીવનની મૂળભૂત મૂડી છે. એના વિના મનુષ્ય પોતાનું જીવન ખોઈ બેસે છે. જ્ઞાન હોય પણ આચરણ ન હોય તો એ બોજારૂપ થઈ પડે. જે જ્ઞાન પોતાના હિતાહિતનો વિવેક ન શીખવે એ જ્ઞાન શા કામનું? જ્ઞાન એ છે જેનાથી ગુણ-દોષની પરખ આવે. હેય, ઉપાદેયની ભાવના જાગ્રત કરે

પાશ્ચાત્ય કેળવણીના કારણે લોકો આજે ભૌતિક જ્ઞાન તરફ વળેલા છે. સંપત્તિ વધારવી અને ઇંદ્રિયોના વિષયોના સુખનું એ જ્ઞાન હોય છે. એથી ભૌતિક સામગ્રી માટે આર્થિક લિપ્સા જાગે છે. સામગ્રી ઓછી અને જરૂરિયાત વધારે હોવાથી શોષણની ભાવના થાય. શોષણ સંઘર્ષ જન્માવે. પરિણામે માનવજીવન અસંતુષ્ટ અને દુઃખમય બની જાય. આમ ભૌતિક સામગ્રી ક્ષણિક સુખ આપે પરંતુ અંતે તો એ દુઃખમાં જ પરિણમે.

વસ્તુતઃ સુખનો આધાર બહારની સામગ્રી ઉપર નહિ પરંતુ આંતરિક સામગ્રીને નિર્ભર છે. આત્મગુણોના વિકાસથી જ સુખ પ્રગટ થાય છે. સાચું જ કહ્યું છે કે—

"महता पुण्यपण्येन, क्रीतेयं कायनौस्त्वया ।
पारं दुःखोदधेर्गन्तुं, तर यावन्न भिद्यते ॥"

—મહાપુણ્ય રૂપી ધન આપીને તેં આ કાયારૂપી નાવ ખરીદેલું છે. તે ભાંગે નહિ ત્યાં સુધી તેના વડે ભવરૂપી દુઃખદરિયાને તરી લે.

મનુષ્યભવની દુર્લભતા વિશે અહીં એક ઉદાહરણ આપવું બસ થશે.

એક ખેડૂતે કોઈ મહાત્માની સેવા કરેલી; જેના પરિણામે મહાત્માએ પ્રસન્ન થઈ એને પારસમણિ આપ્યો. એ મણિનો લોખંડને સ્પર્શ થતાં સુવર્ણ બની જતું. પરંતુ મહાત્માએ એ મણિ સાત દિવસ પૂરા થતાં પાછો આપી દેવાની શરત કરી. ખેડૂતે એ મણિ મળતાં વિચાર્યું કે મારી પાસે તો માત્ર ખરપો, પાવડો કોદાળી, દાતરડું, કોસ—એવાં જ માત્ર લોઢાનાં સાધન છે. એટલા સોનાથી મારું દાળદર નહિ ફીટે. આથી એણે વિચાર્યું કે હજી તો સાત દિવસ વચ્ચે પડ્યા છે એટલે બહાર ગામથી પુષ્કળ પ્રમાણમાં લોખંડ મંગાવીને એનું સોનું બનાવી લઉં. તેણે જુદે જુદે સ્થળે માણસો મોકલ્યા, અને રેલગાડીથી માલ રવાના કરવાની તાકીદ આપી. એ માણસોને જતાં જ એકેક બબ્બે દિવસ તો વીતી ગયા. લોખંડ ખરીદતાં, પેક કરતાં અને રેલગાડીથી રવાના કરતાં એ માલ આવતાં છ દિવસ તો વીતી ગયા. સાતમા દિવસે એ બધો માલ ગાડીમાંથી ઉતરાવ્યો ત્યારે એને વિચાર થયો કે, જો આ માલને અહીં જ પારસમણિ લગાડી દઈશ તો એ લેવા માટે ચોર, ડાકુઓનો દરોડો પડશે. માટે ઘેર લઈ જઈને જ એ મણિનો સ્પર્શ કરાવી લઈશ. આથી એ બધું લોખંડ એ ઘેર લઈને આવ્યો અને એ લોખંડને ઘરમાં ભરવા લાગ્યો, ત્યાં જ સાતમા દિવસની છેલ્લી ઘડી વીતી ચૂકી. મહાત્મા એને ઘેર આવ્યા અને એ પારસમણિની માગણી કરી. ખેડૂતે કહ્યું : 'મહારાજ એક મિનિટ ધીરજ રાખો.' પણ મહાત્માજીએ ચિડાઈને કહ્યું : 'હું એક મિનિટ પણ થોભી શકું એમ નથી: માટે મણિ પાછો આપ.'

ખેડૂતે કહ્યું : 'ઠીક મહારાજ ! હું હમણાં જ લોઢાને એ મણિનો સ્પર્શ કરાવી દઉં છું.' મહાત્માજીએ તાડૂકીને આદેશ કર્યો : ખેડૂત ! હવે એની અવધિ પૂરી થઈ જ ગઈ. અવધિ પૂરી થતાં એ મણિ કંઈ જ કામ નહિ આપે.' ખેડૂતે કહ્યું : 'તો લો, મહારાજ હું આ લોખંડને સ્પર્શ કરાવીને આપી દઉં છું.' એમ કહેતાં જ મહાત્માજીએ એ મણિ એની પાસેથી ખૂંચવી લીધો.

જેમ ખેડૂત વધુ તૃષ્ણાથી મળેલા પારસમણિનો કશો ઉપયોગ કરી ન શક્યો તેમ આ માનવભવનો જે માણસ સમયસર સદુપયોગ ન કરે તો તેનો જન્મ નકામો જાય છે. આથી જ જ્યાં સુધી વૃદ્ધાવસ્થા ન પીડે, રોગ આક્રમણ ન કરે અને ઈંદ્રિયો ક્ષીણ ન થાય ત્યાં સુધી જ જીવનવિકાસને અવકાશ રહે છે એટલે જ એક ક્ષણ પણ તેમાં પ્રમાદ ન કરતાં માનવજીવનના ઉદ્ધાર માટે ધર્મનું શ્રવણ કરવું જોઈએ. આ વિશે આપણે આગળ વિચારીશું.



માંડવગઢના પાર્શ્વજિનાલયનું

વિશેષ વર્ણન

લેખક : શ્રીયુત અગરચંદજી નાહટા

'શ્રી જૈન સત્યપ્રકાશ' વર્ષ : ૧૯, અંક : ૨-૩ માં ડૉ. ક્રાઉઝે (સુભદ્રાદેવી)નો 'માંડવગઢના શ્રીપ્રમદ પાર્શ્વદેવ' શીર્ષક લેખ જોવામાં આવ્યો. શ્રીસુભદ્રાદેવી વર્ષોથી જૈન ઇતિહાસમાં ખૂબ રસ લઈ રહ્યાં છે. હું ગયા વર્ષે તેમને લશ્કર (ગ્વાલિયર)માં મળ્યો હતો, ત્યારે માંડવગઢના ઇતિહાસ સંબંધી અન્વેષણ કરી રહ્યાં હતાં. મેં તેમને એક વાર બિકાનેર આવવા જણાવ્યું જેથી ઘણી નવી હકીકતોની માહિતી આપી શકું. તેમણે આવવાની ઇચ્છા પણ પ્રકટ કરી હતી પરંતુ હજી સુધી તેઓ આવી શક્યાં નથી.

તેમણે જે વિષય લીધો છે તે ઘણો જ મહત્ત્વપૂર્ણ છે અને જૈન સાહિત્યમાં માંડવગઢ સંબંધી ઘણી સારી સામગ્રી મળે છે. ૧૪મી શતાબ્દીના મંત્રી પેથડથી લઈને ૧૭મી શતાબ્દી સુધી અહીં જૈનોનો સારો પ્રભાવ રહ્યો હતો. ૧૫મી સદીનો ઉત્તરાર્ધ અને ૧૬મી સદીનો પૂર્વાર્ધ—આ લગભગ એક સો વર્ષથી કંઈક અધિક કાળનો ગાળો જૈનોના અતિશય પ્રભાવનો અને માંડવગઢના સુવર્ણયુગનો સમય છે. એ સમયે રાજ્યના અધિકારીઓરૂપે અને વૈભવશાળીપણામાં જૈન શ્રાવકો અહીંના ઇતિહાસના પૃષ્ઠોમાં ચમકી રહ્યા છે. મંત્રી મંડન, ધનદ, અને સોની સંગ્રામસિંહ તથા પુંજરાજ વગેરે અહીંના વિદ્વાન શ્રાવક ગ્રંથકારોમાંના હતા. જૈન મુનિઓએ તો અહીંના વિદ્યાપ્રેમી શ્રાવકોના અનુરોધથી અનેક ગ્રંથો નિર્માણ કર્યા હતા, જેનો ઉલ્લેખ તેમની પ્રશસ્તિઓમાંથી મળે છે. અહીં ૨૨ જિનાલયો હતાં. તેમાંથી અધિકાંશ એ કાળમાં નિર્મિત થયાં હતાં, જેનું વર્ણન ખરતરગચ્છના વિદ્વાન ઉપા૦ ખેમરાજ રચિત 'મંડપાચલ ચૈત્ય પરિપાટી'માં મળી આવે છે. એની રચના પણ સં. ૧૫૪૫ થી ૧૫૫૦ લગભગની છે. શ્રીસુભદ્રાદેવીના એ લેખને વાંચતાં જણાય છે કે તેમને આ મહત્ત્વપૂર્ણ ચૈત્ય પરિપાટી જાણવામાં નથી આવી. જોકે 'જૈનયુગ' વર્ષ : ૪ના પૃષ્ઠ: ૩૩૨, સં. ૧૯૮૫માં આ પ્રકાશિત પણ થઈ ચૂકી છે. તેમાં પ્રમદ પાર્શ્વ જિનાલય સંબંધી તેમણે જે આ લેખ લખ્યો છે, તેનો સૌથી અધિક અને જ્ઞાતવ્યપૂર્ણ પરિચય પ્રાપ્ત થઈ જાય છે. આથી સૌ પહેલાં તો તેનું ઉદ્ધારણ આપીને પછી જ જ્ઞાતવ્ય હકીકતો પર વિચાર કરવામાં આવશે.

આરંભ—"પાસ જિનેસર પય નમિય, કામિય ફલ દાતારો,
ફાગુબંધિ હઉં સંથુણિસુ, જિનવર બિંબ અપારો. ૧

અહે માલવદેસ મઝારિ સાર, માંડવગઢ સોહઈ,
જિહિં જિણહર ઉત્તુંગ વેગ, ભવિયણ મન મોહઈ;
નિર્મળ શીતલ વહઈં નીર, નીઝરણ અપારો,
ફુલિય ફુલિય અઢાર ભાર, વનસ્પતિ સારો. ૨

મૂળ ભવન શ્રીપાસનાહ, અભિનવઉ વસંતો,
ચારહ પાસ સુહાવણુઉ, સંજમસિરી કંતો;
સુંદરી કરી સિંગાર હાર, જિણ ભવણિહિં આવઈ,
કોયલ જિમ અતિમધુર કંઠિ, જિણવર ગુણ ગાવઈ ૩

ભાસ— રિસહેસર સિરિ સાંતિ જિણ, અષ્ટાપદ અવતારો;
રવિ જિમ તેજહિં ઝિગમિગઈ, સમવસરણ ચોબારો. ૪

અહે ઉલિહિં પાસ સુપાસ, અજિય જિણ મંડપિ દીસઇ,
નંદીસર બાવન્ન દેવ, ત્રિહું(ણુ) ભવણિ સલીસ જઈ;
રંગમડપિ રળિયામણુઉ, જય ઘંટ નિનાદો,
જાંણે કિરિ જિણ ભવણ કરઈ, સરગ હસિઉં વાદો. ૫

રેવય ગિરિ સિરિ પુંડરિક, ગિરિવર અન(વ)તારો,
કલ્યાણિક જિણ વીર તણા, અષ્ટાપદ સારો;
દસ ભવ પાસકુમાર નેમિજિણ, જાન જોઈજઈ,
ભીતિ લિખી ચિત્રાણ દેખિ, જિહિં મન મોહીજઈ. ૬

ભાસ— એરિસ ઈંદ વિમાણ સમા, જિણ ભવણિહિં જયવંતો;
પાસ જિણેસર ગુણનિલઉ, નમિસ્યું હરખિ હસંતો. ૭

અહે કેસર ઘનસાર સાર, ચંદણ ઘસિ લેસો,
ઈક સો ચોપન બિંબ સહિય, પ્રભુ પૂજ કરિસો;
કુસુમમાલ સૂત્રિ સોલ કરી, જિણકંઠી ઠવેસો,
નામિય ગાઈય વિવિહ બંદિ, ભાવન ભાવે સો. ૮

ઉપર્યુક્ત સમગ્ર વર્ણન એક પાર્શ્વજિનાલયનું જ છે. બીજા મંદિરરૂપે શ્રીસુપાર્શ્વનાથ ભગવાનના મંદિરનું પણ ત્રણ પદ્યોમાં સારું વર્ણન કરેલું છે. તેમાં ૯૫ બિંબો બતાવ્યાં છે. ત્રીજામાં શાંતિનાથ, ચોથામાં સંભવનાથ, પાંચમામાં આદિનાથ, છઠ્ઠામાં સુપાર્શ્વનાથ, જે ખાનપુરીમાં હતા તેનો ઉલ્લેખ છે, સાતમામાં શ્રીસીમંધરસ્વામી, આઠમામાં શાંતિનાથ, નવમામાં શ્રીઋષભદેવ, દશમામાં ફરીને ઋષભદેવ, અગિયારમામાં નેમિનાથ, બારમામાં ચિંતામણિ પાર્શ્વનાથ, તેરમામાં સુમતિનાથ, જેમાં અષ્ટાપદના ૨૪ તીર્થંકરોનાં બિંબો હતાં. ચૌદમામાં વીરાવલિ પાર્શ્વનાથ, પંદરમામાં શ્રીશાંતિનાથ, સોળમામાં શ્રીપાર્શ્વનાથ, સત્તરમામાં

શ્રીશાંતિનાથ, અઢારમામાં શ્રીઅજિતનાથ, ઓગણીસમામાં શ્રીશાંતિનાથ, વીસમામાં શ્રીઋષભદેવ, એકવીસમા ફતેપુરમાં શ્રીશાંતિનાથ, બાવીસમા હુશંગાબાદમાં શ્રીનેમિનાથ. આ બધાં મંદિરોમાં ૨૪ મૂળ બિંબ અને બધાં મંદિરોની મૂર્તિ-સંખ્યા ૫૬૨ બતાવી છે. આ સિવાય ભંડારમાં બીજાં બિંબો પણ છે; એમ લખ્યું છે અને અંતમાં જાવડકારિત રૌપ્ય, રત્ન, સ્વર્ણ બિંબોનો મહત્ત્વપૂર્ણ ઉલ્લેખ કર્યો છે. જેમ કે—

"રુપ્ય રયણ સોવન્ન બિંબ, શ્રી જાવડ કારિય."

આ પ્રકારે ફાગુબંધ ૨૩ પદ્યોમાં આ ચૈત્યપરિપાટી ખેમરાજે લખી છે. રચના સુંદર છે. ચૈત્યપરિપાટી નામ મુજબ એમ લાગે છે કે જે મંદિરોનું આમાં સંખ્યાના અનુક્રમથી વર્ણન કર્યું છે તે મંદિરોનાં દર્શન એ જ ક્રમથી થતાં હશે અને આ બધામાં શ્રીપાર્શ્વનાથનું મંદિર અધિક વિશાળ, ઊંચું અને સૌ પહેલું હોવું જોઈએ. કવિ ખરતરગચ્છના છે અને તે મંદિર પણ એ જ ગચ્છનું હતું, એટલા માટે જ તેનું વિવરણ અધિક આપ્યું હોય એ સ્વાભાવિક છે.

શ્રીયુત મોહનલાલ દેસાઈએ આને પ્રકાશિત કરતાં લખ્યું છે કે આ સ્વર્ણ-રૂપ્યમય જિનબિંબોનો નિર્માતા જાવડ કોણ હતો, તેનો પત્તો મળતો નથી; પરંતુ સદ્‌ભાગ્યે અમને એનો પત્તો શ્રીનાહરજીના સંગ્રહની સ્વર્ણાક્ષર સચિત્ર કલ્પસૂત્રની પ્રશસ્તિ ઉપરથી મળે છે, તેનો આવશ્યક અંશ આ પ્રકારે છેઃ—

"यत्कुक्षिशुक्तिसंपुटमुक्ताफलनिर्मलश्च सद्वृत्तः ।
श्रीजावडसंघपतिर्विराजते राजमल्लसुतः ॥ ४२ ॥

वापीकूपतडागकुण्डसरसीस्रोतस्विनीनां पयः—
पूरे जीवदयाधुरीणमनसा सत्त्वौघरक्षाकृते ।
चञ्चत्तक्रमन्त्रकाः सुकृतिना तेनात्र संस्थापिते
म्लेच्छा तुच्छकुलाकलेति विपुले श्रीमण्डपाल्याचले ॥ ४३ ॥

रूप्यस्वर्णमणीमयानि भगवद्बिम्बानि योऽकारयत्,
श्रीसंघार्चनदर्शनार्चनविधिं संसूत्रयन् धर्मवान् ।
सम्यक्कृते दृढिमानमुद्वहति यः शीलेन गाङ्गेयवत्,
श्रीहीराश्रयतः पुनः बहुगुणान् धत्ते स्वकीयान् श्रियाम् ॥ ४४ ॥

येन प्रतिष्ठावसरे स्वकीयं घनं घनं धर्मविधौ प्रयुक्तम् ।
श्रीहीरनामाङ्गजराजमानः श्रीजावडसंघपतिप्रधानः ॥ ४५ ॥

सश्रीफलप्रकरमुन्नतिशोभमानं सच्छायमुन्नततरतापनिवृत्तिवारम् ।
नानासपक्षसुमतरे जनसेवनीयं, प्राकारपत्रपरिवारितपार्श्वदेवम् ॥ ४६ ॥

પ્રશસ્તિના આગળના વર્ણનથી તેઓ ખરતરગચ્છીય શ્રીમાલવંશીય સિદ્ધ થાય છે. પ્રશસ્તિના પ્રારંભમાં માંડવગઢના શ્રીપાર્શ્વનાથ અને શ્રીસુપાર્શ્વનાથ—એમ બેનો ઉલ્લેખ હોવાથી બાવીસ મંદિરોમાં બે મંદિરો મુખ્ય હોવાનું પ્રતીત થાય છે. શ્રી સુપાર્શ્વનાથનું સ્થાન કવિ ઋષભદાસના ચૈત્યવંદનમાં—

"માંડવગઢનો રાજિયો, નામે દેવ સુપાસ."

આ પ્રકારે કરેલો હોવાથી અને ૧૮ મી સદીની તીર્થમાળાઓમાં પણ ઉલ્લેખ હોવાથી પ્રસિદ્ધ હોવાનું સિદ્ધ છે. આ મંદિર તપાગચ્છનું હોવાનો વિશેષ સંભવ છે, કેમકે આ ગચ્છના વિદ્વાનોનો પણ માંડવગઢમાં સારો પ્રભાવ રહ્યો હોવાનું સિદ્ધ થાય છે. અત્યારે માંડવગઢમાં કોઈ પણ પ્રાચીન જૈન મંદિર સુરક્ષિત નથી કેટલાંક ભગ્નાવશેષ પડેલાં છે. એક મંદિર ધર્મશાળામાં નવું બન્યું છે.

ગયા વર્ષે હું માંડવગઢની યાત્રા કરી આવ્યો ત્યારે પૂછતાં માલમ પડયું કે, અહીંની શ્રીસુપાર્શ્વનાથની મૂર્તિ બુરહાનપુરમાં છે. જો આ હકીકત સાચી હોય તો તેનો પ્રતિમાલેખ શીઘ્ર પ્રકાશમાં આવવો જોઈએ.

'સુકૃતસંકીર્તન' કાવ્ય અનુસાર અહીં ૧૪ મી સદીમાં મંત્રી પેથડે શ્રીઆદિજિનાલય બંધાવ્યું હતું. તે બાવન જિનાલયવાળું, શત્રુંજયાવતાર, સ્વર્ણદંડ-કળશવાળું મંદિર ૧૮ લાખ દ્રમ્મના વ્યયથી બન્યું હતું. ચૈત્યપરિપાટીમાં નં. ૫-૯-૧૦ માં ત્રણ આદિ જિનાલયોનાં વર્ણન છે. સંભવ છે કે તે દશમા નંબરનું હોવું જોઈએ; જેમાં અનેક બિંબો હોવાનો ઉલ્લેખ મળે છે.

માંડવગઢના સમસ્ત ખંડિયેરોની સારી રીતે તપાસ કરવી જોઈએ. જે કંઈ સ્મારકો ત્યાં ખંડિત દશામાં પડયાં છે, તેનાથી સંભવ છે કે, કેટલાંક જૈન મંદિરોનો પત્તો મળી આવે. અહીંથી જૈન મૂર્તિઓ બહાર કયાં કયાં ગઈ તેનો પત્તો પણ લગાવવો જરૂરી છે. આ જિનાલયો કયાં સુધી વિદ્યમાન હતાં, કયારે નષ્ટ થયાં —એ બધી હકીકતોની શોધ ડૉ સુભદ્રાદેવી અવશ્ય કરે અને જ્ઞાતવ્ય હકીકતો પ્રકાશમાં લાવે, એમ ઇચ્છીએ છીએ. માંડવગઢ સંબંધી વિશેષ જ્ઞાતવ્ય ફરી કયારેક સૂચિત કરીશ. મારી નોંધ અનુસાર શ્રીજિનભદ્રસૂરિનું 'પાર્શ્વ-સુપાર્શ્વ સ્તવન' પણ પ્રાપ્ત છે. સિદ્ધાંતરુચિવાળા સ્તોત્રની ૫-૭ પ્રતિઓ તો મારા સંગ્રહમાં જ છે. એકમાં એના રચયિતા તેમના શિષ્ય સાધુસોમ પણ લખેલ છે.

સુવર્ણ-પુરુષ અને જૈન સાહિત્ય

લેખક. પ્રો. શ્રીયુત હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

'ચમત્કારને:નમસ્કાર' એ લોકોક્તિ જેટલી સાચી છે એટલી જ સાચી—બલ્કે એથી વિશેષતઃ સાચી વાત ધનાઢ્યમાં ધનાઢ્ય બનવાની, અખૂટ સંપત્તિના સ્વામી બનવાની તીવ્ર અભિલાષાની હોય છે. આને લઈને જાતજાતની કલ્પનાઓને લોક-સાહિત્યમાં—કથા-સાહિત્યમાં સ્થાન મળ્યું છે. જૈન સાહિત્ય એના કથા-સાહિત્ય માટે અને પ્રાકૃત જનતા તરફના એના સદ્ભાવને માટે સુપ્રસિદ્ધ છે. આથી એમાં 'ભારંડ' અને 'મા-સાહસ' જેવા વિલક્ષણ પક્ષીઓ વિષે, પાંચ દિવ્યો વિષે, રત્નકંબલ વગેરે અદ્ભુત વસ્તુઓ વિષે, સિદ્ધરસ અને રસકૂપ વિષે તેમજ ચિત્રાવલી જેવી ભાનભાનની અલૌકિક ઔષધિઓ વિષે ઉલ્લેખો જોવા મળે છે. 'સુવર્ણપુરુષ' એ પણ આ પ્રકારની મનોદશાનું એક ફળ છે અને વિવિધ જૈન કથાઓમાં એનું વર્ણન મળે છે.

'સુવર્ણ-પુરુષ' એટલે 'સોનાનો પુરુષ' એવો અર્થ સ્ફુરે તેમ છે, પણ એથી કંઈ એને અંગે જે વિશિષ્ટ બાબત જૈન કથાઓમાં જોવાય છે તે ખ્યાલમાં ન આવે, આથી 'નવકાર' (નમસ્કાર) મંત્રના પ્રભાવને સૂચવનારી અને જિનદાસગણિએ રચેલી મનાતી **આવસ્સય ચુણ્ણિ** (ભા. ૧, પત્ર ૫૮૯) માં અપાયેલી કથા અહીં રજૂ કરું છું—

એક શ્રાવક હતો એનો પુત્ર ધર્મ ગ્રહણ કરતો ન હતો. આથી એના પિતાએ એ પુત્રને 'નવકાર' શિખવ્યો અને કહ્યું કે જ્યારે બીક લાગે ત્યારે આ નવકારનો પાઠ કરજે.

કાળાંતરે પેલા શ્રાવકનું અવસાન થયું, અને એનો પુત્ર દુનિયાદારીમાં ભાગ લેવા લાગ્યો. એક દિવસ એના ઘર આગળ એક પરિવ્રાજક—ત્રિદંડી આવ્યો અને ત્યાં વસ્યો. પેલા શ્રાવક-પુત્રને આની સાથે દોસ્તી બંધાઈ.

એક વેળા ત્રિદંડીએ એને કહ્યું: જો તું અખંડ અને નગ્રણિયાનું શબ લાવે તો હું તને ધનાઢ્ય બનાવું. એ ઉપરથી શ્રાવક-પુત્રે એની શોધ કરી અને કહ્યા પ્રમાણેનું શબ મેળવ્યું. પછી એ શબ તેમજ બીજી કેટલીક સામગ્રી લઈને એ અને ત્રિદંડી સ્મશાનમાં ગયા.

ત્રિદંડીએ આ શ્રાવક-પુત્રને શબની સામે બેસાડ્યો, અને એણે શબના હાથમાં તરવાર આપી. પછી એ વિદ્યાનું સ્મરણ કરવા લાગ્યો. એવામાં વેતાલે ઊઠવા માંડ્યું. એ જોઈને શ્રાવક-પુત્ર બીન્યો અને એણે 'નવકાર' ગણવા માંડ્યા. આથી વેતાલ પડી ગયો. ત્રિદંડીએ ફરી જાપ શરૂ કર્યો અને ફરીથી વેતાલ ઊઠ્યો. શ્રાવક-પુત્રે ફરીથી 'નવકાર' ગણવા માંડ્યા અને વેતાલ ફરીથી પડ્યો. આથી ત્રિદંડીએ શ્રાવક-પુત્રને પૂછ્યું: તું કંઈ જાણે છે? શ્રાવક-પુત્રે ના પાડી. આ પ્રકરણ લાંબો વખત ચાલવાથી વાનવ્યંતર ગુસ્સે થયો અને એણે ત્રિદંડીના બે કટકા કરી નાંખ્યા. (તેમ થતાંવેંત) સુવર્ણકોટિનો ઉદ્ભવ થયો. એનાં અંગોપાંગ પૃથક્ પૃથક્ કરતાં એ શ્રાવક-પુત્ર ધનાઢ્ય થયો. જો એણે 'નવકાર' ન ગણ્યો હોત તો વેતાલ એને મારી નાખત અને (ત્રિદંડીને બદલે) એ સુવર્ણમય બનત.

આવસ્સયની નિજ્જુત્તિ (ગા. ૧૦૧૨) માં આ 'ત્રિદંડી' નો નિર્દેશ છે. એને લક્ષીને ઉપર્યુક્ત ચુણ્ણિમાં આ કથા અપાઈ છે. હરિભદ્રસૂરિએ **આવસ્સય**ની ટીકા (પત્ર ૪૫૨અ-આ) માં આ જ કથા કંઈક ફેરફાર સાથે આપી છે. ફેરફાર એ છે કે ત્રિદંડી ત્રીજી વાર જાપ જપે છે અને શ્રાવક-પુત્ર ફરીથી 'નવકાર' ગણે છે એટલી વાત અહીં વધારે છે

ચુણ્ણિમાં '**સુવણ્ણા ખોડી જાતા**' એમ કહ્યું છે, જ્યારે આ ટીકામાં '**સુવન્નખોડી જાઓ**' એમ છે.

આ સુવર્ણપુરુષના સંબંધમાં એમ કહેવાય છે કે રાત્રે એનાં અવયવો છેદાતાં બીજે દિવસે એ પાછાં ઊગે છે, અને આમ થવાથી સુવર્ણપુરુષ જેને મળ્યો હોય તેનું ધન અઢળક અને અખૂટ બને છે.

મેરુતુંગસૂરિએ વિ. સં. ૧૩૬૧ માં રચેલા **પ્રબન્ધચિન્તામણિ**ના પ્રથમ પ્રકાશના પ્રારંભમાં **વિક્રમાદિત્ય**નો પ્રબન્ધ છે. એમાં એને 'સુવર્ણપુરુષ' પ્રાપ્ત થયાની વાત કહી છે. આ પ્રસંગ આ મુજબ છે :—એક વેળા ઉજ્જૈનમાં વસનારા દાન્ત શેઠે મોટો મહેલ બંધાવ્યો અને ઉત્સવ કરી એ એમાં રહેવા ગયો. રાતે 'પડું છું' એવો એકાએક અવાજ સાંભળી એ બીન્યો, અને 'પડીશ નહિ' એમ એ બોલ્યો. બીજે દિવસે એ વિક્રમાદિત્યને મળ્યો. આ રાજાએ એને ત્રણ લાખ (દ્રમ્મ) આપી એની પાસેથી મહેલ ખરીદ્યો. રાતે એ રાજા નિરાંતે સૂતો. એવામાં 'પડું છું' એવી વાણી સાંભળતાં 'જલદી પડ' એમ એણે કહ્યું. કહેતાવેંત 'સુવર્ણપુરુષ' પડ્યો, અને રાજાને આમ સુવર્ણની સિદ્ધિ થઈ.

આ કથાની તુલના માટે જૈન **સિંહાસનદ્વાત્રિંશિકા** વગેરે જોવાં ઘટે.

હેમહંસગણિએ વિ.સં ૧૫૦૦ માં **નમસ્કાર-બાલાવબોધ** રચ્યો છે. અને એ **પ્રાચીન ગૂજરાતી ગદ્યસંદર્ભમાં** છપાયો છે. એના ૧૬૪ મા પૃષ્ઠમાં શિવકુમારની જે કથા છે તેમાં સુવર્ણપુરુષનો ઉલ્લેખ છે.

સુવર્ણપુરુષ સંબંધી કોઈ કોઈ કથામાં બત્રીસ લક્ષણોથી લક્ષિત અને અખંડિત દેહધારી પુરુષને જીવતો હોમી દેવાની અને એનો દેહ સુવર્ણમય બની જતાં એ દ્વારા 'સુવર્ણ-પુરુષ'ની પ્રાપ્તિ થવાની વાત પણ આવે છે. આ ઉપરથી જૈન સાહિત્યમાંથી સુવર્ણપુરુષ વિષે શી માહિતી મળે છે તે સમજાયું હશે એટલે હવે આપણે આના સંતુલનાર્થે અજૈન સાહિત્ય તરફ નજર કરીશું.

સુવર્ણકળશ—ઈ. સ. ૯૦૦ ની આસપાસમાં નારાયણે **હિતોપદેશ** રચ્યો છે. એમણે આ **હિતોપદેશના** (૧) મિત્રલાભ, (૨) સુહૃદ્-ભેદ, (૩) વિગ્રહ અને (૪) સંધિ એમ ચાર પ્રકરણો પાડ્યા છે. આની રચના **પંચતંત્ર** તેમજ એ જાતના બીજા ગ્રંથોને આધારે કરાયાનું **નારાયણે** પ્રારંભમાં કહ્યું છે. "વિગ્રહ"ની નવમી કથા 'ચૂડામણિ ક્ષત્રિય અને લોભિયા હજામની" છે એ અત્ર પ્રસ્તુત છે. એનો પ્રારંભિક ભાગ "સુવર્ણકળશ"ની હકીકત પૂરી પાડે છે. એ આ મુજબ છે:— અયોધ્યામાં ચૂડામણિ નામનો એક ક્ષત્રિય રંક્નો હતો, તેણે ધનની ઈચ્છાથી **શિવનું** મહાકષ્ટ વેઠીને લાંબા વખત સુધી આરાધન કર્યું. આથી એનું પાપ નાશ પામતાં **શિવની** આજ્ઞાથી યક્ષેશ્વરે એટલે કે કુબેરે એને સ્વપ્નમાં દર્શન દીધું અને આદેશ કર્યો કે આજે તું સવારે ક્ષૌર (અર્થાત્ મૂછ સહિત મુંડન) કરાવજે અને પછી હાથમાં લાકડી લઈ ઘરમાં ગુપ્ત રીતે બેસજે. એવામાં તને તારા આંગણામાં ભિક્ષુ આવેલો જણાશે. એને તું લાકડી વડે ખૂબ જ પ્રહાર કરી મારી નાંખજે. તેમ થતાં એ ભિક્ષુ "સુવર્ણકળશ" બની જશે, એ કળશથી તું જીવતાં સુધી સુખમાં રહીશ. પેલા ક્ષત્રિયે યક્ષેશ્વરના કહ્યા મુજબ કર્યું અને એને સુવર્ણ-કળશની પ્રાપ્તિ થઈ. એક લોભિયા હજામે એ ક્ષત્રિયનું અનુકરણ કર્યું. એથી તો રાજપુરુષોએ ભિક્ષુની હત્યા કરવા બદલ એને મારી નાંખ્યો.

આમ અહીં સુવર્ણપુરુષને બદલે "સુવર્ણકળશ"ની કથા છે. આવી કોઈ કથા અભારતીય સાહિત્યમાં છે કે નહિ તેની તપાસ થવી ઘટે.



બૌદ્ધ યાત્રિક

લેખક : **પૂજ્ય મુનિરાજ શ્રીજ્ઞાનવિજયજી (ત્રિપુટી)**

તીર્થયાત્રા એ ભારતની પ્રાચીનતમ સંસ્કૃતિ છે. બૌદ્ધધર્મ હિંદની બહાર ગયો. ત્યાં આ સંસ્કૃતિને સાથે લેતો ગયો. આથી ચીન વગેરે દેશના બૌદ્ધ ભિક્ખુઓ તથા ગૃહસ્થો ભારતમાં ઘણીય વાર આવ્યા છે. ઇતિહાસપ્રેમીઓ અને સંશોધકો માટે તે નામો બહુ કામનાં છે. તેથી તેઓ-માંના કેટલાએકની યાદી નીચે આપુ છુ.

૧. **ફાહિયાન** ઈ. સ. ૪૦૦ થી ૪૧૪, ૨. તાવસુંગ, ૩. તોયિંગ ઈ. સ. ૫મી સદી, ૪. **સુંગયુંગ** અને હુઈસાંગ, ૫. **સૂએન ચાંગ** ઈ. સ. ૬૨૯ થી ૬૪૪, ૬. હુઈની (બીજું નામ આર્યાવર્ત) ઈ. સ. ૬૨૮ થી ૬૪૪ નાલંદામાં મૃત્યુ, ૭. સૂએનચિઉ ઈ. સ. ૬૬૪ ભારતમાં મૃત્યુ, ૮. સએનલાઈ (સર્વ જ્ઞાનદેવ) ઈ. સ. ૬૫૦, ૯. ચાઉહી (શ્રીદેવ) ભારતમાં મૃત્યુ, ૧૦. સીપીનઃ ઈ. સ. ૬૬૪. ભારતમાં મૃત્યુ, ૧૧. **ઈત્સીંગ** ઈ. સ. ૬૭૩, ૧૨. બુદ્ધધર્મ ઈ. સ. ૬૭૩, ૧૩. બે ભિક્ખુઓ, ૧૪. તાઉફાંગ, ૧૫. ચંદ્રદેવ ઈ. સ. ૬૪૯, ૧૬. ઉંગપો (મતિસિંહ,) ૧૭. સએનહુઈ, ૧૮. લુંગ. ગાંધારમાં મૃત્યુ, ૧૯, મિંગયુએન, ૨૦. વાનકી, ૨૧. મોક્ષદેવ ભારતમાં મૃત્યુ, ૨૨. કુઇચુિગ રાજગૃહીમાં મૃત્યુ, ૨૩. સીનચિઉ (ચરિતવર્મા) પંજાબમાં મૃત્યુ, ૨૪. દીપભિકખુ કુશનગરમાં મૃત્યુ, ૨૫. સઘવર્મા, ૨૬. વાનયુન કલિંગમાં મૃત્યુ, ૨૭. ઈહુઈ, ૨૮. ત્રણ યાત્રિક—ઉદ્યાનમા મૃત્યુ, ૨૯. હુઈલુન (પ્રજ્ઞાવર્ગ) ૩૦. તાવલીન (શીલપ્રભ) ૩૧. તાનકવાંગ. ૩૨. સએનતા, ૩૩. સેનહિગ, ૩૪. લિગવાન ૩૫. સેગથી, ૩૬. સિ. જિ. ૩૭. ઊહિંગ વગેરે વગેરે.

આ અને બીજા અનેક બૌદ્ધ યાત્રિકો ભારતમાં આવ્યા હતા. તે દરેક બૌદ્ધતીર્થોનાં તથા બૌદ્ધ સાહિત્યનાં દર્શન તથા પ્રાપ્તિ માટે આવ્યા હતા. તેઓમાંના ફાહિયાન, તાવસુંગ, સુંગયૂન–હુઈસાંગ, સએનચાંગ અને ઈત્સિંગે પોતાની યાત્રાનાં વર્ણનો લખ્યાં છે, જેમાં મોટે ભાગે બૌદ્ધતીર્થો અને બૌદ્ધ બાબતોનાં વર્ણનો છે. ઘણે સ્થાને અતિશયોક્તિવાળું લખાણ પણ છે. તેમાં જૈનધર્મ કે વૈદિક ધર્મ કે આજીવક વગેરે બીજા ધર્મો માટે કંઈ ઉલ્લેખ નથી. વિરોધી ધર્મો અંગે ઘસાતું લખ્યુ હોય તે આધારે આપણે કઈ અનુમાન કરી શકીએ. એટલે તત્કાલીન ધર્મો પર તે વર્ણનો કોઈ પ્રકાશ પાડતાં નથી. તે વર્ણનોમાંથી ભારતની તત્કાલીન સામાન્ય પરિસ્થિતિ તથા સંસ્કૃતિનો આછો ખ્યાલ મળી શકે છે. એટલે અંશે એ વર્ણનો ઉપયોગી ખરાં. એવા થોડાએક નમૂના નીચે આપુ છુ:

શ્રીયુત વિશ્વેશ્વરનાથ રેઉ જણાવે કે, ફાહિયાન ચીનનો વતની હતો. તે બૌદ્ધધર્મ અને તેનાં સાહિત્ય માટે જ ભારતમાં આવ્યો હતો. એ સમયે અહીં દરેક ચીજો ઘણી સસ્તી હતી, માત્ર કોડીઓથી જ કામ ચાલી શકે તેમ હતું. તે સમયના રાજાઓ દરેક ધર્મ પ્રત્યે પ્રેમભાવ રાખતા હતા. કોઈ પણ હિંદી **જીવહિંસા**, મદ્યપાન કે લસણ, ડુંગળીનું ભક્ષણ કરતો ન હતો, ત્યારે અહીં સૂઅર કે કુકડા પળાતા ન હતા, પશુઓ વેચાતાં ન હતાં, મદ્યની દુકાનો ન હતી. માત્ર ચાંડાલો માંસ ખાતા ને વેચતા. ત્યારે વિશાલા લિચ્છવીઓની રાજધાની મનાતી હતી. જાવામાં વૈદિકધર્મ હતો, વગેરે વગેરે. આ લખાણ ઉપરથી ભારતમાં ત્યારે અહિંસાધર્મનો કેવો પ્રભાવ હતો તે સહેજે તારવી શકાય તેમ છે.

સુંગયુનના યાત્રાવર્ણનથી માલૂમ પડે છે કે, તે સમયે ખુતનમાં ભારતીય સંસ્કૃતિ હતી, યારકંદવાળા જીવહિંસાને સારી માનતા હતા. સોયાંગમાં વર્ષગણતરી કરતાં મહિનાઓની વૃદ્ધિ મનાતી હતી, યેથાવાળા બૌદ્ધધર્મ પ્રત્યે આદરવાળા ન હતા પણ માંસાહારી હતા. ગાંધારનો રાજા **મિહિરગુલ** બૌદ્ધ ધર્મનો કટ્ટર વિરોધી હતો. ઇતિહાસ આ રાજાને આ૦ હરિગુપ્તસૂરિ (હારિલસૂરિ) નો ભક્ત માને છે. એ રાજાએ સુંગયુનનો સત્કાર વગેરે કર્યાં ન હતાં, જ્યારે સુંગયુને પણ તેને ક્રોધી ક્રૂર વગેરે વિશેષણોથી નવાજ્યો છે. આજના લેખકો આ લખાણના આધારે મિહિરગુલને ક્રૂર માની બેઠા છે તે ભૂલ છે. સંભવ છે કે, તે સમયે ચીનમાં સિંહ નહીં હોય. પેશાવરની પ્રજા સત્યપરાયણ અને ધર્મપ્રેમી હતી. નગરમાં એક મંદિર હતું, જેને લોકો સંપ્રતિનું મંદિર કહેતા.* ધર્મી પુરુષો એમાં બેઠા રહે છે અને તેનો સત્કાર સામાન્યજન ખૂબ કરે છે. વગેરે વગેરે.

શ્રીયુત રેઉજી સૂએનમાટે લખે છે કે—તેનો બૌદ્ધધર્મ પ્રત્યે બહુ મમતા હતી, તે **મિહિરગુલને** બૌદ્ધ ધર્મનો કટ્ટર શત્રુ માને છે. અને એનો વિજેતા તરીકે બૌદ્ધધર્મી રાજા બાલાદિત્યને ગોઠવી દે છે. પરતુ તેનો વિજેતા રાજા **યશોવર્મ** હોવાનો વધુ સંભવ છે. તે ગૌડદેશના રાજા શશાંકદેવને પણ બૌદ્ધધર્મનો કટ્ટર શત્રુ માનતો. શશાંકદેવે બૌદ્ધગયાના બોધિવૃક્ષને બાળી નાખ્યું, બૌદ્ધ શિલા તોડી નાખી, બૌદ્ધ મઠો તોડી પાડ્યા, બૌદ્ધભિક્ષુઓને ત્રાસ આપ્યો. સૂએનચાંગ બૌદ્ધરાજા હર્ષવર્ધનની પ્રશંસા કરે છે. શિલાદિત્યે સૂએનચાંગની હાજરીમાં ઈ. સ. ૬૪૩ લગભગમાં એક મોટું 'ધર્મ સમ્મેલન' મેળવ્યું હતું, જેમાં ૪૦૦૦ બૌદ્ધ ભિક્ખુ, ૩૦૦૦ જૈન શ્રમણ અને બ્રાહ્મણોએ હાજરી આપી હતી, ધર્મચર્ચાઓ કરી હતી. રાજાએ તે દરેકનો ખૂબ સત્કાર કર્યો હતો. તમને દાન આપ્યુ હતુ, વગેરે વગેરે.

તાવસુંગના યાત્રાવિવરણમા ખાસ વિશેષ બીનાઓ નથી જ્યારે ઇત્સિંગનું યાત્રાવિવરણ મોટે ભાગે બૌદ્ધસાહિત્યના વિવેચનમાં જ રોકાયું છે.

આ રીતે બૌદ્ધ યાત્રિકોએ યાત્રાવર્ણનો લખ્યાં છે જેમાં તત્કાલીન ભારતની સામાન્ય સ્થિતિ અને બીજા ધર્મોની બહુ અલ્પ નોંધો મળી શકે છે.

જૈનમુનિઓએ પણ જૈનતીર્થોના યાત્રાવર્ણનો લખ્યાં છે. તે અંગે તીર્થકલ્પ, સંઘરાસો અને તીર્થમાલાઓ પુષ્કળ મળે છે. ખાસ કરીને સીંઘીગ્રંથમાલાનો "તીર્થકલ્પ" શ્રીયશોવિજયજી ગ્રંથમાલાની "જૈન તીર્થમાલા" અને શ્રીચારિત્રવિજયજી ગ્રંથમાલાનો "જૈન-તીર્થોનો ઇતિહાસ" વાંચવાથી એ વર્ણનોની મહત્તાનો ખ્યાલ આવી શકે છે; જેમાં તે તે કાળની પરિસ્થિતિ, ઇતિહાસ, ભૂગોળ અને વિશેષ બીનાઓનો રોચક ખ્યાલ સાંપડે છે.

---

* મૌર્યસમ્રાટ સંપ્રતિનાં સંપ્રતિ, સંપદિ, સંગતિ, સગત અને ઇન્દ્રપાલિત એમ ઘણાં નામો મળે છે. સુંગયુન પેશાવરના મંદિરને **સાંગતેઃ** (સંપ્રતિનું) તરીકે ઓળખાવે છે એટલે એ જૈન મંદિર છે. સંપ્રતિનો પુત્ર સૌભાગ્યસેન પેશાવરનો સૂબો હતો. ત્યારે ત્યાં ઘણા જિનમંદિરો બન્યાં હતાં. (સૌભાગ્યસેન માટે જુઓ અમારી "તક્ષશિલા" નામની પુસ્તિકા)

સુંગયુનના યાત્રાવિવરણના ભાષાંતરકાર અંગ્રેજ બીલ સાહેબ લખે છે કે—"**સાંગતેઃ** શબ્દથી સંઘનું મંદિર સમજવું" આજે પંજાબમા સગત શબ્દથી શિખોનું મંદિર સમજાય છે જગનમોહન વર્માજી લખે છે કે, ફાહિયાન લંકામાં ગયો ત્યારે તેણે આવા ધર્મસ્થાનો ઘણા પ્રમાણમાં જોયાં હતાં.

સામાન્ય રીતે કેટલા એક અંગ્રેજો અને તેને જ આધારભૂત માનનારા હિંદીઓ કોઈ પણ પ્રાચીન વસ્તુ નજરે પડે કે તેને બૌદ્ધના નામે ચડાવી દે છે પણ હવે સૌનુ ધ્યાન એ તરફ છે કે, જૈનોના સ્તૂપો, વિહારો, મંદિરો બૌદ્ધોની પહેલાંનાં હતાં, જે આજે પણ મળે છે. (જુઓ, તક્ષશિલા)

સ્યાદ્વાદ

લેખક : પૂજ્ય પં. શ્રીધુરંધરવિજયજી ગણિવર

૦

વિશ્વમાં અનેક વાદો છે ને તે સર્વને પોતાનું વ્યક્તિત્વ પણ છે. વ્યક્તિત્વ જેનું જેટલું પ્રબળ હોય તેટલું તેનું જીવનતત્ત્વ પ્રબળ હોય, અને વ્યક્તિત્વ નિર્બળ હોય તો તે વાદ લાંબો વખત જીવી શકતો નથી.

વાદમાંથી વિવાદ જન્મે અને તેમાંથી વિખવાદ જન્મે એ સિદ્ધ વસ્તુ છે પણ એ સિદ્ધ વસ્તુ સદાકાળ સર્વત્ર બને એવું નથી. વાદમાંથી સંવાદ અને તેમાંથી તત્ત્વનો બોધ જન્મે એ પણ વાદનું અભીપ્સિત છે. વાદમાંથી વિવાદ અને વિખવાદ જન્માવવા માટે વિશિષ્ટ શિક્ષણ કે યત્નની આવશ્યકતા નથી રહેતી પણ સંવાદ અને તત્ત્વબોધ માટે ખાસ પ્રયત્નો અને શિક્ષણ લેવાની જરૂર રહે છે.

સર્વ સુન્દર ફલ લાવવામાં વાદનાં જે અંગો ઉપયોગી છે તેમાંનું એક અતિ અગત્યનું અંગ 'સ્વાદ્વાદ' છે 'સ્યાદ્વાદ' ને યથાર્થ સમજનાર વાદમાંથી સંવાદ અને તત્ત્વબોધ સહેલાઇથી પામી શકે છે. વિવાદ અને વિખવાદના રસિયાઓને સ્યાદ્વાદ તરફ રુચિ ન હોય એ સહેજે સમજી શકાય એવું છે પણ જેઓ સંવાદ અને તત્ત્વબોધની અભિરુચિવાળા છે તેઓ સ્યાદ્વાદને તેના યથાર્થ સ્વરૂપમાં સમજ્યા બાદ તેને કદી પણ છોડી શકવાના નહિ.

સંવાદ અને તત્ત્વબોધને ઇચ્છનારા પણ સ્યાદ્વાદને સમજ્યા સિવાય તેને ઘણી વખત અન્યાય કરી બેસે છે અને તેથી તેઓની સારી ઇચ્છાઓ પણ બર આવતી નથી. ઊલટું ઘણી વખત એ ઇચ્છાઓ વિપરીત પરિણામ લાવે છે. માટે તેવી સારી ઇચ્છાવાળા સમજુ માણસોને સ્યાદ્વાદ સમજવાની ખાસ જરૂર છે.સ્યાદ્વાદ ને સમજવા માટે નીચે સૂચવ્યા પ્રમાણેની કેટલીક માનસિક સ્થિતિ કેળવવી આવશ્યક છે.

(૧) "'સ્યાદ્વાદ' એ સંદિગ્ધવાદ છે" એવો પૂર્વગ્રહ ન જોઈએ.

(૨) "'સ્યાદ્વાદ' એ ફદી, દૂધિયો છે" એ વિચાર મનમાંથી દૂર કરવો ઘટે.

(૩) "'આ પણ સાચું અને તે પણ સાચુ' એ પ્રમાણે સ્યાદ્વાદની માન્યતા હોવાથી કોઈ એક નિર્ણય થઈ શકતો નથી." એવી માન્યતા ખોટી છે. મનમાં જો એ માન્યતા પેસી ગઈ હોય તો તે દૂર કરવી જોઈએ.

(૪) જૈન દર્શનનો સ્યાદ્વાદ છે એમ માનીને તે વાદને એક પક્ષનો સમજી લેવો એ વ્યાજબી નથી.

(૫) 'સ્યાદ્વાદ' એ અસંભવિત વાદ છે. એ શકચ જ નથી. એવી ભ્રમણા છોડી દેવી.

આ પાંચ અને તેને મળતી બીજી પણ ગેરસમજો દૂર થાય એટલે સ્યાદ્વાદ સમજવાની યોગ્યતા પ્રાપ્ત થાય છે. જ્યાં સુધી યોગ્યતા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી તે સમજવા માટે કરવામાં આવતા પ્રયાસો અફળ બને અથવા પૂર્વોક્ત ગેરસમજોમાં ઊમેરો કરે છે.

'સ્યાદ્વાદ' એ બે શબ્દો મળીને એક શબ્દ બનેલો છે. તેમા એક '**સ્યાત્**' શબ્દ છે અને બીજો '**વાદ**' શબ્દ. '**વદ્**' કહેવું ધાતુથી વાદ શબ્દ બન્યો છે, તેનો અર્થ કથન કરવું, વચન–વ્યવહાર કરવો એ પ્રમાણે થાય છે.

'સ્યાત્' અસ્ ધાતુનું રૂપ નથી પણ વિભક્તિ–પ્રતિરૂપક અવ્યય છે. તે સ્વતંત્ર અવ્યયનો અર્થ કથંચિત્ સાપેક્ષભાવ થાય છે. સ્યાત્ પૂર્વકનો જે વાદ તે સ્યાદ્વાદ: એ સ્યાદ્વાદનો વ્યુત્પત્તિ અર્થ છે. પરસ્પર વિરુદ્ધ પદાર્થોને એકમાં સમાવેશ કરાવનાર જે વાદ તે સ્યાદ્વાદ છે એ સ્યાદ્વાદનો રહસ્યાર્થ છે.

જે પદાર્થો પરસ્પર વિરુદ્ધ હોય છે તે એકત્ર–એક સ્થળે સાથે રહી શકે જ નહિ અને એકમાં સાથે રહેતા હોય તે વિરુદ્ધ ન હોય એવી માન્યતા વિશ્વમાં મોટે ભાગે પ્રવર્તતી હોય છે. એટલે એ વિચારકો પરસ્પર [illegible] સ્યાદ્વાદનો વિચાર અસંગત અને અસંભવિત લાગે છે. પણ તાત્ત્વિક દૃષ્ટિએ [illegible] પોતાના પૂર્વગ્રહ છે માટે ઘણા ખેદ ઉપજે એવું બને છે.

વસ્તુત: સ્યાદ્વાદથી વસ્તુમાત્રમાં પરસ્પર વિરોધી ભાવોનું દર્શન સ્પષ્ટ થાય છે. કોઈ પણ પદાર્થ એવો નથી કે જેમાં વિરોધી ભાવની સ્થિતિ ન હોય. વિશ્વમાં એક પણ પદાર્થ એવો નથી કે જેમાં એક જ સ્વરૂપ [illegible] માટે વ્યક્તિ માત્રને આશ્રયીને રહેલું હોય. એકથી બીજું સ્વરૂપ એક જ પદાર્થમાં આવે એટલે તે બન્ને સ્વરૂપો વિરુદ્ધ છે એ નિશ્ચિત છે. કોઈ પણ બે સ્વરૂપો એવા નથી કે જે પરસ્પર વિરોધી ન હોય. જો પરસ્પર વિરોધ જેવું જરી પણ ન હોય તો તે સ્વરૂપો બે નથી પણ એક જ છે. એક નથી ને બે છે, એમ જ સમજાવે છે કે બન્નેમાં જુદાપણું કરનાર વિરોધી તત્ત્વ છે.

એ પ્રમાણે વિચારધારા વિકસિત કરવામાં આવે ત્યારે વિશ્વમાં વિરોધી સ્વરૂપો તો ગણતરી ન થઈ શકે તેટલાં છે અને તે સર્વે પદાર્થમાત્રમાં મળી શકે છે, એમ સમજી શકાય છે. સર્વ વિરોધી સ્વરૂપોનું પૂર્ણ જ્ઞાન તો કેવળજ્ઞાન સિવાય અસંભવિત છે. છતાં શક્તિની મર્યાદા પ્રમાણે તે તે સ્વરૂપો જાણી શકાય છે.

કોઈ પણ પદાર્થનાં રહેલા અનંતાનંત સ્વરૂપોમાંથી એક પણ એક સ્વરૂપ સર્વને એકસરખું ઉપયોગી કે અનુપયોગી નથી કે [illegible] એકને એ ઉપયોગી હોય તો અન્યને તે અનુપયોગી હોય છે. જે વ્યક્તિને તે એક સ્વરૂપ ચાલુ પ્રસંગમાં ઉપયોગી હોય છે તે જ વ્યક્તિને લાભવાર પછી તે જ સ્વરૂપ અનુપયોગી થઈ જાય છે.

રક્ષણને માટે ઉપયોગમાં આવતું શસ્ત્ર જેનું રક્ષણ કરે છે તેને ઈષ્ટ છે પણ જેનાથી રક્ષણ કરે છે તે સચેતનને તે ઈષ્ટ નથી. એકને સુખ આપનાર અને બીજાને દુ:ખ આપનાર એમ એક જ વખતે એક જ શસ્ત્ર બને છે.

શસ્ત્રની જેમ વસ્તુમાત્રમાં વિરોધી વિવિધ ધર્મો એકસાથે એક જ વખતે રહી શકે છે.

તે સર્વ ધર્મોમાંથી પોતાના ઉપયોગિના વિચારથી ઈષ્ટ ધર્મો અને અનિષ્ટ ધર્મોની પકડ પકડીને અનન્તજ્ઞ જનો વસ્તુને ઈષ્ટ અને અનિષ્ટ એકાંતે માને છે ને કહે છે.

[અનુસંધાન પૃષ્ઠ : ૬૩ જુઓ.]

મહાકોસલમાં જૈનમૂર્તિઓ

લેખક : **શ્રીયુત મોહનલાલ દીપચંદ ચોકસી**

જૈન સમાજમાં પુરાતત્ત્વ અને શોધખોળના કાર્યમાં જ કેટલાક મુનિરાજો રસવૃત્તિ ધરાવે છે એમાં યુવાન મુનિ શ્રી**કાન્તિસાગરજી**નું નામ આગળની હરોળમાં આવે તેવું છે. ખરતરગચ્છના પૂજ્ય ઉપાધ્યાય **શ્રીસુખસાગરજી** મહારાજના તે શિષ્ય છે અને 'જૈન સત્ય પ્રકાશ'મા અવારનવાર તેમની વાનગી વાંચકોને મળતી પણ રહી છે. આમ છતાં હિંદી માસિકોમાં તેમના અભ્યાસપૂર્ણ લેખો સવિશેષ દૃષ્ટિગોચર થાય છે. સાધુધર્મના પાલનમાં પાદવિહાર અગ્રપદે છે અને એ રીતે વિચરનાર એક જૈન સાધુ ધારે તો પોતાના વિહાર પ્રદેશમાંથી સંયમ માર્ગની આરાધનામાં તત્પર રહીને કેવું સુન્દર કાર્ય કરી શકે છે એ વાત તાજેતરમાં પ્રગટ થયેલા **'ખડેરોનો વૈભવ'** (**खण्डहरोंका वैभव**) નામક ૪૩૬ પાનાના દળદાર સચિત્ર ગ્રંથમાંથી જાણી શકાય તેમ છે.

ગૂજરાત અને સૌરાષ્ટ્રના ક્ષેત્રોમાં પણ આપણી પૂર્વકાલીન-ઐતિહાસિક સામગ્રી ભૂગર્ભમાં દટાયેલી અને સંરક્ષણના અભાવે વિખરાયેલી પડી છે. ખોદકામ આદિના સંયોગે એ બહાર આવતી જાય છે અને એ ઉપર અભ્યાસી જૈનેતર વિદ્વાનોની કલમ કંઈ લખે છે ત્યારે જ આપણને એ સંબંધી ખબર પડે છે. આ સંબંધમાં 'અકોટા'માંથી પ્રાપ્ત થયેલ મૂર્તિઓનો દાખલો તાજો જ છે. ભાઈ શ્રી**ઉમાકાન્તે** એ ઉપર જે પ્રકાશ ફેંક્યો છે એ જૈનધર્મ માટે અને ગૂજરાત માટે ગૌરવ લેવા જેવો પ્રસંગ છે. અફસોસ એટલો કે, આવો-આપણા પૂર્વજોનો-ભક્તિભાવે અને કળાના રસજ્ઞ તરીકે-સર્જાયેલ અણમૂલો વારસો આપણા હાથમાં નથી રહ્યો. સરકારી સંગ્રહસ્થાનમાં એ જઈ પડ્યો છે.

સુષુપ્ત જૈન સમાજને એક રીતે કહીએ તો એની પરવા પણ નથી. ઐતિહાસિક મહત્ત્વના આ યુગમાં કેટલાક મુનિમહારાજો અને જુનવાણી શ્રાવકો હજુ પણ ખંડિત કે કોઈ અંશે જર્જરિત થયેલ મૂર્તિઓને સાગરમાં ભંડારી દેવાની સલાહ આપે છે. શાસ્ત્રની નજરે કદાચ એ મૂર્તિઓ પૂજનીક ન લેખાતી હોય તો પણ હવે એ સર્વનો એક સ્થાને અગર તો ભારતવર્ષના ચાર ખૂણે જુદા જુદા કેન્દ્રોમાં સંગ્રહ થવાની જરૂર છે. મૂર્તિઓના આકાર, પાષાણ અને એ ઉપરના લેખોથી વિદ્વાનો ગતકાલીન ઇતિહાસના અંકોડા જોડી શકે છે. પુરાતત્ત્વના અભ્યાસીઓને મન એ ખંડિત વસ્તુઓ હીરા-મોતીના દાગીના કરતાં પણ વધુ કીમતી હોય છે. પણ આપણી આંખ ક્યારે ઉઘડશે એ એક કોયડો છે. જ્યાં સુધી આ પ્રકારના વૈભવને સાચવવા યોગ્ય સ્થાનો નિર્માણ નહીં કરીએ ત્યાં સુધી વારસો આપણો હોવા છતાં એ આપણને પ્રાપ્ત થવાનો નથી જ. આપણો અવાજ અરણ્યરૂદનરૂપ રહેવાનો છે.

પ્રાસંગિક અંતરના ઉદ્ગાર કહાડી જે ગ્રંથનુ નામ ઉપર સૂચવેલુ છે એના પાના ૩૮ પર '**रत्नकी मूर्तियां**' એ મથાળા હેઠળ કહેવામાં આવેલી વાત રજુ કરું છું:—

'ધનસંપન્ન જૈન સમાજે મૂલ્યવાન રત્નોની મૂર્તિઓ પણ ભરાવેલી છે. જનશ્રુતિ પર **વિશ્વાસ મૂકીએ તો રત્નની મૂર્તિઓનો ઇતિહાસ સર્વથી જૂનો સિદ્ધ થશે. જો કે ઇતિહાસના**

અભ્યાસીને આ વાત ગળે નહિ ઊતરે. પણ આ બાબતના વિચારમાં **શાસ્ત્રીયબિંબોની** વાત બાજુ પર રાખીને કહીએ તો **શ્રીસ્થંભણપાર્શ્વનાથની** પ્રતિમા સર્વથી જૂની ઠરશે. એ હાલ સ્થંભતીર્થ ઉર્ફે ખંભાતમાં મૌજુદ છે. એ રત્ન યાને નીલમ કઈ જાતનું છે તે હજી સુધી પિછાની શકાયું નથી. એ પછી મહાકોસલના આરંગ [જિ. રાયપુર] ગામમાં ઉત્તર ગુપ્તકાલીન રત્નમૂર્તિઓ મળી આવી છે. આજે તે રાયપુરના જૈનમંદિરમાં વિદ્યમાન છે. એમાં વપરાયેલ રત્ન સિરપુરની મૂર્તિઓની જાતનું છે. એનો આકાર અને રચનાકાળ સિરપુરથી પ્રાપ્ત થયેલ ધાતુમૂર્તિઓની સમાન છે. સોમવંશીય રાજાઓના સમયની માનીએ તો એ સંભવિત છે.

મધ્યકાળમાં સ્ફટિક રત્નની મૂર્તિઓ મોટા પ્રમાણમાં ભરાવાતી હતી. રત્નોમાં આ રત્ન એવું છે કે જેની શિલા (ખરડ) અન્યની અપેક્ષાએ વિશાળ હોય છે.

સત્તરમી સદીના લેખવાળી એક મૂર્તિ નાસિકના જૈનમંદિરમાં છે. ગૂજરાતમાં વધુ પ્રમાણમાં જોવાય છે.

પન્ના-હીરા તેમજ પોખરાજની મૂર્તિઓ પણ જોવામા આવી છે. શ્રવણબેલગોલા-કલકત્તા અને બિકાનેર તેમજ અજીમગંજ-જિયાગંજ આદિમાં રત્નની મૂર્તિઓ મોજુદ છે. ભરતરાજે અષ્ટાપદ પર્વત પર ચોવીસે તીર્થંકરોના-પ્રમાણોપેત-બિંબો રત્નનાં ભરાવ્યાં હતાં એ વાત જૈન સાહિત્યના પાના ઉપર આલેખાયેલી છે.

આ તો મંગળાચરણરૂપ હર્ષ ઉપજાવે તેવી શરૂઆત થઈ. હવે પછી એ હિંદી પુસ્તકમાંથી જુદા જુદા ઉતારા રજુ કરી, આપણી બેદરકારીથી પૂર્વજોએ સર્જેલ અણમૂલા વારસાનો કેવો વિનાશ થઈ રહ્યો છે એ બતાવવાની ઇચ્છા છે. દેશ-કાળના એંધાણ પારખી હજુ પણ આપણે વર્ષોજૂની કુંભકર્ણી નિદ્રામાંથી જાગૃત નહીં થઈએ ? સાચી ધર્મપ્રભાવનાના માર્ગો સમજી લઈ પ્રતિવર્ષ જે અઢળક ધન ખરચીએ છીએ એમાથી વધુ નહીં તો ચોથો હિસ્સો પણ આવા મહત્ત્વના કાર્યમા આપવાનો નિર્ધાર નહીં કરીએ ?

[અનુસંધાન પૃષ્ઠ ૬૧થી ચાલુ]

મધ્યમ જનોની પકડ મજબૂત નથી હોતી છતાં તેઓને તે પદાર્થોની સામી બાજુ વિચારવ માટે નુયોગ્ય નથી હોતા. તત્ત્વજ્ઞ જનોની પ્રતિભા પદાર્થ માત્રને અનેક દૃષ્ટિથી વિચારીને તેની ઉપયોગિતા અને અનુપયોગિતાનો પૂરતો વિચાર કરે છે. એ વિચારસરણિ જેમ જેમ ખીલતી જાય છે તેમ તેમ સ્યાદ્વાદ તરફથી સમજણ સ્પષ્ટ થતી જાય છે.

સ્યાદ્વાદ વગર એ વિચારસરણિને ન્યાય મળી શકતો નથી. એ વિચારસરણિના અનુયાયીઓ એક યા બીજી રીતે સ્યાદ્વાદના જ ઉપાસકો છે. આ વિચારસરણિ જેઓની પાસે નથી તેઓને સ્યાદ્વાદ ન ગમે એ સ્વાભાવિક છે પણ જેઓ આ વિચારસરણિવાળા છે તેઓની અનેક ગૂંચ સ્યાદ્વાદ ઉકેલી દે છે. સ્યાદ્વાદથી તેઓ એટલા પ્રસન્ન અને વ્યવસ્થિત બની જાય છે કે તેમનાં મન-વચન અને વર્તનના સર્વ પ્રકારો સુવ્યવસ્થિત અને નિયંત્રિતપણે ચાલે છે.

સ્યાદ્વાદ પણ સર્વ વાદો ઉપર જે પ્રભુત્વ ભોગવે છે, તેનાં પ્રધાન કારણો પણ તેની આ વ્યવસ્થા શક્તિ છે તે છે. એ સ્યાદ્વાદ સદા વિજયવંત વર્તે એ કાંઈ અદ્ભુત નથી. કોઈ પણ વિનાશક તત્ત્વ તેને સ્પર્શી શકતું નથી એટલે સ્યાદ્વાદ સદા જયવંત છે.

श्रीमुनिप्रभसूरि कृत

अष्टोत्तरी तीर्थमाला

संपा० श्रीयुत भँवरलालजी नाहटा

○

जे जग थंभण(व) तिहुयण ताया, तीह जिणेसर पणमीय पाया, काया करिस पवित्त।
तित्थ जि महि मंडलि विक्खाया, पणमइं सुरनर किन्नर राया भुणिसु वंधि ते थुत्त ॥१॥

पहिलउ रिसह नमुं विमलाचलि, नंदीवर्द्धन भंजइ भव भलि, बीजउ भवण पईवउ।
बिहु मूरति गणहरि संजुत्तउ, पुण्य कणक श्रीकलश निरुत्तउ,
पेखि अमीय रस पीवउ ॥ २ ॥

भुवन तिलउ कोल्लापुरि पामी, सोपारइ सिरि जीवित सामी, गूडरु गुपितु जुहारइं।
तिहुअण मंगल कलसु जि पामइं, कासद्रिहि भाविहिं सिर नामइं,
दुग्गइ गमणु निवारइं ॥ ३ ॥

अवझ नयरि सक्किहिं अवतारिय, तक्षशिला बाहुबलि कारिउ बडइ नगरि भरतेसि।
माणिक सामि मदोअरि थापिउ, नगरकोटि अंबाइं आपिउ, राय सुसरमा रेसि ॥ ४ ॥

जूनइगढि जिणु मेइणि मुकुटो, उग्रसेणि थापिउ प्रभु प्रगटो, नंदीवर्द्धन विमले।
अबरवि तित्थ पमुह जे गोमटि, रिसहि अलंकीय ते मन ऊलटि,
कवि पणमउं सिर कमले ॥ ५ ॥

अमीय कुंड जो जीविन सामी, संति जिणह सित्तुंजि सिर नामी,
सफलउ जनमु करेसो।
किक्किंधां लंका हथिणाउरि, नमीउ मंति गामिहि रयणाउरि, दूध जलंजलि देसो ॥ ६ ॥

ऊजलगिरि सिरि नेमि जिणंदह, मदन मूरति सोहग तरु कंदह, सुरनर गाअइं गीत।
कणय बलाणइ नामि अमियनिहि, पांपागढि आठइ पुन्नह निहि,
नमीसराइ अतीत ॥ ७ ॥

खंभनयरि पायालह लिंगो, अरिठनेमि अणहिलपुर रंगो, आरासणि अवतारो।
महुर नयरि सोरीपुर मंडणु, पाडलि पींपलि छइ दुह खंडणु बारवइं भवतारो ॥ ८ ॥

तित्थ अलंकिय जे प्रभु पासिहिं, ते हिव भणिसु चित्त उल्हासिहिं,
नामि सहीय पुण केवि।
थंभण पासनाहु भव भयहरु, करहेडइ सामी उवसगहरु, चरचिसु चंदण लेवि ॥९॥

विभ्व कप्पतरु सामी फलवधि, नमउ नामि अजाहरि नवनिधि,
बेटिहिं घृतकल्लोलो।
मंगलपुर नमिवउ नवपल्लवु, सोवनगिरि समरी सफलउ भवु,
करिवउ कुंकूं लोलो ॥१०॥

नवखंड गामि सामि वेलाउरि, तिहुयण नवइ पासु जीराउलि, सामिजिपुरि चारूपे।
संखेसरि सेरीसे लोडणु, आरासणि अवइ दुह मोडणु, तेन पडइं भव कूपे ॥११॥
वीम गिरिहिं पणमउ सिरि गुपतो, महिंद गिरिहिं छाया फण सपता,
हिमगिरि मंत्रइ राओ।
घंटाकण्णु वीरश्री परवति, महिंद कालु पायालह चक्रवति, ढीली रावण राओ ॥१२॥
ॐकार गिरिहिं सहसप्फणु, कुकुडेसरु मोहइ जग गरु मणु,
कलि गिरि सिरि कलिकुंडो।
अहिछत्ता छइ तिहुयण भाणुं, अंतरीखु श्रीपुरि वरकाणुउं, नागद्रहि नवखंडो ॥१३॥
डाकुलि गामि नमउ भीमेसरु, वाणारसि पुष्करु परमेसरु, चंपां गामि असोगो।
महुराउरि कप्पद्रुम ठाओ, पाटणि पंचासर नउ राओ, फेडइ पावह रोगो ॥१४॥
भणिसु तित्थ हिव वीरह केई, जीवंतइं प्रभि थाप्या चेई, कहीइ जीविनसामि।
देवाहिब्रु हुउ पाटणि वेभइ, कुगति तणा जे पइ बेभय, मालवि भाइल सामि ॥१५॥
महण खत्ती कुंडह गामिहिं, राजग्रहि पावापुरि ठामिहि, देवगिरिहिं गोवाले।
महुअइ मूंडथलइ मड्डाहडि मोढरइ, ब्रह्माणिहि वायडि, संडेरइ श्रीमाले ॥१६॥
पंचासरि सिरि पालीतांणइ, कोरंटइ नाटीयइ दीआणइ, ऊपसे जिणु वीरो।
खेत्र हाथउंडी हरसउरिहिं, वोभापुरि थांदउं साचउरिहिं जिणि जीतउ हम रो ॥१७॥
रिसहु मंति सिरि नेमि कुमारो, पासुवीरु जाणइ ससारो, पंचइ तीरथ सार।
पांचइ पंचेन्द्रिय वसि कार, पंचइ पंच महव्वय धार, पंचमगति दातार ॥१८॥
अवर जिणह बहु तित्थ न जाणउ, एकेक ······· प्रमाणुं, कहीउ करिसु आणंदो।
तारणगढि प्रभु अजिय जिणेसरु, सावत्थी संभवु परमेसरु ' मती अभिनंदो ॥१९॥
सिंहलदीपि सुमति जे पूजइं, पउमप्पह भइनग सवि धूजइ, कोसंबी अवतारो।
महुरा नयरि थूभु सुपासह, चन्दप्पहु जिणु खेत्र प्रभासह, मंडणु ससिहर सारो ॥२०॥
पुष्पदंतु कायंदी मागिहिं, सीतल सामि नमउ सुप्रथागिहिं, मलयाचलि सेयंसो।
वासुपुज्ज नमउं सिर कमलो, चंपा कपिलपुर सिरि विमलो,
अणंतु अवझ अवतंसो ॥२१॥
रयणवाह पुरि सामिउ धम्मो, गजपुर नयरि कुंथु जिण जम्मो, नागउरिहिं अरनाहो।
मिथिला नयरि मल्लि जिणु वंदइ, मुणिसुव्वउ भरुयच्छि छिन्द,
अवझा नमि भय दाहो ॥२२॥
तित्थ सहोय इग जिण इगुणील चउवीसइ हुइं पंचिहिं मीस, पूरइ जगह जगीस।
सम्मेतइगिरि सिरि छइं वीस, अट्ठावइं वंदउं चउवीस, जिम हुइ सहला दीस ॥२३॥
चउवीसहं जिण रचिय रसाल, अट्ठोत्तर सय तित्थहं माल मुनिप्रभसूरि सुढाल।
धरइं जि धरमी कंठि त्रिकाल, सोनइं रूपइं रयणि झमाल, लहइंति लच्छि विसाल ॥२४॥

॥ इति अष्टोत्तरी तीर्थमाला समाप्ता ॥

जैन तीर्थोंके इतिहासके लिए श्वेतांबर जैन विद्वानोंने बहुत बडा साहित्य निर्माण किया है। इनके द्वारा भारतभरके जैन तीर्थोंके इतिहासकी सामग्री बहुत अच्छे परिमाणमें प्राप्त होती है। १३ वीं शतीसे अबतक बराबर तीर्थ-माला, चैत्यपरिपाटी, संघवर्णन एवं ऐतिहासिक स्तवन रचे जाते रहे। ये रचनाएं विविध प्रकारकी हैं और परिणाममें भी बहुत बडी और बहुत छोटी भी हैं। श्वेतांबर जैनोंके सिवाय विश्वमें किसी भी सम्प्रदाय व धर्मके अनुयायियोंने तीर्थोंके संबंधमें इतना विविध एवं विशाल साहित्य निर्माण नहीं किया। पर अभी इनका प्रकाशन बहुत ही कम हुआ है। संग्रहग्रंथ तो अबसे ३२ वर्ष पूर्व विजयधर्मसूरि संपादित 'प्राचीन तीर्थमाला संग्रह' यह एक ही ग्रथ हुआ है। वैसे फुटकर रूपमें कुछ स्वतंत्र ग्रंथ और पत्र-पत्रिकाओंमें भी प्रकाशित हैं। पच्चीस वर्षसे हम जहां कहीं भी ऐसी रचनाएं अवलोकनमें आई-उनके संग्रहका प्रयत्न कर रहे हैं। और एक स्वतंत्र ग्रंथके योग्य सामाग्री संग्रहीत भी हो चुकी है। जिसके लिये प्रकाशककी प्रतीक्षा है।

हमारे उस संग्रहमेंसे एक प्राचीन तीर्थमाला यहां प्रकाशित की जा रही है। जिसमें १०८ स्थानोंके जैन मंदिरोंका महत्त्वपूर्ण उल्लेख है। इनमेंसे बहुतसे स्थानोंका तो अब पता ही नहीं चलता। इस तीर्थमालाके रचयिता श्रीमुनिप्रभसूरि १५ वीं शताब्दीके होनेका संभव हैं। इस तीर्थमालाकी १६ वीं शताब्दीकी लिखित प्रति हमारे संग्रहमें है।

अष्टोतरी तीर्थमाला संज्ञक कृति लोकभाषामें रचित जहां तक ज्ञात है-यह एक ही मिली है। अंचलगच्छीय महेन्द्रसूरिकी 'अष्टोत्तरी तीर्थमाला' प्राकृत भाषामें है और अष्टोत्तरी उसका नाम १०८ गाथाके आसपासकी रचना होनेसे रखा गया प्रतीत होता है। उसमें १०८ तीर्थोंका उल्लेख नहीं है। जिनप्रभसूरिने भी अपने तीर्थकल्पमें चतुराशीति तीर्थोंका एक कल्प दिया है। पर १०८ तीर्थोंके नाम-संग्रहवाली तो यह प्रति एक ही है। पार्श्वनाथके १०८ स्थानोंके नाम गर्भित स्तवन, स्तोत्र अवश्य मिलते हैं। इस तीर्थमालाके पाठ त्रुटित रह गये हैं। अतः अन्यत्र इसकी प्रति प्राप्त हो तो हमें सूचित करते हुए पाठशुद्धि करनेका अनुरोध है.

इस रचनामें उल्लिखित जिन स्थानोंका वर्त्तमानमें पता नहीं चलता उनके संबंधमें अन्य साधनोंके आधारसे विशेष ज्ञातव्य प्रकाशित करना आवश्यक है। श्रीमुनिप्रभसूरि पूर्णिमागच्छमें १३ वीं शताब्दीमें हुए हैं। पर यह रचना उतनी प्राचीन नहीं लगती। अतः इसके रचयिताका भी समयनिर्णय करना है।

एक जैन भंडारसे अपूर्व प्राप्ति

लेखक : डॉ. श्रीयुत बनारसीदास जैन, लुधियाना

भारतीय विद्याके प्रेमियोंको जैन भंडारोंका महत्त्व भली प्रकार विदित है। इनमेंसे कभी ऐसी अपूर्व साहित्यिक और ऐतिहासिक सामग्री निकल पड़ती है जिसके अस्तित्वकी पहले किसीको संभावना तक नहीं होती। ऐसी ही एक अपूर्व वस्तु मुझे जीरा नगर (ज़िला फ़ीरोज़पुर, पंजाब) के यतियोंके भंडारमेंसे प्राप्त हुई है।

जब जीराके यतियोंकी परंपरा विच्छेद हो गई तो उनके भंडारके पूर्ण ग्रन्थ तो साधु मुनिराज ले गये। पीछे अधूरे ग्रन्थ और फुटकर पन्ने रह गये। श्रावकोंने उन्हें थैलेमें डालकर एक कोठडीमें रख दिया। जहां वह पड़ा था, वहां वर्षाका पानी गिरता था। इससे पन्ने ऐसे जुड़ गये कि पृथक् न हो सकते थे।

पंजाब विभाजनसे कुछ सप्ताह पूर्व जीरानिवासी ला० बाबूराम वकीलने निरीक्षणार्थ वह थैला मेरे पास लाहौर भेज दिया। मैं इसका पूरी तरह निरीक्षण नहीं कर पाया था कि लाहौरमें साम्प्रदायिक विद्रोह उठ खड़ा हुआ। नगरमें धड़ाधड़ अग्निकाण्ड होने लगा। अपने पुस्तक-पत्रोंको आगसे बचानेके लिए बोरीमें डालकर मैं उन्हें ओरियंटल कोलेजमें रख आया और आते समय साथ न ला सका। पांच बरस बराबर लिखापढ़ी करनेके बाद अब वे मुझे मिले हैं। इनमेंसे एक पन्ना ८ इंच लम्बा और ३ इंच चौड़ा मिला है जो दोनों तरफ लिखा हुआ है। एक तरफ़ जैनोंके ७२ गच्छों और १२ मतोंके नाम हैं। इनके नीचे चार दोहे हैं जिनमें कागज, स्याही, दवात और लेखनीने अपना अपना गुणगान किया है। इस तरफ़ हाशिया बिलकुल नहीं छोड़ा गया। लेखके सब अक्षर विद्यमान हैं। इस पर कुल ४१ पंक्तियां हैं। इस तरफका लेख दूसरी तरफ़के लेखसे पीछे लिखा गया होगा, क्योंकि दूसरी तरफ़के लेखका दायां भाग कट चुका है। हाशिया उस तरफ़ भी नहीं छोड़ा गया।

दूसरी तरफ़ तीन स्तम्भोंमें फिरंगी और तिलंगी भाषाओंके, मारवाड़ी अर्थ-सहित, क्रमशः ३२ और ८९ शब्द लिखे हुए हैं। पहले स्तंभमें फिरंगी बोलीके समस्त और तिलंगीके ५ शब्द हैं। दूसरे स्तम्भमें तिलंगीके ४४ और तीसरेमें ४० शब्द हैं। पहले और दूसरे स्तंभोंके प्रायः सभी शब्द और अर्थ सुरक्षित हैं। तीसरे स्तंभके शब्द तो सुरक्षित हैं; परन्तु अर्थ सबके कट चुके हैं। ऐसा प्रतीत होता है, कि पन्नेकी लंबाईकी ओरसे दायें किनारेका उसका कुछ भाग फट गया है, जिससे तीसरे स्तंभवाले तिलंगी शब्दोंके अर्थ कट गए हैं।

देखनेमें यह पन्ना डेढ़-दो सौ बरस पुराना होगा। इसके अक्षर जैन लिपिसे प्रभावित हैं। दोनों पृष्ठों पर "स" की आकृति भिन्न होनेसे वे एक ही हाथके लिखे हुए नहीं।

इस पन्नेके फिरंगी (=यूरोपीय) शब्द, अंग्रेज़ी, फ्रेंच तथा जर्मनके तो नहीं हैं। बहुत संभव है, वे पुर्तगाली (Portuguees) के हों, क्योंकि अंग्रेज़ीसे दूसरे दर्जे पर भारतीय भाषाओंमें पुर्तगाली शब्दोंकी संख्या है। तिलंगी शब्द तेलेगू भाषाके होंगे।

यद्यपि इन शब्दोंका कुछ अधिक महत्त्व नहीं, तथापि ये अपने समयकी उन भाषाओं पर बहुमूल्य प्रकाश डाल सकते हैं। कदाचित् उन शब्दोंको प्राचीनकालमें सुरक्षित रखनेका यही पन्ना एकमात्र उदाहरण हो।

ये शब्द "जैन सत्य प्रकाश" के सुज्ञ पाठकोंके सामने इस आशयसे रखे जाते हैं, कि शायद कोई सज्जन इनकी भाषा और रूपका निर्णय कर सकें। पाठकोंकी सुविधाके लिये अंग्रेजी अर्थ भी लिख दिये हैं।

१. फिरंगी शब्द और उनके अर्थ

१. आरोस	चोखा	rice	१०. मुलेर	लोगाई	woman, wife
२. तरीग	गोहू	wheat	११. ऊंलेस	गदमी	(?)
३. मानंग	घीरत	ghee	१२. मोर	सीपाई	soldier
४. आजेत	तेल	oil	१३. सीनलेर	सिरदार	chief
५. आग	गुल	gur, raw sugar	१४. दरंदोर	राजा	king
६. आप	रोटी	bread	१५. काबेल	घोड़ा	horse
७. ऊंमे	जीमणो	to eat	१६. कोमल	बलद	ox
८. बबेर	पाणी पीवणो	to drink water	१७. सुकरीन	साकर	sugar
			१८. पादरी	जती	priest
९. कोक	नालेर	cocoa-nut	१९. वीगर	बुढो	old

नोट : कई एक फिरंगी शब्दोंसे मिलते जुलते शब्द यूरोपीय भाषाओंमें पाए जाते हैं। जैसे—

८. बेबर	पाणी पीवणो	।	तुलना करो	Eng. bibulous Fr. boire, imbiber
९. कोक	नालेर	।	,,	Eng. cocoa
१३. सीनलेर	सिरदार	।	,,	Eng. simor Fr. segnor
१५. काबेल	घोडा	।	,,	Eng. cavalary Fr. cheval
१७. सुकरीन	साकर	।	,,	Eng. Saccharine, sugar
१८. पादरी	जती	।	,,	Eng. father, pedro
१९. वीगार	बुढो	।	,,	Eng. vicar

२०. रापास-पकनीन	नानो टाबर	younger family	
२१. इरभाड	भाई	brother	
२२. बुजरक	रुपियो	rupee	
२३. बेत	पान	betel-leaf	
२४. सोम	कपडो	cloth	
२५. ···य ऊब	(?)	(?)	
२६. ···य	कासरे	vastin, reed-pen (?)	
२७. परेल	कागद	paper	
२८. करेल	भाट भोजग	priest (?)	
२९. ·· सर	भिखारी	beggar	
३०. काम	दादा रो नाम	an elder's name	
३१. ···ग	केरी	mango	
३२. ···या	बोर	ber	

२३. बेत पान । तुलना करो Eng. betel

२. तिलंगी शब्द और उनके अर्थ

१. -घमपीडी	गोहूं	wheat
२. ···यो	पांणी	water
३. ···	लोटी	vessel, jug (?)
४. ···	लेषण	pen
५. ···	ब	···
६. लेकुडी	स्याही	ink
७. झुलरीमो	कपडो	cloth
८. गबीडो	छुरी	knife
९. तारामंडली	कटारी	dagger
१०. जुटंगडो	टांकी	chisel ?
११. बडाकी	वींटी	circle ?
१२. वेवली	माला	rosary
१३. पांषणपवीडा	कडा	bracelet
१४. गंजुडी	भांग	bhang
१५. लांबो डांडो	कुरछी	ladle (?)
१६. चंबलीयो	चीपीयो	cup (?)
१७. कुतयावेडी	तरवार	sword
१८. पोगली	तंबाखु	tobacco
१९. नीलपपु	मुंग	mung
२० हुचकी	बींक	?
२१. मद्दगडीयो	टीको	?
२२. मांकली	कसी	scrapper
२३. कुटकली	लकडी	wood
२४. लांबो कलोलो	पाट	plank, wooden seat
२५. डवडुरो	वींझणा	fan
२६ गैगलगाई	थाली	plate
२७. कालमीयो	पग	foot
२८. कुरबलकाई	जांघ	thigh
२९. कडपंप	कडीयां	waist
३०. पटणी	पेट	belly
३१. पालीयो झुरकतो	छाती	chest
३२. बांगडीयो	गलो	throat
३३. गुज्ज जुजया	होठ	lip
३४. बुटनकाई	गाल	cheek
३५. चिरपटीयो	नाक	nose
३६. कुडली	आंषीयो	eye
३७. टैमणकाई	नालेर	cocoa-nut
३८. कुटकडी	कान	ear
३९. तालमीया	केस	hair
४०. मतीरीयो	माथो	forehead
४१. मोकली	दांत	tooth
४२. लोलकाई	जीभ	tongue
४३. काई	हाथ	hand

४४. पींगली	आंगली	finger
४५. गोगली	गाय	cow
४६. अरडवांकडी	भैंस	buffalo
४७. लोटपोट	उंट	camel
४८. कोरषद्रू	घोडो	horse
४९. लजिकुर	वानर	monkey
५०. चिमनी		
५१. पटपटो	र	
५२. खपलरी		
५३. खुटणका		
५४. उंद्रो	माक	
५५. गडगडकाई		
५६. भूरीयो	र	
५७. पुरकली	छ	
५८. महापटकी		
५९. रजनीकुडव		
६०. नरपु-	पर	...
६१. टालमटोलो		
६२. निरमली	त	
६३. हुंहाडी	बु	
६४. नाईवांडो	क	
६५. अनगलीयो		
६६. मंगलवाडु		

६७. कंचनवाडू	
६८. कुटकलीयो	
६९. फांफर फो	
७०. अगरघड	
७१. ठमंठोरी	
७२. धुरडीयो	
७३. भफ	
७४. गवील	
७५. घाग	
७६. जैरम	
७७. गुड	
७८. महुक	
७९. डडागर	
८०. उडणग	
८१. भैकी	
८२. हालर	
८३. टोटाम	घो
८४. गोगला	बल
८५. राजलवाडु	राज
८६. ढलको	आक
८७. महामछी	म
८८. छापरछोली	
८९. मरमली	

સ્તંભતીર્થ—ખંભાતમાં બજાર નાકે આવેલા

શ્રીચિંતામણિપાર્શ્વનાથના મંદિરના

સંસ્કૃત લેખનો અનુવાદ

પ્રેષક: શ્રીયુત મોહનલાલ દીપચંદ ચોકસી

[ગતાંકથી ચાલુ]

⊙

જેમણે શિથિલ બનેલા સાધુઓના વિધિ તથા માર્ગને શોભાના સ્થાનરૂપ બને તે માટે ૧૫૮૨ના સંવત્સરમાં ઉદ્ધાર કર્યો; અને જેમણે તાપને હરણ કરનારા મેઘોની પેઠે રસવાળી અત્યંત પવિત્ર વાણીવડે ઘણું પુણ્ય ઉપાર્જન કર્યું. (૬) તે સર્વમાં શુદ્ધ અંતઃકરણવાળા **વિજયદાનસૂરિ** નામના શ્રેષ્ઠ મુનિવડે, જેમ સૂર્ય ઉદય થતાં જગના હૃદયોને પ્રસન્ન કરતો નદીનો પ્રવાહ કમળોથી અત્યંત શોભાવાળો બને છે; તેમ (જૈન) મતને પ્રસન્ન કરનાર, પટ્ટને લક્ષ્મીના આશ્રયથી અત્યંત શોભાયમાન કર્યું. (૭)

તે પટ્ટરૂપી પૂર્વ દિશાના પર્વત ઉપર (ઉદય પામેલા) જાણે સૂર્ય હોય તેની કાંતિવાળા શિષ્ય **શ્રીહીરવિજયસૂરિ** તે સ્થાનમાં શોભે છે. (૮) જેમને અકબર બાદશાહે બોલાવ્યા ત્યારે ૧૬૩૯ના સંવત્સરમાં ફતેહપુરસિક્રી ગયા. (૯) એમની વાણીથી રાજાએ પોતાના તાબાના દેશોમાં ૭ માસ સુધી અમારીપડહ વજડાવી ઢંઢેરો પીટાવ્યો (૧૦) અને જેમના વચનથી તે બાદશાહે પોતાના સમગ્ર રાજ્યમાં પણ મરણવેરો ને જજિયાવેરો બંધ કર્યો. (૧૧) તેમજ ન ત્યાગ કરી શકાય તેવા કરને બંધ કરી એ પૃથ્વીંદ્ર બાદશાહે શત્રુંજય એ નામના તીર્થ સંબંધે જૈનો સાથે કરાર કર્યો. (૧૨) મુનિ મેઘજી વગેરે પોતાના લુંપાક મતને છોડી જેમના ચરણયુગલને, જેમ ભમરા કમળનું સેવન કરે તેમ, સેવા કરવા લાગ્યા. (૧૩)

તે સ્થાનને સમુદ્રની પેઠે સુંદર બનાવતા વાણીના સમૂહથી સર્વ અજ્ઞાનરૂપ અંધકારને દૂર કરતા અને પૃથ્વીમાં અત્યંત પ્રીતિ વડે પ્રકાશતા તેમજ કળાઓને—યુક્તિઓ પ્રસારતા મુનિઓમાં ચંદ્ર સમાન **વિજયસેનસૂરિ** થયા. (૧૪) જેમના પ્રતાપના માહાત્મ્યનું અમે બીજું શું વર્ણન કરીએ ? જેમણે વાદી લોકોને જીવતાં છતાં ચેતન રહિત જેવા બનાવ્યા. (૧૫) અકબર બાદશાહે સારા સત્કારથી બોલાવેલા ત્યારે, જેમ ભમરાઓથી પદ્મ શોભે તેમ, રાજાના નગરને શોભાવ્યું. (૧૬) અકબર રાજાની સભા રૂપી સુંદરીના હૃદયમાં વાદીઓનો વિજય કરવાથી ઉત્પન્ન થયેલી કીર્તિ મોતીની માલા રૂપ બની ગઈ. (૧૭) પૂર્વે શ્રીહીરવિજયસૂરિ એ નામના સૂરિને જે મુખ્યપદ પાદશાહે આપ્યું હતું તે બલપદ શત્રુઓના સમક્ષ તેમણે જલદીથી સાધ્ય કર્યું હતું. (૧૮) પ્રત્યક્ષ અકબર બાદશાહની સભામાં પ્રયત્નશીલ વાણીથી જગતમાં ઉત્તમ એવા અર્હંત પરમાત્માનું પ્રતિપાદન કરી, જેમણે પોતાના શૌર્યથી, અને તેજથી રાક્ષસોની પેઠે વાદમાં મદોન્મત્ત બનેલા મહાદ્વિજોને હરાવીને લજ્જિત બનાવ્યા. (૧૯) બકરા ગાય, બળદ, પાડા વગેરેને કોઈએ કોઈ પણ વખતે હણવા નહિ, બાંધવા નહિ અને પકડવા નહિ (૨૦) એવા પ્રકારની આ વિશેષ વાણીનો વિલાસ એ બાદશાહે, જેમ ઉષ્ણ-

કાળમાં તપ્ત થયેલી પૃથ્વી જળ ગ્રહણ કરે તેમ, ગ્રહણ કર્યો. (૨૧) બાદશાહના નગરમાં વિપ્રોને જીતીને, જેમણે મૂર્તિમાન કૈલાસ પર્વત હોય તેવો અમૃત સમાન ઉજ્જવળ, પોતાનો કીર્તિસ્તંભ સ્થાપન કર્યો. (૨૨)

ઊંચે ઉછાળતા તરંગોથી સમુદ્રના મુકુટ સરખી અમરાપુરી જેવા લક્ષ્મીથી સુંદર **ગંધારપુરમાં**, ચંદ્રસમા નિર્મળ શ્રીમાળી કુળમાં, પુણ્યવાન જનોમાં અગ્રણી, સંપત્તિવાન, પરીક્ષા કરવામાં શ્રેષ્ઠ (પરીખ અથવા ઝવેરી), **આહ્લણસી** નામના શેઠ હતા. (૨૩) તેને **દેહ્લણસી** નામે પુત્ર હતો, તેનો પુત્ર ધન, તેનો પુત્ર ઉદાર મતવાળો **સનાસુહ્લસી** નામે થયો. તેનો પુત્ર **સમરા** નામે હતો તેનો પુત્ર **અર્જુન**, તેનો પુત્ર **નય**, અને તેનો પુત્ર **ભીમ** નામે હતો. (૨૪) જેમ માતા-પિતા ઇંદ્ર અને ઇંદ્રાણીના આનંદને ઉત્પન્ન કરે તેવા જયંતની માફક અને વિષ્ણુની પત્ની લક્ષ્મીના જેવી તેની સ્ત્રીને ભાગ્યશાળી અને દેવને પ્રિય એવો લાલુ નામે પુત્ર થયો. તેને વિષ્ણુની પત્ની સિંધુસુતા (લક્ષ્મી) સરખી **જસમાદેવી** નામે પત્ની હતી. (૨૫) પ્રતિદિન સદ્ધર્મને પાળતાં તેમને બે પુત્ર થયા. જેમ પાર્વતી અને શંકરને સ્વામી કાર્તિક અને ગણપતિ છે તેમ તેમાંનો એક સારી સંજ્ઞાવાળો **વજિયા** નામે હતો, જે વિદ્વાન વર્ગમાં મુખ્ય હતો અને સદ્બુદ્ધિવાળો **રાજિયા** હતો, જે માતાપિતા પ્રત્યે પ્રેમાળ હતો. (૨૬) દેવી જેવી સુંદર આકૃતિવાળી **વિમળાદેવી** નામની પત્ની પ્રથમ પુત્ર (વજિયા)ને હતી અને બીજાને કમળાના સરખી મનોહર **કમળાદેવી** નામે પત્ની હતી. (૨૭) તે બંને ભાઈઓમાં ગોટાને, જેમ શ્રીકૃષ્ણને કામ (પ્રદ્યુમ્ન) નામના પુત્રની માફક **મેઘજી** નામે પુત્ર થયો. (૨૮) પરસ્પર વસંત અને કામ જેવા સુંદર, સમુદ્ર જેવા પ્રકાશમાન, કુબેર અને શંકર સરખા સદા પ્રસિદ્ધ તે બંને વિનયી ભાઈઓ દિવસે મોટા ધનવાનો અને સજ્જનોથી શોભતા **શ્રીસ્તંભતીર્થ** નગરમાં પુણ્યની પરંપરાથી આવ્યા. (૨૯) ત્યાં પોતે મેળવેલી લક્ષ્મી સફળ કરી ધર્મનાં કામ કરતાં ઉત્તમ પ્રસિદ્ધિને પામ્યા (૩૦) કાબુલની દિશા સુધી સાર્વભૌમ અકબર બાદશાહ અને સમુદ્રાંતર્ગત દ્વીપનો રાજા, તેની સમક્ષ અત્યંત પ્રસિદ્ધિ પામેલા તે બે ભાઈઓએ તે દિશામાં સંપૂર્ણ પ્રસિદ્ધિ મેળવી (૩૧) તે હીરવિજય મહાવ્રતીની અને વિજયસેન મુનીશ્વરની અમૃતને મિથ્યા કરતી વાણી વડે આ બંને ભાઈઓ પણ પવિત્ર થઈ પ્રસન્ન થયા. (૩૨) [ચાલુ]

સાભાર-સ્વીકાર

૨૫૦) પૂ. આ. શ્રીવિજયલાવણ્યસૂરીશ્વરજી મ. ના ઉપદેશથી શ્રી ગોડીજી પાર્શ્વનાથ ટેંપલ ટ્રસ્ટ. **પૂના**

૧૦૧) પૂ. મુ. શ્રીગૌતમસાગરજી મ. ના ઉપદેશથી શ્રી જૈન શ્વેતાંબર આદીશ્વર ભગવાનની પેઢી, **સોલાપુર**

૧૦૦) પૂ. આ. શ્રીવિજયસિદ્ધિસૂરીશ્વરજી મ. ના ઉપદેશથી શેઠ સુબાજી રવચંદ જેચંદ, જૈન વિદ્યાશાળા, **અમદાવાદ**

૨૫) શેઠ પાનાચંદ વ્રજલાલ, **કપડવંજ**

૨૫) પૂ. આ. શ્રીવિજયમહેન્દ્રસૂરીશ્વરજી મ. ના ઉપદેશથી શ્રીતપગચ્છ જૈન ઉપાશ્રય, **અમદાવાદ**

૧૫) પૂ. મુનિરાજ શ્રીભુવનવિજયજી મ. ના ઉપદેશથી શ્રી જૈન સંઘ, **રાણીબેન્નુર** (ધારવાડ)

૧૫) પૂ. પં. શ્રીચરણવિજયજી મ. ના ઉપદેશથી શ્રી જૈન સંઘ, **સિદ્ધપુર**

૧૧) પૂ. આ. શ્રીવિજયવિજ્ઞાનસૂરીશ્વરજી મ. ના ઉપદેશથી શ્રી જૈન સંઘ, **જાવાલ** (રાજસ્થાન)

૧૦) પૂ. પં. શ્રીસુમતિવિજયજી ગણિવરના ઉપદેશથી શ્રી જૈન સંઘ, **ગારિયાધાર**

૫) પૂ. મુ. શ્રીગૌતમસાગરજી મ. ના ઉપદેશથી શ્રી. ઠાકોરલાલ કે. શાહ, **સોલાપુર**

૫) શ્રી. ભીખાભાઈ કાલિદાસ દોસી, **વિજાપુર**

સૂચના

સ્થાનિક તેમજ બહાર ગામના ગ્રાહકો જેમનું લવાજમ બાકી છે તેઓ મનીઓર્ડરથી લવાજમ મોકલી આપે એવી આશા રાખીએ છીએ.

વ્યવ૦

શ્રી જૈન સત્ય પ્રકાશ

અંગે સૂચના

યોજના

૧. શ્રી. જૈનધર્મ સત્ય પ્રકાશક સમિતિ દ્વારા 'શ્રી. જૈન સત્ય પ્રકાશ' માસિક ૧૭ વર્ષ થયાં પ્રગટ કરવામાં આવે છે.

૨. એ સમિતિના આજીવન સંરક્ષક તરીકે રૂા. ૫૦૦) આ૦ દાતા તરીકે રૂા. ૨૦૦) આ૦ સદસ્ય તરીકે રૂા. ૧૦૧) રાખવામાં આવેલા છે. આ રીતે મદદ આપનારને માસિક કાયમને માટે મોકલવામાં આવે છે.

વિનંતિ

૧. પૂજ્ય આચાર્યાદિ મુનિવરો ચતુર્માસનું સ્થળ નક્કી થતાં અને શેષ કાળમાં જ્યાં વિહરતા હોય એ સ્થળનું સરનામું માસિક પ્રગટ થાય એના ૧૫ દિવસ અગાઉ મોકલતા રહે અને તે તે સ્થળે આ માસિકના પ્રચાર માટે ગ્રાહકો બનાવવાનો ઉપદેશ આપતા રહે એવી વિનંતિ છે.

૨. તે તે સ્થળોમાંથી મળી આવતાં પ્રાચીન અવશેષો કે ઐતિહાસિક માહિતીની સૂચના આપવા વિનંતિ છે.

૩. જૈનધર્મ ઉપર આક્ષેપાત્મક લેખો આદિની સામગ્રી અને માહિતી આપતા રહે એવી વિનંતિ છે.

ગ્રાહકોને સૂચના

૧. "શ્રી જૈન સત્ય પ્રકાશ" માસિક પ્રત્યેક અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થાય છે.

૨. આ માસિકનું વાર્ષિક લવાજમ રૂા. ૩) ત્રણ રૂપિયા રાખવામાં આવ્યું છે.

૩. માસિક વી. પી. થી ન મંગાવતાં લવાજમના રૂા. ૩) મનીઑર્ડરદ્વારા મોકલી આપવાથી અનુકૂળતા રહેશે.

૪. આ માસિકનું નવું વર્ષ દિવાળીથી શરૂ થાય છે. પરંતુ ગ્રાહક ગમે તે અંકથી બની શકાય

૫. ગ્રાહકોને અંક મોકલવાની પૂરી સાવચેતી રાખવા છતાં અંક ન મળે તો સ્થાનિક પોસ્ટ ઑફિસમાં તપાસ કર્યા પછી અમને સૂચના આપવી.

૬. સરનામું બદલાવવાની સૂચના ઓછામાં ઓછા ૧૦ દિવસ અગાઉ આપવી જરૂરી છે.


લેખકોને સૂચના

૧ લેખો કાગળની એક તરફ વાંચી શકાય તેવી રીતે શાહીથી લખી મોકલવા.

૨. લેખો ટૂંકા, મુદ્દાસર અને વ્યક્તિગત ટીકાત્મક ન હોવા જોઈએ.

૩. લેખો પ્રગટ કરવા ન કરવા અને તેમાં પત્રની નીતિને અનુસરીને સુધારોવધારો કરવાનો હક તંત્રી આધીન છે.

મુદ્રક : ગોવિંદલાલ જગશીભાઈ શાહ, શ્રી શારદા મુદ્રણાલય, પાનકોર નાકા, અમદાવાદ
પ્રકાશક : ચીમનલાલ ગોકળદાસ શાહ
શ્રી. જૈનધર્મ સત્ય પ્રકાશક સમિતિ કાર્યાલય, જેશિંગભાઈની વાડી, ઘીકાંટા રોડ–અમદાવાદ



તંત્રી

ચીમનલાલ ગોકળદાસ શાહ

તા. ૧૫-૩-૫૪ : અમદાવાદ

વર્ષ ૧૯ : અંક : ૬]   [ક્રમાંક : ૨૨૨

विषय-दर्शन

॥ ॐ अर्हम् ॥

अखिल भारतवर्षीय जैन श्वेताम्बर मूर्तिपूजक
मुनिसम्मेलन संस्थापित

श्री जैनधर्म सत्यप्रकाशक समितिनुं मासिक मुखपत्र

जेशिंगभाईनी वाडी : घीकांटा रोड : अमदावाद (गुजरात)

વર્ષ : ૧૯	વિક્રમ સં. ૨૦૧૦ : વીર નિ. સં. ૨૪૮૦ : ઈ. સ. ૧૯૫૪	ક્રમાંક
અંક : ૬	ફાગણ સુદિ ૧૧ : સોમવાર : ૧૫ માર્ચ	૨૨૧

કથા સુણી સુણી ફૂટયા કાન

લેખક : પૂજ્ય મુનિરાજ શ્રીમહાપ્રભવિજયજી

ગામડાના એક મંદિરમાં એક સંન્યાસી રહેતો હતો. તે સવારે હંમેશાં કથા વાંચતો અને રાતે ભજનની ધૂન લગાવતો. ભજનમાં જેટલા માણસો આવતા એટલા કથામાં નહોતા આવતા. આવનારાઓમાં કેટલાક બુઢ્ઢાઓ નિયમિત આવતા. ક્યારેક એ ઝોકાં ખાતા તો ક્યારેક અરસપરસ વાતચીત કરી કથાનો સમય પૂરો કરતા.

સંન્યાસી ઘણો સરળ હતો, ભગવાનનો ભક્ત અને નિઃસ્પૃહી પણ એટલો જ. એક દિવસે જ્યારે એ રોજના કાર્યક્રમ પ્રમાણે કથા વાંચી રહ્યો હતો ત્યારે મંદિર પાસેથી એક ઘોડેસવાર પસાર થઈ રહ્યો હતો. એને ઉતાવળ હતી છતાં કથા સાંભળવાનું એને મન થયું. એ સંન્યાસી સામે બેસીને કથા સાંભળવા લાગ્યો. ત્યાગ અને વૈરાગ્યની કથા સાંભળી એ ખૂબ પ્રભાવિત થયો; ત્યાં સુધી કે એને એનું ચાલુ જીવન ડંખવા લાગ્યું. એને એની ફરજ બજાવવાની હતી એટલે કથા સાંભળી એ તરત જ નિયત સ્થાને પહોંચી ગયો. બીજા દિવસથી એણે પોતાના જીવનક્રમમાં ફેરફાર કર્યો. કથામાં સાંભળેલા કેટલાક નિયમો એણે આચારમાં મૂક્યા, અને એ નિયમો પાળવામાં ખૂબ તકેદારી રાખવા માંડ્યો.

લગભગ એક વર્ષનો ગાળો વીતી ગયો, ત્યારે એ જ માર્ગે થઈ ને એ ઘોડેસવાર નીકળ્યો. એ જ મંદિર, એ જ સંન્યાસી, એ જ શ્રોતાઓ એણે ફરીથી જોયા. એને વિચાર થયો કે, 'કેમ કોઈના ઉપર આ કથાની અસર થતી નથી? શું કથાનો દોષ છે, સંન્યાસીનો કે શ્રોતાઓનો?' એને જણાયું કે કથામાં તો દોષ ન હોય. સંન્યાસી નિઃસ્પૃહી છે, એને પેટપૂર મળે એટલે બસ. ખરેખર આમાં દોષી કોઈ

...જેમ તો. આ સાંભળનારા જ લાગે છે. એણે એકેએક શ્રોતાને હાથથી ઢંઢોળ્યા, પગ દબાવ્યા, માથું ધુણાવ્યું.

'તમે આ શું કરી રહ્યા છો?' સંન્યાસીએ કથા વાંચતાં ઉગ્ર થઈ પૂછ્યું.

'મહારાજ! હું જોઉં છું કે, આ લોકોમાં ચેતન છે કે નહિ? શું બધાયે માટીના પૂતળા જેવા છે? એક જ દિવસના કથાશ્રવણથી તમે જણાવેલા નિયમોની જે અસર થઈ છે તે આજ દીન સુધી હું ભુલ્યો નથી એટલું જ નહિ પણ તેજ દિવસથી મેં મારા જીવનમાં ફેરફાર કરવા માંડયો છે પણ હમેશાં સાંભળનારા આ લોકોને કાંઈ જ અસર નથી એ એક આશ્ચર્ય છે.

'મહાનુભાવ, આ લોકોની દશા તો 'કથા સૂણી સૂણી ફૂટયા કાન, તો યે ન આવ્યું બ્રહ્મજ્ઞાન' જેવી છે.' સંન્યાસીએ વાતની સ્પષ્ટતા કરી.

'ત્યારે આ લોકોને કથા સંભળાવવાનો શો અર્થ!' ઘોડેસવારે નમ્રપણે જિજ્ઞાસા કરી.

'હું તો મારી ફરજ બજાવી રહ્યો છું કહ્યું છે કે—

"न भवति धर्मः श्रोतुः वक्तुस्त्वेकान्ततो धर्मः ॥"

—શ્રોતાને ધર્મબોધ થાય કે નહિ પણ વક્તાને તો એકાંતિક ધર્મનો લાભ થાય જ છે.

એ ફરજ મારો ધર્મ છે.' સંન્યાસીએ ખુલાસો કર્યો.

'મહારાજ' આજે હું આપનો શિષ્ય બનવાના ઈરાદે આવ્યો છું. મને દીક્ષા આપો. ઘોડેસવારે પોતાનું હૃદય ખુલ્લું કર્યું.

'ભાઈ! આજે વર્ષોના કથાવાચનનું ફળ હું જોઈ રહ્યો છું. મને શ્રદ્ધા છે કે કથાવાચન કદી નિષ્ફળ જતું નથી.' સંન્યાસીએ આત્મસંતોષ જાહેર કર્યો.

[અનુસંધાન પૃષ્ઠ : ८७ થી ચાલુ

અસલ રૂપને છોડયા વિના એ કદી બની શકતુ નથી કે તે સુખ–દુઃખ આદિ જે વાસ્તવમાં તેમાં નથી તે પોતાનાં સમજવા લાગે. જેવો તે પોતાના મૂળરૂપને ભૂલીને બીજા રૂપમાં આવી જાય છે તેવું જ તેના સ્વભાવમાં પરિવર્તન થઈ જાય છે. આ પરિવર્તન અપરિણામી પુરુષમાં કદાપિ સંભવ નથી હોતુ. એટલા જ માટે પુરુષ પરિણામી છે. બીજી વાત એ છે કે, સુખ–દુઃખ આદિ પરિણામ ચૈતન્યપૂર્વક છે. જડ પ્રકૃતિને આ પરિણામોનો અનુભવ નથી થઈ શકતો, એવી દશામાં એ જ માનવું જોઈએ કે, પુરુષ પરિણામી છે.

સાંખ્ય પુરુષને કર્તા નથી માનતો. પુરુષ સાક્ષી માત્ર છે,[1] એવો એનો વિશ્વાસ છે! પરિણામવાદની સિદ્ધિની સાથોસાથ કર્તૃત્વ પણ સિદ્ધ થઈ જાય છે. સુખ–દુઃખ આદિનો અનુભવ ક્રિયા વિના થઈ શકતો નથી. અથવા એમ કહેવું જોઈએ કે સુખ–દુઃખ આદિ ક્રિયારૂપ જ છે. એવી અવસ્થામાં પુરુષને અકર્તા અને નિષ્ક્રિય કહેવો ઠીક નથી. આત્મા 'કર્તા છે'—એ લક્ષણ આ જ વાતની પુષ્ટિને માટે છે. [અપૂર્ણ]

१. तस्माच्च विपर्यासात् सिद्धं साक्षित्वमस्य पुरुषस्य ।
कैवल्यं माध्यस्थ्यं द्रष्टृत्वमकर्तृभावश्च ॥ सांख्यकारिका १९

*ઉદયન-વિહાર

લેખક : પં. શ્રીયુત લાલચંદ્ર ભગવાનદાસ ગાંધી, વડોદરા.

ગૂજરાતને ગૌરવશાલી કરનારા. જે સુયોગ્ય અધિકારીઓ ગૂજરાતને સદ્ભાગ્યે મળ્યા હતા, તેમાં મંત્રીશ્વર **ઉદયન** અને તેમના સુપુત્રો મંત્રીશ્વર **વાગ્ભટ** (બાહડ) તથા દંડનાયક **આમ્રભટ** (અંબડ)નાં નામો ખાસ સંસ્મરણીય છે. સિદ્ધરાજ અને કુમારપાલ મહારાજાઓના રાજ્યસમયમાં થઈ ગયેલા રાજનીતિ-દક્ષ યુદ્ધવીર, દાનવીર અને ધર્મવીર તે સજ્જનોની કીમતી સેવા ભૂલી ન શકાય તેવી હતી. ગૂજરાતના ઇતિહાસમાં અને જૈનસમાજના ઇતિહાસમાં તેનું મહત્ત્વભર્યું સ્થાન છે.

ગતવર્ષમાં એક શિલાલેખ જાણવામાં આવ્યો છે, તેમાં પ્રાચીન **ઉદયન-વિહાર**ની પ્રશસ્તિ છે, તે વાચતાં-વિચારતાં ગૂજરાતના તત્કાલીન ઇતિહાસનું સંસ્મરણ થઈ આવે છે—એ સંબંધમાં અહીં થોડું જણાવવું ઉચિત છે. આ શિલાલેખ હાલમાં ધોળકામાં રણછોડજીના નામથી ઓળખાતા મંદિરમાં રણછોડજીની મૂર્તિ પાછળ રહેલો છે. તેની પાછળ ભીંત આવેલી હોઈ એ ત્યાંથી વંચાવો મુશ્કેલ હતો; પરંતુ મારા વિદ્વાન મિત્ર ડૉ. મંજુલાલ ર. મજમુદાર થોડા મહિનાઓ પહેલાં ત્યાંના અધિકારીઓ અને મહંતજીની સહાનુભૂતિથી દક્ષતાથી એ શિલાલેખની રબીંગ કૉપી (કાગળ દબાવીને લીધેલી નકલ) લઈ આવ્યા હતા અને મને તે વાંચવા આપી હતી—મેં તેની પાછળ કેટલાય સમય સુધી પરિશ્રમ કર્યો હતો—જેના પરિણામે આ શિલાલેખને તેના સંભવિત અર્થ-તાત્પર્ય સાથે અહીં દર્શાવી શકું છું.

આ શિલાલેખ સંસ્કૃત ભાષામાં પદ્યમાં છે. વિસ્તૃત શિલા પર પડીમાત્રામાં મનોહર સ્થૂલ અક્ષરોમાં ૨૩ પંક્તિઓમાં ઉત્કીર્ણ થયેલો છે. પ્રત્યેક પંક્તિમાં બાવન જેટલા અક્ષરો સમાવેલા છે. આ શિલાલેખ, પાછળના ત્રીજા ભાગ રૂપ જણાય છે. કારણ કે તેમાં શ્લોક ૭૦ થી શરૂઆત છે, એ પહેલાંના ૬૯ શ્લોકો હોવા જોઈએ, દુર્ભાગ્યે તે ભાગો મળ્યા નથી. પાછળનો ભાગ પૂર્ણ જણાય છે. તેમાં ૭૦ થી ૧૦૪ સુધીના શ્લોકો છે, તે વિવિધ છંદોમાં જણાય છે. આ શિલાલેખની બંને બાજુની કિનારીના અક્ષરો તથા વચ્ચે કેટલાક અક્ષરો નકલમાં બરાબર ઊઠ્યા નથી. તેમ છતાં અસ્પષ્ટ અક્ષરોવાળા ભાગને શક્ય અનુમાનથી સુસંગત કરવા-સ્પષ્ટ કરવા અહીં કેટલોક પ્રયત્ન કર્યો છે. આ શિલાલેખ, એ પ્રાચીન જૈનમંદિર **ઉદયન-વિહાર**માં હોવો જોઈએ. ઉદયન-વિહાર ગૂજરાતમાં-**આશાપલ્લી**માં **આસાવલ**માં (**અમદાવાદ** વસ્યા પહેલાંની નગરીમાં) હતો—એવા ઉલ્લેખો મેં અન્યત્ર (જેસલમેર ભંડાર ડિ. કૅટલૉગમાં) દર્શાવ્યા છે. આઠસો વર્ષો પહેલાંનો—મહારાજા કુમારપાલના સમયનો આ શિલાલેખ છે. તેમાંના ૧૦૧ શ્લોકમાં જણાવ્યા પ્રમાણે એ **ઉદયન-વિહાર** (જિનમંદિર) મંત્રી **વાગ્ભટે** કરાવ્યો હતો, દેવવિમાન જેવું સુંદર એ મંદિર સુપ્રસિદ્ધ આચાર્ય શ્રીહેમચંદ્રસૂરિના આદેશથી બન્યું હતું—એ એમાંના ઉલ્લેખથી જણાય છે. એ ઉદયન-વિહારની પ્રશંસનીય પ્રશસ્તિ રચનાર પ્રબંધશતકાર સુપ્રસિદ્ધ કવિ **રામચંદ્રસૂરિ** (શ્રીહેમચંદ્રાચાર્યના પટ્ટધર) છે, જેમનો વિસ્તૃત પરિચય **નલવિલાસ** નાટક (ગા. ઓ. સિ.)ના સંસ્કૃત

---

*અમદાવાદમાં ઑલ ઈંડિયા ઑરિયેન્ટલ કૉન્ફરન્સના ૧૭મા અધિવેશનમાં 'પ્રાકૃત ઍન્ડ જૈનીઝમ' વિભાગમાં તા. ૧-૧૧-૫૩ના દિવસે આ નિબંધ સંક્ષેપમાં હિંદી પરિચય સાથે વાંચવામાં આવ્યો હતો.

પ્રસ્તાવનામાં અમે આપ્યો છે. કોંકણના મલ્લિકાર્જુન પર વિજય મેળવવામાં દંડનાયક આંબડે (મંત્રી વાગ્ભટના બંધુએ) જે પરાક્રમ દર્શાવ્યું હતું, તે તથા બીજા પણ અનેક ઉલ્લેખો આમાં છે—એનું સમર્થન બીજાં પ્રમાણો દ્વારા ઐતિહાસિક અનુસંધાનમાં કરી શકાશે. હાલ અહીં મૂળ શિલાલેખની નકલ પંક્તિના નંબર સાથે શ્લોકના રૂપમાં વ્યવસ્થિત કરીને ગુજરાતી અનુવાદ સાથે દર્શાવું છું.

कुमारपालभूपाल–समकालीन शिलालेख

उदयनविहार प्रशस्ति

[श्लोक ७० थी १०४]

[१] रिपौ शक्तिः प्रभौ भक्तिस्त्यागे रागो नये न(ल)यः ।
इदं चतुष्टयं यस्मिन्नाशैशवमखंडितं ॥ ७० ॥
तं मल्लिकार्जुनमनर्घ्यपराक्रमांक····

[२] ·········वीं नृपतेः प्रतापः ॥ ७१ ॥
यद्विक्रमस्मरणसंभृतसाध्वसोत्थ-
व्याकंपतांडवचलाचलपाणयस्ते ।
अद्यापि भृंगिविमुखां दयितास्तने·········

[३] ····षोन्मेषो जितहुतभुजो जामदग्न्यस्य तस्य ।
स्थानं येनाद्‌भुतशतकृता क्षुंदता कंदबंधाद्
राजन्यानां परिभवभृतां कः कृतो नोपकारः

[४] ····द्वी विजयोद्यतस्य
यस्यान्वहं विहृतमुन्मदवल्लभेन ॥ ७४ ॥
समररंगभुवां शरपाणिभिः
किमपि तांडवमादधतं मुहुः ।
यमभिवीक्ष्य····

[५] ····जयी कुंकणेशोक्षिपद्–
बाणालीमिह तेन तस्य निशितैर्लूनं क्षुरप्रैः शिरः ।
राजांतःपुरमत्र वह्निमविशत्पद्‌द्विपोत्रापतद् य–

[६] ····भयानुबर्जरगिरः पुलकावलीढाः ।
अद्यापि लाटसुदृशः पुरचत्वरेषु
गायंति शौर्यनयनैनयिकानि यस्य ॥ ७७ ॥

यस्तुंगशृंगसुराम····
[७] ····मतस्य तस्य
श्रीसुमतस्य मृणुकणविलोकस्य ।
उत्तुंगशृंगस्तविस्मितदेववैत्यं
चैत्यं चकार हरहाससहोदरं यः ॥ ७९ ॥
अर्यं····
[८] यः कुमारविहाराख्ये चैत्ये श्रीपत्तनस्थिते ।
प्रतिमां कारयामास राजतीं नाभिजन्मनः ॥ ८१ ॥
यस्याजन्म परांगनापरिहृति····
[९] ····यैकप[रमं] सत्यव्रते सौष्ठवं
किं चान्यत्कथयामि यस्य परमा वीरेषु रेखाभवत् ॥ ८२ ॥
····भृते निभृतमम्बरे समरतूरनादाकुलैर्यः
[१०] ····सुधयान्यभिहितानि नाकर्णयन् ॥ ८३ ॥
एकांगवीरतिलकेन कृपाणले[ल]–
संपर्कपाठितभुजद्वितयेन येन ।
युद्धेषु भूमि········
[११] ········समवेक्ष्य यस्य
शौंडीरकुंजरमहेभतुरंगभीष्मं ।
उत्थाय पूत्कृतरवेण पलायमानाः
शुद्धांतमावधति भूमिभुजः सलज्जं ॥ ८५ ॥
[१२] ····पस्पृहं प्रसभप्रमृष्ट–
दुष्टावरोधघुसृणाय चिराय यस्मै ॥ ८६ ॥
द्विपपतिरदनाप्रक्षोदजातमणालीमयलिपि–
रनुबध्नं भा··· व ॥ ८७ ॥
नतनृपतिमंडलीमुकुटकांतिकम्रक्रमान्
विरोधिवसुधाभुजो युधि विस्मयनिष्क्रमान् ।
गजैर्यदुपदाकृतैः क········
[१४] अनन्यविक्रमनिधेः किं तस्य लोकोत्तरं
शश्वद्वीरमतल्लिकास्तुतभुजस्तंभस्य वीरव्रतं ।
देशो येन स जगतः प्रति मुहुः क्षुण्णक्षितीश····
[१५] ०स्वनामांकं पुरं येन लाटदेशे निवेशितं ॥ ९० ॥
[illegible] कृतमप्यदं ०दकुंभरमेसर

तुरंगमचमूवृतो वनविहा····

··········· ॥ ९१ ॥

·····स्य वैरिसिंहः सुतोभूत····णः ।

चैत्यं यः पार्श्वनाथस्य स्तंभतीर्थे व्यधापयत् ॥ ९२ ॥

विनयकौशल····

[१७] ···········० ॥ ९३ ॥

तीर्थप्रभावनोद्भूतपुण्यश्रीपुण्यजन्मनां ।

सहार्ण्णवीकूलमूलोर्मेस्तोलकीर्तिसंपदां ॥ ९४ ॥

अमारिडिंडिमो····वेक········

[१८] ········धन्यानां विद्यात्रितयवेधसां ।

श्रीहेमचंद्रसूरीणामादायादेशवैभवं ॥ ९६ ॥

सौवर्ण्णकुंभरुचिपिंजरितांतरिक्षं

संकल्पसंघटन ·· ····

[१९] ········ ॥ ९७ ॥

भेरीसहस्रकुहरोत्थित तारतार–

भांकारपूरपरिपूरितविश्वरम्यं ।

अभ्रंलिहाग्रशिखरस्थितसिंहपोत–

श्रेणीविसूत्रितपतंग········

[२०] [स्फटि]कनिभशिलासहस्ररोचिः–

प्रचयवलक्षितहर्म्यचंद्रशालं ॥ ९९ ॥

उपहसितसुरविमानं विमानमुनिवृंदजनितबहुमानं ।

निखिल····

[२१] ········या लक्ष्म्या ।

उदयनविहारमेतं व्यधापयद् वाग्भटो मंत्री ॥ १०१ ॥

जिनसंख्यान्याभरणान्येकाग्रां त्रिशतं ध्वजान् हेम्नः ।

यः पूर्णा

[२२] ··· ········ध्वजरम्ये

चंद्रादित्यावचूलथवलतरलसत्तारकातारमर्क ।

शोभां चंद्रोदयस्य श्रयति विकसितेंदीवरस्निग्धभासा

यावत् तावत् प्रभाव········

[२३] ········कामना कृतधियां शिरःशेखरः ।

प्रबंधशतनिर्मितिप्रथितकीर्तिकाम्योदयः

········मत्तमकुल रामचंद्रो मुनिः ॥ १०४ ॥

અનુવાદ

(૭૦) શત્રુ પ્રત્યે શક્તિ, પ્રભુ (સ્વામી) પ્રત્યે ભક્તિ, ત્યાગ (દાન)માં રાગ(પ્રેમ), અને નય (નીતિ)માં નય (લય) આ ચાર ગુણો જેને [ત્રિપે (કે આંબડમાં ?) બાલ્યાવસ્થાથી લઈ ને અખંડિત હતા.

(૭૧) તે રાજા (કુમારપાલ ?)નો પ્રબલ પ્રતાપ ગણાય કે જેની કિંમત આંકી ન શકાય તેવા પરાક્રમી મલ્લિકાર્જુનને [તેણે હરાવ્યો]

(૭૨-૭૪) જેના વિક્રમને સંભારવાથી ભયભીત થતાં ઉત્પન્ન થયેલા કંપરૂપ તાંડવથી [શત્રુપક્ષના] હાથ ધ્રૂજી રહ્યા હતા.........અગ્નિને જિતે તેવા, પરશુરામ જેવા પ્રતાપી તેના [પ્રતાપનું વર્ણન શું કરીએ ?]

સેંકડો અદ્ભુત કરનારા અને મૂળ બન્ધમાંથી ચૂર્ણ કરવારા જેણે પરિભવ પામેલા રાજાઓ (ક્ષત્રિયો) પર કયો ઉપકાર કર્યો ન હતો ?......વિજય મેળવવામાં તત્પર થયેલા, ...ઓના ... એવા [જેના પ્રતાપે] નિરંતર વિહાર કર્યો હતો.

[૭૫-૭૭] રણસંગ્રામરૂપી રંગભૂમિમાં વારંવાર બાણવાળા હાથ વડે કંઈક અદ્ભુત પ્રકારનું તાંડવ (નૃત્ય) કરતા જેને જોઈને કુંકણેશે (કોંકણ દેશના રાજા મલ્લિકાર્જુને) એના પર બાણોની પંક્તિ ફેંકી, તેથી તેણે તીક્ષ્ણ બાણો વડે તેનું (મલ્લિકાર્જુન રાજાનું) મસ્તક છેદ્યું હતું.

—આ પ્રસંગે રાજાના અંતઃપુરે (જનાનખાનાએ-રાણીવર્ગે) અગ્નિમાં પ્રવેશ કર્યો હતો, આ સમયે રાજ્યનો પટ્ટહસ્તી પડી ગયો હતો. (તેનું પતન થયું હતું.)

ત્યાર પછી ગદ્ગદ થયેલી વાણીવાળી, રોમાંચ-યુક્ત થયેલી લાટદેશની સુંદરીઓ નગર (ભરૂચ)નાં ચૌટાંઓમાં, જેના (આંબડના) શૌર્ય, નય (નીતિ) અને વિનય ગુણોને ગાય છે.

[૭૮-૮૦] જેણે ભૃગુકચ્છ (ભરૂચ)માં તિલક સમાન સુવ્રતનું (મુનિસુવ્રત નામના વીશમા તીર્થંકરનું) ઊંચું મનોહર ચૈત્ય (જિનમંદિર) કરાવ્યું હતું, જે હરના હાસ જેવું ઉજ્જ્વલ હતું અને જે ઊંચાં સેંકડો શિખરો વડે દેવો અને દાનવોને પણ વિસ્મય પમાડે તેવું હતું.

[૮૧] જેણે પત્તન (પાટણ)માં રહેલા 'કુમાર-વિહાર' નામના ચૈત્યમાં નાભિજન્મા (ઋષભદેવ-આદીશ્વર જિન)ની રજતમય (રૂપાની) પ્રતિમા કરાવી હતી.

[૮૨ થી ૮૯] જેને જન્મથી લઈને જીવન-પર્યન્ત પરનારીનો પરિહાર [એ નિયમ સદ્ગુણ હતો] તથા સત્યવ્રતમાં સૌષ્ઠવ હતું (જે સત્યવાદી હતો), હું બીજું શું કહું ! ધીર પુરુષોમાં જેની પરમ રેખા હતી. ૮૨

[યુદ્ધમાં રણભેરી વાગતાં] યુદ્ધનાં વાજિંત્રોના નાદથી આકુલ વીરો સાથે યુદ્ધમાં કોઈનાં પણ કથનોને તેઓ સાંભળતા ન હતા. ૮૩

એકાંગવીરતિલક, તરવારનાં યુદ્ધ ખેલવામાં નિપુણ બાહુવાળા જે વીર પુરુષે યુદ્ધોમાં [અસાધારણ વીરતા દર્શાવી હતી]

શૌર્યશાલી શરીરો, મોટા મતંગજો અને ઘોડાઓથી ભયંકર એવા જેના [યુદ્ધ-પરાક્રમને] જોઈને રાજાઓ [યુદ્ધ કરવા] ઊઠીને પોકારના અવાજ સાથે પલાયન કરી જતા હોઈ અંતઃપુર (જનાનખાનાના રાણીવર્ગ) ને લજ્જિત કરતા હતા.

મોટા હાથીના દંતૂશળના અગ્રભાગના પ્રહારથી જેને અનેક ઘણો થયા હતા, જે લિપિ જેવા જણાતા હતા. ૮૭

યુદ્ધમાં વિરોધી રાજાઓ જેના પરાક્રમથી વિસ્મય પામતા હતા, ...-

પતિઓના મંડળના મુકુટોની કાંતિ વડે જેના ચરણો મનોહર જણાતા હતા; તથા જેને ભેટ કરેલા હાથીઓ વડે તાનો [ભૂમિભાગ શોભતો હતો]

'વીર અગ્રેસરો પણ જેના બાહુરૂપી સ્તંભની નિરંતર સ્તુતિ કરતા હતા,' અસાધારણ પરાક્રમ નિધિ તે વીર–શિરોમણિના લોકોત્તર (અલૌકિક) વીરત્વનું વર્ણન શું કરીએ ? જેણે પ્રતિપક્ષી શત્રુરાજાનો સંહાર કરી દેશને જગતમાં [નિષ્કંટક નિર્ભય સુરક્ષિત ગૌરવશાળી કર્યો]

[૯૦]......જેણે લાટ દેશમાં પોતાના નામથી અંકિત પુર સ્થાપિતં કર્યું હતું.

[૯૧]......અવંતિ (માળવા) માં જેણે સ્થાન કર્યું હતું, શ્રેષ્ઠ હાથીઓ, ઘોડાઓ તથા [રથ–સુભટાદિ] સેના સાથે [વિજય પ્રયાણ કર્યું હતું.]

[૯૨–૯૩] ધવલનો પુત્ર વૈરિસિંહ થયો, જે નય (નીતિ) થી વિભૂષિત હતો; જેણે સ્તંભતીર્થ (ખંભાત) માં પાર્શ્વનાથનું ચૈત્ય (જિનમંદિર) કરાવ્યું હતું. ૯૨ વિનય–કુશલતા [આદિ સદ્ગુણોથી યુક્ત]........૯૩

[૯૪ થી ૧૦૧] તીર્થ (જૈન પ્રવચન) ની પ્રભાવનાથી ઉત્પન્ન થયેલી પુણ્યલક્ષ્મી વડે જેમનો જન્મ પુણ્ય (પવિત્ર) છે, જેમની કીર્તિ–સંપદ્ સાત સાગરના કિનારા સુધી હિંચકી રહી છે. ૯૪

અમારિ–ડિંડિમ (પડહ) [વગડાવવા વડે જેમણે સર્વત્ર દેશોમાં નિર્ભયતા અને શાંતિ વિસ્તારી છે.] ૯૫

[અનેક સુકૃતો વડે] ધન્ય, ત્રણે વિદ્યાઓ (શબ્દ, પ્રમાણ અને સાહિત્ય) ના વિધાતા એવા પૂજ્ય શ્રીહેમચંદ્રસૂરિજીના આદેશરૂપ વૈભવને લઈ ને. ૯૬

જેણે (જે ઉદયન વિહાર–જિનમંદિરે) સુવર્ણ કલશોની કાંતિથી આકાશને પીતવર્ણમય બનાવ્યું છે, સંકલ્પોને પૂરવામાં [જે કલ્પવૃક્ષ જેવું છે.........૯૭

હજારો ભેરીઓમાંથી ઊઠતા દીર્ઘ વિસ્તૃત ભાંકાર–નાદોના પૂરથી વિશ્વને ભરી દેતું જે (ઉદયન–વિહાર) વિશ્વમાં રમણીય છે; આકાશને સ્પર્શ કરતાં જેનાં ઉચ્ચ શિખરો પર રહેલી સિંહશિશુની શ્રેણી વડે (સિંહથરની રચના વડે) [? સૂર્યના રથની ગતિ પણ થંભી જતી હતી.]

[જે ઉદયન–વિહારમાં] સ્ફટિકરત્ન જેવી હજારો શિલાઓના કાંતિ–સમૂહવડે હર્મ્ય (પ્રાસાદ) અને ચંદ્રશાલા શોભે છે. ૯૯

દેવોના વિમાનનો ઉપહાસ કરનારું, માન–રહિત એવા (નિરભિમાન) મુનિઓના સમૂહ વડે જેનું બહુમાન કરવામાં આવે છે તેવું, જે સકલ...–રચના–સમૃદ્ધિથી યુક્ત છે....

........એવો આ ઉદયન–વિહાર (જિન–પ્રાસાદ) મંત્રી વાગ્ભટે [વિપુલ] લક્ષ્મી વડે કરાવ્યો હતો. ૧૦૧

[૧૦૨–૧૦૪] જે (ઉદયન–વિહાર) માં જિનોની સંખ્યા (૨૪) પ્રમાણે આમલકો, તથા સુવર્ણના ૩૧ ધ્વજો હતા.......

જે મંદિર ધ્વજથી રમણીય લાગે છે.........

જ્યાં સુધી, ચંદ્ર અને સૂર્યરૂપ ઝુમખાંવાળું અને અત્યંત ધવલ (ઉજ્જ્વલ) દેદીપ્યમાન તારારૂપ મોતીવાળું આકાશ, વિકસ્વર કમળ જેવી સુંદર કાંતિ વડે ચંદ્રોદય (ચંદરવા)ની શોભાને ધારણ કરે છે; ત્યાં સુધી પ્રભા–શાલી આ જિનમંદિર વિજયવંતુ વર્તો.]

કૃતબુદ્ધિ (બુદ્ધિશાલી) શ્રેષ્ઠ આત્માઓમાં શિરોમણિ જેવા, સો પ્રબંધોની રચના વડે પ્રખ્યાત કીર્તિ અને અભીષ્ટ ઉદયવાળા રામચંદ્ર મુનિએ આ અસાધારણ પ્રશસ્તિ કરી છે. [૧૦૪]

અઢાર નાતરાં

લેખક : શ્રીયુત જયભિખ્ખુ

રૂપાળી એવી મથુરા નગરી છે. રૂડો એવો જમનાનો આરો છે. આરા ઉપર વાદળથી વાતો કરતી ઊંચી એવી હવેલી છે.

એ હવેલીમાં કુબેરસેના નામની ગણિકા વસે છે. દેશોદેશમાં વિખ્યાત છે. ચાંદાના જેવી ઊજળી, ફૂલ જેવી કોમળ ને ચંદનની ડાળ જેવી નાજુક છે. ધંધો તો નીચો છે, પણ મન એનું નીચ નથી.

એ વારંવાર વિચારે છે: અરે! ન જાણે મેં પરભવ કેવાં પાપ કીધાં હશે, તે આ ભવે ગણિકાને ત્યાં જન્મી! મારે સોનાનો તૂટો નથી, રૂપાની તાણ નથી, જર–જવાહર જોઈએ એટલાં છે. ચારે ભંડાર ભરપૂર છે. પણ અરેરે! મારું મન જાણે સૂનું સૂનું છે! અંતર જાણે અધૂરું છે. મારું હસવુંય ખોટું છે, રડવુંય ખોટું છે! એમ ખોટેખોટું આચરતાં જાણે જીવતર સમૂળગું ખોટું થઈ ગયું છે!

કુબેરસેના આમ વિચારે છે. એવામાં એ ગર્ભવતી થાય છે. પૂરે મહિને બેલડાનાં દીકરો–દીકરી જન્મે છે. દીકરી અજવાળી રાત જેવી રૂડી છે. દીકરો સૂરજના તેજ જેવો રૂપાળો છે. ગણિકા મનમાં વિચારે છે: અરેરે, હું તો વેશ્યા! મારે ત્યાં આ બાળુડાંને કોણ જાળવશે, કોણ નવરાવશે, કોણ ધોવરાવશે, કોણ ભણાવશે, કોણ ગણાવશે? એના કરતાં કોઈ બીજાના ઘેર હશે તો સુખે ઊછરશે, ભણશે–ગણશે ને સુખી ને સંસ્કારી થશે. વેશ્યાનો બેટડો કોને બાપ કહેવા જાય? નબાપા બાળને લોક ફોલી ખાશે! એનું જીવવું મોત જેવું થશે!

ભલે એ રહી જાતની ગણિકા, પણ આખરે મન તો માતાનું છે ને! કુબેરસેના દીકરા–દીકરીના દૂધમલ મોં સામે નીરખે છે, ને મનના મનસૂબા ભાંગી જાય છે! પેટનાં જણ્યાંને, નવનવ માસ પેટમાં ઉછેરી, હવે કંઈ મારી નંખાય? કંઈ ત્યારે એકલા–નોંધારા છોડી દેવાય? જિવાડીને તો પૃથ્વી પર પાપનો ભાર વધારવો છે ને! કંઈ કંઈ વિચાર થાય છે, પણ આખરે મન કઠણ કરી, હૈયામાં હામ ધરી કુબેરસેના ભાગ્યને ભરોસે દીકરા–દીકરીને આંસુભીની આંખે વળોટાવવાનો વિચાર કરે છે.

નાના એવા બે કરંડિયા લાવે છે. ચારે કોર મખમલની ગાદી મઢે છે. વચ્ચે બાળકોને સુવડાવે છે. મોંમાં દૂધની નળી આપે છે. મોડી રાતે રડતી, આંસુ સારતી કુબેરસેના એક એક મુદ્રિકા (વીંટી) બાળકને પહેરાવે છે:—ને જમનાજીના જળમાં કરંડિયાને વહેતા મૂકે છે.

એ જાય! એ જાય! કુબેરસેના જોઈ રહે છે ને કરંડિયા જલપ્રવાહ પર વહેતા વહેતા અલોપ થઈ જાય છે. જમનાજીનો ઘોર ગંભીર પ્રવાહ ગાજે છે. રાતનો અંધકાર ભીષણ રીતે એને વીંટી વળે છે. પાપીના હૃદયમાં કદીક ઊગતી સુકોમળતાના પ્રતીક જેવો બીજનો ચંદ્ર આકાશમાં આથમવાની તૈયારી કરે છે! ને કુબેરસેનાને રડતી મૂકીને ભાગ્યને પનારે પડેલાં એ દૂધમલ બાળકો કોઈ અજાણી દિશામાં આગળ વધે છે!

આયુષ્યના બંધ કોણ કાપી શક્યું છે? આવખાં હશે તે બંને કરંડિયા નદીના પ્રવાહ પર તરતા તરતા આગળ ચાલ્યા.

રાત વીતી છે ને પ્રભાત ખીલ્યું છે. વહેલી પ્રભાતે નાહવા આવેલા બે વ્યવહારિયાએ કરંડિયા આવતા જોયા. એકે એક લીધો, બીજાએ બીજો લીધો. ઉઘાડીને જોયું તો નાનું બાળ ચસ ચસ દૂધ પીતું પડ્યું છે!

એક વ્યવહારિયાએ કહ્યું: 'અરે, મારે ઘેર સાત સાત દીકરા છે, પણ ચૂંદડીની ઓઢનાર એકેય દીકરી નથી. આજ વણમાગી દીકરી મળી!'

બીજો કહે: 'મારે વંશનો વેલો વધારનાર એકે દીકરો નથી. આજ ભગવાને વગર માગ્યે દીકરો મોકલી આપ્યો.'

બંને જણા બંનેને પોતપોતાના ઘેર લઈ ગયા. પેટનાં જણ્યાંની જેમ પોષ્યાં, ને મોટાં કર્યાં.

દીકરીનું નામ રાખ્યું કુબેરદત્તા!

દીકરાનું નામ રાખ્યું કુબેરદત્ત!

[૨]

કાળનો પ્રવાહ કેવો વેગવંત છે! આજ બાળક છે, એ કાલે જુવાન બની જાય છે.

કુબેરદત્ત ને કુબેરદત્તા જુવાન થયાં છે. બાગમાં ચંપો ખીલે, એમ યૌવન ખીલી ઊઠ્યું છે. બંને વ્યવહારિયા વિચાર કરે છેઃ અરે, આવાં યોગ્ય બાળકોને બીજે ક્યાં વરાવવાં? આંખ આગળથી અળગાં શા માટે કરવાં? બે વ્યવહારિયા મિત્રોએ આખરે બહુ બહુ વિચાર કરીને અરસપરસ વેવાઈ બનવાનું નક્કી કર્યું!

ભારે ઠાઠમાઠથી લગ્ન લેવાયાં. કુબેરદત્ત, કુબેરદત્તાને વર્યો. સરખેસરખી જોડી મળી. સહુ સ્નેહીનાં મન હરખાયાં. વરવહુ સ્વર્ગનાં સુખ ભોગવે છે. સોનાની હીંડોળાખાટે હીંચે છે, રૂપાના બાજોઠે જમે છે, સુગંધી પાન-તાંબૂલ ચાવે છે, ને રંગભરી પીચકારીઓ છાંટે છે.

રાતનો સમો છે. સુગંધી દીવા બળે છે. વરવહુ સોગઠાંબાજી રમે છે! સોગઠાંબાજી રમતાં રમતાં એકબીજાનાં સોગઠાં મારે છે. અચાનક કુબેરદત્તાની નજર પતિની આંગળીએ રહેલી વીંટી પર પડે છે: અરે, પોતાના જેવી જ નાગફણાવાળી વીંટી ક્યાંથી? કુબેરદત્તની નજર પત્નીની કોમળ આંગળી પર રહેલી મુદ્રિકા પર પડે છે! ત્યાંય નાગફણાની વીંટી છે. બંનેને અચંબો થઈ રહે છે. બંને એકબીજા સામે નીરખી રહે છે! અરે, જેમ એક સરખી મુદ્રિકાનો મેળ મળે છે, એમ મોં કાન-નાક સહુનો અણસાર એક લાગે છે!

નક્કી, જનમના કોઈ ગુપ્ત ભેદ આપણી વચ્ચે પડયા હોવા જોઈએ! બંને આખી રાત વિચાર કરતાં બેઠાં રહ્યાં. એક જ જાતની મુદ્રિકા, એક જ જાતની નાગફણા, એક જ સરખા ચહેરા-મહોરા! વહેલી સવારે બંને પોતપોતાનાં માબાપ પાસે પહોંચ્યાં — ભેદની વાત આગ્રહ ધરીને પૂછી!

બંનેએ કહ્યું કે કરંડિયામાંથી કાઢ્યાં ત્યારથી નાગફણાની વીંટી તમારે હાથે હતી. અમે તો ફક્ત તમને જેમ નાનાથી મોટાં કર્યાં એમ ફક્ત નાની વીંટીઓને મોટી કરાવી છે. આ પછી બંને વ્યવહારિયાએ સાચી વાત કહી દીધી. સાચી વાત જાણી એટલે બંનેના પસ્તાવાનો પાર ન રહ્યો.

ભાઈ કહે: 'અરે! મેં ભગિની સાથે ભોગ ભોગવ્યા!'

બહેન કહે : 'અરે, હું સગા ભાઈને વરી ? ભાઈને ભરથાર માની ભોગવ્યો ? મારાં પાપ કયે દિવસે છૂટશે ?'

કુબેરદત્તાએ અનુતાપ ને શોકમાં ઘર ત્યજ્યાં. તે તાપસીનો વેશ સજી તપ કરવા જંગલમાં ચાલી ગઈ. કરેલાં પાપ ધોવા ભયંકર એવું તપ આરંભ્યું, ધ્યાન સેવવા માંડ્યું, જ્ઞાન ઉપાર્જવા માંડ્યું.

પુરુષને પણ પોતાના પાપની શરમ લાગી. પણ સ્ત્રી જેવું એનું હૈયું આર્દ્ર નહોતું. વાતને વીસરવા એ મથવા લાગ્યો. પણ લોકનિંદા એનો પીછો પકડી બેઠી ! ઘેર ઘેર વાતો ચાલી, કે જમાનો તો જુઓ, ભાઈ–બહેન વર્યાં ! ભાઈ–બહેને ઘર સંસાર માંડ્યો ! ધિક્ હજો એ જીવને, જેણે બેનને વરીને બેન ભોગવી !

કુબેરદત્તને ચકલે–ચૌટે ચાલવું ભારે પડવા લાગ્યું. એક દહાડો લોકનિંદાથી કંટાળી ગામ છોડીને એ પણ ચાલી નીકળ્યો, અને દેશ ફરતો, પરદેશ ફરતો આવ્યો મથુરા નગરીમાં !

મથુરામાં ન કોઈ સગું છે, ન કોઈ વહાલું છે. રાતવાસો રહેવા માટે ગણિકાના આવાસ તરફ ચાલ્યો. જમનાના તીરે એક સુંદર આવાસ છે. નગરની પ્રખ્યાત ગણિકા ત્યાં રહે છે. કુબેરદત્ત માગ્યું તેટલુ સુવર્ણ આપીને એને ત્યાં રહ્યો. એક બીજાને એકબીજાનો સંગ ગોઠી ગયો. ન જાણે એક બીજાને પ્રેમની કેવી ગાંઠ બંધાણી કે એકબીજા વિના ઘડીભર સૂનાં રહેતાં નથી. ગણિકાએ એને સાચો ભરથાર માન્યો છે, કુબેરદત્તે પણ એને સાચી ભાર્યા લેખી છે. પૂર્વજન્મની પ્રીત !

વરસનાં અંતર મોટાં છે–પણ કહ્યું છે ને કે જાળવે તેની નિત્ય જુવાની ! ગણિકા જુવાની જાળવાની કળામાં નિપુણ છે. કોઈ વાતે ખામી આવવા દેતી નથી.

[૩]

વનમાં વસેલાં સાધ્વી કુબેરદત્તા ભારે તપસ્વી ને જ્ઞાની બન્યાં છે. એ ઉપદેશ આપતાં પૃથ્વીપટ પર વિચરી રહ્યાં છે. પોતે તર્યાં છે. અનેક તાર્યાં છે.

એક વાર એમને કુબેરદત્ત સાંભરે છે ! એની ભાળ કાઢે છે. ખબર પડે છે, કે એ તો મથુરા નગરીમાં વસે છે ! ગણિકાને ત્યાં રહે છે,

પવિત્ર સાધ્વી ભાઈનો ઉદ્ધાર કરવા મથુરા નગરીમાં આવે છે. પ્રભાતનો પહોર છે. કુબેરદત્ત બજારમાં એક બાળ હિંચોળનારી બાની શોધમાં ફરે છે. એની વહાલી ગણિકા પત્નીને પ્રસૂતિ આવી છે. પુત્ર જન્મ્યો છે. એ વહાલી પત્ની બે દિવસથી બિમાર છે. બાળકનું લાલનપાલન કરનાર કોઈ બાઈની જરૂર છે.

સાધ્વીએ ભાઈને ઓળખ્યો, પણ ભાઈ બેનને પિછાણી શક્યો નહિ. એણે કહ્યું: 'રે બાઈ ! તું બાળકને હીંચોળવા માટે મજૂરીએ આવીશ ?'

'હા. ભાઈ !'

'શું મજૂરી લઈશ ?'

'મારું કામ જોઈને દામ આપજો ને ! કંઈ હાથી–ઘોડા નહિ માગું.'

કુબેરદત્તને આ સ્ત્રી સારી લાગી. એને કંઈ પણ ઠરાવ્યા વિના ઘેર તેડી ગયો. જઈને પોતાના બાળકને રાખવા માટે સોંપી દીધું. પેલી સ્ત્રી તો પેટના જણ્યાની જેમ એને રમાડવા

[illegible] પેલી બાઈની રમતું રમતું બાળક ઊંઘમાં આવ્યું, એટલે પારણામાં પોઢાડીને એ હાલરડાં ગાવા લાગી! શું મધુર એનો કંઠ! શું સુંદર એનો સાદ! હાલરડું પણ કેવું વિચિત્ર! આવાં હાલરડાં કુબેરદત્ત કે એની પત્નીએ કદી સાંભળ્યાં નહોતાં.

મત રોવે તૂં મેરા ભ્રાત, હમ તુમ જનમે એક હી માત;
ઈહ નાતા તૂં ભાઈ ભયા, નિજ જનનીકા બેટા થયા. ૧.

દૂજા નાતા ગુરણી કહે, કહા પુત્ર તૂં રોતા રહે;
કુબેરદત્ત જુ મેરા ધની, ઈસ નાતે તુઝ બેટા ગિની. ૨.

તીજા નાતે દેવર જાન, મત રોવે ચુપ રહો અયાન,
મેરે પતિકા તુ હે ભ્રાત, એ સબ બાત કહી વિખ્યાત. ૩.

ચોથે નાતે સુનો વિચાર, લગે ભતીજા તું નિરધાર;
મત રોવે ભાઈ–સુત આજ, વિધિયા સુખમેં હોય અકાજ. ૪.

હે ચાચા મત રોવે આપ, માકા પતિ સો મેરે બાપ;
તિસકા તૂં હૈ ભાઈ સહી, પંચમ નાતા ચાચા સહી. ૫.

હે યતિ! રોતા ચુપ રહો, સૌક પુત્રકા બેટા કહો,
એ ખટ નાતે પોતા ભયા, એ નાતા બાલકસું થયા. ૬.

હાલરડું આગળ વધ્યું. બાળક તો ઘસઘસાટ ઊંઘે છે. પણ પેલી બાઈ તો નરમ સાદે ગાઈ રહી છે; હવે જાણે પુરુષને ઉદ્દેશીને એ કહી રહી છેઃ—

ખટ નાતા ભાઈ સેં કહે, કુબેરદત્ત ભ્રાત મુઝ રહે;
મુઝ–તુઝ માતા એકી ભ્રાત! તાતેં તૂં ભાઈ વિખ્યાત. ૭.

દૂજે નાતે તૂં હૈ તાત, મેરી માકા પતિ વિખ્યાત;
હે દાદા સુન મેરી બાત, પિતા હમારા તિસકા તાત. ૮.

તૂં તો હૈ મેરા ભરતાર, મેં તો પરણી તેરા લાર;
હે બેટા સુન મેરી બાત, મેરી સૌતિનકા હૈ જાત. ૯.

તૂં મેરા સસરા વિખ્યાત, નિજ દેવરકા તૂં હૈ તાત;
એ ષટ્ નાતા ગુરુણી કહી, કુબેરદત્તસું લાગી સહી. ૧૦.

અરે! વિચિત્ર છે આ બાઈ! ન જાણે કંઈ કંઈ હાલરડામાં કહી રહી છે! [illegible] આગળ વધ્યું. હવે જાણે પેલી વેશ્યાને ઉદ્દેશીને એ કહેતી લાગીઃ

ખટ નાતા વેશ્યાસું કહે, તૂં તો મેરી માતા રહે;
મુઝે જની તાતેં તૂં માત, કુબેરદત્તા કહતી બાત. ૧૧.

દૂજે નાતે દાદી લગી, મેરે તાતકી માતા સગી;
તીજે નાતે ભાભી જાન, નિજ ભાઈકી બહુ નિદાન. ૧૨.

ચોથે નાતે મેરી વહુ, કુબેરદત્તા કહતી સહુ;
તું સૌતિન સુતકી નારજ, તાતેં વહુ કહી આરજ. ૧૩.

પાંચમે નાતે સાસુ કહી, મેરે પતિકી માતા સહી;
છઠ્ઠે નાતે શૌકિન લગી, મેરે પતિકી પતની સગી. ૧૪.

વેશ્યા આવીને બાઈને પૂછવા લાગી: 'તું છે કોણ બાઈ? તારા અવાજમાં પુરાણા સ્નેહનું દર્દ કાં દીસે?'

'હું અઢાર નેહસંબંધવાળી સ્ત્રી છું,' કુબેરદત્તાએ કહ્યું.

'બાઈ! તારી વાતમાં હું કંઈ સમજતી નથી. તું ભણેલી વિદ્વાન બાઈ લાગે છે. તારા હાલરડાંનો અર્થ મને કહે, અને તારો નેહસંબંધ સમજાવ.'

કુબેરદત્તા કહે: 'મેં હાલરડામાં પણ આ બાળક સાથેનો મારો નેહસંબંધ બતાવતાં એ વાત કહી કે: હે બાળક! તું મારો ભાઈ છે, પુત્ર છે, દિયર છે, ભત્રીજો છે, કાકો છે, પૌત્ર છે! માટે રડતો છાનો રહી સૂઈ જા!

'અને એથી પણ છાનો ન રહે તો સાંભળ! તું જેનો પુત્ર છે, તે પણ મારો ભાઈ છે, પિતા છે, પિતામહ છે, પતિ છે, પુત્ર છે, સસરો છે!

'અને તેથીય વધુ સંબંધ તારે જાણવો હોય તો જાણી લેજે કે તું જેના ગર્ભથી ઉત્પન્ન થયો છે, તે પણ મારી માતા, દાદીમા, ભોજાઈ, વહુ, સાસુ અને શોકય છે!'

'ગણિકા કહે: 'બાઈ! તું કોણ છે?

'તારી પુત્રી!'

'અરે! વેશ્યાને વળી બાળ કેવાં?'

'તારે કોઈ પુત્ર કે પુત્રી હતાં?'

'હા હતાં, પણ એમને તો જન્મ્યાં એવાં જમનાના જળમાં વહેતાં મૂકયાં હતાં!'

'એ જ અમે બે!'

'શું ત્યારે જેને પતિ માનીને રાખ્યો છે, એ જ મારો પુત્ર! અરેરે! કોઈ અધમમાં અધમ ગણિકા પણ ન આચરે એવું પાપ મેં કર્યું! પુત્ર સાથે ભોગ!' ગણિકાને હજાર નાગ ડસ્યા હોય એવું દુઃખ થઈ રહ્યું.

'મા! સંસારનો સાર તો એથીય ખરાબ છે. અમે ભાઈ–બેન પતિ–પત્ની બનીને રહ્યાં!'

'કુબેરદત્તા! તારી વાત થોભાવ!' કુબેરદત્ત દોડી આવી બેનના ચરણમાં પડયો.

કુબેરસેના બોલી: 'સમજી હું તારું ગીત! પુત્રી! પાપના પંકમાં પડેલી મને તે તારી! હવે મારો ઉદ્ધાર કર!'

'મા! ચાલો વનજંગલમાં જઈએ! તપ તપી પાપનાં પ્રાયશ્ચિત્ત કરી, દુઃખિયાઓની સેવા કરી, જીવનના શાપ હળવા કરીએ. નાના નેહસંબંધો છોડી વિશાળ નેહસંબંધ બાંધીએ. મોહનાં માર્યાં, લોભનાં માર્યાં નેહ ન કરીએ! આપણું જીવન ઉજાળી, પરમાર્થનાં કાજ કરી, પાપના બંધ છોડીએ. પરમાર્થ એ જ પાપ પખાળવાનો મોટો માર્ગ! મા, જો ને આ સંસાર કેટલો દુઃખી છે!'

કુબેરદત્તાના વાકયે વાકયે ગણિકા કુબેરસેના અને કુબેરદત્તનાં મોહબંધનો ઓછાં થયાં. સંસાર છોડીને એ અળગાં થયાં. ચિત્તવિશુદ્ધિ ને પરોપકારને પંથે પળ્યાં. ભૂતકાળ જોનાર સંસારે એમને સદાકાળ નીચ કહી તિરસ્કાર્યાં, પણ એમણે કદી નેહસંબંધ ન તજ્યો!

[તાજેતરમાં પ્રગટ થયેલ વાર્તાસંગ્રહ સિંહપુરુષ
(વીરધર્મની વાતો ભાગ ૪થો) માંથી]

સંસારી આત્મા

[ભારતીય દર્શનકારોએ 'આત્મા' વિશે જે જે માન્યતાઓ રજૂ કરી છે, તેની સાથે જૈનો ક્યાં ક્યાં જુદા પડે છે તેની તલસ્પર્શી વિવેચના કરતો લેખ શ્રીયુત મોહનલાલ મહેતા, એમ. એ. શાસ્ત્રાચાર્યે 'જૈન ભારતી' સાપ્તાહિકના વર્ષ : ૧, અંક ૪માં 'જૈન દર્શનમેં તત્ત્વ—સંસારી આત્મા' એ શીર્ષક હિંદીમાં પ્રગટ થયો છે. એ લેખ ઉપયોગી હોવાથી એનો અનુવાદ અહીં આપીએ છીએ. સં૦]

શ્રી. વાદી દેવસૂરિએ સંસારી આત્માનું જે સ્વરૂપ બતાવ્યું છે તેમાં જૈન દર્શન સમ્મત આત્માનું પૂર્ણરૂપ આવી જાય છે. અહીં એ સ્વરૂપને આધાર બનાવીને વિવેચન કરવામાં આવશે. તે સ્વરૂપ આ પ્રકારે છે:—

'આત્મા પ્રત્યક્ષ આદિ પ્રમાણોથી સિદ્ધ છે.' 'તે ચૈતન્ય સ્વરૂપ છે, પરિણામી છે, કર્તા છે, સાક્ષાત્ ભોક્તા છે, સ્વદેહ પરિમાણ છે, પ્રત્યેક શરીરમાં ભિન્ન છે, પૌદ્ગલિક કર્મોથી યુક્ત છે.'[1]

'આત્મા પ્રત્યક્ષ આદિ પ્રમાણોથી સિદ્ધ છે.' આ કથનનું તાત્પર્ય એ છે કે, ચાર્વાક આદિ જે લોકો આત્માનું પૃથક્ અસ્તિત્વ માનતા નથી તેમણે તેની સ્વતંત્ર સત્તામાં વિશ્વાસ કરવો જોઈએ.

'તે ચૈતન્ય સ્વરૂપ છે'—આ લક્ષણ વૈશેષિક અને નૈયાયિક આદિ તે દાર્શનિકોને ઉત્તર આપવા માટે છે; જે ચૈતન્યને આત્માનો આગંતુક અને ઔપાધિક ગુણ માને છે, આત્મા સ્વરૂપથી ચેતન નથી. બુદ્ધિ આદિ ગુણોના સંબંધથી તેમાં જ્ઞાન અથવા ચેતના ઉત્પન્ન થાય છે, જે રીતે અગ્નિના સંબંધથી ઘડામાંથી રક્તતા ઉત્પન્ન થાય છે એ જ પ્રકારે આત્મામાં ચેતના અથવા ગુણ ઉત્પન્ન થાય છે.[2]

જ્યાં સુધી આત્મામાં ચૈતન્ય ઉત્પન્ન થતું નથી ત્યાં સુધી તે જડ છે. જે લોકો આ રીતે ચૈતન્યની ઉત્પત્તિ માને છે, તેમની દૃષ્ટિએ આત્મા ચેતન નથી. તેઓ ચૈતન્યને આત્માનો આવશ્યક ગુણ માનતા નથી. ચૈતન્ય અથવા જ્ઞાન એક ભિન્ન તત્ત્વ છે અને આત્મા એક ભિન્ન પદાર્થ છે, બંનેના સંબંધના કારણે અમે કહીએ છીએ કે આ આત્મા જ્ઞાનવાન્ છે. જે રીતે દંડના સંબંધથી પુરુષ દંડી કહેવાય છે. એ જ પ્રકારે જ્ઞાનના સંબંધથી આત્મા જ્ઞાનવાન્ કહેવાય છે. વાસ્તવમાં જ્ઞાન અને આત્મા અત્યંત ભિન્ન છે.

ઉપર્યુક્ત માન્યતાનું ખંડન કરતાં એ કહેવામાં આવ્યું કે આત્મા ચૈતન્ય સ્વરૂપ છે. ચૈતન્ય આત્માનો આવશ્યક ગુણ છે; આગંતુક યા ઔપાધિક નથી. જો આત્મા અને જ્ઞાનને એકાંત ભિન્ન માનવામાં આવે તો ચૈત્રનું જ્ઞાન ચૈત્રના આત્માથી એટલું જ ભિન્ન છે, જેટલું મૈત્રના આત્માથી. એ જ પ્રકારે મૈત્રનું જ્ઞાન પણ મૈત્રના આત્માથી એટલું જ ભિન્ન છે જેટલું કે ચૈત્રના આત્માથી. ચૈત્ર અને મૈત્ર બંનેના જ્ઞાન બંનેના આત્માઓ માટે એકસરખાં છે. આ સ્થિતિમાં એનું શું કારણ છે કે ચૈત્રનું જ્ઞાન ચૈત્રના આત્મામાં જ છે અને મૈત્રનું

---

૧. 'प्रमाता प्रत्यक्षादिप्रसिद्ध आत्मा ।' 'चैतन्यस्वरूपः परिणामी कर्ता साक्षाद्भोक्ता स्वदेहपरिमाणः प्रतिक्षेत्रं भिन्नः पौद्गलिकादृष्टवांश्चायम् ।' —प्रमाणनयतत्त्वालोक ७, ५५, ५६

२. अग्निघटसंयोगजरोहितादिगुणवत् । —शाङ्करभाष्य २, ३, १८

જ્ઞાન મૈત્રના આત્મામાં ? બંને જ્ઞાન બંનેમાં સમાનરૂપે રહેવાં જોઈએ. વાસ્તવમાં 'તેનું જ્ઞાન' અથવા 'આનું જ્ઞાન', 'મારું જ્ઞાન' જેવી કોઈ વસ્તુ નથી. બધાં જ્ઞાન બધાંને સમાનરૂપે ભિન્ન છે; કેમકે જ્ઞાન આત્માનો સ્વભાવ નથી, એ પાછળથી આત્મામાં જોડાય છે.

આ મુશ્કેલીઓને દૂર કરવા માટે એ હેતુ આપવામાં આવે છે કે જો કે જ્ઞાન અને આત્મા બિલકુલ ભિન્ન છે તો પણ જ્ઞાન આત્મા સાથે સમવાય સંબંધથી સંબદ્ધ છે. જે જ્ઞાન જે આત્મા સાથે સંબદ્ધ હોય છે તે જ્ઞાન તે જ આત્માનું કહેવાય છે; બીજાનું નહિ. આ પ્રકારે સમવાય સંબંધ આપણી બધી મુશ્કેલીઓ દૂર કરી દે છે. ચૈત્રનું જ્ઞાન ચૈત્રના આત્માથી સંબદ્ધ છે, ન કે મૈત્રના આત્માથી. આ રીતે મૈત્રનું જ્ઞાન મૈત્રના આત્મા સાથે સમવાય સબંધથી જોડાયેલું હોય છે તે જ્ઞાન તે જ આત્માનું જ્ઞાન કહેવાય છે.

નૈયાયિક અને વૈશેષિકોનો આ હેતુ ઠીક નથી. સમવાય એક છે, નિત્ય છે અને વ્યાપક છે.[1] અમુક જ્ઞાનનો સંબંધ ચૈત્ર સાથે જ હોવો જોઈએ પણ મૈત્ર સાથે નહિ, એનો કોઈ સંતોષપ્રદ જવાબ નથી. જ્યારે સમવાય એક, નિત્ય અને વ્યાપક છે ત્યારે એમ કેમ કે અમુક જ્ઞાનનો સંબંધ અમુક આત્માની સાથે જ થાય અને બીજા આત્માઓની સાથે નહિ ? બીજી વાત એ છે કે, ન્યાય–વૈશેષિક દર્શનો મુજબ આત્મા પણ સર્વવ્યાપક છે એટલા માટે એક આત્માનું જ્ઞાન બધા આત્માઓમાં રહેવું જોઈએ. એ રીતે તો ચૈત્રનું જ્ઞાન મૈત્રમાં પણ રહેશે.

કોઈ પણ રીતે એ માની લેવામાં પણ આવે કે સમવાય સંબંધથી આત્માની સાથે સંબદ્ધ થાય છે ત્યારે પણ એક પ્રશ્ન બાકી રહી જાય છે, તે એ કે સમવાય કયા સંબંધથી જ્ઞાન અને આત્માની સાથે સંબદ્ધ થાય છે ? જો એને માટે કોઈ બીજા સમવાયની આવશ્યકતા હોય તો અનવસ્થા દોષનો સામનો કરવો પડે છે, જો એ કહેવામાં આવે કે તે પોતાની મેળે જ જોડાઈ જાય છે તો પછી જ્ઞાન અને આત્મા પોતાની મેળે જ કેમ સંબદ્ધ થતાં નથી ? એને માટે એક ત્રીજી ચીજની આવશ્યકતા કેમ રહે છે ?

નૈયાયિક અને વૈશેષિક એક બીજો હેતુ ઉપસ્થિત કરે છે. તેઓ કહે છે કે આત્મા અને જ્ઞાનમાં કર્તૃ–કરણ ભાવ છે; એટલા માટે બંને ભિન્ન હોવાં જોઈએ. આત્મા કર્તા છે અને જ્ઞાન કરણ છે; આથી આત્મા અને જ્ઞાન એક નથી બની શકતાં. જૈન દાર્શનિકો કહે છે કે આ હેતુ ઠીક નથી. જ્ઞાન અને આત્માનો સંબંધ સામાન્ય કરણ અને કર્તાનો સંબંધ નથી. 'દેવદત્ત દાતરડાથી કાપે છે.' અહીં દાતરડું એક બાહ્ય કરણ છે, જ્ઞાન એવા પ્રકારનું કરણ નથી. જે આત્માથી ભિન્ન હોય.[2] જો દાતરડાની પેઠે જ્ઞાન પણ આત્માથી ભિન્ન સિદ્ધ થઈ જાય તો એમ કહી શકાય કે જ્ઞાન અને આત્મામાં કરણ અને કર્તાનો સબંધ છે, અને જ્ઞાન આત્માથી ભિન્ન છે. અમે કહી શકીએ કે, દેવદત્ત નેત્ર અને દીપકથી જોઈ શકે છે. અહીં દેવદત્તથી દીપક જે રીતે ભિન્ન છે એ રીતે આંખો ભિન્ન નથી. જો કે દીપક અને નેત્ર બંને કરણ છે, પરંતુ બંનેમાં ઘણું અંતર છે. એ જ રીતે જ્ઞાન આત્માનું કરણ હોવ

---

૧. 'समवायस्यैकत्वान्नित्यत्वाद् व्यापकत्वाच्च'।

૨. करणं द्विविधं ज्ञेयं बाह्यमाभ्यन्तरं बुधैः।
यथा लुनाति दात्रेण मेरुं गच्छति चेतसा ॥ —स्याद्वादमञ्जरी, पृ० ४२

જતાં પણ આત્માથી સર્વથા ભિન્ન નથી. તે આત્માનો સ્વભાવ છે એટલા જ માટે આત્માથી અભિન્ન છે,

અહીં એક શંકા થાય છે કે, જો આત્મા અને જ્ઞાન અભિન્ન છે તો તે બન્નેમાં કર્તૃ-કરણભાવ કેવી રીતે બની શકે ? જે રીતે સર્પ પોતાને પોતાના શરીરથી લપેટે છે[1] એ જ પ્રકારે આત્મા પોતાનાથી જ પોતાની જાતને જાણે છે, તે જ આત્મા જાણનારો છે—કર્તા છે અને એ જ આત્માથી જાણે છે—કરણ છે. કર્તા અને કરણનો આ સંબંધ પર્યાયભેદથી છે. આત્માના પર્યાયો જ કરણ બને છે. એ પર્યાયોને છોડીને બીજું કોઈ કરણ નથી બનતું એટલા માટે આત્મા ચૈતન્ય સ્વરૂપ છે.

'આત્મા પરિણામી છે'—આ વિશેષણ તે લોકોના મતના ખંડન માટે છે જેઓ આત્માને ચૈતન્ય સ્વરૂપ માનવા છતાં પણ એકાંતરૂપે નિત્ય શાશ્વત માને છે. તેઓ કહે છે કે આત્મા અપરિણામી છે—અપરિવર્તનશીલ છે. ઉદાહરણ માટે સાંખ્ય દર્શનને લઈએ. તે પુરુષને કૂટસ્થ નિત્ય માને છે. જે કંઈ પણ પરિવર્તન થાય છે તે પ્રકૃતિમાં થાય છે. પુરુષ ન કદાપિ બંધાય છે અને ન કદી મુક્ત થાય છે. બંધન અને મુક્તિરૂપ જેટલાં પણ પરિણામ છે તે પ્રકૃતિને આશ્રિત છે; પુરુષને આશ્રિત નહીં.[2] પુરુષ નિત્ય છે તેથી જન્મ, મરણ આદિ જેટલાં પણ પરિણામો છે તેનાથી તે ભિન્ન છે—અસ્પૃશ્ય છે. એટલા માટે પુરુષ અપરિણામી છે.

પરિણામવાદનું સમર્થન કરનાર જૈનદર્શન કહે છે કે જો પ્રકૃતિ જ બદ્ધ થાય છે અને પ્રકૃતિ જ મુક્ત થાય છે તો તે શું છે જેનાથી પ્રકૃતિ બંધાય છે અને જેના અભાવમાં તેને મુક્તિ મળે છે ? પ્રકૃતિ સિવાય કોઈ એવું તત્ત્વ નથી જેને સાંખ્યદર્શન માનતું હોય, એટલા માટે પ્રકૃતિ કોઈ બીજા તત્ત્વથી તો બદ્ધ થઈ નથી શકતી. જો પ્રકૃતિ સ્વયં બદ્ધ થાય છે અને સ્વયં મુક્ત બને છે તો તો બંધન અને મુક્તિમાં કોઈ અંતર નહિ થાય, કેમકે પ્રકૃતિ હમેશાં પ્રકૃતિ છે. તે જેવી છે તેવી જ રહેશે કેમકે એમાં ભેદ કરનાર કોઈ અન્ય તત્ત્વ નથી. અખંડ તત્ત્વમાં પોતાની મેળે અવસ્થાભેદ નથી થઈ શકતો. જો એમ માનવામાં આવે કે પુરુષ પ્રકૃતિના પરિવર્તનમાં કારણ છે તો પણ સમસ્યાનું સમાધાન થઈ શકતુ નથી. પુરુષ હમેશાં પ્રકૃતિની સમ્મુખ રહે છે. જો તે હમેશાં એકરૂપ છે તો પ્રકૃતિ પણ એકરૂપ રહેશે. જો તેમાં પરિવર્તન થાય છે તો પ્રકૃતિમાં પણ પરિવર્તન થશે. એમ નથી થઈ શકતું કે પુરુષ તો સદૈવ એકરૂપ રહે અને પ્રકૃતિમાં પરિવર્તન થતું રહે, એ સમજમાં નથી આવતું. જો પ્રકૃતિના પરિવર્તન માટે પુરુષમાં પરિવર્તન માનવામાં આવે તો જે બલાથી બચવા માટે પ્રકૃતિનું શરણ લેવુ પડ્યું તે જ બલા ગળામાં આવી પડી.

સાંખ્ય દર્શનની ધારણા અનુસાર સુખ-દુઃખ આદિ જેટલીયે માનસિક-ક્રિયાઓ છે, તે બધી પ્રકૃતિના જ કારણે છે. પુરુષનું બુદ્ધિમાં પ્રતિબિંબ પડે છે. આ પ્રતિબિંબના કારણે પુરુષ એ સમજે છે કે, સુખ-દુઃખ આદિ મારા ભાવો છે. આ ધારણા પણ પરિણામવાદની તરફ જાય છે. પુરુષ પોતાનું મૂળ સ્વરૂપ ભૂલી જઈ સુખ-દુઃખ આદિને પોતાનું સમજવા લાગે છે એનો અર્થ એ થયો કે, એના મૂળરૂપમાં એક પ્રકારનું પરિવર્તન થઈ ગયું. પોતાના

[જુઓ અનુસંધાન પૃષ્ઠ ૭૪]

---

१ 'सर्प आत्मानमात्मना वेष्टयति' स्याद्वादमञ्जरी, पृ० ४२

२. तस्मान्न बध्यतेऽसौ न मुच्यते नापि संसरति कश्चित्।
संसरति बध्यते मुच्यते च नानाश्रया प्रकृतिः॥ —साङ्ख्यकारिका, ६२

कविवर सुरचन्द्र विरचित
'पदेकविंशति' ग्रन्थ

लेखक:—श्रीयुत अगरचंदजी, भंवरलालजी नाहटा

सत्तरहवीं शतीके जैन कवियोंमें वाचक सूरचन्द्र उल्लेखनीय विद्वान हो गये हैं। आप खरतरगच्छकी श्रीजिनभद्रसूरि परम्परामें वा. चारित्रोदयके शिष्य पाठक वीरकलशके शिष्य थे। बीस वर्ष पूर्व अपने 'युगप्रधान श्रीजिनचन्द्रसूरि' ग्रन्थमें सूरिजीके आज्ञानुवर्त्ती विद्वान मुनियोंका परिचय लिखते हुए आपका भी संक्षिप्त परिचय दिया गया था। 'जैन तत्त्वसार' मूल ग्रन्थ ही आपकी रचनाओंमेंसे तब तक प्रकाशित हुआ था। एवं बीकानेरके ज्ञानभंडारमें आपके रचित पंचतार्थी श्लेषालंकार चित्रीकी अपूर्ण प्रति प्राप्त थी। इन उभय ग्रन्थोंसे ही आपकी विद्वत्ताका अच्छा परिचय मिल जाता है। वैसे फुटकर स्तवन स्तोत्रादि उपलब्ध हैं ही। भाषा कृतियोंमें 'श्रीजिनसिंहसूरि रास' और गद्यका 'चातुर्मासिक व्याख्यान' उल्लेखनीय है।

आपकी विद्वत्प्रतिभाको देखते हुए तभीसे यह आशा की थी कि और भी आपकी विद्वत्तापूर्ण बड़ी रचनाये मिलनी चाहिए। दो वर्ष पूर्व जोधपुरके श्रीकेशरियानाथजीके मन्दिर स्थित खरतरगच्छीय ज्ञानभंडारमें आपके रचित 'स्थूलिभद्र महाकाव्य'की अपूर्ण प्रति प्राप्त हुई थी जिसका परिचय 'जैन भारती' वर्ष १३, अंक ६ में प्रकाशित किया जा चुका है। इतः पूर्व जैन सिद्धान्त भास्कर वर्ष १७, अंक १ में 'कविवर सूरचन्द्र और उनके ग्रन्थ' शीर्षक लेखमें आपका परिचय दिया गया था। सतरहवीं शतीके श्रावक कवि ऋषभदासने महाकवि सूरचन्द्रका जो उल्लेख किया है, हमारे ख्यालसे वे ही होने चाहिए।

गत वर्ष आबूके संबन्धमें विचार विमर्श करनेके लिए राजस्थानके प्रधान मंत्री श्रीटीकाराम पालीवालके निमन्त्रणसे जयपुर जाता हुआ पुरातत्त्वाचार्य मुनिश्री जिनविजयजीसे राजस्थान पुरातत्त्वमन्दिरमें नवीन प्राप्त कतिपय वर्णनात्मक जैन भाषा ग्रन्थोंके सम्बन्धमें बातचीत होने पर उन्होंने अपने संग्रहमें भी ऐसे एक ग्रन्थ होनेकी सूचना दी तो मुझे उसे देखनेकी उत्सुकता बढ़ी। प्रतिको निकलवाकर देखने पर बड़ा ही हर्ष हुआ क्योंकि वह अद्यावधि सर्वथा अज्ञात कविवर सूरचन्द्रका रचित एक विशिष्ट ग्रन्थ था। विषयकी दृष्टिसे मौलिक होनेके साथ साथ उसमें अन्य भी कतिपय विशेषताएं हैं। जिनमेंसे प्रसंग प्रसंग पर दिये गये लोक भाषाके विविध वर्णन जो लगभग ३० की संख्यामें हैं, विशेष रूपसे उल्लेख योग्य हैं। मूल ग्रन्थ संस्कृत पद्यमें है और वर्णन लोकभाषा गद्यमें है, यह विशेषता अन्यत्र कहीं देखनेको नहीं मिलती। खेद है कि ग्रन्थकी प्रति ९८ पत्रोंकी होते हुए भी, अपूर्ण ही मिली है इसमें ग्रन्थके

नामानुसार २१ पदोंके विवेचनमेंसे १४-वें पदका विवेचन चल रहा है। अर्थात् ७ पदोंका विवेचन अभी और मिलना चाहिए। १३ पदोंके विवेचनमें ६७ कथाएं आई हैं। इस हिसाबसे और बहुतसी कथाएं और वर्णन आगेके अंशमें होगा जो बहुत महत्त्वका होना चाहिए। अतः इस ग्रन्थकी कहीं किसी सज्जनको पूर्ण प्रति या अंतिम अंश उपलब्ध हो तो हमें सूचित करनेका अनुरोध करते हुए प्राप्त प्रतिका संक्षिप्त परिचय दिया जा रहा है—

इस ग्रन्थका नाम 'पदैकविंशति' रखना सकारण है क्योंकि इसमें २१ पदोंका विवेचन किया गया है। मंगलाचरणके अनंतर कविने उन २१ पदोंका नाम एक श्लोकमें देकर बतलाया है। आदिके दो श्लोक यहां दिये जा रहे हैं:—

चरणकमलयुग्मं वर्द्धमानस्य नत्वा भवभयपरिभेत्तुश्छेत्तुरंहो लतायाः।
विबुधमविकबुद्ध्यै दर्शयिष्ये स्वलब्ध्यै, स्वपरसमयविज्ञातोपदेशप्रपंचः ॥१॥

शुद्धोऽर्हद्गुरुधर्म्म आर्हतमते, पंचप्रकारे यमे,
क्षान्तौ मार्दवआर्जवे शुचि पुनर्दाने च शीले तथा,
सद्भावे तपसि सहोपकरणे सज्ज्ञानसम्यक्क्रिया—
भ्यासेऽन्यत्र शुभे च निर्वृतिकृते संतो रतिं कुर्वताम् ॥२॥ द्वारवृत्तमिदम् ॥

उपर्युक्त गुणोंका विवेचन करते हुए दृष्टान्तरूपमें अनेक कथाएं दी गयी हैं। ये कथाएं कितनी ही शास्त्र, पुराण, कुराण और इतिहाससे संबन्धित हैं। ग्रन्थके प्राप्त अंशकी कथा-सूची यहां दी जा रही है।

१ जिनराजपूजाविषये—१ देवपालभूपाल संबन्ध, २ कुमारपालभूपाल संबन्ध, ३ दुर्गता दृष्टान्त, ४ अंबिका सम्बन्ध, ५ कुंतला दृष्टान्त.

२ शुद्धगुरुपदविषये—१ नागार्जुन कथा, २ जगद्दू साधु उदाहरण, ३ श्रीकर्णदेव मयणिल्ल कथा ४ सिद्धसेनसूरि कथानक, ५ धनदत्त दृष्टान्त ६ रत्नद्वीपराज दृष्टान्त.

३ शुद्धधर्मपदविषये—१ राज्ञा मोचिततस्करकथा, २ धर्मराज संबन्ध, ३ कपोत मिथुन दृष्टान्त, ४ वज्रायुधराजकथा, ५ (पौराणिक) अणी मांडव्य दृष्टान्त, ६ मातापुत्रयो-दृष्टान्त, ७ हरिबल मात्स्यिक सम्बन्ध.

४ सम्यक्त्व विषये—१ धनपाल पंडित सम्बन्ध. २ कुलानंद श्रेष्ठि कथा. ३ जिनदास श्रावक सम्बन्ध. ४ कण्ठेश्वरी देवी सम्बन्ध. ५ नरवर्म राजकथा. ६ सुलसा सम्बन्ध. ७ श्रेणिक महाराज सम्बन्ध।

५ अहिंसाव्रतविषये—१ कुंभकारभूपति सम्बन्ध. २ संग्राम सोनी सम्बन्ध. ३ दाम-नक दृष्टान्त.

६ मृषावादविषये—१ द्रौपदी गोमसत्य पंचक कथा. २ सागरश्रेष्ठिशिख कथा. ३ कौशिक तापस दृष्टान्त.

७ अस्तेयपदविषये—१ शीलदेव सम्बन्ध. धर्मबुद्धि कुबुद्धि दृष्टान्त. ३ धर्मर्षि कथानक. ४ सुदत्तश्रेष्ठि सम्बन्ध. ५ रांका बांका संबन्ध.

८ मैथुनविरमणव्रते—१ धर्मदत्त कथानक. २ श्रीपति कथा. ३ सीता संबन्ध. ४ सुंदरी कलिमता कथा. ५ श्रेष्ठि कुबेरदत्त कथा. ६ कालिका चरित.

९ परिग्रहपरिमाणव्रते—१ केशव काष्ठहारक कथा. २ शिवदत्त सोमदत्त कथा. ३ मीयां सिकेमा बीबी फत्तू उदाहरण. ४ आम्रकार्पटिक दृष्टान्त.

१० क्षान्तिपदविषये—१–२ राम-लक्ष्मण कथा. ३ श्रीकृष्णसंबन्ध. ४ कालवेस्यिक. ५ अग्निशर्मा दृष्टान्त. ६ ग्राममहत्तर चोर सेनानी संबन्ध. ८ मुनिका दृष्टान्त. ७ विक्रमनृप दृष्टान्त.

११ मार्दवपदे—१ पांडव दृष्टान्त. २ विक्रमादित्य संबन्ध. ३ रामचंद्र मान त्याग वि. विक्रमादित्य संबन्ध. ४ रामचंद्र कथा. ५ विक्रमादित्य संबन्ध.

१२ आर्जव पदे—१ साध्वी वीरमती दृष्टान्त. २ रुक्मिणी दृष्टान्त. ३ लक्ष्मणार्या संबन्ध. ४ पांडुरार्या संबन्ध.

१३ लोक विषये—चक्रकान्त वणिक कथा. २ कुट्टिनी. ३ शंकल श्रेष्ठि कथा. ४ सुगर श्रेष्ठि कथा. ५ वल्मीक भेदि वणिक कथा.

उपर्युक्त कथासूचीसे ग्रन्थकारकी गुणग्राहकता और विशाल अध्ययनका परिचय मिलता है। इनमेंसे कई कथाएं तो पूर्ववर्ती जैन ग्रन्थोंसे ली गई है, कई लोककथाओंके रूपमें प्रचलित हैं। जीवदया पर अणीमाण्डव्यका दृष्टान्त ग्रन्थकारने पौराणिक बतलाया है, जिसे महाभारतके आदि पर्वसे उद्धृत करनेका उल्लेख कथाके ४४वें श्लोकमें पाया जाता है। कपोत-मिथुन दृष्टान्तको भी ग्रन्थकारने पौराणिक कहा है। इसी प्रकार परिग्रह संतोष पर मीयां सिकेमा बीबीफत्तूका उदाहरण कुरानशरीफसे लिया गया है। संग्रामसिंह, जगडूशाह, कुमारपाल, कर्णदेव मीनलदेवी, धनपाल, राकाबांका, सिद्धसेन, विक्रम आदि कथाएं ऐतिहासिक हैं।

ग्रन्थमें कहीं कहीं पर प्राचीन व प्रसिद्ध दोहे भी उद्धृत किये गये हैं। निम्नोक्त गाथ

वर्णनोंमेंसे कई कई तो पर्याप्त विस्तृत और सौष्ठवपूर्ण है। वस्त्र, भोजन, अलंकार, वाजित्र, और भौगोलिक नामसूची भारतीय प्राचीन संस्कृतिके कितने ही अज्ञात और महत्त्वपूर्ण बातों पर प्रकाश डालती है। समस्त तुकान्त वर्णनात्मक गद्यांशकी सूची इस प्रकार है:—

मेघवर्णन, नृपगुणवर्णन, वाणी, श्रावकगुणवर्णन, राजवर्णन, दुष्कालवर्णन, महाजन-विनय, मंत्रीवर्णन, उज्जैनवर्णन, गजवर्णन, अश्ववर्णन, चोरवर्णन, वनवर्णन, दुष्टस्त्रीवर्णन, शीतकालवर्णन, देशनाम, समवसरण, अटवी, युद्ध, धर्म, लक्ष्मीवंत, निर्धन, शीलवर्णन, रावण-वर्णन, वस्त्रनाम, वाजित्रनाम, उष्णकालवर्णन, वस्त्रालंकारवर्णन।

ये वर्णन संवत् १४७८में रचित माणिक्यचंद्रसूरि कृत 'पृथ्वीचंद्रचरित' अपर नाम वाग्विलासका स्मरण दिलाते हैं। ये सभी वर्णन सूरचन्दजीके स्वयं रचित नहीं प्रतीत होते। क्योंकि हमें ऐसे वर्णनोंके कोशरूप पांच स्वतंत्र ग्रन्थ उपलब्ध हुए हैं जिनमें आये हुए वर्णन इस ग्रन्थमें सामान्य हेरफेरके साथ उद्धृत हैं। कई वर्णन उनके रचित अवश्य होंगे।

ग्रन्थ रचनाकाल—प्रतिके अपूर्ण प्राप्त होनेसे ग्रन्थका रचनाकाल ठीक नहीं बतलाया जा सकता फिर भी इस ग्रन्थमें प्रसंगवश विशेष जाननेके लिए स्व रचित जैन तत्त्वसारको देखनेका उल्लेख किया है, जैन तत्त्वसारकी रचना संवत् १६७९ आश्विन शुक्ला १५ बुधवार को अमरसरमें हुई है। अतः इस ग्रन्थका रचना समय इसके पीछेका ही सिद्ध होता है। प्रत्येक पद्योंके विवेचनकी समाप्ति–पुष्पिका दी है, जिसमें कहीं कहीं अपने गुरुभ्राता पद्मवल्लभ द्वारा इस ग्रन्थ रचनामें साहाय्य मिलनेका लिखा है। इन्हीं पद्मवल्लभजीकी सहायताका उल्लेख जैनतत्त्वसारमें भी किया है। जैन तत्त्वसार ४१०० श्लोकोंकी टीकाके साथ हालहीमें पुनः प्रकाशित हुआ है।

प्रति परिचय—प्राप्त प्रति समकालीन और शुद्ध है। हांसियेमें अनेक स्थानों पर शब्दोंके अर्थ और टिप्पण भी दिये हैं प्राप्त पत्रोंकी संख्या ९८ और प्रति पृष्ठमें पंक्ति और प्रति पंक्तिमें अक्षर हैं।

संयोगकी बात है, कवि सूरचंदकी तीनों महत्त्वपूर्ण रचनाओंकी एक एक प्रति ही और वह भी अपूर्ण प्राप्त है। अतः पंचतीर्थी श्लेषालंकार स्तव, स्थूलिभद्र गुणमाला चरित (१५ सर्गतक प्राप्त) और प्रस्तुत ग्रन्थकी भी पूर्ण प्रतियोंका पता लगाना परमावश्यक है। कविके प्राप्त ग्रन्थोंका रचना समय सं. १६५९से १६९४ तक है। इन ३५ वर्षोंमें अवश्य ही और बहुतसे ग्रन्थ रचे होंगे जो अन्वेषणीय हैं।

નંદીની આદ્ય પદ્યત્રિપુટી

લેખક :—પ્રો. શ્રીયુત હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

જૈન આગમોના સામાન્ય રીતે નીચે મુજબ વર્ગ સૂચવાય છે. (૧) અંગ, (૨) ઉપાંગ, (૩) છેય, (૪) મૂલ, (૫) પઇણ્ણગ અને (૬) ચૂલિયા.

'ચૂલિયા' એ અર્થમાં 'ચૂલિયા-સુત્ત' (સં. ચૂલિકા સૂત્ર)નો પણ પ્રયોગ કરાય છે. 'ચૂલિયા-સુત્ત' તરીકે બે આગમો ગણાવાય છે. (૧) નંદી અને (૨) અણુઓગદ્દાર. આ પૈકી નંદીને સામાન્ય જનતા 'નંદીસૂત્ર' કહે છે. એના પ્રણેતા તે દૂષ્યગણિના શિષ્ય દેવ વાચક છે. એમણે આ આગમ (સુત્ત ૪૨)માં જે અજૈન કૃતિઓ ગણાવી છે એ વિચારતાં આ નંદીની રચના વહેલામાં વહેલી ઈ. સ. ની ત્રીજી સદીમાં અને મોડામાં મોડી ઈ. સ. ની પાંચમી સદીમાં થયાનું અનુમનાય છે. આ મહત્ત્વના આગમનો પ્રારંભ નિમ્નલિખિત ત્રણ પદ્યોથી થાય છે :—

"जयइ जगजीवजोणीवियाणओ जगगुरू जगाणंदो।
जगणाहो जगबंधू जयइ जगप्पियामहो भयवं ॥ १ ॥[1]

जयइ सुआणं पभवो तित्थयराणं अपच्छिमो जयइ।
जयइ गुरू लोगाणं जयइ महप्पा महावीरो ॥ २ ॥[2]

भद्दं सव्वजगुज्जोयगस्स भद्दं जिणस्स वीरस्स।
भद्दं सुरासुरनमंसियस्स भद्दं धुयरयस्स ॥ ३ ॥"[3]

આ ત્રણ પદ્યોનો મેં અહીં 'આદ્ય પદ્યત્રિપુટી' તરીકે નિર્દેશ કર્યો છે. એ ત્રણ પદ્યો અનેક પાઇય કૃતિઓની જેમ 'આર્યા'[4] છંદમાં રચાયેલાં છે.

---

૧ મલયગિરિસૂરિકૃત વૃત્તિસહિત જે 'નંદીસુત્ર' છપાયું છે તેમાં પત્ર ૨ આ ઉપર આ ગાથા છે.

૨ આ ગાથા પત્ર ૧૫ માં છે.

૩ આ ગાથા પત્ર ૨૩ મા છે.

૪ આ 'આર્યા' છંદ કેમ બોલાય એ બાબત 'બિબ્લિઓથિકા ઇન્ડિકા'માં ઈ. સ. ૧૯૦૦ માં પ્રકાશિત પ્રાકૃત પૈંગલના પ્રથમ પરિચ્છેદના નિમ્નલિખિત ૬૨ મા પદ્યમાં દર્શાવાઇ છે:—

"पढमं वी हंसपअं, बीए सिंहस्स विक्कमं जाआ।
तीए गअव(व)रलुलिअं, अहिव(व)लुलिअं चउत्थए गाहा ॥ ६२ ॥

અર્થાત્ ગાહાનું એટલે કે આર્યાનું પ્રથમ ચરણ હંસની ગતિ પ્રમાણે જ એટલે કે ધીમેથી ઉચ્ચારવું, બીજું ચરણ સિંહના શૌર્યને સૂચવનારી એની ગર્જનાની પેઠે મોટેથી ઊંચે સ્વરે ઉચ્ચારવું અને ત્રીજું ચરણ ઉત્તમ હાથીની ચાલની જેમ લલકારવું-લલિતપણે ઉચ્ચારવું અને ચોથું ચરણ ઉત્તમ સર્પની ગતિની પેઠે ડોલનપૂર્વક ઉચ્ચારવું.

કેદારભટ્ટકૃત વૃત્તરત્નાકર ઉપર નારાયણ ભટ્ટે જે ટીકા રચી છે એમાં પણ આ બાબત ઉપર મુજબ દર્શાવાઈ છે.

મહત્ત્વ—પ્રસ્તુત પદ્યત્રિપુટીમાં પુષ્કળ ભાવ ભરેલો છે એ વાત આ ત્રણ પદ્યોને અંગે મલયગિરિસૂરિએ જે વિવરણ કર્યું છે તે જોતાં સહેજે જણાય છે. આ સૂરિવરે નંદીની વૃત્તિમાં આ ત્રણ પદ્યોના વિવરણ માટે ૪૨ પત્રમાં લખાણ રજૂ કર્યું છે. પ્રથમ પદ્યનું વિવરણ પત્ર ૨ આ–પત્ર ૧૫ આ સુધીનો ભાગ રોકે છે. એવી રીતે બીજા પદ્યનું વિવરણ પત્ર ૧૫ આથી શરૂ થઈ પત્ર ૨૩ આ ઉપર પૂરું થાય છે. ત્રીજા પદ્યનું વિવરણ પત્ર ૨૩ આથી પત્ર ૪૨ આ સુધી ચાલે છે. આમ આ પદ્યત્રિપુટીનું વિસ્તૃત વિવરણ વિવિધ દાર્શનિક ચર્ચાઓથી ઓતપ્રોત છે. એમા જે દાર્શનિક સાક્ષી–પાઠો અપાયા છે.[5] તેનાં મૂળ સ્થળોને લગતો લેખ 'આત્માનંદ પ્રકાશ' (પુ. ૫૬) ના અં. [6] ૫–૮ માં એમ ચાર કટકે છપાયો છે.

પાઠાંતર—નંદી ઉપર સમભાવભાવી હરિભદ્રસૂરિની ટીકા છે. અને એમની પૂર્વે થઈ ગયેલા જિનદાસગણિ મહત્તરની ચુણ્ણિ (ચૂર્ણિ) પણ છે. પરંતુ એ બેમાંથી એકેમાં દાર્શનિક ઊહાપોહ નથી, બાકી શબ્દાર્થ સમજવા માટે—પદ્યનો ભાવાર્થ જાણવા માટે તો આ બંને સાધનો પરિપૂર્ણ છે. વિશેષમાં ચુણ્ણિના બીજા પત્રમાં તો પ્રથમ પદ્યના ઉત્તરાર્ધને અંગે નીચે મુજબના પાઠાંતરની નોંધ છે:—

"जिणवसयो सललियवसभविक्कमगती महावीरो"

ઉપર્યુક્ત પદ્યત્રિપુટીનો પદ્યાર્થ હું આપુ તે પૂર્વે કેટલાક શબ્દ અને શબ્દ-ગુચ્છના અર્થ હું આપુ છું

जयइ આનો અર્થ વિજયવંતા વર્તે છે, વિજયી છે એમ છે. અહીં વિજયથી શ્રોત્રેન્દ્રિયાદિના વિષયો, કષાયો, પરીષહો, ઉપસર્ગો, ઘાતિ–કર્મ અઘાતિ–કર્મો તેમજ પર–વાદીઓ ઉપરનો વિજય સમજવાનો છે.

जगजीवजोणीवियाणओ આનો એક અર્થ એ છે કે જગતમાં રહેલા જીવોનાં ઉત્પત્તિ સ્થાનોને વિશેષે કરીને જાણનાર. બીજો અર્થ એ છે કે (ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને પુદ્ગલરૂપ અચેતન) જગતને, (સર્વે) જીવોને તેમજ (જીવો અને અજીવ પદાર્થોનાં) ઉત્પત્તિ સ્થાનોને જાણનાર. કયો પદાર્થ ક્યાં ઉત્પન્ન થશે, ક્યાં નાશ પામશે, અને ક્યાં ટકી રહેશે એનો વિશિષ્ટ બોધ ધરાવનાર, સચિત્તાદિ યોનિઓ અથવા ૮૪ લાખ યોનિઓના જાણકાર તેમજ કયા કર્મને લઈને કઈ યોનિમાં જીવ ઉત્પન્ન થશે એ જાણનાર એમ અહીં 'જાણનાર'નો અર્થ વ્યાપકપણે સમજવાનો છે. આથી સર્વ ભાવને સર્વ પ્રકારે જાણનાર કેવલજ્ઞાની યાને સર્વજ્ઞ એ અર્થ સમજવાનો છે, આમ અહીં કેવલજ્ઞાનના પ્રતિપાદનથી [7]સ્વાર્થ–સંપત્તિ કહી છે.

---

૫ આનું નામ એના લેખક મુનિ શ્રીજંબૂવિજયજીએ 'શ્રી નંદીસૂત્રમલયગિરિયા વૃત્તિમાં આવતા સાક્ષિપાઠોનાં મૂલસ્થાનો' એમ રાખ્યું છે.

૬ જુઓ અનુક્રમે પૃ. ૮૮–૯૧, ૧૧૧–૧૧૬, ૧૩૬–૧૪૧ ને ૧૫૯–૧૬૩

૭ સ્તુતિના બે પ્રકાર છે (અ) પ્રમાણરૂપ અને (આ) અસાધારણ ગુણોના કીર્તનરૂપ. પહેલી પ્રણામરૂપ સ્તુતિ સામર્થ્યથી જણાય છે. બીજા પ્રકારની સ્તુતિના બે ભેદ છે. (અ) સ્વાર્થ સંપત્તિ જણાવનારી અને (આ) પરાર્થ સંપત્તિ જણાવનારી. તેમાં સ્વાર્થથી યુક્ત જન પરાર્થ માટે સમર્થ બને છે આથી અહીં સ્વાર્થ–સંપત્તિ પ્રથમ કહી છે.

जगगुरू આનો અર્થ 'જગતના ગુરુ' એમ થાય છે, જે પદાર્થ જેવો છે તે પ્રકારે શિષ્યોને તેનું પ્રતિપાદન કરનાર હોવાથી 'જગદ્ગુરુ' કહ્યા છે. અન્ય રીતે વિચારીએ તો 'જગત્'થી સર્વ જીવો સમજવાના છે. એમને ભગવાન શાસ્ત્રનો અર્થ કહે છે-તિર્યંચ, મનુષ્ય અને દેવની પર્ષદામાં ધર્મ કહે છે—જે (વ્યક્તિ) જે પૂછે તેનો ઉત્તર આપે છે. આ અપેક્ષાએ એઓ 'જગદ્ગુરુ' છે, અને આ એમની પરોપકારિતા પ્રદર્શિત કરે છે. આ પણ 'સ્વાર્થ-સંપત્તિ' દ્યોતન કરે છે.

जगाणंदो આનો અર્થ જગતને આનંદ (કારી) એમ છે. અહીં 'જગત્' શબ્દથી સંજ્ઞી પંચેન્દ્રિય જીવો સમજવા. એમને તીર્થંકરની અમૃતમય મૂર્તિના દર્શનથી અને મુક્તિરૂપ અભ્યુદયને પ્રાપ્ત કરાવનારા એમના ધાર્મિક ઉપદેશથી આનંદ થાય તેમ છે. આમ આ લોકમાં અને પરલોકમાં તીર્થંકર સંજ્ઞી પંચેન્દ્રિયોને ભવ્ય જનોને પ્રમોદના કારણરૂપ હોવાથી એમણે 'જગાણંદો' કહ્યા છે. આ દ્વારા 'પરાર્થ-સંપત્તિ' કહી છે. ચૂર્ણિકારના કથન મુજબ કોઈ પણ જીવને હાનિ ન થાય એવો ઉપદેશ આપનાર હોવાથી આનંદકારી છે. આ દ્વારા હિતની ઉપદેશકતા દર્શાવાઈ છે.

जगणाहो આનો અર્થ જગતના નાથ એમ છે. અન્ય દ્વારા જીવોને થતા પરિભવથી એમનું રક્ષણ કરનાર-મન, વચન અને કાયાથી કૃત, કારિત અને અનુમત એમ ત્રણ પ્રકારે જીવને સંકટમાંથી બચાવનાર હોવાથી 'જગન્નાથ' કહ્યા છે.

જે પદાર્થ જેવો છે તેવો જ તેને કહી ખોટી પ્રરૂપણારૂપ અપાયથી જીવોનું રક્ષણ કરનાર હોવાથી 'જગન્નાથ' એ બિરુદ સાર્થક ઠરે છે. 'નાથ' એટલે યોગ અને ક્ષેમના કરનાર. 'જગણાહો' દ્વારા પણ 'પરાર્થ-સંપત્તિ' કહી છે. વળી તીર્થંકર એ જગતના નાથ છે એટલે સર્વે જીવો 'સનાથ' ગણાય—કોઈ 'અનાથ ગણાય નહિ.

जगबंधू આનો અર્થ 'જગતના બંધુ' એમ થાય છે. અહિંસાત્મક ઉપદેશ આપી સુખ પ્રાપ્ત કરાવનાર હોવાથી આ વિશેષણ ઘટે છે. જે પોતાને કે અન્યને આપત્તિ આવી પડતાં એ અન્યનો ત્યાગ ન કરે તે 'બંધુ' કહેવાય. ભગવાન પરીષહો અને ઉપસર્ગોથી પીડાવા છતાં અન્ય જીવોને વિષે બંધુભાવ કાયમ રાખે કે એથી એમને જગબંધુ' કહ્યા છે, આ દ્વારા પણ 'પરાર્થ-સંપત્તિ'નો ઉલ્લેખ કરાયો છે.

जगप्पियामहो. આનો અર્થ જગતના પિતામહ અર્થાત્ દાદા. એમ થાય છે. અહિંસાદિ લક્ષણથી યુક્ત ધર્મ એ સર્વ જીવોનું રક્ષણ કરે છે. માટે એ ધર્મ પિતાતુલ્ય છે. ધર્મ જીવોને દુર્ગતિમાં જતા બચાવે છે અને સદ્ગતિ અપાવે છે :—શુભસ્થાનમાં સ્થાપે છે. આવા ઉત્તમ ધર્મના પ્રરૂપક ભગવાન છે. એથી એઓ 'જગતના પિતામહ' કહેવાય. આ વચન દ્વારા ધર્મને ઉદ્દેશીને આદિપુરુષતા દર્શાવાઈ છે. આ દ્વારા પણ 'પરાર્થસંપત્તિ' કહેવાઈ છે. **भयवं**. આનો અર્થ ભગવાન્ અર્થાત્ ભગથી યુક્ત એમ છે. 'ભગ' સમગ્ર ઐશ્વર્ય, રૂપ, યશ, લક્ષ્મી, ધર્મ અને પ્રયત્ન એ છ અર્થનું સૂચન કરે છે.[૮]

---

૮ આ છ અર્થ, 'નમુત્થુણં' માંના 'ભગવંતાણં' પદ પછીનાં એટલે કે 'આઈગરાણં'થી માંડીને 'મોઅગાણં' સુધીનાં પદોમાં કેવી રીતે ચરિતાર્થ થાય છે એ વાત મને આગમોદ્ધારકે સમજાવી હતી ત્યારબાદ કાલાંતરે એમણે મારી વિજ્ઞપ્તિ અનુસાર એ વિષય એમના શિષ્યરત્ન શ્રી ચન્દ્રસાગરસૂરિજીને સમજાવી, એ ઉપરથી એ બાબત 'સિદ્ધચક્ર' (વર્ષ ૧૫, અં. ૨-૩)માં 'ભગવંતાણંનું રહસ્ય' એ શીર્ષકપૂર્વક અપાઈ છે એટલે આ વિષય હું અહીં ચર્ચતો નથી.

'ભગવાન્' એમ કહીને 'સ્વાર્થ-સંપત્તિ' તેમજ 'પરાર્થ-સંપત્તિ' એમ ઉભય-સંપત્તિનું કથન કરાયું છે, કેમકે ઐશ્વર્યાદિ એ પોતાને તેમજ પરને ઉપકારી છે.

'જયઇ' આ ક્રિયાપદ ફરીથી વપરાયું છે તેથી કંઈ વાંધો આવતો નથી. કેમકે સ્વાધ્યાય, ધ્યાન, તપ, ઔષધ, ઉપદેશ, સ્તુતિ, પ્રયાણ અને સંતોના ગુણોના કીર્તનમાં, પુનરુક્તિ કંઈ દોષને પાત્ર ગણાતી નથી.

પાઠાંતર વિચાર—તીર્થંકર એ જ વૃષભ છે, કેમકે એઓ સંયમનો ભાર વહન કરે છે. સુભાવપૂર્વક-ઉપયોગ પૂર્વકનું ચલન 'લલિત' કહેવાય છે. ડાબા અને જમણા પગનો અથવા આગલા અને પાછલા પગનો ક્રમપૂર્વકનો ઉપાડ તે 'વિક્રમ' છે. દ્વિપદને અંગે તો એક જ પગનો ઉપાડ વિક્રમ છે.

અન્ય વ્યાખ્યા—હરિભદ્રસૂરિકૃત ટીકા (પત્ર ૫) માં કહ્યું છે કે કેટલાક વિદ્વાનો આ પ્રથમ પદ્યરૂપ સ્તુતિની જુદી રીતે વ્યાખ્યા કરે છે તો ત્યાં પણ પુનરુક્તનો સૂક્ષ્મ બુદ્ધિઓએ વિચાર કરવો ઘટે. આ અન્ય વ્યાખ્યા શી છે તે જાણવું બાકી રહે છે.

પ્રથમ પદ્ય દ્વારા જે સ્તુતિ કરાઈ છે તેથી તીર્થંકરોને અંગે આદિ કે અંત નથી એ દર્શાવાયું છે, અર્થાત્ અત્યાર સુધીમાં અનંત તીર્થંકરો થઈ ગયા છે એ વાત સૂચવાઈ છે.

પ્રથમ પદ્ય દ્વારા સામાન્ય નમસ્કાર કરી આસન્ન ઉપકારી અને વર્તમાન શાસનના અધિપતિ શ્રમણ ભગવાન મહાવીરસ્વામીની સ્તુતિ કરાઈ છે એ આપણે હવે વિચારીશું.

सुयाणं पभवो એટલે આચાર વગેરે શ્રુતોના—સકળ શાસ્ત્રોના ઉત્પત્તિસ્થાન રૂપ એ આચાર વગેરેનો અર્થ મહાવીર સ્વામીએ કહ્યો છે એથી એમનો આ રીતે નિર્દેશ કરાયો છે.

अपच्छिमो એટલે અપશ્ચિમ. 'પશ્ચિમ' શબ્દ સારો ન ગણાય એથી 'અપશ્ચિમ' એવો પ્રયોગ કરાયો છે અથવા પશ્ચાનુપૂર્વી પ્રમાણે મહાવીરસ્વામી અપશ્ચિમ છે એટલે કે પહેલા છે અને ઋષભદેવ પશ્ચિમ છે—છેલ્લા છે. અથવા જેમના પછી આ અવસર્પિણી કાળમાં અહીં ભરતક્ષેત્રમાં અન્ય તીર્થંકર થયા નથી અને થનાર નથી એવા આ મહાવીરસ્વામી છે એટલે એ દૃષ્ટિએ એઓ 'અપશ્ચિમ' છે.

આચાર વગેરેનો અર્થ તો ઋષભદેવ વગેરે તીર્થંકરોએ પણ કહ્યો છે. એમનાથી મહાવીરસ્વામીની ભિન્નતા દર્શાવવા માટે 'તીર્થંકરોમાં અપશ્ચિમ' એમ કહ્યું છે.

गुरू लोगाणं આનો અર્થ લોકોના ગુરુ એવો થાય છે. 'લોક'થી સામાન્ય સંજ્ઞી જીવો અથવા સમ્યગ્દર્શનાદિથી વિભૂષિત સંયત જનો સમજવાના છે. આ લોકોને શાસ્ત્રનો બોધ મહાવીરસ્વામીથી થાય છે. એ અપેક્ષાએ એઓ એમના 'ગુરુ' છે—એમને એઓ 'પૂજ્ય' છે.

महप्पा એટલે મહાત્મા અર્થાત્ અચિંત્ય શક્તિરૂપ સ્વભાવવાળા મહાવીરસ્વામી મહાત્મા છે, કેમકે એમનામાં અકર્મવીર્યરૂપ સામર્થ્ય છે અને એમનામાં સર્વજ્ઞતાદિ વિશિષ્ટ લબ્ધિરૂપ સામર્થ્ય છે. એઓ અનંતજ્ઞાનરૂપ શક્તિથી વિભૂષિત છે.

महावीरो એટલે મહાવીર. કષાયાદિ ઉપર એમણે પૂરેપૂરો વિજય મેળવેલો હોવાથી એઓ મોટા વીર છે.

હવે અતિશયોના સૂચનરૂપ સ્તુતિ ત્રીજા પદ્યમાં કરાઈ છે તે આપણે વિચારીશું.

भद्दं એટલે કલ્યાણ.

– **सव्वजगुज्जोयगस्स** એટલે સમસ્ત જગતનો ઉદ્દ્યોત અર્થાત્ પ્રકાશ કરનાર આ જ્ઞાનાતિશય સૂચવે છે :

जिणस्स એટલે જિનનું. રાગ વગેરેના વિજેતા હોવાથી "જિન' કહેવાય છે. આ વિશેષણ 'અપાયાપગમ' નામના અતિશયનું દ્યોતન કરે છે. અહીં કોઈ શંકા ઉઠાવે કે 'અપાયાપગમ' અતિશયની પ્રાપ્તિ પછી 'જ્ઞાનાતિશય' હોય છે તો અહીં આ અતિશયોનો વ્યતિક્રમ છે તેનું કેમ ? તો આનો ઉતર એ છે કે સમારંભમાં ફળની પ્રધાનતા છે એ દર્શાવવાનો અહીં હેતુ રખાયો છે.

सुरासुरनमंसियस्स એટલે કે દેવો અને દાનવો દ્વારા નમસ્કાર કરાયેલા. આ 'પૂજાતિશય' સૂચવે છે. પૂજાતિશય અન્ય રીતે ઘટી નહિ શકે તેમ હોવાથી 'વચનાતિશય' સમજી લેવાનો છે કેમકે વચનાતિશય વિના પૂજાતિશય હોતો નથી. દેવો ભગવાનના વૈભવને અનુરૂપ પૂજા કર્યા વિના એમને નમસ્કાર ન કરે એવો એમનો આચાર છે. આ પૂજા તે આઠ મહાપ્રતિહાર્યરૂપ છે.

धुयरयस्स એટલે જેમની કર્મરૂપ રજ દૂર થઈ છે એવા. આ ઉપરથી સર્વ પ્રકારના સાંસારિક કલહોથી મુક્ત બનેલા એમ સૂચવાયુ છે અને એ દ્વારા મુક્ત અવસ્થાનું દ્યોતન કરાયું છે—અર્થાત્ મહાવીરસ્વામી મોક્ષે ગયા છે એ વાત અહીં કરી છે.

આ સ્તુતિમાં 'હો' અર્થસૂચક '**भवतु**' શબ્દનો અધ્યાહાર સમજવાનો છે.

શંકા અને સમાધાન—ભગવાન્ સંસારસાગર તરી ગયા છે એટલે એઓ સદા ઉત્કૃષ્ટ કલ્યાણરૂપ છે તો પછી એમનું કલ્યાણ હો એમ કેમ કહ્યુ છે. વળી સ્તુતિ કરનાર જે કંઈ કહે તે બધુ થતું નથી તો 'કલ્યાણ હો' એ કહેવાનું શું કારણ છે? આનો ઉતર એ છે કે આમ કલ્યાણ કહેનાર અને સાંભળનારની મન, વચન અને કાયાની કુશળ પ્રવૃતિનુ એ કારણ બને છે એટલે એમાં કશો દોષ નથી.

પદાર્થ—આ દ્વારા હું સામાન્ય અર્થ રજૂ કરું છું, કેમકે વિશેષ બાબતોનું આ પૂર્વે મેં સૂચન કર્યું છે.

જગતના જીવોનાં ઉત્પત્તિ–સ્થાનોના જાણકાર, જગદ્ગુરુ અને જગતને આનંદરૂપ એવા (તીર્થંકર) ભગવાન વિજયી વર્તે છે. જગતના નાથ, જગતના બંધુ અને જગતના પિતામહ એવા ભગવાન જય પામે છે. શ્રુતોના ઉત્પત્તિ કારણરૂપ, તીર્થંકરોમાં અપશ્ચિમ, લોકોના ગુરુ અને મહાત્મા એવા મહાવીર (સ્વામી) જયવંતા વર્તે છે. સમસ્ત વિશ્વના પ્રકાશક, જિન, સુરોને અને અસુરોને પૂજ્ય અને (કર્મરૂપ) રજથી રહિત એવા **વીર** (પરમાત્મા)નું કલ્યાણ હો, કલ્યાણ હો.

દાર્શનિક વિષયો—જીવની સિદ્ધિ અને એ દ્વારા 'ચાર્વાક' મતનું ખંડન શબ્દ–પ્રામાણ્ય, 'સંસાર–મોચક' મતનુ નિરસન, વચનની અપૌરુષેયતાનુ ખંડન, સર્વ શ્રુતોની પૌરુષેયતા, "**अग्निहोत्रं जुहुयात् स्वर्गकामः**" એ પંક્તિના અર્થનો વિચાર, શિષ્ટત્વ એટલે શું, સર્વજ્ઞની સિદ્ધિ, નૈરાત્મ્યનું ખંડન, સંતાન–ખંડન, વાસ્ય–વાસક–ભાવનુ ખંડન, અન્વયિ–જ્ઞાનની સિદ્ધિ, 'સાંખ્ય'મત પ્રમાણે મુક્તિનું નિરસન તેમજ ધર્મ અને ધર્મીનો ભેદાભેદ એમ વિવિધ વિષયોના વિશદ વ્યાખ્યાકાર મલયગિરિસૂરિએ ઉપર્યુક્ત પદ્યત્રિપુટીના વિવરણમાં–નંદીની વૃત્તિમાં રચ્યો છે.

સૂચન—સૂચવવા લલચાઉં છું કે આ પદ્યત્રિપુટી એના ઉપર્યુક્ત વિવરણ, વગેરે સહિત સ્વતંત્ર પુસ્તિકાઓ પ્રસિદ્ધ થાય તો દાર્શનિક અભ્યાસ માટે એ અગત્યના સાધનની ગરજ સારી શકાશે.

શ્રી જૈન સત્ય પ્રકાશ

અંગે સૂચના

યોજના

૧. શ્રી. જૈનધર્મ સત્ય પ્રકાશક સમિતિ દ્વારા 'શ્રી. જૈન સત્ય પ્રકાશ' માસિક ૧૭ વર્ષ થયાં પ્રગટ કરવામાં આવે છે.

૨. એ સમિતિના આજીવન સંરક્ષક તરીકે રૂા. ૫૦૦) આ૦ દાતા તરીકે રૂા. ૨૦૦) આ૦ સદસ્ય તરીકે રૂા. ૧૦૧) રાખવામાં આવેલા છે. આ રીતે મદદ આપનારને માસિક કાયમને માટે મોકલવામાં આવે છે.

વિનંતિ

૧. પૂજ્ય આચાર્યાદિ મુનિવરો ચતુર્માસનું સ્થળ નક્કી થતાં અને શેષ કાળમાં જ્યાં વિહરતા હોય એ સ્થળનું સરનામું માસિક પ્રગટ થાય એના ૧૫ દિવસ અગાઉ મોકલતા રહે અને તે તે સ્થળે આ માસિકના પ્રચાર માટે ગ્રાહકો બનાવવાનો ઉપદેશ આપતા રહે એવી વિનંતિ છે.

૨. તે તે સ્થળોમાંથી મળી આવતાં પ્રાચીન અવશેષો કે ઐતિહાસિક માહિતીની સૂચના આપવા વિનંતિ છે.

૩. જૈનધર્મ ઉપર આક્ષેપાત્મક લેખો આદિની સામગ્રી અને માહિતી આપતા રહે એવી વિનંતિ છે.

ગ્રાહકોને સૂચના

૧. "શ્રી જૈન સત્ય પ્રકાશ" માસિક પ્રત્યેક અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થાય છે.

૨. આ માસિકનું વાર્ષિક લવાજમ રૂા. ૩) ત્રણ રૂપિયા રાખવામાં આવ્યું છે.

૩. માસિક વી. પી. થી ન મંગાવતાં લવાજમના રૂા. ૩) મનીઑર્ડરદ્વારા મોકલી આપવાથી અનુકૂળતા રહેશે.

૪. આ માસિકનું નવું વર્ષ દિવાળીથી શરૂ થાય છે. પરંતુ ગ્રાહક ગમે તે અંકથી બની શકાય.

૫. ગ્રાહકોને અંક મોકલવાની પૂરી સાવચેતી રાખવા છતાં અંક ન મળે તો સ્થાનિક પોસ્ટ ઑફિસમાં તપાસ કર્યા પછી અમને સૂચના આપવી.

૬. સરનામું બદલાવવાની સૂચના ઓછામાં ઓછા ૧૦ દિવસ અગાઉ આપવી જરૂરી છે.

લેખકોને સૂચના

૧. લેખો કાગળની એક તરફ વાંચી શકાય તેવી રીતે શાહીથી લખી મોકલવા.

૨. લેખો ટૂંકા, મુદ્દાસર અને વ્યક્તિગત ટીકાત્મક ન હોવા જોઈએ.

૩. લેખો પ્રગટ કરવા ન કરવા અને તેમાં પત્રની નીતિને અનુસરીને સુધારોવધારો કરવાનો હક તંત્રી આધીન છે.

મુદ્રક: [illegible]દલાલ જગશીભાઈ શાહ, શ્રી શારદા મુદ્રણાલય, પાનકોર નાકા, અમદાવાદ.
પ્રકાશક: [illegible]લાલ ગોકળદાસ શાહ
શ્રી [illegible] પ્રકાશક સમિતિ કાર્યાલય, જેશિંગભાઈની વાડી, ઘીકાંટા રોડ–અમદાવાદ


श्री जैन सत्य प्रकाश

विषय–दर्शन

દીલગીરીનો ઠરાવ

શ્રી. જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિની મીટીંગ તા. ૪–૪–૫૬ના રોજ ભરવામાં આવેલી તેમાં સમિતિના સભ્ય શેઠ લાલભાઈ લઠ્ઠાના અવસાન અંગે દિલગીરી જાહેર કરતો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.

॥ ॐ अर्हम् ॥

अखिल भारतवर्षीय जैन श्वेताम्बर मूर्तिपूजक

मुनिसम्मेलन संस्थापित

श्री जैनधर्म सत्यप्रकाशक समितिनुं मासिक मुखपत्र

जेशिंगभाईनी वाडी : घीकांटा रोड : अमदावाद (गुजरात)

वर्ष : १९	વિક્રમ સં. ૨૦૧૦ : વીર નિ. સં. ૨૪૮૦ : ઈ. સ. ૧૯૫૪	क्रमांक
अंक : ७	ચૈત્ર સુદ ૧૩ : ગુરુવાર : ૧૫ એપ્રિલ	२२३

સમિતિને મળેલી રૂા. ૩૩૦૦) ની નોંધપાત્ર ઉદાર મદદ

લગભગ ૧૯ વર્ષ પહેલાં શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિની સ્થાપના થતાં 'શ્રી જૈન સત્ય પ્રકાશ' નામનું માસિક નેયમિત ચલાવવામાં આવે છે. માસિકનો ઉદ્દેશ ભગવાન મહાવીરના તાત્ત્વિક સિદ્ધાંતો અને આદર્શોનું તેમજ એમના પગલે ચાલનારા આચાર્યોએ કરેલા સાંસ્કૃતિક વિકાસ સંબંધે નિરૂપણ કરવાનો છે. સમાજના આંતરિક મતભેદ કે પક્ષમાં પડ્યા વિના જેઓ જૈનધર્મના સિદ્ધાંતોથી અજાણ છે અને ગમે તે હેતુથી જૈનધર્મ પ્રત્યે આક્ષેપો કર્યા કરે છે તેને સ્પષ્ટ જવાબ આપવાનું કામ આ માસિક કરે છે. આ સંબંધે એણે આ ૧૯ વર્ષો દરમ્યાન કેટલાયે લેખકોની ભૂલો સુધરાવવનો બનતો પ્રયાસ કર્યો છે. પરિણામે માસિકે સારી એવી પ્રતિષ્ઠા મેળવી છે.

આવી એકધારી [illegible] કોઈ કમાણી કરી શક્યું [illegible]ણીનો એનો ઉદ્દેશ નથી [illegible] વાર્ષિક ખર્ચ જેટલીયે એને આવક નથી. છેલ્લાં કેટલાંક વર્ષોથી એ ખોટમાં જ ચાલે છે. પરિણામે [illegible]સિકનો જે રીતે પ્રચાર થવો જોઈએ એ રીતે થઈ શક્યો નથી. [illegible] અમે વારંવાર સ્પષ્ટ નોંધ

આપતા રહ્યા છીએ એ આ પત્રના વાચકોથી અજાણ્યું નથી.

અમારી આ નોંધોને સ્વ૦ પૂજ્ય મુનિરાજ શ્રીકનકવિજયજી સંસ્થાપિત 'જૈન સસ્તું સાહિત્ય' સંસ્થાના કાર્યવાહકો દિલચસ્બીથી વાંચતા રહ્યા છે. પૂજ્ય મુનિરાજ શ્રી કનકવિજયજી મ૦ના સ્વર્ગવાસ પછી એ સંસ્થા બંધ પડી ત્યારે એના બચેલા ભંડોળનું શું કરવું એ એક પ્રશ્ન એમની સામે આવ્યો. એ પ્રશ્નનો જવાબ અમારી નોંધોમાં જાણે મળી જતો હોય એમ એમને લાગતું. એક સુભાગી પળે એ સંસ્થાના કાર્યવાહકો—શ્રી જેશિંગભાઈ કાળિદાસ, શ્રી બાબુભાઈ ચુનીલાલ મહેતા, શ્રીસુંદરલાલ એ. કાપડિયા, શ્રી. એસ રાઘવાચાર્ય અને શ્રી. મનુભાઈ પોપટલાલ શાહને આથી વિચાર સૂઝ્યો કે એ અને આ બંને સાહિત્યની સંસ્થાઓ છે. 'જૈન સસ્તા સાહિત્ય'માં નાણાંનું ભંડોળ પડેલું છે અને 'શ્રી જૈન સત્ય પ્રકાશ' ને ચલાવવા માટે નાણાંની જરૂર છે; તો એ ભંડોળ એને કાં ન આપી દેવું? આ વિચાર અંગે એમણે પરસ્પર સંમતિ મેળવી અને તા. ૩–૧–૫૪ના રોજ એ સંસ્થાની વ્યવસ્થાપક સમિતિની સભા મેળવી નીચે મુજબના ઠરાવો પસાર કર્યા:

"(૧) આપણી સંસ્થાના પહેલા, બીજા તથા ત્રીજા વર્ગના હયાત સભ્યોને 'જૈન સત્ય પ્રકાશ' માસિકના આજીવન સભ્યો તરીકે નોંધાવવા (સંસ્થા સિવાય).

(૨) આપણી સંસ્થાના વાર્ષિક સભ્યોને 'જૈન સત્ય પ્રકાશ'ના એક વર્ષના ગ્રાહક તરીકે નોંધાવવા.

(૩) આપણા સ્ટોકમાં અભ્યાસનાં તથા બીજાં પુસ્તકો છે તે યોગ્ય સ્થળે ભેટ આપવાં.

(૪) આ પ્રમાણે વ્યવસ્થા કર્યા પછી જે રકમ બાકી રહે તે 'શ્રી જૈન સત્ય પ્રકાશ' સંસ્થાને ભેટ તરીકે આપવી."

આ ઠરાવોનો સર્વાનુમતે નિર્ણય થતાં તા. ૩૧–૩–૫૪ના રોજ શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિના મેંબર તરીકે રૂા. ૧૦૦)ના ૨૮ ગૃહસ્થોના રૂા. ૨૮૦૦) અને ૧૬૩ ગૃહસ્થોના વાર્ષિક લવાજમના રૂ. ૫૦૦) ગણતાં કુલ રૂા. ૩૩૦૦) અંકે તેત્રીસ–સોની ઉદાર રકમ અમારી સમિતિને આપવામાં આવી છે એ બદલ આ પ્રસંગે અમે એ સંસ્થાના તમામ કાર્યવાહકોનો આભાર માનીએ છીએ અને બીજી સંસ્થાઓને પ્રેરણા લેવા અમે ભલામણ કરીએ છીએ.

ભગ[illegible]વીરના સિદ્ધાંતોનો પ્રચાર [illegible] આ [illegible]સિકને ભગવાન મહાવીરના [illegible]મદિનં ચૈત્ર શુક્લ ત્રયોદશીના દિવસને સ્મરણમાં [illegible]ખી એ દિવસના જન્મમહોત્સવને સાર્થક કરવા તેમના પ્રત્યેક અનુયાયી સક્રિય સાથ આપવા તત્પર રહેશે એવી આશા અમે રાખીએ છીએ.

—સંપાદક



ગોપૂજા અને પ્રાણીદયા !

વ્યાખ્યાતા : પૂજ્ય મુનિરાજ શ્રી ચંદ્રપ્રભસાગરજી

[ચૈત્ર શુકલા ત્રયોદશી એ ભગવાન મહાવીરનો જન્મ દિન છે. એ દિવસે ભગવાન મહાવીરના અહિંસાના સિદ્ધાંતને આપણે હૃદયમાં ઉતારીએ અને પ્રાણી માત્ર તરફ સમભાવ કેળવવાની પ્રતિજ્ઞા કરીએ તોયે એ દિન ઉજવ્યાની સાર્થકતા છે. —સંપા૦]

બહેનો અને ભાઈઓ !

ગોસંવર્ધન ને પ્રાણીરક્ષાના કાર્યમાં જીવન અર્પણ કરનારા મહાનુભાવો, આ વિષયમાં મારી પહેલાં ઘણું ઘણું કહી ગયા છે, છતાં સૌ ભાઈઓનો આગ્રહ છે કે મારે પણ કંઈક કહેવું, તો હું આપની આગળ મારી વ્યથા વર્ણવીશ.

આર્યાવર્તના માણસો ગાયની પૂજા કરે છે, એના કપાળે કુમકુમનો ચાંલ્લો કરે છે, એનું પૂછડું આંખે લગાડે છે પણ એ જ ગાય પોતાનું પેટ ઉકરડે ભરે છે. ગલીએ ગલીએ ભમી, એઠવાડ ખાઈ પોતાનો ઉદરનિર્વાહ કરે છે ! આ ગોપૂજા કઈ જાતની ? દૂધ પીવું છે, પણ સેવા કરવી નથી. ગાય દૂધ આપતી બંધ થાય કે જાય કસાઈખાને. હું પૂછું છું કે માનું દૂધ પીનાર, એનાથી પોતાના શરીરને પોષનાર, એના વડે સશકત બનનાર અને એનાથી જીવન મેળવનાર, એ જ માતાની ઉપેક્ષા કરનારને આપ સપૂત કહેશો કે કપૂત ? એને ઉત્તમ કહેશો કે અધમ ? તેવી જ રીતે ગાયનું દૂધ પીનાર અને વસૂકી જતાં એની ઉપેક્ષા કરનાર, એને કસાઈખાને મોકલનાર એ કેવો કહેવાય ? ગાયો, નિર્દોષ પ્રાણીઓ આજે કસાઈખાનામાં કપાઈ રહ્યાં છે ? ગોમાંસ છડેચોક વેચાઈ રહ્યું છે. શું આ આપણી આઝાદી ? એ નિર્દોષ પશુઓની વેદનાભરી આંખો સામે તો જુઓ ? એમની મૂકવેદના કોણ સાંભળે તેમ છે ? વાતો કરે કંઈ જ નહિ વળે. પ્રતિજ્ઞા કરો. ઘેરઘેર એક પેટી રાખો. સવારે ઊઠી એ પેટીમાં કંઈક નાખીને પછી નિત્ય કાર્યો કરવાં જોઈએ. ભલે, એક પૈસો નાંખો. પણ સૌ આ નિયમ પાળે તો બાર મહિને કેટલી સારી રકમ થાય ? એ રકમ આવી પાંજરા-પોળને અંજલિરૂપે, અર્ધ્યરૂપે અર્પો. એ જ સાચું ગોપૂજન છે ! એમને કસાઈખાને જતી અટકાવવી એ જ સાચી પૂજા છે !

ઘણા કહે છેઃ ગાયના પૂછડામાં તેત્રીસ કરોડ દેવતા છે. એનો અર્થ શો ? તેત્રીસ કરોડ દેવતા એટલે તેત્રીસ કરોડ માનવ. દૂધ, દહી, છાસ, ઘીથી એ તેત્રીસ કરોડ માનવોને પોષે છે. પશુધન પર માણસના જીવનનો આધાર છે. એટલે ગોરક્ષાનો ટૂંકો લાક્ષણિક અર્થ ઇન્દ્રિય રક્ષા થાય છે. ગોપાલન એટલે ઇન્દ્રિયપાલન. કારણ કે ગાયના ગોરસથી ઇન્દ્રિયો સશકત અને સતેજ રહે છે.

પણ એકલું ગોપાલન કરીને જ અટકી જવાનું નથી. માનવધર્મ એથીયે આગળ જાય


છે. ગાયોને પાળવી અને બીજાં પ્રાણીઓને કતલખાને જવા દેવાં એ તો સ્વાર્થધર્મ થયો. ગાય દૂધ આપે છે એટલે એને પોષવી અને બીજાં પ્રાણીઓ ઉપયોગી નથી એટલે એના પ્રત્યે ઉપેક્ષા કરવી એ માનવને શોભે ખરું ? સ્વાર્થમાં દાનવતા છે, પરમાર્થમાં માનવતા. માનવ ધર્મનો ઉપાસક અબ્રાહિમલિંકન અત્યારે મને યાદ આવે છે.

એ અમેરીકાના પ્રમુખ હતા. એક વખત એ પાલમિન્ટમાં જઈ રહ્યા હતા. ગાડી ઝડપથી જઈ રહી હતી. એમની નજર કીચડમાં ખૂંચી ગયેલા એક કુક્કર પર પડી. એ કીચડમાં તરફડી રહ્યું હતું. ચીસો પાડી રહ્યું હતું. લિંકને ગાડી ઊભી રાખી, કુક્કર તરફ દોટ મૂકી. કીચડમાં ખુચી ગયેલા એ નિરાધાર પશુને એણે અજબ રીતે ઉગારી લીધું ! પણ એનો શૂટ કાચડમાં ખરડાઈ ગયો. ફરી ઘેર જઈ કપડાં બદલવા જેટલો સમય નહોતો. પાલમિન્ટનો સમય થઈ ગયો હતો. અને સમયની નિયમિતતા માટે તો લિંકન પ્રસિદ્ધ હતો. એ સીધો સભાગૃહમાં આવ્યો, સભ્યોએ ગાડીવાનને પૂછ્યું: પ્રમુખનાં કપડાં આમ કીચડમાં કયાં ખરડાણાં ? ગાડીવાનની વાત સાંભળી સૌ આશ્ચર્ય પામી ગયા. વાહ ! આવો દયાળુ ! બધા મળીને લિંકનને માન આપતાં કહેવા લાગ્યા: 'આપ ખરેખર દયાળુ છો. આપને ધન્યવાદ છે. આપે કુક્કરનો ઉદ્ધાર કર્યો...!' પણ પ્રશંસકોને અધવચ્ચેથી જ અટકાવી લિંકને આપેલો ઉત્તર હૈયામાં કોરી રાખવા જેવો છે. 'બસ વ્યર્થ મારી પ્રસસા ન કરશો. મેં કોઈના ય પર દયા કરી નથી. ને મેં કોઈનોય ઉદ્ધાર કર્યો નથી. મેં તો મારા હૈયામાં ભોંકાયેલા કાંટાનો જ ઉદ્ધાર કર્યો છે. કીચડમાં તરફડતા કુક્કરને જોઈ મારા હૈયામાં કાંટો વાગ્યો. મારા વેદનાના કાંટાને કાઢવા માટે મારે કુક્કરને કાઢયા વિના ચાલે તેમ ન હતું. કાંટો કાઢવાનો કંઈક ઉપાય તો લેવો જ પડે ને ?...' માનવતાભર્યો આ ઉત્તર સાંભળી સૌ નમી પડયા.

ભારતના કોઈ સંતનો દાખલો ન આપતાં, મેં અમેરીકાના પ્રમુખનો દાખલો આપ્યો. કારણ કે આપણા રાજ્યબંધારણનું ખોખું અમેરીકાનું છે. વાતાવરણમાં અમેરીકાની હવા ભળી છે. એ હવાએ જ આજે આ પ્રાણીનાશની હવા ફેલાવી છે. ત્યારે વિચારવાની આવશ્યકતા છે કે જડવાદની હવામાં પણ એ માનવી કેવી કુમળી લાગણી ધરાવતો હતો ? ત્યારે અધ્યાત્મવાદની હવાવાળા દેશમાં કતલખાનાં ઉભરાઈ રહ્યાં છે, એ શું સૂચવે છે ?

હવે હું આપનો વધારે સમય નહિ લઉં. સભાઓ ભરાય છે, ઠરાવો થાય છે. તાળિયોના ગડગડાટપૂર્વક ફૂલહાર પહેરી વિસર્જન પામે છે. પણ આજના અધિવેશનના ભાઈબહેનો આટલેથી જ નહિ અટકતા, અહિંસાના સંદેશાને જીવનદ્વારા મૂર્ત બનાવશે એવી શ્રદ્ધાપૂર્વક હું રજા લઉં છું

[૧૩-૩-૫૪ના દિવસે મુંબઈ રાજ્ય ગોશાળા પાંજરાપોળ સંઘના ત્રીજા અધિવેશનને ગોશાળી પ્રદર્શન પ્રસંગે પધારેલ વડોદરાનાં મહારાણી શ્રી શાન્તાદેવી, મુંબઈ રાજ્યના મહેસુલી પ્રધાન શ્રી ભાઉસાહેબ હીરે, મધ્યસ્થ ધારાસભાના સભ્ય ને પ્રિન્સીપાલો, પ્રોફેસરો અને હિન્દની પ્રસિદ્ધ જુદી જુદી સંસ્થાઓના આવેલ સીત્તેર પ્રતિનિધિઓ ને હજારોની માનવ મેદનીમાં, વડોદરાના ન્યાય મંદિરમાં મુનિ શ્રીચન્દ્રપ્રભસાગરજી ચિત્રભાનુએ આપેલું ભાષણ.　　　　—સંપા૦]



ધૂપ-દીપ

લેખકઃ પૂ. પંન્યાસ શ્રીકનકવિજયજી

[ધન્ય, મૃત્યુને ઉજવી જનારા એ મહાપુરુષને]

ગુર્જરેશ્વર મહારાજા કુમારપાળના અંતિમ સમયની આ હકીકત છે. સત્તા પર રહેલા માનવોનું જીવન હંમેશા જોખમી હોય છે. એ સ્થાન પર આવીને એનો સદુપયોગ કરનારને પણ કેટલીક વાર અપ્રિય બનવું પડે છે. કુમારપાલ મહારાજાએ જીવનની છેલ્લી ક્ષણો સુધી પુણ્યથી પ્રાપ્ત થયેલ ઐશ્વર્યનો સદુપયોગ કરવામાં કે એ દ્વારા પરોપકાર કરવામાં કદી પાછું વાળીને જોયું નથી. છતાં રાજ્યખટપટોના પરિણામે એમને ઘણું શોષવુ પડ્યું છે.

કુમારપાલ મહારાજાનો ભત્રીજો અજયપાલ પહેલેથી ચડાઉ હતો. તે કાચા કાનનો અને ઉતાવળા સ્વભાવનો હોવાથી ગુર્જરેશ્વર કુમારપાલના દ્વેષીઓએ તેને ખૂબ ચઢાવ્યો. રાજ્યલોભને વશ થઈ તેણે કુમારપાલને મારવાનું કાવત્રુ રચ્યું. એમાં પ્રલોભનોને આધીન બની મહારાજાના અંગત માણસો પણ જોડાયા અને એ કાવત્રું સફળ બન્યું.

ચતુર્દશીનો પૌષધ કરીને બીજે દિવસે જિનપૂજા, સ્નાત્ર આદિ કર્યાં બાદ મહારાજા ઉપવાસનું પારણું કરવાને જ્યારે ભાણા પર બેસે છે તે વેળા રસોઈયાએ ગુર્જરેશ્વરના ભોજન થાળમાં વિષમિશ્રિત ભોજન પીરસ્યું. મહારાજાને એની ગંધ પણ ન આવી. કુડ-કપટ, છલ-પ્રપંચ તથા માયા-મૃષાવાદમાં રાચતા માનવો જગતને છેતરવા મથી રહ્યા હોય છે, પણ એ પામર માનવો પોતાના સર્વનાશને નોતરી રહ્યાની એમને ક્યાં ખબર હોય છે!

મહારાજાએ ભોજન કર્યું. ક્ષણ બે ક્ષણ થઈ ને કુમારપાલના દેહમાં વિષ ફેલાવા લાગ્યું. નસે-નસમાં એ કાલકૂટ ઝેર વ્યાપી ગયું. આંતરડાં ખેંચાવા લાગ્યાં. ક્ષણભર મહારાજાને કાંઈ સૂઝ ન પડી. થોડી જ વારમાં તેઓ નિશ્ચય કરી શકયા કે 'જરૂર કાંઈક કાવત્રુ યોજાયું છે,' તેઓ સાવધ બન્યા. રાજભવનમાં ચારે બાજુએ એની ગધ ફેલાઈ ગઈ. સહુ કોઈ દોડા-દોડીમાં પડી ગયા. જેઓ કાંઈ જાણતા ન હતા તેઓ મૂઝાવા લાગ્યા અને જેઓએ આમાં ભાગ ભજવ્યો હતો તેઓ પોતાની જાતને નિર્દોષ ઠરાવવા અજાણપણાનો ડોળ કરવા લાગ્યા.

પણ મહારાજા કુમારપાલ સ્વયં નિશ્ચિંત હતા, મૃત્યુ નજીકમાં આવી રહ્યું છે એ તેઓ પામી ગયા. છતાં ન રોષ કે દ્વેષ; ન ઉકળાટ કે અકળામણ; એ જ સ્વાભાવિક પ્રસન્ન વૃત્તિથી તેમણે મૃત્યુને ઉજવવા માટે તૈયારીઓ કરવા માંડી. સંથારો પથરાવી, સમાધિપૂર્વક તેમાં તેઓ આરૂઢ થયા.

જીવનનો મધ્યાહ્ન કાલ વીત્યા પછી, જેણે અઢાર-અઢાર મહાદેશોનું પ્રભુત્વ પ્રાપ્ત કર્યું છે, જેની સત્તા વિશાળ પ્રદેશોમાં ફેલાયલી છે ને જે ઘડીના છઠ્ઠા ભાગમાં ભલ-ભલાને ધૂલમાં રગદોળી નાખવાનું સામર્થ્ય ધરાવે છે; તે પુરુષસિંહ ગુર્જરેશ્વર કુમાર[illegible] અત્યારે ખૂબ જ સમભાવપૂર્વક શાંત ચિત્તે મૃત્યુ પર વિજય પ્રાપ્ત કરવા મથી રહ્યા છે. [illegible]ર મહારાજની પાસે આવી વિનયપૂર્વક કહ્યું: 'સ્વામિન્! આપના દેહમાં અત્યંત પીડા [illegible]

હશે ! ઉપચારો માટેની બધી તૈયારીઓ થઈ રહી છે. આપ કોઈ રીતે મૂંઝાશો નહિ. ઝેરનું નિવારણ કરવા માટેની છીપ લેવાને માણસોને મોકલ્યા છે.'

મહારાજા કુમારપાલના રાજભંડારમાં કાતીલમાં કાતીલ ઝેરની અસરને મારનારી છીપ હતી. મલ્લિકાર્જુન રાજાને જીતીને વિષમારક છીપ તેની પાસેથી મેળવી, આંબડ સેનાપતિએ એ છીપ મહારાજાને અર્પણ કરી હતી. પણ થોડી વાર થઈ, ને રાજસેવકો નિરાશ થઈ ને પાછા આવ્યા. રાજભંડારમાંથી એ છીપ ચોરાઈ ગઈ હતી. કાવત્રુ રચનારા હાથોએ દરેક રીતે સાવધાનીથી આ કૌભાંડ ઘડ્યું હતું એટલે કુમારપાલ મહારાજાને મારવા માટેની બધી કડીઓ અખંડપણે સાંકળાયેલી હતી.

મહારાજા તો મૃત્યુને ઉજવવા માટે જાગ્રત હતા. તેમણે પ્રસન્ન વદને સેવકોને કહ્યું: "તમે મૂંઝાઓ નહિ, કશી જ દોડધામ કરો નહિ. જન્મ લેનાર માત્રને મૃત્યુ એક વખત જરૂર આવવાનું છે. મને મારા મરણનો સહેજ પણ શોક નથી. મને આચાર્ય ભગવાન શ્રી. હેમચંદ્રસૂરિજી જેવા સદ્ગુરુ મળ્યા છે, શ્રીવીતરાગ પરમાત્માનો અહિંસાપ્રધાન ધર્મ મળ્યો છે, અને શ્રીઅરિહંતદેવ સુદેવ પ્રાપ્ત થયા છે ત્યારે યથાશક્તિ આ બધાયની આરાધના દ્વારા જીવનને સફલ કરવા મેં ઉદ્યમ આચર્યો છે. એટલે મને મૃત્યુનો કશો જ ભય નથી. જેને જીવન જીવતાં આવડ્યું છે, એને મરણ ઉજવતાં આવડે જ માટે તમે એ વિષે નિર્ભીક રહો.

ગૂર્જરેશ્વરનાં આ વચનોથી ત્યાં રહેલા બધા સેવકોએ આશ્ચર્ય અનુભવ્યું : અને આટલા ઐશ્વર્યનો માલિક આમ હસતા મુખે મૃત્યુને ભેટવા સજ્જ બને છે એ સૌ કોઈને મન એક ચમત્કાર હતો; પણ ધર્મને પામેલા આત્માને આ રીતે મૃત્યુ પ્રાપ્ત થાય એ સહજ છે. ગૂર્જરેશ્વરે સમાધિપૂર્વક જીવનની અંતિમ ક્ષણોને આરાધના દ્વારા ઉજવીને, ચાર શરણાં સ્વીકારીને અનશન લીધું, ને સ્વસ્થતાપૂર્વક તેમણે મૃત્યુને પ્રાપ્ત કર્યું.

ધન્ય, મૃત્યુને ઉજવી જનારા એ મહાપુરુષને !

[અનુસંધાન પૃષ્ઠ ૧૦૬ થી ચાલુ]

'ભાલાભાઈ ! દૂધ પીઓ. ગઈ ગુજરી ભૂલી જાઓ.'

સર્પ આવ્યો. એણે દૂધ પીધું ને પછી ખુશ થઈને પીપાને પોતાનો ખજાનો આપી દીધો ! પીપાએ અહીં આ નગર વસાવ્યુ ને આ સર્પસરોવર બંધાવ્યું."

જોગીરાજે આટલું બોલી આસન વાળ્યું. અંગ્રેજ આ યોગીને નમી પડ્યો ને બોલ્યો: 'બાબાજી ! મારું નામ કર્નલ જેમ્સ ટોડ.'

'ભાઈ ! અમારે મન નામનું મહત્ત્વ નથી. તમારું કામ કહો.'

'હું રજપૂતાનાનો પોલીટીકલ એજંટ છું.'

'રાજધર્મી પુરુષ છો. સર્વ પ્રજાને અન્ન, વસ્ત્ર ને આબરૂ મળે એ જોવાનું કામ તમારું. પૃથ્વીને પાટલે કોઈ રાજા–રાણા, હકીમ–હાકેમ અમર રહ્યા નથી ને રહેવાના નથી. અમર રહ્યાં છે એમનાં કામ.'

આટલું બોલી યોગીરાજ સમાધિમાં ઊતરી ગયા. અંગ્રેજ સાંપૂ સરોવરના કિનારે ઊભો, અદ્ભુત યોગીઓ વિષે વિચારી રહ્યો.

સંધ્યાનો સૂર્ય પશ્ચિમાકાશમાં ઢળી રહ્યો હતો. ઘેર પાછાં ફરતાં પંખીડાં હવે માળામાં લપાઈ ગયાં હતાં.

પ્રાચીન આર્યોની ઇતિહાસ સંઘરવાની અનોખી દૃષ્ટિને પ્રગટ કરતી કથા

સાંપૂ સરોવર

લેખક : શ્રીયુત જયભિખ્ખુ

o

ચાલીસેક વર્ષનો, ગુલાબના ગોટા જેવો એક અંગ્રેજ જુવાન મારવાડની સૂકી ભૂમિ પર પ્રવાસ ખેડી રહ્યો હતો. એના ખભા પર એક ભારે કિંમતની બંદૂક હતી. છાતી પર દૂર સુધી જોવાય તેવું દૂરબીન હતું. કમર પર ઠંડા પાણીની શીશી હતી.

મારવાડની રેતાળ ભૂમિ પર ભયંકર વાવટોળ ઊડતા હતા. ક્રૂર માણસના હૃદય જેમ તમામ પ્રદેશ સુક્કો હતો. હવા પણ ક્રોધી માણસના નિઃશ્વાસ જેવી ગરમ હતી ! ગોરો જુવાન વારંવાર પોતાની શીશીમાંથી જળ કાઢીને સુકાયેલા હોઠને ભીંજવતો હતો. કૃપણ જેમ ધન ખર્ચે, એમ એ જળ વાપરતો હતો.

મારવાડની રાજધાની જોધપુર અહીંથી પંદર–વીસ કોસ દૂર હતું. તૂટેલાં મંદિરો, આકડા ને બાવળનાં વૃક્ષો વચ્ચેથી આગળ વધતો અંગ્રેજ હવે થાકયો હતો. લાલ માટીના રસ્તાએ એની ખાખી બ્રીચીઝને લાલ કરી દીધી હતી. એણે દૂરબીન પોતાની આંખ પર ઠેરવ્યું ને વધુ એક વાર ચારે દિશાઓને નિહાળી લીધી. ચારે દિશાઓમાં આથમણી દિશાએ એનું ખાસ લક્ષ ખેંચ્યું. એણે તરત દૂરબીન હેઠું મૂકયું ને ચકચકતા પિત્તળના બટનવાળા લશ્કરી કોટના ખિસ્સામાંથી એક નકશો કાઢયો.

હાથી છાપના ઝીણા સફેદ કાગળ પર પેન્સિલની ઝાંખી રેખાઓથી નકશો દોરેલો હતો. એ નકશો જોતાં જોતાં અંગ્રેજ ધીરેથી બોલવા લાગ્યો.

'આ જોધપુર. અહીંથી ત્રણ કોશ પર નાદોલ ગામ. નાદોલ ગામમાં શીખાવત સરોવર. અહીંથી છ કોશ પર વિસલપુર—ધરતીકંપથી તારાજ થયેલું. વિસલપુરથી પાંચ કોશ પર પાંચકુલ્લા. આ જુરી નદી. પાંચકુલ્લાથી પીપલનગર ચાર કોશ. શૈવધર્મી અને જૈનધર્મીઓની પ્રસિદ્ધ નગરી. એ પીપલનગરના પાદરે આવેલું છે સાંપૂ સરોવર, અર્થાત્ સર્પ–સરોવર.'

અંગ્રેજે નકશામાંથી માથું ઊંચું કર્યું, ને આકાશ માર્ગે દૂરથી આવતી બતકોનાં ઝૂંડ પર દૃષ્ટિ સ્થિર કરી. થોડીવારે એ બોલ્યો : 'નક્કી એ જ સાંપૂ સરોવર, સર્પ–સરોવર !

એણે પોતાની પાણીની શીશી એક વધુ વાર ખોલી. ને દર વખત કરતાં વધુ જળ પીધું. પછી કદમ ઉઠાવ્યા. અંગારઝરતો બપોર મારવાડની ભૂમિ પરથી પસાર થઈ ગયો. પણ હવા હજી એવી જ ગરમ ફૂંકાતી હતી. ક્ષિતિજ પર સંધ્યાના લાલ રંગો પથરાયા ત્યારે અંગ્રેજ, સાચેસાચ, સર્પ–સરોવરના કિનારે આવી પહોંચ્યો.

વિશાળ એવુ સરોવર હતું. મજબૂત પથ્થરોથી બાંધેલી પાળ હતી. કિનારા પર લીમડાનાં વૃક્ષોની ઘેરી ઘટા જામી હતી. એક તરફ ખંડેર ધર્મશાળા ઊભી હતી ને બીજી તરફ નાનું સમરાવેલું શિવમંદિર હતું ! શિવમંદિરે પાછળ બીલીનાં વૃક્ષોની ઘટા હતી !

મંદિર માટે બનાવેલો નાનો-શો ફૂલબાગ પણ હતો.

રણમાં શેકાયેલા પ્રવાસી માટે આ દૃશ્ય ઉત્સાહજનક હતું. એણે કમર પર લટકતી પાણીની શીશી ફરી લીધી ને બુચ ઉઘાડી આખેઆખી ખાલી કરીને પી ગયો. એક સુંદર ઓડકાર ખાધો ને પછી આગળ વધ્યો.

પાસે લીંબડાની છાયા નીચે ઊંટ-બકરાં ચરાવતો રબારી આ ગોરાને ભય અને આશ્ચર્યની મિશ્રિત લાગણીથી જોઈ રહ્યો. એ ઝાડના થડની પાછળ છુપાવા માગતો હતો, કે ગોરાએ એને ઈશારો કરીને પોતાની પાસે બોલાવ્યો. ગોરાની આંખમાં સત્તાનો તાપ હતો.

રબારી ડર્યો. એણે નાસી છૂટવા માટે ચારે તરફ જોયું. પણ એની શકયતા ન દેખાતાં, ડરતો-ધ્રૂજતો એ આગળ આવ્યો. ગોરાએ એને લાગલો જ એની ભાષામાં પ્રશ્ન કર્યો:

'સરોવર કા નામ ?'

'સાંપૂ-સરોવર.'

'ઓલ રાઈટ. ગૌંવકા નામ ?'

'પીપલીઆ !'

'પીપલીઆ ?' ગોરાએ પ્રશ્ન કર્યો, ને ખિસ્સામાંથી નકશો કાઢી જોતાં બોલ્યો: 'અચ્છા! પીપલીઆ-પિપલનગર !'

'હા સાહેબ!' રબારીને સાહેબના સાલસ સ્વભાવથી હિંમત આવી ગઈ.

'ઔર યે મંદિર ?'

'શિવજીકા.'

'કોઈ રહેતા હૈ?'

'હા, ૧૧૦ સાલના યોગીરાજ રહે છે!'

'એકસો દસ સાલ! વન હંડ્રેડ એન્ડ ટેન! હમ્બગ!' મનોમન આટલું બોલી અંગ્રેજે રબારીને કહ્યું: 'હમકો યોગીરાજસે મિલા દો. હમ તુમકો બક્ષિસ દેગા.'

બક્ષિસ ને તે એક અંગ્રેજની બક્ષિસ. એનો મહિમા ગામડિયાઓની નજરે ભોજ રાજાના દાન જેવો હતો. રબારી આગળ થયો ને થોડીવારમાં શિવમંદિરની પાછળ આવેલી યોગીરાજની ગુફા આગળ લઇ ગયો. યોગીરાજ સમાધિમાંથી હમણાં ઊઠયા હોય તેમ લાગતું હતું. એમની જટા, વિશાળ ભાલ, બ્રહ્મચર્યથી તગતગતું શરીર કોઈ જનમજોગંદરની યાદ આપતું હતું.

અંગ્રેજે અદબપૂર્વક યોગીરાજને પ્રણામ કર્યા, ને સામે ઊંધા ગોઠણે બેઠો. આ નિર્ભય વીર અંગ્રેજ પર યોગીરાજની આંખો મંડાઈ રહી. ત્યાં તો અંગ્રેજે દેશી ભાષામાં બોલવું શરૂ કર્યું.

'આપ યોગીરાજ છો ?'

'હા.'

'આપને એક સો દશ વર્ષ થયાં છે?'

'યોગીઓને વર્ષની ગિનતી નથી, પળની કિંમત છે.'

અંગ્રેજ આ આધ્યાત્મિક જવાબમાં પૂરું ન સમજ્યો, પણ એ આગળ બોલ્યો:

'શું માણસ સો-બસો વર્ષ જીવી શકે ખરો ? અમે એને હમ્બગ માનીએ છીએ.'

'જરૂર ! જીવી શકે, હમ્બગ નથી.' યોગીરાજે ચાંદીના તાર જેવી દાઢી પર બાળના પંજા જેવા હાથને ફેરવતાં કહ્યું: 'જુઓ તમને એક વાત સમજાવું. તમારા વર્ષમાં ને અમારા વર્ષમાં ફેર છે. તમારા વર્ષમાં પળ, વિપળ, મિનિટ, કલાક, પહોર ને દિવસની ગણુતરી છે. અમારા વર્ષમાં શ્વાસોશ્વાસની ગણુતરી છે. એક દિવસમાં માણસ અમુક શ્વાસોશ્વાસ લઈ શકે. એટલા શ્વાસોશ્વાસ એ લે એટલે એક દિવસ પૂરો થાય. એવા ૩૬૫ દિવસનું વર્ષ થાય. ભારતના યોગીઓને શ્વાસોશ્વાસ રોકવાની હિકમત આવડે છે. એને યોગ, પ્રાણુયામ ને સમાધિ કહે છે. સમાધિ દ્વારા શ્વાસોશ્વાસ બંધ કરી ભારતના તપસ્વીઓ વર્ષોનાં વર્ષો સુધી જીવે છે. એટલે તમારું વર્ષ દિવસ, વાર ને મહિના પર છે; જ્યારે અમારું વર્ષ શ્વાસોશ્વાસ પર છે. એટલે જ અમે કાળને જીતનારા કહેવાઈએ છીએ.'

'ગૂડ !' અંગ્રેજથી બોલાઈ ગયું. એને આ વાત પર શ્રદ્ધા ન થઈ, પણ કુતૂહલ જરૂર થયું. એણે ખિસ્સામાંથી સોનેરી શાહીથી છાપેલી ડાયરી કાઢી, ને ફુવારા-કલમથી આ વાત ટપકાવી લીધી.

'આ રબારી કહે છે કે આ સરોવરનો ઇતિહાસ આપ જાણો છો. મને કહેશો ખરા કે ? હું ઇતિહાસનો શોધનારો એક શોખીન અંગ્રેજ બચ્ચો છું. એ શોધ પાછળ અમે જાનની પણ પરવા કરતા નથી.' અંગ્રેજે વિનીતભાવે કહ્યું. છેલ્લા શબ્દો બોલતાં એનો સીનો ઊછળ્યો.

'આ સરોવરનું નામ સાંપૂ સરોવર-સર્પ સરોવર. એને શૈવો તથા જૈનોએ સાથે મળીને બંધાવ્યુ છે.'

'અચ્છા ! બે અલગ ધર્મવાળાએ ભેગા મળીને આ સરોવર બાંધ્યું ? કહે છે કે હિંદુસ્તાનમાં તો કોમના ઝગડા ઘણા છે ! નામ હિંદુ પણ જાત હજાર. એકનો દેવ બીજાથી જુદો.' અંગ્રેજે કહ્યું.

'જરૂર. એવો જ ઝગડો આ નગરમાં પણ ચાલેલો. શૈવોએ જૈનોની જડ ખોદી નાખવા ઇચ્છેલું; જૈનોએ શૈવોનું જડાબીટ કાઢવું તેવી પ્રતિજ્ઞા લીધેલી. લહાલહી, મુષ્ટામુષ્ટી, કેશાકેશી ચાલેલી. પણ આખરે બને સમજ્યા કે ધર્મ તો સમન્વયમાં છે, શાંતિમાં છે, સખ્યમાં છે, ભાઈચારામાં છે. બનેએ પોતાના અંતરમાં ફૂંફાડા મારતા ક્રોધ ને વેરરૂપી સર્પને અહીં ભાઈચારાના મીઠા જળથી શાંત કર્યો. એ મિત્રતાની યાદમાં બનેએ સહિયારા પ્રયત્ન ને ધનથી આ સરોવર બાંધ્યું !'

'ફાઈન હિસ્ટોરીકલ ફેક્ટ ! બાબાલોક ! આ ઇતિહાસ ક્યાંય સંઘરાયો છે ખરો ? કંઈ સાલ-સંવત, કંઈ કિતાબ-કવિતા, કોઈ એનો લખનારો ?' અંગ્રેજ પોતાની ઇતિહાસની જિજ્ઞાસાને તૃપ્ત કરે તેવો મસાલો મળતો જોઈ થનગની ઊઠ્યો. 'એ ઝગડાનો ઇતિહાસ હું જાણવા માગું છું. રોમેન્ટીક સ્ટોરી-રોમાંચક કહાણી બાબાજી !'

યોગીરાજ તદ્દન શાંત હતા. એમણે પાણીના જેવા ખળખળતા અવાજે કહ્યું: 'અમારે ત્યાં એવા ઇતિહાસ લખવાની પ્રથા નથી. વળી અમે એવા વેરઝેરના ઇતિહાસને સંઘરતા નથી; બલ્કે ભૂલી જવા માગીએ છીએ.' યોગીરાજે જરા ખોંખારો ખાઈને કહ્યું: 'તમારા ઇતિહાસ વેર-ઝેરના અખાડા બન્યા છે. પચીસ પેઢી પર થયેલાં વેર-ઝેર તમે એથી તાજાં રાખો છો ને આવતી પેઢીને એવાં વેરનો વારસો આપો છો. માણસના

અંદરના માનાપમાનના સાપને જે જગાડે, એવા ઇતિહાસ તરફ અમે તિરસ્કાર દાખવીએ છીએ.'

'તો શું એનો કોઈ ઇતિહાસ નહિ મળે ?' આવા ખાખી સાથે ઇતિહાસની ઉપયોગિતા વિષે ચર્ચામાં ન ઊતરતાં એણે કામ સાથે કામ લીધું.

'મળશે. એક લોકકથામાં !'

'મારે એ લોકકથા સાંભળવી છે. અલબત્ત, અમે લોકકથાને પ્રમાણિક ઇતિહાસ લેખતા નથી !'

'અમારે ત્યાં ઇતિહાસ જ લોકકથામાં વણાયો છે; જેમાં ભૂતકાળનાં વેર–ઝેરને નિતારી નાખવામાં આવ્યાં હોય છે. સાંભળો એ લોકકથા !' યોગીરાજે વાત શરૂ કરી.

"આ પીપલીઆ ગામ જૂના વખતમાં વૈભવશાળી નગર હતુ. એનું એ વખતનું નામ પીપલનગર હતું. અહીં પાલી જાતનો પીપા નામનો બ્રાહ્મણ રહેતો હતો. એ સદ્‌ગુણી અને તપોધન હતો.

અહીં એક નાનું–શું તળાવ હતું. તળાવના કિનારે એક તક્ષક જાતિનો સાપ રહેતો હતો. પીપો બ્રાહ્મણ દરરોજ એ સર્પને દૂધ પીવરાવતો હતો. સર્પ પણ રાજી થઈને પોતાના રાફડામાંથી રોજ બે સોનામહોરો લાવીને એને આપતો. આમ પીપાની ને સર્પની પૂજા ને દક્ષિણા ચાલ્યા કરતી.

એક વાર પીપા બ્રાહ્મણને ગામતરે જવાનું થયું. એણે સર્પને દૂધ પાવાનું કામ પોતાના પુત્રને ભળાવ્યું. પુત્ર રોજ દૂધ લઈને જવા લાગ્યો, ને બે સુવર્ણમુદ્રા લઈને પાછો ફરવા લાગ્યો.

નિર્લોભી ને સંતોષી બ્રાહ્મણ પીપાના આ પુત્રને એક વાર વિચાર થયો, કે આ સાપ પાસે ઘણું ધન છે. એને મારીને લૂંટી લઉં તો મને કામ લાગે. બસ, બીજે દિવસે એ લાકડી તથા દૂધ સાથે લઈને ત્યાં પહોંચ્યો. ડાબા હાથમાં દૂધનો વાટકો પકડયો ને જમણા હાથમાં લાકડી લઈને પીઠ પાછળ સંતાડી. સર્પ તો રોજની જેમ આવ્યો. ને નિર્ભયતાથી દૂધ પીવા લાગ્યો. તરત જ બ્રાહ્મણપુત્રે જોરથી એના માથા પર લાકડી ઝીંકી.

લાકડીનો પ્રહાર ભયંકર હતો. પણ સાપ મર્યો નહિ. એ ઝડપથી પોતાના દરમાં પેસી ગયો. બ્રાહ્મણનો પુત્ર ઘેર ગયો, ને પોતાની માતાને બધી વાત કહી. માતાને લાગ્યું કે આ ઘાયલ સર્પ નક્કી મારા છોકરાને ભરખી જશે. એણે તાબડતોબ પુત્રને પરગામ મોકલવાની તૈયારી કરી. ગાડી, બળદ ને વોળાવિયા તૈયાર કર્યા. વહેલી પરોઢે ચાલી નીકળવાનું હતું.

માતા વહેલી પરોઢે પુત્રને ઉઠાડવા ગઈ, પણ એણે જે દૃશ્ય જોયું એથી એનાથી ચીસ પડાઈ ગઈ. એક કાળોતરો સાપ પથારીમાં ફેણ ફેલાવીને બેઠો હતો ને પોતાનો દીકરો લીલો કાચ થઈને મરેલો પડયો હતો. મા તો શું રુવે ! રુવે રુવે તે અનરાધાર રુવે.

પેલો બ્રાહ્મણ કામ પતાવીને પાછો ફર્યો ને ઘેર આવ્યો ત્યારે એણે બધા દુઃખદ સમાચાર સાંભળ્યા. ઘડીભર વેર લેવા તૈયાર થઈ ગયો ! પણ પછી એ ઊંડા વિચારમાં પડી ગયો. એણે તરત દૂધનો વાટકો લીધો, ને સર્પના નિવાસસ્થાને પહોંચ્યો. દૂધ ધરીને બોલ્યો :

[જુઓ : અનુસંધાન પૃષ્ઠ : ૧૧૨]



ઉદયન-વિહાર

[૨]

ઐતિહાસિક અનુસંધાન

લેખક : પં. શ્રીયુત લાલચંદ્ર ભગવાનદાસ ગાંધી, વડોદરા

(ગત અંક પૃ. ૭૫ થી ચાલુ)

મહાકવિ રામચંદ્રસૂરિએ રચેલી ઉદયન-વિહારની પૂર્વોક્ત પ્રશસ્તિમાં ગૂજરાતના મહારાજા કુમારપાલે કોંકણ (દક્ષિણ)ના મલ્લિકાર્જુન પર મેળવેલ વિજય સંબંધી ઉલ્લેખ છે, તેનું સમર્થન સમકાલીન ઇતિહાસ રચનાર તેમના ગુરુ આચાર્ય શ્રીહેમચંદ્રના 'પ્રાકૃત દ્વયાશ્રય મહાકાવ્ય' અપરનામ કુમારપાલ ચરિત (૭઼્ઠા સર્ગ)માં મળે છે. સં. ૧૩૦૭માં પૂર્ણકલશ-ગણિએ રચેલી તેની સંસ્કૃત વૃત્તિમાં તેની સ્પષ્ટતા કરી છે. ઉપર્યુક્ત ગ્રંથમાં (છઠ્ઠા સર્ગની ૩૯મી ગાથામાં) કુમારપાલ મહારાજાની શત્રુઓના મનોરથોને અવગણનારી રાજ-સભાની મહત્તા તથા પ્રભાવકતા વિશિષ્ટતાથી વર્ણવ્યા પછી ૪૦મી ગાથામાં જણાવ્યું છે કે, 'આનંદિત થતા સંશય-રહિત થતા પ્રભાવક પરિભવ ન પામતા બુદ્ધિશાલી સંધિ અને વિગ્રહમાં નિયુક્ત સમર્થ અધિકારી સાંધિવિગ્રહિકે રાજાને વિજ્ઞપ્તિ કરી કે-મહારાજ! (કુમારપાલ!) નીપજાવેલા વિશિષ્ટ સૈન્યવડે પરાક્રમી સમર્થ શત્રુ બનેલા કુંકણ-નાથ (કોંકણના રાજા)નું જે થયું, તે આપ સાવધાન થઇ ને સાંભળો[1]—

'હે મહારાજ! આપના સમર્થ યોધાઓ કોંકણ પહોંચ્યા, જેમને સુર-વધૂ (અપ્સરાઓ) દૂરથી કટાક્ષ-પૂર્વક જોઇ રહી હતી. જે સુભટો વૈરી સુભટોને થંભાવી દે તેવા હતા, યુદ્ધ-કલા વગેરેમાં પરિશ્રમી હતા, જેઓ વૈરી પર વિજય મેળવવામાં સફલ થશે તેવાં ચિહ્નો પ્રકાશિત કરતા હતા. તલવારો અને ઢાલોને મજબૂત રીતે પકડીને શત્રુના દળ પર તૂટી પડે તેવા ઉત્સાહવાળા હતા, શત્રુઓને નાપિત (હજામ) જેવા માનનારા હતા, પોતાના સ્વામી (મહારાજા)ના વિજયની પ્રાર્થના કરનારા હતા, દાન દઈને તેને યાદ ન કરનારા, પ્રભુના આદેશને (પોતાના સ્વામીએ આપેલી શિક્ષાને) બરાબર યાદ કરતા, યુદ્ધ વડે શ્રમ-

---

१ 'कुमर-नरिन्द-सहा सा धुणिअरि-मणोरहा हूआ ॥ ३९ ॥
हुन्ताणन्दो अहुवन्त-ससआ निवड्ढमुब्भुअन्त-मई ।
पहुवन्तो अपरिहवो, विण्णविही संधिविग्गहिओ ॥ ४० ॥
देव ! विवक्खीहुन्तो, णिव्वडिअ-बलेण सो पहुप्पन्तो ।
हूओ कुङ्कुण-नाहो, जहा तहा कुणसु अवहाणं ॥ ४१ ॥'

—કુમારપાલ ચરિત (પ્રા. દ્વયાશ્રય મહાકાવ્ય સર્ગ ૬ ગાથા ૩૯થી૪૧, પૃ. ૧૯૫)
[ભાં. ઓ. રિ. ઈ. પૂના બીજી આવૃત્તિ સન્ ૧૯૩૬]

કથાને (રામ–રાવણના યુદ્ધ–વૃત્તાંતને) સ્મરણ કરાવતા, તથા ભારતને (કૌરવ–પાંડવોના યુદ્ધને) યાદ કરાવતા, પોતાના કુલ–ક્રમને (રણાંગણમાં પીછે હઠ ન કરવારૂપ પૂર્વ પુરુષોના આચરણને યાદ કરતા, તેમજ ક્ષત્રિયોના વિશિષ્ટ આચારને (નાશી જનારની પાછળ ન પડવું, પડેલા પર પ્રહાર ન કરવો વિ. વીર–વ્રતને) યાદ કરનારા તે યોધાઓ હતા. :

'પ્રતિપક્ષી અમુક વીર–સુભટ સાથે મારે યુદ્ધ કરવું' એ પ્રતિજ્ઞાને તથા સ્વામીના પ્રસાદને સ્મરણ કરનારા, બાવન વીરોની કથાને ભૂલવાડનારા, વૈરને (પોતાના સ્વામીના વિરોધને) સ્મરણ કરનારા, રણ–રસિકતાથી અન્ય કાર્યોને યાદ ન કરનારા, પોતાના અનુપમ પરાક્રમ વડે વાનરેંદ્ર (સુગ્રીવ)ના બલ–વિલાસને ભૂલવાડનારા તથા શત્રુઓના મંત્ર–મસલતોને ભૂલવાડનારા એવા તમારા સમર્થ યોધાઓ કોંકણમાં પહોંચ્યા.[1]

'સિંહગર્જના જેવી ગર્જના કરતા અને શત્રુપક્ષના સુભટોને યુદ્ધ કરવા સ્પર્ધાથી આહ્વાન કરતા, પોતાના વચન પ્રમાણે સ્વીકારેલા કર્તવ્યના નિર્વાહક હોવાથી સત્ય બોલનારા એ સુભટો ઊછળતા ઘોડાઓ અને પસરતા હાથીઓ પર ચડીને શત્રુ–સૈન્ય તરફ પ્રસર્યા હતા.'

'ત્યાર પછી કોંકણનો રાજા (મલ્લિકાર્જુન), મદમત્તના મદને ઝરતા હાથી પર ચડીને સૈન્ય સાથે પોતાના સ્થાનથી (રાજધાનીના નગર–ઠાણામાંથી) નીકળ્યો.[2] તેના ભટો ગઢમાંથી નીકળ્યા, જેઓ રણમાંથી નીકળેલાઓનું રક્ષણ કરનારા હતા, મ્યાનમાંથી કાઢેલી તરવારો વડે જેઓ સાવધાન હતા, તથા રણ(યુદ્ધ) માટે જેઓ સાવધાન હતા. ત્યાર પછી તે સુભટો પરસ્પર યુદ્ધ કરવા પ્રવૃત્ત થયા. સંગ્રામમાં યુદ્ધ ખેલતા, ભય પમાડીને શત્રુ–સૈન્યને એકઠું કરી દેતા, નિર્ભય બની ઇચ્છા પ્રમાણે વિચરતા એ સુભટો ઊછળતા પ્રેમવાળી અમરીઓ (અપ્સરાઓ) વડે વરાવા લાગ્યા. યુદ્ધ માટે વીરની પસંદગી કરવામાં આદરવાળા, તથા યુદ્ધમાં પ્રહાર કરનારાઓને પ્રહાર કરવામાં પ્રવૃત્ત થયેલા, તેમજ સુભટ તરીકેના પોતાના માનને ન ઉતારનારા (ટેકને ન મૂકનારા) તેઓ જાણે સ્વર્ગમાંથી ઊતરેલા શિવના ગણો હોય તેવા લાગતા હતા શક્તિશાલી સુભટોને અશક્ત બનાવતા, શક્તિશાલીઓમાં પણ વિશિષ્ટ શક્તિશાલી એવા તે સુભટોએ દીર્ઘિકા (વાવડી)માંથી ઊતરીને યુદ્ધ કર્યું.'.

"મણિ જડિત સોનાના બખ્તરવાળો, નીચે ન જનારા વખાણવા યોગ્ય બાણોને વરસાવનાર સમર્થ શક્તિ દર્શાવતો રાજા (મલ્લિકાર્જુન) તેમને (ગૂજરાતના સુભટોને) પ્રહાર કરવા લાગ્યો. શત્રુઓને બાળનારા પ્રતાપવાળા બાણો મૂકતા તે રાજાએ રણમાં કાચું માંસ ખાનારાઓને (ગીધ વગેરેને) કાચું માંસ આપ્યું. (અનેક સુભટોને તેણે મારી નાખ્યા), પછી નિઃશંક બનેલા (શત્રુ–પક્ષના ભયની અવગણના કરનારા) તે રાજાએ કુલધર્મને (ક્ષત્રિયના આચારને) ન છોડનારા, પોતાના દળ (સૈન્ય) ને પણ મૂકીને સિંહ–ગર્જના કરી (આ હું તમારો કાળ અહીં આવ્યો છું–એવી રીતે આપણા સૈન્યની પાસે આવીને તેણે રણ–ગર્જના કરી). ભયના પ્રસરને મૂકી દેનાર, નિર્ભય એવા હાથી પર ચડેલા કોપાવિષ્ટ થયેલા તે રાજાએ

---

१ "विसारिअ–रिउ–मन्ता, तुह जोहा कुङ्कुणं पत्ता ॥ ४७ ॥'

२ 'अह मह्महन्त–णीहरिअ–मदजले सिन्धुरम्मि चडिऊण ।
ठाणाओ नीलिओ, कुङ्कुणाहिवो नीसरन्त–बलो ॥ ४९ ॥'

—કુમારપાલચરિત (પ્રાકૃત દ્વયાશ્રય મહાકાવ્ય) સર્ગ ૬, ગા. ૪૭–૪૯

દુઃખ થાય તે રીતે બાણો મૂક્યાં. હે નાથ ! (મહારાજા કુમારપાલ !) યુદ્ધમાં જયલક્ષ્મીથી વંચિત ન થયેલા તથા વંચકો પ્રત્યે વંચકો, પરંતુ પોતાના સ્વામીને ન ઠગનારા (વફાદાર) એવા પદાતિઓ (પાળાઓ) વડે વંચિત ન થયેલા, જય-પ્રતિજ્ઞા કરનાર (શત્રુ-સૈન્યનો ભંગ કરવાનું સ્વીકારનાર), તત્કાલ રોમાંચિત થયેલા તે રાજાએ (કુંકણાધીશે) વ્યૂહ રચનારા ગૂજરાતના દળમાં (સૈન્યમાં) પ્રવેશ રચ્યો[1] (પ્રતિપક્ષના ભટોને દૂર કરીને પોતાના સૈન્યને અવકાશ કરી દીધો). લાકડાં, કાંટા પાહાણા વગેરે દૂર કરાવીને સમરાવેલા (શુદ્ધ કરાવેલા) રણક્ષેત્રમાં સજ્જ કરેલા આયુધોવાળા સાથે ઉત્તેજિત કરેલાં આયુધવાળા તે રાજાએ પોતાની યશોલક્ષ્મીને સમારી-સજ્જ કરી."

"હે મહારાજા ! સ્વામીના કાર્યને સાધનારા તમારા સૈન્યે તે રાજાના (કુંકણાધીશના) મદ ઝરતા હાથીને બાણોથી ભેદ્યો (વીંધ્યો) જે હાથીએ નાકમાંથી ઝરતાં ટીપાંઓ વડે પૃથ્વીને સીંચી હતી. ત્યાર પછી ગર્જતા માતેલા સાંઢની જેમ ગર્જના કરતા તમારા સુભટો પ્રતિપક્ષના સુભટોને પૂછતા છતાં કોંકણદેશના અધિપતિને જોઈને ગાજ્યા[2] (આ રાજા અહીં છે-એમ જાણીને સુભટોએ 'આ હણાયો અને અમે જીત્યા' એવી ગર્વભરી ગર્જના કરી.) જેમનાં બખ્તરો દેદીપ્યમાન હતાં, જેમના મસ્તક-રક્ષક ટોપાઓ શોભતા હતા, તરવારો વડે જેમના હાથ શોભતા હતા જેમના વડે સૈન્ય અને રણાંગણ શોભતું હતું-તેવા તમારા તે સુભટો ત્યાં શોભતા હતા."

ખૂતી જવાય તેટલા હાથીઓનાં લોહીમાં રથનાં ચક્ર ખૂત્યાં; ઘોડાઓ, હાથીઓ અને ભટો ખૂત્યા તેવું ગૂજરાતના અને કોંકણના સુભટોનું ભયંકર યુદ્ધ થયું. એકઠાં કરેલાં બાણોની માલાને વિસ્તારનાર મલ્લિકાર્જુન રાજાને ગુજરાતના તે સુભટોએ લજ્જિત કર્યો;[3] જે સુભટો એકઠા થઈને વિચાર કરતા હતા-પોતાના સ્વામીથી શરમાતા હતા કે 'એવા પ્રકારના આપણે સ્વામીને મોઢું કેવી રીતે દેખાડી શકીશું ?' (મલ્લિકાર્જુન એ રીતે લજ્જા પામતો હતો કે 'આ સેવક જેવાની સાથે સ્વામી થઈને હું કેવી રીતે યુદ્ધ કરું ?') અમર્ષ ઉત્પન્ન કરે તેવી ઉત્તેજક વાણી વડે ધર્મ (ક્ષત્રિય આચાર) ને સાફ કરતા સુભટોને ઉત્તેજિત કરનારા તે રાજા મલ્લિકાર્જુને ભાલાં અને તલવારો ઉત્તેજિત કરતા (ચમકાવતા) એવા કેટલાય સુભટોને શિક્ષા કરી-શસ્ત્રોથી ઘાયલ કર્યાં. શત્રુના તેજ-પ્રતાપને સાફ કરી નાખતા તે મલ્લિકાર્જુન રાજાએ પરસેવો લૂછતા જાણે કાજળથી મોં પૂંછેલા હોય તેવા, યશને સાફ કરી નાખનારા તેવા કેટલાય સુભટોને અટકાવ્યા (સિંહનાદથી આગળ જતા રોકયા)"

---

१ " उग्गहिअ-जय-पइन्नो, अवहिअ-वूहम्मि गुज्जर-दलम्मि ।
विरविइीअ पएस, तक्काल रइअ-रोमञ्चो ॥ ५९ ॥ "

२ " पडिसुहडे पुच्छन्ता, गज्जन्ता डिक्कमाण—वसह व्व ।
अह बुक्किआ तुह भडा, कुङ्कुण-देसाहिवं दट्ठुं ॥६२॥ "

३ " आरोलिअ-सर-माल,-वमालणो मल्लिअज्जुणो राया ।
पुज्जिअ-पहु-लज्जिर-गुज्जरेहि जीहाविओ तेहि ॥६५॥ "

—કુમારપાલચરિત (પ્રાકૃત દ્વયાશ્રય મહાકાવ્ય)
સર્ગ ૬, ગાથા ૫૯, ૬૨, ૬૫

[તેવા ભયંકર સંગ્રામમાં પણ] પ્રભુ (સ્વામી)ના નામને શોભાવનારા, વૈરીના નામને પણ ભૂંસી નાખનારા, ભગ્ન ન થયેલા ગૂજરાતના લોકોએ (આપણા સૈન્યના વીર જનોએ) મલ્લિકાર્જુન રાજાના તે ગજેન્દ્રને શસ્ત્રોથી ભેદી (વીંધી) નાંખ્યો. જેના સુભટો (પદાતિઓ) ભગ્ન થઈ ગયા હતા, જેના ઘોડાઓ ભગ્ન થઈ ગયા હતા, જેનો બાણ-પ્રસર ભગ્ન થઈ ગયો હતો અને જેનું શિરસ્ત્રાણ (મસ્તક-રક્ષક ટોપ) ખંડિત થઈ ગયું હતું-એવો કુંકણાધિપતિ (કોંકણનો રાજા) ભગ્ન થયો (શસ્ત્રોથી ઘાયલ થયો), [તેવા મહાભયંકર સંગ્રામમાં પણ] અભગ્ન (પરાઙ્મુખ ન થયેલા) તમારા સુભટોએ તે રાજા મલ્લિકાર્જુનના છત્રને ભેદી નાખ્યું, તેની વિજય-વૈજયંતીને છેદી નાખી અને તેના મસ્તક-કમલને પણ છેદી નાખ્યું.[1]"

નય (નીતિ)ને અનુસરનારા હે મહારાજા! (કુમારપાલ!) કુંકણ (કોંકણ)ની સમાંગ-સંપત્ (ᵃસ્વામી, ᵇઅમાત્ય, ᶜસુહૃત્, ᵈકોશ, ᵉરાષ્ટ્ર, ᶠદુર્ગ અને ᵍસૈન્યરૂપ લક્ષ્મી)ને મેળવનારા (પોતાને આધીન કરનારા, યશ:સમૂહને મેળવનારા તમે હવે (હાલમાં) દક્ષિણ દિશા વડે અનુસરાયેલા છો (અર્થાત્ તમે દક્ષિણ દિશાના સ્વામી થયા છો.)

હે પ્રભુ! (કુમારપાલ નૃપ!) હાલમાં (હવે) દક્ષિણ દિશાને ભોગવતા તમે શ્રીનગર (સિરપુર)ની શ્રીથી યુક્ત થયા છો, તિલંગ (તૈલંગણ[2])ની લક્ષ્મીથી યુક્ત થયા છો અને કાંચીની લક્ષ્મીથી યુક્ત થયા છો (દક્ષિણ દિશાના વિજયથી તમે તેની અંદરના દેશોના સ્વામીપણાને પામ્યા છો.') (ક્રમશઃ)

---

१ "पहु-नामापुसणो अम्माहुलणो वेरि-नाम-मज्जणओ।
तं मूरीअ गइन्दं गुज्जर-लोओ अवेमइओ ॥६८॥
सुडिअ-सुहडो सुरिअ-तुरगमो विरिअ-बाण-पसरो य।
मुसुमूरिअ-सिरत्ताणो कराञ्जिओ कुङ्कणाहिवई ॥६९॥
पविरञ्जिअआतवत्तो नोरञ्जिअ-विजय-वेजयन्तीओ।
सो लूण-सीस-कमलो कओ तुहाभज्जिअ-भडेहि ॥७०॥

—કુમારપાલચરિત (પ્રા. દ્વયાશ્રય મહાકાવ્ય)
—સર્ગ ૬, ગાથા ૬૮થી ૭૦

२ 'नय-पडिअग्गिर! अणुवत्तिओ सि दाहिण-दिसाइ तुममिण्हि।
विढविअ- कुङ्कण-सत्तङ्ग-संपओ अजिअ-जसोह! ॥ ७१ ॥
पहु सिरि-नयर-सिरीए, जुञ्जसि जुप्पसि तिलङ्ग-लच्छीए।
जुञ्जसि कञ्चि-सिरीए, भुञ्जन्तो दाहिणिं इण्हि ॥ ७२ ॥"

—કુમારપાલચરિત (પ્રાકૃત દ્વયાશ્રય મહાકાવ્ય) સર્ગ ૬, ગા. ૭૧-૭૨

કલ્પવૃક્ષો અને વનસ્પતિની અદ્ભુતતા

લેખક : પૂ. પંન્યાસ શ્રીધુરંધરવિજયજી

વિશ્વમાં અનેક અદ્ભુત વસ્તુઓ છે. મણિમંત્ર આદિનો પ્રભાવ આશ્ચર્ય ઉત્પન્ન કરે છે. એ પ્રમાણે વનસ્પતિ, વૃક્ષો, વેલડીઓ આદિનો પ્રભાવ પણ આશ્ચર્ય પમાડે છે. વનસ્પતિઓનું સ્વરૂપ ઘણું જ ગહન છે. દરેક વનસ્પતિમાં કાંઈ ને કાંઈ પ્રભાવ રહેલો હોય છે. કોઈ વનસ્પતિ ખાવામાં આવી જાય તો માણસ પશુ બની જાય છે જ્યારે કોઈ વનસ્પતિ ખાવાથી પશુ માણસ બની જાય છે. એ જ પ્રમાણે પુરુષ સ્ત્રી બની જાય અને સ્ત્રી પુરુષ બની જાય એવી અદ્ભુત વનસ્પતિઓ હોય છે. કોઈ વેલડીમાં અદૃશ્ય કરવાની શક્તિ હોય છે, તો કોઈમાં આકાશમાં ઉડાડવાની શક્તિ હોય છે. કોઈનાં મૂળ તાકાતવાળાં હોય છે તો કોઈનાં પાન. કોઈનાં ફળ તો કોઈનાં બીજ. કોઈની છાલ તો કોઈનું લાકડું. કોઈનાં ફૂલ તો કોઈનાં ડાખળાં. એમ જુદા જુદા અવયવો પણ વનસ્પતિની જુદી જુદી શક્તિ ધરાવે છે. વનસ્પતિની વિચિત્રતાઓનું વર્ણન કરતા શાસ્ત્રો અને પુસ્તકો પારવાર છે. દરેક દેશમાં અને દરેક દર્શનમાં આ વિષયને વિવિધ રીતે ચર્ચવામાં આવ્યો છે.

જૈનદર્શનમાં પણ આ વિષય વિસ્તારથી વર્ણવેલ છે. એ સર્વમાં પ્રભાવની દૃષ્ટિએ સર્વથી ઉત્કૃષ્ટ વર્ણન વનસ્પતિને અંગે હોય તો તે કલ્પવૃક્ષનું છે. કલ્પવૃક્ષો અકર્મભૂમિમાં –યુગલિકક્ષેત્રમાં હોય છે અને કર્મભૂમિમાં પણ યુગલિકકાળમાં હોય છે.

આમ તો કલ્પવૃક્ષો ઘણા પ્રકારનાં છે, પણ તેમાં મુખ્ય દશ જાતના છે. તેના નામો અને ટૂંકુ સ્વરૂપ આ પ્રમાણે છે.

[૧] **મદ્યાંગ**—આ કલ્પવૃક્ષો મદ્ય સમાન મિષ્ટ અને સ્વાદિષ્ટ પીણા પૂરું પાડવાનું કામ કરે છે. શરબત, ઠંડાઈ, જેવા જે કોઈ પેય–પીણા પીવાની ઈચ્છા થાય તે ઈચ્છા મદ્યાંગ કલ્પવૃક્ષથી પૂરી પડે છે.

[૨] **ભૃગાંગ**—થાળી–વાટકા, લોટા–પ્યાલા, કપ–રકાબી, તપેલું–તપેલી, ઢાંકણા આદિ જુદા જુદા પ્રકારનાં કોઈ પણ વાસણો આ કલ્પવૃક્ષો આપે છે. પાત્રો આપવાનો અધિકાર ભૃગાંગ કલ્પવૃક્ષોનો છે.

[૩] **તુર્યાંગ**—વીણા–વાંસળી, ઢોલ–નગારું, કાંસા–ઝાલર ઈત્યાદિ જે કોઈ વાજિંત્ર જોઈએ તે આ કલ્પવૃક્ષો આપે છે ને વગાડે છે. વાજિંત્ર માત્રની ઈચ્છા સંતોષવાનુ કામ તુર્યાંગ કલ્પવૃક્ષોનું છે.

[૪–૫] **દીપશિખાંગ–જ્યોતિષ્કાંગ**—આ બન્ને કલ્પવૃક્ષો લગભગ સરખું કામ કરે છે. પ્રકાશ આપવાનું કામ દીપશિખાંગ કરે છે અને આતપ આપવાનુ કામ જ્યોતિષ્કાંગ કરે છે. ગમે ત્યારે જેવો જોઈએ તેવો પ્રકાશ [illegible]ઝળહળતી બીજી પ્રકાશની સામગ્રીને ભૂલાવી દે એવો–દીપશિખાંગ આપે છે. જ્યારે જોઈએ ત્યારે આતપ જ્યોતિષ્કાંગ આપે [illegible] આતપ રમ્ય અને સુખદ હોય છે.

[૬] **ચિત્રાંગ**—જુદા જુદા પ્રકારના પુષ્પો અને પુષ્પમાળાઓ ચિત્રાંગ કલ્પવૃક્ષ આપે છે. ગમે તે સુગંધ જોઈતી હોય તો તે પ્રકારનાં પુષ્પો આ કલ્પવૃક્ષ પાસેથી મળે છે અને તે સુગંધની ઈચ્છા પૂર્ણ થાય છે. કોઈ પણ ઋતુનાં પુષ્પ હંમેશા આ કલ્પવૃક્ષ તૈયાર રાખે છે.

[૭] **ચિત્રરસ**—જ્યારે જે ખાવાની ઈચ્છા થાય ત્યારે તે ખાદ્ય પદાર્થોને ચિત્રરસ કલ્પ-

વૃક્ષ પૂરાં પાડે છે. નાના પ્રકારની રસવતી આ કલ્પવૃક્ષ પાસેથી મળે છે. છએ રસોની તૃપ્તિ આ કલ્પવૃક્ષથી થાય છે.

[૮] **મણ્યંગ**—હાર, વીંટી, વલય વગેરે વિવિધ આભૂષણો-અલંકારો આપવાનું કાર્ય મણ્યંગ કલ્પવૃક્ષો કરે છે. એ આભૂષણો એટલાં સુન્દર અને મૂલ્યવાળાં હોય છે કે તેની પાસે બીજા માનવકૃત આભૂષણો એટલાં શોભતાં નથી.

[૯] **ગેહાકાર**—જેવું જોઈએ તેવું ઘર આ ગેહાકાર કલ્પવૃક્ષ તૈયાર રાખે છે. એ કલ્પવૃક્ષે આપેલા ઘરમાં સર્વ પ્રકારની અનુકૂળતા હોય છે.

[૧૦] **અનગ્ન**—નાના મોટા—અંગ પ્રત્યંગને બંધબેસતાં વસ્ત્રો આપવાનું કાર્ય અનગ્ન કલ્પવૃક્ષો કરે છે. સુતરનાં, ઊનનાં, રેશમી એમ અનેક પ્રકારનાં વસ્ત્રોની ઇચ્છા તેથી પૂરી પડે છે.

આ કલ્પવૃક્ષોની વાતો અશ્રદ્ધાથી વાંચનારને મનમાં સ્થિર ન થાય-તે શંકા-કુશંકાથી પોતાના અને બીજાના વિચારો ડોળી નાખે એવી છે. પણ જેની પાસે શ્રદ્ધાબળ છે, બહોળો અનુભવ છે, વિશ્વમાં કેવી અદ્ભુતતા છે, તેનું જેને ભાન છે; તેના હૃદયમાં આ વાતો જરી પણ અજુગતી લાગતી નથી. એવી શ્રદ્ધાવાળા આત્માઓ આ વાતો અને આવી બીજી વાતો કે જે શાસ્ત્રીય છે-તે કદાચ કોઈ વખત પોતાને ન સમજાય તો પણ અસંભવિત છે એમ અંશે પણ માનતા નથી. પરિણામે આજે ન સમજાતી વાતો વખત જતાં સમજાય છે અને સાચી ઠરે છે. જ્યારે અસંભવિત ગણીને મિથ્યા માનનારને પછીથી સુધારવાનો સમય દુર્લભ થઈ જાય છે. તેમાં પણ કદાગ્રહવાળા આત્માઓ તો પ્રતીતિ કરાવે એવા સાધનો મળ્યા છતાં પોતાના ખોટા પૂર્વગ્રહો છોડી શકતા નથી.

ઉપરની કલ્પવૃક્ષોની વાતોને અંશે પુષ્ટિ આપતી કેટલીક જુદાજુદા વૃક્ષોની હકીકતો અત્યારે પણ મળી આવે છે.

સ્વાદિષ્ટ પીણા અને જુદાં જુદાં પાત્રો આપતા કલ્પવૃક્ષો અંગે બહુ આશ્ચર્ય થતું નથી. અત્યારે પણ અનેક વૃક્ષોમાંથી એવાં પીણાં મળે છે...ભલે પછી તેને સંસ્કાર આપીને તૈયાર કરવામાં આવતાં હોય પણ મૂળ કારણ તો તે તે વૃક્ષો છે. જુદાં જુદાં પાત્રો પણ વૃક્ષના કાષ્ઠમાંથી બનાવવામાં આવે છે. વૃક્ષો વાજિંત્ર વગાડે છે એ વાત અદ્ભુત જેવી લાગે છે. પણ તે ખરેખર હકીકત છે. કુદરતી રીતે એવા છિદ્રોવાળાં કેટલાય હોય છે ને તેમાંથી પવન પસાર થતો હોય છે ત્યારે સારેગમની સ્વરાવલિ તાલબદ્ધ ચાલતી હોય છે ને સંગીત સર્જાતું હોય છે.

વાંસળી વાગતી હોય એવાં વૃક્ષો પેરીસમાં ઘણાં થાય છે. કોઈ પણ ગૃહસ્થના બગીચામાં આવું વૃક્ષ [illegible] છે. આ વૃક્ષના પાંદડાંઓમાં એવા પ્રકારનાં છિદ્રો હોય છે કે જેમાંથી પવન પસાર થાય છે એટલે વાંસળી વાગતી હોય એવો સુમધુર અવાજ થાય છે.

કવિ કાલિદાસે રઘુવંશમાં વનમાં વૃક્ષો સંગીત સર્જે છે એનું વર્ણન કર્યું છે. પ્રકાશ આપતા વૃક્ષો હિમાલયમાં થાય છે. તે વૃક્ષો દૂર દૂર સુધી રાતે અજવાળું પાથરે છે અને વૃક્ષ તો જાણે પાંદડે પાંદડે દીવાબત્તી ન કર્યાં હોય એવું ઝગઝગી ઊઠે છે. 'अतैलपूराः सुरतप्रदीपाः' કહીને કાલિદાસે પણ આ હકીકતનો 'કુમારસંભવકાવ્ય'માં ઉલ્લેખ કર્યો છે.

વૃક્ષો વિવિધ પુષ્પો આપે છે અને ભોજન પણ વૃક્ષો પૂરું પાડે છે એ ચાલુ છે. પણ તૈયાર પુષ્પમાળા અને તૈયાર ભોજન વૃક્ષો આપે એ અદ્ભુત જેવું લાગે. પણ અદ્ભુત જણાય એટલે અસંભવિત છે એમ માની લેવાની ઉતાવળ ન કરવી જોઈએ.

અમેરીકામાં એવાં વૃક્ષો થાય છે કે જેઓ ગાયના દૂધ જેવું દૂધ આપે છે. તે વૃક્ષોમાંથી એવો પ્રવાહી પદાર્થ ઝરે છે. લોકો તે વૃક્ષમાં કાપ પાડીને તે રસને વાસણમાં ભરે છે—બરાબર સ્વાદમાં અને ગુણમાં તે રસ ગાયના દૂધ જેવો જ હોય છે. ભલભલા તે પારખી ન શકે કે આ ગાયનું દૂધ છે કે ઝાડનો રસ ! વધુ તો તે વૃક્ષની છાલનો લોટ ઘઉંના લોટ જેવો હોય છે ને તેની રોટલી વગેરે બને છે. લોકો પેટ પૂરવા માટે આ વૃક્ષને ખૂબ ઉપયોગી ગણે છે. આ વૃક્ષને ત્યાંના લોકો Cow-Tree. (ગો-વૃક્ષ) કહે છે. ત્યાં એક બીજું ઝાડ એવું પણ થાય છે કે જેના ફળોમાંથી બરાબર માખણને મળતો પદાર્થ નીકળે છે. આ વૃક્ષો ત્યાં દેવ જેવાં ગણાય છે.

મત્સ્યંગ, ગેહાકાર અને અનગ્ન કલ્પવૃક્ષો જે ભૂષણ, ઘર ને વસ્ત્ર જેવાં જોઈએ તેવા આપે છે. આફ્રિકામાં અને અમેરીકામાં એવાં વૃક્ષો થાય છે કે જેના થડની જાડાઈ (ઘેરાવો) ૧૬-૧૭ ફીટ અને ઊંચાઈ નવ નવ ફીટની હોય છે તે વૃક્ષને પોલું કરીને તેમાં સારી રીતે રહી શકાય એવું ઘર બનાવી શકાય છે.

ટેનીરીફ પહાડની તલેટીમાં ડ્રેગન નામનું ઝાડ છે, આ વૃક્ષની નીચેના ભાગમાં એક વિશાળ બખોલ કુદરતી રીતે જ બની ગઈ હતી. તે એટલી વિશાળ હતી કે તેમાં સેંકડો મનુષ્યો સહેલાઈથી બેસી શકતા હતા. ત્યાંના નિવાસીઓએ ઘણા સમય સુધી તેનો પ્રાર્થના મન્દિર તરીકે ઉપયોગ કર્યો હતો. જ્યારે પોર્ટુગીઝોએ તે સ્થાનનો કબજો મેળવ્યો ત્યારે તેમાં સુધારા-વધારા કરીને તે સ્થાનને વ્યવસ્થિત પ્રાર્થના-મન્દિર તરીકે ફેરવી નાખ્યું હતું. પણ ઈ. સ. ૧૭૬૭માં ત્યાં પવનની પ્રચંડ આંધી આવી ને તે વૃક્ષનો વિનાશ થયો.

વૃક્ષ કુદરતી રીતે ઘર પૂરું પાડે છે. તેની પ્રતીતિ કરાવનાર આ હકીકત છે. મેકિસકોનો પ્રદેશ કે જે દક્ષિણ અમેરીકામાં આવેલ છે, ત્યાં એક એવી જાતનાં ઝાડ થાય છે કે તે ઝાડના પાંદડે પાંદડે એક સોય જેવો ઊભો કાંટો હોય છે. ગમે ત્યારે તે કાંટાને ખેંચવામાં આવે તો તેની પાછળ બે ફીટ જેટલો લાંબો દોરો ખેંચાઈ આવે છે ને તેનો ઉપયોગ સાંધવા તરીકે થઈ શકે છે. ત્યાંના લોકો એ રીતે તેનો ઉપયોગ કરે છે. આ વાત વસ્ત્ર પૂરું પાડનારાં કલ્પવૃક્ષોની વાતને પુષ્ટિ આપે એવી છે.

આમ વિશ્વમાં એવા એવા અદ્ભુત પદાર્થો છે કે જેનો ખ્યાલ એકદમ અલ્પ જાણનારા જીવોને આવી શકતો નથી. [illegible] જેવી સ્થિતિવાળા જીવો શાસ્ત્રની એવી વાતોને અસંભવિત ગણીને [illegible] પ્રત્યેનો વિશ્વાસ ઓછો થાય એવા વિચારો કરે છે અને ફેલાવે છે, પણ તે ભયંકર છે. ઘણી વખત ઘણી વાતો [illegible] માટે તે ખોટી છે એ માન્યતા દૂર કરવી જરૂરી છે. તેમાં પણ સર્વજ્ઞકથિત આગમોની [illegible] અસંભવિત છે એવા [illegible] દુસ્સાહસ કદી પણ કરવું નહિ. અલ્પજ્ઞ-છદ્મસ્થ જીવોનું હિત શ્રદ્ધાપૂર્વક તે [illegible] સમજવામાં છે. કલ્પવૃક્ષો માટે પણ એ પ્રકારની શ્રદ્ધા મજબૂત કરીને શ્રેય: સાધનામાં યથામતિ પ્રયત્નશીલ બનવું જોઈએ.

સંસારી આત્મા

[ગતાંકથી ચાલુ]

[ભારતીય દર્શનકારોએ 'આત્મા' વિશે જે જે માન્યતાઓ રજૂ કરી છે, તેની સાથે જૈનો ક્યાં ક્યાં જુદા પડે છે તેની તલસ્પર્શી વિવેચના કરતો લેખ શ્રીયુત મોહનલાલ મહેતા, એમ. એ. શાસ્ત્રાચાર્યે 'જૈન ભારતી' સાપ્તાહિકના વર્ષ: ૧, અંક: ૪૧મા 'જૈન દર્શનમેં તત્ત્વ–સંસારી આત્મા' એ શીર્ષક હિંદમાં પ્રગટ કર્યો છે. એ લેખ ઉપયોગી હોવાથી એનો અનુવાદ અહીં ક્રમશ: આપીએ છીએ: સં.]

આત્મા 'સાક્ષાત્ ભોક્તા છે'—આ વિશેષણ પણ સાંખ્યોની માન્યતાના ખંડન માટે છે. સાંખ્ય લોકો પુરુષમાં સાક્ષાત્ ભોક્તૃત્વ માનતા નથી. તેઓ કહે છે કે બુદ્ધિનો જે ભોગ છે તેને જ પુરુષ પોતાનો માની લે છે. આમ તો પુરુષમાં ભોગ ક્રિયા નથી. જૈનોનું કથન છે કે, ભોગરૂપ ક્રિયા જડ બુદ્ધિમાં ઘટી શકતી નથી. તેનો સંબંધ સીધો પુરુષ સાથે છે—આત્મા સાથે છે. જે પ્રકારે પરિણામ અને ક્રિયાનો આશ્રય આત્મા જ હોવો જોઈએ, એ જ પ્રકારે ભોગરૂપ ક્રિયાનો આશ્રય પણ આત્મા જ હોવો જોઈએ. આના સિવાય પુરુષનું બુદ્ધિમાં પ્રતિબિંબ પડી શકતું નથી. કેમકે પુરુષ આધ્યાત્મિક અને ચેતન તત્ત્વ છે જ્યારે બુદ્ધિ જડ અને ભૌતિક છે કેમકે તે પ્રકૃતિનો વિકાસ છે. ચૈતન્યનું જડ તત્ત્વમાં પ્રતિબિંબ કઈ રીતે પડી શકે છે? જૈન દર્શનસમ્મત આત્મા અને કર્મના સંબંધમાં એ બધા દોષો લાગુ નથી પડતા; કેમકે તે સંસારી આત્માને પરિણામી અને કથંચિત્ મૂર્ત માને છે. સાંખ્ય દર્શન એકાંતવાદી છે. તે પુરુષને એકાંતરૂપે નિત્ય માને છે. પરિણામનો પણ આત્યંતિક અભાવ માને છે. એવી સ્થિતિમાં પ્રકૃતિ અને પુરુષનો કોઈ પણ પ્રકારનો સંબંધ ઘટી શકતો નથી. સંબંધને માટે પરિવર્તન–પરિણામ અત્યંત આવશ્યક છે. જ્યાં પરિણામનો અભાવ છે ત્યાં કર્તૃત્વ, ભોક્તૃત્વ આદિ બધી ક્રિયાઓનો અભાવ છે.

આત્મા 'સ્વદેહ પરિમાણ છે'—આ લક્ષણ એ બધા દાર્શનિકોની માન્યતાનું ખંડન કરવા માટે છે જે આત્માને સર્વવ્યાપક માને છે. નૈયાયિક, વૈશેષિક, સાંખ્ય, મીમાંસક આદિ આત્માનું અનેકત્વ તો સ્વીકૃત કરે છે પરંતુ સાથોસાથ આત્માને સર્વવ્યાપક માને છે. તેઓ કહે છે કે જે પ્રકારે આકાશ સર્વવ્યાપક છે એ જ પ્રકારે આત્મા સર્વવ્યાપક છે. ભારતીય દર્શનશાસ્ત્રમાં આત્માનું સ્વતંત્ર અસ્તિત્વ માનવા છતાં પણ તેને સ્વદેહ પરિમાણ માનવો એ જૈન દર્શનની જ વિશેષતા છે. જૈન દર્શન સિવાય કોઈ એવું દર્શન નથી જે આત્માને શરીર પરિમાણ માનતું હોય. જૈનોનું કથન છે કે, કોઈ પણ આત્માને શરીરથી બહાર માનવો અનુભવ યા પ્રતીતિથી વિપરીત છે, આપણી પ્રતીતિ આપણને એ જ બતાવે છે કે જેટલા પરિમાણમાં આપણું શરીર છે તેટલા જ પરિમાણમાં આપણો આત્મા છે. શરીરથી બહાર આત્માનું અસ્તિત્વ કોઈ પણ [illegible] થઈ શકતું નથી. જ્યાં જે વસ્તુના ગુણો ઉપલબ્ધ થાય છે તે વસ્તુ [illegible] હોય છે. કુંભ ત્યાં [illegible] છે જ્યાં કુંભના ગુણ રૂપાદિ ઉપલબ્ધ છે. એ [illegible] આત્માનું અસ્તિત્વ પણ ત્યાં માનવું જોઈએ જ્યાં આત્માનો ગુણ જ્ઞાન, સ્મૃતિ [illegible] ઉપલબ્ધ હોય. આ બધા ગુણો જો કે ભૌતિક શરીરના નથી, છતાં ઉપલબ્ધ ત્યાં [illegible] છે જ્યાં શરીર હોય છે. આથી એ માનવું ઠીક નથી કે આ[illegible] છે.

કોઈ [illegible] પૂછી શકે છે કે, ગંધ દૂર રહે છે છતાંયે આપણે કેવી રીતે સૂંઘી [illegible] લઈએ? [illegible] ઉત્તર એ જ છે કે ગંધનાં પરમાણુઓ ઘ્રાણેન્દ્રિય સુધી પહોંચે છે. એટલા માટે

આપણને ગંધ આવે છે. જો ઘ્રાણેન્દ્રિયની પાસે પહોંચ્યા વિના જ ગંધનો અનુભવ થવા લાગત તો બધી વસ્તુઓની ગંધ આવત. એમ થતું નથી, પરંતુ જે વસ્તુના ગંધાણુઓ આપણી ઘ્રાણેન્દ્રિય સુધી પહોંચે છે. તે જ વસ્તુના ગંધની પ્રતીતિ થાય છે.

આત્માના સર્વગ તત્ત્વનું ખંડન કરવા માટે આ પ્રકારે પ્રયોગ છે:—

આત્મા સર્વગત નથી કેમકે તેના ગુણો બધે મળી શકતા નથી, જેના ગુણો બધે ઉપલબ્ધ નથી તે સર્વગત નથી હોતો; જેમ ઘટ. આત્માના ગુણો સર્વત્ર ઉપલબ્ધ નથી; તેથી આત્મા સર્વગત નથી. જે સર્વગત હોય છે તેના ગુણો બધે ઉપલબ્ધ થાય; જેમ આકાશ.[1]

નૈયાયિકો આ માન્યતાનું ખંડન કરતાં કહે છે કે, આપણુ અદૃષ્ટ બધે કામ કરતું રહે છે. તેને રહેવા માટે આત્માની જરૂરત હોય છે. તે કેવળ આકાશમાં રહેતું નથી, કેમકે પ્રત્યેક આત્માનું અદૃષ્ટ ભિન્ન ભિન્ન છે. જ્યારે અદૃષ્ટ સર્વવ્યાપક છે ત્યારે આત્મા પણ સર્વવ્યાપક જ હશે; કેમકે જ્યાં આત્મા હોય ત્યાં અદૃષ્ટ પણ રહે છે. જૈન દાર્શનિકો આ વસ્તુને માનતા નથી. તેઓ કહે છે કે પ્રત્યેક વસ્તુને પોતપોતાનો સ્વભાવ હોય છે, જેના અનુસાર તે કાર્ય કરે છે. અગ્નિનો સ્વભાવ બળવાનો છે તેથી તે બળે છે. જો પ્રત્યેક વસ્તુ માટે અદૃષ્ટની કલ્પના કરવામાં આવશે તો વાયુનું ઉર્ધ્વગમન, અગ્નિનું પ્રજ્વલન વગેરે જગતનાં જેટલાં પણ કાર્યો છે તે બધા માટે અદૃષ્ટની સત્તા માનવી પડશે. એમ માનવું યુક્તિ–સંગત નથી; કેમકે પ્રત્યેક વસ્તુનો એક વિશિષ્ટ સ્વભાવ હોય છે, જે વડે તે કાર્ય કરે છે, તે સ્વભાવ એનું સ્વરૂપ છે. અદૃષ્ટે આપેલો ગુણ નથી હોતો.

બીજી વાત એ છે કે, જો બધી વસ્તુઓના સ્વભાવનું નિર્માણ અદૃષ્ટ દ્વારા માનવામાં આવે તો ઈશ્વરને માટે જગતમાં કોઈ સ્થાન નહીં રહે.

એક પ્રશ્ન એ થઈ શકે છે કે, જો આત્મા વિભુ નથી તો શરીર નિર્માણ માટે પરમાણુઓને કઈ રીતે ખેંચશે ? એનો જવાબ એ છે કે, શરીર નિર્માણ માટે વિભુત્વની જરૂરત નથી. જો આત્માને વિભુ માનવામાં આવે તો તેનું શરીર જગતપરિમાણ બની જશે; કેમકે જગત્વ્યાપી હોવાથી આખા જગતના પરમાણુઓ ખેંચી લેશે. આ સ્થિતિમાં કોણ જાણે તેનું શરીર કેવું ભયંકર થશે અને એથી કદાચ આખા જગતમાં એક જ શરીર થઈ જાય.

નૈયાયિક એક બીજી શંકા ઊઠાવે છે. તે કહે છે કે આત્માને શરીર પરિમાણ માનવાથી સાવયવ બની જશે અને સાવયવ થવાથી એ કાર્ય બની જશે; જેમ શરીર સ્વયં કાર્ય છે. કાર્ય હોવાથી આત્મા અનિત્ય બનશે. જૈન દાર્શનિકો આ પરિણામને ખૂબ ગર્વથી સ્વીકારે છે. તેઓ તો આત્માને કૂટસ્થ નિત્ય માનતા જ નથી. એટલા માટે આત્માને અનિત્ય માનવાનું તેમને ઈષ્ટ છે. જૈનોની માન્યતા [illegible] પ્રદેશ હોય છે. જો કે સાધારણ અર્થમાં અવયવો હોતાં નથી. આત્મા પારિણામિક, સાવયવ છે, [illegible] છે. એવી સ્થિતિમાં અનિત્યતાનો દોષ જૈનો ઉપર આવતો નથી. આત્મા સંકોચ અને વિકાસ[illegible] છે. તેથી એક શરીરથી બીજા શરીરમાં જતાં તેના પરિમાણમાં પરિવર્તન થઈ જાય છે. [illegible] જ જે રીતે [illegible] કોચ–વિકાસશીલ માને છે.[2] એ જ રીતે જૈન દર્શન આત્માને સં[illegible]–વિકાસશીલ માને છે. [સંપૂર્ણ]

---

૧. स्याद्वादमंजरी (अन्ययोगव्यवच्छेद–द्वात्रिंशिका–टीका) पृ० ४९, कारिका ९

૨. ज्ञानं धर्मः सङ्कोचविकासयोग्यम् ॥— तत्त्वत्रय, पृ० ३५



શાસનદેવીની મૂર્તિઓ

લેખકઃ—શ્રીયુત મોહનલાલ દીપચંદ ચોકસી

⊙

ચોવીશ તીર્થંકરની પરિકરવાળી મૂર્તિઓ જોવાય છે તેમ જમણી બાજુએ યક્ષ અને ડાબી બાજુએ યક્ષિણી હોય એવી પણ નજરે આવે છે. કેટલાકમાં એવું નથી પણ હોતું. મહાકોશલમાં એક તોરણ એવું હાથ આવ્યું છે કે જેમાં ત્રણ તીર્થંકરની મૂર્તિઓ ઉપરાંત યક્ષિણીઓની મૂર્તિઓ છે. એનો ઇતિહાસ કુષાણ કાળથી આરંભાય છે. એ વેગા યક્ષિણીઓની સ્વતંત્ર મૂર્તિઓ પણ બનતી હતી. આ માટે **અંબિકાદેવીનું** ઉદાહરણ આપી શકાય. એ દેવી બાવીશમા **અરિષ્ટનેમિની** અધિષ્ઠાતા ગણાતી હોવા છતાં **યુગાદિદેવ ઉર્ફ શ્રીઆદિનાથની** મૂર્તિની સાથે પણ જોવામાં આવેલ છે. ચક્રેશ્વરીના બદલે અંબિકાદેવી કોતરેલી જોવામાં આવી છે. રાજગૃહી અને કૌશાંબીના ખડેરમાં ઉપરના પ્રકારની મૂર્તિ છે કે જેમાં દક્ષિણ બાજુ ગોમેધ યક્ષ અને વામ પાસે બાળકોવાળી અંબિકાદેવી છે. મધ્યમાં આંબાનું ઝાડ એની ડાળીઓ અને જિનમૂર્તિ હોય છે. મહાકોશલમાં આવા પ્રકારની ડઝન ઉપરાંતની મૂર્તિઓ જોવામાં આવી છે.

મહાકોશલમાં **ચક્રેશ્વરી દેવીનું** સ્વતંત્ર મંદિર છે. એ દેવી ગરુડ પર વિરાજમાન છે અને મસ્તક ઉપર **શ્રીયુગાદિદેવીની** મૂર્તિ છે. આ મંદિર બિલહરીના લક્ષ્મણસાગરના કાંઠા ઉપર છે. બનારસના રાજઘાટ આગળના ખોદકામમાંથી **ચક્રેશ્વરીની** પ્રતિમાનો અવશેષ પ્રાપ્ત થયો છે જે હાલ ભારત કલાભવનમાં છે. પ્રાચીન કાળની જેટલા પ્રમાણમાં **અંબિકાની** કળાપૂર્ણ મૂર્તિઓ મળે છે તેટલા પ્રમાણમાં મધ્યકાળની **પદ્માવતીની** મૂર્તિઓ પ્રાપ્ત થાય છે. એ તો જાણીતી વાત છે કે **પદ્માવતી** એ ત્રેવીશમા **પાર્શ્વનાથ પ્રભુની** અધિષ્ઠાત્રી છે. એ દેવી સંબંધી ઘણા ઘણા મંત્રો ઉપલબ્ધ થાય છે. મંત્ર માફક યંત્રમાં પણ એ દેવીનું સ્થાન છે જ. વિન્ધ્યાચળમાં એ દેવીના નામની ગુફા છે. વિન્ધ્ય પ્રદેશમાં એ દેવીની ઊભી તેમજ બેઠી અને અતિ મોટી તેમજ જુદા જુદા પ્રકારની મૂર્તિઓ મળી આવે છે. વિજયા, તેમજ કાલીની મૂર્તિઓ પણ જોવાય છે. આઠ વર્ષ પૂર્વે કેમઝરમાં જ્વાલામાલિની મૂર્તિ જોવામાં આવી હતી જે અત્યત સુંદર હતી. સોળ વિદ્યાદેવીઓની સ્વતંત્ર મૂર્તિઓ આબુ પરના મધુછત્ર[illegible] દેવીઓની વાહન, આયુધ અને સપરિવાર પ્રતિમાઓ પ્રયાગ [illegible] આજે પણ સુરક્ષિત છે. આ રીતે જેમના વર્ણન આદિની પૂર્ણ માહિતી [illegible]ના પાને નોંધાયેલી છે એવી સોળ વિદ્યાદેવીઓ તેમજ ચોવીશ તીર્થંકરની [illegible]દેવીઓની મૂર્તિઓ, જૈનધર્મની મૂર્તિ[illegible]ના ઇતિહાસ ઉપર તેમજ એના થયેલા [illegible] વિકાસ ઉપર સારા પ્રમાણમાં અજવાળુ પાડે છે. પુરાતત્ત્વના અ[illegible]ને એ દ્વારા [illegible]બદ્ધ ઇતિહાસ તૈયાર કરવાની સુંદર સામગ્રી પ્રાપ્ત થાય છે.

પાટણ, પ્રભાસપત્તન, શત્રુંજય અને વિન્ધ્યાચલ વગેરે કેટલાક સ્થળોમાં **પદ્માવતી** દેવીની બેઠેલી મૂર્તિઓ સારા પ્રમાણમાં મળી આવે છે, પણ ઊભી પ્રતિમાઓ બહુ ઓછા

પ્રમાણમાં જોવાય છે. વર્ધા જિલ્લાના સિન્દી ગામના દિગંબર જૈન મંદિરમાં એક અત્યંત સુંદર અને કલાપૂર્ણ પદ્માવતીની ઊભી પ્રતિમા ભૂરા પથ્થર ઉપર ઉત્કીર્ણ કરાયેલી છે. મસ્તક પર ભગવાન્ શ્રી **પાર્શ્વનાથજી** વિરાજમાન છે. આ અનુપમ કલાકૃતિ ઉપેક્ષિત અવસ્થામાં ધૂળથી ઢંકાયેલી છે. આ પ્રતિમાને બારમી સદીના આભૂષણોના ભંડાર તરીકે ઓળખાવું તો એમાં જરાપણ અતિશયોક્તિ નહીં લેખાય. આ ઉપરથી આગમ સંસ્કૃતિના ઉપાસકો એવા જૈનો કેટલા પ્રમાણમાં કલાપ્રેમી હતા અને પ્રાપ્ત કરેલ લક્ષ્મીનો વ્યય કલાની ઉત્તેજના અર્થે કારીગર વર્ગને નિભાવવામાં કરતા હતા એ પણ સુતરાં જણાઈ આવે તેમ છે.

ઉપર આપણે દેવીઓની મૂર્તિઓ સંબંધમાં જોઈ ગયા. હવે **સરસ્વતી** દેવી સંબંધી વિચાર કરીએ. જૈન સંસ્કૃતિ મુજબ જિનેશ્વરદેવની વાણી એ જ **સરસ્વતી** તરીકે ઓળખાય છે. **જિનાગમ**ને એના મૂર્તસ્વરૂપે લેખી શકાય. એ કારણે મધ્યકાળમાં જૈન દૃષ્ટિ અનુસાર **સરસ્વતી**ની પ્રતિમાઓ પણ બનવા માંડી હતી, તેના મસ્તક ઉપર તેમજ પરિકરમાં જિન-જિનપ્રભુની મૂર્તિઓ કોતરવામાં આવતી હતી; અને ઉપકરણ પણ જૈન સાહિત્યમાં વર્ણવ્યા મુજબ બનાવવામાં આવતાં હતાં. બિકાનેરથી પ્રાપ્ત થયેલ અને આજે દિલ્હીના ન્યૂએશિયન એન્ટીકવેરિયન મ્યુઝિયમમાં રાખવામાં આવેલ મૂર્તિ, કલાના ઉત્કૃષ્ટ પ્રતીકરૂપ છે. આવી મોટી અને મનોજ્ઞ દેવીમૂર્તિ જવલ્લે જ જોવામાં આવે છે. આમનો પશ્ચિમ ભારતમાં જૈનાશ્રિત મૂર્તિ કલામાં એનુ નિર્માણ પ્રચુર પ્રમાણમાં થયુ છે. દક્ષિણ ભારતમાં પણ સરસ્વતીને મૂર્તસ્વરૂપ અપાયેલું છે.

દેવીની મૂર્તિઓ અધિક પ્રમાણમાં ટેકરીઓ પર અને પહાડની ગુફાઓમાં જોવાય છે. એના ઉપર લોકો ભક્તિના બહાને સિન્દુર ચઢાવીને એને એવા વિચિત્ર સ્વરૂપમાં બનાવી મૂકે છે કે જેથી એની મૌલિકતા ઢંકાઈ જાય છે. કેટલાક સ્થળમાં માનતાના નામે બકરાનો ભોગ ધરાવાય છે. ચાંદવાડમાં આમ થતું પ્રત્યક્ષ જોવામાં આવ્યું છે. ચાંદવાડ નજીક જે ગુફા છે એમાં જૈન મૂર્તિઓ છે અને એની આગળ ઉપર વર્ણવ્યું તેવું કુકૃત્ય (બકરાનો ભોગ) સને ૧૯૩૯ સુધી તો ચાલુ હતુ. આમ એક સમયનો આપણા પૂર્વજોએ સર્જાવેલ કળાનો અનુપમ વારસો એ સંબધની આપણી બેદરકારીથી, દેવીઓની મૂર્તિઓ એટલે આપણને જાણે કંઈ લેવા દેવા નહીં એવી આગુસમજથી અને જૈનેતર વર્ગની માનતા સંબંધી બેદરકારી વર્તણુકથી, હાથમાંથી તો સરી ગયો, પણ એ સાથે એવી વિષમ સ્થિતિમાં મુકાયો કે જ્યાં કરુણાના અને દયાના ભાવો ઉભરાવા જોઈએ ત્યાં મૂકપશુઓના લોહીના રેલા વહેતા જોવાનો પ્રસગ આવ્યો !

ભૂલ્યા ત્યાંથી સવાર ગણી હજુ પણ [illegible] જુદુ જુદુ દુંદુભિ વગાડવાનું મૂકી, સંગઠિત બની ખંતથી કટિબદ્ધ [illegible] એ તો એમાંથી [illegible] શકીએ. કાળના એંધાણ પારખી, સાચી પ્રભાવના કરવાના માર્ગે કૂચ કદમ કરીએ, તો જૈનધર્મની પ્રભા વિશ્વભરમાં પ્રસરતાં વિલંબ થાય તેમ નથી જ.

हर्षसागर रचित
राजसीसाह रासका सार

लेखक : श्रीयुत भंवरलालजी नाहटा

जैन कवियोंका राससाहित्य बहुत ही विशाल हैं। बारहवीं शतीसे वर्त्तमान समय तक लगभग ८०० वर्षोंमें विविध प्रकारकी रचनाएं प्रचुर प्रमाणमें लोकभाषामें रची गयी हैं, जिनमें ऐतिहासिक रासोंका महत्त्व भाषा और इतिहास उभय दृष्टिसे हैं। ऐतिहासिक रासोंकी परम्परा भी तेरहवीं शतीसे प्रारंभ हो जाती है। कुछ वर्ष पूर्व तो इनके प्रकाशनका कुछ प्रयत्न हुआ था पर अब इनका प्रचार और महत्त्व दिनोंदिन घटता जा रहा है इसलिए मूल रासोंके प्रकाशनका तो अब कोई ढंग नजर नहीं आता, इसीलिए अपने "ऐतिहासिक जैन काव्य संग्रह" प्रकाशनके बाद जितने भी ऐतिहासिक रास या गीत आदि उपलब्ध हुए उनका संक्षिप्त सार प्रकाशित करते रहनेमें ही हम संलग्न हैं।

जैन रास साहित्यकी शोध स्वर्गीय मोहनलाल दलीचंद देसाईने जिस लगन और श्रमके साथ की वह चिरस्मरणीय रहेगी। जैन गुर्जर कविओंकी ३ भागोंमें उन्होंने हजारों रचनाओं का विवरण प्रकाशित करनेके साथ उन्होंने अनेक महत्त्वपूर्ण रासोंकी नकलें अपने हाथसे की थी। जिनमेंसे एक संग्रह बड़ौदासे प्रकाशित भी होनेवाला था पर उनके स्वर्गवासी हो जानेसे उनकी इच्छा पूर्ण न हो सकी। उनके हाथकी की हुई प्रेस-कापियां व नोंध श्रीयुत मोहनलाल चोकसीने, जितने भी उन्हें प्राप्त हो सके बम्बईके श्रीगोड़ीजीके मन्दिरस्थ श्रीविजयदेवसूरि ज्ञान-भण्डारमें रख छोड़े हैं। कुछ वर्ष पूर्व श्रीयुत काकाजी अगरचंदजीके बम्बई जाने पर समय समय पर उपयोग करने व प्रकाशनके लिए सामग्रीका थोड़ासा अंश वे बीकानेर ले आये थे, जिनमेंसे हर्षसागर रचित साह राजसी नागड़ाका रास भी एक है। इस रासका उल्लेख जैन गूर्जर कविओंके तीनों भागोंमें नहीं देखनेमें आया। रासकी प्रतिलिपिके अंतमें देसाईजीके किये हुए नोट्सके अनुसार अनंतनाथ भंडारके नं. २६२२ के चोपड़ेसे उन्होंने ता. २७-९-४२ को यह कृति उद्धृत की थी। राजसी रासके समाप्त होनेके बाद इसमें उनकी दो पत्नियोंके सुकृत्योंका वर्णन भी पीछेसे जोड़ा गया है और उसके पश्चात् हरिया साहके वंशजोंके घृनलंभनिकादि वर्णन [illegible] है जो अपूर्ण रह गया है। देसाईजीके संग्रहमें एक अन्य [illegible] रास-ठाकुरसी साह रास (अपूर्ण) भी नकल किया हुआ है जिसका संक्षिप्त सार अन्य लेखमें दिया जायगा।

जिस ऐतिहासिक रासका सार प्रस्तुत लेखमें दिया जा रहा है वह नवानगरका अंचल-गच्छीय श्रावक था और वहां उन्होंने एक विशाल मन्दिरका निर्माण करवाया था। इनके संबन्धमें अंचलगच्छ पट्टावलीमें तो वर्णन मिलता ही है व इस राससे पहलेका मेघकवि रचित

एक अन्य रास सं. १६१० में रचित सिन्धीया ओरिएण्टियल इन्स्टीट्यूट, उज्जैनमें प्राप्त है जिसकी प्रतिलिपि मंगाकर जैन सत्य प्रकाशके वर्ष १८ अंक ८ में सार प्रकाशित किया जा चुका है उस राससे यह रास बड़ा है और पीछेका रचित है इसलिए वर्णन कुछ विस्तृत व अधिक होना स्वाभाविक ही है। कविताकी दृष्टिसे प्रथम प्राप्त राससे यह रास हीन कोटिका ही है। कई जगह भाव स्पष्ट नहीं होते पर लंबी नामावली उबा देती है। साह राजसी कारित नवानगरके जिनमंदिरकी नींव डालनेके समयमें भी मतभिन्नता है। प्रथम रासमें सं. १६६८ अक्षयतृतीया और दूसरे रासमें सं. १६७२ अष्टमी तिथिको खातमुहूर्त होना लिखा है। इस रासमें राजसीके पिता तेजसी द्वारा सं. १६२४ में नवानगरमें शांति जिनालयके निर्माणका भी उल्लेख है। राजसी साहके मन्दिरका भी विस्तृत वर्णन इस रासमें है जैसे—९९×३५ गज तथा ११ स्तरोंके नाम व शिल्प—स्थापत्यका भी अच्छा परिचय दिया है। शत्रुञ्जय यात्रा तथा पुत्र रामूके गौड़ी पार्श्वनाथ यात्राका अभिग्रह होनेसे संघयात्राका वर्णन तथा लाहणकी विस्तृत नामावलि एवं दोसौ गोठी मूढ ज्ञातीय लोगोंको जैन बनानेका प्रस्तुत रासमें महत्त्वपूर्ण उल्लेख है। सं. १६९६ में नवानगरकी द्वितीय प्रतिष्ठाका तथा ब्राह्मणोंको दान व समस्त नगरको जिमाने आदिका वर्णन भी नवीन है। इसके बाद दो छोटे रास राजसी साहकी स्त्रियोंसे सम्बन्धित हैं जिनके संक्षिप्त सार भी इसके बादमें दे दिया है। सरीयादेके रासमें तीर्थयात्रा, संघ निकालने तथा राणादेके रासमें स्वधर्मी–वात्सल्यादिका वर्णन है।

नवानगरके इस मंदिरका विशेष परिचय व शिलालेख आदि प्रकाशमें आने चाहिए। वहांके अन्य मंदिर भी बहुत कलापूर्ण व दर्शनीय है। इन सबका परिचय फोटो व शिलालेखादिके साथ वहांके संघको प्रकाशित करना चाहिए।

राजसी साहके रासका सारः


कवि हर्षसागरने हंसवाहिनी सरस्वती एवं संखेश्वर व गौड़ी पार्श्वनाथको नमस्कार करके नागड़ा साह राजसीका रास प्रारंभ किया है। भरतखंडमें सुंदर और विशाल 'नाग नयर' नामक नगर है जहां यदुवंशियोंका राज्य है। राउल जामके वंशज श्रीवीभो, सत्तोजी, जसोजाम हुए जिनके पाट पर लाखेसर जाम राज्य करते हैं। इनके राज्यमें प्रजा सब सुखी, मन्दिर, जलाशय और बागबगीचोंका बाहुल्य है। चौमुख देहरी जिनमन्दिर, नागेश्वर, शिवालय, हनुमान, गणेश आदिके मन्दिर हैं। श्रीलखपति जामकी प्रिया कृष्णावती और पुत्र रणमल व रायसिंह हैं। राजाके शृंगार और वसंतविलास बागमें नाना प्रकारके फलादिके वृक्ष फूले रहते हैं। बड़े बडे व्यापारी लखपति और करोड़पति निवास करते हैं। नगरमें श्रीमाली बहुत हैं एक हजार घर श्रावकोंके हैं। छःसौ पांच घर ओसवालोंके हैं, नगरसेठ सवजी हैं उनके भ्राता

नैणसी है। यहां नागड़ वंशका बड़ा विस्तार है जिसका वर्णन किया जाता है।

अमरकोटके राजा रा. मोहणके कुलमें उदल–जाहल–सधीर–सूंटा–समरथ–नरसंग–सकजू–वीरपाल–कंधोधर–हीरपाल और क्रमशः भोज हुआ। भोजके तेजसी और उनके पुत्र राजसी (राजड़) कुलमें दीपकके समान यशस्वी हुए थे। धर्मकार्यमें जगसी, जावड़, जगडू, भाभा, राम, कुंरपाल, आसकरण, जसू, टोडरलाल, भाल, कर्मचंद, वस्तुपाल और विमलसाह-की तरह सुकृतकारी हुए।

नागड़साह राजसीके भाई नैणसी व नेता धारा मूला आदि तथा मूलाके पुत्र हीरजी, हरजी, वीरजी और राजा थे। रतनसीका पुत्र अमरा, अमराका पुत्र सवसी व समरसी थे। मंगल भी मतिवान थे। धनराजके पोमसी और जेठाके पुत्र मोहणसी हुए। साह तलाके खीमसी, गोधु थे। अभाके पुत्र हाथी, विद्याधर और रणमल थे। ठाकरसी और भाखरसी भी पुण्यवान थे। इस कुटुंबमें साह राजसी प्रधान थे, भाई नैणसी और पुत्र रामा और सोमकरण महामना थे। नैणसीके पुत्र कर्मसी हुए। इन प्रमार वंशदीपकोंने परामर्श कर जोसी माधरको बुलाया उससे जिनालयके लिए उत्तम मुहूर्त्त मांगा।

भोजाके पांच पुत्रोंमें चतुर्थ तेजसी थे, इन्होंने आगे सं. १६२४ में नौतनपुरमें शांति-नाथ प्रभुका मन्दिर निर्माण कराया था अब विशाल मन्दिर बनानेके लिए विचार किया तो चांपाके पुत्र मूलसी शाहने कितनाक हिस्सा दिया। वीजलदेके पुत्र राजसी और स्वरूपदेनंदन रामसीनेजिनालयका निश्चय किया। सरियादेका भर्त्तार मनमें बहुत उत्साहवान् है। ये दोनों भाई व रामसी व मूला जाकर राउल सत्रुसलके नंदन जसवंतसे आज्ञा मांगी कि हमें नलिनी विमानके सदृश जिनालय निर्माणकी आज्ञा दीजिये! राजाज्ञा प्राप्त कर सानंद घर आये और गजधर जसवंत मेधाको बुलाकर जिनालय योग्य भूमिकी गवेषणा की और अच्छा स्थान देखकर जिनालयका मण्डाण प्रारंभ किया। [क्रमशः]



સાભાર-સ્વીકાર

૧. અવધાનની કળા : લેખક : શ્રીજયંત મુનિ. **પ્રકાશક :** કાનજી શામજી બીદડાવાળા, **પ્રાપ્તિસ્થાન :** દલીચંદ લહેરાભાઈ વસાણી, જનતા હિતવર્ધક પ્રોંટીંગ પ્રેસ, રાણપુર. **મૂલ્ય :** એક રૂપિયો બાર આના.

૨. પંજાબ કેસરી આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી: સંપાદક: કેશવલાલ શાહ, **પ્રકાશક:** શ્રીખીમજી હેમરાજ છેડા, શ્રીઆત્માનંદ જૈન સભા, ૪૧ ધનજી સ્ટ્રીટ, મુંબઈ ૩.

૩. માતર તીર્થનો ઇતિહાસ : પ્રકાશક : શ્રીમાતર સાચાદેવ તીર્થ કમીટીની વતી જીવણલાલ છોટાલાલ ઝવેરી, C/o શ્રી સુબાજી રવચંદ જયચંદ જૈન વિદ્યાશાળા, ઠે. દોસીવાડાની પોળ, અમદાવાદ.

૪. પ્રભુ મહિમા સ્તવ : પ્રેરક : પૂ. મુ. શ્રીમહિમાવિજયજી, **પ્રકાશક :** મહેતા કાંતિલાલ રાયચંદભાઈ. સાણંદ, (જિ. અમદાવાદ).

૫. વર્ધમાન તપ મહિમા : પ્રકાશક : શા. મોતીચંદ નરશી, શા. ચત્રભુજ તેજપાલ ધર્મસિંહ જૈન જ્ઞાન મંદિર, હુબલી (એસ. રે.) પૂ. મુનિરાજનાં ૫૦૦ આયંબિલ તપ નિમિત્તે ભેટ.

૬. સ્નાત્ર પૂજા, દાદાસાહેબ પૂજા, ઘંટાકર્ણવીર પૂજા : શ્રીમહાવીરજી જૈન દેરાસર અંતર્ગત શ્રીજિનદત્તસૂરિ જ્ઞાન ભંડાર, પાયધુની, મુંબઈ.

૭. દીપમાલ : લેખક : પૂ. પં. શ્રીકનકવિજયજી ગણિવર, **પ્રકાશક :** શ્રીજૈન સાહિત્ય પ્રચારિણી સભા, પાલીતાણા—જૂનાગઢ, **મૂલ્ય :** એક રૂપિયો ચાર આના.

૮. માનવતા : (હિંદી) **લેખક :** પૂ. પં. શ્રીપ્રવીણવિજયજી મ., **અનુવાદક :** રંજન પરમાર, **પ્રકાશક-પ્રાપ્તિસ્થાન :** મહેતા કાંતિલાલ રાયચંદભાઈ, સાણંદ, (જિ. અમદાવાદ.)

૯. સંગીત સુધા : (હિંદી) **સંપાદક :** શ્રીહજારીલાલ જૈન પ્રેમી, સાહિત્યભૂષણ, કાવ્યકોવિદ, **પ્રકાશક :** શ્રીવ્રજમોહનલાલ [illegible]વીરપ્રસાદ જૈન, આગરા.

૧૦. જૈન દાર્શનિક [illegible] વિકાસ [illegible] : (હિંદી) **લેખક :** [illegible] એ., **પ્રકાશક :** [illegible] જૈન, કલકત્તા—[illegible] બાર [illegible]

શ્રી જૈન સત્ય પ્રકાશ

અંગે સૂચના

૧. શ્રી. જૈનધર્મ સત્ય પ્રકાશક સમિતિ દ્વારા 'શ્રી. જૈન સત્ય પ્રકાશ' માસિક ૧૯ વર્ષ થયાં પ્રગટ કરવામાં આવે છે.

૨. એ સમિતિના આજીવન સંરક્ષક તરીકે રૂા. ૫૦૦) આ૦ દાતા તરીકે રૂા. ૨૦૦) આ૦ સદસ્ય તરીકે રૂા. ૧૦૧) રાખવામાં આવેલા છે. આ રીતે મદદ આપનારને માસિક કાયમને માટે મોકલવામાં આવે છે.

વિનંતિ

૧. પૂજ્ય આચાર્યાદિ મુનિવરો ચતુર્માસનું સ્થળ નક્કી થતાં અને શેષ કાળમાં જ્યાં વિહરતા હોય એ સ્થળનું સરનામું માસિક પ્રગટ થાય એના ૧૫ દિવસ અગાઉ મોકલતા રહે અને તે તે સ્થળે આ માસિકના પ્રચાર માટે ગ્રાહકો બનાવવાનો ઉપદેશ આપતા રહે એવી વિનંતિ છે.

૨. તે તે સ્થળોમાંથી મળી આવતાં પ્રાચીન અવશેષો કે ઐતિહાસિક માહિતીની સૂચના આપવા વિનંતિ છે.

૩. જૈનધર્મ ઉપર આક્ષેપાત્મક લેખો આદિની સામગ્રી અને માહિતી આપતા રહે એવી વિનંતિ છે.

ગ્રાહકોને સૂચના

૧. "શ્રી જૈન સત્ય પ્રકાશ" [illegible] અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે [illegible]

૨. આ માસિકનું વાર્ષિક લવાજમ રૂા. ૩) ત્રણ રૂપિયા રાખવામાં આવ્યું છે.

૩. માસિક વી. પી. થી ન મંગાવતાં લવાજમના રૂા. ૩) મનીઑર્ડરદ્વારા મોકલી આપવાથી અનુકૂળતા રહેશે.

૪. આ માસિકનું નવું વર્ષ દિવાળીથી શરૂ થાય છે. પરંતુ ગ્રાહક ગમે તે અંકથી બની શકાય

૫ ગ્રાહકોને અંક મોકલવાની પૂરી સાવચેતી રાખવા છતાં અંક ન મળે તો સ્થાનિક પોસ્ટ ઑફિસમાં તપાસ કર્યા પછી અમને સૂચના આપવી.

૬. સરનામું બદલાવવાની ખબર ઓછામાં ઓછા ૧૦ દિવસ અગાઉ આપવી જરૂરી છે


લેખકોને સૂચના

૧. લેખો કાગળની એક તરફ વાંચી શકાય તેવી રીતે શાહીથી લખી મોકલવા.

૨ લેખો ટૂંકા, મુદ્દાસર અને વ્યક્તિગત ટીકાત્મક ન હોવા જોઈએ.

૩. લેખો પ્રગટ કરવા ન કરવા અને તેમાં [illegible] માહિતિને અનુસરીને સુધારોવધારો કરવાનો [illegible] આધીન છે.

મુદ્રક [illegible] ગોવિંદ [illegible] [illegible]કાર નાકા, અમદાવાદ
[illegible]ક : [illegible]




તંત્રી

ચીમનલાલ ગોકળદાસ શાહ

તા. ૧૫-૫-૫૪ . અમદાવાદ

વર્ષ ૧૯ : અંક : ૮]   [ક્રમાંક : ૨૨૪

विषय–दर्शन



॥ ॐ अर्हम् ॥

अखिल भारतवर्षीय जैन श्वेताम्बर मूर्तिपूजक
मुनिसम्मेलन संस्थापित

श्री जैनधर्म सत्यप्रकाशक समितिनुं मासिक मुखपत्र

जेशिंगभाईनी वाडी : घीकांटा रोड : अमदावाद (गुजरात)

वर्ष : १९	વિક્રમ સં. ૨૦૧૦ : વીર નિ. સં. ૨૪૮૦ : ઈ. સ. ૧૯૫૪	क्रमांक
अंक : ८	વૈશાખ સુદ ૧૩ : શનિવાર : ૧૫ મે	૨૨૪

ધૂપ દીપ

[સત્તાને શોભાવતા રહેજો !]

લેખક. પૂજ્ય પં. શ્રીકનકવિજયજી

સત્તા એ સંસારની મોહક શક્તિ છે. ધન, દૌલત, સમૃદ્ધિ કે વૈભવો કરતાંયે સત્તા ખરેખર મહાન છે. એટલે જ્ઞાની પુરુષે સત્તાને કલ્પવૃક્ષની ઉપમા આપી છે. સત્તાને પામેલો માનવ જો ન્યાયપૂર્વક હૃદયની સરળતાથી તેનું પાલન કરે તો કહેવું જોઈએ કે સત્તા માનવ લોકનું સ્વર્ગ બની શકે છે. સત્તાને પામનાર માનવે પોતે સત્તાનો માલિક છે, એ હંમેશને માટે ભૂલી જવું જોઈએ. ડગલે ને પગલે પોતાની સત્તાનું કડપપૂર્વક પ્રદર્શન કરનારો સત્તાધીશ સહુ કોઈને માટે ઉપહાસને પાત્ર બને છે.

પૂર્વની પુણ્યાઈના યોગે આત્માને જે સારી-સારી સામગ્રીઓ પ્રાપ્ત થાય છે, તેમાં બુદ્ધિ, બલ, ધન તેમજ સત્તા આ ચારને મુખ્ય રીતે ગણી શકાય. બુદ્ધિ એ જરૂર પુણ્યાઈનો પ્રકાર છે. પણ બુદ્ધિવાન માનવ, પોતાની બુદ્ધિદ્વારા કેવળ જાતનાં જ સુખ, ભોગ કે સ્વાર્થને જોનારો, તથા વિચારનારો જો બને તો તે બુદ્ધિ સંસારભરના આત્માઓ માટે તેમજ તેની પોતાની જાતને માટે ભયંકર અહિત કરનાર બને છે. ધન, શરીરબલ તેમજ સત્તા આ ત્રણને માટે પણ ઉપર મુજબ જ કહી શકાય.

તેમછે સત્તા માટે કાંઈક વિશિષ્ટતા છે. બુદ્ધિ, સંપત્તિ કે શરીરબળ કેવળ સાપેક્ષ છે. એકાંગી છે. જ્યારે સત્તા સર્વવ્યાપી શક્તિ છે. સત્તા ધન, બુદ્ધિ કે બળની સામે ઊભી રહી શકે છે. સત્યને ક્ષણવારમાં અસત્યરૂપે જાહેર કરવામાં જે રીતે સત્તા ફાવી શકે છે, એવી તાકાત અન્ય કોઈ શક્તિમાં નથી. પણ સત્તા એ શાપ છે અને આશીર્વાદ પણ છે.

નીતિમાન, સેવાભાવી અને સ્વાર્થત્યાગી તેમજ વિવેકી આત્માને પ્રાપ્ત થતી સત્તા ખરેખર સંસારની શોભા બને છે. આજે જ્યાં જૂઓ ત્યાં સત્તા મેળવવા મથતા માનવો આપણી ચોમેર દૃષ્ટિગોચર થાય છે, સત્તાને પામેલાંના સુખની કલ્પના કરી તેની ઇર્ષ્યા કરનારા આપણા સંસારમાં આજે ક્યાં ઓછા છે! પણ સત્તા એ કાચો પારો છે, એ રૂપે કોઈ ભૂલે! જો તેને મારતાં આવડે તો તે અમૃત બને છે. નહિતર સત્તાને નહિ જીરવી શકનારા અનેક રીતે ખુવાર થયાના દૃષ્ટાંતો ઇતિહાસના પાને નોંધાયેલા આપણી સામે છે.

સત્તાના સ્થાને રહેલાઓને માટે પણ કેટકેટલી કસોટીના પ્રસંગો આવે છે, જે વેળા તેનો ન્યાયપ્રિય આત્મા સત્તાનો સદુપયોગ કરી. સંસારને માટે ભવ્ય આદર્શ ખડો કરી જાય છે. આવો જ એક પ્રસંગ ઇતિહાસના પાના પર નોંધાયેલો પડયો છે.

કાશીનાં મહારાણી કરુણાદેવી ગંગાના કિનારા પર શિયાળાની એક સાંજે ફરવા નીકળ્યાં છે. ગંગાસ્નાન કરીને તેઓએ વસ્ત્રો એક ક્ષેર જઈ બદલ્યાં. ધીરે ધીરે અંધારું થતું જાય છે, ઠંડીની અસર વધવા માંડી. મહારાણીના શરીર પર થોડાં મુલાયમ વસ્ત્રો અને શાલ સિવાય કાંઈ નથી. તાજું સ્નાન કરેલું હોવાથી શરીર પર ઠંડી વધુ લાગવા માંડી. ધ્રૂજતા શરીરે મહારાણીએ પોતાના સેવકોને આદેશ કર્યો: ‘જાઓ તપાસ કરો. તાપણું કરવા માટે કાંઈ સાધન મળે તો લઈ આવો.’ મહારાણીના હુકમને માથે ચઢાવીને સેવકોએ ત્યાં બાળવાના બળતણની શોધ કરવા માંડી. એટલામાં મહારાણીની નજર ત્યાં નદી કિનારે ઘાસની નાનીશી ઝૂંપડીઓ કરી એને જ પોતાનો આવાસ માનીને રહેલા ગરીબ માણસો જણાયા. એ ઝૂંપડીઓના ઘાસને મહારાણીએ મંગાવ્યું. પેલા નિરાધાર ગરીબોએ જવાબ આપ્યો: ‘એ નહિ બને. આ ઘાસની ઝૂંપડીઓ એ તો અમારો આધાર છે. આવી ઠંડીમાં અમે ક્યાં જઈએ?’

કાશીનાં મહારાણીને કવેળાએ પોતાની સત્તાનો ગર્વ આવ્યો. સત્તાના ઘેનમાં એ ભાનભૂલાં બન્યાં. સેવકોને તેમણે કહ્યું: ‘જોઈ શું રહ્યા છો? તમને ખબર નથી કે આ ફૂટી બદામના માણસો મારું અપમાન કરી રહ્યા છે? આ બધી ઝૂંપડીઓ હમણાં જ સળગાવી મૂકો. ઠીક થશે. ઠંડીમાં તાપણું કરવા આ કામ લાગશે.’ સત્તાનો ભાર માથા પર લઈને ફરનાર મહારાણીની માનવતા અત્યારે મરી પરવારી. પોતાના સત્તાનું ધમંડપૂર્વક પ્રદર્શન કરવાનો તેમને આ મોકો મળી ગયો.

હુકમના તાબેદાર સેવકોએ નીજનજથી પેલા ગરીબ લોકોને બાળ-બચ્ચાં સાથે ઠુઠુકડતી ઠંડીમાં ઢસડી ઢસડીને બહાર કાઢયા. તે લોકોની ઘરવખરી જેમ તેમ ફેંકી દીધી, ને ઝૂંપડીઓને સળગાવી મૂકી.

મહારાણીને પોતાની સત્તા માટે ક્ષણભર મદ ચઢ્યો. સત્તાના સ્વપ્નાંમાં રાચતાં મહાદેવી તે સાંજે સેવકોની સાથે ગુમાનપૂર્વક પાલખીમાં બેસી રાજમહેલમાં આવ્યાં.

બીજે દિવસે સવારે કાશી શહેરમાં વાત વાયુવેગે ફેલાઈ ગઈ મહારાણીએ ગરીબ નિરાધાર પ્રજાજનો પર વરસાવેલા અત્યાચારના સમાચાર કાશીનરેશ સ્વરૂપસુંદર મહારાજા પાસે આવ્યા. મહારાજા સ્વભાવે ઉદાર તથા ન્યાયનિષ્ઠ હતા. તેમણે જાતે તપાસ શરૂ કરી. જે લોકોની ઝુંપડીઓ બાળી નાખવામાં આવી હતી તેમને ખુદ મહારાજાએ બોલાવ્યા.

તે ગરીબ લોકોને કાશીનરેશે પૂછ્યું: ‘તમારી ઝુંપડીઓ કોણે બાળી?’

આ લોકો જવાબ ન આપી શક્યા. તેઓ મૂંઝવણમાં મુકાયા, તે બિચારાઓનું ગજું કેટલું કે સાચી વાત હામ બીડીને કહી શકે પણ? કાશીનરેશને ન્યાય કરવો હતો, પોતાના રાજ્યમાં કોઈના પ્રત્યે પણ સહેજ નાનો સરખો અન્યાય થઈ ગયો હોય તો જ્યાંસુધી એનો પ્રતીકાર ન થાય ત્યાંસુધી જંપીને બેસવું એ આવા મહારાજાઓને મન શરમભર્યું કલંક હતું. તેઓ બેસી ન રહ્યા. સેવકોને બોલાવી, સાચી વાત પૂછી અંતે ઝુંપડીઓના માલિક બિચારા ગરીબ લોકો પર થઈ ગયેલા અન્યાયથી તેઓ સમસમી ઊઠ્યા.

મહારાજાએ આદેશ કર્યો: 'જાઓ, રાણીને અત્યારે ને અત્યારે અહીં બોલાવી લાવો!' મહારાજાનો હુકમ થતાં મહારાણી કરુણા ત્યાં આવ્યા. તેમણે પૂછ્યું: 'કેમ મારું શું કામ પડ્યું છે?' મહારાણીનું ખંડિત ગુમાન છેલ્લો દાવ ફેંકવા સજ્જ બન્યું. મહારાજાએ રાણીના અન્યાયનો જવાબ માગ્યો. રાણીએ તુમાખી રીતે કહ્યું: 'મારા સંતોષની ખાતર મારા આનંદ માટે મેં આમ કર્યું છે. મારા આનંદ કરતાં ઝુંપડીઓની કિંમત કાંઈ વધારે છે? ઠંડી દૂર કરવા મેં તેમ કર્યું તેમા કયો અન્યાય થઈ ગયો?'

કાશીનરેશ અત્યારે ન્યાય તોળવા બેઠા હતા. ન્યાય એ જ એમને મન જીવનસર્વસ્વ હતું. ન્યાયની ખાતર પોતાના જનનો ભોગ આપવો પડે તો તેમ કરવાને પણ તેઓ તૈયાર હતા. આસન પર બિરાજેલા અધિકારીની અદાથી કડક બનીને તેમણે રાણીને કહ્યું: 'વાહ, કાશીના મહારાણીપદે તમને આ બધુ નહિ સમજાય! તમારે એ ભૂલવું જોઈતુ નથી કે જેવું તમારું હૃદય છે જેવો તમારા હૃદયનો આનંદ છે, તે રીતે મારા રાજ્યમાં વસનાર પ્રત્યેક પ્રજાજનોને પણ હૃદય છે અને એને પણ આનંદ મેળવવાની ઈચ્છા હોય એ સહજ છે. રાણી! તમારા આનંદ ખાતર કોઈના પણ હૃદયને કે તેના આનંદને કચડવાનો તમને અધિકાર નથી. આજે તેવા અધિકારને ભૂલીને અન્યાય કરવામાં તમે પાછી પાની કરી નથી. માટે જ હુ તમને કાશીનરેશ તરીકે આદેશ કરું છું કે, આજથી એક વર્ષ પર્યંત તમને કાશીના મહારાણીપદ પરથી મુકત કરવામાં આવે છે. તમે હવે કાશીનાં મહારાણી નથી, હવેથી મારા રાજ્યમાં મહેનત મજૂરી કરીને પૈસા ભેગા કરો, તેમાંથી આ ગરીબ પ્રજાજનોની ઝુંપડીઓ ફરી બાંધી આપો ત્યારે જ સત્તાનો મોહક નશો જે રીતે તમને ચઢયો છે, તેનું ઘેન ઊતરી જશે તે સિવાય નહીં.'

ન્યાયનું મૂલ્ય કેટ-કેટલું મહાન છે અને ન્યાયની કિંમત ચૂકવતી વેળા સત્તાના સ્થાને રહેલા માનવને કેટ-કેટલા કડક રહેવાનુ હોય છે, તે આ પ્રસંગ પરથી સહેજ સમજી શકાય છે. ન્યાયનિષ્ઠ અધિકારી એ સત્તાની શોભા છે, તો જ સત્તા સંસારમાં આશીર્વાદ રૂપ બની કલ્પવૃક્ષની ગરજ સારે છે, નહિતર અન્યાય, સ્વાર્થ તેમજ ગતધમંડના નશામાં ભાનભૂલા બનેલાઓના હાથમાં રહેલી સત્તા એ ખરેખર સંસારનું નર્ક બની રહે છે.

માનવો! સત્તાની શોભા બની રહેજો!!

રાજ-કારભાર પર

ધર્માચાર્યની વિચારણા

લેખક : પં. શ્રીયુત લાલચંદ્ર ભગવાન ગાંધી, વડોદરા

વિક્રમની તેરમી સદીના ઉત્તરાર્ધમાં થઈ ગયેલા મહાન ધર્મોપદેશક આચાર્ય શ્રી. વિજયસેનસૂરિજીએ સુપ્રસિદ્ધ મંત્રીશ્વર વસ્તુપાલને ઉદ્દેશી રાજ-કારભાર પર મહત્ત્વના વિચારો જણાવ્યા હતા, તે તેમના શિષ્ય ઉદયપ્રભસૂરિએ 'ધર્માભ્યુદય' નામના સંસ્કૃત મહાકાવ્યમાં (સં. ૧૨૯૦ માં લિ. તા. પુસ્તકમાં) પ્રકટ કર્યા છે, તે વિચારવા યોગ્ય છે. ગુરુજીએ દાન, શીલ, તપ અને ભાવ એ ચાર પ્રકારના ધર્મમાં ભાવનાની પ્રધાનતા અને તેના વડે દાન, શીલ અને તપની સફલતા પ્રતિપાદન કરી હતી.

'મંત્રીએ જણાવ્યું કે-'ભગવન્! આ ઉચ્ચ પ્રકારની પવિત્ર ભાવના રાજ-વ્યાપાર (રાજ-કારભાર)થી કલુષિત થયેલા અમારા હૃદયમાં વાસ કરતી નથી' ગુરુજીએ ગૌરવને ઉચિત એવું વચન ઉચ્ચાર્યું કે-'મન્ત્રિન્! રાજ-કારભારને તમારા વડે શા માટે દૂષિત કરવામાં આવે છે? કારણ કે આ રાજ-કારભાર, તુચ્છ ચિત્તવાળા, અજ્ઞ, ક્રૂર કર્મ કરનારા, પરદારાપ્રેમી, પર-દ્રોહ અને પરને પીડા કરવામાં પરાયણ એવા આત્માઓને, તેમજ તત્કાલીન ક્ષણિક સુખમાં આદરયુક્ત ચિત્તવાળા જનોને, તેમજ નરકને જોવામાં અંધ, હિત સાંભળવામાં બહેરા, અપજશરૂપ કીચડમાં પડનારા એવા ક્ષુદ્ર સત્ત્વોને આ લોક અને પર-લોકમાં અનર્થ-સંબંધોના અદ્વિતીય કારણરૂપ થાય છે.

પરંતુ જેઓ પુણ્ય (પવિત્ર) કર્મ કરનારા, મહેચ્છ (ઉદાર) સ્વચ્છ 'પવિત્ર' બુદ્ધિવાળા છે, જેઓએ પરોપકારની પ્રવૃત્તિઓથી જીવિતને સફલ કર્યું છે, ગુરુના ઉપદેશામૃતના પૂરથી જેમનાં મન પવિત્ર બનેલાં છે, જેઓ વૈભવ અને ભવ પ્રત્યે ભંગુર (અનિત્ય) ભાવ ભાવનારા છે, તથા ઉજ્જવલ યશ અને ધર્મમાં સ્થિરતાભરી બુદ્ધિને કરનારા છે, જેમણે અરિ-ષડ્વર્ગ (કામ, ક્રોધ, લોભ, માન, મદ અને હર્ષને જીત્યા છે, જેઓ સ્વયં ઉત્તરકાલ (પરિણામ)ને જોનારા છે: તેવા અદ્ભુત સત્ત્વશાલી, લોકોત્તર (અલૌકિક) આત્માઓને આ રાજકારભાર જ આ લોકમાં અને પરલોકમાં સિદ્ધિ માટે થાય છે. કારણ કે, તીર્થંકરોએ ફરમાવેલ એ ધર્મ અલૌકિક પ્રકારનો છે, જે સ્વર્ગ અને મોક્ષની સામ્રાજ્ય-લક્ષ્મીને વરવાના સ્વયંવર-મંડપ જેવો છે. મહાસત્ત્વ સિવાયના ઈતર નરોને એ અત્યંત દુષ્કર છે, બીજું શું? તીર્થંકર લક્ષ્મીનાં—કારણોમાં જે શિરોમણિ જેવો છે, તે **પ્રભાવના** નામનો **ધર્મ** પણ, રાજકારભારરૂપી તેજ વડે દુરિત (વિઘ્ન-અનિષ્ટ) અંધકારના વિધ્વંસથી દેદીપ્યમાન શોભાને પામે છે." *

---

* "पावनी भावनीनाथ-व्यापारकलुषे हृदि ।
आस्माकीये वसत्युच्चैर्भावना भगवन्नसौ ॥२९॥

इत्युक्ते मन्त्रिणाऽवोचन्, गुरवो गौरवोचितम् ।
मन्त्रिन्! नृपस्य व्यापारः, किमर्थं दूष्यते त्वया? ॥४०॥ युग्मम्।

यदयं तुच्छचित्तानामज्ञानां क्रूरकर्मणाम्।
परदार–परद्रोह–परपीडापरात्मनाम् ॥४१॥

तादात्विकसुखास्वादसादरीकृतचेतसाम् ।
नरकालोकनेऽन्धानां, बधिराणां हितश्रुतौ ॥४२॥

जायते क्षुद्रसत्त्वानामयशःपङ्कपातिनाम् ।
ऐहिकामुष्मिकानर्थसम्बन्धैकनिबन्धनम् ॥४३॥ विशेषकम् ।

ये पुनः पुण्यकर्माणो, महेच्छाः स्वच्छबुद्धयः ।
परोपकारव्यापारसफलीकृतजीविताः ॥४४॥

गुरूपदेशपीयूषपूरपावितमानसाः ।
वैभवे च भवे चास्मिन्, भङ्गुरीभावभाविनः ॥४५॥

शुचौ यशसि धर्मे च, स्थैर्यबुद्धिविधायिनः ।
विनिर्जितारिषड्वर्गाः, स्वयमायतिदर्शिनः ॥४६॥

भवत्यद्भुतसत्त्वानां, तेषां लोकोत्तरात्मनाम् ।
नृपव्यापार एवायमिहामुत्र च सिद्धये ॥४७॥ कलापकम् ।

येन लोकोत्तरः कोऽपि, धर्मस्तीर्थेशदेशितः ।
स्वर्गापवर्गसाम्राज्यश्रीस्वयंवरमण्डपः ॥४८॥

सुदुष्करतरः कामं, महासत्त्वेतरैर्नरैः ।
किमन्यत् तीर्थकृल्लक्ष्मी–कारणानां शिरोमणिः? ॥४९॥

प्रभावनाभिधः सोऽपि, नृपव्यापार–तेजसा ।
दुरितध्वान्तविध्वंसाद्, भास्वरां श्रयति श्रियम् ॥५०॥ विशेषकम् ।”

—ધર્માભ્યુદય મહાકાવ્ય (સર્ગ ૧, શ્લો૦ ૩૯ થી ૫૦)

[—સિંઘી જૈન ગ્રંથમાળા ગ્રં. ૪માં પ્રકાશિત]

માયાજાળ

લેખક : પૂજ્ય મુનિરાજ શ્રીમહાપ્રભવિજયજી

અસંતોષ માણસને માયાની જાળમાં કેવી રીતે ફસાવે છે અને સંતોષી માણસ કેવો ઉન્નત બને છે એ વાત આ કથા કહી જાય છે.

ભદ્રનગરમાં પૂર્ણચંદ્ર નામે એક શેઠ રહેતા હતા. એમને પરસન નામે શેઠાણી હતાં, સંપત્તિ હતી પણ સંતાન નહોતું. એમની નામનામાં નિઃસંતાનનું કલંક ઘણીવાર એમને ડંખ્યા કરતું. લોકજીભે વાંઝિયાનું મેણું એમના હૃદયને કોરી ખાતું.

શેઠ વિચારના ઝોલે ચડતા ત્યારે બબડતાઃ ' આ સંપત્તિ શું કામ લાગશે ? આ હવેલીને કોણ ભોગવશે ? રાત–દહાડો મહેનત કરીને એકઠું કર્યું છે તે પારકા માટે ?' ચારે બાજુએ નિરાશાનો હાઉ એમની સામે ઘૂરક્યા કરતો. દવા, દોરા–ધાગા ને મંત્રતંત્રાદિ ઘણાં કર્યાં પણ શેર માટીના એમને ત્યાં વખા હતા.

શેઠાણી આશ્વાસન આપતાં: ' તમે ધીરજ રાખો. ધીરજનાં ફળ મીઠાં છે. આવા વિચારોથી શરીરને શું કામ સુકાવો છો ? '

' સુકાય નહિ તો શું થાય ! પૂરા પચાસની ઉમર થઈ હવે શી આશા ? ' શેઠે નિરાશાનો સૂર કાઢ્યો.

' હશે, કુદરતને જે ગમ્યું તે ખરું. કંઈ વિચારોથી વેળા વળશે ? ' શેઠાણીએ ગંભીરપણે જવાબ વાળ્યો.

સમય પલટાયો, બધી ચીજોના ભાવ બેસી ગયા. શેઠે અનાજની વખારો ભરી રાખેલી તે એઠા ભાવે વેચવી પડી. એમનાં સંપત્તિનાં પૂર ઓસરવા માંડ્યાં. શેઠે બજાર ઉપર ધ્યાન આપવા માંડ્યું ત્યારે એમના નિઃસંતાનનું કલંક ધોવાવા લાગ્યું. શેઠાણીને પૂરા નવ માસે એક બાળકનો જન્મ થયો. એક દુઃખ જતાં બીજુ દુઃખ એમને ઘેરી વળ્યું. બાળક દરિદ્રતા લઈને જન્મ્યો. સંતાનની ઝંખના હવે પૈસામાં વળગી.

શેઠ હવે જેમતેમ કરીને પોતાનું ગુજરાન કરતા અને બાળકને ઉછેરવામાં ભવિષ્યની આશાએ દિવસો વ્યતીત કરતા. શેઠ અને શેઠાણી હવે ધર્મની આરાધના તરફ પણ વળ્યાં હતાં. બાળકમાં સારા સંસ્કારો પડે એની ચીવટ રાખતાં. બાળકનું નામ પ્રતાપ રાખવામાં આવ્યું.

પ્રતાપ ગરીબીમાં ઉછર્યો અને ભણ્યો. એને એક સરખી વયનો મિત્ર મળી ગયો. એનું

નામ ભૂષણ. ભુવનચંદ્ર નામના શ્રેષ્ઠીનો એ પુત્ર હતો. તેઓ પૈસેટકે સુખી નહોતા, છતાં વેપાર-ધંધામાં જે કંઈ મળે એમાં સંતોષ માની પોતાનો જીવનપંથ કાપતા.

પૂર્ણચંદ્ર અને ભુવનચંદ્રના સ્વભાવમાં તફાવત હતો. ભુવનચંદ્ર સંતોષી હતા તો પૂર્ણચંદ્રના હૃદયમાં અસંતોષનો મહાસાગર ખળભળી રહ્યો હતો. ભુવનચંદ્રમાં ધર્મસંસ્કારો નાનપણથી હતા, જ્યારે પૂર્ણચંદ્રને તો સંજોગોએ ધર્મિકના તરફ વાળ્યા હતા.

પ્રતાપ દિવસનો મોટો ભાગ ભૂષણને ત્યાં જ ગાળતો. આથી બંને મિત્રોમાં ખાનદાની, કુલીનતા અને ઉચ્ચ સંસ્કારો તાણાવાણાની જેમ વણાયા હતા. સેવા અને સમર્પણના ગુણો વિકસાવવામાં એ તત્પર રહેતા અને પોતાની ગરીબીને આશીર્વાદ સમાન લેખતા. બંને જણ વીસ વર્ષના થયા ને પોતાના કુટુંબને આધારરૂપ થવા લાગ્યા.

બંને મિત્રોએ પોતાનું ભાગ્ય અજમાવવા પરદેશ જવાનો નિર્ણય કર્યો અને સારે દિવસે તેઓએ નંદિવર્ધન નગર તરફ પ્રયાણ કર્યું.

વૈશાખનો મહિનો હતો. સવારનો ઠંડો વાયુ એમના પ્રયાણને પ્રેરણા આપતો. બપોરે તેમણે એક કૂવા પાસેના ઝાડ આગળ વિસામો કર્યો. એવામાં સામેથી આવતા એક પ્રવાસીએ પૂછ્યું: 'ભાઈ! ભદ્રનગર કેટલું દૂર હશે?'

'માંડ દશેક માઈલ હશે; પણ નંદિવર્ધન નગર અહીંથી કેટલું થાય?'

'હું ત્યાંથી જ આવી રહ્યો છું. પૂરા પચાસ ગાઉ તો મેં કાપી નાખ્યા છે.'

'શેઠ! આ બળતા બપોરે ચાલવા કરતાં થોડો વિસામો લઈને નમતા પહોરે આગળ વધજો.' યુવકોને આ પ્રવાસી પાસેથી નંદિવર્ધન નગરની માહિતી મળશે એવા ઇરાદે શેઠને આવકારતાં એમણે કહ્યું.

પ્રવાસી નંદિવર્ધન નગરનો એક વેપારી હતો. આ નાનચંદ શેઠનો ભદ્રનગર સાથે વેપારી સંબંધ હતો. એણે આ બંને યુવકોની આવકારભરી પૂછવાની રીત ઉપરથી કેટલુંક અનુમાન કરી લીધું શેઠને પણ આ યુવકો સાથે વાત કરવાનું મન થયું

સૌએ પોતપોતાનાં ભાતાં ખોલ્યાં અને ખાવા બેઠા. એક જ જ્ઞાતિના હોવાથી એક બીજાએ ખાવાની ચીજોની આપ-લે કરી. સૌ સાથે બેઠા અને વાતે વળગ્યા.

વાતવાતમાં શેઠે આ બંને યુવકોની પરિસ્થિતિ વિશે જાણી લીધું અને યુવકોને નંદિવર્ધન નગરમાં કોઈ ધંધે લગાડી દેવાનું પણ આશ્વાસન આપ્યું. શેઠે વધારામાં જણાવ્યું: 'ભદ્રનગરમાં મારે એકાદ દિવસનું કામ છે. એ પતાવીને તરત પાછા ફરવું છે. તમે મારી સાથે પાછા આવો તો આપણે આવતી કાલે સાથે જ નંદિવર્ધન જઈશું.'

બંને યુવકોને તો એ જ જોઈતું હતું. નમતા પહોરે ત્રણેજણા ભદ્રનગર આવી પહોંચ્યા. ભૂષણ શેઠને પોતાને ઘેર લઈ ગયો અને એમનું આદરભર્યું આતિથ્ય કર્યું. વાતચીતથી બંને યુવકોએ શેઠના હૃદયમાં સ્થાન મેળવી લીધું.

શેઠે ભૂષણના બાપ ભુવનચંદ્ર સાથે વાતચીત કરતાં પોતાને જાણવાયોગ્ય હકીકત જાણી લીધી, પછી શેઠે ભુવનચંદ્રને કહ્યું: 'શેઠ! મારી એક વિનંતિ છે. મારો બોલ પાછો તો નહિ ઠેલાય ને?'

ભુવનચંદ્ર તો શેઠની આ વાતથી સંકોચ પામ્યા. એમને થયું કે શેઠ કેવીયે માગણી કરશે? મોટા માણસોની માગણી મારા જેવો ગરીબ કઈ રીતે પૂરી કરી શકશે?

નાનચંદ શેઠ ભુવનચંદ્રના સંકોચને પામી ગયા. એમણે કહ્યું: 'શેઠ! સંકોચ પામવા જેવું નથી. મારી વિવેકભરી માગણી છે. તમારા કરતાં વધુ પૈસાદાર મને મળી રહેશે પણ તમારા ભૂષણ જેવો વિવેકી યુવક મને નહિ મળે. મારી દીકરી માટે હું ભૂષણની માગણી કરું છું.'

ભુવનચંદ્ર તો આ સાંભળીને આભાજ બની ગયા. એમણે શું જવાબ વાળવો એ જ એમને સૂઝ્યું નહિ. એમણે નીચે મોંએ જવાબ આપ્યો: 'શેઠ અમે ગરીબ માણસો છીએ. તમારી સાથે અમારી સરખામણી ક્યાંથી ઘટે?'

'શેઠ! એ બધું મારે જ સમજવાનું છે. તમે માત્ર હા કહી દો એટલે પત્યું અને જુઓ, બીજી કન્યા આ પ્રતાપ સાથે આપવી છે. એના બાપને મળીને હું એનો પણ નિર્ણય કરી લેવા જ ઇચ્છું છું.'

ભુવનચંદ્ર શેઠે કહ્યું: 'શેઠ! તમે પ્રતાપને ત્યાં જઈ આવો ત્યાં સુધીમાં જવાબ આપી દઈશ.'

'ના, મારે તો અત્યારે જ જવાબ જોઈએ. માત્ર હા કહી દો પછી જ મને શાંતિ વળશે.'

'ભલે, શેઠ! જેવી તમારી મરજી.' એમ કહી નાનચંદ શેઠ પ્રતાપને ત્યાં ગયા.

શેઠને પૂર્ણચંદ્રને ત્યાં સત્કાર મળ્યો. વાતવાતમાં એ તો જૂના ઓળખીતા નીકળ્યા. એમણે પ્રતાપ માટે તેમની આગળ વાત મૂકી અને પૂર્ણચંદ્રની સમ્મતિ મેળવી.

*

બીજે દિવસે આ બંને યુવકો અને નાનચંદ શેઠ નંદિવર્ધન તરફ વિદાય થયા. નાનચંદ શેઠે બંને જમાઈઓને પોતાના ધંધામાં લગાડી દીધા. ભદ્રનગરમાં અને નંદિવર્ધનમાં આ બંને યુવકોની સગાઈ સંબંધની વાત પણ વહેતી થઈ.

નાનચંદ શેઠની બંને કન્યાઓ ખૂબ સંસ્કારી હતી. રૂપાળી અને તેજસ્વી હતી. શેઠે પોતાની પુત્રીઓને ભણાવવા માટે ખાસ પ્રબંધ કરેલો તેથી વિદ્યાસંપન્ન પણ હતી.

દાઝે બળતા લોકોમાં આ સગાઈ–સંબંધ ઈર્ષ્યા ઉપજાવે એવો હતો. પૂર્ણચંદ્ર અને ભુવનચંદ્ર જેવા ગરીબને ત્યાં શેઠ નાનચંદની દેવરૂપ જેવી કન્યાઓ જાય એ ત્રણેની ઈર્ષ્યા કરનારા માણસોને ડંખતું હતું. નાનચંદ શેઠને કેટલાકે કહ્યું: 'શેઠ! તમે આપણા નગરનું નાક કાપી નાખ્યું.'

ભુવનચંદ્ર અને પૂર્ણચંદ્ર આજે પોતપોતાના પુત્રોના લગ્ન દિવસ જોવરાવવા વિશે મસલત કરી રહ્યા હતા. મુહૂર્ત કઢાવવા માટે જોશીને બોલાવ્યો અને એક જ દિવસે બંનેનાં લગ્ન થાય એ રીતે દિવસ જોવામાં આવ્યો.

ભદ્રનગરથી નંદિવર્ધન જવા માટે જાન નીકળી; તે અગાઉ પૂર્ણચંદ્ર શેઠ પાસે એક માણસે આવીને કહ્યું: "શેઠ! કંઈ જોઈતું કરતું હોય તો મારે ત્યાંથી ખુશીથી લઈ જજો. અને હા, કન્યાને દાગીના ચઢાવવા હોય તો મારે ત્યાં તૈયાર પડ્યા છે. પછીથી લઈ લેવાશે."

આ વાતથી પૂર્ણચંદ્ર શેઠ તો હર્ષથી ફૂલાવા લાગ્યા. કંઈક ગર્વની આછી રેખા એમના હૃદયપટ ઉપર અંકાઈ ગઈ; તેઓ કેટલાક દાગીના અને ખાસ ખાસ વસ્તુઓ એ શેઠને ત્યાંથી લઈ આવ્યા અને લીધેલી વસ્તુઓનું લખાણ પણ કરી આપ્યું.

ભુવનચંદ્ર શેઠને ત્યાં પણ એ માણસ ગયો હતો. એમને પણ કંઈ દરદાગીના જોઈતા હોય તો તે લઈ જવા તેમને આગ્રહ કર્યો હતો પરંતુ ભુવનચંદ્ર શેઠને તો પારકાનું લઈને ખોટો દેખાવ કરવો એ જ ખટકતું હતું. તેઓ તો પોતાને ત્યાં જે કંઈ સામગ્રી હતી તે લઈને પોતાના પુત્રની જાન લઈને નંદિવર્ધન નગર તરફ વિદાય થયા.

નંદિવર્ધન નગરમાં નાનચંદજી શેઠે પોતાની હવેલીને ખૂબ ઠાઠમાઠથી સજાવી હતી. મોટા મોટા લોકોને તેમણે આમંત્રણ આપ્યું હતું, વાજિંત્રોના નાદથી મહોલ્લો આખો ગાજતો હતો. મંડપ સુંદર રીતે શણગારમાં આવ્યો હતો.

જાનને માટે સારા ઉતારાની સગવડ કરવામાં આવી હતી. ભાતભાતનાં પકવાન લોકોને પીરસવામાં આવ્યાં અને રાતના સમયે બંને યુવકનાં લગ્ન થઈ ગયાં. બીજે દિવસે સાંજના જાનને વિદાય આપવામાં આવી.

લગભગ અડધી રાતનો પ્રસંગ હશે. જંગલની વાટ હતી. ચારેકોર અંધકાર હતો. વીસ ગાડાઓના આ સથવારા ઉપર બુકાનીધારી શસ્ત્રસજ્જ ધાડપાડુઓ ત્રાટકી પડયા.

બંને વરરાજાઓ પૈકી ભૂષણ જે વેલમાં બેઠો હતો તે આબાદ બચી ગઈ પણ પ્રતાપની વેલ ઉપર એ લોકો તૂટી પડયા. વરવધૂને ઉપાડીને તેઓ દૂર લઈ ગયા. પ્રતાપને મોંએ ડૂચો મારી કન્યા ઉપરના બધા દાગીના ઉતારી લેવામાં આવ્યા. કન્યા તો ભયની મારી બેબાકળી બની ગઈ અને બધુંયે ઘરેણું ઉતારીને ધાડપાડુને આપી દીધું.

એ પછી એ લોકોએ પ્રતાપને લાકડીના પ્રહારોથી અધમૂઓ બનાવી મૂકયો. કન્યાની બૂમાબૂમથી જાનના બધા લોકો એકઠા થાય એ પહેલાં તો પેલા ધાડપાડુઓ પલાયન કરી ગયા.

ઘેર પહોંચ્યા ત્યારે પ્રતાપની દશા વિચિત્ર હતી. ઘણા ઉપચારો કર્યા પણ પ્રતાપની સ્થિતિ સુધારા ઉપર ન આવી. માતા, પિતા અને પત્નીએ ખૂબ સેવા કરી પણ કંઈ જ વળ્યું નહિ. ચારેક દિવસ પીડાઈને એ મરણ પામ્યો.

પૂર્ણચંદ્ર શેઠને પાછળથી ખબર પડી કે પેલા માયાવી શેઠ, જેણે દરદાગીના આપ્યા હતા તેનું જ આ કાવતરું હતું.

શેઠે પોતાની એક માત્ર મૂડી સમાન પુત્રને માયાની જાળમાં આવી જઇ ખોઈ નાખ્યો. પોતાની પાસે હવે એક મકાન બચ્યું હતું તેના પર પેલા મયાવી શેઠે જપ્તી બેસાડી.

ભુવનચંદ્ર શેઠ પૂર્ણચંદ્રની આ સ્થિતિ જોઈ ખૂબ દુઃખી થયા. પોતાનો એકનો એક મિત્ર જતાં ભૂષણ ખૂબ સંતપ્ત બન્યો. એની પત્ની પોતાની બેનની અકાળે બનેલી આ સ્થિતિથી અકળાઈ ગઈ. એણે બેનને પોતાની પાસે રાખીને આશ્વાસન આપવા માંડ્યું. આવી સ્થિતિમાં ધીરજ આપવા સિવાય બીજો શો ઈલાજ હોય!

પૂર્ણચંદ્ર શેઠનું મકાન હરાજ થયું, પતિનું મોં જુએ એ પહેલાં જ કન્યા વિધવા બની. નાનચંદજી શેઠ આ વાત સાંભળી ભારે હૈયે ભદ્રનગર આવ્યા. પોતાની કન્યાને જોઈને એમના માથે તો જાણે પહાડ તૂટી પડયા જેવી સ્થિતિ થઈ પણ શેઠ આ બધી કર્મની વિચિત્ર ગતિ સમજીને શાંત થયા. અને સંસારથી ઉદ્વિગ્ન બની ગયા.

પૂર્ણચંદ્ર, નાનચંદ શેઠ, તેમની પત્નીઓ અને વિધવા કન્યા — આ સૌ માટે શાંતિનો માત્ર એક જ માર્ગ હતો. એ સૌએ સંસારની આવી દુઃખદ નાટકલીલા જોઈ ધર્મગુરુ પાસે દીક્ષા જઈ આત્મકલ્યાણ કર્યું.

૩

મૂર્તિઓના વિવિધ પ્રકારો

લેખક : શ્રીયુત મોહનલાલ દીપચંદ ચોકસી

યક્ષ પ્રતિમાઓ–'ખંડહરોંકા વૈભવ' નામા હિંદી પુસ્તકમાં મુનિરાજ શ્રીકાન્તિસાગરજીએ પોતાના અભ્યાસના જોરે પુરવાર કરી આપ્યું છે કે હાલ જે ખંડેરો તરીકે ઓળખાય છે, તે સ્થાનો કિંવા તે વસ્તુઓનું મૂલ્યાંકન ઐતિહાસિક દૃષ્ટિએ કરવામાં આવે તો ખરેખર એ વૈભવનાં મૂર્તિમંત સ્વરૂપો જ છે. આપણે જેમને યક્ષ તરીકે ઓળખીએ છીએ તે સંબંધમાં થોડું જાણી લઈએ.

યક્ષપ્રતિમાઓ આમ તો બહુ ઓછી જોવામાં આવે છે છતાં ક્ષેત્રપાલ અને મણિભદ્ર યક્ષની કેટલીક મૂર્તિઓ જોવામાં આવી છે. યક્ષોમાં–ગોમુખ ષણ્મુખ, યક્ષરાજ, ધરણેન્દ્ર, કુબેર, ગોમેધ, બ્રહ્મશાન્તિ અને પાર્શ્વયક્ષની સ્વતંત્ર મૂર્તિઓ મળી આવે છે. પાર્શ્વયક્ષની મૂર્તિને ઓળખવામાં ભારે સ્ખલના થઈ જાય છે કેમકે એનું ઉદર તેમ આયુધ ગણેશમૂર્તિના જેવાં જ હોય છે. પરિકરોમાં યક્ષ-મૂર્તિઓ સ્પષ્ટ નથી હોતી જ્યારે આવી સ્વતંત્ર મૂર્તિઓમાં વ્યક્તિત્વની સુંદર આભા જોવાય છે. પ્રત્યેક મંદિરમાં રક્ષક તરીકે ક્ષેત્રપાલનું સ્થાન હોય છે અને અધિષ્ઠાતા તરીકે જિનમૂર્તિમાં પણ એ ઓળખાય છે. આમ છતાં એની ઉચ્ચ કોટિની મૂર્તિ 'શ્રવણબેલગોલ'માં છે બાકી ઘણીખરી જગાએ તો નાલિયેરની સ્થાપના કરી એના ઉપર સિન્દૂર ચઢાવાય છે.

શ્રમણોની પ્રતિમાઓ–પૂજ્ય પુરુષોના સ્વર્ગવાસ પછી ઉપાસકો ભક્તિ દર્શાવવા–એવા મહાત્માઓની સ્મૃતિ જાળવવા–અગ્નિસંસ્કાર સ્થાને સમાધિ, સ્તૂપ, યા દેવકુલિકાઓ ચણાવે છે. ભારતવર્ષમાં આ જાતની પ્રવૃત્તિ સર્વ ધર્મોમાં જોવાય છે. જૈન સાહિત્યમાં આ માટે 'નિસિદિયા, નિષીદિકા, નિસીધિ, નિશિદ્ધિ' આદિ શબ્દો ઉપરના ભાવને વ્યક્ત કરવા વપરાયેલા દૃષ્ટિગોચર થાય છે. મધ્યકાલીન જૈન મુનિઓ અંગે રચાયેલ પ્રશસ્તિ યાને નિર્વાણગીતોમાં 'થૂભ' 'થંભ' જેવા શબ્દો જોવાય છે જે 'સ્તૂપ'નો પર્યાયવાચી છે. શિલાલેખો ઉપરથી પણ ઉપર વર્ણવેલ સ્મારક પ્રથા પર ઠીક ઠીક પ્રકાશ પડે છે.

મહામેઘવાહન મહારાજ **ખારવેલ**ના હાથીગુફાવાળા લેખની ચૌદમી પંક્તિમાં 'કાયનિસીદીયાય' શબ્દનો જે પ્રયોગ કરાયો છે તે અર્હત્-સમાધિ અથવા તો સ્તૂપનો સૂચક છે કલિંગ એક સમયે શ્રમણ સંસ્કૃતિનું મોટું ધામ હતું. ત્યાં આ પ્રકારનાં સ્મારકો મોટા પ્રમાણમાં ઉપલબ્ધ થાય છે. ડૉ. બેનીમાધવ બરૂઆ પાસે (ઈ. સ. ૧૯૪૭માં) એવાં કંઈક સ્મારકોનાં ચિત્રો જોવામાં આવેલાં. એમાંના કેટલાક સ્થાને તો મેળા અથવા યાત્રાઓ ભરાય છે. અન્વેષકોના મોટા ભાગને જૈનધર્મ અને બૌદ્ધધર્મ વચ્ચેના મૌલિક તફાવતની સાચી સમજ ન હોવાથી ઘણા જૈન સ્તૂપોની ગણના બૌદ્ધ સ્તૂપો તરીકે કરી દીધી છે. હજુ પણ એ જાતની ગેરસમજ કેટલાક શોધકો કરતા જોવાય છે.

પ્રાચીન જૈન સાહિત્યમાં આલેખાયું છે કે, 'ધર્મચક્ર ભૂમિ' તરીકેના સ્થાન ઉપર મહારાજ સંપ્રતિએ એક સ્તૂપ બનાવ્યો હતો. એ જ પ્રમાણે મથુરાનો કુષાણકાળનો **જૈન સ્તૂપ** તો અત્યંત પ્રસિદ્ધ છે. '**શ્રાવલીકથા**'ના આધારે કહી શકાય તેમ છે કે કોટિકાપુરમાં અંતિમ કેવલી **શ્રીજંબૂસ્વામીનો** સ્તૂપ હતો. **આર્ય સ્થૂલભદ્રનો** સ્તૂપ પાટલિપુત્ર (પટના)માં આજે પણ છે. અજાયબી તો એ છે કે જૈન પુરાતત્ત્વજ્ઞોનું ધ્યાન આવા મહત્ત્વના વિષય પર ખેંચાયું જણાતું નથી! પુરાણા સમયના યાત્રાવર્ણનોમાં આ સ્તૂપોના ઉલ્લેખ થયેલા નજરે ચડે છે.

શ્રીસ્થૂલભદ્રજીનું સ્મારક—શ્રીસ્થૂલભદ્રજી આચાર્ય ભદ્રબાહુસ્વામી નેપાલમાં 'વાચના' મેળવવા ગયા હતા અને આખર સુધી ટકી રહ્યા હતા. તેઓ પટનાના નિવાસી મંત્રીશ્વર શકડાલના પુત્ર હતા અને તેમનો સ્વર્ગવાસ પણ પાટલિપુત્ર યાને પટનામાં જ વીર. નિ. સંવત ૨૧૯ એટલે ઈ. સ. પૂર્વે ૩૧૧માં થયો હતો. દાહસ્થાન પર શિષ્યો દ્વારા (ઉપાસકો મારફત) સ્તૂપ બનાવાયો; જે આજ પણ **ગુલજારબાગ** સ્ટેશનના પાછલા ભાગમાં આવેલો છે. આ સ્થળને લોકો **કમલદહ** નરીકે ઓળખે છે. એનું મૂળ નામ **કમલહ્રદ** હોવું ઘટે. પટણામાં આ એક જ જળાશય છે કે જ્યાં કમળોની ઉત્પત્તિ થાય છે. મિથિલાના પ્રસિદ્ધ કવિ **વિદ્યાપતિજીને** આ સ્થાન અત્યંત પ્રિય હતું. પોતાની સાહિત્ય કૃતિઓમાં આનો ઉલ્લેખ તેમણે કરેલો છે. આજે પણ સરોવરનો જે ભાગ બચ્યો છે તેમાં કમળો ઉત્પન્ન થાય છે. પુરાતન પાટલિપુત્રની સ્મૃતિ સુરક્ષિત રાખવાવાળો **અગમકૂવો**, જૂનાં ખંડિયેર તેમજ જ્યાં બુદ્ધદેવની પધરામણી થતી એ **આમ્રવન** આદિ સ્થાનો સ્થૂલભદ્રજીના ઉપર વર્ણવેલા સમાધિ સ્થાનની નજીકમાં જ આવેલાં છે. એ કાળે આ સ્થાન નગરના એક છેવાડાનો ભાગ ગણાતું.

સાંસ્કૃતિક નજરે આ સમાધિ સ્થાનનું મહત્ત્વ વિશેષ છે. ઉભય સંપ્રદાય એને માને છે. સુપ્રસિદ્ધ યાત્રી **હ્યુઆન-ચુઆંગે** પોતાના યાત્રાપ્રવાસમાં ઉપરના સ્થાનનો ઉલ્લેખ કર્યો છે. આ સ્થળને પાખંડીઓના સ્થાન તરીકે ઓળખાવ્યું છે. એ કાળે ધાર્મિક અસહિષ્ણુતા પ્રવર્તતી હતી કે જેથી આ પ્રકારનો ઉલ્લેખ સહજ ગણાય. એથી સમજાય છે કે એ કાળે આ સ્થળ આજના કરતાં ઘણું મોટું હશે. વળી, મુનિગણ માટે નિવાસની અહીં વ્યવસ્થા પણ હશે. કેમકે ચાલીશ વર્ષ પૂર્વે આ સમાધિ સ્થાન કેટલાક એકરોના પ્રમાણનું ગણાતું, પણ આપણી ઉદાસીનતા આવા મહત્ત્વના સ્થાનો જાળવવાની અગત્ય સંબંધે બેપરવાઈના કારણે થોડો ભાગ જ જળવાઈ રહ્યો છે! ચીની યાત્રીના લખાણ ઉપરથી એ કાળે આ પાટલિપુત્રમાં જૈનોની વસ્તી સારા પ્રમાણમાં હતી તેમજ એનું મહત્ત્વ પણ વિશેષ હતું એમ પુરવાર થાય છે. સ્થૂલભદ્ર મગધના રાજવી નંદના પ્રધાનના પુત્ર હતા અને સાથોસાથ મગધની સાંસ્કૃતિક લોકચેતનાના ઉત્તમોત્તમ પ્રતીકરૂપ

પણ હતા. જે ટેકરા ઉપર સ્થૂલભદ્રની સમાધિ બની છે એના એક ભાગમાં કેટલાંક વર્ષો પૂર્વે ખોદકામ કરવામાં આવેલું ત્યારે એમાંથી તેર હાથ કરતાં પણ વધુ લંબાઈનું માનવ અસ્થિપિંજર નીકળ્યું હતું. બીજી પણ ઐતિહાસિક સામગ્રી પ્રાપ્ત થઈ હોય એવો સંભવ છે. ગુપ્તકાલીન ઈંટો તો આજે પણ અહીંથી નીકળે છે. સત્તરમી સદી પછી તો આ સ્થાનમાં જૈન યાત્રીઓ અને મુનિરાજોના આવાગમન ચાલુ રહ્યાં જણાય છે. શ્રીવિજયસાગર, શ્રીજયવિજય અને શ્રીસૌભાગ્યવિજય નામના મુનિ મહારાજોએ પોતાની તીર્થમાળામાં સ્થૂલભદ્રના સ્તૂપનો ઉલ્લેખ કર્યો છે.

સ્થૂલભદ્રના સ્થાનની સમીપે જે સુદર્શન શેઠની સમાધિ છે તે શિયળવ્રત પાલનમાં અડગતા ધરનાર આ શેઠના વૃત્તાન્તથી ભાગ્યે જ કોઈ જૈન અજાણ હોય. શેઠશ્રીએ છેવટે ચારિત્ર ગ્રહણ કર્યું હતું. મૂળ એ ચંપાપુરીના વતની. દધિવાહન ભૂપની રાણી અભયાએ તેમની પ્રત્યેના વૈરની પૂર્તિ અર્થે તેઓ જ્યારે આ સ્થાનમાં કાયોત્સર્ગ ધ્યાનમાં લીન હતા ત્યારે અહીં ઉપસર્ગ કર્યો હતો. એની સ્મૃતિરૂપે અહીં આજે એક છતરી (દેરી) વિદ્યમાન છે.

એક કાળે મગધ અને તિરહુત પ્રદેશમાં જૈનધર્મનું પ્રાબલ્ય હતું. એ સંબંધે મી. સ્મિથની નોંધ મળે છે કે—

'જૈનધર્મના અનુયાયી પટના, ઉત્તર વૈશાલી, પૂર્વ બંગાળમાં આજકાલ ઘણા ઓછા જોવાય છે પણ ઈ. સ. સાતસોમાં અહીં તેમની સંખ્યા મોટા પ્રમાણમાં હતી. હ્યૂઆન–ત્સુયાંગે એ સમયમાં જ આ પ્રદેશમાં ભ્રમણ કર્યું હતું અને એના અહેવાલમાં ઘણા જૈન સ્મારકો અંગે નોંધ છે. પુરાતત્ત્વ ગવેષકોને જૈનધર્મ અને એની સંસ્કૃતિ સંબંધી પૂર્ણ જ્ઞાન ન હોવાથી ઉચ્ચતમ જૈનાશ્રિત કલાકૃતિઓને બૌદ્ધ ધર્મની જણાવેલી છે.'

શ્રવણબેલગોલમાં સર્વ પ્રાચીન સમાધિમરણ અંગેનો લેખ શક સંવત ૫૭૨ નો છે. કણ્હ મુનિની મૂર્તિ મથુરામાંથી જડી આવી છે.

દશમી શતાબ્દિ પહેલાંનાં સ્મારકોમાં વિશેષ સંખ્યામાં ચોતરા અને ચરણોનો સમાવેશ થાય છે. ધારવાડ જિલ્લામાંથી મળી આવેલ શિલાલેખથી પણ જણાય છે કે એ તરફ પણ અર્હન્તોની 'નિષીદિકાઓ' બનતી હતી. અગિયારમી શતાબ્દિ પછી તો મુનિઓની, આચાર્યોની સ્વતંત્ર મૂર્તિઓ બનવા લાગી હતી. એ પછી જે ગ્રન્થો બન્યા છે એમાં જૈનાશ્રિત મૂર્તિકલા વિષયમાં ઠીક જાણવાનું મળે છે. આમ છતાં સ્તૂપ પ્રથાનો તદ્દન લોપ થયો નહોતો.

ચૌદમા સૈકામાં રચાયેલા 'આચાર–દિનકર' નામક ગ્રન્થમાં આચાર્યની મૂર્તિનું પ્રતિષ્ઠા વિધાન સ્વતંત્ર રૂપમાં દર્શાવેલ છે. એ સદીના સુપ્રસિદ્ધ વિદ્વાન ઠક્કુર ફેરુએ રચેલા 'જ્યોતિષ સાર' નામક પુસ્તકમાં આચાર્યપ્રતિષ્ઠા અંગે જુદાં મુહૂર્તો પણ દર્શાવ્યાં છે એ ઉપરથી ગુરુમૂર્તિઓ બનાવવાની પ્રથા જોર પકડતી ગઈ હોય એમ જણાય છે.

પ્રાકૃત ભાષાના ધુરંધર કવિ શ્રીજિનવલ્લભસૂરિ, અપભ્રંશ સાહિત્યના મર્મજ્ઞ શ્રીજિનદત્તસૂરિ, સંસ્કૃત સાહિત્યની સર્વ શાખાઓના પારગામી વિદ્વાન અને અનેક ગ્રંથોના રચયિતા આચાર્ય શ્રીહેમચંદ્રસૂરિ, શ્રીદેવચંદ્રસૂરિ, શ્રીજિનપતિસૂરિ, સુપ્રસિદ્ધ દાર્શનિક અમરચંદ્રસૂરિ, શ્રીજિનપ્રબોધસૂરિ, શ્રીજિનકુશળસૂરિ, મહમદ તઘલખને પ્રતિબોધનાર શ્રીજિનપ્રભસૂરિ, યુગપ્રધાન જિનચંદ્રસૂરિ, જગદ્ગુરુ શ્રીહીરવિજયસૂરિ, શ્રીવિજયદેવસૂરિ આદિ ઘણા ઘણા આચાર્યોની સ્વતંત્ર મૂર્તિઓ જોવામાં આવી છે. પુરાતન જેટલી મૂર્તિઓ મળી આવી છે એ સર્વ બારમી સદી પછીની છે અને અધિક પ્રમાણમાં એ આચાર્યો પણ એ સદી પછીના છે. ગુરુમૂર્તિઓ સંબંધમાં શાસ્ત્રીય નિર્ધારિત સ્વરૂપ ન હોવાથી એ સર્વમાં એકરૂપતા રહી નથી.

આ પ્રથા માત્ર શ્વેતાંબર સમાજ પૂરતી મર્યાદિત નથી રહી. દિગંબર સમાજમાં પણ એનો પ્રવેશ થયો છે. કારકલના જૈન સ્મારકો અંગે પરિચય આપતાં કુન્થુનાથ ભગવંતની બાજુમાં બેસાડેલી કેટલીક મૂર્તિઓનાં નામ પંડિત કે. ભુજબલી શાસ્ત્રીએ આ પ્રમાણે આપ્યાં છે; —૧ કુમુદચંદ્ર, ૨. ભ. હેમચંદ્ર, ૩. ચારુકીર્તિ પંડિત દેવ. ૪. શ્રુતમુનિ. ૫. ધર્મભૂષણ.

ગૃહસ્થ મૂર્તિઓ—રાજાઓની જે પુરાણી મૂર્તિઓ પ્રાપ્ત થઈ છે એમાં સૌથી જૂની અજાતશત્રુ અને નન્દિવર્ધનની છે. એ બન્ને જૈનધર્મના ઉપાસક હતા. ઈતિહાસમાં તેમનું સ્થાન મહત્ત્વપૂર્ણ છે. નંદિવર્ધને જ્યારે કલિંગ જીત્યું ત્યારે ત્યાંથી એક જૈન મૂર્તિ તે ઉઠાવી લાવ્યો હતો. એ વાતથી તે પોતે જૈન હતો એમ પુરવાર થાય છે. આમ તો જૈન પ્રતિમાઓના પરિકરમાં યક્ષ, યક્ષિણીઓની હેઠળના ભાગમાં ગૃહસ્થ યુગલોની મૂર્તિઓ જોવામાં આવે છે પણ વસ્તુપાલ–તેજપાલ પોતાની પત્નીઓની સાથે, વનરાજ ચાવડો, મોતીશાહ શેઠ આદિની કેટલીક મૂર્તિઓ સ્વતંત્રપણે હાથ જોડી મંદિરોમાં સ્થાપન કરાયેલી જોવાય છે. આબુ પર્વત ઉપરના દેવાલયમાં તો મંત્રીશ્વર વિમલના પૂર્વજોની મૂર્તિઓ પણ દૃષ્ટિગોચર થાય છે. એ ઉપરથી એમ સમજવાનું નથી કે તેઓની પૂજા કરવી. એ તો ભક્તિસૂચક મુદ્રામાં ઊભેલી મૂર્તિઓ માત્ર છે.

આ પ્રમાણે તીર્થંકર પ્રભુની પ્રતિમાઓ, તેઓનો પરિકર, દેવીની મૂર્તિઓ, યક્ષ–યક્ષિણીઓનાં બિંબ, અને એ પછીથી ગુરુમૂર્તિઓ તેમજ ગૃહસ્થબિંબો એ સર્વ કેવળ ધાર્મિક દૃષ્ટિએ મહત્ત્વનાં છે. એટલું જ નહીં પણ ભારતીય મૂર્તિકલાના ક્રમિક વિકાસના અધ્યયન અંગે મૂલ્યવાન સામગ્રી પૂરી પાડતાં સાધનો છે. સામાજિક રહેણીકરણી, પહેરવેશ, તેમજ આર્થિક વિકાસ આદિનો પણ એ ઉપરથી તાગ કાઢી શકાય છે. એના સૌન્દર્ય સંબંધે વિચાર કરતાં મુગ્ધ બની જવાય છે. શિલ્પાચાર્યોએ ખંત રાખી જે કલાકૃતિઓનો વારસો ભેટ આપ્યો છે એમાં આનંદ આપવાની અનુપમ શક્તિ છે અને એના દર્શનથી આત્મા શાન્તિ પ્રાપ્ત કરે છે–સ્વવિકાસ સાધી શકે છે.



વિહાર-નોંધ

લેખક : પૂજ્ય મુનિરાજ શ્રીવિશાળવિજયજી
(ધર્મજયંતોપાસક)

[પૂ. મુ. શ્રી વિશાળવિજયજી મહારાજશ્રીએ પોતાના વિહારમાં આવતાં ગામોનું વર્ણન જૈન દૃષ્ટિએ આલેખ્યું છે; તે ભૌગોલિક ઇતિહાસની દૃષ્ટિએ ઉપયોગી હોવાથી અહીં આપ્યું છે. સંપા૦]

કરજણ : આ ગામ કેટલું જૂનું હશે એ જાણવામાં નથી. અહીંના જૂના અને નવા બજારમાં કુલે શ્રાવકોનાં ૭૫ ઘર વિદ્યમાન છે. શ્રાવકો ભક્તિવાળા છે. કેટલાંક કુટુંબો મારવાડના વાસા, નીતોડા, કાછોલી વગેરે ગામોથી વેપાર-વાણિજ્ય માટે આવીને વસી ગયા છે અને કેટલાક આસપાસના મીયાગામ વગેરેના પણ છે.

ગામમાં જૂના બજારમાં શ્રીકુંથુનાથ ભગવાનનું સુંદર જિનમંદિર છે. શ્રાવક તેમજ શ્રાવિકાના જુદા જુદા ઉપાશ્રયો પણ છે.

મીયાગામ : અગાઉ આ ગામનું નામ મહિયાનગર હતું. જતે દહાડે મહિયાનું મીયાગામ થઈ ગયું. પહેલાં ખૂબ વસ્તી હતી. લગભગ પોણાબસો વર્ષ પહેલાં રાધનપુરથી આડાત્રણસો કુટુંબીઓનાં ઘર મીયાગામમાં રહેવા આવ્યાં હતાં પરંતુ ગામના ઠાકોરે આ ગામમાં રેલ્વે નાખવાની ના પાડવાથી વેપાર-ધંધા પડી ભાગતાં લોકો કરજણ, પાલેજ, ડભોઈ(?)કરીઆ, સમની, કીસનાડ, કારેલા વગેરે આસપાસના ગામોમાં રહેવા ચાલ્યા ગયા અને વસ્તી ઓછી થઈ ગઈ.

આજે અહીં શ્રાવકોનાં ૪૦ ઘરની વસ્તી વિદ્યમાન છે. શેઠ નેમચંદ ઝવેરચંદ વગેરે પં. હરગોવિંદદાસ રાધનપુરવાળાના કુટુંબીઓ આજે પણ વસે છે. અહીં ત્રણ દેરાસરો વિદ્યમાન છે, જેમાંથી ૧. શ્રીશાંતિનાથ ભગવાનનું મંદિર રાધનપુરના સુરજી શેઠ તેમજ તેમના પુત્ર શેઠ રંગજીભાઈએ બંધાવી, નવી મૂર્તિઓ ભરાવી, પ્રતિષ્ઠા સં. ૧૮૫૧ના વૈશાખ સુદિ ૬ના દિવસે કરાવી છે. એ જ સુરજી શેઠે રાધનપુરના શ્રીશાંતિનાથ દેવાલયની પ્રતિષ્ઠામાં પણ સારો સાથ આપ્યો હતો એમ એક સ્તવનના આધારે પણ જણાય છે.[1] એ સ્તવનમાં મીયાગામ અને રાધનપુરના દેરાસરોનું વર્ણન કરેલું છે. શ્રીશાંતિનાથના દેરાસરમાં આરસની કુલ ૩૪ જિનપ્રતિમાઓ છે.

૨. બીજું દેરાસર શ્રીસંભવનાથ ભગવાનનું છે અને ૩ ત્રીજું દેરાસર શ્રીમનમોહન પાર્શ્વનાથના નામથી ઓળખાય છે ખરું પણ મૂળનાયક તો શ્રીસંભવનાથ ભગવાન છે. મૂળનાયકનો ફેરફાર ક્યારે થયો એ જાણવું બાકી રહે છે.

બે ઉપાશ્રયો છે. ગામની કુલ વસ્તી ૩૦૦૦ માણસોની છે.

પાલેજ : આ ગામ પ્રમાણમાં ઠીક છે. વેપાર રોજગારનું સારું મથક છે. શ્રાવકોનાં ઘર છે. શ્રી મહાવીરસ્વામી ભગવાનનું વિશાળ અને ભવ્ય મંદિર ત્રણ માળનું છે. સં. ૨૦૧૦

---

૧. 'શ્રી જૈન સત્ય પ્રકાશ' વર્ષ: ૧૨ અંક: ૨માં પૂ. મુનિમહારાજ શ્રીજયંતવિજયજી સંપાદિત.

ના વૈશાખ સુદિ ૫ ના દિવસે આ. શ્રી વિજયધર્મસૂરીશ્વરજીના હાથે અહીં પ્રતિષ્ઠા થઈ છે મંદિરના ભોંયરામાં શ્રી મુનિસુવ્રતસ્વામી વગેરેની પાંચ મૂર્તિઓ ઢીકરીઆથી લાવીને પધરાવવામાં આવી છે.

અગાઉ ઢીકરીઆમાં ૨૦–૨૫ મારવાડી શ્રાવકોની વસ્તી હતી. તેમણે મંદિર બંધાવી પ્રતિષ્ઠિત કરાવ્યું હતું પરંતુ વેપાર પડી ભાંગવાથી શ્રાવકોની વસ્તી રહી નહિ એટલે એ મૂર્તિઓ અને દેરાસરની રકમ પાલેજના મંદિરને અર્પણ કરવામાં આવી છે.

અહીં આત્માનંદ જ્ઞાનમંદિર, પાઠશાળા અને ઉપાશ્રય વગેરે છે.

સમની : આ ગામમાં શ્રાવકનાં ૧૦ ઘર વિદ્યમાન છે. તેમાં ચારેક ઘર રાધનપુરીનાં છે. લોકો ભક્તિવાળા છે. એક દેરાસર છે. તેમાં આરસની બે મૂર્તિઓ છે. મૂલનાયક સિવાયની બીજી મૂર્તિ ઘણાં વર્ષો પહેલાં પાદરીઆથી લાવીને પધરાવેલી છે.

કેરવાડા : પ્રાચીન નામ કયરવાડા. પ્રતિમા લેખોમાં કયરવાડા નામ જ ઉલ્લેખાયું છે. અપભ્રંશ થતાં કેરવાડા નામ આજે પ્રસિદ્ધિ પામ્યું છે. પહેલાં અહીં શ્રાવકની વસ્તી ઘણી હતી. સં. ૧૯૭૨ માં લગભગ ૨૦–૨૫ શ્રાવકોનાં ઘરો હતાં. આજે માત્ર ત્રણ ઘર વિદ્યમાન છે.

અહીં શ્રી. આદીશ્વર ભગવાનનું એક દેરાસર છે. દેરાસરના કંપાઉંડમાં ડાબી બાજુએ કન્યાશાળા છે અને જમણી બાજુએ ઉપાશ્રય છે, અંદર કૂવો પણ છે. કોટની બહાર મહાજનોની જગા છે. રસ્તા ઉપર એક નવો ઉપાશ્રય પણ બંધાવેલ છે.

દેરાસર શિખરબંધી છે. ત્રણે બાજુએ એકેક ચોકી છે. દેરાસરની સામે એક દેરી છે, જેમાં શ્રીઆદીશ્વર ભગવાનનાં પગલાં બિરાજમાન છે. સં. ૧૯૦૫ માં તેની પ્રતિષ્ઠા થયેલી છે. દેરાસરમાં મૂળનાયક સાથે પાંચ મૂર્તિઓ આરસની છે. બધી મૂર્તિઓ લગભગ ત્રણેક ફૂટની સપ્રમાણ છે. દરેક ભગવાનની પલાંઠીમાં લેખ છે. કેરવાડાના લાડવા શ્રીમાલી સંઘે પ્રતિમાઓ ભરાવેલી છે. સં. ૧૮૪૪ ના વૈશાખ સુદિ ૧૦ ના રોજ તેની અંજનશલાકા શ્રી વિજયલક્ષ્મીસૂરિજીએ કરેલી છે.

પહેલાં અહીં ઘણી મૂર્તિઓ હતી પણ લોકોએ બહારગામ આપી દીધી છે, અત્યારે ભરૂચ અને વેજલપુરમાં જે ત્રિગડુ બિરાજમાન છે તે અહીંથી આપવામાં આવેલું છે. એક સરસ્વતી દેવીની મૂર્તિ ડભોઈમાં આપેલી છે. દેરાસરમાં ભોંયરું છે પણ ખાલી છે.

કેરવાડામાં વિદ્યમાન પ્રતિમાઓ ઉપર સં. ૧૮૪૪ ના લેખો વિદ્યમાન છે. પરંતુ એ વર્ષથી ૧૬૧ વર્ષ પહેલાં શ્રી વિજયાણંદસૂરિએ કેરવાડાના શ્રાવકોએ ભરાવેલી મૂર્તિઓ ભરૂચ અને વેજલપુરમાં વિદ્યમાન છે. સં. ૧૬૮૩ ના ચાર લેખો અમે લીધેલા છે.

આ ઉપરથી જણાય છે કે, સત્તરમા સૈકામાં કેરવાડામાં લાડવા શ્રીમાલી શ્રાવકોની વસ્તી સારા પ્રમાણમાં હતી

આમોદ : પહેલાં આ ગામમાં ઘણી વસ્તી હતી. જૈનોનાં બસો ઘરની વસ્તી હોવાનું કહેવાય છે. એ સમયે આ ગામ નગરરૂપે પ્રસિદ્ધ પામ્યું હતું. 'સોહમકુલપટ્ટાવલી'કારે પણ આનો નગરરૂપે ઉલ્લેખ કર્યો છે :—

"રાનેર સીનોર ને કેરવાડે, આમોદ નયર મોઝાર"

આજે અહીં કુલ વસ્તી ૯૦૦૦ માણુસોની છે. તેમાં જૈનોના દશા, વીશા અને લડવા શ્રીમાળીના મળીને ૧૦૦ ઘરની વસ્તી છે. તેમાં કુલ ૬૦૦ માણુસો છે.

અહીં ત્રણ દેરાસર છે. તેમાં ૧. શ્રી. અજિતનાથ ભગવાનનું દેરાસર ત્રણ માળનું છે. મૂળનાયકની સં. ૧૬૫૮ માં શ્રી વિજયસેનસૂરિ હસ્તક પ્રતિષ્ઠા થયેલી છે. એવો લેખ પલાંઠીમાં છે. ભોંયરામાં શ્રીભીડભંજન પાર્શ્વનાથ અને શ્રીઆદીશ્વર ભગવાન છે. તેમના ઉપર સં. ૧૮૪૪ ના લેખો છે. શ્રી વિજયલક્ષ્મીસૂરિએ પ્રતિષ્ઠા કરી છે.

૨. બીજું શ્રી મુનિસુવ્રતસ્વામીનું દેરાસર સરિયાપોળમાં છે. અને ૩ ત્રીજું શ્રી અજિતનાથ ભગવાનનું મંદિર આંટામાં આવેલું છે. ત્રીજા મંદિરનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે.

અહીં ધર્મશાળાનો, આંટાનો અને મણિભદ્રનો એમ ૩ ઉપાશ્રયો છે. મણિભદ્રના ઉપાશ્રયમાં અગાઉ યતિજી રહેતા ત્યારે ગોખલામાં ભગવાનની મૂર્તિ સ્થાપન કરેલી હતી.

આછોદ : આમોદથી ૩ માઇલ દૂર પશ્ચિમ દિશામાં આછોદ ગામ છે. પહેલાં અહીં જૈન શ્રાવકોનાં પંદરેક ઘરની વસ્તી હતી, ત્યારે ઘર દેરાસર બનાવેલું હતું પણ જૈનોની વસ્તી ઘટી જતાં દેરાસરની મૂર્તિ, જેના ઉપર સં. ૧૬૭૦ નો અમદાવાદના શ્રાવકોએ ભરાવ્યાનો અને શ્રી વિજયસેનસૂરિએ પ્રતિષ્ઠા કર્યાનો લેખ છે, તે મૂર્તિ આમોદમાં લાવવામાં આવી છે.

અહીં મોટા ભાગે મુસલમાનોની વસ્તી છે.

ઝુવા : આમોદથી ૩ માઇલ દૂર દક્ષિણ દિશામાં ઝુવા ગામ આવેલું છે. અગાઉ અહીં અનેક જૈન ઘરની વસ્તી હતી. એક ઘર દેરાસર બનાવેલું, જેમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનની શ્યામવર્ણી પ્રતિમા હતી. પરંતુ શ્રાવકો આમોદમાં રહેવા આવ્યા ત્યારે એ પ્રતિમા આમોદના શ્રી અજિતનાથ ભગવાનના દેરાસરમાં પધરાવી દેવામાં આવી છે.

[અનુસંધાન પૃષ્ઠ : ૧૩૯ થી ચાલુ]

પદાર્થોના સંયોગથી વૃદ્ધિની પ્રાપ્તિ કરીએ છીએ. આ વૃદ્ધિ કાર્મિક છે અને પૌદ્‌ગલિક પદાર્થોના સંયોગથી થાય છે માટે કર્મ પૌદ્‌ગલિક છે.

૪. કર્મ પૌદ્‌ગલિક છે, કેમકે તેનું પરિવર્તન આત્માના પરિવર્તનથી ભિન્ન છે. કર્મોનું પરિણામિત્વ (પરિવર્તન) તેના કાર્ય શરીર વગેરેના પરિણામિત્વથી જાણી શકાય છે. શરીર વગેરેનું પરિણામિત્વ આત્માના પરિણામિત્વથી ભિન્ન છે; કેમકે આત્માનું પરિણામિત્વ અરૂપી છે, જ્યારે શરીરનું પરિણામિત્વ રૂપી છે. આથી કર્મ પૌદ્‌ગલિક છે.

સંસારી આત્માનો કર્મોની સાથેનો સંયોગ એટલા માટે જ થાય છે કે કર્મ મૂર્ત છે અને સંસારી આત્મા પણ કર્મયુક્ત હોવાથી કથંચિત્ મૂર્ત છે. આત્મા અને કર્મનો આ સંયોગ અનાદિ છે; એટલા માટે જ એ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી કે, પહેલાં આત્મા અને કર્મનો સંયોગ કેવી રીતે થયો? એકવાર આ સંયોગ સર્વથા સમાપ્ત થઈ જતાં ફરી સંયોગ થતો નથી, કેમકે એ સમયે આત્મા પોતાના શુદ્ધ અમૂર્ત રૂપમાં પહોંચી જાય છે એ જ મોક્ષ છે. એ જ સંસારથી નિવૃત્તિ છે. એ જ સિદ્ધ અવસ્થા છે. એ જ ઈશ્વર અવસ્થા છે. એ જ અંતિમ સાધ્ય છે. એ જ દુઃખની આત્યંતિક નિવૃત્તિ છે. એ જ સુખનું અંતિમ રૂપ છે. એ જ જ્ઞાન, દર્શન, સુખ અને વીર્યની પરાકાષ્ઠા છે.

સંસારી આત્મા

[ગતાંક : ૭, પૃષ્ઠ : ૧૧૫ પૂર્ણ]

આત્મા 'પ્રત્યેક શરીરમાં ભિન્ન છે.' આ વાત તે દાર્શનિકોની માન્યતાના ખંડનરૂપે કહેવામાં આવી છે, જેઓ કેવળ એક આધ્યાત્મિક તત્ત્વ માને છે. જેમની માન્યતાનુસાર પ્રત્યેક આત્માની સ્વતંત્ર સત્તા નથી. જૈન દર્શનની માન્યતા અનુસાર એક જ શરીરમાં અનેક આત્માઓ રહી શકે છે. પરંતુ એક આત્મા અનેક શરીરોમાં રહી શકતો નથી. નૈયાયિક વગેરે દાર્શનિકો પણ અનેક આત્માઓની સ્વતંત્ર સત્તામાં વિશ્વાસ કરે છે. આ અનેકતાની દૃષ્ટિએ જૈન દર્શનમાં અને તેમાં મતૈક્ય છે. (સ્વદેહપરિમાણની દૃષ્ટિએ જે મતભેદ છે તેનો વિચાર કરી ચૂકયા છીએ.) અદ્વૈત વેદાંત માને છે કે, આધ્યાત્મિક તત્ત્વ એક જ છે, તે સર્વવ્યાપક છે અને સર્વત્ર સમાનરૂપે રહે છે. અવિદ્યાના પ્રભાવના કારણે આપણે એમ સમજીએ છીએ કે, આત્માઓ ભિન્ન ભિન્ન છે, જે રીતે એક જ આકાશ ઘટાકાશ, પટાકાશ આદિ રૂપોમાં પ્રતિભાસિત થાય છે એ જ પ્રકારે અવિદ્યાના કારણે એક જ આત્મા અનેક આત્માઓના રૂપમાં પ્રતિભાસિત થાય છે. એક જ પરમેશ્વર કુટસ્થ, નિત્ય, વિજ્ઞાનધાતુ અવિદ્યાના કારણે એક પ્રકારે માલમ પડે છે.[૧]

આ માન્યતાનું ખંડન કરતાં જૈનાચાર્યો કહે છે કે જ્યાં સુધી આકાશનો પ્રશ્ન છે, ત્યાં સુધી એમ કહેવું ઉચિત છે કે તે એક છે; કેમકે અનેક વસ્તુઓને પોતાની અંદર અવગાહના દેતાં પણ તે એક રૂપ રહે છે. તેમાં કોઈ ભેદ દૃષ્ટિગોચર થતો નથી. અથવા આકાશ પણ એકાંતરૂપે નથી; કેમકે તે પણ ઘટાકાશ, પટાકાશ, મઠાકાશ આદિ અનેક રૂપમાં પરિણત થતું રહે છે. દીપકની માફક તે પણ કથંચિત્ નિત્ય છે અને કથંચિત્ અનિત્ય, આમ છતાં માની લો કે આકાશ આકાશ એક રૂપ છે; પરંતુ જ્યાં સુધી આત્માનો પ્રશ્ન છે ત્યાં સુધી એવી કોઈ પણ એકતા માલમ પડતી નથી, જેના કારણે બધા ભેદો સમાપ્ત થઈ જાય. એ બરાબર છે કે, તેનું સ્વરૂપ એક સરખું છે આમ છતાં યે એમાં એકાંતિક અભેદ નથી. માયાને વચ્ચે નાખીને ભેદને મિથ્યા સિદ્ધ કરવો યુક્તિસંગત નથી; કેમ કે માયા સ્વયં અસિદ્ધ છે. આત્મા પ્રત્યેક શરીરમાં ભિન્ન છે, પ્રત્યેક પિંડમાં અલગ છે. સંસારના બધા જીવિત પ્રાણીઓ ભિન્ન ભિન્ન છે, કેમ કે તેમના ગુણોમાં ભેદ છે, જેમ ઘટમાં હોય છે. જ્યાં કોઈ પણ વસ્તુના ગુણોમાં અન્ય વસ્તુના ગુણોથી ભેદ નથી થતો ત્યાં તે વસ્તુ તેનાથી અલગ નથી હોતી, જેમ આકાશ હોય છે.

બીજી વાત એ છે કે, જો સમગ્ર સંસારનું અંતિમ તત્ત્વ એક જ આત્મા છે તો સુખ, દુઃખ, બંધન, મુક્તિ વગેરે કોઈની પણ જરૂરત રહેતી નથી. જ્યાં એક હોય ત્યાં ભેદ બની શકતો નથી. ભેદ હમેશાં અનેક હોય ત્યાં જ હોય છે. ભેદનો અર્થ જ અનેકતા છે. માયા અથવા અવિદ્યા પણ આ સમસ્યાનું સમાધાન કરી શકતુ નથી; કેમકે જ્યાં કેવળ એક તત્ત્વ

---

૧. तेषां सर्वेषमैकत्वं सम्यग्दर्शनप्रतिपक्षभूतानां प्रतिबोधायेदं शारीरिकमारब्धम्। एक एव परमेश्वरः कूटस्थनित्यो विज्ञानधातुरविद्यया मायया मायाविवदनेकधा विभाव्यते नान्यो विज्ञान धातुरस्ति ॥

—शारीरिकभाष्य, १, ३, १९

છે ત્યાં માયા અથવા અવિદ્યા નામની કોઈ વસ્તુ જ હોઈ શકતી નથી. તેને માટે કોઈ સ્થાન રહેતું નથી. તાત્પર્ય એ છે કે, એક તત્ત્વવાદી ભેદનું સંતોષજનક સમાધાન કરી શકતો નથી. એ અમારા અનુભવની વસ્તુ છે કે, ભેદ હોય છે માટે ભેદનો અપલાપ કરી શકાતો નથી. એ દશામાં સુખ, દુઃખ, જનન, મરણ, બંધન, મુક્તિ વગેરે અનેક દશાઓના સંતોષપ્રદ સમાધાન માટે અનેક આત્માઓની સ્વતંત્ર સત્તા માનવી અત્યંત આવશ્યક છે. [૨]

આત્માના ગુણોમાં ભેદ કેવા છે, તેનો જવાબ દેતાં કહેવામાં આવ્યું છે કે, આત્માનું સામાન્ય લક્ષણ ઉપયોગ છે. પરંતુ આ ઉપયોગ અનંત પ્રકારનો હોય છે; કેમકે પ્રત્યેક આત્મામાં ભિન્ન ભિન્ન ઉપયોગ હોય છે. કોઈ આત્મામાં ઉપયોગનો ઉત્કર્ષ હોય છે તો કોઈમાં અપકર્ષ હોય છે. ઉત્કર્ષ અને અપકર્ષની અંતિમ અવસ્થાઓની વચ્ચે અનેક પ્રકારો છે. આત્માઓ અનંત છે, તેથી આત્માના ભેદથી ઉપયોગના ભેદ પણ અનંત છે. [૩]

અહીં સાંખ્ય દર્શનના ત્રણ હેતુઓનો નિર્દેશ કરી દેવો જોઈએ જેનાથી પુરુષબહુત્વની સિદ્ધિ કરવામાં આવી છે. એ ત્રણે હેતુઓ આત્માના બહુત્વની સિદ્ધિ માટે ખૂબ ઉપયોગી છે. પહેલો હેતુ છે 'जननमरणकरणानां प्रतिनियमात्' અર્થાત્ ઉત્પત્તિ. મૃત્યુ અને ઇંદ્રિયાદિ કરણોની વિભિન્નતાથી પુરુષબહુત્વનું અનુમાન થઈ શકે છે. બીજો હેતુ છે 'अयुगपत् प्रवृत्तेः' અર્થાત્ અલગ અલગ પ્રવૃત્તિને જોઈને પુરુષબહુત્વની કલ્પના થઈ શકે છે ત્રીજો હેતુ છે त्रैगुण्यविपर्ययात्' અર્થાત્ સત્ત્વ, રજસ્ અને તમસ્‌ની અસમાનતાથી પુરુષબહુત્વની સિદ્ધિ થઈ શકે છે. [૪] 'સત્ત્વ, રજસ્ અને તમસની અસમાનતા' ના સ્થાને 'કર્મની અસમાનતા'નો પ્રયોગ કરી શકાય છે. આત્માના બહુત્વની સિદ્ધિ માટે આટલી ચર્ચા ઘણી છે.

આત્મા 'પૌદ્ગલિક કર્મોથી યુક્ત છે;' આ લક્ષણ બે વાત પ્રગટ કરે છે. પહેલી વાત તો એ છે કે લોક કર્મ વગેરેથી સત્તામાં વિશ્વાસ રાખતા નથી, તેમના સિદ્ધાંતનું ખંડન કરે છે. બીજી વાત એ છે કે, જે લોકો કર્મને માને છે, પરંતુ તેને પૌદ્ગલિક અર્થાત્ ભૌતિક માનતા નથી તેમના મતને દૂષિત ઠરાવે છે. 'કર્મ' પદથી જ પહેલી વાત નીકળે છે અને 'પૌદ્ગલિક' પદથી બીજી વાત સ્પષ્ટ થાય છે.

ચાર્વાક લોકો કર્મની સત્તામાં વિશ્વાસ કરતા નથી. તેમની માન્યતાનું ખંડન કરતાં કહી શકાય કે, સુખ-દુઃખ આદિની વિષમતાઓનું કોઈ ને કોઈ કારણ અવશ્ય છે. કેમકે આ એક પ્રકારનું અંકુરની માફક કાર્ય છે. કેવળ આત્મા એનું કારણ બની શકતો નથી; કેમકે આત્મામાં સુખ-દુઃખ આદિની વિષમતા હોતી નથી. તે તો અનંત સુખાત્મક છે અને વળી ચાર્વાક તો આત્માને માનતા જ નથી. ભૂતોનો વિશિષ્ટ સંયોગ પણ આ વિષમતાનુ કારણ બની શકતો નથી; કેમકે તે સંયોગની વિષમતાની પાછળ કોઈ ને કોઈ અન્ય કારણ અવશ્ય હોવું જોઈએ. જે કારણે સંયોગમાં વૈષમ્ય ઉત્પન્ન થાય છે, તે કારણ શું છે? એ કારણની શોધમાં વર્તમાનને છોડીને ભૂતકાળ સુધી પહોંચવું પડે છે. એ જ કારણ કર્મ છે. જો કોઈ એમ કહે કે

---

૨. विशेषावश्यकभाष्य, १५८२

૩. विशेषावश्यकभाष्य, १५८३

૪ जननमरणकरणानां प्रतिनियमादयुगपत् प्रवृत्तेश्च ।
पुरुषबहुत्वं सिद्धं त्रैगुण्यविपर्ययाच्चैव ॥ —सांख्यकारिका, १८

અમને કર્મો પ્રત્યક્ષ નથી એટલા માટે કર્મોને માનવાની કોઈ જરૂરત નથી. એવી અવસ્થામાં તેને એ ઉત્તર આપી શકાય કે, જે વસ્તુ ઇંદ્રિય પ્રત્યક્ષનો વિષય ન હોય તે છે જ નહિ એમ કહી ન શકાય. અન્યથા ભૂત અને ભવિષ્યના જેટલા કોઈ પણ પદાર્થો છે તે બધા અસત્ બની જશે; કેમકે તે આપણને આ સમયે પ્રત્યક્ષ નથી. આ સ્થિતિમાં બધા વ્યવહારો નષ્ટ થઈ જશે. પિતાના મરણ પછી 'હું મારા પિતાનો પુત્ર છું' એમ કહી શકાશે નહિ; કેમકે પિતા પ્રત્યક્ષ નથી. આ મુશ્કેલીને દૂર કરવા માટે અનુમાનનો આધાર લેવો પડે છે. 'પુત્ર' કાર્ય છે એટલા માટે તેના કારણ 'પિતા' અવશ્ય હોવા જોઈએ. એજ રીતે કર્મોના કાર્યને જોઈ કારણરૂપ કર્મોનું અનુમાન લગાડવું જ પડે છે. આ વસ્તુને બીજી રીતે જોઈએ. પરમાણુ ઇન્દ્રિય પ્રત્યક્ષનો વિષય નથી; પરંતુ ઘટ વગેરે કાર્યોને જોઈને તેના કારણરૂપ પરમાણુઓનું અનુમાન કરી શકાય છે. એ જ પ્રકારે સુખ–દુઃખ વગેરેના વૈષમ્યને જોઈને તેના કારણરૂપ કર્મોનું અનુમાન યુક્તિસંગત છે.

અહીં એ પ્રશ્ન થાય છે કે, ચંદન, અંગના વગેરેના સંયોગથી વ્યક્તિને સુખની પ્રાપ્તિ થાય છે અને વિષ, કંટક, સર્પ વગેરેથી દુઃખ મળે છે. આ પ્રત્યક્ષ જોવાતાં કારણો જ સુખ અને દુઃખનાં કારણો છે. એવી સ્થિતિમાં આપણે અદૃશ્ય કારણોની કલ્પના શા માટે કરીએ? જે કારણો જોવાય છે તેને છોડીને અપ્રત્યક્ષ કારણોની કલ્પના કરવી એ ઠીક નથી. પ્રશ્ન સાચો છે; પણ તેમાં થોડોક દોષ છે. દોષ એ છે કે, તે વ્યભિચારી છે. એ આપણા પ્રતિદિનનો અનુભવ છે કે, એક જ પ્રકારનાં સાધનો હોવા છતાં એક વ્યક્તિ અધિક સુખી થાય છે, જ્યારે બીજો ઓછો સુખી થાય છે, ત્યારે ત્રીજો દુઃખી થાય છે. સમાન સાધનોથી બધાને સમાન સુખ મળતું નથી. આ જ વાત દુઃખનાં સાધનોના વિષયમાં પણ કહી શકાય છે. આના માટે કોઈ અદૃષ્ટની કલ્પના કરવી જ પડે છે.

જે રીતે આપણે યુવાવસ્થાના દેહને જોઈને બાળદેહનું અનુમાન કરીએ છીએ એજ રીતે બાળદેહને જોઈને કોઈ બીજા દેહનું અનુમાન કરવું જોઈએ. આ શરીર 'કાર્મણ શરીર'[1] છે. આ પરંપરા અનાદિકાળ સુધી ચાલી જાય છે.

આપણે શરીરરૂપ કાર્યથી કર્મરૂપ કારણનું અનુમાન કરીએ છીએ અને શરીર તો ભૌતિક છે—પૌદ્ગલિક છે એવી સ્થિતિમાં કર્મ પણ પૌદ્ગલિક જ હોવાં જોઈએ. જૈન દર્શન તર્કની આ માગણીનું સમર્થન કરે છે. કર્મને પૌદ્ગલિક સિદ્ધિ કરવા માટે નીચેના હેતુઓ ઉપસ્થિત કરે છેઃ—

૧. કર્મ પૌદ્ગલિક છે, કેમકે તેનાથી સુખ–દુઃખાદિનો અનુભવ થાય છે જેના સંબંધથી સુખ–દુઃખાદિનો અનુભવ થાય છે તે પૌદ્ગલિક હોય છે, જેમ ભોજન વગેરે. જે પૌદ્ગલિક નથી હોતાં તેના સંબંધથી સુખ–દુઃખ વગેરે પણ નથી થતાં, જેમ આકાશ.

૨. જેના સંબંધથી તીવ્ર વેદના વગેરેનો અનુભવ થાય છે તે પૌદ્ગલિક હોય છે; જેમ અગ્નિ કર્મના સંબંધથી તીવ્ર વેદના વગેરેની પ્રતીતિ થાય છે; આથી કર્મ પૌદ્ગલિક છે.

૩. પૌદ્ગલિક પદાર્થના સંયોગથી પૌદ્ગલિક પદાર્થની જ વૃદ્ધિ થઈ શકે છે; જેમ ઘડે. તેલ વગેરેના સંયોગથી વૃદ્ધગુન્મુખ બને છે. એવી જ સ્થિતિ આપણી છે. આપણે બાળ

[જુઓ : અનુસંધાન પૃષ્ઠ : ૧૩૬]

1 विशेषावश्यकभाष्य; १६१४



प्रवर्तिनी मेरुलक्ष्मी केस्तोत्र

पं. पू. उपा. विनयसागरजी साहित्याचार्य, दर्शनशास्त्री, साहित्यरत्न, काव्यतीर्थ तथा शास्त्रविशारद

प्रस्तुत दोनों स्तोत्रोंकी प्रणयित्री प्रवर्तिनी मेरुलक्ष्मी गणिनी साध्वी हैं। मेरे संग्रहकी ६ पत्रों की प्रति जो अनुमानतः १६ वीं शताब्दिकी लिखी हुई है, उसमें चार स्तोत्र अञ्चलगच्छेश शीलरत्नसूरिकृत हैं, और दो प्रवर्तिनी मेरुलक्ष्मी गणिनीके। अतः संभवतः रचयित्रीका समय १६ वीं शती या तत्पूर्व है, और प्रवर्तिनी अंचलगच्छकी ही होगी! इनके सम्बन्धमें विशेष कुछ भी ज्ञात नहीं है। 'प्रवर्तिनी, गणि' शब्द होने से इतना तो स्पष्ट है कि साध्वी महोदया गणनायिका अवश्य थी और यह रचना उनकी प्रौढावस्था की ही है।

ये दोनों स्तोत्र आदिनाथ और तारंगामण्डन अजितनाथके हैं। ७ और ५ पद्य संख्याकी दृष्टि से तो स्तोत्र बहुत ही छोटे हैं परन्तु लघुकाय होते हुए भी सरस और प्रवाहपूर्ण है, इनकी भाषा भी प्राञ्जल है। प्रथम स्तोत्रमें द्रुतविलंबित, वंशस्थ, वसन्ततिलका और शार्दूलविक्रीडित आदि छन्दोंकी योजना होनेसे मालूम होता है कि प्रणयित्री छन्दःशास्त्र और साहित्यशास्त्रकी भी विदुषी थी।

१. आदिनाथ-स्तवनम्।

सकलमङ्गलदं रुचिरच्छविं, दुरितशैलविभेदनसत्पविम्।
जिनवरं नृपनाभितनूरुहं, विपुलसौख्यकरं प्रणमाम्यहम् ॥१॥

स्वर्णाभं गुणभासुरं धृतशमं ज्ञानश्रियालङ्कृतं,
सम्यक्पुण्यपथप्ररूपणपरन्धायव्रतत्यम्बुदम्।
शक्रव्रातसुसेव्यमानचरणाम्भोजद्वयं सन्ततं,
वन्देऽहं त्रिजगद्गुरुं गुरुतरं मोहान्धकारे रविम् ॥२॥

निखिलसौख्यमहार्णवसद्विधुं, गुणसितच्छदखेलनमानसम्।
प्रशमसिन्धुरवन्ध्यमहीधरं, जिनपतिं प्रणमामि वृषाङ्कितम् ॥३॥

यशः श्रिया निर्जितचन्द्रदीधितिं, ध्यानामलज्वालितकर्मसन्ततिम्।
नीरागतादूरितभावविद्विषं, सेवे युगादीशजिनं महात्विषम् ॥४॥

वैराग्यमानससरोवरराजहंसं, प्रौढप्रभासुरनरेशशिरोऽवतंसं,
इक्ष्वाकुवंशतिलकं भुवनाभिरामं, कामं दधामि हृदये प्रथमं जिनेशम् ॥५॥

सन्ततं जलजतायुतमत्र, पङ्कजं च शशिनं च विमुच्य ।
अद्वितीयकमलापदपद्मं, सेवे ते तव विभो ! गतदोषम् ॥६॥

एवं श्रीऋषभं गुरूत्तमगुणं यः स्तौति भक्त्यान्वहं,
भव्याम्भोजविकाशनग्रहपतिं स्फारप्रभाशालिनम् ।
तस्यानन्दविधायिनी प्रतिदिनं मेरुस्थितिस्थेयसी,
लक्ष्मीर्वेश्मनि गेरमीति जनता पुण्यप्रतिष्ठोदया ॥७॥

इति प्रव० मेरुलक्ष्मीगणिकृतं श्रीआदिनाथस्तवनम् ।

२. तारङ्गामण्डन–

श्रीअजितनाथस्तवनम् ।

(अनुष्टुप् छन्दः)

केवलज्ञानसम्पूर्णं, वन्देऽहमजितं जिनम् ।
इक्ष्वाकुवंशशृङ्गारसारमुक्ताफलोपमम् ॥१॥

जितशत्रुकुलाम्भोजे, विजयाकुक्षिपल्वले ।
सुस्वरः शुद्धपक्षोऽयं, राजते राजहंसवत् ॥२॥

मोहमल्लविजेतारं, रागद्वेषविवर्जितम् ।
स्तौमि श्रीअजितं देवं, सुरासुरनमस्कृतम् ॥३॥

अनन्तगुणधातारं, सन्तोषसुखसागरम् ।
प्रणमामि महाभक्त्या, वैजयेयं जिनेश्वरम् ॥४॥

एवं स्तुतो मया भक्त्या, तारणाद्रिविभूषणम् ।
श्रीमान् श्रीअजितस्वामी, दद्यान्मे वाञ्छितं फलम् ॥५॥

इति प्रवर्त्तनी वा० मेरुलक्ष्मीगणिकृतं तारङ्गामण्डनश्रीअजितनाथस्तवनम्

हर्षसागर रचित

राजसी साह रासका सार

लेखक : श्रीयुत भंवरलालजी नाहटा

[गतांकसे पूर्ण]

राजड़के मनमें बड़ी उमंग थी। उसने विमल, भरत, समरा, जियेष्टल, जावड, बाहड़ और वस्तुपालके शत्रुंजयोद्धारकी तरह नाग नयरमें चैत्यालय करवाया। सं. १६७२ में उसका मंडाण प्रारंभ किया। वास्तुक जसवंत मेघाने अष्टमीके दिन शुभ महूर्त्तमें ९९ गज लंबे और ३५ गज चौड़े विशाल जिनालयका पाया लगाया। पहला थर कुंजाका, दूसरा किलषु, तीसरा किंवास, चौथा मांको, पांचवा गजड़बंध, छट्ठा डोढिया, सातवां स्तरभरणी, आठवां सरावट, नवां मालागिर, दसवां स्तर छाजा, ग्यारहवां छेपार और उसके उपर कुंभिविस्तार किया गया। पहला दूसरा जामिस्तर करके उस पर शिला--शृंग बनाये। महेन्द्र नाम चौमुख शिखरके ६०९ श्रृंग और ५२ जिनालयका निर्माण हुआ। ३२ पुत्तलियां नाट्यारंभ करती हुई, १ नेमिनाथ चौरी, २६ कुंभि, ९६ स्तंभ चौमुखके नीचे तथा ७२ स्तंभ उपरिवर्त्ती थे। इस तरह नागपद्म मण्डपवाले लक्ष्मीतिलक प्रासादमें श्रीशांतिनाथ मूलनायक स्थापित किये। द्वारके उभय पक्षमें हाथी सुशोभित किये। आबूके विमलप्रासादकी तरह नौतनपुरमें राजड़ साहने यशोपार्जन किया। इस लक्ष्मीतिलक प्रासादमें तीन मण्डप और पांच चौमुख हुए। वाम पार्श्वमें सहसफणा पार्श्वनाथ, दाहिनी और संभवनाथ (२ प्रतिमा, अन्य युक्त) उत्तर दिशिकी मध्य देहरीमें शांतिनाथ, दक्षिणदिशिके भूंयरेमें अनेक जिनबिंब तथा पश्चिमदिशिके चौमुखमें अनेक प्रतिमाएँ तथा पूर्वकी ओर एक चौमुख तथा आगे विस्तृत नलिनी एवं शत्रुंजयकी तरह ३२ पूतलियां स्थापित की। तीन खिलखा तोरणवाला यह जिनालय तो नागनयर--नौतनपुरमें बनवाया। तथा अन्य जो मन्दिर बने उनका विवरण बताया जाता है।

भलसारणि गांवमें फूलझरी नदीके पास जिनालय व अंचलगच्छकी पौषधशाला बनाई। सोरठके राजकोटमें भी राजड़ने यश स्थापित किया। वासुदेवकृष्णका प्रासाद मेरुशिखरसे स्पर्धावाला था। यादववंशी राजकुमर वीभोजी कुमार (भार्या कनकावती व पुत्र जीवणजी--महिरामण) सहितके भावसे ये कार्य हुआ। कांडाबाण पाषाणका शिखर तथा पासमें उपाश्रय बनवाया। कालावड़ेमें यति-आश्रम--उपाश्रय बनवाया, मांढिमें शिखर किया और पंचधार भोजनसे भूपेन्द्रको जिमाया। दोसौ गोठी जो मूढ थे वे सुज्ञानी श्रावक हुए। कांडाबाणि पाषाणसे एक पौषधशाला बनवाई। कच्छ देशमें ओसवालोंके माढा स्थानमें एक राजड़ चैत्य है और बड़ी प्रसिद्ध महिमा है।

नागनयरके उत्तरदिशामें अन्न-पाणीकी परब खोली। कच्छके मार्गमें बिड़ी तट स्थानमें

पथिकोंके लिए विश्रामगृह करवाया और पास हीमें हनुमंत देहरी बनवायी। आम नदीके पूर्वकी ओर बहुत से स्तंभोवाला एक चौरा बनवाया जिसकी शीतल छायामें शीत व तापसे व्याकुल मानव आकर बैठते हैं। नवानगरमें राजड़ने विधिपक्षका उपाश्रय बनवाया सौ द्वार वाली वस्तुपालकी पौषधके सदृश राजड़की अंचलगच्छ परशाल थी। धारागिरके पास तथा अन्यत्र इन्होंने वखारें की। काठावाणि पाषाणका सप्तभूमि मन्दिर सुशोभित था। जिसकी सं. १६७५ में राजड़ने बिंबप्रतिष्ठा करवायी। जाम साहबने इन्हें बड़ा आदर किया। सं. १६८७ के दुष्कालमें गरीबोंको रोटी तथा १॥ कलसी अन्न प्रतिदिन बांटते रहे। वणिकवर्ग जो भी आता उसे स्वजन की तरह सादर भोजन कराया जाता था। इस दुष्कालमें जगडूसाह की तरह राजड़ने भी अन्नसत्र खोले और पुण्यकार्य किये।

अब राजड़के मनमें शत्रुंजय यात्राकी भावना हुई और संघ निकाला। शत्रुंजय आकर प्रचुर द्रव्यव्यय किया। भोजन और साकरके पानीकी व्यवस्था की। आदिनाथ प्रभु और बावनजिनालयकी पूजा कर ललितसरोवर देखा। पहाड़ पर जगह जगह जिनवंदन करते हुए नेमिनाथ, मरुदेवी माता, रायण पगली, शांतिनाथप्रासाद, अदबद आदिनाथ, विघ्नविनाशन यक्षस्थानमें फल नारियल भेंट किये। मुनिवर कारीकुण्ड (?) मोल्हावसही, चतुर्विंशतिजिनालय, अनुपमदेसर, वस्तुगप्रासाद आदि स्थानोंमें चैत्यवंदना की। खरतर देहरा, आदिनाथ, चौमुखचोकी, सिंहद्वार आदि स्थानोंको देखते हुए वस्तुपाल देहरी, नंदीश्वर जिनालय, होकर तिलखा तोरण–भरतेश्वरकारित आदि जिनालयके द्वार पर आये। दाहिनी ओर साचोरा महावीर, विहरमान, पांच पांडव, अष्टापद, ७२ जिनालय, मुनिसुव्रत और पुण्डरीकस्वामीको वंदना कर मूलनायक आदीश्वर भगवानकी न्हवण विलेपनादिसे विधिवत पूजा की। फिर नवानगरमें आकर सात क्षेत्रोंमें द्रव्यव्यय किया।

रामूने गौडी पार्श्वनाथकी यात्राके निमित्त भूमिशयनका नियम ले रखा था, अतः संघ निकालनेका निश्चय किया गया। वागड़, कच्छ, पंचाल, हालार आदि स्थानोंके संघ निमंत्रण पाकर एकत्र हुए। पांचसौ सेजवाला लेकर संघ चला, रथोंके खेहसे सूर्य भी मंद दिखाई देता था। प्रथम प्रयाण धूआवि, दूसरा भाद्रेश, तीसरा केसी और चौथा बालामेय किया। वहांसे रणमें रथ घोड़ोंको खेड़कर पार किया और कोकांण आये, एक रात रह कर अजार पहुंचे। यहां यादव खेंगारके पास अगणित योद्धा थे। कुछ दिन अजारमें रह कर संघ थमथाक पहुंचा। वहांसे चुखारि वाव, लोद्राणी, रणनी घेड़, खासरी, राणासर होते हुए पारकर पहुंचे। राणाको भेंट देकर सम्मानित हुए, फिर गौडीजी तरफ चले। चौदह कोस थलमें चलनेपर श्रीगौडीजी पहुंचे। नवानगरसे चलने पर मार्गमें जो भी गांव नगर आये, दो सेर खांड और रौप्यमुद्रा लाहण की। राजड़ और रामाने भावपूर्वक प्रभु दर्शन कर सतरह भेदी पूजा की। संघ इतर लोगोंको अन्न व मिष्टान्न भोजन द्वारा भक्तिकर संतुष्ट किया।

अब श्रीगौडजीसे वापस लौटे और नदी, गांव और विषम मार्गको पार करते हुए सकुशल नवानगर पहुंचे। राजड़साहकी बड़ी कीर्ति फैली। जब अचलगच्छके स्वधर्मी बन्धुओंमें राजड़ साहने जो लाहण वितरित की, वह समस्त भारतवर्ती ग्रामनगरमें निवास करनेवाले श्रावकोंसे सम्बन्धित थी। रासमें आये हुए स्थानोंकी नामावली यहां दी जाती है जिससे उस समय अंचलगच्छका देशव्यापी प्रचार विदित होता है। १ नौतनपुर, २ धूआवि, ३ बणथली ४ पडधरी, ५ राजकोट, छड़ला, कड़, मोरबी, हलवद, कटारिया, विहद, थमथक, चकासर, अजार, भद्रेस, भूज, मास्की, बारुडी,

मुलतानपुर, कोटड़े, साकर, भुजनगर, सिन्ध-सामही बदीना, सारण अमरपुर, नसरपुर, फतेबाग, सेवा-नम, उच्च, मुलतान देराउर, सरवर रोहड़ी, गोरगढ़, हाजीखानदेरा, संखला मिहरक, सकलपुर, लाहोर, नगरकोट, बीकानेर, सरसा, भटनेर, हांसी, हसार (?) उदिपुर, खीमसर, चित्तुड़, अजमेरि, रणथंभर, आगरा, असराणा, बडोद्रे, तआरे, लोद्राणी, खारवी सामोसण, मह्रीआणी, मोद्रे, बरवी, पारकर, बिहिराणे, सातलपुर, बहुद्वार, अहिवालि, वाराही, राधनपुर, सोही, वाव, थिराद्रे, सूराचंद, राडद्रह, साचोर, आलोर, बाहडमेर, भाद्रेस, कोटडे, विद्याले, शिवबाडी, समीयाणे, जसुल, महेवा, आसणकोट, जेसलमेर, पुहुकरण, जोधपुर, नागौर, मेडता, अल्लाबाद, सकन्दराबाद, फतेपुर, मेवात, मालपुरा, सांगानेर, नडुलाई, नाडोल, देसूरी, कुंभलमेर, सादडी, मीमावाव, कुंभलमेर, सादडी, राणपुर, खिवसे, गुन्दवच, पावे, सोझित, पाली, आउवा, गोढे, रोहीठ, जितारण, पदमपुर, उमीआ, भीनमाल, भमराणी, खांडप, धणसा, बाघोडे, मोरसी, ममते, कूकती नरता, नरसाणू, थूमडी, गाहूड, आंबलीमाल, झारली, सीरोही, रामसण, मंडाहड, आबू, बिहिराणे, ईडरगढ, वीसलनगर, अणहलपुर-पाटण, रुमुंहंदि, लालपुर, सीधपुर, महिसाणा, गोटाणे, वीरमगाम, संखीसर, मांडल, अघार, पाटडी, बजाणे, लोलाडे, धोलका, धंधूका, वीरपुर, अमदावाद, तारापुर, मातर, बडोदरा, बोमरि (?), हांसुट, सूरति भरुच, जाळण, कंतडी, बीजापुर, खडकी, मांडवगढ, दीवनगर, घोघा, सरवा, पालीताणा, जूना-गढ देवकापाटण, ऊना, देलवाडा, मांगलुर, कूतीआणे, राणावाव, पुर, मींआणी, भणवड, रावपर, भणगुरे, खंभावीए, बीसोतरी, तथा मांड्के गोठी महाजन व झांखरिके नागडावसी जो राजडके निकट कुटुंबी हैं तथा छींकारीमें भी लाहण बांटी। महिमाणे, कच्छी ओसवालोंमें हालीहर, उसवरि, तसूए, गडकानो, तीकवाहे, कालावडे, मलूआ, हौणमती, भणसारणि इत्यादि कच्छके सभी गांवोंमें अंचलगच्छीय महाजनोंके घर लाहण वितीर्ण की।

राजडके भ्राता नैणसी तथा उसके पुत्र सोमाने भी बहुतसे पुण्य कार्य किये। राजडके पुत्र धर्मसी भी शालीभद्रकी तरह सुन्दर और राजमान्य थे। इन्होंने विक्रमवंश—परमारवंशकी शोभा बढाई। शत्रुंजय पर इन्होंने शिखर (–बद्ध जिनालय) बनवाया।

वीरवंशवाणे सालवीउडक गोत्रके पांचसौ घर अणहिलपुरमें तथा जलालपुर, अहिमदपुर, पंचासर, कनडी, बीआपुर आदिस्थानोंमें भी रहते थे। गजसागर, भरतऋषि तथा श्रीकल्याणसागर सूरिने उपदेश देकर प्रतिबोध किया। प्रथम यशोधन शाखा हुई। नानिग पिता और नामलदे माताके पुत्र श्रीकल्याणसागरने संयमश्रीसे विवाह किया वे धन्य हैं। इन गुरुके उपदेशसे लाहण भी बांटी गयी तथा दूसरेभी अनेक पुण्य प्राप्त हुये।

अब राजडसाहने द्वितीय प्रतिष्ठाके लिए निमित्त गुरुश्रीको बुलाया। सं. १६९६ मिती फाल्गुन शुक्ला ३ शुक्रवारके दिन प्रतिष्ठा सफल हुई। उत्तर दिशिके द्वारके पास विशाल मण्डप बनाया। चौमुख छत्री व देहरी तथा पगथियां बनाये। यहांसे पोळे प्रवेश कर चैत्यप्रवेश होता है दोनों ओर ऐरावण गजों पर इन्द्र विराजमान किये। साह राजडने पुत्र पौत्रादिकयुक्त प्रचुर द्रव्यव्यय किया।

प्रतिष्ठाके प्रसंगसे साह राजसीने नगरके समस्त अधिवासी बालगोपालको भोजन कराया। प्रथम ब्राह्मणोंको दस हजारका दान दिया व भोजन कराया। नाना प्रकारकी भोजनसामग्री तैयार की गई थी। इन्होंने चतुर्थव्रत ग्रहण करनेके प्रसंग पर भी समस्त महाजनोंको जिमाया। पर्यूषणके पारणेका भोजन तथा साधु साध्वीए, चौरासी गच्छके महात्मा महासतियोंको दान दिया। छत्तीस राजकुली लोगोंको जिमाया। फिर सूत्रधार, सिलावट, सुथार, क्षत्री, ब्रह्मक्षत्री, भावसार, रावणरोसू,

नारोइ, भाटीया लोहाणा, खोजा, कंसारा, भाट भोजक, गंधर्व, व्यास, चारण, तथा अन्य जातिके याचकोंको एव लाडिक, नाउक, सहिता, धूइआ तीनो प्रकारके कणबी, सतुआरा, भणसाली, तंबोली, माली, मणियार, भडभूजे, आरुआ, लोहार, सोनी, कंदोई कमाणगिर, धूधू, सोनार पटोली गांची, छीपा, धोबी, हजाम, मोची, सिसाइत, बधारा, चूनारा, प्रजापति, आदि सभी वर्णके लोगोंको पक्वान्न भोजन द्वारा संतुष्ट किया।

अब कवि हर्षसागर राजड शाहकी कीर्तिसे प्रभावित देशोंके नाम बताते हैं। जिस देशमें लोग अश्वमुखा, एकलपगा, श्वान-वानरमुखा, गर्दभखगा तथा हाथीरूप, सूअरमुखा तथा स्त्रीराजके देशमें, पंच भर्त्तारी नारीवाले देशमें, राजड साहके यशको जानते हैं। सिर पर सगडी, पैरोंमें पावडी तथा हाथसे अग्नि घडीभर भी नहीं छोडते ऐसे देशमें, चीन-महाचीन, तिलग, कलिंग, वरेश, अग, बग, चितौड जेसलमेर, मालवा, शवकोट, जालोर, अमरकोट, हरजम, होगलाज, सिंध-ठठा, नसरपुर, हरमज, बदीना, आदन, बखुस, रेडबाही, कनडी, बीजापुर, खंभात, अहमदाबाद, दीव, सोरठ, पाटण, कच्छ पंचाल, बागड, हालाहर, हरमति इत्यादि देशोंमें विस्तृत कीर्तिवाला राजड साह सपरिवार आनंदित रहे।

स. १६९८ में विधिपक्षके मेरुतुंगसूरि-सुभमेरु-कमलमे-प. भोमाकी परपरामें उदयसागरके शिष्य हर्षसागरने इस रास-प्रबधकी वैशाख सुदि ७ सोमवारके दिन रचना की।

सरिआदेके रासका सार

साह राजड के सघके बाद किसीने सघ नही निकाला। अब सरीयादेने साह राजडके पुण्यसे गिरनारतीर्थका सघ निकाला और पांच हजार द्रव्यव्यय कर सं. १६९१ के अक्षयतृतीयाके दिन यात्रा कर पचधार भोजनसे सघकी भक्ति की। रा. मोहनसे नागडा चतुर्विधकी उत्पत्तिको ही पूर्वाश्रापके अनुसार पुत्री असुखी तथा जहां रहेंगे खूब द्रव्य खरचके पुण्य कार्य करेंगे व तीनोंको तारेंगे।

सरियादेने स. १६९२ में यात्रा करके मातृ पितृ व श्वसुर पक्षको उज्ज्वल किया। उसने मातप क्षमणस पूर्ण करके छ'री पालते हुए आबू और शत्रुजयकी भी यात्रा की। ३०० सिजवाला तथा ३००० नर-नारियोके साथ जुनागढ गिरनार चढी। भाट, भोजक, चारण आदिका पोषण किया, फिर नगर लौटी।

इनके पूर्वज परमारवंशी रा. मोहन अमरकोटके राजा थे जिन्हें सद्गुरु श्रीजयसिंहसूरिने प्रतिबोध देकर जैन बनाया था। कर्मयोगसे इनके पुत्रपुत्री नहीं थे। आचार्यश्रीने इन्हें मद्य, मांस और हिंसा त्याग करवाके जैन बनाया। गुरुने इन्हें आशिस दी जिससे इनके ८ पुत्र हुए पांचवा नाग हुआ। बाल्यकालमे व्यतरोपद्रवसे बालक डरने लगा। बहुतसे उतारणादि किये बादमे एक पुरुषने प्रकट होकर नागसे नागडा गोत्र स्थापित करनेका कहा और सब कार्योंकी सिद्धि हुइ।

राणादेके रासका सार

राजड साहने स्वर्गसे आकर मानवभवमें सर्व सामग्री सपन्न हो बडे बडे पुण्य कार्य किये। अपनी अर्द्धांगिनी राणादेके साथ जो सुकृत किये अपार हैं उसने स्वधर्मीवात्सल्य करके ८४ ज्ञातिवालोंको जिमाया। इसमें सतरह प्रकारकी मिठाइयां—जलेबी, पेंडा, बरफी, पतासा, गेवर दूधपाक, साकरियाचना, इलायची पाक, मरकी, अमृती, मोतीचूर, साकूणी इत्यादि तैयार किये गये थे। ओसवाल, श्रीमाली आदि महाजनोंकी स्त्रियां भी जिम्मनवारमें बुलाई गयी थी। इन सबको भोजनोपरान्त पान, लवग, सुपारी, इलायची, आदिकी मनुहारकी केसर, चंदन, गुलाबके छांटणे देकर श्रीफलसे सत्कृत किया गया था। भाट-भोजक व चारण आदि याचकजनोंको भी जिमाया तथा दीन हीन व्यक्तियोंको प्रचुर दान दिया। राणादेने लक्ष्मीको शुभ कार्योंमें व्यय कर तीनों पक्ष उज्ज्वल किये।

Shri Jaina Satya Prakasha. Regd. No. B. 3801 શ્રી જૈન સત્ય પ્રકાશ

શ્રી જૈન સત્ય પ્રકાશ
અંગે સૂચના

યોજના

૧. શ્રી. જૈનધર્મ સત્ય પ્રકાશક સમિતિ દ્વારા 'શ્રી. જૈન સત્ય પ્રકાશ' માસિક ૧૯ વર્ષ થયાં પ્રગટ કરવામાં આવે છે.

૨. એ સમિતિના આજીવન સંરક્ષક તરીકે રૂા. ૫૦૦) આ૦ દાતા તરીકે રૂા. ૨૦૦) આ૦ સહસ્ય તરીકે રૂા. ૧૦૧) રાખવામાં આવેલા છે. આ રીતે મદદ આપનારને માસિક કાયમને માટે મોકલવામાં આવે છે.

વિનંતિ

૧. પૂજ્ય આચાર્યાદિ મુનિવરો ચતુર્માસનું સ્થળ નક્કી થતાં અને શેષ કાળમાં જ્યાં વિહરતા હોય એ સ્થળનું સરનામું માસિક પ્રગટ થાય એના ૧૫ દિવસ અગાઉ મોકલતા રહે અને તે તે સ્થળે આ માસિકના પ્રચાર માટે ગ્રાહકો બનાવવાનો ઉપદેશ આપતા રહે એવી વિનંતિ છે.

૨. તે તે સ્થળોમાંથી મળી આવતાં પ્રાચીન અવશેષો કે ઐતિહાસિક માહિતીની સૂચના આપવા વિનંતિ છે.

૩. જૈનધર્મ ઉપર આક્ષેપાત્મક લેખો આદિની સામગ્રી અને માહિતી આપતા રહે એવી વિનંતિ છે.

ગ્રાહકોને સૂચના

૧. "શ્રી જૈન સત્ય પ્રકાશ" માસિક પ્રત્યેક અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થાય છે.

૨. આ માસિકનું વાર્ષિક લવાજમ રૂા. ૩) ત્રણ રૂપિયા રાખવામાં આવ્યું છે.

૩. માસિક વી. પી. થી ન મંગાવતાં લવાજમના રૂા. ૩) મનીઑર્ડરદ્વારા મોકલી આપવાથી અનુકૂળતા રહેશે.

૪. આ માસિકનું નવુ વર્ષ દિવાળીથી શરૂ થાય છે. પરંતુ ગ્રાહક ગમે તે અંકથી બની શકાય

૫ ગ્રાહકોને અંક મોકલવાની પૂરી સાવચેતી રાખવા છતાં અંક ન મળે તો સ્થાનિક પોસ્ટ ઑફિસમાં તપાસ કર્યા પછી અમને સૂચના આપવી.

૬. સરનામું બદલાવવાની સૂચના ઓછામાં ઓછા ૧૦ દિવસ અગાઉ આપવી જરૂરી છે.


લેખકોને સૂચના

૧. લેખો કાગળની એક તરફ વાંચી શકાય તેવી રીતે શાહીથી લખી મોકલવા.


૨. લેખો ટૂંકા, મુદ્દાસર અને વ્યક્તિગત ટીકાત્મક ન હોવા જોઈએ.

૩. લેખો પ્રગટ કરવા ન કરવા અને તેમાં પત્રની નીતિને અનુસરીને સુધારોવધારો કરવાનો હક તંત્રી આધીન છે.

મુદ્રક : ગોવિંદલાલ જગશીભાઈ શાહ, શ્રી શારદા મુદ્રણાલય, પાનકોર નાકા, અમદાવાદ.
પ્રકાશક : ચીમનલાલ ગોકળદાસ શાહ
શ્રી. જૈનધર્મ સત્ય પ્રકાશક સમિતિ કાર્યાલય, જેશિંગભાઈની વાડી, ઘીકાંટા રોડ–અમદાવાદ


श्री जैन सत्य प्रकाश
તંત્રી
ચીમનલાલ ગોકળદાસ શાહ
તા. ૧૫-[illegible]-૫[illegible] . અમદાવાદ
વર્ષ ૧૯ : અંક : ૯]
[ક્રમાંક : ૨૨૫

विषय-दर्शन



નવી મદદ

૧૦) પૂજ્ય મુનિરાજ શ્રી. મહાપ્રભવિજયજી મ૦ ના ઉપદેશથી શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, **બાર્શી** (સોલાપુર)

૧૦) પૂજ્ય આ. શ્રી. માણેકસાગરસૂરીશ્વરજી મ૦ ના ઉપદેશથી શ્રી જૈન સંઘ, **બુહારી**

૫) પૂજ્ય મુનિરાજ શ્રી. મહાપ્રભવિજયજી મ૦ ના ઉપદેશથી શેઠ ચંદનમલ જવાનમલ, **બાર્શી** (સોલાપુર)

॥ ॐ अर्हम् ॥
अखिल भारतवर्षीय जैन श्वेताम्बर मूर्तिपूजक
मुनिसम्मेलन संस्थापित
श्री जैनधर्म सत्यप्रकाशक समितिनुं मासिक मुखपत्र
शेठ जेशिंगभाईनी वाडी : घीकांटा रोड : अमदावाद (गुजरात)

वर्ष : १९	विक्रम सं. २०१० : वीर नि. सं. २४८० : ई. स. १९५४	क्रमांक
अंक : ९	જેઠ સુદ ૧૪ : મંગળવાર : ૧૫ જુન	२२५



આત્મનિર્મળતાના પંથે

[૨]

લેખક: પૂજ્ય મુનિરાજ શ્રી મહાપ્રભવિજયજી

આત્માના વિકાસમાં માનવ જીવનની મહત્તા વિશે (ગતાંક : ૪–૫ માં) આપણે જોઈ ગયા છીએ. કેવળ માનવભવ મળવા માત્રથી વિકાસ સધાતો નથી. પહેલાં એ જિજ્ઞાસા થવી જોઈએ કે જીવન વિકાસ માટે માર્ગ કર્યો છે? નીતિકારોએ માનવજીવન મળ્યા પછી ધર્મનું શ્રવણ દુર્લભ બતાવ્યું છે.

આજના વિજ્ઞાનયુગે શ્રવણની અનેક સામગ્રી અર્પી છે. ગ્રામોફોન અને રેડિયોમાં અનેક કર્ણપ્રિય ગીતો રોજ સાંભળવા મળે છે. દૂર દેશના રોજ–બ–રોજના બનતા બનાવો પણ ઘેર બેઠે આપણે સાંભળી શકીએ છીએ. કોઈ ગાયકનાં ગીત સાંભળવાં હોય તો પૈસાના જોરે તેને ઘેર બોલાવી સાંભળી શકીએ છીએ. આ પ્રકારનું શ્રવણ તો સુલભ છે પરંતુ ધર્મનું શ્રવણ દુર્લભ છે.

સાચા ત્યાગી ગુરુ પાસેથી જ ધર્મનું શ્રવણ શક્ય છે. એવા ગુરુની શોધ કરવી સરળ નથી.

આજકાલ ધંધાદારી સંતોનો રાફડો ફાટ્યો છે. કેટલાયે ભજનિકો ધંધાદારી મહાત્માઓ બની બેઠેલા છે. એમનાં ભજન કે વ્યાખ્યાન સાંભળવા માટે ભારે કિંમત ચૂકવવી પડે છે.

ભજન કે વ્યાખ્યાનને એમણે એક કળા તરીકે અપનાવી હોય છે, જ્યારે એમના જીવનમાં ભજનના આદર્શની કોઈ આચરણા જોવાની નથી. એનાથી કેવળ સમય પૂરતો આનંદ મળે ખરો પણ જીવનમાં એની કશી સ્થાયી અસર થતી નથી.

એ જ પ્રકારે જ્ઞાન પણ કદાચ વિશિષ્ટ વિદ્વાન પાસેથી કે પુસ્તક સામગ્રીથી સુલભ છે પણ જ્ઞાનની સાથે ત્યાગ અને તેના અનુભવની નિઃસ્વાર્થ વાણી સાંભળવા મળે એ જ દુર્લભ છે. જીવનને પલટાવવા માટે—સન્માર્ગે દોરવા માટે ત્યાગ જ અસર કરી શકે છે. ત્યાગની અસર કદી ભૂંસાતી નથી. ઘેર બેઠે કે પૈસાના જોરે ત્યાગી મહાત્માઓની વાણી સાંભળવા મળે એ શક્ય નથી. જ્ઞાની અને ત્યાગી મહાત્માઓ મળે તો જ ધર્મનો માર્ગ સાંભળવા મળે.

આથી જ માનવભવ એ જીવન વિકાસનું પ્રથમ સોપાન છે તો ધર્મ શ્રવણ એનું બીજું સોપાન કહી શકીએ.

સાચા ગુરુઓ પાસે આવતાં જ આપણી દુર્બુદ્ધિ હટે છે, વાણી સત્યપૂત બને છે, પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય છે, પાપ નાશ પામે છે, હૃદયમાં આહ્લાદ ઉપજે છે અને છેવટે કીર્તિ ફેલાય છે.

એવા ગુરુઓની વાણી સાંભળતાં આત્માની શુદ્ધિનું જ્ઞાન મળે છે, જડ–ચેતનનો ભેદ સમજાય છે. એના પારસ્પરિક સંબંધો કેવા છે એ જણાય છે. મતલબ કે, ધર્મશ્રવણથી જ્ઞાન મળે અને જ્ઞાનથી વિજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. આ વિજ્ઞાન આપણને શ્રદ્ધાના માર્ગે દોરી જાય છે.

આજે વિજ્ઞાનયુગ છે. પ્રયોગથી જે હકીકત બતાવી શકાય તેના તરફ લોકોનું આકર્ષણ થાય છે.

જ્ઞાન ગમે તેટલું લઈએ પણ સાચા જ્ઞાન માટે શ્રદ્ધા ન જન્મે તો એ જ્ઞાન કશા ઉપયોગમાં આવતું નથી. જ્ઞાન આપનાર ગુરુ પ્રત્યે પણ શ્રદ્ધા ન થાય તો એ જ્ઞાન આપણામાં સંચાર પામતું નથી. આથી શ્રદ્ધા એ સંયમનું દ્વાર છે. શ્રદ્ધા હોય તો જ આપણે આચરણ તરફ–સંયમ માર્ગે આગળ વધી શકીએ છીએ.

સંયમની ભાવના જાગતાં પ્રત્યાખ્યાનની શરૂઆત થાય છે. એનાથી સંવર થાય છે એટલે કર્મોને આવવાનાં દ્વાર બંધ થાય છે. આત્મા ઉપર જે મલિન રજ લાગતી તે રોકાઈ જાય છે, એ રોકાયા પછી આત્મા ઉપર લાગેલાં પહેલાંનાં કર્મોને દૂર કરવા માટે નિર્જરા કરાય છે. નિર્જરાની પ્રક્રિયા તપ દ્વારા સધાય છે. એ તપથી જ્યારે આત્મા ઉપર લાગેલાં પહેલાંનાં કર્મો વિખેરાઈ જાય છે ત્યારે આત્મા નિર્મળ બને છે. આત્માની આવી નિર્મળતાને જ મુક્તિ કહેવામાં આવે છે. બધાં કર્મોનો નાશ કરીને આત્મા જે સ્થળે જાય અને ફરી જન્મ લેવો ન પડે તેનું નામ મુક્તિ.

આત્માની નિર્મળતાનો આ ક્રમ કેટલો સુંદર અને વૈજ્ઞાનિક છે તે આ ઉપરથી સમજાય છે.

આજે જેને વિજ્ઞાન કહેવામાં આવે છે તે વિજ્ઞાન ભૌતિક છે. એટલે પદાર્થોનું પ્રયોગ-વિજ્ઞાન છે. તેમાં ફેરફારને પણ અવકાશ રહે છે. પરંતુ હજારો વર્ષો પહેલાં જે મહાત્માઓએ પોતાની આધ્યાત્મિક સાધના દ્વારા જે વિજ્ઞાન શોધી કાઢ્યું તે આજે પણ અક્ષુણ્ણ અને અપરિવર્તનીય છે. આધ્યાત્મિક વિજ્ઞાન એ ભારતવર્ષની અને તેમાંયે કેવળી ભગવંતોએ આપણા ઉપકાર માટે આપેલી મહામૂલી ભેટ છે. એ ભેટનો ઉપયોગ સદા જાગ્રત બુદ્ધિએ સૌ કરતા રહે એમ ઇચ્છીએ.

એક ભૂલ ભરેલું ચિત્ર

[સંપાદકીય]

મુંબઈના ટાઈમ્સ ઓફ ઈન્ડિયા કાર્યાલય તરફથી પ્રગટ થતા 'ઇલિસ્ટ્રેટેડ વીકલી'માં સને ૧૯૫૪ના મે માસની ૯મી તારીખના અંકમાં જૈન સાધુનું એક ચિત્ર રજૂ થયું છે તે સાચા ચિત્રથી એટલું બધું વેગળું છે કે તે જોઈને કોઈ પણ જૈન સાધુની ઓળખાણ ન પડે. આ વિશે પૂ. મુનિરાજ શ્રીકાંતિસાગરજીએ અમને સૂચન કર્યું ત્યારે જ જાણવા મળ્યું. 'જૈન પત્ર'માં પણ આ વિશે તેમના તરફથી સૂચન કરવામાં આવેલ છે. જ્યારે ડૉ. ક્રાઉઝે (સુભદ્રાદેવીએ) એ પત્રના સંપાદકને જૈન સાધુના આવા ભૂલભરેલા ચિત્ર વિશે પત્રથી જણાવ્યું (જે પત્ર અહીં પ્રગટ કરવામાં આવ્યો છે) છતાં તેનો તેમને હજુ સુધી જવાબ મળ્યો નથી. અમારી સમિતિ તરફથી પણ એ વિશે અમે પત્ર લખ્યો છે.

આ ચિત્રમાં જૈન સાધુને કફની પહેરેલા અને ખભે ઝોળી લટકાવતા ચીતર્યા છે, જે કોઈ રીતે યુક્ત નથી. કેમકે કોઈ પણ ફિરકાના જૈન સાધુ કફની પહેરતા નથી અને ખભે ઝોળી લટકાવતા નથી એ વાત જાણીતી છે. બીજાં ચિહ્નો પણ જૈન સાધુઓ સાથે મેળ ખાય એવાં નથી. અલબત્ત, ચિત્રની ભાવના વિશે અમારે કશું કહેવું નથી.

'ઇલિસ્ટ્રેટેડ વીકલી' જેવું પ્રસિદ્ધ સાપ્તાહિક દેશ–વિદેશમાં ખૂબ પ્રચાર પામેલું છે. એવા સાપ્તાહિકમાં આવું ખોટું વિકૃત ચિત્ર રજૂ થાય ત્યારે આ દેશ કે પરદેશમાં જેઓ જૈન સાધુઓથી પરિચિત નથી તેમના ઉપર ખોટી છાપ પડે એ સમજી શકાય એવી વાત છે. વિદેશી વિદ્વાન જ્યારે જૈન સાધુનો આ ચિત્ર દ્વારા પરિચય મેળવી ભારતમાં આવે અને જૈન સાધુને મળે ત્યારે તેને સાધુના વેશ–પરિવર્તનનો વિચિત્ર ખ્યાલ આવે અથવા ખુલાસો થાય ત્યારે જ આ ચિત્રની ભૂલ એને સમજાય.

કોરી કલ્પનાથી કામ ચલાવી શકાતું નથી. નવલકથાકાર કે કવિને પણ દેશ–કાળ સાથે સામંજસ્ય જોડવું પડે છે. ત્યારે ચિત્રકારની જવાબદારી તો તેથીયે વધી જાય છે. એને તો ભાવના, વેશભૂષા, દેશ–કાળ વગેરેની તદાકારતા સાધવી પડે છે અને ચિત્રના વિષયનો સાચો ખ્યાલ આપવો પડે છે.

વળી, આ ચિત્રનો વિષય કંઈ ભૂતકાળનો બની ગયો છે એવું પણ નથી. ભારતમાં ઠેર ઠેર જૈન સાધુઓ વિચરે છે. તો પછી કેવળ કલ્પનાથી કામ લેવાની શી જરૂર? ચિત્રકારની સાથે સંપાદકે પણ આવું ચિત્ર પ્રસિદ્ધ કરવાની ભૂલ કેમ કરી હશે, એ પણ એક પ્રશ્ન જ છે.

જૈનો વિશે આવી ગેરસમજૂતીઓ ભૂતકાળમાં ઘણી થઈ હતી પરંતુ આજે તો પ્રતિદિન સામગ્રી સુલભ બનતી જાય છે. એ વિશેનું અધ્યયન પણ બહોળા પ્રમાણમાં થતું જાય છે. પરિણામે ભૂતકાળમાં થયેલી ભૂલોનો સુધાર તે તે લેખકો કે ચિત્રકારો દ્વારા આપમેળે જ થતો રહે છે.

જૈન સમાજની લાગણી દુભાય અને જૈનધર્મ સંબંધી ખોટો ખ્યાલ રજુ કરે એવા કોઈ પણ લેખ, ચિત્ર કે વિચારો માટે અમારી સમિતિ સદા જાગ્રત રહે છે. આ ચિત્ર માટે પણ અમે ઇલસ્ટ્રેટેડ વીકલીના સંપાદક અને એ ચિત્રકાર પાસેથી સંતોષકારક ખુલાસો મંગાવ્યો છે; અને અમને એ મળવાની ઉમેદ છે.

એક અનુચિત શીર્ષક

લેખિકા:-ડો. શા. ક્રાઉઝે ઉર્ફે સુભદ્રાદેવી, ગવાલિયર

૯ મે ૧૯૫૪ના "ઇલિસ્ટ્રેટેડ વીકલી ઑફ ઈન્ડિયા"ના પૃ. ૨૩૫૨માં "જૈન સાધુઓ" આ શીર્ષકનું શ્રી. બીરેન દે મહોદયનું એક ચિત્ર પ્રકાશિત થયું છે. તેમાં ત્રણ ઉઘાડા પગવાળી સાંવળી પુરુષાકૃતિઓ, લાંબી બાંહવાળા અને ગળાથી પગની ઘૂંટી સુધીના કફની જેવા ધોળા વસ્ત્રોમાં, અને મુખની આગળ કોઈ જૈન સંપ્રદાયવિશેષના મુનિઓની મુખવસ્ત્રિકા જેવા પટા ધારણ કરતા ચિતર્યા છે. ત્રણેની વચમાં, મુખ અને આગળના પગ ઊંચા કરીને એક બકરી આવી રીતે ઊભી છે જાણે તે કોઈ પૂંઠ પકડનારથી ભાગી જઈને આ ત્રણ પુરુષોના શરણમાં આવી હોય. ત્રણેમાંની પહેલી પુરુષાકૃતિ પ્રેક્ષકની સમ્મુખ ઘુંટણ ઉપર બેઠેલી છે. તેનો જમણો હાથ બકરીની આગળ જાણે આ જાનવર બચાવવાની ચેષ્ટામાં લંબાવ્યો છે. બીજી બન્ને પુરુષાકૃતિઓ ઊભી રહીને બકરીની તરફ અભયદાનની મુદ્રા કરે છે, એક જમણા હાથથી, બીજી ડાબા હાથથી. જે પુરુષાકૃતિ ડાબા હાથથી અભય આપે છે તેના ડાબા ખભેથી એક રંગીન ઝોળી લટકે છે, અને તેના માથા ઉપર એક કાળી ટોપી યા તો કેશના ચીંટલા જેવું દેખાય છે.

જો આ ચિત્ર, તેના શીર્ષક ઉપર લક્ષ્ય ન આપતાં ધ્યાનથી નિહાળીએ તો તે પેલી પર્સ્પેક્ટિવ હીન, સપાટ નવીન ચિત્રશૈલીને અનુસરતું ".અહિંસા" વિષયનું એક અસરકારક સાક્ષાત્કરણ કહી શકાય તેમ છે.

પરંતુ શીર્ષક સંબંધી કહેવું પડશે કે જેટલા જૈન સંપ્રદાયો વિદ્યમાન છે તેઓમાંના એક પણ સંપ્રદાયના સાધુઓને માટે આવા વેષ, અર્થાત્ બાંહવાલી કફની, રંગીન ઝોળી અને મસ્તકભૂષા અનુમત હોય તેમ નથી તે આબાલગોપાલ બધાય જૈનોને સારી રીતે જ્ઞાત છે. એટલે કોઈ પણ જૈન આ ચિત્રની ત્રણ આકૃતિઓમા "જૈન સાધુઓને" ઓળખી શકે તેમ બનવાજોગ નથી જ. જો આર્ટિસ્ટમાં જૈન સાધુઓ પ્રત્યે ખરેખર આટલી બધી ભક્તિ અને આદરભાવ હતા અને તેમનુ અંત:કરણ તેમને પોતાની ભાવનાને ચિત્રરૂપ આપવા પ્રેરિત કરતું હતું તો તેઓએ જૈન સાધુઓને સદીઓથી જૈન સાધુત્વને માટે લક્ષણભૂત અને આદર્શપ્રેરક વસ્ત્રોમાં જ કેમ નથી બતાવ્યા ? કાર્ટૂનિસ્ટને છોડીને જે આર્ટિસ્ટ, માની લઈએ રામાયણમાંના કોઈ રાજર્ષિને ખમીસ, કોલર અને નેકટાઈમાં, યા આધુનિક જમાનાના કોઈ વિલાયતી રાજદૂતને ધોતી અને પહેરણ પહેરીને, યા કાલીદાસની શકુંતલા, અનુસયા અને પ્રિયંવદાને ટેનિસ શોર્ટસમાં ચિત્રિત કરશે, એટલે પોતાનો વિષય તેની વિશેષતાઓથી વિપરીત શૈલીમાં પ્રદર્શિત કરશે તે પોતાના ભાવપ્રકાશમાં (કે જે આધુનિક કલાનું સર્વોચ્ચ લક્ષ્ય માની લે છે) કદી પણ સફલ બની શકે તેમ નથી. આવી રીતે જૈન સાધુઓને આવા ફેન્સી ડ્રેસ જેવી વેષભૂષામાં ચિત્રિત કરવાથી આર્ટિસ્ટે ઘણાખરા જાણકાર પ્રેક્ષકોના, વિશેષત: જૈનોના મનમાં વિપરીત પ્રભાવ પાડ્યો છે એમ સંભળાય છે. આર્ટિસ્ટ અને વીકલીના તંત્રી મહોદયને કદાચિત આ વાતની ખબરેય ન હોય. એટલે આપણે તેમનું ધ્યાન તે તરફ ખેંચવું અને નમ્ર પ્રાર્થના કરવી જોઈએ કે તેઓ ચિત્રનુ શીર્ષક બદલીને જૈન સમાજને આભારી કરશે.

ધૂર્તાખ્યાન

[પરિચય]

લેખક : પૂજ્ય પં. શ્રી ધુરંધરવિજયજી

આ ગ્રન્થ આચાર્યપ્રવર શ્રી. હરિભદ્રસૂરિજીએ રચ્યો છે. તેઓશ્રીની રચના એટલે તેની પ્રામાણિકતા માટે કોઈને શંકા કરવાનું રહેતુ નથી. છતાં આ ગ્રન્થ એવા પ્રકારનો છે કે પુરાણ પ્રત્યે પ્રેમ અને શ્રદ્ધા ધરાવતા વર્ગને રુચે નહિ એટલું જ નહિ પણ દુઃખ ઉત્પન્ન કરે. કેટલીક સાચી વાત બીજાને દુઃખદ થઈ પડે એવી હોય છે છતાં તે કહેવી અનિવાર્ય થઈ પડે છે. આ ગ્રન્થ પણ તેવા પ્રકારનો છે.

શ્રી. હરિભદ્રસૂરિજી મૂળ-પૂર્વાવસ્થામાં બ્રાહ્મણ હતા એટલું જ નહિ પણ બ્રાહ્મણમાન્ય સર્વ શાસ્ત્રોમાં પારંગત હતા. જૈન દર્શનમાં તેઓ આવ્યા અને તેમણે નિષ્પક્ષપાતપણે તર્ક-યુક્તિથી અનેક અન્ય દર્શનોની અસંગત વાતોનું ખંડન કરતા ગ્રન્થો રચ્યા. બુદ્ધિને કસોટીએ ચડાવે ને મોટા વિદ્વાનની વિદ્વત્તાનો મદ ગાળી નાખે એવા તેમના ગ્રન્થો આજ પણ વિદ્યમાન છે. એમના એક એક ગ્રન્થમાંથી કોઈ જુદા જ પ્રકારનો પ્રકાશ મળે છે. તેમના બધા ગ્રન્થોમાં આ ગ્રન્થ કોઈ જુદી જ ભાત પાડે છે.

આ સિવાયના તેમના બીજા ગ્રન્થોનું મનન કરીને તેમના વિષે પ્રામાણિકપણે પણ જો કોઇએ અભિપ્રાય બાંધ્યો હોય તો ક્ષણભર આ ગ્રંથ તેમણે રચ્યો હશે કે કેમ એવી શંકા થઈ આવે, છતાં આ ગ્રન્થ તેઓશ્રીએ રચ્યો છે એ નિર્વિવાદ છે.

આ ગ્રન્થમાં જે વિષય ગુંથવામાં આવ્યો છે તે વાંચતાં ગમ્મત આવે છે, તે સાથે પૌરાણિક ઉપહાસ પણ ભારોભાર છે તે વાંચતાં એક પ્રકારની ઘૃણા પણ ઉપજે છે-પુરાણો પ્રત્યે.

ગ્રન્થમાં યોજાયેલી વાત ટૂંકમાં નીચે પ્રમાણે છે.

●

માલવદેશમાં ઉજ્જૈની નગરીની ઉત્તર દિશાએ એક ઉદ્યાન છે. તેમાં દરેક વાતે પૂરા કેટલાક ધૂર્તલોકો ભમતા ભમતા આવ્યા. એ લુચ્ચા લોકોમાં પાંચ જણા મુખ્ય હતા. તેમાં ચાર પુરુષ હતા અને એક સ્ત્રી હતી. પુરુષોનાં નામ-મૂળદેવ, કંડરીક, એલાષાઢ અને શશક-એ પ્રમાણે હતાં અને સ્ત્રીનું નામ ખંડવણા હતું. તે દરેકના હાથ નીચે પાંચસો પાંચસો ધૂર્તો કામ કરતા હતા. ખંડવણા સ્ત્રીના હાથ નીચે પાંચસો ધૂર્ત-કુમારી સ્ત્રીઓ હતી. એમ સર્વ મળી અઢી હજાર ધૂર્તનો સમૂહ એકઠો થયો હતો. ઉજ્જૈની જેવી મોટી નગરી એટલે ચોરે ચૌટે બધા ફરતા અને આજીવિકા ઊભી કરી લેતા. પણ ચોમાસાના દિવસોમાં એક વખત આઠ-દિવસ સુધી ખૂબ વરસાદ પડ્યો; તેમાં ધૂર્તોનું કામકાજ ભાંગી પડયું. રસ્તામાં કોઈ આવે જાય નહિ એટલે તેઓ કોને ધૂતે! છેવટે બધા એકઠા થયા અને ખાવા માટે શું કરવું તેના વિચારમાં પડ્યા. બધા ભૂખ્યા હતા, કોઈની મતિ ચાલતી ન હતી. ત્યારે મૂળદેવે કહ્યું કે, આપણે જે સાંભળ્યું હોય કે અનુભવ્યું હોય તેની વાત કરીએ અને તે વાત ગમે તેવી હોય છતાં સાંભળનારે તેને પુરાણથી સાબિત કરી આપવી. જો સાબિત ન કરી આપે તો તે બધાને ખવરાવવાનું માથે લે. આ આ શરત પ્રમાણે તેણે સહુ પહેલાં એક વાત કરી.

મૂળદેવની વાત—જુવાનીના સમયમાં મારે સંપત્તિ મેળવવી હતી. તે માટે મારા સ્વામીને પ્રસન્ન કરવા માટે છ માસ સુધી સતત માથે જલધારા ધારણ કરવાનું તપ મારે કરવાનું હતું. તે માટે હું આવ્યો. માર્ગમાં મોટું જંગલ આવ્યું, ત્યાં જંગલમાં એક પહાડ જેવો મોટો હાથી મદોન્મત્ત થઈને મારી પાછળ પડ્યો. હાથીથી બચવા માટે હું મારી પાસે કમંડલુ હતું તેમાં પેસી ગયો. મારી પાછળ હાથી પણ તેમાં પેઠો. છ મહિના સુધી તેમાં મેં હાથીને ફેરવ્યો. છેવટે કમંડલુના કંઠના કાણામાંથી હું બહાર નીકળ્યો. મારી પાછળ હાથી પણ નીકળવા ગયો. તે આખો નીકળી ગયો પણ તેના પૂંછડાનો એક વાળ તેમાં સલવાઈ ગયો ને હાથી અટકી ગયો. હું દોડતો દોડતો જતો હતો ત્યાં એક મોટી ગંગા નદી આડી આવી. તેના અગાધ પ્રવાહને મેં બે હાથે પાર કરીને છ માસ સુધી જલધારાનું તપ કરીને મહસેન સ્વામીને પ્રસન્ન કરીને અહીં આવી તમને મળ્યો. બોલો આ વાત સાચી છે કે ખોટી?

કંડરીકે કહ્યું કે, તમારી વાત સાવ સાચી છે. રામાયણ, મહાભારત, પુરાણ વગેરેમાં આવી વાતો ઘણી આવે છે. બ્રહ્માના શરીરમાં બ્રહ્માંડ રહે, જેનો વિષ્ણુ અને બ્રહ્મા પાર ન પામ્યા એવું શિવજીનું લિંગ ઉમાના શરીરમાં સમાય, વાંસના એક પર્વ—ગાંઠામાંથી સો કીચક જન્મે તો તું અને હાથી કમંડલુમાં સમાઈ જાઓ તેમાં શું નવાઈ? શિવની જટામાં હજાર વર્ષ સુધી ગંગા છુપાઈ ગઈ તો કમંડલુમાં છ માસ તું છૂપાઈ રહે તે જૂઠ કેમ કહેવાય? વિષ્ણુની નાભિમાંથી બ્રહ્મા નીકળ્યા અને કમળતંતુ અટકી ગયું તો કમંડલુના છિદ્રમાં હાથીનો વાળ અટકી જાય એ બરાબર છે. કુંતીના કાનમાંથી કર્ણ જેવો કર્ણ જન્મે તો કમંડલુના કાણામાંથી તમે નીકળો તેમાં શું? હનુમાન બે હાથે મોટો સમુદ્ર તરી ગયા તો તમે આ ગંગા નદી બે હાથે તરો એ અસંભવિત નથી. સ્વર્ગમાંથી પડતી ગંગા હજાર વર્ષ સુધી જટામાં શિવે ધારણ કરી તો તેં છ માસ સુધી જલધારા ધારણ કરી એમાં આશ્ચર્ય કાંઇ નથી.

એ પછી કંડરીકે પોતાની વાત કહેવા માંડી:—

કંડરીકની વાત—હું નાનપણમાં ઘણો તોફાની હતો, તેથી મને મારા માબાપે ઘેરથી કાઢી મૂક્યો. હું ભમતો ભમતો એક ગામ ગયો ત્યાં જુદા જુદા ઘણાં પશુઓ હતાં. ગામની બાજુમાં એક મોટું વન હતું. ત્યાં આકાશમાં વાદળ ચડી આવ્યાં ન હોય એવો મોટો વડ હતો. તેની નીચે કમલ નામે એક યક્ષ રહેતો હતો. ઘણા લોકો તેના ભક્ત હતા. હું પણ તેને પ્રણામ કરવા ગયો. ત્યાં ઘણા લોકો ભેળા થયા હતા. એટલામાં ચોરની મોટી ધાડ પડી. બધા ગભરાઈ ગયા. તે બાજુમાં એક ચીભડું હતું તેમાં છૂપાઈ ગયા ને ધાડ પાછી ફરી. એ ચીભડું એક બકરી ગળી ગઈ. બકરીને એક અજગર ગળી ગયો. તે અજગરને એક ઢંક નામે પક્ષી ગળી ગયું ને તે પક્ષી ઊડીને વડ ઉપર બેઠું. વડ નીચે એક રાજાની સેના આવી. તેમાં રાજાનો પટ્ટહસ્તી હતો. પક્ષીનો એક પગ નીચે લટકતો હતો. તેને વડની ડાળ સમજીને તેની સાથે હાથીને બાંધ્યો. પક્ષીએ પગ ઊંચો લીધો. હાથી ઊંચે તણાયો. મહાવતે તે જોઈને બૂમ પાડી. રાજા આવ્યો, શબ્દવેધી સુભટો આવ્યા ને તેઓએ ઢંક પખીની પાંખ છેદી નાખી. પંખી નીચે પડ્યું. રાજાએ તેનું પેટ ચીર્યું, તેમાંથી અજગર નીકળ્યો, અજગરને ચીર્યો તો બોકડી નીકળી. બોકડીનું પેટ ચીર્યું તો ચીભડું નીકળ્યું. ચીભડું ચીર્યું તો અમે બધા નીકળ્યા. પછી બધા રાજાને નમન કરીને ઘેર ગયા ને હું અહીં આવ્યો. જો આ સત્ય હોય તો સાબિત કરો ને મિથ્યા હોય તો ભોજન કરાવો.

કુંડરીકની વાત સાંભળીને એલાષાઢે કહ્યું કે, તારું કહેવું સત્ય છે. વિષ્ણુએ એક ઈંડુ મૂકયું ને તેમાંથી વિશ્વ નીકળ્યું તો તમે બધા ચીભડામાં સમાઈ જાઓ તે યથાર્થ છે. માર્કંડેય મુનિએ પોતાનો અનુભવ યુધિષ્ઠિર ને કહ્યો તે વાત આરણ્યપર્વમાં આવે છે. તેના પ્રલય-કાળે એક વડ ઉપર એક બાળક બેઠો હતો. ઋષિએ તેને બચાવવા હાથ લાંબો કર્યો ને બાળક ઋષિને ગળી ગયો. હજારો વર્ષ સુધી ઋષિ તે બાળકના પેટમાં ભમ્યો ને ત્યાં સુરાસુર-ચરાચર વિશ્વ જોયું પણ તેનો પાર ન પામ્યા ને છેવટે બહાર નીકળ્યા તો તમે બધા ચીભડામાં જરૂર રહી શકો. *દેવકીની કુક્ષિથી જન્મેલા કૃષ્ણે મોઢું પહોળું કર્યું તો તેમાં ચરાચર વિશ્વ જોઈને દેવકી ચકિત થઈ ગઈ. તો તમારા ચીભડા વગેરેની વાત કેમ ખોટી કહેવાય? અને તમે બધા જેમ કૃષ્ણના પેટમાં જીવતા રહ્યા તેમ રહી શકો. વળી દ્રૌપદીના સ્વયંવરમાં એક ધનુષ્ય ઉપર પર્વત આદિ રહ્યા હતા તો પક્ષી વગેરે મોટા હોય તેમાં શું નવાઈ! પહાડ જેવા જટાયુ પક્ષી હતો તે તમે પણ કયાં નથી જાણતા? તો તમારી ઢિંક પંખિણી તમે કહો છો તેવી વિશાળ હોય તેની ના અમારાથી ન પડાય.

એટલે આ બધું તો ઠીક પણ હું એક વાત કહું છું તે સાંભળો ને સાચી લાગે તો સાચી કરી બતાવો ને નહિ તો બધાનાં પેટ ઠારો:—

એલાષાઢની વાત—હું જુવાનીમા ધન માટે ધાતુવાદ શીખ્યો ને તે માટે પૃથ્વી પર ભમતાં મેં જાણ્યું કે પૂર્વ દિશામાં હજાર યોજન દૂર એક પર્વત છે. ત્યાં સહસ્રવેધી રસ છે. તે રસકૂપ ઉપર એક યોજનની મોટી શિલા ઢાંકી છે. હું સો સો યોજનનાં પગલાં ભરતો ત્યાં ગયો અને તે શિલા ઉપાડીને સ્વર્ણકૂપમાંથી રસ લઈને ઘેર આવ્યો. અઢળક સોનું બનાવ્યું અને કુબેરની માફક ભોગ ભોગવતો ને દાન દેતો પ્રસિદ્ધ થયો. એક વખત મારે ત્યાં પાચસો ચોર આવ્યા, મને ઘણો ક્રોધ ચડયો, મેં એક બાણ માર્યું ને દશ ચોરને મારી નાખ્યા. બધા ચોરો એકસામટા મારા ઉપર તૂટી પડયા, મારાં અંગેઅંગ છેદી નાખ્યાં, મારું માથુ લોઢી નીતરતું એક બોરડીને ઝાડે લટકાવી દીધું. મારું માથું ત્યાં બોર ખાવા લાગ્યું. સવારે લોકોએ જોયુ. મારાં બધાં અંગો એકઠાં કરીને માથું મૂકયું ને હું જીવતો થયો. આ મારી અનુભવેલી વાત છે. સાચી માનો કે જૂઠી!

શશકે તેને કહ્યુ કે, આ વાતને જૂઠી કેમ કહેવાય? જમદગ્નિની સ્ત્રી રેણુકાનું માથું, તેના પુત્ર પરશુરામે છેદ્યુ હતુ ને વળી ઋષિએ તેને જીવતી કરી હતી. જરાસંધના બે ખંડ જરાથી સંધાયા હતા. સુંદ અને ઉપસુંદને મારવા માટે દેવતાઓએ તલ-તલ જેટલું સૌન્દર્ય આપીને તિલોત્તમા અપ્સરાને ઘડી હતી. સૂર્યને ફળ માનીને હનુમાને પકડ્યો હતો અને સૂર્યે તેને પછાડીને ટુકડે ટુકડા કરી નાખ્યો હતો. પાછળથી બધા તેના અવયવો ભેગા કરી તેને દેવોએ જીવતો કર્યો હતો. એક હનુ-નમણું ન મળ્યું છતા તે હનુમાન કહેવાયો. મહાદેવના પુત્ર સ્કન્દની ઉત્પત્તિ પણ એવી જ પ્રસિદ્ધ છે. ૭ કૃત્તિકાએ ૭ અવયવો મુખવાળા જનમ્યા

* આ હકીકતને પુષ્ટ કરતો સાહિત્યમા પ્રચલિત એક સુંદર શ્લોક આ પ્રમાણે છે:—

कृष्णेनाम्ब ! गतेन रन्तुमधुना, मृद् भक्षिता केवलं,
सत्य कृष्ण ! क एवमाह मुशली, मिथ्याम्ब ! पश्याननम् ।
व्यादेहीति विदारिते शिशुमुखे, माता समग्र जगत्,
दृष्ट्वा यस्य जगाम विस्मयपद, पायात् स वः केशवः ॥

અને તે સંધાઈ ગયાં તેથી એ જરસુખ પ્રસિદ્ધ થયો. આ સર્વ સત્ય છે તો તું જીવંતો થયો તે અસત્ય કેમ માની શકાય ?

વળી કૃષ્ણના ચક્રથી છેદાયેલું રાહુનું મસ્તક સૂર્ય અને ચન્દ્રને ગ્રસે છે તો તારું મસ્તક ભેગું થાય તેમાં શું ? કૃષ્ણે ત્રણ પગલાંમાં બધી પૃથ્વી આક્રમી હતી તો તુ એક એક ડગલે સો યોજન ભૂમિ ઉલંઘે તે પણ બરાબર છે. હનુમાન આખો દ્રોણ પર્વત ઉપાડીને લક્ષ્મણને માટે વિશલ્યાની જરૂર હતી ત્યારે લાવ્યા હતા તો તુ એક યોજન શિલા ઉપાડે તેમાં શું નવાઈ ! કૃષ્ણે વરાહરૂપે દાઢમાં આખી પૃથ્વી પણ ઉપાડી જ હતી ને ? એ કયાં છાનું છે ? માટે તારી વાત ન માનવા જેવી અમને લાગતી નથી પણ મારી વાત કહું છું, તે તમે માનો કે ન માનો એવી વિચિત્ર છે. માનશો તો સાબિત કરી આપવી પડશે અને નહિ માનો તો બધાને ભોજન કરાવવું પડશે. ઠીક ચાલો, મારી વાત સાંભળો.

શશકની વાત–એક વખત શરદ્ ઋતુના સમયમાં મારા ગામથી દૂર એક પર્વતની પાસે એક ખેતરમાં હું ગયો. તે વખતે એક વનનો હાથી મદોન્મત્ત થઈને પહાડ ઉપરથી ઊતરી મને મારવા દોડયો. ત્યારે હું ત્યાં એક મોટું તલનું ઝાડ હતુ તેના ઉપર ચડી ગયો. હાથી તે ઝાડને સૂંઢમાં પકડી ખૂબ જોરથી હલાવવા લાગ્યો તેથી ઘણા–પારવાર વગરના તલ નીચે પડયા. હાથી તે તલને ખૂંદવા લાગ્યો એટલે જેમ ઘાણીમાં પીલાય તેમ તે બધા તલ પીલાઈ ગયા ને તેમાંથી તેલની મોટી નદી વહેવા લાગી. તે તલના ખોળમાં હાથી ખૂતી ગયો અને ભૂખે તરસે મરણ પામ્યો. હુ નીચે ઊતર્યો ને હાથીનું ચામડું ઉતારીને તેનો એક મોટો ગાડવો બનાવ્યો. દશ ઘડા જેટલું તેલ મેં પીધું અને પેટ ભરીને ખોળ ખાધો. પછી પેલો ગાડવો તેલથી ભરીને તલના ઝાડ ઉપર નિશાન કરીને લટકાવી રાખ્યો. ઘેર આવીને મેં મારા પુત્રને તે લેવા મોકલ્યો. તે ત્યાં ગયો પણ તેને તે ગાડવો મળ્યો નહિ એટલે તે તલનુ આખું ઝાડ ઉખેડીને ઘેર લઈ આવ્યો. બધા લોકો એ જોઈ રહ્યા અને હુ પણ મારા પુત્રને હેમખેમ ઘેર આવેલો જાણીને અહીં આવ્યો.

આ મારી વાત છે. સાચી હોય તો સાચી કરી બતાવો. નહિ તો ભોજન કરાવો.

શશકની વાત સાંભળીને ખંડપાના ધૂતારીએ કહ્યું કે—ભાઈ શશક, તુ કહે છે તે વાત સત્ય છે. શાસ્ત્રમાં એવી ઘણી વાતો આવે છે. પાટલિપુરમાં માષના–અડદના મોટાં ઝાડની મોટી ભેરી કરીને વગાડી હતી એ શાસ્ત્રપ્રસિદ્ધ છે, તો તલનું ઝાડ મોટું હોય તે બરાબર છે. મહાભારતમાં આવે છે કે–તે યુદ્ધ સમયે મદઝરતા હાથીઓના મદની નદી ચાલી ને તેમાં કેટલાયે હાથી–રથ–ઘોડા આદિ તણાયા. મદની નદી ચાલે તો તેલની કેમ ન ચાલે ? તું એમ કહેતો હો કે મેં દશ ઘડા તેલના પીધા ને ખૂબ ખોળ ખાધો એ શુ તમને સાચું લાગે છે ? તો અમે કહીએ છીએ કે એ સાચું તો શું અમને સાવ સામાન્ય લાગે છે. ભીમ ઓરડાના ઓરડા ભરેલા મિષ્ટાન્ન ખાઈને ખાલી કરી નાખતો હતો. હજાર ઘડા મદ્યના પી જતો હતો. કુંભકર્ણ હજાર ઘડા મદ્ય પી ને પાછો છ મહિના ઊંઘી જતો. અગસ્તિ ઋષિ સમુદ્રને અને જહનુ ઋષિ ગંગાને પી ગયા હતા; તો એ બધા આગળ તારા દશ ઘડા શું વિસાતમાં ! વળી ગરુડાખ્યાનમાં ગરુડની ઉત્પત્તિની જે વાત છે અને તેણે તેની માતા વિનતાનું દાસીપણું દૂર કરવા જે પ્રયત્ન કર્યો, તે જોતાં તારો પુત્ર તલનું ઝાડ ઉપાડીને ઘેર લાવે તેમાં નવાઈ નથી. સાત દિવસ સુધી કૃષ્ણે ગોવર્ધન પર્વત ધારણ કર્યો હતો. સમુદ્ર પર સેતુબંધ બાંધવા માટે

વાનરોએ મોટા મોટા પહાડ ઊખેડી નાખ્યા હતા. હનુમાને રાવણની અશોકવાટિકામાં જઈને મોટાં મોટાં અશોકનાં વૃક્ષો ઊખેડી છિન્નભિન્ન કરી નાખ્યાં હતાં, એટલે તારી વાત પણ અમને નવાઈ ઉપજાવતી નથી.

ખંડપાનાએ પોતાની વાત કહેવાની શરૂ કરતાં પહેલાં બધાને કહ્યું કે, તમે બધા મને પગે લાગીને કરગરો તો હું તમને બધાને ભોજન કરાવું. ત્યારે પેલા ચારે જણ કહેવા લાગ્યા કે અમે મહાપુરુષો તને કરગરીએ, તને એક સ્ત્રીને! ત્યારે ખંડપાના હસીને બોલી કે ત્યારે મારી વાત સાંભળો—

ખંડપાનાની વાત—જુવાનીમાં મારું રૂપ-લાવણ્ય કોઈ જુદું જ હતું અને એક વખત ઋતુવંતી થઈને હું એક મંડપમાં સૂતી હતી, મારા ઉપર મોહ પામીને પવને મને ભોગવી. મને પુત્ર થયો ને જન્મતાંની સાથે જ વાત કરીને ચાલતો થયો. મારે ઉમાદેવી નામે એક સખી હતી. તેણે મને આકર્ષણી વિદ્યા આપી. તે વિદ્યાબળે મેં સૂર્યને આકર્ષ્યો ને તેથી મને મહાબલવંત એક પુત્ર થયો. બ્યાસી હજાર યોજન પૃથ્વીને તપાવતા સૂર્યથી મને કાંઈ દાહ થયો નહિ. વળી, એક વખત મેં અગ્નિને આકર્ષ્યો અને તેથી મહાતેજવંત પુત્રને મેં જન્મ આપ્યો. અગ્નિથી હું બળી કે દાઝી નહિ. ફરી એક વખત મેં ઇન્દ્રનું આકર્ષણ કર્યું અને ઇન્દ્ર સમાન પુત્ર જનમ્યો. કહો આ સર્વ સત્ય છે ને?

આ સાંભળી મૂળદેવ વગેરે ચારે જણાએ અનુક્રમે એક પુત્રની વાત સિદ્ધ કરી આપી. પવનથી કુંતીએ ભીમને જન્મ આપ્યો હતો, પવનથી અંજનાએ હનુમાનને જન્મ દીધો તે પ્રમાણે પવનથી તેં પુત્રને જન્મ આપ્યો. પરાશરે યોજનગંધા માછલીને ભોગવી ને વ્યાસનો જન્મ થયો. વ્યાસ જન્મતાંની સાથે માતાને 'અવસરે મને સંભારજે' કહીને ચાલ્યો ગયો—ઇત્યાદિ પ્રસિદ્ધ છે. તો તારો પુત્ર તને કહીને તરત જ ગયો તેમાં શું આશ્ચર્ય? એમ મૂળદેવે કહ્યું. પછી કંડરીકે કહ્યું કે, સૂર્યથી કુંતીને પુત્ર થયો હતો ને તે બળી ન હતી તો તુ ન બળી તેમાં કાંઈ નવાઈ નથી. એલાષાઢે કહ્યું કે, યમની સ્ત્રી ધૂમોર્ણાને અગ્નિએ ભોગવી હતી છતાં દાઝી કે બળી ન હતી તો તને અગ્નિએ ભોગવી ને તું ન દાઝી એ સંભવિત છે. શશકે કહ્યું કે, ઇન્દ્રે ગૌતમપત્ની અહલ્યાને ભોગવી હતી ને ઋષિએ શ્રાપ આપીને ઇન્દ્રને સહસ્રભગ કર્યો હતો. વળી ઇન્દ્રે કુંતીને ભોગવી હતી તેથી અર્જુન જન્મ્યો હતો, તારા જેવી રૂપ-લાવણ્યવતીને ભોગવે તેમાં અદ્‌ભુત નથી. ચારેના પ્રત્યુત્તર સાંભળીને ખંડપાનાએ કહ્યું કે, તમે બધા મને ઓળખો છો ને? હું કોણ છું? મૂળદેવે ઉત્તર આપ્યો કે અમે તને ઓળખીએ છીએ—તું પાટલીપુત્રના રહેવાસી ગૌતમગોત્રીય નાગશર્મા બ્રાહ્મણ અને નાગશ્રી બ્રાહ્મણીની પુત્રી છે. આ સાંભળીને ખંડપાનાએ કહ્યું—એ બરાબર નથી. તે અને હું મળતી છીએ એટલે ભ્રમ થયો છે, બાકી હું તો રાજાના ધોબીની પુત્રી છું ને મારું નામ દગ્ધિકા છે. મારું ઘર રાજાના ઘરની જેમ ધન-ધાન્યથી ભરપૂર છે. રાજાના હજાર કપડાં રોજ હું મજૂરો રાખીને ધોઉં છું. એક વખત ઘણાં કપડાં ધોવાનાં હતાં એટલે હજાર મજૂરોની સાથે ગાડાં ભરીને હું નદીના કાંઠે ધોવા ગઈ. વસ્ત્રો ધોઈને તડકે મૂકવ્યાં હતાં ત્યાં મોટો વાવંટોળ આવ્યો ને બધાં કપડાં ઊડી ગયાં. ઘણું કર્યું પણ વસ્ત્રો ન મળ્યાં એટલે મેં મારા મજૂરોને કહ્યું કે, તમે બધા નાસી જાઓ નહિ તો રાજા દંડશે. બધા નાસી ગયા અને હું ત્યાં એક બગીચામાં ઘોનું રૂપ કરીને રહી. રાત વીતી એટલે મને વિચાર આવ્યો કે સવારે મને જોશે તો શિકારીઓ મારી નાખશે

એટલે મેં આમ્રલતાનું રૂપ લીધું અને અશોક વૃક્ષને વળગી પડી. રાજાએ જાણ્યું કે મારાં સર્વ વસ્ત્રો મોટા વાવટોળથી ઊડી ગયાં છે એટલે તેણે ઢંઢેરો પીટાવ્યો કે હે ધોબીઓ! તમે જ્યાં હો ત્યાંથી પાછા આવો. તમને અભય છે. બધા તે ઢંઢેરો સાંભળીને ઘેર આવ્યા અને હું પણ મારું મૂળ રૂપ ધારણ કરીને ઘેર ગઈ, મારો પિતા ગાડાં લેવાને નદીએ ગયો. તો ગાડાં બાંધવાના દોરડા-વાધરો બધાં શિયાળો ખાઈ ગયાં હતાં. મારો બાપ તેની તપાસ કરતો હતો. તેવામાં તેના હાથમાં એક ઊંદરનું પૂંછડું આવ્યું. તેના મોટામાં મોટા વાધરો કરીને ગાડાં લઈને તે ઘેર આવ્યો. બોલો, આ બરાબર છે ને?

એ સાંભળીને શશકે જવાબ આપ્યો-ઈશ્વરનું લિંગ કેટલું મોટું છે કે જેનો બ્રહ્મા-વિષ્ણુ પણ પાર ન પામ્યા. હનુમાનનું પૂંછડું કેવું મોટું કે લંકાને વીંટી લીધી ને સળગાવી? તો ઊંદરનું પૂંછડું મોટું હોય તે પણ માની શકાય એવી વાત છે. ઇન્દ્રનું અપમાન કરવાથી બૃહસ્પતિના શ્રાપે નહુષ રાજા અજગર થઈને અરણ્યમાં પડ્યો હતો ને યુધિષ્ઠિરે તેને મૂળ રૂપ કર્યો તો તું ધો અને આમ્રલતા થઈને વળી મૂળ સ્વરૂપ પામી તે બરાબર છે.

ખંડપાનાએ વળી કહ્યું કે, હે ધૂર્તના સરદારો! હજુ પણ હું કહું છું કે તમે મારું માનો ને મને પગે પડો તો તમને બધાને પેટ ભરીને ખવરાવું, નહિ તો પાછળથી પસ્તાશો. પછીથી તમારી કોડીની કિંમત નહિ રહે. હું તમને જીતી લઈશ. એ સાંભળીને બધા ધૂર્તોએ કહ્યું કે, તું એક સ્ત્રી! અમને જીતી લઈશ? અમને બ્રહ્મા-વિષ્ણુ-બૃહસ્પતિ કોઈ જીતી શકે એમ નથી. તો તું કોણ હિસાબમાં! ખંડપાનાએ કહ્યું: ત્યારે જુઓ, સાંભળો: રાજાના ઢંઢેરાથી નિર્ભય થયા પછી મને એમ થયું કે મારે તેનાં વસ્ત્રો શોધી આપવાં જોઈએ. એટલે હું રાજાની આજ્ઞા લઈને તે શોધવા નીકળી. મારા ચાર નોકરો પહેલાં નાસી ગયા હતા. પૃથ્વીમાં ભમતી ભમતી આજ હું અહીં આવી ને તમે ચાર મારા નાસી ગયેલા નોકરો છો અને રાજાના વસ્ત્રો લીધાં છે. કેમ બરાબર છે ને? જો ધૂર્તો ના પાડે તો હાર્યા કહેવાય અને ભોજન કરાવવું પડે અને બરાબર છે એમ કહે તો પેલી ધૂતારીના દાસ ગણાય અને વસ્ત્રો આપવાં પડે. એટલે તેઓ મૂંઝાયા, ખેદ કરતાં દીન થઈને કહેવા લાગ્યા કે—હે ખંડપાના! તારી બુદ્ધિ અકળ છે. અમારા જેવા ધૂર્ત સરદારોને પણ તેં ઠગ્યા છે. માટે અમે તને વિનવીએ છીએ કે તું અમને બધાને ખવરાવ. સાત સાત દિવસના અમે ભૂખ્યા છીએ.

ધૂર્તોના વચનથી ખુશ થઈને ખંડપાના બધાને માટે ભોજનની વ્યવસ્થા કરવા ચાલી.

ત્યાંથી તે એક મોટા સ્મશાનમાં આવી. ત્યાં તત્કાલ મરણ પામેલો બાળક કોઈ મૂકી ગયાં હતાં. તે તેણે લઈ લીધો, તેને નવરાવી-સાફ કરી, કપડાં પહેરાવીને ઉજ્જૈની નગરીમાં ગઈ. ત્યાં એક મોટા શેઠને ત્યાં પહોંચી. શેઠને ત્યાં ઘણા લોકો એકઠા થયા હતા. શેઠ વેપારમાં મશગૂલ હતા, ત્યાં પહોંચીને શેઠને ચીડવવા દીનતાથી કહેવા લાગી કે, હે શેઠ! હું ગરીબ બ્રાહ્મણી છું, મારું કોઈ નથી. આ બાળક ઉપર પણ દયા કરીને કાંઈ મદદ કરો. આપ મહાપુરુષ છો, મહા ઉપકારી છો. વારંવાર એ પ્રમાણે તાર-કરુણ સ્વરે બોલીને શેઠના કાર્યમાં વિક્ષેપ કરવા લાગી એટલે શેઠ ચીડાયા અને નોકરને હુકમ કર્યો કે આ રાંડને બહાર કાઢો. નોકરે તેને ધક્કો મારીને બહાર કાઢવા પ્રયત્ન કર્યો, ત્યાં એ એકદમ કપટથી નીચે પડી ગઈ અને જોરથી રોવા લાગી, લોકો એકઠા થઈ ગયા. તે બધાને પેલું મરેલું બાળક બતાવીને કહેવા લાગી કે, આ મારો નોધારીનો આધાર, મારી આશાવેલનો એકનો એક તાંતણો..

આંબળીની લાકડીનો આ પાપી શેઠે નાશ કર્યો. છાતી કૂટતી, વાળ વિખેરતી, ઝૂરતી શેઠને ખૂબ કહેવા લાગી અને ધમકી દેવા લાગી શેઠ ડરી ગયા ને તેને લાગ્યું કે જો આ સ્ત્રી રાજ્યમાં જશે તો મને દંડ થશે એટલે કોઈ પણ ઉપાયે આને સમજાવીને કાઢવી જોઈએ. એમ વિચારીને શેઠ ગરીબ ગાય જેવા થઈને તેની પાસે આવ્યા અને કહેવા લાગ્યા કે 'બે'ન, ઊઠ હવે શું થાય! જેવા ભાવિભાવ, બનવાનું હતું તે બની ગયું—તું હવે ચિંતા ન કર. તારે જોઈએ તેટલુ દ્રવ્ય લઈ જા. એમ કહીને પોતાની રત્નજડિત વીંટી કાઢી આપી.

તે વીંટી લઈને ખડપાના ધૂર્તો પાસે આવી અને બધી વાત કરી. પછી તે વીંટી ઝવેરીને ત્યાં વેચી દઈ બધાને ખૂબ ભોજન કરાવ્યુ. બધા ખંડપાનાની પ્રશસા કરવા લાગ્યા ને સહુ ધૂર્તો પોતપોતાને સ્થાનકે છૂટા પડીને ગયા.

જો વિષ્ણુ સર્વવ્યાપી છે તો બીજુ રહ્યું શુ? પાર્વતીના શરીરના મેલથી ગણેશ ઉપન્યો. પાર્વતી હિમાચલથી ઉપની, વગેરે સર્વ મહાભારત, રામાયણ, પુરાણ આદિનાં વચનો ખોટા સોનાના જેવાં છે, પરીક્ષામાં ટકી શકતાં નથી. ગધેડાના લીંડાંની માફક બહારથી દેખાવડાં અને અન્દરથી સાર વગરનાં છે. માટે તે માનવા યોગ્ય નથી. વચનની પણ પરીક્ષા કરીને જે કષ-છેદ અને તાપથી શુદ્ધ હોય તે જ માનવાં જોઈએ. તેથી આત્મહિત સધાય છે. વ્યવહારનાં સાચા જૂઠા વચનો સસારની વૃદ્ધિ કરે છે જ્યારે મોક્ષમાર્ગમાં આગળ વધારનારાં પારમાર્થિક વચનો આત્માને બચાવે છે અને પરમપદ તરફ લઈ જાય છે. એવાં વચનો વીતરાગ સર્વજ્ઞ પરમાત્માનાં હોય છે. એ જ શ્રદ્ધેય છે અને ઉપાદેય છે. એટલે **तमेव सच्चं निस्संकं जं जिणेहिं पवेइयं**' 'તે જ સત્ય અને નિઃશંક છે કે જે જિનવરોએ પ્રરૂપ્યું છે' એમ દૃઢપણે માનવું અને આચરવું એ શ્રેયસ્કર છે.

* * *

આ ધૂર્તાખ્યાન ૪૮૮ ગાથા પ્રમાણ છે. તે પાંચ વિભાગમાં વહેંચાયેલુ છે. તેની શરૂઆતની ગાથા નીચે પ્રમાણે છે:—

नमिऊण जिणवरिंदे, तिअसेसरवंदिए धुअकिलिसे ॥
विउसजणबोहणत्थं, धुत्तक्खाणं पवक्खामि ॥ १ ॥

છેલ્લે ઉપસંહારની બે ગાથાઓ છે, તે આ પ્રમાણે:—

चित्तउडदुग्गसिरिसंठिएहिं सम्मत्तरायरत्तेहिं ॥
सुचरिअसमूहसहिआ, कहिआ एसा कहा सुवरा ॥ १२३ ॥
सम्मत्तसुद्धिहेउं, चरिअं हरिभद्दसूरिणा रइअं ॥
णिसुणंतकहंताणं, भवविरहं कुणउ भव्वाणं ॥ १२४ ॥

પાંચ વિભાગમાંથી પ્રથમ વિભાગમાં ઉપક્રમ અને મૂળદેવની વાત છે તે ૯૩ ગાથામાં છે. બીજા વિભાગમાં કંડરીકની વાત ૭૫ ગાથામાં છે. ત્રીજા વિભાગમાં એલાષાઢની વાત ૯૮ ગાથામાં છે. ચોથા વિભાગમાં શશકની વાત ૯૮ ગાથામાં છે. પાંચમા વિભાગમાં ખંડપાનાની વાત અને ઉપસંહાર ૧૨૪ ગાથામાં છે. ગ્રંથની ભાષા પ્રાકૃત છે. વચમાં કોઈ કોઈ સ્થળે

પ્રાસ્તવિક સંસ્કૃત શ્લોકો પણ આવે છે. ઉપસંહારની બે ગાથામાં આવતા—'ચિત્રકૂટ-દુર્ગશ્રીમાં રહેલા' અને 'સ્તવવિરુદ્ધ' એ બે વાક્યો ખાસ સૂચક છે તેથી આ ગ્રન્થ શ્રી. હરિભદ્રસૂરિજીનો છે તે ખાસ સૂચિત થાય છે.

ગ્રન્થમાં ગૂંથાયેલ વાતો મહાભારત, રામાયણ અને પુરાણોમાં પ્રસિદ્ધ છે. વર્તમાનમાં પણ તે તે વાતો તેજ પ્રમાણે તે તે ગ્રન્થોમાં વિસ્તારથી ઉપલબ્ધ છે. એટલે પુરાણો વગેરેને નામે ભળતી વાત અહીં કહી છે એમ માનવાને જરી પણ કારણ નથી.

ગ્રન્થની અંતે રહેલી—૧૨૫ મી ગાથા પાછળથી લખાયેલી હોવાનું ગાથાની રચના જોતાં લાગે છે. તે ગાથા આ પ્રમાણે છે:—

सेअंवरवरसूरी, हरिभद्दो कुणउ अम्ह भद्दाइं ॥
जस्स सरिसंखधवले, जिणागमे एरिसा भत्ती ॥ १२५ ॥

*   *   *

આ ગ્રન્થને અનુસાર ૪૨૬ શ્લોકપ્રમાણ સંસ્કૃતમાં શ્લોકબદ્ધ ધૂર્તાખ્યાન શ્રીસંઘતિલકાચાર્યે રચ્યું છે. પ્રાકૃત ગાથાઓને સંસ્કૃત શ્લોકબદ્ધ વ્યવસ્થિત તેમાં ઉતારી છે. તેમાં ભાષાસૌષ્ઠવ પણ સારું જળવાયું છે.

જૂની ગુજરાતીમા આ ધૂર્તાખ્યાન કથાનો બાલાવબોધ પણ થયેલ છે. તેની શરૂઆતમાં એક માલિની શ્લોક અને પાંચ પંક્તિની પુષ્પિકા સંસ્કૃતમાં છે તે સુન્દર છે.

सदुपनिषदनेक–ग्रन्थसन्दर्भाभिः, परसमयतमांसि ध्वंसयित्वाऽपुनाद् यः ॥
गगनमिव दिनेशः शासनं जैनमतत्, स जयतु हरिभद्रः सूरिरुद्दामधामा ॥१॥

इह हि चतुर्दशशतसङ्ख्यप्रकरणप्रणेतृभिः सितपटघटलमुकुटमणिभिर्निःप्रतिमप्रतिभाप्राग्भ्यपराजितामरसूरिभिः श्रीहरिभद्रसूरिभिः मिथ्यादृष्टिभिः प्रणीतानां समयानाम्, अन्तर्वाणिचेतश्चमत्कारकारणि(रिणी)भिः स्वोपज्ञसयुक्त(क्ति)श्रेणीभिः कुमु(स)मयतां सम्यग् व्यवस्थाप्य, तैरेव प्रतिपादितानां भारत–रामायण–पुराणादीनां कथाग्रन्थानामपि धूर्ताख्यानसमानतां दर्शनाय निर्मितस्य धूर्ताख्यानाभिधानस्य कथाग्रन्थविशेषस्य लोकभाषायां कथा लिख्यते ॥

આ ઉપરથી 'ધૂર્તાખ્યાન'નું મહત્ત્વ પણ સમજી શકાય છે. આ ત્રણે ગ્રન્થો 'સિંઘી જૈન ગ્રન્થમાલા'ના ૧૯ ગ્રન્થાંકમા પ્રકટ થયા છે. આ ગ્રન્થને અનુરૂપ કેટલીક વાતો સંક્ષેપથી તો કેટલીક વાતો વિસ્તારથી જુદે જુદે સ્થળે મળે છે. ધર્મપરીક્ષા—સંસ્કૃત ગ્રન્થમાં અને ધર્મપરીક્ષા-રાસમા ઘણો વિસ્તાર છે. શ્રી. હરિભદ્રસૂરિજી વિરચિત 'અષ્ટક' ગ્રન્થની ટીકામાં પણ કેટલીક વાતો ટૂંકમાં છે. 'શ્રીદશવૈકાલિક–ટીકા'માં પણ પ્રસંગે શ્રી. હરિભદ્રસૂરિજીએ એવા વિરુલ કથાનો ઉલ્લેખ કર્યો છે. બીજે અનેક સ્થળે તેના ઉલ્લેખો મળે છે.

મિથ્યાશ્રુત તરીકે પ્રસિદ્ધ શ્રુતજ્ઞાનના ભેદમાં પણ ભારત—રામાયણ આદિ ગણાવ્યાં છે. 'નન્દીસૂત્ર'માં એ પ્રસિદ્ધ છે.

જીવો આ વાંચીને મિથ્યાશ્રુતથી બચે અને સત્યશ્રુત પામીને પરમપદના પથના પથિક બને.



ઉદયન-વિહાર

[૩]

ઐતિહાસિક અનુસંધાન

[ગત અંક ૭, પૃ. ૧૧૦ થી ચાલુ]

લેખક.-પં. શ્રીયુત લાલચંદ્ર ભગવાન ગાંધી, વડોદરા

ગુર્જરેશ્વર કુમારપાલનો પ્રતાપ

મહારાજા કુમારપાલે દક્ષિણ દિશામાં વિજય મેળવ્યો હતો-તેનું પૂર્વોક્ત વર્ણન કર્યાં પછી તેના સાંધિવિગ્રહિક રાજ-સભામાં તેમને વિજ્ઞપ્તિ કરતાં વિશેષમાં જણાવ્યું કે—

"હે મહારાજ! તમારી ભોજન-વેળાને પાળનાર (વેલાધર), **પશ્ચિમ દિશાનો** સ્વામી **સિંધુપતિ** જેને તમે ભોજન આપ્યુ હતું (આ બિચારો જીવતો રહો-એવી અનુકંપાથી જેને ગરાસ તરીકે પિતાનો દેશ આપ્યો હતો), તે દિવસ જમતો નથી, રાત્રે જમે છે. (વેલાધર લોકો સ્વામીનાં દર્શન ન થતાં રાત્રે જમે છે-એવી મર્યાદા છે.)૭૩

વસુધાના ઉપભોગ કરનાર હે મહારાજ! તમારા ભયને કારણે જવણ (યવન દેશનો અધીશ) તાંબુલ ખાતો નથી, કે ભોજન-કાળે પણ ખાતો નથી, વિષયો (શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ)નો ઉપભોગ કરતો નથી (તાંબૂલ-પાન-બીડાનું આસ્વાદન વગેરે મૂકીને, માત્ર તમને આરાધન કરવાના ઉપાયોનો અભ્યાસ કરે છે. ૭૪

ઉવ્વેસર (ઉચ્ચેશ્વર) આપના શત્રુઓને ન મળી જતાં-તેનાથી જૂદો પડીને મણિ-જડિત સોનાના ઘડેલાં આભૂષણોવાળા લાખો શ્રેષ્ઠ ઘોડાઓ મેળવી આપને [ભેટ તરીકે] મોકલાવે છે. ૭૫

પૃથ્વીના ભૂષણરૂપ હે મહારાજ! આપના હર્ષથી વિકસ્વર મુખવાળો તે પ્રસિદ્ધ **કાશી-ભૂષણ** રાજા (વારાણસીનો સ્વામી) હાથીઓ અને ઘોડાઓથી શોભતા એવા આપના દ્વારને શોભાવે છે. (અંદર પ્રવેશ ન થતાં-પ્રતીહાર વડે અટકાવાતા પ્રાયઃ સિંહદ્વારને જ અલંકૃત કરે છે.) ૭૬

---

* "**सिन्धु-वई** तुह चमढण-वेलिओ तुमइ दिन्न-चउणाओ ।
न जिमइ दिवसे जेमइ, निसाइ **पच्छिम-दिसाइ** तह ॥ ७३ ॥
तम्बोलं न समाणइ, कम्मण-काले वि मण्हए **जवणो** ।
विसए अ नोवभुञ्जइ, भएण तुह वसुह-कम्मवण ! ॥ ७४ ॥
मणि-घडिअ-कणय-घडिआहरणे **उव्वे(च्च)सरो** वर-तुरंगे ।
संगलिअ उवय-सङ्के, पेसइ तुह रिउ-असघडिओ ॥ ७५ ॥
हरिस-फुरिआणणो सो, महि-मण्डण ! **कासि-भूसणो राया**
टिविडिक्कइ तुह बारं, हय-खिंखिअ-हत्थि-चिंघइअ ॥ ७६ ॥

તમારા પ્રત્યે અખૂટ ભક્તિ વડે, અખંડિત બહુમાન વડે મંડિત એવો **મગધદેશનો** રાજા, જેનો પૂર્વનો ગર્વ ગળી ગયો છે, તેવો થઈને તમને અખૂટ રત્નાદિ ભેટણું આપે છે. ૭૭

જેનો સ્નેહ તૂટ્યો નથી, તેવા **ગૌડ** દેશના રાજાએ તમારા માટે અસ્ખલિત ગતિવાળા અત્રુટિત મદવાળા, ન્યૂનતા-રહિત (પરિપૂર્ણ) લક્ષણવાળા મોટા ગજરાજોને મોકલ્યા છે. ૭૮

હે મહારાજા! ચાલતી એવી તમારી સેનાએ **કન્નોજ**ના સ્વામીને યશ, પ્રતાપ અને પૃથ્વીથી રહિત થાય એવો ભય-વિહ્વલ કર્યો હતો. ૭૯

હે મહારાજા! પૃથ્વીની નીચે રહેલા (પૃથ્વીનો ભાર વહન કરનારા) કચ્છપને પણ જેણે કંપાવી દીધેલ છે-એવા આપના ચાલતા સૈન્યને જોતાં જ **દશાર્ણપતિ** (દશાર્ણદેશનો રાજા) ભયથી મરી ગયો. ૮૦

કલુષતા વિનાના દૂધ જેવા ઉજ્જ્વલ યશવાળા, પ્રતાપના તાપ વડે શત્રુઓના યશરૂપી કુસુમને કરમાવનારા હે મહારાજા! વ્યૂહ ગોઠવનારા તમારા સૈન્યે તે **દશાર્ણ**પતિના નગર (**ચેદી-બુંદેલખંડ**) રૂપી સમુદ્રનું મંથન કર્યું હતું. ૮૧

હે મહારાજા! મંથન કરેલા દહીંમાંથી જેમ માખણ ગ્રહણ કરાય છે, તેમ મંથન કરેલા તે **દશાર્ણ**પતિના નગરમાંથી કનક (સુવર્ણ) ને ગ્રહણ કરતા તમારા સૈનિકોએ અમને હર્ષિત કર્યા હતા. ૮૨

તે **દશાર્ણ**પતિના સેનાપતિઓ, જેઓ શસ્ત્રો વડે પ્રતિભટોને છેદનારા હોઈ અખંડિત પ્રતાપવાળા હતા, તેઓ પણ તમારા છેદક એવા ભટો વડે છિન્ન થયા છતાં સમર (રણભૂમિ)માં જ રહી ગયા હતા-(અર્થાત્ મૃત્યુ પામ્યા). ૮૩

જેમનાં છત્રો કાપી નાખવામાં આવ્યાં હતાં, જેમના માથાના રક્ષક ટોપા અને મસ્તકો કપાઈ ગયાં હતા-તેવા **દશાર્ણ** દેશના ક્ષત્રિયોની રાજ-લક્ષ્મીને (સપ્તાંગ-સંપત્તને) **ચૌલુક્ય**ના

विच्चिल्लिओ अखुट्टिअ-भत्तीइ तुमम्मि **मगहदेस-निवो**।
उक्खुडिअ-पुव्व-गव्वो, अतुट्टिअं पाहुडं देइ ॥ ७७ ॥
अक्खुडिअ-गमणमतोडिअ-मदमतुडिअ-लक्खण महेभ-कुल ।
अणिलुक्कन्त-सिणेहो, **गउडो** पेसीअ तुज्झ कए ॥ ७८ ॥
लुक्किअ-जसमुल्लूरिअ-पयावमुल्लुक्किअ-मेइणि काही ।
घोलन्ती तुह सेणा, भय-घुलिअं **कन्नउज्जेसं** ॥ ७९ ॥
तुज्झ पहल्लिर-सिन्निरे, घुम्माविअ-ढसमाण-कुम्मम्मि ।
दिट्ठे वि **दसण्ण-वई**, विवट्टमाणो भए मरही ॥ ८० ॥
अणकढिअ-दुद्ध-सुद्द-जस ! पयाव-घम्मट्टिआरि-जस-कुसुम ! ।
तुह गण्ठिअ-वूहेणं, विरोलिओ तस्स **पुर-जलही** ॥ ८१ ॥
मन्थिअ-दहिणो तुप्पं व, घुसलिआ तुस्स **नयरओ** कणयं ।
गिण्हन्तेहिं तुह सेणिएहिं अवजज्जिआ अम्हे ॥ ८२ ॥
तस्स चमूवा समरे, णुमज्जिआ तुह भडेहि णिव्वरिआ ।
णिज्झोडणेहि णिल्लूरणा वि अणल्लूरिअ-पयावा ॥ ८३ ॥

સુભટોએ ગ્રહણ કરી હતી.૮૪

હે મહારાજ ! ત્રિભુવનમાં યશ મેળવનારી (યશસ્વી,) શત્રુઓનો ધ્વંસ કરનારી તમારી સેનાએ **ત્રિપુરીશ્વર**ના (**ચેદી** નગરના સ્વામીના) સૈન્યનું મર્દન કરી તેના માનનું મર્દન કર્યું હતું. ૮૫

તમારી સેનાએ **રેવા** (નર્મદા નદી) ના નક્ર (ગ્રાહ, મગર) આદિ જલચરોનું મર્દન કર્યું, મહાતટોનું અને તટ પરના અખિલ આરામો (ઉદ્યાનો) નું મર્દન કર્યું હતું તથા તેના દ્રહ (ધરા) ના કાદવનું મર્દન કર્યું હતું. ૮૬

પગથી મર્દન કરેલ ધૂળ જેવા કોમળ, અને મંદ મંદ વાતા પવન વડે સહજ ફરકતા એવા **રેવા** (નર્મદ) ના તટ પરના લતા-ગહનમાં તમારા સૈન્યનો પડાવ થયો હતો. ૮૭

જેનો વિક્રમ અવિસવાદી- (નિશ્ચિત) છે, તેવા જય-કાર્યને સિદ્ધ કરનારા તમારા સૈન્યે નિશ્ચિત જય માનનારા **મથુરાધિપ**ના વિજયને વિસવાદી બનાવ્યો (તમારા સૈન્યે તેના પર જય મેળવ્યો હતો.) ૮૮

હે મહારાજ ! જેમની પરીક્ષા (આ ઘોડાઓ, શસ્ત્રોથી ભેદાવા છતાં પણ સુભટોને રણાંગણમાં પાડતા નથી-એવી) અવિસવાદી હતી તેવા, તથા શરીરને ખંખેરવાથી જેના રજ-કણો ખરી જાય છે તેવા તમારા **ઘોડાઓ,** જ્યાં નક્ર (ગ્રાહ, મગર) વગેરે જલચરો આક્રન્દ કરે છે, તેવી **યમુના** (જમના) નદી ઊતરી ગયા. (સામે કિનારે પહોંચ્યા.) ૮૯

હે મહારાજ ! જેના ઘોડાઓ, અને હાથીઓ ખેદ પામ્યા નથી-(કંટાળ્યા નથી) તથા જેનો સેનાપતિ ખેદ પામ્યો નથી, તેવું, શત્રુઓને આક્રન્દ કરાવનારું, તમારું સૈન્ય **મથુરા** પહોંચ્યું હતું. ૯૦

નગરનાં દ્વારોને રોધનારા-(નગરને ઘેરો ઘાલનારા), માર્ગોને અટકાવનારા-(લોક-પ્રચારને રોકનારા), પ્રતિભટોને અટકાવતા, કોપાયમાન થયેલા તમારા સૈનિકોએ શત્રુઓને કોપાયમાન કર્યા હતા. ૯૧

छिन्दिअ-छत्त-दुहाविअ-सिरक्क-णिच्छल्लि-उत्तमङ्गाण ।
उद्दालिआ **वसणआण**, सिरी **बालुक्क-सुहडेहिं** ॥ ८४ ॥
तिहुअण-जस-ओअन्दण !, रिउ-अच्छेदण-चमूइ पहु ! तुज्झ ।
मलिऊण बलं **तिउरीसरस्स** परिहट्टिओ माणो ॥ ८५ ॥
चड्डिअ-नक्का मड्डिअ-महातडा खड्डिआखिलारामा ।
पक्खाडिअ-द्रह-पङ्का, तुज्झ चमूए कया **रेवा** ॥ ८६ ॥
पय-मडिअ-पंसु मसिणे, चुलुचुलमाणाणिलेण कय-फन्दे ।
रेवा-तड-लय-गहणे, निव्वलिओ तुह बल-निवेसो ॥ ८७ ॥
नीपाइअ-जय-कज्ज, अविअट्टिअ-विक्कम बलं तुज्झ ।
अविलोट्टिअ-जय-**महुराहिवस्स** फंसावही विजयं ॥ ८८ ॥
अविसवाइ-परिक्खा, तणु-पक्खोडण-झडन्त-पंसु-कणा ।
णीहरिअ-नक्क-चक्कं, तुह तुरया **ऑउणमुत्तिण्णा** ॥ ८९ ॥
रिउ-अक्कन्दावणय, अखिज्जमाण-हयमजूरिएभ-कुलं ।
/अविसूरन्त-चमूव, पत्त **महुराइ** तुह सेन ॥ ९० ॥

તમારા સૈન્યનો પ્રવેશ થતાં, તમારા સૈન્યથી જેનો પરિભવ થયો છે તેવા, ભયભીત થયેલા **મથુરાના** રાજાએ યુદ્ધનો સંરંભ (આડંબર) કર્યો ન હતો. ૯૨

મથુરાના રાજાએ વિસ્તૃત કનક–રાશિવડે, તમારા વિસ્તૃત સૈન્યને તૃપ્ત (સંતુષ્ટ) કરી ધૃતિ ધારણ કરતાં પોતાની પુરી **મથુરાની** રક્ષા કરી હતી. ૯૩

જેમનો યશ સ્વર્ગ સુધી પહોંચ્યો છે–એવા યશસ્વી હે મહારાજા! શત્રુઓમેં સંતાપ કરનારા તમારા પ્રબલ પ્રતાપથી સંતપ્ત થયેલા **જંગલપતિએ**–(સપાદલક્ષના અધિપતિએ) તમારા આશ્રિત થવા માટે તમને હાથીઓ આપ્યા છે. ૯૪

યશવડે ત્રિભુવનને પાપ્ત કરનારા! અગણિત ગુણવાળા હે મહારાજા! ભક્તિથી વ્યાપ્ત કરનારા તે **જંગલપતિએ** (સપાદલક્ષદેશના રાજાએ **શાકંભરીશ્વરે**) વૈર સમાપ્ત કરવા માટે તમને વિજ્ઞપ્તિ કરી છે. ૯૫

શત્રુઓને પરાસ્ત કરનારા હે મહારાજા! તમે **તુરુષ્કોને** (તુરુષ્કને–મ્લેચ્છ દેશના અધિપતિને) તથા **દિલ્લીનાથને** (દિલ્લીશ્વરને–યોગિનીપુરના રાજાને) પરાસ્ત કર્યો છે; તથા **કાશીના** રાજાને (વારાણસીશ્વરને) પરાભૂત કર્યો છે. (જે કોઈ રાજા આત્મમાની હતા, તે સર્વને તમે તિરસ્કૃત કરેલા છે) [જંગલપતિ એવા] મને તમે આદેશ (આજ્ઞા) કરો. ૯૬*

"હે પૃથ્વીપતિ! જેમ લુબ્ધ એવા પોતાના સેવકને સર્વ કાર્યમાં નિયુક્ત કરવામાં આવે છે, તેમ (પોતાના) શત્રુના તિરસ્કારના કાર્યમાં મને નિયુક્ત કરો. તમે કોને કોને નિરસ્ત કરતા નથી? (અર્થાત્ સર્વ શત્રુવર્ગને તમે પરાસ્ત કરો છો,) કોઈએ પણ તમારી આજ્ઞાને ઉલ્લંઘિત કરી નથી (સર્વ કોઈ તમારી આજ્ઞા પાળવામાં તત્પર થયા છે.) ૯૭

"વૈરીઓને પરાસ્ત કરનારા હે મહારાજા! આ હાથ ઊંચો કરીને, તર્જની (આંગળી) ઊંચી કરીને હું આ પ્રમાણે કહું છું (સકલ ભૂપાલ–મંડલીની પ્રત્યક્ષમાં પ્રતિપાદન કરું છું) કે મારા દુર્ગને (કોટને) તમે જ ઉત્ક્ષિપ્ત કર્યો છે. (બીજો કોઈ આની સામે જોવા પણ સમર્થ નથી.) ૯૮

उत्थल्लिअ–वारेहिं, हल्लिअ–मम्मेहिं हक्कमाणेहिं ।
कुज्झन्तेहिं तुह सोणिएहिं, जूरविआ रिउणो ।। ९१ ।।
तुह आयन्त–पवेसे, सिबे जम्मन्त–परिहवो तत्तो ।
तविअ–भओ **महुरेसो**, न तणुवीआजि–सरम्भं ।। ९२ ।।
तड्डिअ–कणय–चएण, विरल्लिअ थिप्पिऊण तुह सेन्न ।
महुरेसो तणिअ–दिही, रक्खीअ निअं **पुरिं महुरं** ।। ९३ ।।
सम्पाविअन्त–जस–भर ! जङ्गलवइणोवसप्पिउ दिण्णा ।
तुह रिउ–सन्तावण–घण–पयाव–सतप्पिएण गया ।। ९४ ।।
जस–ओअग्गिअ–तिहुमण ! तेण कया भत्ति–वाविअ–मणेण ।
असमाणिअ–गुण ! वइरं समाविउं तुज्झ विन्नत्ती ।। ९५ ।।
तह पेल्लिओ **तुरुक्को**, **ढिल्लीनाहो** गलत्थिओ तह य ।
अइक्खिओ अ **कासी**, रिउ–वसण ! तुह महाएसं ।। ९६ ।।"

—પ્રાકૃત દ્વયાશ્રય મહાકાવ્ય (કુમારપાલ–ચરિત)—સર્ગ ૬, આ. ૭૩ થી ૯૬.

"શત્રુઓને તિરસ્કૃત કરનારા હે મહારાજા! તમારા હાથીઓ વિજયધ્વજાને ફરકાવનારા છે, ભારે સૂંઢા-દંડને ઉછાળનારા છે, તેઓ પર્વતને પણ ઉપાડે છે, આથી તમે કોનો પરાભવ નથી કરતા? (જેની પાસે એવા પ્રકારના હાથીઓ છે, એવા તમે સર્વ પર વિજય પ્રાપ્ત કરો છો.) ૯૯

"હે સ્વામી! કોઈ રીતે ન કંપનારા-નિશ્ચલ એવા તમે પૃથ્વીને ધારણ કરી રહ્યા છો, તેથી જીર્ણ થયેલા વરાહ (આદિ વરાહ) સુવે છે, શેષ નાગ સૂવે છે, દિગ્ગજો સુએ છે. તથા કૂર્મ પણ સુવે છે, (એમનું કાર્ય આપ વડે કરાતું હોવાથી એ સર્વે નિશ્ચિન્ત થયા છે.)૧૦૦

"હે મહારાજા! તમારા શત્રુઓની વધૂઓ અરણ્યમાં કંપતા હૃદયવાળી થઈ કંપે છે, જેનાં બાળકો વિલાપ કરે છે એવી, વિલાપ કરતી તે સ્ત્રીઓ પોતાના સ્વામી સંબંધમાં વિલાપ કરે છે (હા નાથ! તમારા વિના અમે કેવી રીતે પ્રાણોને ધારણ કરી શકીશું? એવા પ્રકારના વિલાપો કરે છે) ૧૦૧

"જેમનું પરાક્રમ ગોપવી શકાય તેવું નથી-એવા પ્રૌઢ શૌર્યશાલી હે મહારાજા! મદ વડે વસુધાને લીંપનારા તમારા ગજરાજો રણાંગણમાં વ્યાકુલ થતા નથી, તથા ઘોડાઓ પણ વ્યાકુલ બનતા નથી, તમારા જેવા બીજો કોણ છે? (તેવો કોઈ તમારો પ્રતિપક્ષી નથી, તમે મારા પર પ્રસન્ન થાઓ ૧૦૨.

"હે મહારાજ! તમારા પ્રતાપરૂપી અગ્નિવડે પ્રદીપ્ત (પ્રજ્વલિત) થયલાઓને ઘર, નગર અને ઉદ્યાન પ્રદીપ્ત થાય છે-(લાગે છે.) સર્વ પ્રદીપ્ત થયેલું છે. (તમારા શત્રુઓને ચંદન-વિલેપન, ચંદ્રિકા વગેરે પણ સંતાપના હેતુભૂત થયેલ છે.) ૧૦૩

"ક્ષોભ વિનાના હે મહારાજ! જો તમે સ્વર્ગ માટે લુબ્ધ થાવ, અથવા નાગેન્દ્ર-લોક (પાતાલ) નિમિત્તે લોભ રાખો; તો હું સંભાવના કરું છું કે ઇંદ્ર ક્ષોભ પામે, વાસુકિ(નાગ) ક્ષોભ પામે (કે આ અહીં પણ રહેવા નહિ દે-એવા આશયથી આ ક્ષોભ પામે છે) ૧૦૪

"હે સ્વામી! મેં ભક્તિથી આરંભ કરીને આપ પ્રત્યે (આપના) દાસપણાનો આરંભ કર્યો છે અને આરંભ કરેલા દાસપણાનો નિર્વાહ હું નિશ્ચે કરીશ, તો ઉપાલંભ ક્યાંથી? (એવી રીતે મારી વચનીયતા-નિંદા કોઈ પણ પ્રકારે નહિ થાય). ૧૦૫

"હે મહારાજ! (આપના જેવા) મોટાઓ, ઉપાલંભને યોગ્ય એવા પણ મારા જેવા માણસને ઉપાલંભ આપતા નથી (વિરૂપક પ્રતિપાદન કરતા નથી-ઠપકો આપતા નથી); પરંતુ જો હું કોઈ પણ પ્રકારે અભક્ત (અવજ્ઞા કરનાર) થાઉં, તો ઉપાલંભ આપવા યોગ્ય છું (શિક્ષણીય છું). ૧૦૬"

[સાંધિવિગ્રહિકે કરેલી] એવા પ્રકારની વિજ્ઞપ્તિ સાંભળીને રાજા (કુમારપાલ) મધ્યરાત્રિના સમયે મહામૂલ્યવાળા શયન પર સૂતા. ૧૦૭"

—સમકાલીન પ્રામાણિક આચાર્ય શ્રીહેમચંદ્રે 'કુમારપાલચરિત' નામના પ્રાકૃત દ્વયાશ્રય મહાકાવ્યના છઠ્ઠા સર્ગમાં ઉપર્યુક્ત મહત્ત્વનું ઐતિહાસિક ઉપયોગી વર્ણન કર્યું છે. એ વાંચતાં-વિચારતાં ગૂજરાતની તત્કાલીન પ્રભુતાનો સહજ ખ્યાલ થઈ શકે છે. ઉદયન-વિહારની પ્રશસ્તિમાં (શ્લો. ૭૧માં) નૃપતિના પ્રતાપનું સંક્ષેપમાં સૂચન છે. (ક્રમશઃ)

જીરાવલા પાર્શ્વનાથ તીર્થ-
સ્થાપનાનો સમય

લેખક: શ્રીયુત અગરચંદજી નાહટા

સં. ૧૯૯૭ માં પં. લાલચંદ્ર ભગવાનદાસ ગાંધી લિખિત 'પાવાગઢથી વડોદરામાં પ્રગટ થયેલા જીરાવલા પાર્શ્વનાથ' નામક એક મહત્ત્વપૂર્ણ ગ્રંથ પ્રકાશિત થયો હતો, જેમાં પંડિતજીએ પૂરતી શોધ અને શ્રમ કરીને મેળવેલી સમગ્ર સામગ્રીના આધારે જીરાવલા પાર્શ્વનાથ સંબંધી સારી જાણકારી પ્રકાશિત કરી હતી. આપણાં પ્રત્યેક જૈન તીર્થોનો, આબૂ, શંખેશ્વર તેમજ આ જીરાવલા તીર્થ સંબંધી ગ્રંથ જેવા જ શોધપૂર્ણ ઇતિહાસ ગ્રંથો પ્રગટ કરવાની જરૂરત છે.

પંડિતજીએ આ ગ્રંથમાં જીરાવલા પાર્શ્વનાથની તીર્થસ્થાપનાના સંબંધમાં 'ઉપદેશ-સપ્તતિ,' 'જીરિકાપલ્લી પાર્શ્વસ્તવ-ટીકા,' તેમજ 'વીર વંશાવલી'ના આધારે પ્રકાશ નાખતાં પ્રથમનાં બંને પ્રમાણોમાં પ્રતિમાનું પ્રગટ થવું તેમજ તીર્થસ્થાપનાનો સમય સં૦ ૧૧૦૯ સ્પષ્ટ હોવા છતાં સં. ૧૧૯૦ નો અધિક સંભવ માન્યો છે, તેથી જ ઉક્ત બંને ગ્રંથોના પ્રમાણ સ્વરૂપ જ્યાં સં. ૧૧૦૯ લખ્યો છે, ત્યાં કૌંસમાં બંને સ્થળે પોતાના તરફથી ૧૧૯૦ પણ લખી દીધા છે. પંડિતજીની આ સંભાવનાનાં બે કારણો પ્રતીત થાય છે.

(૧) 'વીર વંશાવલી'માં સં. ૧૧૯૧ નો ઉલ્લેખ છે. તેમજ (૨) સં. ૧૧૦૯ ના ધાંધલને ફલોધિ પાર્શ્વનાથ તીર્થને પ્રગટ કરનારા' (સં. ૧૨૦૪ વાળા) ધાંધલને એક માની લીધાનું જણાય છે. વાસ્તવમા પંડિતજીની આ સંભાવના સાચી નથી. અમારા સંગ્રહમાં 'ઉપદેશ સપ્તતિ' થાયે પહેલા રચાયેલી 'જીરાવલી પાર્શ્વનાથ દ્વાત્રિંશિકા' નામક સ્તવન છે; જેની પ્રતિ સં. ૧૪૯૩ માં લખાયેલી છે. આ સ્તવનના અંતિમ પદ્યમા 'વિજય' શબ્દ આવે છે જે સંભવત: ખરતરગચ્છીય વિજયતિલકના નામનું સૂચક છે. આ વિજયતિલક ઉપાધ્યાય પંદરમી શતાબ્દીના પૂર્વાર્ધના વિદ્વાન છે, આથી આ દ્વાત્રિંશિકાનો રચનાકાળ પણ એ જ હોવો જોઈએ. આ રચનામાં જીરાવલા તીર્થ સ્થાપનાનો નિમ્નોક્ત પદ્યમાં ઉલ્લેખ મળી આવે છે:—

"થપ્પિઉ તહિ થિર લગતિ મહૂરતિ,
પાર્શ્વ જિણેસર મૂરતિ પૂરબ મુખ નવરંગ. ૧૫
સિરિ વિક્રમ નવુત્તર સંવત્,
જિણવર ઉવણ અનંતર જે સુહ કિંકરદેવ;
કરઈ તેજ પ્રભુ કેરઈ તીરથિ,
ભવસાયર ઉત્તારણ તીરથ, તીરથિયા થિર સેવ." ૧૬

અમારા સંગ્રહની પ્રતિમાં આ દ્વાત્રિંશિકાનાં પ્રારંભનાં ૧૪ પદ્યો નથી; નહિતર બીજાં કંઈક મહત્ત્વપૂર્ણ સૂચનાઓ મળી શકત. આગળના પદ્યાંક: ૨૦ માં સં. ૧૩૬૮ માં સુલતાનનું

સૈન્ય જાલોરથી અહીં આવ્યું અને આ તીર્થને ધક્કો પહોંચાડયો એ સંબંધી ઉલ્લેખ આ પ્રકારે છે:—

" અહ તેરહ અડસઠ્ઠા વરસહિ, સુરતાણીહ દલ અમરસ વરિસિહિં,
ઉક્કર સિંહિ અઇપુટ્ઠ; અણુજાણિયઉ જાલુરહ હુંતા,
જીણિ ઉલિ વેગિ પહુતા જમદૂત જિમ દુટ્ઠ." ૨૦

શ્રી. લાલચંદ્ર ભગવાનદાસ ગાંધીના ઉપર્યુક્ત ગ્રંથ પૃષ્ઠ ૮૫માં જે રચના 'પાર્શ્વનાથ વિવાહલઉ'ના નામે આદિ–અંત આપવામાં આવ્યા છે, તે વાસ્તવમાં આ દ્વાત્રિંશિકાથી અભિન્ન જ છે. આથી પાટણ વગેરેના ભંડારમાંથી જે પ્રતિમાં આ વિવાહલઉ હોય, તે શીઘ્ર પ્રકાશિત કરવો જોઇએ.

આ રચના સિવાય પલ્લીવાલગચ્છનો એક સંગ્રહ ગુટકો અહીંના બૃહત્ જ્ઞાન ભંડારમાં છે, તેમાં પણ જીરાવલા તીર્થસ્થાપનાનો સમય સં ૧૧૦૯ જ બતાવવામાં આવ્યો છે.

" वि ११०९ जीराउला तीर्थ "

આથી ગાંધીજીએ જે સં. ૧૧૯૦ ની સંભાવના કરી છે, તે ઉચિત પ્રતીત નથી થતી. 'ગીરવંશાવલી' તો ગત શતાબ્દીની જ રચના છે. માટે પ્રાચીન પ્રમાણોની વિદ્યમાનતામાં તેમનું કથન માન્ય કરી શકાય એમ નથી.

ગાંધીજીએ ઉક્ત ધારણાના કારણે જ પોતાના ગ્રન્થના પૃષ્ઠ ૯૩–૯૪માં લખ્યું છે કે– 'સં. ૧૧૮૬ માં ધર્મસૂરિની પાસે વ્રતગ્રહણ કરનારા ધાંધલ જ ફલોધિ અને જીરાવલા બંને તીર્થોના પ્રાદુર્ભાવક છે,'–આ સંભાવના જ્યારે કે જીરાવલા પાર્શ્વનાથની સ્થાપનાનો સમય સં. ૧૧૦૯ સિદ્ધ થાય છે ત્યારે આપમેળે સમાપ્ત થઈ જાય છે.

એક આવશ્યક સ્પષ્ટીકરણ

ગાંધીજીના આ ગ્રંથના પૃષ્ઠ ૬૭ થી ૭૧માં મારા સંગ્રહની જે પ્રતિથી 'મેરુનંદન'ના 'જીરાવલી પાર્શ્વનાથ ફાગુ'ને પ્રકાશિત કર્યું છે તે પ્રતિને સં. ૧૫૧૯માં લખાયેલી બતાવવી એ પણ ભ્રામક છે.

પૃષ્ઠ: ૭૧–૭૨માં ઉલ્લેખાયેલ પત્રાંક: ૨૬૪, ૨૭૩, ૨૭૪ વાળી પ્રતિ જ પત્રાંક: ૨૮૮–૨૯૦ માં આ ફાગુને માની લેતાં આ ભૂલ થયેલી છે.[1] વાસ્તવમાં ફાગુવાળી પ્રતિ તેનાથી ભિન્ન જ છે. જે પ્રતિમાં જે ફાગુ છે, તેના પ્રારંભના સૂચિપત્રવાળા પૃષ્ઠમાં લેખનપુષ્પિકા આ પ્રકારે આપેલી છે:—

" ॥ ॐ ॥ संवत् १४९३ वर्षे वैशाख मासे प्रथमपक्षे ८ दिने सोमे श्रीबृहत्खरतरगच्छे श्रीजिनभद्रगुरौ विजयमाने श्रीकीर्तिरत्नसूरीणां शिष्येण शिवकुंजरमुनिना निजपुण्यार्थं स्वाध्याय-पुस्तिका लिखिता । चिरं नंदतात् । श्रीयोगिनीपुरे ॥ श्रीः ॥"

---

૧. સંવત ૧૫૧૯ વાળી જે પ્રતિનો પત્રાંક: ૨૬૪, ૨૭૩, ૨૭૪મા વિજ્ઞપ્તિદ્વય છે તેનો પત્રાંક: ૨૮૮–૯૦ માં ભક્તામર લખેલું છે.

એક જૈન ગ્રંથમાં

કુરાનની કથા

લેખક: શ્રીયુત ભંવરલાલજી નાહટા

⊙

વિશ્વપ્રેમ અને મૈત્રીભાવ માટે જૈનધર્મનો ઔદાર્ય ગુણ ખૂબ પ્રસિદ્ધ છે. પોતાના વિરોધી વિચારવાળાં દર્શનો પ્રતિ પણ જૈન ધર્માવલંબીઓ અને જૈનાચાર્યોએ કદી ધૃણાભાવ ન રાખતાં તેમના ગુણોનો આદર કરી અપનાવ્યાં છે. જૈન ધર્મગુરુઓને સ્વશાસ્ત્ર અને પર-શાસ્ત્રમાં પારંગત બનવું જરૂરી બતાવવામાં આવ્યું છે. એ જ કારણ છે કે, તેની દાર્શનિક ભૂમિકા ખૂબ સુદૃઢ રહી છે. તેઓ બધા જૈનેતર ધર્મ અને બધા વિષયોના ગ્રંથોનું તલસ્પર્શી અધ્યયન કરતા હતા. જે જેટલા અધિક ઉદાર થાય, તે એટલા દાર્શનિક વિચારધારાનું આદાનપ્રદાન કરીને પોતાની લોકપ્રિયતા અને હાર્દિક નિર્મળતામાં અભિવૃદ્ધિ કરી શકતા હતા. સ્વયં ભગવાન મહાવીરે વૈદિક ધર્માનુયાયી અગિયાર મહાદિગ્ગજ પંડિતોને તેમની વેદોક્ત ઋચાઓ દ્વારા પ્રતિબોધ કરીને હજારો શિષ્યપરિવાર સાથે પોતાના મુખ્ય શિષ્યો બનાવ્યા હતા. ગણધરવાદ આ વાતનું જ્વલંત ઉદાહરણ છે. કોઈ પણ પ્રતિસ્પર્ધીને સમજાવવા માટે તેમને જો માન્ય ધર્મગ્રંથોનાં ઉદાહરણો આપવામાં આવે તો તે જલદીથી સમજી લે એ ખાતર જૈનાચાર્યોએ જૈનેતર પૌરાણિક દૃષ્ટાંતો તથા લોકકથાઓનો પ્રચૂરતાથી ઉપયોગ કર્યો છે. એ વાત નિર્વિવાદ છે કે, તિરસ્કારથી તિરસ્કાર વધે છે અને પ્રેમવ્યવહારથી પ્રેમ વધે છે. કોઈ પણ ભાષા સાથે તિરસ્કાર રાખવો ઠીક નથી; તે તો કેવળ વિચાર પ્રકાશનું માધ્યમ છે. Water વોટર અને પાણીમાં જેટલું અંતર છે તેટલું જ ખુદા અને પરમેશ્વરમાં છે; તો પછી એને માટે એની પાછળ કજિયો શા માટે? જૈન મનીષીઓએ આ વાસ્તવિકતા સમજી લીધી અને ફારસી આદિ યાવની ભાષાઓનું પણ તેમણે અધ્યયન કર્યું અને એ ભાષાઓમાં સ્તવન, છંદ વગેરે વિવિધ કૃતિઓ રચી.[1]

જૈન વિદ્વાનોએ જૈનેતર ગ્રંથોનું પઠન-પાઠન, લેખન અને સંગ્રહ વગેરે સુધી સીમિત ન રહેતાં જૈનેતર ગ્રંથો પર પર્યાપ્ત જૈન ટીકાઓ રચી છે. જે જમાનામાં 'કુરાન શરીફ' જેવા યવનોના પવિત્ર ગ્રંથોને સ્પર્શવું એ ધર્મભ્રષ્ટ થઈ જવાનું માનવામાં આવતું, ત્યારે જૈનાચાર્યોએ ગુણાનુરાગવશ તેમાંની કથાઓને પણ પોતાના ધર્મગ્રંથોમાં સ્થાન આપ્યું. અહીં જેની આલોચના કરવામાં આવી છે તે કથા 'કુરાન શરીફ'થી લીધી છે.

જૈનધર્મનો અપરિગ્રહવાદ સર્વવિદિત છે. ગૃહસ્થોને માટે જરૂરિયાત ઉપરાંત સંગ્રહ કરવો જ્યાં પાપ માનવામાં આવ્યું છે, ત્યાં પોતાના સાહિત્યમાં સેંકડો ઉદાહરણો હોવા છતાં વાચક સૂરચંદ્રે યવન-કથાને પોતાના 'પદૈકવિંશતિ'ગ્રંથમાં સંસ્કૃતના ૩૪ શ્લોકોમાં ગુંફિત કરી છે. "મીયા સલેમા બીબી ફતૂ ઉદાહરણ" એ શીર્ષકવાળી કથાદ્વારા જનસાધારણને અલ્પ પરિ-ગ્રહમાં સંતોષી રહેવાનો ઉપદેશ આપવામાં આવ્યો છે. આ ગ્રંથમાં સંસ્કૃત શ્લોકોમાં નીચે મુજબના ફારસી શબ્દોનો પણ પ્રયોગ કરવામાં આવ્યા છેઃ—તસલીમ, મૂસા, ખુદા, અરજ,

---

૧. જુઓ: "ફારસી ભાષાકી જૈન રચનાયેં," પ્રકા૦ 'જૈનધર્મ પ્રકાશ' અને 'વાણી'

પેગંબર, દરવેશ, ખાલિક, કુત્બ, દુનિયાં, સોદાગર, ખાના, ભૂયસ્તિ (બહિસ્ત), દોજખ, મુદીર, ઔર ખુઈ.

અંતમાં—' इति श्रोपदेशविंशतौ सतोषासतोषोपरि सद्वस्तुनिषेधका सत्प्रार्थकसलेमा–फातुनाम्नोः कोराणिको दृष्टान्तः ' એમ લખ્યું છે.

સલેમા અને ફતૂની કથા

જેને પરિગ્રહમાં વાંછા નથી તેને ઘેર લક્ષ્મી આવે છે અને જે ધનની વાંછા કરે છે તેને મૂળથીયે ચાલી જાય છે. આને મિયાં સલેમા અને બીબી ફતૂના વૃત્તાંતના ક્રમથી જાણવી.

"એક વાર ખુદાએ સ્વર્ગમાં મૂસા પેગંબરને કહ્યું: ' મૂસા ! તમે દુનિયાનાં આચરણ જોવા માટે જાઓ.' મૂસાએ ખુદાને પ્રણામ કરી વિદાય લીધી, અને ચરાચર મનુષ્ય લોકને જોવા માટે ગયો. રસ્તામાં એક સ્થળે ફતૂ નામે એક ડોસી મળી, જે વસ્ત્રો ન હોવાથી પોતાનું અંગ ધૂળથી ઢાંકીને બેઠી હતી અને મુખથી બોલી રહી હતી કે, 'ખુદા ! દો અને દેવરાવો.' મૂસાને જોઈને એણે કહ્યું: ' હે મૂસા ! તમે ખુદાને અરજ કરીને મને વસ્ત્ર અપાવો; જેથી ગુહ્યાંગ ઢાંકવાને કામ લાગે—ભલે પછી તે જૂનું હોય. મારી ઉદરપૂર્તિ માટે પણ પ્રાર્થના કરજો.'

એ પછી મૂસા આગળ વધ્યો અને સલેમાના ઘરની સામે પહોંચ્યો. દરવાજે મૂસાને ઊભો રહેલો જોઈ તે અભિવાદનપૂર્વક પોતાના ઘરમાં લઈ ગયો. તેના આદરસત્કારથી સંતુષ્ટ થઈ જ્યારે મૂસા આગળ ચાલવા લાગ્યો ત્યારે તેણે કહ્યું: ' હે પેગંબર મૂસા ! ખુદાને મારી અરજ કરજો કે, સલેમાના ઘેર કૃપા કરીને ધન ઓછું કરે જેથી નિશ્ચિંત બનીને તમારું ભજન કરી શકે.' મૂસા આગળ વધ્યો તો તેણે દરવેશોને જોયા. તેણે દરવેશોને કહ્યું: ' તમે ખુદાના ખાસ સેવક છો, તો ખુદાને કંઈ કહેવું હોય તો કહેજો.' દરવેશો ભૂખ્યા હતા. તેમણે કહ્યું: 'અમારે માટે બે બકરી, દોઢ મણ ઘી અને ખાંડ અપાવશો, નહિતર, અમે તમને છોડીશુ નહિ અને તમારું મસ્તક કૂતરાઓને ખવડાવીશુ.'

આ પ્રકારે લોકોનુ સ્વરૂપ જોઈને મૂસા ખુદાની પાસે આવ્યો અને પ્રણામ કરી ઊભો થયો. ખુદાએ પૂછ્યુ: ' દુનિયા કેવી છે ? ' મૂસાએ કહ્યું. 'બધાંયે આપના સેવક છે. હું આ વખતે ત્રણ વ્યક્તિઓને મળ્યો.' ખુદાના પૂછવાથી ફતૂ આદિની સાથે જે વાતો થઈ હતી તે તેણે ક્રમશઃ બતાવી. ખુદાએ કહ્યું: ' વૃદ્ધાને માટે તેં અધિક આપવા માટે કહ્યું પણ હું તેને ધૂળ સરખીયે નહિ આપુ.' મૂસાએ પૂછ્યું કે 'તેનો શો અપરાધ છે ?' ખુદાએ કહ્યું: ' એણે સુખી અવસ્થામાં કદી મારું નામ પણ લીધુ નથી. પોતાની હિંસા અને લોભના કારણે હવે મારું નામ યાદ કરે છે. તે સ્વાર્થિની છે. તેનું નામ પણ ના લઈશ. સલેમાને માટે ફરીથી કહીશ તો હું તેનું ધન દશ ગણાથી સો ગણું વધારી દઈશ.' મૂસાએ કહ્યું: ' પ્રભુ ! જે નથી ઇચ્છતું તેને શા માટે વિપુલ ધન આપો છો ? ' ખુદાએ કહ્યુ: 'આથી પહેલાં તેણે મારી ઘણી ભક્તિ કરી છે.' ફરીથી ખુદાએ કહ્યુ: 'દરવેશોએ માગ્યું છે માટે ન આપીશ.' મૂસાએ કહ્યું: જેમ આપે સલેમા અને ડોસી પ્રત્યે અયુક્ત કર્યું છે તેમ દરવેશ જે અનૌપચત્યવાદી છે તેમને પણ છોડી દેવામાં આવે ? ' ખુદાએ કહ્યું: ' મૂસા ! સ્વર્ગ અને નરક નામક જે બે ખાનાંઓ છે

ટ્રસ્ટોનું દ્રવ્ય બીજા કામમાં વાપરી શકાશે નહિ.

મુંબઈ રાજ્ય ધારાસભાએ મુંબઈ-રાજ્ય પબ્લીક ટ્રસ્ટ એક્ટ (૧૯૫૦) પસાર કરીને તેનો અમલ પણ ચાલુ કર્યો છે. આ વિષયમાં ઘણાઓની ફરિયાદ હતી કે આ કાયદો ભારત પાર્લામેન્ટના ધારા ૨૫-૨૬ નો વિરોધ કરનારો હોવાથી કાયદેસર નથી. આથી આ વિષયનો નિર્ણય કરાવવા માટે મુંબઈ રાજ્યના પાંચ લાખ રૂપિયાના એક જૈન મંદિરના ટ્રસ્ટી શ્રી. રતિલાલ પાનાચંદ ગાંધી અને પારસી પંચાયત તરફથી સર શાપુરજી બમનજી બીલીમોરિયાએ એક ટેસ્ટ કેસ મુંબઈ હાઈકોર્ટમાં સને ૧૯૫૧ માં રજૂ કર્યો હતો કે આ એક્ટ (કાયદો) ભારત પાર્લામેંટના ધારા ૨૫-૨૬ અનુસાર ન હોવાથી કાયદેસર નથી તેમજ એક્ટની ૫૮ મી કલમમાં પબ્લીક ટ્રસ્ટોથી અમુક કર લેવાની સત્તા મુંબઈ સરકારને આપવામાં આવી છે. એવી સત્તા પ્રાપ્ત કરવાનો મુંબઈ ધારાસભાને હક નથી, વગેરે.

મુંબઈ હાઈકોર્ટે આ ટેસ્ટ કેસનો ફેંસલો આપ્યો હતો કે અરજદારોની બધી દલીલોનો અમે ઈન્કાર કરીને તેમની અરજ રદ કરવામાં આવે છે.

આથી અરજદારોએ ફરીથી આ ટેસ્ટ કેસની અપીલ સુપ્રીમ કોર્ટ દિલ્હીમાં કરી હતી; જ્યાં ફુલ બેંચમાં એ સાંભળ્યા બાદ ફુલ બેંચના પ્રમુખ (ન્યાયમૂર્તિ) શ્રી જસ્ટિસ મુખરજીએ આ કેસનો ફેંસલો તા. ૧૮-૩-૫૪ ના રોજ આ પ્રકારે આપ્યો હતો.

આ કાયદાથી સેક્સન ૪૪ અને સેક્સન ૪૭ ની ૧ થી ૪ કલમો કાયદા વિરુદ્ધ હોવાથી મુંબઈ હાઈકોર્ટ ચેરીટી કમિશ્નર કમિશ્નરની નિયુક્તિ કોઈ પણ પબ્લિક (ધર્માદા) ટ્રસ્ટના ટ્રસ્ટીરૂપે કરી શકતી નથી તથા સેક્સન ૫૫-૫૬ ના અમુક ભાગ કાયદા વિરુદ્ધ હોવાથી જે પબ્લીક ટ્રસ્ટ જે કામને માટે ખર્ચ કરવા સ્થાપન કરવામાં આવ્યું હોય તે ટ્રસ્ટના દ્રવ્યનો વ્યય તે જ ઉદ્દેશ્ય સિવાય બીજા કામમાં ખર્ચ કરી નાખવાની સત્તા ચેરીટી કમિશ્નરને મુંબઈ હાઈકોર્ટ આપી શકતી નથી.

આનો અર્થ એ છે કે, આ ટેસ્ટ કેસ હતો તેથી આનો ફેંસલો બધા પબ્લિક ટ્રસ્ટો પર લાગુ પડે છે. આથી હવે એ સ્પષ્ટ થઈ ગયું કે, કોઈ પણ ટ્રસ્ટના ટ્રસ્ટી ચેરીટી કમિશ્નર પોતે થઈ શકતા નથી તથા જે ટ્રસ્ટ (દ્રવ્ય) જે ઉદ્દેશ્ય માટે સ્થાપન કરવામાં આવ્યું હોય તે સિવાય ગમે તેવા બીજા કામમાં તે દ્રવ્ય ખરચી નાખવાની સત્તા ચેરીટી કમિશ્નરને નથી.

ટ્રસ્ટની આવક પર કર લેવાની વાતને તો સુપ્રીમ કોર્ટે કાયમ રાખી છે. તેથી કર તો લેવાશે.

હા, કોઈ ટ્રસ્ટની અવ્યવસ્થા માલુમ પડતાં સરકાર તેનો કબજો નહિ લઈ શકે, અને તે ટ્રસ્ટનું દ્રવ્ય બીજા કામમાં વાપરી નહિ શકે.

સારાંશ કે ઉપરોક્ત એક્ટમાં આ ફેંસલાથી એટલો સુધારો અવશ્ય થયો છે કે ધાર્મિક દ્રવ્યનો ઉપયોગ ગમે તેવા કાર્યોમાં કરવાની સત્તા ચેરીટી કમિશ્નરને નથી; એટલું સ્પષ્ટ થયું છે. આનાથી ધાર્મિક ટ્રસ્ટોનું દ્રવ્ય સુરક્ષિત રહીને તે તે જ કામને માટે ખરચી શકાશે કે જે કામને માટે ટ્રસ્ટમાં લખવામાં આવ્યું હોય.

સુપ્રીમ કોર્ટની ઉપર હવે કોઈ અપીલ નથી. આથી મુંબઈમાં પબ્લીક ટ્રસ્ટ એક્ટ તો ચાલુ છે જ પરંતુ બે કલમો રદ કરવામાં આવી છે, જે અત્યંત આવશ્યક હતી.

આ ટ્રસ્ટ કેસ રજૂ કરનારા બંને મહાનુભાવોનો બધા ટ્રસ્ટના ટ્રસ્ટીગણ જેટલો ઉપકાર માને તેટલો ઓછો છે. કેમકે, જો આ કેસ ન થાત તો જે નિર્ણય આવ્યો છે તે આવી શકત નહિ જ્યાં આ ન્યાય ઘણો મોંઘો પડ્યો છે. [**'જૈનમિત્ર'** વર્ષ : ૫૫, અંક : ૨૫ માંથી]

ટ્રસ્ટોનું દ્રવ્ય બીજા કામમાં વાપરી શકાશે નહિ.

મુંબઈ રાજ્ય ધારાસભાએ મુંબઈ-રાજ્ય પબ્લીક ટ્રસ્ટ એકટ (૧૯૫૦) પસાર કરીને તેનો અમલ પણ ચાલુ કર્યો છે. આ વિષયમાં ઘણાઓની ફરિયાદ હતી કે આ કાયદો ભારત પાર્લામેન્ટના ધારા ૨૫-૨૬ નો વિરોધ કરનારો હોવાથી કાયદેસર નથી. આથી આ વિષયનો નિર્ણય કરાવવા માટે મુંબઈ રાજ્યના પાંચ લાખ રૂપિયાના એક જૈન મંદિરના ટ્રસ્ટી શ્રી. રતિલાલ પાનાચંદ ગાંધી અને પારસી પંચાયત તરફથી સર શાપુરજી બમનજી બાલીમોરિયાએ એક ટેસ્ટ કેસ મુંબઈ હાઈકોર્ટમાં સને ૧૯૫૧ માં રજૂ કર્યો હતો કે આ એકટ (કાયદો) ભારત પાર્લામેન્ટના ધારા ૨૫-૨૬ અનુસાર ન હોવાથી કાયદેસર નથી તેમજ એકટની ૫૮ મી કલમમાં પબ્લીક ટ્રસ્ટોથી અમુક કર લેવાની સત્તા મુંબઈ સરકારને આપવામાં આવી છે. એવી સત્તા પ્રાપ્ત કરવાનો મુંબઈ ધારાસભાને હક નથી, વગેરે.

મુંબઈ હાઈકોર્ટે આ ટેસ્ટ કેસનો ફેસલો આપ્યો હતો કે અરજદારોની બધી દલીલોનો અમે ઈન્કાર કરીને તેમની અરજી રદ કરવામાં આવે છે.

આથી અરજદારોએ ફરીથી આ ટેસ્ટ કેસની અપીલ સુપ્રીમ કોર્ટ દિલ્હીમાં કરી હતી. ત્યાં ફુલ બેંચમાં એ સાંભળવામાં આવીને ફુલ બેંચના પ્રમુખ (ન્યાયમૂર્તિ) શ્રી જસ્ટિસ મુખરજીએ આ કેસનો ફેસલો તા. ૧૮-૩-૫૪ ના રોજ આ પ્રકારે આપ્યો હતો.

આ કાયદાની સેકશન ૪૪ અને સેકશન ૪૭ ની ૧ થી ૪ કલમો કાયદા વિરુદ્ધ હોવાથી મુંબઈ હાઈકોર્ટ ચેરીટી કમિશ્નરની નિયુક્ત કોઈ પણ પબ્લિક (ધર્માદા) ટ્રસ્ટના ટ્રસ્ટી બની શકતી નથી તથા સેકશન ૫૫-૫૬ નો અમુક ભાગ કાયદા વિરુદ્ધ હોવાથી જે પબ્લીક ટ્રસ્ટ જે કામને માટે ખર્ચ કરવા સ્થાપન કરવામાં આવ્યું હોય તે ટ્રસ્ટનું દ્રવ્ય તે જ ઉદ્દેશ્ય સિવાય બીજા કામમાં ખર્ચ કરી નાખવાની સત્તા ચેરીટી કમિશ્નરને મુંબઈ હાઈકોર્ટ આપી શકતી નથી.

આનો સાર એ છે કે, આ ટેસ્ટ કેસ હતો તેથી આનો ફેસલો બધા પબ્લિક ટ્રસ્ટો પર લાગુ પડે છે. આથી હવે એ સ્પષ્ટ થઈ ગયું કે કોઈ પણ ટ્રસ્ટના ટ્રસ્ટી ચેરીટી કમિશ્નર પોતે થઈ શકતા નથી તથા જે ટ્રસ્ટ (દ્રવ્ય) જે ઉદ્દેશ્ય માટે સ્થાપન કરવામાં આવ્યું હોય તે સિવાય ગમે તેવા બીજા કામમાં તે દ્રવ્ય ખર્ચી નાખવાની સત્તા ચેરીટી કમિશ્નરને નથી.

ટ્રસ્ટની આવક પર કર લેવાની વાતને તો સુપ્રીમ કોર્ટે કાયમ રાખી છે. તેથી કર તો લેવાશે.

હા, કોઈ ટ્રસ્ટની અવ્યવસ્થા માલુમ પડતાં સરકાર તેનો કબજો નહિ લઈ શકે, અને તે ટ્રસ્ટનું દ્રવ્ય બીજા કામમાં વાપરી નહિ શકે.

સારાંશ કે ઉપરોક્ત એકટમાં આ ફેસલાથી એટલો સુધારો અવશ્ય થયો છે કે ધાર્મિક દ્રવ્યનો ઉપયોગ ગમે તેવા કામોમાં કરવાની સત્તા ચેરીટી કમિશ્નરને નથી; એટલું સ્પષ્ટ થયું છે. આનાથી ધાર્મિક ટ્રસ્ટોનું દ્રવ્ય સુરક્ષિત રહીને તે તે જ કામને માટે ખરચી શકાશે કે જે કામને માટે ટ્રસ્ટમાં લખવામાં આવ્યું હોય.

સુપ્રીમ કોર્ટની ઉપર હવે કોઈ અપીલ નથી. આથી મુંબઈમાં પબ્લીક ટ્રસ્ટ એકટ તો ચાલુ છે જ પરંતુ બે કલમો રદ કરવામાં આવી છે, જે અત્યંત આવશ્યક હતી.

આ ટેસ્ટ કેસ રજૂ કરનાર બન્ને મહાનુભાવોનો બધા ટ્રસ્ટના ટ્રસ્ટીગણ જેટલો ઉપકાર માને તેટલો ઓછો છે. કેમકે, જો આ કેસ ન થાત તો જે નિર્ણય આવ્યો છે તે આવી શકત નહિ જ્યાં આ ન્યાય ઘણો મોડો પડ્યો છે. ['**જૈનમિત્ર**' વર્ષ. ૫૫, અંક : ૨૫ માંથી]

Shri Jaina Satya Prakasha. Regd. No. B. 3801 श्री जैन सत्य प्रकाश

શ્રી જૈન સત્ય પ્રકાશ
અંગે સૂચના

યોજના

૧. શ્રી. જૈનધર્મ સત્ય પ્રકાશક સમિતિ દ્વારા 'શ્રી. જૈન સત્ય પ્રકાશ' માસિક ૧૯ વર્ષ થયાં પ્રગટ કરવામાં આવે છે.

૨. એ સમિતિના આજીવન સંરક્ષક તરીકે રૂા. ૫૦૦) આ૦ દાતા તરીકે રૂા. ૨૦૦) આ૦ સદસ્ય તરીકે રૂા. ૧૦૧) રાખવામાં આવેલા છે. આ રીતે મદદ આપનારને માસિક કાયમને માટે મોકલવામાં આવે છે

વિનંતિ

૧. પૂજ્ય આચાર્યાદિ મુનિવરો ચતુર્માસનું સ્થળ નક્કી થતાં અને શેષ કાળમાં જ્યાં વિહરતા હોય એ સ્થળનું સરનામુ માસિક પ્રગટ થાય એના ૧૫ દિવસ અગાઉ મોકલતા રહે અને તે તે સ્થળે આ માસિકના પ્રચાર માટે ગ્રાહકો બનાવવાનો ઉપદેશ આપતા રહે એવી વિનંતિ છે.

૨. તે તે સ્થળોમાંથી મળી આવતાં પ્રાચીન અવશેષો કે ઐતિહાસિક માહિતીની સૂચના આપવા વિનતિ છે.

૩. જૈનધર્મ ઉપર આક્ષેપાત્મક લેખો આદિની સામગ્રી અને માહિતી આપતા રહે એવી વિનંતિ છે.

ગ્રાહકોને સૂચના

૧. "શ્રી જૈન સત્ય પ્રકાશ" માસિક પ્રત્યેક અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થાય છે.

૨. આ માસિકનું વાર્ષિક લવાજમ રૂા. ૩) ત્રણ રૂપિયા રાખવામાં આવ્યું છે.

૩. માસિક વી. પી. થી ન મંગાવતાં લવાજમના રૂા. ૩) મનીઑર્ડરદ્વારા મોકલી આપવાથી અનુકૂળતા રહેશે.

૪. આ માસિકનું નવું વર્ષ દિવાળીથી શરૂ થાય છે. પરંતુ ગ્રાહક ગમે તે અંકથી બની શકાય

૫. ગ્રાહકોને અંક મોકલવાની પૂરી સાવચેતી રાખવા છતાં અંક ન મળે તો સ્થાનિક પોસ્ટ ઑફિસમાં તપાસ કર્યા પછી અમને સૂચના આપવી.

૬. સરનામું બદલાવવાની સૂચના ઓછામાં ઓછા ૧૦ દિવસ અગાઉ આપવી જરૂરી છે.


લેખકોને સૂચના

૧. લેખો કાગળની એક તરફ વાંચી શકાય તેવી રીતે શાહીથી લખી મોકલવા.

૨. લેખો ટૂંકા, મુદ્દાસર અને વ્યક્તિગત ટીકાત્મક ન હોવા જોઈએ.

૩. લેખો પ્રગટ કરવા ન કરવા અને તેમાં પત્રની નીતિને અનુસરીને સુધારોવધારો કરવાનો હક તંત્રી આધીન છે.

મુદ્રક : ગોવિંદલાલ જગશીભાઈ શાહ. શ્રી શારદા મુદ્રણાલય, પાનકોર નાકા, અમદાવાદ.
પ્રકાશક : ચીમનલાલ ગોકળદાસ શાહ.
શ્રી. જૈનધર્મ સત્ય પ્રકાશક સમિતિ કાર્યાલય, જેશિંગભાઈની વાડી. ઘીકાંટા રોડ–અમદાવાદ



તંત્રી

ચીમનલાલ ગોકળદાસ શાહ

તા. ૧૫-૭-૫૪ : અમદાવાદ

વર્ષ ૧૯ : અંક : ૧૦] [ક્રમાંક : ૨૨૬

વિષય-દર્શન

નવી મદદ

૨૫) પૂ. આ. શ્રી. આનંદસાગરસૂરીશ્વરજી મ. ના ઉપદેશથી ખેતિયા શ્રીસંઘ તરફથી પ્રતિષ્ઠા મહોત્સવના પ્રસંગે : ખેતિયા

॥ ॐ अर्हम् ॥

अखिल भारतवर्षीय जैन श्वेताम्बर मूर्तिपूजक
मुनिसम्मेलन संस्थापित

श्री जैनधर्म सत्यप्रकाशक समितिनुं मासिक मुखपत्र

जेशिंगभाईनी वाडी : घीकांटा रोड : अमदावाद (गुजरात)

वर्ष : १९	વિક્રમ સં. ૨૦૧૦ : વીર નિ. સં. ૨૪૭૯ : ઈ. સ. ૧૯૫૪	क्रमांक
अंक : १०	અષાઢ સુદિ ૧૫ ગુરુવાર : ૧૫ જુલાઈ	२२६

હિંસા-અહિંસા વિવેક

લેખક: પૂ. પંન્યાસ શ્રીધુરંધરવિજયજી

(૧) હિંસાની સમજણ—

વિશ્વમાં કેટલાક શબ્દો અને તેને અનુરૂપ કેટલીક વિચારણાઓ એવી હોય છે કે જે જગતના દરેક સમજુ જીવોને માન્ય હોય છે. 'હિંસા ન કરવી' એમાં કોઈ પણ સુજ્ઞ વિરોધ નહિ કરે પણ હિંસા કહેવી કોને? એ વિચારમાં ઘણા મતો પડી જશે. હિંસાનું સ્વરૂપ—સત્ય સ્વરૂપ ન સમજાય ત્યાં સુધી જીવ રુચિ અને શક્તિ હોવા છતાં હિંસાથી બચી શકતો નથી. કેટલીક વખત હિંસા અને અહિંસાના સ્વરૂપના ગોટાળાને કારણે જીવ જ્યાં ખરેખર હિંસા હોય છે ત્યાં અહિંસા માને છે અને મનાવે છે. એ જ પ્રમાણે જ્યાં અહિંસા હોય છે ત્યાં હિંસા માને છે અને મનાવે છે. આ પરિસ્થિતિમાં હિંસાથી બચવા માટે અને અહિંસાને ઉપાસવા માટે તેનો વિવેક જાણવો જરૂરી છે.

હિંસા એ શું છે? એ જ્યાં સુધી ખરેખર ન સમજાય ત્યાં સુધી તેનાથી જીવ છૂટો થઈ શકતો નથી. હિંસા છોડવા માટે તેનું વાસ્તવિક સ્વરૂપ જાણવું આવશ્યક છે. હિંસાનું સ્વરૂપ આ છે:—

प्रमत्तयोगात् प्राणव्यपरोपणं हिंसा ॥ ૭ ॥ ૮ ॥ (તત્ત્વાર્થાધિગમ.) પ્રમાદવાળો જે જીવ તેની જે મન, વચન અને કાયાની પ્રવૃત્તિ તેથી થતું જે પ્રાણવ્યપરોપણ—પ્રાણથી છૂટા પાડવું—તે હિંસા છે. હિંસાનું આ સ્વરૂપ સાંગોપાંગ છે. હિંસા કરીને જીવ કર્મથી ભારે થાય છે, તેને પરિણામે તેને દુર્ગતિમાં પરિભ્રમણ કરવું પડે છે, તે હિંસા—ઉપરનું સ્વરૂપ બરાબર ખ્યાલમાં હોય તો તરત ઓળખાઈ જાય છે. ઉપરના સ્વરૂપથી નીચે પ્રમાણે વિચારણા ફલિત થાય છે:

૧ પ્રમાદી જીવ પ્રાણ છૂટા પાડવાનો વિચાર કરે તે હિંસા છે.

૨ પ્રમાદી જીવ પ્રાણ છૂટા પાડવાનાં વચન બોલે તે હિંસા છે.

૩ પ્રમાદી જીવ પ્રાણ છૂટા પાડવાની કાયચેષ્ટા કરે તે હિંસા છે.
૪ પ્રમાદી જીવ પ્રાણ છૂટા પાડવાના વિચાર–વાણી સેવે તે હિંસા છે.
૫ પ્રમાદી જીવ પ્રાણ છૂટા પાડવાના વિચાર–કાયચેષ્ટા સેવે તે હિંસા છે.
૬ પ્રમાદી જીવ પ્રાણ છૂટા પાડવાના વાણી–કાયચેષ્ટા સેવે તે હિંસા છે.
૭ પ્રમાદી જીવ પ્રાણ છૂટા પાડવાના વિચાર–વાણી–કાયચેષ્ટા સેવે તે હિંસા છે.

ઉપરના સાત વિકલ્પોમાં–ભેદોમાં હિંસા માત્ર આવી જાય છે. સ્વાત્મ–હિંસા, પરાત્મ હિંસા, માનસિક, વાચિક અને કાયિક હિંસા; એથી થતી હિંસા અને ત્રણથી હિંસા એમ જુદી જુદી સર્વ હિંસાઓ ઉપરના વિકલ્પોમાં સમાઈ જાય છે.

હિંસાનું આ સ્વરૂપ સૂક્ષ્મ બુદ્ધિથી વિચારણીય છે. જીવ પ્રમત્ત હોય, તેની પ્રવૃત્તિ થતી હોય અને પ્રાણનું વ્યપરોપણ થાય ત્યારે હિંસા થાય છે–એટલે હિંસામાં પ્રાણના વ્યપરોપણ કરતાં પણ પ્રમત્ત–જીવની પ્રવૃત્તિ પ્રધાનતા ભોગવે છે.

જીવનુ પ્રાણવ્યપરોપણ એટલે પ્રાણથી છૂટા પડવું તે બે પ્રકારે છે. એક સ્થૂલ અને બીજું સૂક્ષ્મ. સ્થૂલ પ્રાણવ્યપરોપણ પણ અંશથી અને સર્વથી એમ બે પ્રકારે છે. સૂક્ષ્મ પ્રાણ–વ્યપરોપણ અલ્પાંશે અને મહાંશે એમ બે ભેદે છે. સૂક્ષ્મ પ્રાણવ્યપરોપણ એટલે અભ્યન્તર પ્રાણથી છૂટા કરવાપણુ. અભ્યન્તર પ્રાણથી જીવ એક રીતે છૂટો પડતો નથી–પાડી શકાતો નથી. અભ્યન્તર પ્રાણ જે દબાય છે–કાર્યક્ષમ રહેતા નથી એ જ તેનું છૂટા પડવાપણું છે. જીવ અભ્યન્તર પ્રાણથી સર્વથા છૂટો પડતો નથી.

જ્યાં પ્રમત્ત યોગ છે ત્યાં ઉપરના પ્રાણવ્યપરોપણમાંથી કોઈ પણ પ્રકારનું પ્રાણવ્યપરોપણ અવશ્ય હોય છે. પણ ઉપરના પ્રાણવ્યપરોપણમાંથી કોઈ એક પ્રકારનું પ્રાણવ્યપરોપણ થતું હોય ત્યાં પ્રમત્ત યોગ હોય અને ન પણ હોય.

શંકા—ઉપરના સ્વરૂપથી એટલુ ચોક્કસ સમજાય છે કે પ્રાણવ્યપરોપણ અને પ્રમાદ-યોગ એ બેમાં હિંસામા અગત્યનો ભાગ પ્રમાદ ભજવે છે. યોગ બીજી રીતે કહીએ તો પ્રમાદનો યોગ એ હિંસામાં સર્વસ્વ છે તો–**प्रमादयोग** કે **प्रमत्तयोगः-हिंसा**-એ પ્રમાણે સૂત્રમાં ન કહેતાં **प्रमत्तयोगत् प्राणव्यपरोपणम्**–એમ કહેવાની શી જરૂર પડી? ટૂંકમાં કહીએ તો હિંસાના સ્વરૂપમાં પ્રાણવ્યપરોપણ પદ શા માટે છે?

સમાધાન—પ્રાણવ્યપરોપણ એ હિંસાની ખરેખરી સ્થિતિ છે. જો પ્રાણવ્યપરોપણ એમ કહેવામાં ન આવે અને 'પ્રમત્તયોગ' એટલું જ કહેવામાં આવે તો હિંસા ખરેખર શું છે એ ન સમજાય. હિંસા એટલે પ્રાણવ્યપરોપણ. તે શાથી થાય છે? પ્રમત્ત જીવના યોગથી. એટલે પ્રમત્ત જીવનો યોગ એ કારણ છે અને પ્રાણવ્યપરોપણ એ કાર્ય છે.

* * *

વિશ્વમાં અનંતાનંત જીવો છે. સર્વ જીવો એક પ્રકારના નથી. જુદા જુદા પ્રકારના છે. સર્વ જીવોને મુખ્ય વિભાગમાં વહેંચી દઈને સમજવા હોય તો તે ચાર પ્રકારમાં વહેંચી દેવાય. હિંસાના સ્વરૂપમાં આ ચાર પ્રકારની સમજણ વિશેષ કામમાં લાગે છે. સૂક્ષ્મ જીવો, બાદર જીવો, ત્રસ જીવો અને સ્થાવર જીવો — એ તેના ચાર પ્રકાર છે.

૧. આંખથી ન દેખી શકાય એવા શરીરવાળા જીવો સૂક્ષ્મ છે.

૨. આંખથી દેખી શકાય એવા શરીરવાળા જીવો બાદર છે.

૩. હલનચલન કરી શકે એવા જીવો ત્રસ છે.

૪. હલનચલન ન કરી શકે એવા જીવો સ્થાવર છે.

જે જીવો સૂક્ષ્મ છે તેનું પ્રાણવ્યપરોપણ થતું નથી. બીજાનું પ્રાણવ્યપરોપણ તેઓ કરી શકતા નથી અને તેઓનું પ્રાણવ્યપરોપણ બીજા કરી શકતા નથી એ વસ્તુસ્થિતિ છે, છતાં તે જીવોને પ્રબલ પ્રમાદ દશા છે અને તે કારણે તેઓનો કાયયોગ ભયંકર પ્રાણવ્યપરોપણની શક્યતા જેટલો કર્મબંધ કરાવે છે. બીજા જે જીવો છે તે સૂક્ષ્મ જીવોને પ્રાણથી છૂટા પાડી શકતા નથી. તેઓને પણ જો તેવા પ્રકારનો — પ્રમત્ત દશાવાળો યોગ ચાલુ હોય તો તેઓના પ્રાણવ્યપરોપણને નિમિત્તે થતો કર્મબંધ થાય છે.

સૂક્ષ્મ સિવાયના બાકીના ત્રણે પ્રકારના જીવોનું પ્રાણવ્યપરોપણ પ્રમાદને પરવશ પડેલા જીવો અનેક પ્રકારના સ્વાર્થ સાધવા માટે કરે છે અને કર્મ બાંધે છે.

મદ્ય, વિષય, કષાય, નિદ્રા અને વિકથા એ પાંચ પ્રમાદ છે. એ પ્રમાદવાળો આત્મા તે પ્રમત્ત છે. જીવમાં પ્રમાદ ઓછાવત્તા પ્રમાણમાં હોય છે. જેટલા પ્રમાણમાં પ્રમાદનું બળ ઓછુંવત્તું હોય છે તેટલા પ્રમાણમાં જીવની પ્રમત્ત દશા પણ ઓછીવત્તી હોય છે. જીવની પ્રમત્ત દશા જેટલી તીવ્ર તેટલી તેનાથી થતી હિંસા તીવ્ર અને જેટલી મંદ તેટલી હિંસા પણ મંદ હોય છે.

હિંસાથી છૂટવા ઇચ્છનારે પોતાની પ્રમત્ત દશા દૂર કરવા–સદન્તર દૂર કરવા–ઓછી કરવા સતત પ્રયત્નશીલ રહેવું. પ્રમત્તદશા ઉપર કાપ મૂકવા જે જીવ ઇચ્છતો નથી–તે તરફ જેનું લક્ષ્ય નથી તે કદાચ કેટલીક વખત બહારથી હિંસાથી બચેલો જણાતો હોય તો પણ ખરેખર બચ્યો નથી અને પ્રમત્ત દશા જેની ઘટતી જતી હોય એવા આત્માઓ બહારથી હિંસાથી છૂટેલા ન જણાતા હોય તો પણ વાસ્તવિક રીતે હિંસાથી છૂટતા જતા હોય છે. હિંસાનું પ્રાથમિક–મૂળભૂત સ્વરૂપ આ છે. આ સ્વરૂપને સમજ્યા વગર પોતાના મતવ્યોને આગળ કરીને વિશ્વમાં અહિંસા ને હિંસાની સેળભેળવાળાં અનેક મંતવ્યો ચાલે છે.

હિંસા એ ખરેખર શું છે? એ સમજવા ઇચ્છનારે તેના સ્વરૂપમાં જે સેળભેળ થઈ ગઈ છે અને વિશ્વમાં જે સેળભેળવાળા વિચાર વ્યાપક બન્યા છે તેનાથી ચેતતા રહેવું જોઈએ. જો એ મિશ્ર વિચારો સાચા માની લેવાય અને તે પ્રમાણે જીવનનું ઘડતર થાય તો પરિણામે જીવ હિંસાથી બચી શકતો નથી પણ મહાહિંસામાં ફસાઈ પડે છે.

શબ્દથી ગભરાવાની કે લલચાવાની જરૂર નથી. જરૂર તો છે સ્વરૂપથી ગભરાવાની અને લલચાવાની હિંસાના મતવ્યોની મીમાંસા હવે પછી કરવામાં આવશે. (ચાલુ)

ગુફાઓ અને જૈન શ્રમણો

લેખક:—**શ્રીયુત મોહનલાલ દીપચંદ ચોકસી**

⊙

એક એવી માન્યતા પ્રવર્તી રહેલી જોવાય છે કે ગુફાઓના ઉત્પાદક કિંવા ગુફાઓમાં રહી ધ્યાન ધરનાર કેવળ બૌદ્ધ સાધુઓ હતા પણ શોધખોળથી સાબિત થયું છે કે એ માન્યતા સર્વથા સાચી નથી જ. જૈનધર્મી શ્રમણો પણ કર્મનિર્જરા અર્થે ધ્યાનમાં એકાગ્રતા ધારણ કરવાના હેતુથી ગુફાઓનો આશ્રય લેતા હતા. ભારતવર્ષના જુદા જુદા ભાગમાં જે ગુફાઓ આજે જોવાય છે એમાં જૈનધર્મી શ્રમણોના વસવાટવાળી—જૈનધર્મના સાહિત્ય ઉપર પ્રકાશ પાડનાર ચિત્રોવાળી ગુફાઓ પણ છે જ. 'ખંડિયેરોંકા વૈભવ'નામક હિંદી પુસ્તકમાં પુરાતત્ત્વના ઊંડા અભ્યાસી મુનિ શ્રીકાન્તિસાગરજીએ જે વિસ્તારથી એ સંબંધમાં નોંધ લીધી છે એનો અહીં સાર માત્ર રજુ થાય છે.

"જૈન–ગુફાઓ ઠીક પ્રમાણમાં મળી આવી છે. એમાં અધ્યાત્મમા મગ્ન રહી એકાન્ત શાન્તિનો અનુભવ કરનાર અને આત્મતત્ત્વના રહસ્યમાં અવગાહન કરનાર વ્યક્તિઓ મુખ્યત્વે વસતી હતી. પ્રાકૃતિક વાતાવરણની સાનુકૂળતાથી આવા સ્થાનોમાં ઈષ્ટસિદ્ધિનો યોગ સહજ મેળવી શકાતો. સસ્કૃતિ, પ્રકૃતિ અને કળાનો ત્રિવણી સગમ આત્મામા કોઈ અનેરો ભાવ પ્રગટાવતો. સ્વભાવિક રીતે જ ચિત્તવૃત્તિઓ સ્થિર થવાનો યોગ ઉત્પન્ન થતો. એમાં ગુફામાંની કોતરેલી કળાપૂર્ણ જિનપ્રતિમાઓના દર્શનનો સહકાર મળતો. રાગ, દ્વેષ, મદ, પ્રમાદ વગેરે દૂષણોથી મુક્ત થવામાં વીતરાગ પ્રતિમાનું અવલંબન ખરેખર અદ્ભુત સાધન જેવું નીવડતું. કેટલીક ગુફાઓ તો એવી છે કે જ્યાંથી એકવાર જોયા પછી, ખસવાનું મન નથી થતું! એમાં યથાર્થ રીતે આલેખાયેલ જિનમૂર્તિ અને એ પાછળ શિલ્પકારની લાંબા કાળની સાધના મંત્રમુગ્ધ બનાવી દેતી. પ્રેરણાત્મક જાગૃતિને સર્જન કરવામાં કળાકારે દોરેલી પ્રત્યેક રેખાઓ સુંદર ભાગ ભજવતી. આત્મસ્થ સૌન્દર્યના સાચા દર્શન કરવાના અભિલાષીએ જીવનને સાધનામય બનાવવુ જોઈએ. શ્રમણ સંસ્કૃતિનું આ લક્ષણ છે.

વિદેશી શોધકોમાં મી. ફરગ્યુસનનુ નામ અગ્રપદે આવે છે. એમણે જૈન સ્થાપત્ય પર પણ પ્રકાશ પાથર્યો છે. પરંતુ જૈનધર્મ અને બૌદ્ધધર્મ વચ્ચે રહેલા ભેદને બરાબર નહીં સમજવાને લીધે ઘણી ભૂલો કરી નાંખી છે. દાખલા તરીકે—રાજગૃહીના સોનભંડારની વાત લઈએ. એમાં જૈનમૂર્તિઓ તથા ધર્મચક્ર કોતરેલાં છે. આ સર્વ બૌદ્ધધર્મના નામે ચઢાવી દેવાયું છે, છતાં એ ભૂલભર્યું છે; કારણ કે ત્યાં જે લેખ કોતરેલ છે એમાં નિમ્ન પંક્તિઓ વચાય છે—

" १ निर्व्वाणलाभाय तपस्यियोग्ये शुभे गृहेर्हत्प्र[ति]मा प्रतिष्ठिते

२ आचार्यरत्नं मुनिवैरदेवः विमुक्तये कारय दीर्व(?)तेज "

જૈનસાહિત્યના કેટલાયે ઉલ્લેખો ઉપરથી એનું જૈનત્વ સિદ્ધ થાય છે. વળી પ્રાચીન ગુર્વાવલી અને તીર્થમાળાઓમાં પણ એ સંબંધી વાત છે.

મી. ફરગ્યુસને એક સ્થાન પર લખ્યું છે કે—'જૈનોએ ગુફાઓના સર્જન કર્યાં નથી.' અને બીજે સ્થળે લખે છે કે—'જૈનોના ગુફામંદિર એટલાં જુનાં નથી કે જેટલાં અન્ય બે

સંપ્રદાયોનાં છે. એમાંનું એકાદ પણ નવમી સદી પૂર્વેનું નથી !' આ લખાણ પણ ભ્રમપૂર્ણ છે. વિના રોકટોકે કહી શકાય તેમ છે કે જેટલી પણ અતિપ્રાચીન ગણાતી ગુફાઓ ઉપલબ્ધ થઈ છે, એમાંની ઘણીનું નિર્માણ જૈનો દ્વારા થયેલ છે.

સર્વથી પ્રાચીન ગુફાઓ ગિરનાર, બરાબર અને નાગાર્જુની પહાડીઓમાં આવેલી છે. એમાંની બેનો ઓપ તથા સ્નિગ્ધત્વ જોતાં એ મૌર્યકાલીન જણાય છે. વળી બીજી બે આજીવક સંપ્રદાયની છે, જે એક જૈનમાંથી પ્રગટેલો સંપ્રદાય છે. અશોકના પુત્ર દશરથે એનું દાન કર્યું હતું. **ઉદયગિરિ ખંડગિરિની** ગુફાઓ તો આજે વિશ્વવિખ્યાત થયેલી છે જેના નિર્માતા સમ્રાટ ખારવેલ જૈનધર્મી હતા; એ વાત માટે રંચમાત્ર શંકા ધરવાપણું નથી જ. ગ્વાલિયર સ્ટેટ અંતર્ગત ઉદયગિરિ (ભેલસા)માં ગુપ્તકાલીન જૈન-ગુફા મંદિર છે. એમાં ભગવાન્ શ્રીપાર્શ્વનાથની ભવ્ય પ્રતિમા હતી, પણ અત્યારે તો કેવલ સર્પની ફણા બાકી રહેવા પામી છે. એમાં એક જૈન લેખ પણ છે. એનું પ્રથમ પદ 'नमः सिद्धेभ्यः' છે અને મુનિશ્રીએ હિંદી પુસ્તકના પાના ૫૩માં એની પંક્તિઓ જુદા જુદા સાત અંકોમાં પ્રગટ કરી છે. અંતમાં લખ્યું છે કે આ લેખ ગુપ્ત સંવત ૧૦૬ નો છે, અને એ વેળા કુમારગુપ્ત પહેલાનું રાજ્ય હતું."

ઉપર મુજબ સામાન્ય ભૂમિકા પછી, જોગીમારા આદિ નામોવાળી ગુફાઓ સંબંધમાં ક્રમસર જોઈશું. એ શ્વેતાંબર સંપ્રદાયની છે કે દિગંબર સંપ્રદાયની છે એ પ્રશ્ન મહત્ત્વનો નથી. મુદ્દાની વાત તો એ છે કે એ સર્વ જૈનધર્મની પ્રાચીનતા પુરવાર કરતા જીવંત પુરાવા છે. એક કાળે ભારતના વિવિધ પ્રદેશોમાં જૈનધર્મની વિજય પતાકા ફરકતી હતી અને તીર્થંકર દેવોની અમૃતવાણી શ્રવણ કરી ઐહિક તેમજ પરલૌકિક કલ્યાણ સાધવામાં રત એવો અનુયાયી વર્ગ નાનોસૂનો નહોતો જ.

યાદ રાખવાનું છે કે જેમ મૂર્તિઓની મોટી સંખ્યા પાછળ સહજ કહી શકાય કે એને પૂજનાર સંખ્યા પણ એથી અતિ ઘણી હોવી જ જોઈએ, તેમ ગુફાઓ અને એમાંની કેટલીકમાં કોતરેલા કે ચિતરેલા સાહિત્યપ્રસંગો, મૂર્તિઓ આદિ દર્શાવે છે કે ધ્યાનમગ્ન બનનાર શ્રમણોની સંખ્યા પણ ઠીક પ્રમાણમાં હતી. વળી, એમાં મૂર્તિવિધાન અને ચિત્રકળાના અભ્યાસીઓ પણ ખરા જ. તેમના માર્ગદર્શન વિના શિલ્પીનાં ટાંકણાં કે ચિત્રકારની પીંછી ઓછી જ આજે વિશ્વને વિસ્મિત કરે તેવાં સર્જન કરી શકે!

પણ આજે આ વણસી જતા વારસા માટે આપણે કેટલી હદે ઉપેક્ષા સેવી રહ્યા છીએ! એકાદ ખાતુ છે કે જે આ સર્વની નોંધ કરે, અને એનો શૃંખલાબદ્ધ ઇતિહાસ તૈયાર કરે? કોણ કહે છે કે જૈન સમાજ પાસે ધન નથી? કદાચ મધ્યમકક્ષી સમાજમાં ઓતપ્રોત થનાર વ્યક્તિ એ સામે નન્નો વદવા જાય તો આપણે ઉજવેલા છેલ્લા પ્રસંગો જ એ સામે સાક્ષીરૂપે ઊભા રહે. ધર્મ માર્ગે ધન ખરચવું એ જરૂર આત્મકલ્યાણનું કારણ છે, છતાં આપણા પૂર્વજોની દીર્ઘદૃષ્ટિ આપણે વીસરી ગયા છીએ એમ નથી લાગતું? આપણે આજે કાયમી રચના ઊભી કરવાને બદલે માટી-ચૂના આદિની થોડા સમયની રચનાઓ પાછળ દ્રવ્ય ખરચી રહ્યા છીએ. એને શોભાવવા વીજળીની બત્તીઓ અને ઉપરછલ્લા આડંબરમાં પાણી માફક નાણું વાપરતાં અચકાતા નથી. જ્યારે આજે સાહિત્યસર્જન અને ઐતિહાસિક વારસો શોચનીય દશામાં દબાતો પડ્યો છે. હવે દેશકાળનાં એંધાણ પરખાશે ખરાં?

૨

ઉદયન-વિહાર
[૪]
[ઐતિહાસિક અનુસંધાન]

[ગત અંક ૯ : પૃ. ૧૬૧ થી ચાલુ]

લેખક. પં. શ્રીયુત લાલચંદ્ર ભગવાન ગાંધી, (વડોદરા)

卐

મહારાજ કુમારપાલે સપાદલક્ષ દેશના **શાકંભરીશ્વર આન્ન** (**અર્ણોરાજ**) રાજા સાથેના યુદ્ધમાં જે બાહુ-પરાક્રમ દર્શાવ્યું હતું અને વિજય મેળવ્યો હતો, તેની કીર્તિ-ગાથા અનેક મહાકવિઓએ ઉચ્ચારી હતી. તે સમયના શિલાલેખોમાં, તામ્રપત્રોમાં અને તાડપત્રીય પુસ્તિકાઓમાં ' નિજ-ભુજ-વિક્રમ-રણાંગણ-વિનિર્જિત-શાકંભરી-ભૂપાલ ' એવું વિશેષણ કુમારપાલ ભૂપાલ સંબંધમાં વપરાયેલુ છે જેસલમેર અને પાટણના જૈન ભંડારોના વર્ણનાત્મક સૂચિપત્રોમાં (ગા. ઓ. સિ.) અમે દર્શાવેલ છે, અહીં તેની પુનરુક્તિ નહિ કરીએ. આચાર્ય શ્રીહેમચંદ્રે ' ચૌલુક્યવંશ ' અપરનામ સંસ્કૃત ' દ્વયાશ્રય મહાકાવ્ય 'ના છેલ્લા પાંચ સર્ગોમાં (૧૬ થી ૨૦માં) વિસ્તારથી એનું વર્ણન કર્યુ છે. **અર્ણોરાજે** વિજયી કુમારપાલને પરણાવવા પોતાની પુત્રી સુરૂપવતી **જલ્હણા** કન્યાને અનેક ઉત્તમ ગજ-રત્નાદિ ભેટ સાથે પાટણ મોકલાવી હતી, તે ત્યાં સર્ગ ૧૯, શ્લો. ૨૧,૫૦ માં જણાવ્યુ છે.*

મહારાજા કુમારપાલનો કેટલોક પરિચય મેં **' આચાર્ય શ્રીહેમચન્દ્ર '** (ઐતિહાસિક પ્રામાણિક પરિચય) નામના વિસ્તૃત નિબંધમાં પંદરેક વર્ષ પહેલાં આપ્યો છે. ' સુવાસ ' માસિકના ' શ્રીહેમચન્દ્રાચાર્ય-વિશેષાંક'માં, તથા ' હૈમસારસ્વત સત્ર ' ગ્રંથમાં પ્રકાશિત થઈ ગયેલ છે, જિજ્ઞાસુ ત્યાંથી જોઈ શકશે. કુમારપાલ-પરિચાયક ઐતિહાસિક સાહિત્ય ગ્રંથોનો પણ નામ-નિર્દેશ ત્યાં કર્યો છે.

પાટણના **કુમાર-વિહાર**નુ સંસ્મરણ પ્રસ્તુત ઉદયન-વિહારની પ્રશસ્તિમાં (શ્લો. ૮૧ માં) કરવામાં આવ્યું છે. તે ચૈત્યમાં શ્રીઆદીશ્વરની રૂપાની પ્રતિમા [દંડનાયક અંબડે] કરાવી હતી-તેમ ત્યાં કરેલા વર્ણનથી જણાય છે. આ પ્રશસ્તિ રચનાર પ્રબંધશતકાર મહાકવિ રામચંદ્રે ' કુમારવિહારશતક ' નામના મનોહર સંસ્કૃત કાવ્યમાં પાટણના એ ભવ્ય કુમાર-

---

* " वसता दक्षिणा रम्य, येन तस्य मुने. समम् ।
मात्रा सह गुरु प्रैषीद्, आन्नस्ते दातुमात्मजाम् ॥
कन्याऽदाद् रेफमुमग्रं**जेल्हणा**-नामधेयतः ।
सुरूपधेया सद्भागधेया पितामही-समम् ॥ "

-સં. દ્વયાશ્રય મહાકાવ્ય (સર્ગ ૧૯, શ્લો. ૨૧,૫૦)

—મિ. ભોગીલાલ જ. સાંડેસરાએ 'ઇતિહાસની કેડી ' પૃ ૫૬ માં 'ચન્દ્રલેખાવિજય પ્રકરણ'ની નાયિકા ચન્દ્રલેખા વિદ્યાધરી તે આર્ણોરાજની બહેન જલ્હણાદેવી હોવી જોઈએ ' એવું કરેલું અનુમાન વાસ્તવિક લાગતુ નથી. એ પ્રકરણરૂપક આધ્યાત્મિક છે. શ્રીહેમચંદ્રાચાર્યે જણાવ્યા પ્રમાણે જલ્હણા એ આર્ણોરાજની બહેન નહિ, પરંતુ પુત્રી હતી, એ ઉપરના ઉલ્લેખથી સમજી શકાય છે.

વિહાર જિનમંદિરનો સરસ ખ્યાલ આપ્યો છે. એ કાવ્ય સં. અવચૂરિ અને ગૂજરાતી ભાષાં-તર સાથે જૈન આત્માનંદસભા ભાવનગર તરફથી સં. ૧૯૬૬માં પ્રકાશિત થઈ ગયેલ છે.

પાટણના એ 'કુમાર-વિહાર' જૈનમંદિરના મૂલનાયક (શ્રીપાર્શ્વનાથ)ની ડાબી બાજૂએ રહેલા શ્રીઅજિતનાથદેવના વસન્તોત્સવ-પ્રસંગે ભજવવા માટે 'ચંદ્રલેખાવિજય' પ્રકરણ રૂપક રચાયેલું મળી આવે છે. જેસલમેર ભંડારના વર્ણનાત્મક સૂચિપત્રમાં (ગા. ઓ. સિ. નં. ૨૧, પ્ર. સન ૧૯૨૩) સંસ્કૃતમાં અપ્રસિદ્ધ ગ્રન્થ-ગ્રન્થકૃતપરિચય (પૃ. ૬૪)માં મેં એનો પરિચય કરાવ્યો છે. તેના કર્તા દેવચંદ્ર કવિ, આચાર્ય શ્રીહેમચંદ્રના શિષ્ય હતા. પંચાંકી એ પ્રકરણરૂપક કુમારપાલની પરિષદ્ની પ્રેરણાથી રચાયેલું હતું-એમ ત્યાં કવિએ સૂત્રધારના શબ્દો દ્વારા સૂચવ્યું છે. મેં ત્યાં સંસ્કૃતમા જણાવ્યું છે કે-'**अर्णोराजमन्थनरूपा कुमारपालवीरत्वसूचिका स्तुतिश्चात्र दृश्यते**।'-અર્થાત્ અર્ણોરાજને મંથન (પરાસ્ત) કરવા રૂપ કુમારપાલની વીરતાને સૂચવતી સ્તુતિ આ રૂપકમાં જોવામાં આવે છે. મારા આ કથનના આશયને ન સમજવાથી કેટલાક સાક્ષરોએ જૂદી રીતે તેનો પરિચય કરાવ્યો છે. સદ્ગત સાક્ષર મોહનલાલભાઈ દ. દેશાઈએ સન ૧૯૩૩ના 'જૈન સાહિત્યના ઇતિહાસ' (પૃ. ૨૮૦) માં પેરા ૪૦૧માં જણાવ્યું કે-'**અર્ણોરાજનું મન્થન કરવામાં કુમારપાલનું વીરત્વ સૂચવવા માટેનું આ પ્રશંસાત્મક નાટક છે.**'

મિ. ભોગીલાલ જ. સાંડેસરાએ સન ૧૯૪૫માં પ્રકાશિત 'ઇતિહાસની કેડી' પૃ. ૪૫માં જણાવ્યું છે કે—'કુમારપાલે સપાદલક્ષના રાજા **અર્ણોરાજને હરાવ્યો તે પરત્વે કુમારપાલના વીરત્વને વર્ણવતું આ પ્રશંસાત્મક નાટક છે.** વળી નાટક **કુમારપાલની ખાસ આજ્ઞાથી** લખાયુ હોય એ પણ સંભવિત છે.'

—વાસ્તવિક રીતે એ પ્રકરણ રૂપક આધ્યાત્મિક સ્વરૂપનું છે, અને તે પરાક્રમી મહારાજા **કુમારપાલની પરિષદ્ની પ્રેરણાથી** રચાયેલું હોઈ પ્રારંભમાં પ્રસંગવશાત્ સૂત્રધારના શબ્દો દ્વારા કવિએ ગદ્ય-પદ્યમાં મહારાજા કુમારપાલનો ઉચિત પરિચય કરાવ્યો છે. તેમાં કુમારપાલે શાકંભરીશ્વર **અર્ણોરાજને** તથા **માળવાના બલ્લાલને** પરાસ્ત કર્યાનો ઉલ્લેખ છે એથી એ ઘટના બન્યા પછી આ રૂપકની રચના થયેલી સમજી શકાય તેમ છે. આ પ્રકરણ રૂપક હજી અપ્રકાશિત હોઈ એ રૂપકના સૂત્રધારના શબ્દો અહીં દર્શાવવામાં આવે છે—

"**सूत्र०** आदिष्टोऽस्मि सततार्चिततरुणरोहिणीरमण-चूडामणि-चरण-प्रसाद-समासादितोत्कट-**प्रतापा**लंकृत-**राज्यकमला**-विलाससदनस्य,

समराजिर-विजृम्भमाण-प्रचण्ड-दोर्दण्ड-कलित-कोदण्ड-[वि]स्तृत-शिलीमुख-मण्डल-खण्डित-**शाकम्भरीश्वर**-कीर्ति-कुसुमस्य,

मालवभूपाल-बल्लाल-मौलिकमलार्चित-रणाङ्गणाधिदेवतस्य, आजन्मनिर्वाहित-**सत्यव्रत**-तिरस्(रस्कृ)त-**कुन्तीसुतस्य**, प्रत्यर्थिभूपाल-विलासिनि-निःश्वासपवन-प्रेङ्खोलनानवरत-प्रज्वलिताद्भुत-**प्रताप**-दहनस्य,

निरन्तर **दान**-वाहिनी-प्रवाह-पूर-प्लवमान-**यशो**-राजहंसस्य,

अमन्द-**कीर्ति**-मन्दाकिनी-पूर-पवित्रित-त्रिभुवनस्य,

सर्वतोमुखप्रसरदमेयमहिम-वस्त (?) चक्राक्रान्त-सकलभूपाल-मौलिमण्डली-मुकुटमणि-किरण-चुम्बित-चरण-नख-चन्द्रस्य,

श्रीकुमारपालदेवनरेन्द्रस्य परिषदा, यदद्य **श्रीकुमारविहारे** वामपार्श्वावस्थित–श्रीमद्-जितनाथदेवस्य वसन्तोत्सवे त्रैविद्यस्य **श्रीदेवचन्द्रमुनेः** कृतिश्चन्द्रलेखाविजयं नाम प्रकरण-मभिनेतव्यम् इति ।

(सचमत्कारम्)—

दृष्टः क्वापि श्रुतो वा कथयत सदसि प्रेक्षकाः ! कोऽपि भूप',
[स]त्ये शौर्ये च दाने शरणमितवतां रक्षणे बद्धकक्षः ।
एनं मुक्त्वा **नरेन्द्रं** समिति हठहतारातिलक्ष्मी–प्रसक्त्या,
बिभ्राणं **विक्रमाङ्क** दिशि दिशि निहितप्रस्फुरत्–**कीर्ति**–हारम् ॥

अपि च—

एकाकिनैव वीरेण, **येनार्णोराज**–मन्थनात् ।
अनात्तमन्दरागेण, **हठाल्लक्ष्मीः** करे धृता ॥ ''

—ચંદ્રલેખાવિજય પ્રકરણના પ્રારંભમાં

ભાવાર્થ:—સતત પૂજેલા ચંદ્રમૌલિ (મહાદેવ)ના ચરણના પ્રસાદથી પ્રાપ્ત કરેલા ઉત્કટ પ્રતાપ વડે અલંકૃત કરેલ રાજ્ય–લક્ષ્મીને વિલાસ કરવાના ઘર રૂપ, એવા,

રણ–સંગ્રામમાં સ્ફુરાયમાન પ્રચંડ બાહુદંડમાં શોભતા ધનુષ્યમાંથી ફેંકાતા બાણ–સમૂહથી જેણે **શાકંભરીશ્વર**ના કીર્તિ–કુસુમને ખંડિત કર્યું છે તેવા,

માળવાના ભૂપાલ **બલ્લાલ**ના મસ્તક–કમળ વડે જેણે રણાંગણના અધિદેવતાનું અર્ચન કર્યું છે એવા,

જીવન–પર્યંત પાળેલા સત્યવ્રતવડે જેણે કુંતી–સુત (યુધિષ્ઠિર–ધર્મરાજ)ને તિરસ્કૃત કર્યા છે. એવા અને પ્રતિપક્ષી–વૈરી રાજાઓની વિલાસિની(સુંદરી)ઓના નીસાસાના પવન–પ્રચાલનથી જેના અદ્ભુત પ્રતાપરૂપી અગ્નિ નિરંતર પ્રજ્વલિત છે, તેવા,

જેમની નિરંતર વહેતી દાન–વાહિની (નદી)ના પ્રવાહના પૂરમા જેનો યશરૂપી રાજહંસ ઊછળી રહ્યો છે, તેવા,

જેની વિસ્તૃત કીર્તિરૂપી ગંગાના પૂરે ત્રણે ભુવનોને પવિત્ર કર્યા છે, તેવા,

ચોતરફ પસરતા અત્યંત મહિમાવાળાં સૈન્ય વડે વશ કરેલા સકલ ભૂપાલોનાં મસ્તકોનાં મુકુટ–મણિનાં કિરણો, જેમના ચરણનખ–ચંદ્રને સ્પર્શ કરેલ છે, તેવા, નરેન્દ્ર **કુમારપાલદેવ**ની **પરિષદે** મને આદેશ કર્યો છે કે 'આજે **કુમાર–વિહાર**માં [મૂલનાયકની] ડાબી બાજૂએ રહેલા શ્રી**અજિતનાથ**દેવના વસંતોત્સવમાં વિદ્યાત્રયી–કોવિદ **દેવચંદ્રમુનિ**ની કૃતિ **ચંદ્રલેખા-વિજય** નામનું **પ્રકરણ** ભજવવું.' ચમત્કાર–પૂર્વક સૂત્રધાર—

'સભામાં રહેલા હે પ્રેક્ષકો ! સભ્યો ! રણ–સંગ્રામમાં હઠથી હરેલી શત્રુની લક્ષ્મીની અત્યંત આસક્તિથી દશે દિશામાં સ્થાપન કરેલા, અત્યંત ફરકતા વિક્રમાંક કીર્તિ–હારને ધારણ કરતા આ રાજાને મૂકીને એવો કોઈ બીજો રાજા તમે કયાંય જોયો કે સાંભળ્યો હોય તો કહો, કે જે સત્યમાં, શૌર્યમાં, દાનમાં અને શરણાગતના રક્ષણમાં બદ્ધકક્ષ (તત્પર) હોય.

અદ્વિતીય એવા જે વીરે એકલાએ જ **અર્ણોરાજ** (આન રાજા, બીજા પક્ષમાં સમુદ્ર)નું મન્થન કરવાથી મંદ રાગ ગ્રહણ કર્યા વિના (બીજા પક્ષમાં મંદર–અગ–પર્વત) હાથી લક્ષ્મી (વિષ્ણુના પક્ષમાં) કુમારપાલના પક્ષમાં (રાજ્ય લક્ષ્મી) હાથમાં ધારણ કરી છે.'' (ચાલુ)

सं. १५०४ के विजययन्त्रपट्टका
लंदन प्रवास

लेखक : श्रीयुत अगरचंदजी भंवरलालजी नाहटा.

भारतीय चित्रकलाकी परम्परा अतिप्राचीन है। राजमहलों, सभाभवनोंकी शोभाकी अभिवृद्धिके निमित्त निर्मित भित्तिचित्रोंका उल्लेख प्राचीनतम जैनागमादिमें पाये जाते ही हैं। उन वर्णनोंमें कई ऐसे विशिष्ट चित्रकारोंका भी निर्देश है जिनको इस कलामें सिद्धि मिली थी। किसी व्यक्तिविशेषके लघुतम अवयवको देखकर वे उसका सम्पूर्ण तादृश चित्र बनानेमें सिद्धहस्त थे। पशु-पक्षियों आदिके चित्र भी इतने सुन्दर और हूबहू बनाये जाते थे कि बहुतवार दर्शक उन्हें सजीव समझकर पकड़नेके लिये हाथ डालने पर हास्यास्पद बनते थे। घरोंकी शोभाके प्रमुख उपादनोंमें चित्रोंके निर्माणको महत्त्वपूर्ण स्थान प्राप्त था।

भित्तिचित्रोंके साथ सचित्र वस्त्रपटोका भी प्राचीन कथाग्रन्थोमें बहुशः उल्लेख आता है। विशेषतः अभिलषित पूर्वजन्म संबन्धित वरकी प्राप्तिके प्रसंगमें कन्या अपने पूर्व जन्मके वृतान्तको वस्त्रपट पर चित्रित करवाके सखियोंके द्वारा प्रदर्शित करवाती थी। तदंकित भावोंको परिलक्षित कर ठीक समाधान कर देने पर उपलक्षित वरकी प्राप्ति हो जाती। रूपवती कन्याओंके चित्र राजा-राजकुमार आदिको बताये जाते और उससे प्रभावित होकर वैवाहिक सम्बन्धकी स्थिरता आदि प्रयासोंका वर्णन भी अनेक कथाओंमें मिलता है। इससे भित्तिचित्रोंके साथ ही चित्रपटोंकी प्राचीनताका भी पता लगता है।

कालचक्रकी परिवर्त्तन शीलतासे नवीन वस्तु पुरातनमें परिणत हो क्रमशः विलुप्त होती जाती है। आजका बालक थोड़े वर्षोंमें वृद्ध हो कालकवलित हो जाता है, इसी तरह जगत्के अन्य पदार्थ भी परिवर्त्तित होकर विनाश और उत्पत्तिके चक्रमें चक्कित होते रहते हैं। प्राचीन भित्तिचित्रों एवं पट(वस्त्र)चित्रोंका अस्तित्व न रहना भी उसी कालका प्रभाव है। प्राचीन चित्रकलाके कुछ परवर्त्ती नमूने गुहाचित्रोंके रूपमें ही आज हमें देखनेको मिलते हैं। वस्त्र तो बहुत जल्दी ही जीर्णशीर्ण हो जाते हैं इसलिए प्राप्त चित्रपटोंकी प्राचीनता ६०० वर्षोंकी ही समझिये। उपलब्ध वस्त्रपटोंमें हमारे संग्रहका तरुणप्रभसूरि और पार्श्वनाथका चित्रपट संभवतः सर्व प्राचीन है जिसका निर्माण सं. १४०० के आसपासमें हुआ था। इसका फोटो एवं कुछ विवरण उत्तरप्रदेशके जर्नलमें प्रकाशित हो चुका है। इसी समयके लगभगकी वस्त्र पर लिखी एक धर्मविधि प्रकरण व कच्छुली रासकी प्रति पाटणके फोफलिया वाड़ेके ज्ञानभंडारमें सुरक्षित है, जिसके प्रथम पृष्ठमें सरस्वतीका चित्र भी है।

पन्द्रहवीं शतीके एक अन्य जैन चित्रपटकी प्रतिकृति सन् १९१३ के दि जर्नल ऑफ इण्डियन आर्ट एन्ड इण्डस्ट्रीके पृ. १२७में अमरीकाके बोस्टन म्यूजियमके हिन्द कलाविभागके क्यूरेटर डा. आणंदकुमारस्वामीके जैन आर्ट नामक निबन्धमें प्लेट नं. १२ चित्र नं. ५७में

छपी है। इसी शताब्दीका एक चित्रपट पाटणके भंडारमें है जो बहुत सुन्दर है, बीकानेरके खरतर आचार्यगच्छके भंडारमें एक पंचतीर्थी पट श्रीजिनभद्रसूरिजीके लेख सहित देखा गया था। सोलहवीं शतीके तो अनेक सचित्र पट प्राप्त है जिनमेंसे उपकेशगच्छीय ऋषिमण्डलयन्त्र सं. १५७१ लिखितका परिचय आत्मानंद शताब्दी स्मारक ग्रंथमें डा. हीरानंदने प्रकाशित किया है। खरतरगच्छीय उपाध्याय भक्तिलाभके सूरिमंत्रकल्पपट्टका ब्लाक श्री साराभाई मणिलाल नवाबके सूरिमंत्रकल्प ग्रंथमें प्रकाशित हुआ है। नवाबने इस पटको १५ वीं शतीका लिखा है पर भक्तिलाभ उपाध्यायका समय सोलहवीं शतीका निश्चित है। हमारे संग्रहमें एवं मुनि विनयसागरोपाध्यायजीके पासका वर्द्धमान विद्यापट भी सोलहवीं शतीका ही होना संभव है। इस शताब्दीके और भी कई सचित्र पट मिलते है। अढाईद्वीप, जंबूद्वीप लोकनाल, चौदह राजलोक आदिके चित्रपट भी हमारे संग्रहालयमें प्राचीन संगृहीत है। यह परम्परा ६०० वर्षोंसे जैन समाजमें निरन्तर चली आ रही है। प्राचीन पटोंमें यंत्र मंत्र सम्बन्धित चित्रोंका प्राचुर्य है; यह मध्यकालीन तान्त्रिक प्रभाव और लोकविश्वासकी देन है। उन्नीसवीं शतीमें बडे बडे चित्रपटोंका भी निर्माण हुआ जिनमें शत्रुंजय तीर्थपट सविशेष उल्लेखयोग्य है। इस शतीका बीकानेरमें चित्रित एक समवसरण पट हमारे संग्रहमें भी है।

सचित्र वस्त्रपटोंका प्रचलन न केवल भारतमें और जैन समाजमें ही था, पर बौद्ध व वैदिक परम्पराके एवं नेपाल, तिब्बतके अनेक सुन्दर और सचित्र पट पाये जाते हैं। तिब्बतमें इनका सर्वाधिक प्रचार था। पटना म्यूजियम आदि में तिब्बतीय बौद्धपट प्रचुरतासे संग्रहीत है। हमारे संग्रहका प्राचीन बौद्धपट प्राप्त सभी पटोंमें कला एवं प्रचीनताकी दृष्टिसे बहुत ही महत्त्वपूर्ण तथा उल्लेखयोग्य है। उसमें रंगोंकी विविधता, बौद्ध मुद्राओंकी अनेकता, रेखाओंकी सूक्ष्मता आदि बहुत ही महत्त्वपूर्ण है। पटना स्थित श्रीजालानजीके संग्रहमें एक कथावस्तुका लम्बा चित्रपट दर्शनीय है।

भारतीय पुरातत्त्व एवं कलाकी मूल्यवान बहुसंख्यक सामग्री पाश्चात्य देशोंमें चली गयी है। ऊपर के बोस्टनके जैन चित्रपटका उल्लेख किया ही गया है। यहांकी हस्तलिखित प्रतियां, खुदाईसे प्राप्त वस्तुएं, सिक्के, चित्र आदि इतने अधिक और सुन्दर उपादान पाश्चात्य देशोंमें बिखरे पड़े कि उनकी जानकारी प्राप्त करना ही पर्याप्त समय और श्रमकी अपेक्षा रखता है, इनमेंसे बहुतसी सामग्री तो ऐसी है, जिसके दूसरे नमूने ही नहीं मिलते। विविधदृष्टियोंसे उनका इतना अधिक महत्त्व है कि वहांकी सामग्रीके उल्लेख बिना यहांकी कला–परम्पराका इतिवृत्त सर्वाङ्गीण ज्ञात कर सकना अतिकठिन है।

प्रस्तुत लेख में एक ऐसे ही सचित्र–जैन चित्रपटका परिचय दिया जा रहा है जो कुछ वर्ष पूर्व लंदनके म्यूजियममें जाकर वहांकी शोभा बढा रहा है। लगभग १५वर्ष

पूर्व पालनपुरनिवासी पुरातत्त्व एवं कलाप्रेमी श्रीनाथालाल छगनलाल शाह बीकानेर आये और कई दिन वहां रहे। उनके साथ कलासामग्री आदिके सम्बन्धमें चर्चा होते एकबार वस्त्रपट आदिकी बात निकली। उन्होंने हमारे संग्रहके वस्त्रपट देखकर श्रीजिनभद्रसूरि-प्रतिष्ठित एक बृहदाकार चित्रपटको लंदनके म्यूजियमको प्रदानकर देनेकी बात कही। हमने उसकी प्रतिकृति देखनेकी उत्सुकता प्रकट की तो उन्होंने बम्बई जाकर उसका फोटू भेज दिया।

इस पटका इतः पूर्व श्रीसाराभाई नवाबने सं. १९९२ के जैन सत्य प्रकाश पुस्तक २, अंक २ में प्रकाशित अपने 'सरस्वती पूजा अने जैनो' नामक लेखमें उल्लेख किया था। उन्होने लिखा है-"पालनपुरना रहीश अने पुरातत्त्व संशोधनमां रस धरावता श्रीयुत नाथालाल छगनलाल शाहना संग्रहमां वि. सं. १५०४ नी सालमां कपड़ा पर चित्राएलो एक विजय-पताका यंत्र छे ते यंत्र ऊपरना मथालाना भागमां सोनानी स्याहीथी चीतरेलुं सरस्वती देवीनुं एक सुन्दर चित्र छे जे हजु सुधी अप्रसिद्ध छे। तेमां पण देवीने चार हाथ छे तेनां आयुधो वगेरेनां वर्णन बराबर हालमां मने याद नथी अने तेमां कंइ विशिष्टता नहीं होवाथी तेनो उल्लेख हुं अत्रे करी शकतो नथी."

प्रस्तुत चित्र पट नाथालालभाईके पास कहांसे आया इस विषयमें अनुसन्धान करने पर जैनयुगके सं. १९८४ (वर्ष-३) अंक ११ में स्वर्गीय मोहनलाल दलीचंद देसाईका "अमारो खेड़ानो ज्ञानप्रवास" शीर्षक भ्रमणवृत्तान्त में ज्ञातव्य जानकारी मिली, जो इस प्रकार है:—"खेड़ाना मोटा मंदिर (अमीझरा पार्श्वनाथ) मां रहेता भाग्यरत्न मुनि पासे केटलाक पुस्तकोनो संग्रह होवा उपरांत केटलाक कागलो ऐतिहासिक छे, तेमज एक विजयपताका यंत्र कपडा पर लखेलो छे ते कपड़ानी लंबाई ४ फुट ने ५ ईंच अने पहोळाइ ३ फुटने ५॥ ईंच छे। सं. १५०४ मां दीवाळी दिने खरतर जिनभद्रसूरिओ लखेलो छे एवो नीचे प्रमाणे लेख छे:-

"संवत् १५०४ वर्षे दीपोत्सवदिने लिखित प्रतिष्ठित श्रीखरतरगच्छाधीश्वर श्रीजिनभद्रसूरिभिरिदं जैत्रपताकाख्ययंत्रं॥ सपरिवारस्य जैत्रं 'वांछितसिद्धिं कुरु कुरु स्वाहा॥"

आनी बे बाजुए रंगित कोर छे अने बीजी बे बाजुओ चित्रो आलेखेलां छे। ते चित्रो रजपूत शाला (School) नां छे। यंत्र लाल शाहीमां छे।"

अभी ता. ३१ जनवरी १९५४ कलकत्तानिवासी श्रीगोपीकृष्ण कानोड़ियाके साथ W. G. आर्चर (कीपर आफ इन्डियन सेक्सन विक्टोरिया म्यूजियम लंदन) हमारे संग्रहालयका अवलोकन करने बीकानेर पधारे तो उपर्युक्त विजययंत्रका फोटो दिखाने पर उन्होंने पहचान कर यह तो हमारे म्यूजियममें है, बतलाया। मैने पूछा—क्या इनके संबन्धमें कोई लेख प्रकाशित हुआ है? तो उन्होंने कहा—नहीं। अतः इस महत्त्वपूर्ण पटकी कलाका सर्व प्रथम परिचय इसी लेखके द्वारा प्रकाशित किया जा रहा है:—

—विजययंत्र पट परिचय—

इसके दोनों बाजूमें वेलपत्तियोंका बोर्डर है जिसमें कमलके पुष्प बने हुए है। चित्रके ऊपर नीचे बोर्डर न होकर पाइपिंग मात्र है। ऊपरकी चित्रश्रेणीमें दाहिनेसे बांये सर्व प्रथम गणेश, ब्रह्मा, शिव, विष्णु और सरस्वतीके पांच सुन्दर चित्र हैं। मध्यमें विजयछत्र विराजमान है, जिसके उभयपक्षमें मयूरयुग्म सुशोभित हैं। तदुपरान्त दो देवियां तथा एक उद्यानका चित्र है जिसमें केला, खजूर आदिके वृक्ष तथा जलाशयके चारों ओर चार हाथी खड़े दिखलाये हैं, एक हाथी अंतिम वृक्षके नीचे खड़ा सूंड ऊंची किये फल तोड़ रहा है। इस पंक्तिके नीचे प्रतिष्ठा समयमें लिखी गयी अभिलेख पंक्ति है जिसकी नकल ऊपर दी जा चुकी है। दूसरी चित्रश्रेणीमें सर्व प्रथम देवी, वृक्ष, हाथी, एक देवीके पश्चात् छत्रधारी दाढीवाला पुरुष बैठा है जिसके समक्ष ठवणी और तदुपरि कोई वस्तु रखी है। उसके सामने एक हाथी व एक बैल है, उपरि भागमें एक पुरुष और स्त्री सामने विराजमान दिखाये हैं। तदनंतर विजयछत्रके नीचे मध्यमें दण्ड है जिसके दो पताकाएं बंधी हुई हैं, उनके दोनो ओर चन्द्र सूर्य तथा नीचे एक हाथी व द्रुमलताएं दिखायीं हैं। उभय पक्षमें दो देवियां खड़ी है। तदनंतर हाथी पर छत्रधारी नरेश्वरादि बैठा है, फिर एक देवी व अश्वारोही है जिसके ऊपर छत्र है। फिर एक देवी—मूर्ति विराजित है जिसके हाथमें पूर्णकलश है। इसके अनंतर एक वृक्षका चित्र है जिसके नीचे शंख स्थापित है। अंतमें एक वृक्षके नीचे पंख फैलाये मयूर खड़ा है जिसकी चोंचमें पुष्पमाला धारण की हुई है।

चित्रपटका मध्यम भाग यंत्राङ्कोंसे परिपूर्ण है। इसके ठीक बीचमें ऊपर ह्रींकार है। नीचेकी पंक्तिमें 'श्रीसर्वज्ञाय नमः'। फिर नीचे त्रिपुरायै नमः, त्रिपुरसुन्दर्यै ह्रीँ नमः, श्रीत्रिपुरभैरवी ह्रीँ नमः, फिर त्रिपुर विजया ह्रीँ नमः, फिर चार पंक्तियोंके बाद "क्रों" लिखा हुआ है।

चतुर्थ पंक्तिमें प्रथम तीन वृक्ष, फिर तीन देवियो जो कलश लिए हुए है। पंक्तिके मध्यमें एक वृक्ष है जिसके दोनों ओर कलश हाथमें लिए दो देवियां बैठी है। तदनंतर ऐसी ही चार देवियां अलग अलग भवनोमें बैठी है।

सबसे नीचेकी पंक्तिमें नवग्रहोंके चित्र बने हैं, फिर ७ हाथी और ६ घोड़े सजे हुए खड़े हैं।

विजययंत्र तंत्रविद्यासे सम्बन्धित है, इसलिए इस पटमें चित्रित भावोंका विशेष स्पष्टीकरण तो इस विषयमें ज्ञात व्यक्ति ही कर सकते हैं। परवर्ती विजययंत्र इससे भिन्न प्रकारके मिलते हैं। हमारे संग्रहमें विजययंत्र विधिकी हस्तलिखित प्रतियां भी है। इस यंत्रका मूल कहांसे और कब जैन समाजमें प्रचलित हुआ यह अन्वेषणीय है। इसके प्रारंभमें जो गणेशके साथ ब्रह्मा—विष्णु—महेश्वर भी चित्रित हैं इससे इसका मूल वैदिक तांत्रिक ग्रन्थोंमें मिलना संभव है। विशेषज्ञोंसे अनुरोध है कि वे एतद्विषयक अपनी जानकारी प्रकाशित करें।

કર્મ મીમાંસા

લેખક : શ્રીયુત માસ્તર ખુબચંદ કેશવલાલ, શીરોહી

[લેખાંક–બીજો]

[કર્મના અસ્તિત્વ વિશે જૈન દર્શનની સાથે જૈનેતર દર્શનોની માન્યતા રજૂ કરવાથી તદ્વિષયક તુલનાત્મક અધ્યયન થઈ શકે; એ ખાતર તે તે વિષયમાં જૈન વિદ્વાનોએ લખેલા અલગ અલગ ગ્રંથોમાંથી હકીકત મેળવીને સારરૂપે અહીં રજૂ કરી છે. હવે પછીના લેખમાં જૈન દર્શનની માન્યતા રજૂ કરાશે.]

યોગ દર્શનાનુસાર અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ, અભિનિવેશ એ પાંચ કલેશ છે. એ પાંચ કલેશને કારણે કિલષ્ટ વૃત્તિ–ચિત્તવ્યાપાર થાય છે, અને તેથી ધર્મ–અધર્મરૂપ સંસ્કાર ઉત્પન્ન થાય છે. સંસ્કારને વાસના, કર્મ અને અપૂર્વ એવાં પણ નામ 'યોગદર્શન'માં આપવામાં આવ્યાં છે. કલેશ અને કર્મનો અનાદિ કાર્ય–કારણભાવ બીજાંકુરની જેમ જ માનવામાં આવ્યો છે. કલેશ–કિલષ્ટવૃત્તિ અને સંસ્કાર એ બધાંનો સંબંધ યોગ દર્શનની પ્રક્રિયા પ્રમાણે આત્મા સાથે નહિ પણ ચિત્ત–અંતઃકરણ સાથે છે અને તે અંતઃકરણ એ પ્રકૃતિનો વિકાર–પરિણામ છે.

કર્મનો વિપાક 'યોગદર્શન'માં ત્રણ પ્રકારનો બતાવ્યો છે. જાતિ, આયુ અને ભોગ. વળી યોગદર્શનમાં કર્માશય અને વાસનાનો ભેદ કર્યો છે. એક જન્મમાં સંચિત જે કર્મ તે કર્માશય નામે ઓળખાય છે, અને અનેક જન્મના કર્મોના સંસ્કારની જે પરંપરા છે તે વાસના કહેવાય છે. કર્માશયનો વિપાક અદૃષ્ટ જન્મ વેદનીય અને દૃષ્ટ જન્મ વેદનીય એમ બે પ્રકારે સંભવે છે. અર્થાત્ પરજન્મમાં જેનો વિપાક મળે છે તે અદૃષ્ટ જન્મ વેદનીય અને આ જન્મમાં જેનો વિપાક મળે છે ને દૃષ્ટ જન્મ વેદનીય. અદૃષ્ટ જન્મ વેદનીયનું ફળ નવો જન્મ, તે જન્મનું આયુ, અને તે જન્મના ભોગો એ ત્રણે છે. દૃષ્ટ જન્મ વેદનીય કર્માશયનો વિપાક આયુ અને ભોગ અથવા તો માત્ર ભોગ છે, પણ જન્મ નથી.

વાસનાનો વિપાક તો અસંખ્ય જન્મ, આયુ અને ભોગોને માનવામાં આવ્યાં છે, કારણ કે વાસનાની પરંપરા તો અનાદિ છે. વળી અહીંઆં શુક્લ કર્મને કૃષ્ણ કર્મ કરતાં બળવાન માનવામાં આવ્યું છે, અને કહ્યું છે કે શુક્લ કર્મનો ઉદય હોય ત્યારે કૃષ્ણ કર્મોનો નાશ ફળ દીધા વિના થઈ જાય છે. સાંખ્યદર્શનની માન્યતા પણ યોગ દર્શન જેવી છે. નૈયાયિકોએ રાગ, દ્વેષ અને મોહ એ ત્રણ દોષ સ્વીકાર્યા છે. એ ત્રણ દોષથી પ્રેરિત થઈને જીવની મન, વચન, કાયની પ્રવૃત્તિ થાય છે અને એ પ્રવૃત્તિથી ધર્મ અને અધર્મની ઉત્પત્તિ થાય છે. ધર્મ અને અધર્મને નૈયાયિકોએ 'સંસ્કાર' અથવા તો 'અદૃષ્ટ' એવું નામ આપ્યું છે કે જે જૈનમતમાં પૌદ્ગલિક કર્મ અથવા તો દ્રવ્ય કર્મ કહેવાય છે.

વૈશેષિક દર્શનની માન્યતા પણ નૈયાયિકોને જ મળતી છે. પ્રશસ્તપાદે જે ૨૪ ગુણો ગણાવ્યા છે તેમાં એક અદૃષ્ટ નામનો ગુણ પણ ગણાવ્યો છે. જો કે એ ગુણ સંસ્કાર નામના ગુણથી ભિન્ન જ ગણાવ્યો છે, પણ તેના જે ધર્મ અને અધર્મ એવા બે ભેદ કર્યા છે તે ઉપરથી જણાય છે કે પ્રશસ્તપાદ ધર્માધર્મને સંસ્કાર શબ્દથી નહિ પણ અદૃષ્ટ શબ્દથી ઓળખાવે છે. આ માન્યતાભેદ નહિ પણ માત્ર નામભેદ છે એમ સમજવું જોઈએ. કારણ કે જેમ ધર્મઅધર્મરૂપ સંસ્કાર એ નૈયાયિક મતે આત્માનો ગુણ છે તેમ વૈશેષિક મતે અદૃષ્ટને પણ આત્મગુણ જ કહ્યો છે.

આ ન્યાય અને વૈશેષિક દર્શનમાં પણ દોષથી સંસ્કાર અને સંસ્કારથી જન્મ અને જન્મથી દોષ અને પાછા દોષથી સંસ્કાર અને જન્મ—આ પરંપરા અનાદિ કાળથી જ બીજાંકુરની જેમ માનવામાં આવી છે. કર્મની સાથે કર્મફળનો સંબંધ શી રીતે જોડાયો એ પ્રશ્ન ન્યાય દર્શનકારને જરૂર ઉદ્‌ભવ્યો હતો. કર્મ પુરુષકૃત છે એ વાતની એમને જાણ હતી. કર્મનું ફળ હોવું જોઈએ એની ગૌતમે ના નથી પાડી, પણ ઘણીવાર પુરુષકૃત કર્મ નિષ્ફળ જતાં હોય એમ પણ એમને લાગેલુ. અહીં એક મુંઝવણ ઊભી થઈ. પુરુષકૃત કર્મ પોતે ફળ શી રીતે આપી શકે એવો ગૌતમના મનમાં સ્વાભાવિક રીતે જ એક પ્રશ્ન ઉદ્‌ભવ્યો. કર્મની સાથે કર્મફળનો ઘણીવાર સંબંધ નથી દેખાતો તેનું સમાધાન કરવા જતાં એમણે કર્મ અને કર્મફળની વચ્ચે કર્મથી જુદું જ એક કારણ ઊભેર્યું. એમને કહેવું પડ્યુ કે :—

'કર્મના ફળમાં ઈશ્વર જ કારણ છે. પુરુષકૃત કર્મ ઘણીવાર નિષ્ફળ જતાં જણાય છે. પુરુષકૃત કર્મના અભાવે કર્મના ફળની ઉત્પત્તિ સંભવતી નથી, એટલે કર્મ જ ફલના કારણરૂપ છે એમ જો કોઈ કહે તો એ બરાબર નથી. કર્મફળનો ઉદય ઈશ્વરને આભારી છે. એટલા સારુ ફળનું એક માત્ર કારણ કર્મ જ છે એમ કહી શકાય નહિ. ગૌતમસમ્મત કર્મવાદ સંબંધે આટલુ સમજી શકાય છે કે કર્મફળ એ પુરુષકૃત કર્મને આધીન છે એ વાત તે સ્વીકારે છે. પણ કર્મ જ કર્મફળનુ એક માત્ર અને અદ્વિતીય કારણ છે એ વાત એમને મંજુર નથી. એમની કહેવાની મતલબ એ છે કે, જો કર્મફળ એકમાત્ર કર્મને જ આધીન હોય તો પછી પ્રત્યેક કર્મ ફળવાળુ દેખાવું જોઈએ. કર્મફળ કર્મને આધીન છે એ વાત બરાબર છે પરંતુ કર્મના ફળનો અભ્યુદય કર્મને એકલાને આભારી નથી. પુરુષકૃત કર્મ ઘણીવાર નિષ્ફળ નીવડતું દેખાય છે. આ પરથી એવુ સિદ્ધ થાય છે કે કર્મફળના વિષયમાં કર્મ સિવાય એક કર્મફળ નિયંતા ઈશ્વર પણ છે. નૈયાયિકો અહીં વૃક્ષ અને બીજનો દાખલો રજુ કરે છે. વૃક્ષ બીજને આધીન છે એ વાત કબુલ રાખીએ, પરંતુ વૃક્ષની ઉત્પત્તિ એકલા બીજની અપેક્ષા નથી રાખતી. હવા, પાણી, પ્રકાશ વગેરેની જરૂર રહે છે. કર્મફળની બાબતમાં પણ એ જ પ્રમાણે ઈશ્વરની જરૂર રહે છે. ન્યાય દર્શનનો મૂળ અભિપ્રાય એ છે કે ઈશ્વર કર્મથી જુદો છે પણ કર્મની સાથે ફળની યોજના કરી દે છે પરંતુ ઈશ્વર આવી બાબતમાં માથું મારે એ વાત ઘણા દાર્શનિકોને પસંદ નથી એટલે તેઓ તેનો અસ્વીકાર કરે છે. પ્રાચીન ન્યાયમાં કર્મ અને કર્મફળવાદની યુક્તિ ઉપર જ ઈશ્વરનું અસ્તિત્વ આધાર રાખી રહ્યું છે. નવા નૈયાયિકો એ યુક્તિ વિષે બહુ આસ્થા નથી રાખતા. કર્મની સાથે ફળને જોડવા સારુ ઈશ્વરનો સ્વીકાર કરવો તેને બદલે ફળને સંપૂર્ણ કર્માધીન માનવું, અર્થાત્ કર્મ પોતે જ પોતાનાં ફળ ઉપજાવે છે એ

નિર્ણય માનવો વધારે ઠીક લાગે છે. બૌદ્ધ દાર્શનિકો એ જ અભિમત ઉચ્ચારે છે, એટલે બૌદ્ધો પણ કહે છે કે :—કર્મને લીધે સંસારનો પ્રવાહ ધપે છે. ફળના સંબંધમાં કર્મ સંપૂર્ણ સ્વાધીન છે. ઈશ્વરની કે બીજા કોઈની દખલગીરીની જરૂર નથી. ફળની બાબતમાં જૈનદર્શન પણ કહે છે કે કર્મ સંપૂર્ણ સ્વાધીન છે, વચમાં ઇશ્વરની કઈ જરૂર નથી. પુરુષકૃત કર્મ કોઈવાર અફળ જતું જણાય તો પણ વચ્ચે ઈશ્વરને સડોવવાની જરૂર નથી. કારણ કે કર્મનું ફળ તો અવશ્ય મળવાનું જ છે, ફળમાં કદાચ થોડી વધારે પણ વાર લાગે, પરતુ કર્મનું ફળ ન મળે એવું તો કદાપિ ન બને. વખતે પાપી માણસ પણ સુખી દેખાય અને સારો માણસ દુ:ખી દેખાય, પરંતુ એટલા ઉપરથી કર્મનાં ફળ મળતાં જ નથી એમ સિદ્ધ થતું નથી. કેટલીક વખત હિંસક મનુષ્યને સમૃદ્ધિવત અને ધર્મિષ્ઠ માણસને દરિદ્રી જોવામાં આવે છે તે અનુક્રમે પૂર્વે કરેલા પાપાનુબંધી પુણ્યકર્મ અને પુણ્યાનુબંધી પાપકર્મને આભારી છે. હિંસા અને ધર્મિષ્ઠતા એ કોઈ કાળે નિષ્ફળ નહીં નીવડે. જન્માંતરે પણ એ કર્મનાં ફળ ભોગવવાનાં જ રહે છે. એટલે કે કર્મ અને કર્મફળની વચ્ચે કાર્ય-કારણભાવનો કોઈ પ્રકારનો વ્યભિચાર નથી. માટે ફળ ઉપજાવવા માટે વચમાં કર્મફળ નિયતા ઇશ્વરને કંઈ સ્થાન નથી

હવે મીમાંસકોએ યાગાદિ કર્મજન્ય એક ‘અપૂર્વ’ નામનો પદાર્થ સ્વીકાર્યો છે. તેમની દલીલ એવી છે કે મનુષ્ય જે કાંઈ અનુષ્ઠાન કરે છે તે તો ક્રિયારૂપ હોવાથી ક્ષણિક હોય છે એટલે તે અનુષ્ઠાનથી ‘અપૂર્વ’ નામનો પદાર્થ ઉત્પન્ન થાય છે, જે યાગાદિ કર્મ–અનુષ્ઠાનનું ફળ આપે છે. એ અપૂર્વ પદાર્થની વ્યાખ્યા કુમારિલે કરી છે કે અપૂર્વ એટલે યોગ્યતા. યાગાદિ કર્મનુ અનુષ્ઠાન કરવામાં ન આવે ત્યાં સુધી તે યાગાદિ કર્મ અને પુરુષ એ બંને સ્વર્ગરૂપ ફળ ઉત્પન્ન કરવા માટે અસમર્થ–અયોગ્ય હોય છે, પણ અનુષ્ઠાન પછી એક એવી યોગ્યતા ઉત્પન્ન થાય છે કે જેથી કર્તાને સ્વર્ગફળ મળે છે. એ યોગ્યતા પુરુષની માનવી કે યજ્ઞની એ વિશે આગ્રહ કરવો નહિ પણ તે ઉત્પન્ન થાય છે એટલું પર્યાપ્ત છે.

બીજા દાર્શનિકો જેને સંસ્કાર, યોગ્યતા, સામર્થ્ય, શક્તિ કહે છે તેને માટે જ મીમાંસકોએ ‘અપૂર્વ’ શબ્દનો પ્રયોગ કર્યો છે; છતાં તેમનુ માનવું છે કે વેદવિહિત કર્મજન્ય જે સંસ્કાર કે શક્તિ ઉત્પન્ન થાય છે તેને માટે જ ‘અપૂર્વ’ શબ્દનો પ્રયોગ કરવો, અન્ય કર્મજન્ય સંસ્કાર માટે નહિ અપૂર્વ કે શક્તિનો આશ્રય આત્મા છે એમ મીમાંસકો માને છે, અને આત્માની જેમ અપૂર્વને પણ અમૂર્ત માને છે. વળી અમૂર્ત એ મીમાંસકોને મતે સ્વતંત્ર પદાર્થ છે.

અહીં કામનાજન્ય કર્મ યાગાદિ પ્રવૃત્તિ અને યાગાદિ પ્રવૃત્તિજન્ય અપૂર્વ એવો ક્રમ છે. એટલે કામ, તૃષ્ણા એ જૈન દર્શન માટે હૃદયના પરિણામરૂપ ભાવકર્મ, યાગાદિ પ્રવૃત્તિ એ યોગવ્યાપાર અને અપૂર્વ એ દ્રવ્યકર્મ કહી શકાય.

o

यति श्रीकल्याण रचित

सिद्धाचल गजल

संपादक :—पू. मुनिराज श्रीकान्तिसागरजी ग्वालियर

O

गजल साहित्य–हिन्दी–राजस्थानी नगर वर्णनात्मक साहित्यकी सृजन–परम्पराका सूत्रपात जैन विद्वानोंकी मौलिक देन है। जैन समाजका इतिहासप्रेम विख्यात रहा है। त्यागीवर्गने पारलौकिक चिन्तनमें लौकिकताकी पूर्णत उपेक्षा नहीं की। विकास वैयक्तिक होते हुए भी उसमें युगका भाग भी कम नहीं होता। हम बहुधा जहाँ आध्यात्मिक विकासकी बातें दोहराते हैं वहाँ सामाजिक तत्त्व और परिस्थितियोंका प्रायः विस्मरण कर देते है। अन्तर्मुखी दृष्टिके परिपक्व हो जानेसे कोई भी वस्तु वैयक्तिक साधनामें बाधक न बनकर साधक ही बन जाती है। इसीलिये साहित्यके निर्माणमें जैनोंने बहुत ही उदारताका या सहिष्णुताका सुपरिचय दिया है। गजल साहित्य भी औदार्य और व्यापक दृष्टिकोणका परिणाम है। गजलकी महत्ता और उसके सार्वभौमिक विकास पर मै स्वतंत्र ग्रन्थ ही लिख चुका हूँ जो शीघ्र ही मुद्रणालयमें जायगा।

यहाँ पर मैं शोधक–विद्वानोंका ध्यान इस विषय पर आकृष्ट करना चाहता हूँ कि वस्तुतः गज़लके रचयिताओंके उत्प्रेरक कौनसे तत्त्व हैं। बिना आवश्यकताके आविष्कार असंभव है। अभी तक हमारी सबकी यही मान्यता थी और आज भी है कि जिस प्रकार पुराने दैवी चमत्कारिक या पुनित तीर्थस्थानोंकी कीर्तिको अमरत्व प्रदान करने और जनताको इस ओर आकृष्ट करनेके लिए माहात्म्य संज्ञासे साहित्य सर्जित हुआ जो केवल श्रद्धा पर आधृत था और आज भी है। इस प्रकारकी परम्पराका नवीन संस्करण गजल साहित्य है, किन्तु यहाँ प्रश्न यह उपस्थित होता है, केवल माहात्म्यके रचयिताओंको ही गजल साहित्य-सृष्टाओंका प्रेरक कैसे मान ले? कारण कि पूर्व परम्परा पर्याप्त प्राचीन है और गजल अर्वाचीन–अर्थात् १७ वीं शतीमें ऐसी कृतियोंका सूत्रपात हुआ। यदि केवल माहात्म्यसे ही प्रेरणा पानेका प्रश्न था तो तत्पूर्वकालमें मौन क्यों रहे जब कि मुगलोंका संसर्ग हो चुका था, भारतीय साहित्य पर भी उनका प्रभाव पड गया था।

बहुत दिनोंसे मनमें विचार कर रहा था कि उस समय (जब गजलोंका निर्माण प्रारंभ हुआ) अवश्य ही कोई न कोई राजनैतिक या सामाजिक परिस्थितियाँ ऐसी रही होंगी जिनकी प्रेरणाका परिणाम गजल साहित्यके रूपमें हुआ।

अभी अभी ग्वालियर आने पर "**चकत्ताकी–परम्परा**" नामक एक मूल्यवान् इतिहास कोशके अवलोकनका सौभाग्य प्राप्त हुआ। निःसंदेह इसकी उपादेयता सभी दृष्टिसे है।

इसके अंतिम भागमें मुगलद्वारा शासित इन १२ प्रान्तोंका परिचय दिया है—बंगाल, बिहार, इलाहाबाद, आगरा, अवध, लाहौर, दिल्ली, बरार, खानदेस, गुजरात, मालवा और अजमेर। उसमें निवास करनेवाली जातियाँ, वन, जलाशय व नदियाँ, तीर्थ, दुर्ग, प्रमुख नगर, क्षेत्रफल, जनताकी प्रकृति आदि अनेक महत्त्वपूर्ण ज्ञातव्यों पर प्रत्यक्षदर्शी प्रकाश डाला गया है। मुगलोंकी शासन पद्धति, विशेष पद, वस्त्र, आभूषण, संस्कार आदि कई विषय चकत्ताकी परम्परामें वर्णित है। इस प्रकारके वर्णन अबुल फ़जलकी "**आइने अकबरी**"में भी हैं। आवश्यक जानकारीके साथ मनोरंजन प्रधान इस परम्परामें ऐतिहासिक तथ्य भी स्वतः संकलित हो गये। १८ वीं शती तककी प्राचीन प्रति इसकी मिली है पर इसके बीज "आइने अकबरी"में विद्यमान हैं। तुलना करने पर चकत्ताकी परम्पराका ही अपने ढंगका संस्करण गजल साहित्य है, ऐसा मुझे एक विश्वास सा हो गया। चकत्ताकी परम्पराका मुख्य दृष्टिकोण राजनैतिक है तो गजलोंका धार्मिक या सामाजिक। मनोरंजनमें दोनों समान है। गजल छंदोबद्ध रचना है तो परम्परा गद्यमें है। तात्पर्य, गजल निर्माताओं पर पूर्व सूचित परम्परा पद्धतिका अधिक प्रभाव पड़ा है। शैली वह है, भावोंकी प्रेरणा माहात्म्योंसे ली। इस विषय पर मेरा अभी अन्वेषण जारी है। विद्वानोंको चाहिए इस पर अधिक प्रकाश डालें।

प्रस्तुत सिद्धाचल गजल वर्णनात्मक परम्पराकी एक कड़ी है, यों तो सिद्धाचलजीकी तीर्थमालाएं भी अनेक हैं पर अत्यन्त दुःखके साथ सूचित करना पड रहा कि अभी तक ये प्रकाशनकी प्रतीक्षामें हैं। इतने प्रसिद्ध महातीर्थके ऐतिहासिक साधन उपेक्षित रहें यह तो गौरवकी बात नहीं है।

इस गजलमें स्थानोंका नामोल्लेख मात्र है। भाद्रपद शुक्ला १४ संवत १८६४ में इसकी रचना हुई। इसी कविकी गिरनार गजल भी मिलती है जो मेरे "नगरवर्णनात्मक प्राचीन पद्य संग्रह" में प्रकाशित है।

सिद्धाचल गज़ल

चरण नमु चक्केसरी, प्रणमु सद्गुरु पाय।
विमलाचल गुण वर्णवु, श्रीसिद्धगिर सुपसाय ॥ १ ॥
ए गिर गुण अनन्त है सीधा साधु अनन्त।
सेत्रुज महातममां कह्यो, गिरवर बहु गुणवन्त ॥ २ ॥
ललितसरोवर ललित है, तरवर घणे सोहन्त।
बडतल पद युग वरनि है, मुनिजन मन मोहन्त ॥ ३ ॥
मोतीवाव मजे परी, प्रेमनाथ भूतनाथ।
जंगर तरवर जास है, गुणवन्त रायण आथ ॥ ४ ॥

गजल छंद हिरणफाल

गुणवंत पादुके गहगीर, पूजंत हरत तनकी पीर
भूषणवाव है भल्लीक्, वड गन घेटी है वल्लीक् १
वडतल चबूतरा वडाक्, शीतल छाय झुक झुडक्
दह दिस तरवर बरांको दाव, वाडी खूब सतवावर २
पाणी पावणेकी पर्व्व, सिंघको लोक सुषीयै सर्व्व
आगे चलत अति आनंद, वामानद के पद वद ३
झोषे झुक रहि है जाल्, मन शुद्ध धरे फूकी माल
गावे गीत राग रसाल, लेकर हाथ भद्दर ताल. ४
भणहण करत है भेदीक्, नादे अल नफेरीक्
फरहर फ'बजे झझाक्, नेजा खूब नव षडाक् ५
नोबत बाजत है नगर, झांझ डिझिग डिरणार रग
ऐसी तरहसे ससहुकार, इने करत है दैकार ६
अव तलहटी ढिग आय, बाजा रीतसे बजतावक्
चेतवदन करत वार इकीस, पंचांग पणाम नमीये सीस ७
आलोहण लै गिर अविलोक्, धरके ध्यान संधोक्
काजत सदत चढते भाव, सुमति समेत धरते पाव ८
असातन सब अलगी कीध्, लटकन धूपणा कर लीध
आगे .च्यार हे छत्रीक्, पूजा होत फल पत्रीक् ९
पगला प्रथम जिनक पूज, बहुरे चलत दिल धर बूज,
पेषही चढत पहिपाज, छत्री एक हे सिरताज १०
धोलीपर्व्व हें सुष धाम, चढते लेत हे विसराम,
इच्छाकुंड दु पर्व्व, वंदत नेमपगले सर्व. ११
नीलीपर्व्व तीजी नाम, चौथी पर्व्व चढते ठाम,
कुमारकुंड हे दूजोक्, छत्री एक हे पूजोक्. १२
हडा हिंगलाजका आयाक्, कलिकुंपूज ड सुष पायाक्,
थिर मन करी हाथको जोड, नमते सीस मनको मोड. १३
छत्री एक सालाकुंड, कछु तरुवराक झुड,
घाट चले मक्षा गाल, बेठा विसराम हे सुविसाल्. १४
द्रवड वारेषणरि दहमत्त, वदो भवि तमो सुभचित्त,
थावच्च पंच काउग्गमड्, कुमती कपटको दे दड. १५
होराकुंड भूषण कुंमपीड् वद पेषत महीमंड,
सकोसल साधुजोके पाय, चढते षूब हणमत राय,
पासल पादुके परमाण, पूठे भाट तलावहि जान्. १६
जालम जबर जूनो टूंक, चित्तकी छूट जाय चूक,
बारी पेस मरुदे माय, पणमत सेवहि पातक जाय. १७

शांति जिनंद देहरा सुखकार, पेषत बहु उपजे प्यार,
अलाईदो पीर **साहअंगार**, वड़ा बुरज है दरबार. १८
चोमुष गेहुका गंभीर, साहमी पोल सुषकी सीर,
चोमुष चंग चोवाराकू, पेषत लागही प्याराकू. १९
चोमुष रूपदे अतिचग्, राजत वदन नवनव रग्,
ऐसा रूप नही काहा ओर, दुनिआ देखते दोर् दोर. २०
दीपक दिसत हें निसदिन्, सेवक सेवते सुभ मिन्,
पाषति देहर परचंड, **मिरगिर** मांडणीको मंड्. २१
रायण रुष रुडे रग, पूरव निवाणु रहे प्रभु चग,
गणधर चवदेसे वावन्न्, पादुके पूजीए सुभ मन्न. २२
देहरी बावने दीपत, जाली बंध हे इक पंद्,
दरसण करत लो(क) अपार, **गोमुष चक्केसरी** सुषकार २३
चोमुष उपर चोमुष देष् , चिहु दिस देहरी भी षेष्,
दूर ही देषीये **गिरनार**, वदन कीजीइ सुविचार. २४
ऊतरे तिहाँ देवल वद्, उपजत देषीइ आनन्द,
पुंडरीक देव **टांका** एक, ओर ही देहरा अनेक. २५
दादो देव **जिनचंद वंद**, आगो चले कर आनन्द,
सहसकर पांडव देव, साला माहि श्रीराम सेव. २६
छीपावसीकी छवी देष, रायणरुष भी सपेष,
झुझुकुंड परवाकू, झंगर अव पुफजादीकू २७
प्रणमत **गोतमोके** पाय, **षोडीआर** कुड षाठीया रमाय
प्रेमावसी देवल पूज, आरस देहरा वी छूज २८
चिहु दिस देहरी कुंड चग, **अदबुद** वंदीए उछरग
जिमणी तरफ **गेटीपाज, कुंतासर** वाम है काई काज. २९
आगे **सोगालपोल** राजेकू, झरोषापूब छाजेकू,
नोधण उपर फुलवारीकू, **भ्रमसाल** चिहु भी दिस धारिकू ३०
वाघणपोल हणमत वीर, षेतलवीर भी गहगीर,
अंब चक्केसरी गोमुष, समोसरण भी परतष, ३१
चोउरी नेमकी हे चग, **षरतरवसी** पूज मनरग
बारी मोषकी कहतेकू, पापी धरमको परषेकू ३२
दहु दिस देहरे सुविचार, पेषत नाहि जाको पार
कुमारपालका देहराकू, आगे चोक हे गेहराक ३३
पीपल आंबली छोह, **हाथीपोल** भी हे ताहि,
पुंडरिक पोल हे सिरताज, मन शुद्ध मेटीइ माहाज. ३४
प्रोढो प्र(थ)म जिनप्रासाद, ऊपजै देषकेआल्हाद,
कूड कपट मनका मेट, भाव सयुक्त प्रभूको मेट ३५

गुरकी साहिज पाप आलोइ, भवके दोष सबही धाइ,
देवल दीपतो तीन भूम्, धजा फरअ दह दिस सुम ३६
दीपत देहरा हे च्यार, झूलण गोष सोभअ सार,
आगे चोक अतिही विसाल, गावे गीत गुण ही सार. ३७

झमर झालरी झणणंक, भरहर भेर भी भणंक,
दोंदों करत मद्दताल, कुहकत वज हे करनाल ३८
घूघर करत रमझकार, नेउर करत णणणकार
भदो कतकी मेलाक्, चेनी पूनम तीन बेलक् द९

मेरु समेतका आकार, सहसकूट अठावय सार
टाका दोय भी दीमेंक्, रायण देश दिल्ल हीसेंक ४०
सासनदेव हे थान्, **गणधर पादुके** परमान्
वेदा वेचत वीसोतराय, गधारी चैत्य भी दिल लगाय ४१

पंचाभाई देहरा पहिचान, वबावत देह मवडवान्
खरतरपति दादादेव देहरी दोय कर ले सेव ४२
जिनदत्त श्रीजिनकुशलसूर, समरत होत सुष सनुर,
केसर चदन मेल कपूर, पूजा करत ऊगत सुर. ४३

जाई जिनबिम्ब तांको वंद, दरसन कीया दिल आनन्द,
दिगंबरदेहरी वडाक् माहा देहरा मडाक्, ४४
ईसर भीम सूरज-कुंड, दीसे नदी दो कुड,
मडकादंबगि जावै जात, देहरी पादुके देषात् ४५

एवे परदषणाकी होस **रामपोल** बेठणेकी रोस,
तरबर घूघ जाकी छाय, जालम पाल ढिग ही पाय, ४६
मारग मांहे **देवकीनन्द,** छए कावसग्गीयाको वद
छलकाझो आछी रीत्, प्रतिमा नमण आवे नीत ४७

नीरमल **चेलणका** नीर, ग्यानकी वाव हे गभीर,
संव-प्रद्युम्न हे साल, **भाडवगिर** कुड विसाल ४८
सिद्धवड हेठ पगले सार, आगे **बबडी** सुषकार
उंचे देव **आदपुर** पाज् , **देवकुंड** साल है सिरताज ४९

छत्री बद चलीये वाट्, आए गाम नगरमें घण गहघाट
तहाँ भूपती हे ध्रमराज्, **गोहिलवंसे** हे सुभ काज ५०
राजे **उनडजी** महाज, **कांधल कुंअर** हे जुवराज
दादो पोतरो दिलदार्, सातौ कुअर हे सिरदार
कम्भा खूब कामादार, हिम्मतदार हे हुजदार ५१
करता राजका सब काज़, गुणीअण गाहे जस गाज
गौषे जोषसे गुणवंत, सनमुख **सिद्धगिरि** सेवत ५२

समरण करे नित सेवाक्, माला गुणत नित मेवाक्,
दयावंत बडा दा(ता)र्, दिन दिन होते देवेकार, ५३
जाचक करत जै जैकार, दोलतवत हे दरबार
षाग त्याग वंदु सोभाग्, गुनीअन करत हे रंगराग ५४

नोबत रणकती गाजैक्, तांसा षूबसे वाजैक्
न्याई निपुण राजान्, सबको देत दे सन्मान, ५५
वाजा बजत हे पेंतीस, वसते भले पौन छत्तीस
आगे बसत षूब बजार, हाट षूब लंबी हार. ५६

द (-दं ?) वडा जैनका देहराक्, सिघवि पूजत सवेराक्
पूजा होत भली भत्, पासे ध्रमसाल ही दीसंत ५७
प्रभूको मडते मंडार, सिलावट घडता हे षकार
वास्तुक ग्रन्थका हे ग्यांन, देहरे बिम्ब करते मान. ५८

कारीगर करत कारषानेंक्, किडीये रहत भी कानैक,
सदाव्रत देत हे शुभकार, अजब उपासरे हे च्यार. ५९
झरोषाबध हे ध्रमसाल, सिंघके लोक रहे केई काल,
बीच बजार वधते वान्, साधु रहत हे सुभ थांन. ६०

जोहरी नाणांवटी बजाजू, कपडे वेचते सुभ काज,
सोना घडत हे सोनार, लोहा कसहे लोहार. ६१
हिंमत वडी हलवाईक्, सुषडी करत सुखदाईक्,
नवले वसत नव नारुक्, केई वसत हे कारुक. ६२

सिवके देहरा साबूत, आरत करत हे अद्भूत,
महजत एक फुन पचपोर, नालेर चढत हे उन तीर. ६३
वांभण वेहेदीए दरवेस, दरसण-षट हे सुविसेस,
गढकी पोल हे तहा च्यार, बुरजे तोप बहुत ही सार ६४

पादर बहुत बन-वाडीक्, जल नय वहते जारीक,
जाडीक पाणी भरत हे पनहारीक, निरमल नीर भर झारीक. ६५
षूषडी नीर षूसकारीक्, ठाढी छांहि अति प्यारीक्,
आवे सिंघ कोई जात, सिद्धागिर मेटके सुष थात. ६६

सुणही तिथ हे सिरताज, गुणवत बहुत हे गिरराज,
गिरवर नम्या जसडंकाक्, तेहने नहीं दिन वकाक ६७
संवत् अढार चोसठेक, भाद सुद चहुदसी सीत ठेक,
कीनी गजल दोलत होत, चित्तसें भार अषर समेत ६८

जे भणे तस हर्षे हुत, सदा सुष होइ सुष लहुत्
खरतर जती हे सुप्रमाण, कवी यु कहत हे **कल्याण**. ६९

॥ इतिश्री सिद्धाचल गजल सम्पूर्ण ॥

જીરાવલા પાર્શ્વનાથતીર્થ-

સ્થાપનાનો સમય

લેખક : પં. શ્રીયુત લાલચંદ્ર ભગવાન ગાંધી

શ્રી જૈન સત્યપ્રકાશના ગત અંક ૯માં પૃ. ૧૬૧-૧૬૩માં શ્રીયુત અગરચંદજી નાહટાનો એ નામનો લેખ પ્રકાશિત થયો છે, તેમાં મારા નામ-નિર્દેશ સાથે સૂચન હોઈ તે સંબંધમાં સ્પષ્ટીકરણ કરવાની મારી ફરજ સમજું છું.

બીકાનેર-નિવાસી એ શ્રીમાન બંધુ ઐતિહાસિક વિષયમાં અને પ્રાચીન સાહિત્યમાં રસ લે છે, તથા ગૂજરાતીમાં લખે છે,* એ જાણી આનંદ થાય થાય છે. આજથી તેર વર્ષ પહેલાં પ્રકટ થયેલા મારા ગ્રંથ 'પાવાગઢથી વડોદરામાં પ્રકટ થયેલા જીરાવલા પાર્શ્વનાથ'ને ઉદ્દેશી ત્યાં તેમનું વક્તવ્ય છે. તે તીર્થ-સ્થાપનાના સમય વગેરે સંબંધમાં સંશોધન કરતાં પ્રાચીન ત્રણ ઉલ્લેખો મને મળી આવ્યા, તે મેં ત્યાં દર્શાવ્યા છે. ત્રીજા ઉલ્લેખમાં 'વીર-વંશાવલીમાં' સં. **૧૧૯૧** તથા પ્રતિષ્ઠા કરનાર આચાર્યનું નામ **શ્રીઅજિતદેવસૂરિ** સ્પષ્ટ જણાવેલ છે— "તિવારઇં **ધાંધલઇં** પ્રાસાદ નીપજાવી મહોત્સવ વિ સં. ૧૧૯૧ વર્ષિ શ્રીપાર્શ્વને પ્રાસાદે થાપ્યા. **શ્રીઅજિતદેવસૂરીઇં પ્રતિષ્ઠ્યા.**" આ **અજિતદેવસૂરિ** સુપ્રસિદ્ધ વાદી દેવસૂરિના ગુરુ-બંધુ હોઈ તેમના સમકાલીન હતા. વિ. સં. ૧૨૪૧માં કુમારપાલ-પ્રતિબોધ વગેરે રચનાર **સોમપ્રભાચાર્યના** ગુરુ વિજયસિંહસૂરિના એ ગુરુ હોઈ વિક્રમની બારમી સદીના ઉત્તરાર્ધમાં વિદ્યમાન હતા. પ્રાચીન વંશાવલી-પટ્ટાવલીના આધાર પર અર્વાચીન યોજના થયેલી જણાય છે, તેને અર્વાચીન હોવાને કારણે અમાન્ય કહી શકાય નહિ.

વિક્રમની ૧૫મી સદીના ઉત્તરાર્ધમાં વિદ્યમાન પં. **સોમધર્મગણિએ** સં. ૧૫૦૩માં રચેલી 'ઉપદેશસપ્તતિ'માં **ધાંધલ** શ્રાવકનો સમય '**નન્વાભ્રેશ**' શબ્દો દ્વારા સ. ૧૧૦૯ સૂચવેલ છે, તેમ જ સં. ૧૭૨૪માં રચેલી જીરિકાપલ્લિ-પાર્શ્વસ્તવની સુબોધિકા ટીકામાં વાચક પુણ્ય-સાગરે પણ '**નન્દાભ્ર-ચન્દ્ર-શશિ**' શબ્દો દ્વારા એ સમય જણાવ્યો છે. એમાંના નંદ (૯) અને અભ્ર (૦) ને સીધી રીતે લઈએ, તો ૯૦ સંખ્યા લઈ શકાય; તો સં. ૧૧૯૦નો સમય નીકળી શકે, તે ત્રીજા ઉલ્લેખ સં. ૧૧૯૧ સાથે સંગત થઈ શકે; તે જણાવવા ત્યા સં. ૧૧૦૯ સાથે કૌંસમાં અમે (૯૦) પણ સૂચવેલ છે. ત્યાં જણાવેલા ત્રણે ઉલ્લેખોમાં સહજ ફેરફાર સાથે **ધાંધલ** (ધાંધૂ) ગૃહસ્થનો, તથા સેહિલી, સેહલી, સાહોલી શબ્દ દ્વારા નદીનો નિર્દેશ છે. ગાયના દૂધ ઝરવા સંબંધી ઘટના પણ લગભગ મળતી છે.

વિક્રમની બારમી સદીના ઉત્તરાર્ધમાં થઈ ગયેલા **ધાંધલ** નામના પ્રસિદ્ધ સુશ્રાવકનું નામ આપણને તે જ સમયના અને પાછળના ગ્રંથો દ્વારા જાણવા મળે છે. તેવી જ ઘટના-વાળા તે જ સમયમાં પ્રકટ થયેલા ફલવર્ધિ (ફલોધી)- પાર્શ્વનાથતીર્થની ઉત્પત્તિના સંબંધમાં અનેક ગ્રંથકારોએ એનું નામ દર્શાવ્યું છે. જેની પ્રતિષ્ઠા વિ. સં. **૧૧૮૧**માં **ધર્મઘોષસૂરિએ** કરી હતી-એમ વિક્રમની ચૌદમી સદીના ઉત્તરાર્ધમાં રચેલા ફલવર્ધિ પાર્શ્વ-કલ્પમાં જિન-

---

* શ્રી નાહટાજીનો એ લેખ હિંદીમાં લખેલો હતો. તેનો ગુજરાતીમાં અનુવાદ કરીને અમે આપ્યો હતો.—સંપાદક.

પ્રભસૂરિએ જણાવેલ છે—એ ઉલ્લેખ મેં ઉપર્યુક્ત ગ્રંથ (પૃ. ૯૮)માં દર્શાવેલ છે. સુપ્રસિદ્ધ મુનિસુંદરસૂરિએ વિક્રમની પંદરમી સદીના અંતમાં ફલવર્ધિ-મંડન શ્રીપાર્શ્વનાથસ્તોત્રમાં (પદ્ય ૯માં) એ ચૈત્યની પ્રતિષ્ઠાનો સંવત **૧૧૮૦** જણાવેલ છે—

"एकादशस्वब्दशतेष्वशीत्याऽधिके **११८०** ष्वतीतेष्वथ विक्रमार्कात् ।
प्रतिष्ठितं **चैत्यमिदं** यदीदं, प्रभुः स जीयात् **फलवर्धिपार्श्वः** ॥

—જૈનસ્તોત્ર સંગ્રહ ભા. ૨ [જિનસ્તોત્રરત્નકોશ-સ્તોત્રરત્ન ૧૩ ય. વિ. ગ્રંથમાળા અં. ૯, પૃ. ૮૪થી ૮૭]

—એ જ સ્તોત્રના પાંચમા પદ્યમાં સૂચવ્યું છે કે ફલવર્ધિ-(ફલોધી)-પાર્શ્વનાથની એ પ્રાચીન પ્રતિમા ભૂમિની અંદર શ્રેષ્ઠ દેવકુલિકામાં રહેલી હતી, ત્યાં પોતાની ગાય દૂધ ઝરતી હતી, તે જોઇને ચમત્કાર પામનાર **ધાંધલ** શ્રાવકે દેવના આદેશથી ફણાની પંક્તિથી મનોહર પ્રતિમાને જાણીને પ્રકટ કરી હતી—

" भूम्यन्तर्गतवर्यदेवकुलिकासंस्थां स्रवन्तीं पयो,
दृष्ट्वा स्वां सुरभिं चमत्कृतमना ज्ञात्वा सुरादेशतः ।
श्राद्धो यत्प्रतिमां फणालिरुचिरां प्राचीकटद् **धांधलः**,
स श्रीमान् **फण(ल)वर्धि**-भूषणमणिः **पार्श्वप्रभुः** पातु माम् ॥ "

—આ જ **ધાંધલ** (પ્રા. ધંધલ) શ્રાવકે ફલવર્ધિ-પાર્શ્વપ્રભુ-પ્રતિમાની પ્રતિષ્ઠા કરનાર **ધર્મઘોષસૂરિજી** (શ્રી**શીલભદ્રસૂરિજીના** શિષ્ય) પાસે ગૃહિ-ધર્મ (શ્રાવક-ધર્મ) સ્વીકાર્યો હતો; તે સમયનું સં. ૧૧૮૬ માગશર પાંચમ સોમવારનુ તેના **પરિગ્રહ-પ્રમાણને** સૂચવતું પ્રાકૃત પદ્યમય પુસ્તક પાટણના સંઘ-ભંડારમાં તાડપત્ર ઉપર લખેલું મળે છે. તેના આદિ-અંત ભાગો અમે પાટણ ગ્રંથ ભંડાર-સૂચી (ગા. ઓ. સિ ભા. ૧, પૃ. ૩૯૨)માં દર્શાવ્યા છે. ત્યાં અંતની ૮૩-૮૪ ગાથાઓ આ પ્રમાણે છે.—

" सिरि**सीलभद्द**मुणिवइ-विणेय-सिरि**धम्मघोस**सूरीण ।
पयमूलंमि पवन्नो, **धंधलसड्ढेण** गिहिधम्मो ॥ ८३ ॥
एक्कारससु सएसुं, छासीई समहिएसु वरिसाणं ।
मगसिर-पंचमि-सोमे, लिहियमिणं **परिगह**-पमाणं ॥ ८४ ॥
परिगह-परिमाणं समत्तं ॥
संवत् **११८६** मार्गसिर वदि ५ सोमे लिखितमिति ॥ "

'પાવાગઢથી વડોદરામાં પ્રકટ થયેલા જીરાવલા પાર્શ્વનાથ' પુસ્તકના પૃ. ૯૩માં અમે એનું સૂચન કર્યું છે, તે પછી પૃ. ૯૪માં આવી રીતે જણાવ્યું છે—

"ફલવર્ધિ-પાર્શ્વનાથ અને જીરાવલા-પાર્શ્વનાથનો પ્રાદુર્ભાવ તથા પ્રતિષ્ઠા-પ્રસંગનો સમય વિ. સં. ૧૧૮૧-૯૧ વાસ્તવિક હોય તો તે કલ્પ-પ્રબંધમાં મુખ્ય કાર્યકર્તા તરીકે સૂચવાયેલ શ્રીમાન શ્રાવક આ જ હોવો જોઈએ."

શ્રી. નાહટાજીએ સં. ૧૧૦૯ સૂચક જે બે ઉલ્લેખો દર્શાવ્યા છે, તે મારા દર્શાવેલા પહેલા બે સંસ્કૃત ઉલ્લેખોના લગભગ સમકાલીન છે, તેમાં પણ પ્રતિષ્ઠા કરનાર આચાર્ય-

'रेलुआ' संज्ञक पांच रचनाएं

लेखक : श्रीयुत अगरचंदजी नाहटा

प्रत्येक वस्तुकी संज्ञाका कुछ न कुछ कारण होता है। उस संज्ञाकी अपनी परंपरा होती है जिसका अन्वेषण बड़ा रोचक और ज्ञानवर्द्धक होता है। साहित्यिक रचनाओंके नामोंके भी विविध प्रकार हैं। कई रचनाओंकी उसके आद्य पदसे प्रसिद्धि हो जाती है जैसे 'भक्तामर' 'कल्याणमंदिर' आदि। कई रचनाओंका नामकरण उनके विषय पर तथा कई रचनाओंका पद्यसंख्याके आधार पर। लोकभाषाकी रचनाओंमें उनके विशेष ढांचे-वर्ण्य-विषय, छंद आदिके आधारसे सेंकडों संज्ञाएं पायी जाती हैं। जैसे फागु, वीवाहलउ, रास, भास, धवल, धमाल, चर्चरी, वेलि, संवाद, संधि, पवाडा आदि सेंकडों राजस्थानी एवं गूजराती भाषाकी जैन रचनाएं पायी जाती हैं। जिनमें से कुछ रचनाओंका परिचय मैंने एवं प्रो. हीरालाल रसिकदास कापडियाने जैन सत्यप्रकाश, जैन धर्म-प्रकाश, राजस्थानी, कल्पना, श्रमण आदिमें प्रकाशित किया है। ऐसी रचनाओंकी लगभग १२५ संज्ञाएं मैंने एकत्र की हैं जिनमेंसे कुछ पर अपने राजस्थान विश्वविद्यापीठ उदयपुरके सुखाडिया आसनमें दिये हुए भाषण—"राजस्थानी जैन साहित्य" शीर्षकमें प्रकाश डाला है। प्रस्तुत लेखमें एक ऐसी अप्रसिद्ध संज्ञावाली रचनाका परिचय दिया जा रहा है जिसका आज तक जैन गूर्जर कविओ आदि किसी ग्रंथमें उल्लेख देखनेमें नहीं आया।

बारह वर्ष हुए, जैसलमेरके ज्ञानभंडारोंका अवलोकन करनेके लिए हम प्रथम बार जब वहां पहुंचे तो वहांके बड़े ज्ञानभंडार आदिकी समस्त कृतियोंका भलीभांति अवलोकन कर कतिपय प्राचीन संग्रह प्रतियोंमेंसे प्राचीन राजस्थानीकी रचनाओंकी प्रतिलिपियां की। तभी सर्व प्रथम हमें 'रेलुआ' संज्ञक चार पांच रचनाओंकी उपलब्धि हुई जो सभी खरतरगच्छीय रचनायें हैं; और उनका रचना-काल सं. १३३१ से १३८९ के बीचका है। अभी तक इसके पहले और पीछेकी किसी शताब्दीकी इस संज्ञावाली रचना हमारे जाननेमें नहीं आयी।

'रेलुआ' संज्ञावाली प्राप्त रचनाओंमें उनके रचयिताओंने कहीं भी इस नामका प्रयोग नहीं किया है। उन रचनाओंके इस संज्ञाका उल्लेख प्रतिलेखन पुष्पिकामें पाया जाता है। प्राप्त सभी रचनाओंका छंद एक ही प्रकारका है, और लोकगीतोंकी भांति पहले पद्यके अनंतर प्रत्येक गाथाके बाद दुहरायी जानेवाली 'आंचली' पायी जाती है, इससे रेलुआ नामक किसी लोकगीतकी चालमें इन गीतोंका निर्माण हुआ है और इसी कारण इन रचनाओंके अंतमें "रेलुआ' संज्ञाका प्रयोग कर दिया गया है। 'रेलुआ'को कहीं 'रेलुआ' भी लिखा है। ये लोकगीत मूलरूपमें क्या था, इसका पता लगाना आवश्यक है।

प्राप्त रचनाओंमें 'सालिभद्र रेलुआ' भगवान महावीरकालीन मुनिराजके सबन्धमें तथा अव-शिष्ट सभी खरतरगच्छाचार्यों या उनकी परपरासे संबन्धित है। जैसलमेरके बड़ा उपाश्रय स्थित पंचायती भंडारमें सं. १४३७ वैशाख सु० २ खरतरगच्छाचार्य जिनराजसूरिजीके उपदेशसे श्रा० देल्हाकी पुत्री मांकू श्राविकाने लिखायी हुई स्वाध्याय पुस्तिका लिखी थी जिसके प्रारंभ एवं मध्यके कई पत्र प्राप्त नहीं हैं, ये रेलुआ संज्ञक रचनाएं इसी प्रतिमें प्राप्त हुई हैं। प्राप्त रचनाओंकी सूची इस प्रकार है:—

१ जिनकुशलसूरि रेलुआ	गा. १०	जयधर्मगणि	पत्रांक ४१२ में
२ शालिभद्र रेलुआ	गा. ८		पत्रांक ४१४
३ गुरावली रेलुआ	गा. १३	सोममूर्ति	पत्रांक ४३८

[અનુસંધાન પૃષ્ઠ : ૧૯૨ જુઓ]

[illegible]

लेखक—[illegible]

लोक भाषाकी रचनाओंका [illegible] कुछ न कुछ कारण होता है। इन संज्ञाओंसे उनकी [illegible] होती है जिससे [illegible] और [illegible] होता है। प्राचीन रचनाओंके नामोंके भी विभिन्न प्रकार हैं। कई रचनाओंकी उनके आद्य शब्दसे प्रसिद्धि हो जाती है जैसे 'भक्तामर' 'कल्याणमंदिर' आदि। कई रचनाओंका नामकरण उनके विषय पर तथा कई रचनाओंका [illegible] आधार पर। लोकभाषाकी रचनाओंमें उनके विशेष [illegible]-वर्ण्य-विषय, छंद आदिके आधारसे सैकड़ों संज्ञाएं पायी जाती हैं। जैसे रासु, विवाहलउ, रास, फाग, धमाल, [illegible], चर्चरी, वेलि, संवाद, संधि, [illegible] आदि सैकड़ों राजस्थानी एवं गुजराती भाषाकी जैन रचनाएं पायी जाती हैं। जिनमें से कुछ रचनाओंका परिचय मैंने एवं प्रो. हीरालाल रसिकदास कापडियाने जैन सत्यप्रकाश, जैन धर्म-प्रकाश, राजस्थानी, कल्पना, [illegible] आदिमें प्रकाशित किया है। ऐसी रचनाओंकी लगभग १२५ संज्ञाएं मैंने एकत्र की हैं जिनमेंसे कुछ पर अभी राजस्थान विश्वविद्यापीठ उदयपुरके सूर्यमल आसनसे दिये हुए भाषण—"राजस्थानी जैन साहित्य" शीर्षकमें प्रकाश डाला है। प्रस्तुत लेखमें एक ऐसी अप्रसिद्ध संज्ञावाली रचनाका परिचय दिया जा रहा है जिसका अब तक जैन गूर्जर कविओ आदि किसी ग्रंथमें उल्लेख देखनेमें नहीं आया।

बारह वर्ष हुए, जैसलमेरके ज्ञानभंडारोंका अवलोकन करनेके लिए हम प्रथम बार जब वहां पहुंचे तो वहांके बड़े ज्ञानभंडार आदिकी समस्त कृतियोंका भलीभांति अवलोकन कर कतिपय प्राचीन संग्रह प्रतियोंसे अज्ञात राजस्थानीकी रचनाओंकी प्रतिलिपियां कीं। तभी सर्व प्रथम हमें 'रेलुआ' संज्ञक चार पांच रचनाओंकी उपलब्धि हुई जो सभी खरतरगच्छीय रचनायें हैं; और उनका रचना-काल सं. १३३१ से १३८९ के बीचका है। अभी तक इसके पहले और पीछेकी किसी शताब्दीकी इस संज्ञावाली रचना हमारे जाननेमें नहीं आयी।

'रेलुआ' संज्ञावाली प्राप्त रचनाओंमें उनके रचयिताओंने कहीं भी इस नामका प्रयोग नहीं किया है। उन रचनाओंके इस संज्ञाका उल्लेख प्रतिलेखक पुष्पिकामें पाया जाता है। प्राप्त सभी रचनाओंका छंद एक ही प्रकारका है, और लोकगीतोंकी भांति पहले पद्यके अनंतर प्रत्येक गाथाके बाद दुहरायी जानेवाली 'आंचली' पायी जाती है, इससे रेलुआ नामक किसी लोकगीतकी चालमें इन गीतोंका निर्माण हुआ है और इसी कारण इन रचनाओंके अंतमें "रेलुआ" संज्ञाका प्रयोग कर दिया गया है। 'रेलुआ' को कहीं 'रेलुआ' भी लिखा है। ये लोकगीत मूलरूपमें क्या था, इसका पता लगाना आवश्यक है।

प्राप्त रचनाओंमें 'सालिभद्र रेलुआ' भगवान महावीरकालीन मुनिराजके संबन्धमें तथा बाकी सभी खरतरगच्छाचार्यों या उनकी परंपरासे संबन्धित हैं। जैसलमेरके बड़ा उपाश्रय स्थित पंचायती भंडारके सं. १४३० [illegible] खरतरगच्छाचार्य जिनराजसूरिजीके उपदेशसे [illegible] लिखवायी हुई [illegible] लिखी थी जिसके [illegible] ये रेलुआ संज्ञक रचनाएं इसी प्रतिमें प्राप्त हुई हैं। इन रचनाओंकी सूची इस प्रकार है—

१ जिनकुशलसूरि रेलुआ	गा. १०	[illegible]	पत्रांक ३१५ में
२ सालिभद्र रेलुआ	गा. ६		पत्रांक ३१७
३ गुरुवली रेलुआ	गा. ११	चौपाई	पत्रांक ३१८

[अनुसंधान पृ. [illegible]]

Shri Jaina Satya Prakasha, Regd. No. B. 3801 શ્રી જૈન સત્ય પ્રકાશ

શ્રી જૈન સત્ય પ્રકાશ

અંગે સૂચના

નિયમો

૧. શ્રી. જૈનધર્મ સત્ય પ્રકાશક સમિતિ દ્વારા 'શ્રી. જૈન સત્ય પ્રકાશ' માસિક ૧૯ વર્ષ થયાં પ્રગટ કરવામાં આવે છે.

૨. એ સમિતિના આજીવન સંરક્ષક તરીકે રૂા. ૫૦૦) આ૦ દાતા તરીકે રૂા. ૨૦૦) આ૦ સદસ્ય તરીકે રૂા. ૧૦૧) રાખવામાં આવેલા છે. આ રીતે મદદ આપનારને માસિક કાયમને માટે મોકલવામાં આવે છે.

વિનંતિ

૧. પૂજ્ય આચાર્યાદિ મુનિવરો ચતુર્માસનું સ્થળ નક્કી થતાં અને શેષ કાળમાં જ્યાં વિહરતા હોય એ સ્થળનું સરનામું માસિક પ્રગટ થાય એના ૧૫ દિવસ અગાઉ મોકલતા રહે અને તે તે સ્થળે આ માસિકના પ્રચાર માટે ગ્રાહકો બનાવવાનો ઉપદેશ આપતા રહે એવી વિનંતિ છે.

૨. તે તે સ્થળોમાંથી મળી આવતાં પ્રાચીન અવશેષો કે ઐતિહાસિક બાબતોની સૂચના આપવા વિનંતિ છે.

૩. જૈનધર્મ ઉપર આક્ષેપાત્મક લેખો આદિની સામગ્રી અને માહિતી આપતા રહે એવી વિનંતિ છે.

ગ્રાહકોને સૂચના

૧. "શ્રી જૈન સત્ય પ્રકાશ" માસિક પ્રત્યેક અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થાય છે.

૨. આ માસિકનું વાર્ષિક લવાજમ રૂા. ૩) ત્રણ રૂપિયા રાખવામાં આવ્યું છે.

૩. માસિક વી. પી. થી ન મંગાવતાં લવાજમના રૂા. ૩) મનીઑર્ડરદ્વારા મોકલી આપવાથી અનુકૂળતા રહેશે.

૪. આ માસિકનું નવું વર્ષ દિવાળીથી શરૂ થાય છે. પરંતુ ગ્રાહક ગમે તે અંકથી બની શકાય.

૫. ગ્રાહકોને અંક મોકલવાની પૂરી સાવચેતી રાખવા છતાં અંક ન મળે તો સ્થાનિક પોસ્ટ ઑફિસમાં તપાસ કર્યા પછી અમને સૂચના આપવી.

૬. સરનામું બદલાવવાની સૂચના ઓછામાં ઓછા ૧૦ દિવસ અગાઉ આપવી જરૂરી છે.


લેખકોને સૂચના

૧. લેખો કાગળની એક તરફ વાંચી શકાય તેવી રીતે શાહીથી લખી મોકલવા.

૨. લેખો ટૂંકા, મુદ્દાસર અને વ્યક્તિગત ટીકાત્મક ન હોવા જોઈએ.

૩. લેખો પ્રગટ કરવા ન કરવા અને તેમાં પત્રની નીતિને અનુસરીને સુધારોવધારો કરવાનો હક તંત્રી આધીન છે.

મુદ્રક : ગોવિંદલાલ જગશીભાઈ શાહ, શ્રી શારદા મુદ્રણાલય, પાનકોર નાકા, અમદાવાદ.
પ્રકાશક : ચીમનલાલ ગોકળદાસ શાહ.
શ્રી જૈનધર્મ સત્ય પ્રકાશક સમિતિ કાર્યાલય, જેશિંગભાઈની વાડી, ઘીકાંટા રોડ–અમદાવાદ.



તંત્રી

ચીમનલાલ ગોકળદાસ શાહ

તા. ૧૫-૮-૫૪ . અમદાવાદ

વર્ષ ૧૯ : અંક : ૧૧] [ક્રમાંક : ૨૨૭

विषय-दर्शन

मंत्री धनराजके पुत्र सिंहका अज्ञात वैद्यक ग्रंथ

लेखक : श्रीयुत अगरचंदजी नाहटा

'प्रज्ञाप्रकर्षः प्राग्वाटे' अर्थात् पोरवाड़ जातिका एक विशेष गुण प्रज्ञाकी प्रकर्षता माना गया है। श्वेताम्बर जैन समाजके श्रावकोंमें इस ज्ञातिके ही रचित ग्रंथ अधिक संख्यामें हैं। इससे इस कथनकी पुष्टि होती है। जैन सत्यप्रकाश वर्ष १९, अंक १में व राजस्थान भारतीके वर्ष ३, अंक ३–४में रणथंभोरके शासक अल्लावदीनके मंत्री पोरवाड़ ज्ञातीय धनराजके रचित धनराज प्रबोधमालाका परिचय प्रकाशित किया गया था। अभी अभी धनराजके पुत्र सीहा (सिंह)के रचित एक वैद्यक ग्रंथका अंतपत्र अवलोकनमें आया जिसकी प्रशस्ति यहां प्रकाशित की जा रही है।

॥ ॐ अर्हम् ॥
अखिल भारतवर्षीय जैन श्वेताम्बर मूर्तिपूजक
मुनिसम्मेलन संस्थापित
श्री जैनधर्म सत्यप्रकाशक समितिनुं मासिक मुखपत्र
जेशिंगभाईनी वाडी : घीकांटा रोड : अमदावाद (गुजरात)

वर्ष : १९ अंक : ११	વિક્રમ સં. ૨૦૧૦ : વીર નિ. સં. ૨૪૮૦ : ઈ. સ. ૧૯૫૪ શ્રાવણ વદિ ૧ રવિવાર : ૧૫ ઓગસ્ટ	क्रमांक २२७

વિનંતિ

પૂર્વાધિરાજ પર્યુષણ પર્વ આવી રહ્યાં છે; એ સમયે અમારે પ્રત્યેક વર્ષની માફક આ વર્ષે પણ યાદ આપવાની રહે છે કે, માસિકની આર્થિક સ્થિતિ જોઈએ તેવી નથી. આવતા વર્ષના ખર્ચ માટે એની સ્થિતિ ચિંતાજનક છે; જ્યારે બીજી તરફ વિદ્વાનો અને પૂજ્ય શ્રમણવર્ગ આ માસિક બંધ ન પડે તે માટે વારંવાર સૂચના આપતા જ રહે છે, આવી પરિસ્થિતિમાં અમે શ્રીસંઘને માસિકના નિભાવ માટે યથાશક્તિ મદદ કરવા વિનંતિ કરીએ છીએ. અમારી વિનંતિ માસિકના ગ્રાહકો પૂરતી ન રહે એ ખાતર અમે પૂજ્ય આચાર્યાદિ મુનિમહારાજો જે જે સ્થળે ચતુર્માસ સ્થિત હોય તે તે સ્થળના શ્રીસંઘને માસિકના નિભાવ અર્થે મદદ કરવા ઉપદેશ આપે એવી અમારી આગ્રહભરી વિનંતિ છે.

માસિકની પ્રગતિ માટે કેટલીયે યોજનાઓ પડી છે પરંતુ આર્થિક સ્થિતિ એને પીછેહઠ કરવાની ફરજ પાડે છે. આમ છતાં માસિકની આર્થિક મર્યાદામાં પણ એનાથી બનતું એ અવશ્ય કરે જ છે. એની શક્તિ કરતાંયે ઘણીવાર એ મોટી ફાળ ભરે ત્યારે એને કેટલીક વખત સંયુક્ત અંક કરવો પડે છે.

સમાજ પાસે અમારી માગણી મોટી નથી. પ્રત્યેક વર્ષનું ખર્ચ મળી રહે તોયે બહુ છે. આશા છે કે, આ વર્ષે પ્રત્યેક સ્થળના શ્રીસંઘો અમારી આ માગણીને આવકારી શક્તિ અનુસાર મદદ કરશે તો તે સંતોષકારક લેખાશે. સં૦

પર્યુષણા પર્વનો ઉદ્દેશ

લેખક : પૂ. મુનિરાજ શ્રીહંસસાગરજી મહારાજ [ભાવનગર તા. ૫-૮-૫૪]

રાગ અને દ્વેષ જેઓના સર્વથા ગયા છે, તે સર્વજ્ઞ ભગવંતોએ દેવ, મનુષ્ય, તિર્યંચ અને નારકી મળી ચાર ગતિરૂપ સંસારને જીવો માટે ભયંકર દીઠો, અને તેવા જ સ્વરૂપે ઓળખાવ્યો છે. તેમણે જણાવ્યું કે-તેમાં (સંસારમાં) રહેનાર આત્માઓને મહાન્ દુઃખદ એવાં જન્મ, જરા, મૃત્યુ, ઈષ્ટનો વિયોગ અને અનિષ્ટનો સંયોગ, આધિ, વ્યાધિ, ઉપાધિ વગેરે દુઃખોની ઘાણીમાં પીલાઈને જીવવાનું હોય છે.

'આજનો દુઃખી તે પહેલાંનો પાપી' એ ન્યાયે પૂર્વોપાર્જિત કર્મોનું ફળ કપરું હોય છે, અને તેથી જ મનુષ્યોએ રહેમ દાખવવાની જરૂર રહે છે.

આ જગત અનંતા સંસારી જીવોથી ભરેલું છે તેમાં સૂક્ષ્મ અને બાદર નિગોદ (વનસ્પતિ-કાય)માં તેમજ હરકોઈ જાતનાં કંદમૂળ વગેરેમાં અનંતા જીવો હોય છે. પૃથ્વી, જળ, અગ્નિ, પવન વગેરેના રજકણ જેટલા વિભાગમાંય અસંખ્યાતા જીવો હોય છે. ઝાડ, પાન, ભાજી, પાલો, ફળ, ફૂલ વગેરેમાં અનંતા-અસંખ્યાતા-સંખ્યાતા આદિ જીવો હોય છે. એ દરેક જીવો, એકેન્દ્રિયપણાની જ પ્રાપ્તિવાળા કંગાળ, અશરણ અને હાલવા-ચાલવાનીય શક્તિ વગરના એવા બિચારા બાપડા છે. તદુપરાંત **ઇયળ, પૂરા, અળસિયાં, કરમિયાં, વાળા, જળો** વગેરે જીવો બેઇંદ્રિય છે કે જે બિચારાને અનુક્રમે નાક, આંખો અને કાન હોતાં જ નથી, અને માત્ર ઉદરપૂર્તિ માટે જે તે સ્થળે રખડતાં રવડતાં પ્રાયઃ જેઓની જે તે હાથે નિર્દોષપણે જ અને અકાળે ચગદાઈ, કપાઈ-ટુકડા થઈ મરી જવાની કરુણ સ્થિતિ સર્જાયેલી હોય છે. **માંકડ, ચાંચડ, કીડી, મંકોડી, ઉધેઈ, જૂ, લીખ, કાનખજુરા, ધીમેલ, વાંદા** વગેરે જીવો ત્રણ ઈંદ્રિયવાળા છે કે જે બિચારાંને આંખો અને કાન હોતાં નથી, અને બેઇંદ્રિય જીવોની જ દશાએ કેવળ ઉદરપૂર્તિ માટે જ જ્યાં ત્યાં રઝળતાં જે તે દ્વારા ચગદાઈ-કપાઈ કરુણરીતે જ અકાળે મૃત્યુના મુખમાં ઝડપાઈ જાય છે. **તીડ, માખી, મચ્છર, ડાંસ, વીંછી** વગેરે જીવો ચાર ઇંદ્રિયવાળા છે, અને તેઓ બિચારા જન્મથી જ કાન વગરના છે, અને બહુધા માનવીની રહેમ તળે મૂકાઈને અધર્મીજનોના હાથે કરુણ મૃત્યુના ભાજન બને છે. એ સિવાયના **પાડા, ઘેટાં, બકરાં, ગાય, ભેંસ, વાંદરા, કુતરા, હરણ, રોઝ, ઉંદર** વગેરે પશુઓ તેમજ **કબુતર, સુડા, પોપટ, મોર, ચકલાં, વળવાંગડી** વગેરે પક્ષીઓ પાંચેય ઇંદ્રિયોને પામેલા છે, પરંતુ તેઓ પણ પ્રાયઃ માનવીની રહેમતળે જ પૂરું જીવન જીવી શકે, એવા મૂગાં બિચારાં બાપડાં હોઈને અધર્મીજનોના હાથે નિર્દોષપણે જ કપાઈ-વઢાઈ અકાળે જ કરુણ મૃત્યુના ભાજન બને છે. આથી જ હામ-દામ અને ઠામ વિનાના તે તે બિચારા બધા જ જીવો હિંસાનું નહિ, પણ દયાનું સ્થાન છે, એમ પોતાનું ઉજ્જવળ ભાવિ ઇચ્છતા ધર્મિષ્ઠ માનવી માત્રે સમજીને તેમને બચાવવા એ ફરજ માનવી જોઈએ.

જગતના એ બધા જ જીવો એ રીતે દુઃખી હોવા છતાં પોતપોતાની જિંદગી મનુષ્યની માફક જ સુખે જીવવા ઇચ્છે છે, એમ સમજનારો છતાં ધર્મ નહિ પામેલો માનવી,

તેમના કરતાં વધારે સુખી હોવા છતાંય તેવા દુઃખી પ્રાણીઓને પોતાની હાજતો પૂરી પાડવા હણી નાખે છે! અને તેમાં પોતાને શાણો ગણે છે! એ એના હૃદયની કઠોરતાની પરાકાષ્ઠા છે. સહુ પ્રાણીઓ કરતાં માનવીને હાથે હંમેશાં એવા નિરાધાર જીવોના રક્ષણની ખૂબ જવાબદારી છે. છતાં એ ભૂલીને માનવી તેવા અશરણ જીવોની હિંસામાં રાચે તે ઓછું શોચનીય ન ગણાય. આવા અવિચારક પાપાચરણાદિના યોગે જ માનવ જેવી ઉત્તમ જાતને પણ આ ભવાટવીમાં અનાદિ કાળથી વારંવાર, તેમાંના પણ જે તે ભવો પામીને દુઃખી દુઃખી હાલતે ભટકયા જ કરવું પડે છે. આથી જો માનવી આત્મધર્મને ઓળખતો થાય તો જગતના એ બધા જીવો પોતપોતાની જિંદગી નિરાબાધપણે જીવી શકે, અને પોતે પણ ઉત્તરોત્તર સુખમય જીવન વિતાવી શાશ્વત સુખને પામે, એમ જ્ઞાની ભગવતોએ જેવું જોયુ તેવું જણાવ્યું છે.

'ચારે ગતિના જીવોમાં મનુષ્યગતિના જ જીવો ધારે તો તે પાપકર્મથી સદતર મુક્ત બની શાશ્વત સુખના સ્વામી થઈ શકે તેવા શ્રેષ્ઠ છે.' પ્રભુએ મનુષ્યોને જ અહિંસા ધર્મનો ઉપદેશ આપ્યો, તેમાં એક વિશિષ્ટ હેતુ છે.

મનુષ્ય જેવી ઉત્તમ ગતિને પામેલા જીવોમાં પણ પાંચ પ્રકાર છે. ૧. કેટલાક જીવો પુદ્ગલાનંદી હોય છે જે અહિંસા ધર્મને અનર્થકારી માને છે. ૨. કેટલાક જીવોને અહિંસા ધર્મ વિપરીતપણે પરિણમે છે. ૩. કેટલાક જીવોને યથાર્થ પરિણમન થયેલુ હોય પરંતુ પાલન થઈ શકતું ન હોય. ૪. કેટલાક જીવોને પરિણમન યથાર્થ થયું હોય અને પાલન અમુક અંશે જ કરી શકતા હોય! જ્યારે ૫. કેટલાક જ જીવો એવા મહાપુણ્યવંત હોય છે કે જેઓ સર્વજ્ઞ પરમાત્માએ ઉપદેશેલ અહિંસા ધર્મનુ યથાર્થ પરિણમન પામેલા હોય છે અને તેનું સર્વાંગીણ પાલન પણ કરતા હોય છે.

એ પાંચે પ્રકારના મનુષ્યોની પિછાન પશ્ચાનુપૂર્વીએ આ પ્રમાણે થઈ શકે છે—

૧—અહિંસાધર્મનુ સર્વાંગતયા પાલન કરવાવાળાનુ આજીવન ધ્યેય એ હોય છે કે—'**छज्जीवनिकायाण तिविह तिविहेण रक्खणं विहिणा**'—પૃથ્વી, અપ્, તેઉ, વાઉ. વનસ્પતિ અને ત્રસ એ છયે નિકાયના જીવોનુ, શાસ્ત્રમાં બતાવેલ વિધિપૂર્વક મન, વચન, અને કાયાથી કરવું–કરાવવું અને અનુમોદવું એ નવકોટીપૂર્વક રક્ષણ કરવું. એટલે કે—'જીવવાળાં જળ—ફળ વગેરે વિના પોતાના પ્રાણ નીકળી જતા હોય તો નીકળી જવા દેવા, પરંતુ તે તે જીવોના ભોગે તો જીવવું જ નહિ!' આ રીતે પોતાના જીવનના ભોગે પણ સહુ જીવોને જીવવા દેવારૂપ **સર્વાંગ અહિંસાનું પાલન કરનાર તો જૈન સમાજનો પૂજ્ય શ્રમણવર્ગ** છે. આ વર્ગ બરાબર સમજે છે કે—'**दुहमरिया वि जीवा ईहंति जीवियं सव्वे**'—સંપૂર્ણ દુઃખમાં સર્વ ડૂબેલા જીવો પણ જીવવું જ ઇચ્છે છે. '**तेसिं जीवविया अन्नं न वल्लह**' તેઓને જીવિત કરતાં બીજું કાંઈ પણ વહાલું નથી.

૨—અહિંસાધર્મનું આંશિક પાલન કરનાર બીજો વર્ગ, પોતાના જીવનને જે રીતે નિભાવવા, બચાવવા અને ભોગાદિ સામગ્રી પૂરી પાડવા દ્વારા પોતે પોતાના જીવનની કિંમત ગણે છે, તેવી જ રીતે બીજા બધા જ જીવોના જીવનની કિંમત ગણે છે અને તેથી અશક્ય પરિહાર સિવાયના છયે કાયના જીવોમાંથી એક પણ જીવને કે—તેના પ્રાણને દુઃખ કે હાનિ કરવા કદી તૈયાર હોતો નથી. **જે જૈન સમાજનો દેશવિરતિધર શ્રાવકવર્ગ છે.**

૩—અહિંસાધર્મની માત્ર સમજણ ધરાવનાર ત્રીજો વર્ગ સમજે છે કે 'જીવો અને

જીવવા દો'–અમારી જેમ જગતના બધા જ જીવોને જીવન ધારણ કરવાનો હક્ક છે. માટે અમારો જીવનનિર્વાહ કે રક્ષણ વગેરે બીજા જીવોના જીવનના ભોગે થાય તે કોઈ પણ રીતે ન્યાયયુક્ત નથી, પાપ છે. **આ છે સમ્યગ્દષ્ટિવર્ગ.**

૪–અહિંસાધર્મની વિપરીત સમજ ધરાવનાર ચોથો વર્ગ–'**જીવો અને જીવાડો**'ના મુદ્રાલેખવાળો છે. ઉપરના ત્રણ વર્ગની તેમજ '**पञ्चैतानि पवित्राणि सर्वेषां धर्मचारिणां । अहिंसा-सत्यमस्तेयं त्यागो मैथुनवर्जनम्**'–એ ઉક્તિ અનુસાર અહિંસાધર્મને તે ઉત્તમ જ કહે છે. પરંતુ અહિંસાધર્મને તથારૂપે સમજેલ નહિ હોવાથી અહિંસાધર્મમાં માનતો હોય છે પણ વર્તનમાં ઉતારતો નથી તેથી પોતાના જીવનની જેમ બીજા જીવોના જીવનના રક્ષણની વાતો માત્ર કરતો હોય છે. પરિણામે '**जीवो जीवस्य जीवनम्**' જેવી ઉક્તિનો '**એક જીવ બીજા જીવના ભાવ જીવનનું કારણ છે**' એ સીધો અર્થ ઉલટાવીને '**जीवो जीवस्य भक्षणम्**' એવો જુલમી-અર્થ કરવા માંડે છે એટલે કે–'બળવાન દુર્બળનો ઉપયોગ કરી શકે છે.' એવા ઘોર પાપપ્રવર્તક અર્થને આગળ કરીને આ જગતના અન્ય નબળા પ્રાણીઓના કિંમતી જીવનનો પોતાના જીવનના નિર્વાહાર્થે નાશ કરીને જીવવામાં ફરજ માને છે! એ રીતે અહિંસાના નામ તળે ઘોર હિંસા કરતો અને ફેલાવતો હોય છે. દયાને કહેતો હોવાથી તે વર્ગ નિરાધાર, નિરાશ્રિત, અંધ, લૂલાં, લંગડાં, પાંગળાં, બેકાર આદિ જીવોને જીવાડતો પણ દેખાય, છતાં તેમાં પણ બીજા જીવોના જીવનનો ભોગ તો લેતો જ હોય છે, આથી બહુલતાએ આ વર્ગનો અહિંસાનો અવાજ પણ પ્રાયઃ મનુષ્ય અને ગાયના રક્ષણ પૂરતો જ રહી જવા પામ્યો છે! એ સિવાય પાડા, ભેંસ, બકરાં ઘેટાં, રોઝ, હરણ, સૂડા, વાગોળ, માંકડ, મચ્છર, ડાંસ, વીંછી ઇત્યાદિ બિચારા લાખો નિરાધાર પશુઓની થતી કરુણ હિંસા પ્રતિ તો લગભગ મૂક પ્રવૃત્તિ જ સેવાતી હોય છે. '**તેવા પણ મોટા સર્વ જીવોની હિંસા બંધ જ થવી જોઈએ.**' એવું **મુંબઈની શ્રી જીવદયા મંડળીના તથા અમદાવાદ હિંસાવિરોધ સંઘના જેવું અહિંસાધર્મનું વ્યાપક ધ્યેય** આ વર્ગમાં આવવું મુશ્કેલ હોય છે આ જોતાં રાજકારણમાં થતી અહિંસાની વાતો તો સ્વપર પ્રતારણારૂપે જણાયા સિવાય રહેતી નથી.

૫–અહિંસાધર્મને અનર્થકારી માનનાર પાંચમો નાસ્તિક વર્ગ '**બીજા જીવોના ભોગે પણ જીવો**'ના મુદ્રાલેખવાળો હોય છે. તે વર્ગનું કહેવું એવું છે કે–'**यावज्जीवेत् सुखं जीवेत्, ऋणं कृत्वा घृतं पिबेत् । भस्मीभूतस्य देहस्य पुनरागमनं कुतः ?**' એટલે કે–'જ્યાંસુધી જીવો ત્યાં સુધી હિંસા, જૂઠ, ચોરી, મૈથુન, અને પરિગ્રહ વગેરેથી થતા પાપનો બિલકુલ ડર રાખ્યા વિના બસ મોજપૂર્વક જીવો સુખે જીવવાના સાધનોના અભાવે ઋણ કરીને પણ ઘી પીઓ. શરીરની રાખ થયા પછી એ ફરી ક્યાં મળવાનું છે?

મનુષ્યોમાંનો આ પાંચમો વર્ગ તો બિચારો પાપોપાર્જન કરીને ભવઅટવીમાં ભટકવા જ સર્જાયેલ હોવાથી તેના માટે તો અહિંસાધર્મ નકામો છે. ચોથા વર્ગ અહિંસાધર્મની આ મોક્ષમહેલ પર પહોંચવા માટેની ઊભી કરેલ સીડીને કૂવામાં મૂકવા જેવું કરે છે, જે સીડી માળ પર ચડવાને બદલે કૂવાના તળિયે ધકેલવાનું કામ આપે છે! આથી વર્ષભરનાં પાપોને ખપાવવાને સમર્થ એવા નજીકમાં આવતાં મહાન્ પર્યુષણાપર્વની આરાધના મનુષ્ય જેવી ઉત્તમ ગતિને પામેલ હોવા છતાં તે બે વર્ગને તો ઉપયોગી નથી.

[જુઓ : અનુસંધાન પૃષ્ઠ : ૨૦૧]

જૈન તવારીખના પાને નોંધાયેલી મહાગુજરાતની સમૃદ્ધિ.

લેખક: — પૂજ્ય પંન્યાસ શ્રીકનકવિજયજી

સમૃદ્ધિ કે સંપત્તિ, પૂર્વકાલીન સુકૃત દ્વારા ઉપાર્જિત પુણ્યના યોગે આત્માને પ્રાપ્ત થાય છે. સમૃદ્ધિને મેળવી આપનારૂં પુણ્ય પાપાનુબંધી અને પુણ્યાનુબંધી આમ બે પ્રકારનું હોય છે. પુણ્યાનુબંધી પુણ્યના યોગે મળેલી સંપત્તિ આત્માને જાગૃત રાખીને ઉત્તમ પ્રકારના સત્કાર્યોમાં મોટે ભાગે ખર્ચાય છે. જેથી તે લક્ષ્મીને ભોગવનારા આત્માઓ સાચે જ પુણ્યશાલી ગણાય છે. વિનય, વિવેક, દાન, સંયમ, નમ્રતા, ઔચિત્ય, નિઃસ્પૃહતા ઇત્યાદિ સુંદર ગુણો આ પુણ્યશાલી આત્માઓને વારસામાં જ જાણે મળેલા હોય છે, આથી આ પ્રકારના આત્માઓ ભવાન્તરમાં પણ સદ્ગતિને મેળવનારા હોય છે.

ભારતવર્ષ એટલા માટે આર્યલોકની વસતિવાળો આર્યદેશ એક રીતે ગણાય છે. મુખ્યત્વે આ દેશમાં આર્યસંસ્કૃતિની અસર રહેલી છે આ દેશમાં સ્થાયી પ્રજા તરીકે કાયમી વસવાટો કરીને રહેલો વર્ગ આર્યસંસ્કારોથી લાલિત થઈ પાલન કે પોષણ પામેલો જનસમુદાય છે. એટલે તેની સમૃદ્ધિ કે સંપત્તિ, સામાન્ય રીતે અન્ય અનાર્ય દેશની પ્રજાઓ કરતાં સહેજે પુણ્યાનુબંધી પુણ્યવાળી હોવી સંભાવ્ય છે.

જ્યારે ગુજરાત–મહાગુજરાતમાં વસતી પ્રજા સંપત્તિ કે સમૃદ્ધિથી સમૃદ્ધ છતાં બધા દેશો કરતાં વિશેષ પુણ્યાનુબંધી પુણ્યનો ભોગવટો કરનારી હોવાથી તે ભૂમિ પણ પુણ્યમયી પવિત્ર મનાય છે અને એક કાલે ઇતર દેશોની સંપત્તિનું કેન્દ્ર, વ્યાપારનું મથક અને સઘળા વાણિજ્ય ઉદ્યોગોનું મધ્યબિન્દુ ગુજરાતની પુણ્યભૂમિ ગણાતી—એ હકીકત સેંકડા વર્ષોનો લિપિબદ્ધ ઇતિહાસ, મુખ્યત્વે–જૈન ઇતિહાસ, આજે આપણને કહી રહ્યો છે જે તે તે જૈન ચરિત્રગ્રન્થો, પ્રબંધો, યાવત્ રાસાઓના અભ્યાસક વર્ગને પરિચિત છે. આ બધા ગ્રન્થસર્જનો પૂ૦ શાસન–પ્રભાવક જૈનાચાર્યો વગેરે જૈન શ્રમણોની વિદ્વત્તાનાં પ્રતીકરૂપ છે.

'જૈન ઇતિહાસકારોને મહાગુજરાતની ધનસંપત્તિની નોંધ શા સારૂ લેવી પડી વારુ ? આ પ્રશ્ન જન્મે એ કદાચ સંભવિત છે. એનો ઉત્તર સ્પષ્ટ છે અને તે એ કે, "જૈન શ્રમણ-નિર્ગ્રન્થો એ કાંઈ શક્તિનો અપવ્યય કરનારા ન હતા, પણ તેઓ મહાપ્રભાવશાલી જ્યોતિર્ધર પુરુષો હતા. વિદ્વત્તા સર્જનશક્તિ કે સાહિત્યપ્રવૃત્તિદ્વારા સ્વ કે પરના સાચા લોકકલ્યાણને માટે સતત પ્રવૃત્તિશીલ તેઓએ ગુજરાતની ધનસંપત્તિ એટલા જ માટે નોંધી છે કે, 'તત્કાલીન ગુજરાતની પ્રજા ધનસંપત્તિની પૂંઠે પાગલ ન હતી, પણ ધનસંપત્તિ કે વૈભવોને તુચ્છ ક્ષણજીવી અને હાથના મેલની જેમ માનીને સજ્જ થઈ ઉત્તમ પ્રકારનાં સત્કાર્યો કરી અમર બની ગઈ. તેના નિર્મલ યશોદેહને ઇતિહાસમાં નોંધીને જૈન ઇતિહાસકારો ભાવી પ્રજાને એ ધર્મ-સંદેશ આપી ગયા કે–'ધન, ધાન્ય, ઋદ્ધિ, સમૃદ્ધિ કે સંપત્તિને મેળવી, સાચવી કે ભોગવીને

અમર થઈ શકાતું નથી, યા વિશ્વ ઇતિહાસના પૃષ્ઠો પર સુવર્ણાક્ષરે યશોદેહને જીવતો કરી શકાતો નથી, અને ભવાન્તરમાં સદ્ગતિ પ્રાપ્ત થતી નથી પણ પુણ્યાનુબંધી–શુભાનુબંધી સુકૃતથી પ્રાપ્ત સમૃદ્ધિ દ્વારા સુકૃત્યો કરી લક્ષ્મીનો સદ્વ્યય કરવાથી જ ત્રણ લોકમાં કીર્તિ પ્રાપ્ત થઈ શકે છે, અને પરલોકમાં આત્મકલ્યાણની અનુકૂલતા મળે છે.'

મહાગુજરાતની ક્ષેત્રમર્યાદા :

મહાગુજરાતનાં સંખ્યાબંધ દેશ, શહેર કે ગામડાઓની સમૃદ્ધિનો ભૂતકાલીન ઇતિહાસ આજે આપણને જે મળી રહે છે તે લગભગ વિક્રમના અગિયારમા શતકથી લઈને સત્તરમા શતક સુધી જૈન શ્રમણો અને શ્રાવકોદ્વારા ઇતિહાસના પાનામાં નોંધાઈ ચૂકેલો છે. અલબત્ત; ઇતર ઇતિહાસકારોએ તેમજ જૈન ગ્રંથોમાં કવચિત્ જે કાંઈ નોંધો આપણને મળી આવે છે તે દૃષ્ટિએ કહી શકાય કે, વિક્રમના પહેલાં પણ મહાગુજરાતનો ધનભંડાર કુબેર ભંડારીની જેમ ખૂબ જ વિસ્તૃત અને વ્યાપક રીતે ફાલ્યોફૂલ્યો હતો. એથી જ કહી શકાય કે તે કાળે ગુજરાતની રમણીય ભૂમિ, ભારતવર્ષ – હિન્દુસ્તાનનું એકનું એક મહાન નંદનવન હતું. (આજે પણ અમુક પ્રકારની ઉણપોને બાદ કરતાં છે એમ કહી શકાય)

ગુજરાત કે મહાગુજરાતના નામથી આજે વિશેષ પ્રચલિત છે, તેની ભૌગોલિક મર્યાદા મિ. હ્યુર્ટ નામના યુરોપીય લેખકના મત પ્રમાણે 'દક્ષિણમાં ભૃગુકચ્છ, નવસારી, સૂર્યપુર–સુરત બંદર સુધી હતી; જ્યારે ઉત્તરમાં પાટણ, પાલણપુર, આબુ અને પશ્ચિમમાં દ્વારકા, વેરાવલ, કચ્છ–ભદ્રેશ્વર ઇત્યાદિ બંદરો તેમજ પૂર્વમાં ચોમેર પથરાયેલો સહ્યાદ્રિ—આ મુજબ ચોમેરની ક્ષેત્રમર્યાદા ઘણી જૂની છે. પાશ્ચાત્ય ઇતિહાસકારો તે વખતની, ગુજરાતના સમૃદ્ધ બંદરોને અંગે ઇતિહાસના પાનામાં જે નોંધ કરી ગયા છે; તેમાં ખંભાત, ભરૂચ, નવસારી, બિલીમોરા, દ્વારકા, વેરાવલ વગેરેને ગુજરાતનાં બંદરો તરીકે ઓળખાવે છે. આમાં ભરૂચ બંદરની સમૃદ્ધિનું વર્ણન એક પરદેશી લેખક, આ રીતના શબ્દોમાં કહે છે: 'ભરૂચના વ્યાપારથી પરદેશમાં ઇજિપ્ત, અરબસ્તાન, ઈરાન વગેરે બંદરે માલ જતો, મીસર અને અરબસ્તાનથી સોનું, રૂપું, પીત્તલ, પોખરાજ, પરવાળા, દારૂ, પારો, સુરમો, સીસુ અને કાપડ આવતાં અને ઈરાનના બંદરોથી સોનું–મોતી આયાત થતાં. ભરૂચથી મીસર અને અરબસ્તાન વગેરે દેશોમાં ચોખા, તેલ, ખાંડ, કાપડ વગેરે નિકાસ થતુ.' આ વગેરે ઉલ્લેખોથી ગુજરાતની ક્ષેત્રમર્યાદા દક્ષિણમાં નવસારી સુધી હતી, તેમાં ભરૂચ એ ગુજરાતનું ખૂબ જ સમૃદ્ધ બંદર હતુ એ પૂરવાર થાય છે.

જૈન ઇતિહાસના અભ્યાસકો, ભરૂચની ઐતિહાસિકતાને કે તેની સમૃદ્ધ શહેર–વ્યાપારી મથક તરીકેની પ્રખ્યાતિને 'સિરિવાલકહા' નામના શ્રીરત્નશેખરસૂરિકૃત કથાગ્રન્થના આધારે સ્પષ્ટતયા જાણી શકે છે. શ્રીપાલ કુમાર ભરૂચમાં જે વેળાએ પહોંચ્યા તે વેળાએ ધવલ નામનો ભારતમાં પૂર્વ કૌશાંબી નગરીનો રહેવાસી–પરદેશી વ્યાપારી ગૃહસ્થ ભરૂચમાં વ્યાપાર કરવાને આવ્યો હતો અનેક પ્રકારનો માલ ભરૂચના બજારોમા વેચી અને નવો વિવિધ જાતનો માલ ખરીદીને ધવલ શ્રેષ્ઠી દરિયાઈ માર્ગે મુસાફરી કરવાને તૈયારી કરતો હતો. તેની પાસે સેંકડો વહાણો હતાં, જેમાં તે માલની આયાત–નિકાસ કરતો.' આ હકીકતનું વિસ્તારપૂર્વકનું વર્ણન આ ગ્રન્થમાંથી મળી આવે છે. આથી સમજી શકાય છે કે, ભરૂચ–ભૃગુકચ્છ શહેર ખૂબ જ જૂનું અને પુરાણપ્રસિદ્ધ ઐતિહાસિક બંદર તે કાળે હતું કે જે મહાગુજરાતનું સમૃદ્ધ અને વ્યાપાર કેન્દ્ર ગણાતું.

-જૈન ઇતિહાસકારોના ઉલ્લેખો :

જૈન ઇતિહાસકારોમાં મુખ્યત્વે, વિક્રમના ૧૧ મા શતક પછી થઈ ગયેલા જૈન શ્રમણો-પૂજ્ય સુવિહિત સૂરિવરો આદિ તેમજ અનેક જૈન શ્રાવક, કવિ વગેરેનો સમાવેશ થાય છે; જેમાં કલિકાલસર્વજ્ઞ આચાર્યદેવ શ્રીહેમચન્દ્રસૂરિ, શ્રીચારિત્રસુંદરગણિ, શ્રીકક્કસૂરિ મહારાજ, શ્રીરાજશેખરસૂરિ, શ્રીજિનહર્ષગણિ શ્રીસર્વાનંદસૂરિ, શ્રીદેવવિમલગણિ, શ્રીઋષભદાસ કવિ વગેરે ગણી શકાય તેમ છે. આ મહાપુરુષોએ પાટણ, પાલણપુર, ધોળકા, ભદ્રેશ્વર, ખંભાત, સુરત ઇત્યાદિ શહેરો તેમજ ત્યાંના પ્રજાનાયકો વગેરેની ધર્મપ્રવૃત્તિની પૂઠે ખરચાતી ધનસંપત્તિનું જે વર્ણન કર્યું છે; તદુપરાંત પ્રાસંગિકરીતે તત્કાલીન નૃપતિઓના અને તેમની રાજ્યસંપત્તિના જે ઉલ્લેખો કર્યા છે-તે ઉપરથી તત્કાલની ધનસંપત્તિનો આછો આછો ખ્યાલ અવશ્ય હરકોઈ અભ્યાસી વાચકને આવી શકે તેમ છે.

સર્વ પ્રથમ કલિકાલસર્વજ્ઞ આચાર્યદેવ શ્રીહેમચન્દ્રસૂરિજી 'દ્વયાશ્રયકાવ્ય'ના પહેલા સર્ગના શ્લોક ૧ થી ૬૨ સુધીમાં મહાગુજરાતની સમૃદ્ધિ વર્ણવે છે, જે ટૂંકમાં આ મુજબ છે: ત્યાં ભૂમિના ગુણથી મગ, તુવેર, શાલિ, અડદ, ઘઉ વગેરે સર્વ અન્નો થાય છે. ગુજરાતના વતનીઓ ઘણા બંદરોમા વેપાર ખેડે છે. થોડા વેપારથી અઢળક ધન મેળવે છે. ત્યાં મુસાફરોને વૃક્ષોની ઘટા નીચે ચાલવાનુ હોવાથી તડકાનુ દુઃખ સહન કરવું પડતુ નથી. ત્યાં શ્રીશત્રુંજય, શ્રીગિરનાર, ઇત્યાદિ તીર્થસ્થાનો તેની સેવા કરનારા ભવ્યોને પરમપદ આપે છે. ત્યાં લોકો નાગરવેલના પાનથી મુખ રંગે છે લોકો કસુંબાના અને મજીઠના રંગથી રંગેલા અને ઊંચી જાતના વણાટવાળાં કપડા પહેરીને સદા ફરે છે. ત્યાં દેશના લોકો સદાચારોથી ભરપૂર છે.' આ ઉપરાંત પ્રબન્ધચિન્તામણિ, મોહપરાજય નાટક, કુમારપાલપ્રબન્ધ, શત્રુંજય તીર્થોદ્ધારપ્રબંધ ઇત્યાદિ ગ્રન્થોમાં પણ ગુજરાત અને તેના તત્કાલીન પાટનગર પાટણની સમૃદ્ધિનાં વિવિધ વર્ણનો આલેખાયેલાં જોવા મળી આવે છે.

વળી, વિક્રમના ૧૭ મા શતકમાં થઈ ગયેલા શ્રીદેવવિમળગણિવર્ય શ્રી 'હીરસૌભાગ્ય' નામના કાવ્યમા, ૧ લા સર્ગના ૨૩ થી ૬૮ શ્લોક સુધી ગુજરાતની ધન, ધાન્યની સંપત્તિ તેમજ તે દેશના લોકોની ધાર્મિકતા, સદાચાર, વિવેકિતા વગેરે ધર્મસમૃદ્ધિનુ વિવિધ પ્રકારે ખૂબ સુંદર રીતે વર્ણન કર્યું છે. તદુપરાન્ત તે ગ્રન્થકારે, પ્રલ્હાદનપુર-પાલણપુર કે જે ગુજરાતની ઉત્તર દિશામા રહેલું સમૃદ્ધ શહેર ગણાતું, ત્યાંના નગરજનોની ધર્મકાર્યોમાં સદ્વ્યયને પામતી સમૃદ્ધિને તેમજ તેઓની ધર્મસંસ્કારિતાને અંગે ઉલ્લેખ કર્યો છે. તેઓ જણાવે છે કે-'તે પાલણપુરના શ્રીપ્રહ્લાદન પાર્શ્વનાથના મુખ્ય જિનમંદિરમાં દરરોજ ૫૦૦ [વીસલપુરીયનાણું]નું રૂપાનાણુ, મૂડાપ્રમાણ કલમી ચોખા, અને ૧૬ મણ સોપારી-આ બધુ ભેટણારૂપે આવતું.' [હીરસૌભાગ્ય કાવ્યના પહેલા સર્ગના ૭૮ થી ૧૨૮ શ્લોક સુધી] પ્રહ્લાદન—પાલણપુરનું જે વર્ણન કાવ્યકારે આલેખ્યું છે, તેમાં ઉપરની હકીકત આવે છે. આથી ગુજરાત અને તેના મુખ્ય મુખ્ય શહેરોની છેલ્લા ૧૭ મા શતક સુધીની ધન અને ધર્મસંપત્તિની સમૃદ્ધતાનો ખ્યાલ આવી શકે તેમ છે.

આ અરસાના સમયમાં થયેલા શ્રાવક કવિ ઋષભદાસે 'કુમારપાલ રાસ'માં ૯ મા સૈકાની પાટણની સમૃદ્ધિ, તેના વ્યાપાર, વ્યવસાય, લોકોની ઉચ્ચ સંસ્કારિતા ઇત્યાદિનો પરિચય પોતાની ગુજરાતી ભાષામાં કવિતા દ્વારા આપ્યો છે; જેનો ટૂંક ભાવાર્થ આ પ્રકારે છેઃ—'તે પાટણ

શહેર જ્યારે વસ્યું તે વેળાએ તેને બાર ગાઉ ફરતો વિસ્તાર હતો. ચોરાશી બજારો, સોના-ચાંદીના નાણાંઓની ટંકશાળ વગેરેથી તે સમૃદ્ધ હતુ. અઢાર પ્રકારના વર્ણના લોકો તે નગરમાં દરેક પ્રકારે પોતાના વ્યાપાર વિવિધ વાણિજ્યોદ્વારા કરતા હતા. મશરૂ, શાળ, પિતાંબર ઈત્યાદિ ઊત્તમ કાપડ, ત્રાંબુ, પીત્તળ, સોનુ, મોતી વગેરે ધાતુ અને ઝવેરાતનો વ્યાપાર પણ ત્યાં ધમધોકાર ચાલુ હતો ' રાસકાર કવિ, અનેક કાવ્યોદ્વારા પાટણના બજારોની હકીકતોનું વર્ણન કરી અન્તે કહે છે—' પાટણમાં એટલો વ્યાપાર ઉદ્યોગ અને દેશપરદેશનો સબધ હતો કે શહેરના જકાતી ખાતાને લાખ ટકની દરરોજની આવક હતી.' ત્યાર બાદ પાટણની પુણ્યભૂમિના વતનીઓની ધાર્મિકતા માટે જણાવતાં શ્રીઋષભદાસ જણાવે છે:—' પાટણમાં તે કાળે શ્રીજિનમંદિરો અનેક પ્રકારનાં શોભતાં હતાં, ઇતરધર્મના લોકો પણ પોતાના ધાર્મિક દેવસ્થાનોમાં લક્ષ્મી ખરચનારા હતા. ટૂંકમાં પાટણ શહેરની વસ્તી દાન, શીલ, તપ અને ભાવધર્મની સારી રીતે આરાધના કરનારી હતી.' [કુમારપાલ રાસ. પૃષ્ઠ. ૧૦-૧૩]

જે કાળે પાટણ શહેરની આ રીતની સમૃદ્ધિ હતી તે વેળાએ કહેવું જોઈએ કે ગુજરાત પણ ઋદ્ધિ-સમૃદ્ધિ અને ધર્મશ્રદ્ધાથી ઉન્નતિની ટોચે હતુ. હા, બેશક: ગુજરાતના મુખ્ય મુખ્ય શહેરોએ ચઢતી-પડતીના તડકા-છાયડા તે તે કાલે પણ અનુભવ્યા હતા એમ તત્કાલીન જૈન-જૈનેતર ઈતિહાસ આજે બોલી રહ્યો છે. વિક્રમના ૧૦ મા શતકથી યાવત્ ૧૩ મા શતક સુધી પાટણે સારામાં સારી રીતે ચઢતી જોઈ, ધર્મભાવના અને ધનસંપત્તિથી એણે ગુજરાત-મહા-ગુજરાત યાવત્ ભારતવર્ષ અને પરદેશમાં પોતાની કીર્તિનો ધ્વજ ફરકતો રાખ્યો. બાદ-એટલે પરમાર્હત શ્રીકુમારપાલના મૃત્યુ પછી અજયપાલના રાજ્યકાલમાં પાટણની ધીરે ધીરે પડતી શરૂ થઈ.

પાટણની સાથે તે કાળે તેની હરોળમાં ઊભી શકે તેવું એક શહેર હતું કે જેની ધાર્મિકતા, ગુજરાતના કોઈ પણ અન્ય શહેરો કરતાં ૧૧ મા શતકથી યાવત્ ૧૭ મા શતક સુધી ખૂબ જ ગૌરવપૂર્વક ઇતિહાસમાં આલેખાઈ ચૂકી છે. તે શહેર ગુજરાતનું પુરાણું સમૃદ્ધ બંદર સ્થંભન-તીર્થ-ખંભાત હતુ. ધાર્મિકવૃત્તિની આત્માઓ તે વેળાએ પાટણની જેમ ખંભાત શહેરમાં પણ વિશાલ સંખ્યામાં હતા. આથી જ તે શહેરની ધનસંપત્તિનાં વર્ણનો, જૈન ઇતિહાસમાં આલેખાયેલાં આજે આપણને મળી રહે છે. સુપ્રસિદ્ધ જૈનકવિ શ્રાવક શ્રીઋષભદાસે ૧૭ મા શતકમાં ખંભાતની ધાર્મિક શ્રદ્ધા, સંસ્કારિતા અને ધનસમૃદ્ધિનું વર્ણન પોતાના ગ્રન્થોમાં વિવિધ પ્રકારે સુંદર કવિતો દ્વારા કર્યું છે; જેનો સાર આ પ્રમાણે છે:—

' ખંભાત શહેરમાં ૧૮ વર્ણનો વ્યાપાર સોળે કળાયે ખીલ્યો હતો. ત્યાંના ધનિકો સાધુપુરુષોનાં ચરણો પૂજતા. વિવેક અને સુવિચારથી ત્યાં અઢાર વર્ણના લોકો રહેતા, ધનવાન લોકોના ઘરની સ્ત્રીઓ પટોળાં પહેરતી હતી, જ્યારે ધનિકો ત્રણ આંગળ પહોળા સોનાના કંદોરા, હીરના કંદોરા, અને સોનાનાં માદલીઆં પહેરતા હતા.' ઈત્યાદિ વિસ્તારપૂર્વક ખંભાતના ધનવાનોના પહેરવેશનો પરિચય આપવા દ્વારા કવિશ્રીએ તે લોકોની ધનસમૃદ્ધિનો આછો ચિતાર રજૂ કર્યો છે; જે પોતાની નજરે પોતે પોતાના કાલમાં અનુભવ્યું છે, તેને અતિશયોક્તિ વિના અહીં શબ્દદેહ આપ્યો છે. કલાકારની પીછી જે વસ્તુને કલાદેહ દ્વારા સજીવ કરે છે તે હકીકતને-વસ્તુને કવિ કવિત્વદ્વારા શબ્દદેહ આપી સજીવ કરે છે. કલાકાર અને કવિ આ બન્ને એક અર્થમાં સમાન છે. એ દષ્ટિએ કહેવું જોઈએ કે, કવિ શ્રીઋષભદાસ સાચેસાચ

એક સાચા કલાકારની જેમ જીવી આ બધી કૃતિઓ દ્વારા અમર થઈ ગયા.

ધનસંપત્તિનું વર્ણન કરતાં જૈન—સુશ્રાવક કવિ કેટલા સાવધ અને ધર્મશ્રદ્ધાળુ છે, એ કવિના આગળનાં કાવ્યો દ્વારા જણાય છે.

ખંભાતના રહેવાસીઓએ દેવ, ગુરુ કે ધર્મ માટે ઉદારતાપૂર્વક લક્ષ્મીનો સદ્વ્યય કરી ઊભાં કરેલાં ગગનચુંબી જિનમંદિરો, પૌષધશાલા વગેરે ધર્મસ્થાનો, તેમજ તે ધનવાનોની ભક્તિ ઇત્યાદિ માટે કવિશ્રી ખૂબ જ સહૃદયતાથી કહે છેઃ—

"પંચ્યાશી જિનના પ્રાસાદ, ધ્વજ તોરણ તિહાં ઘંટાનાદ,
પિસ્તાલીસ જિહાં પૌષધશાલ, કરે વખાણ મુનિ વાચાલ;
પડિક્કમણ પૌષધ પૂજાય, પુણ્ય કરતાં દાંડા જાય,
પ્રભાવના વ્યાખ્યાનિં જ્યાંહિ, સાહમિવાત્સલ્ય હોયે ત્યાંહિ,
ઉપાસરો દેહરૂ જુહાર, અત્યંત દૂર નહિ તે વાર,
ઠંડિલ ગોચરી સોહિલ્યાં ત્યાંહિ, મુનિ આણિ રહિયા હિંડિ પ્રાણિ."

ગુજરાતની સમૃદ્ધિને અંગે અહીં આ ટૂંક–લેખદ્વારા કરેલા ઉલ્લેખોથી સમજી શકાશે કે "જૈન કથાકાર, રાસકારો કે પ્રબંધકારો સ્વયં નિર્ગ્રન્થ, નિઃસ્પૃહ શ્રમણો હોવા છતાં નિર્લોભી સુશ્રાવકો છતાં પોતાની કૃતિઓમાં તે તે કાળના આત્માઓની, દેશની કે નગરની ધનસમૃદ્ધિનો પરિચય, પોતાના સર્જનોદ્વારા એટલા જ માટે આપતા હતા—આપી ગયા છે, કે, આવા ધનસંપન્નો પણ લક્ષ્મીને અસાર, તુચ્છ અને ક્ષણિક માની સાર, નિર્મલ અને ચિરંજીવ ધર્મની આરાધનાદ્વારા પૂર્વકૃત સુકૃતની અમીવેલને સીંચી સાચા આરાધક બની ગયા હતા, આ હકીકત જનતાના હૃદયમાં ઉતારવા માટે આ પુરુષોનો આ પ્રયત્ન હતો. પરમાર્હત શ્રીકુમારપાલ, શ્રીવસ્તુપાલ તેમજ જગડુશાહ વગેરેના કાલના ગૂજરાતની ધનસમૃદ્ધિનો પરિચય આપવાની પૂ૦ પૂ. જૈનાચાર્યોનો આ જ પવિત્ર ઉદ્દેશ છે અને હતો. આ હકીકત તે તે કાળની ધનસંપત્તિનો ઇતિહાસ વાંચનાર કે સાંભળનારે ભૂલવી જોઈએ નહિ, અને પ્રાપ્ત સંપત્તિનો સદ્વ્યય કરી ધર્મની આરાધનાથી આત્માને નિરંતર સુસંસ્કારી રાખવા ચૂકવું નહી.

[અનુસંધાન પૃષ્ઠ : ૧૯૬ થી ચાલુ]

જિંદગીભરને માટે અહિંસાના જ ધ્યેયની ચોમેર નોબત વગાડનારા પહેલા, બીજા અને ત્રીજા વર્ગને માટે આગામી પર્યુષણાપર્વનું પવિત્ર આરાધન, વર્ષભરનાં પાપો ખપાવવાને અવશ્યમેવ સમર્થ નીવડી શકે તેમ છે. અહિંસાધર્મનાં જિંદગીભરનાં પાલન અને આદર બહુમાનથી માનવ જેવા ઉત્તમ જીવનને સફલ કરવા ભાગ્યશાળી બનેલા એ ત્રણેય વર્ગો, આગામી પર્યુષણાસંવત્સરી પર્વને તન, મન અને ધનથી ભારે મહોચ્છવપૂર્વક ઊજવી આત્માને કૃતકૃત્ય કરે. સાધર્મિક બંધુ સાથે વર્ષભરમાં થઈ જવા પામેલ નાનામોટા સમસ્ત અપરાધોની વાત્સલ્યનાં અશ્રુભર્યાં નેત્ર અને હૃદયથી સકલ સંઘની સાક્ષીએ ક્ષમાપના કરે અને પોતાના જીવનને નિર્મળ બનાવે. એ સાથે આ બાળ લેખકનો પણ હાર્દિક મિથ્યા-દુષ્કૃત સ્વીકારવા કૃપા કરે.

હિંસા-અહિંસા-વિવેક

લેખક :—પૂજ્ય પંન્યાસ શ્રીધુરંધરવિજયજી

(૨) હિંસાની ભ્રમજાળ

હિંસા એટલે જીવનને પ્રાણથી વિયુક્ત કરવો—એવો જો આગ્રહ બંધાઈ જાય તો પણ જીવ વિવેક ચૂકી જાય છે અને જ્યા ખરેખર હિંસા નથી ત્યાં હિંસા માનવા લાગે છે. બીજી બાજુ સામા જીવનું હિત કરવાની ભાવનાપૂર્વક એવું આચરણ કરવામાં આવે કે સામાના પ્રાણ જાય અને હિત ન સધાય એ સ્થિતિમાં ભાવના ઉપર ભાર મૂકીને જો તેને હિંસા ગણવામાં ન આવે તો પણ અનર્થની પરંપરા વધે. એટલે હિંસાનું સ્વરૂપ સૂક્ષ્મ બુદ્ધિથી અનાગ્રહભાવે વિચારીને સ્થિર કરવા જેવું છે.

ગમે તે જીવને ગમે તેમ મારવા અને તેમાં અમે તેનું પણ હિત કરીએ છીએ એવું માનવું અને મનાવવું એ ખરેખર હિંસા છે વિવેકદૃષ્ટિથી ખૂબ જ વેગળુ છે. એ હિંસા પાછળ ધર્મનો હાથ નથી પણ કષાયોનો—મોહના તીવ્ર ઉદયનો હાથ છે.

'**મા હિંસ્યાત્ સર્વભૂતાનિ**' કોઈપણ જીવને હણવો નહિ—એવું સૂત્ર વ્યાપક કરીને ધર્મને નામે જુદા જુદા જીવોની ઘૃણા ઉત્પન્ન થાય એ રીતે હિંસા કરવાનો આદેશ કરતાં અને આચરણમાં પણ એવી હિંસાને અનુસરતા ગ્રન્થો અને માનવો મહાહિંસક છે.

વિહિત હિંસા—વેદવિહિત હિંસાને નામે વિશ્વમાં હિંસાનું તાંડવ ખૂબ જ ચાલ્યું. હિંસાને પણ જીવો ધર્મ માનવા લાગ્યા. હિંસાની એ માયા એટલી વધી ગઈ કે અશ્વમેધ અને નરમેધ યજ્ઞો થવા લાગ્યા. રક્તવતી અને ચર્મણ્વતી એવાં નામો નદીઓનાં પડ્યાં. પોતાની મેલી વાસનાઓને ધર્મને નામે સંતોષવાનું અને પોષવાનું કાર્ય આમ ધમધોકાર ચાલ્યું. સુજ્ઞ અને સમજુ આત્માઓ પણ એમાં ફસાયા. મોડા મોડા પણ જેમને સાચો રાહ મળ્યો તેઓ પાછા ફર્યા અને બચી ગયા. જેઓને સાચો માર્ગ ન મળ્યો, મળ્યા છતાં જેઓ તેને સ્વીકારવાનું સામર્થ્ય ન કેળવી શક્યા તેઓ એમાં ને એમાં પડી રહ્યા અને પરિણામે પાપ-કર્મથી ભારે બનીને દુર્ગતિને વર્યા.

આ હિંસામય પાપધર્મથી બચાવવા માટે કડક શબ્દોમાં પણ શુદ્ધધર્મને અનુસરનારા-ઓએ ચેતવણી ઉચ્ચારી છે. ભલે તે તે ધર્મને પ્રિય માનનારાઓને ન રુચે, ન ગમે, ભલે તેઓ ક્રોધે ભરાય, પણ ખરેખર કહેવાયેલા શબ્દો યથાર્થ છે. જ્યારે મહાહિંસાને પણ ધર્મ મનાવતા એ ધર્મનાયકો ખચકાયા નથી તો તેને તેના ખરા સ્વરૂપમાં ખુલ્લા પાડનારા પણ શા માટે ડરે!

કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રસૂરિજી મહારાજે યોગશાસ્ત્રમાં કહ્યું છે કે—

"**वरं वराकश्चार्वाको, योऽसौ प्रकटनास्तिकः ॥**
वेदोक्तितापसच्छद्मच्छन्नं रक्षो न जैमिनिः ॥"

–બિચારો ચાર્વાક સારો કે જે ખુલ્લે ખુલ્લો નાસ્તિક છે પણ વેદવચન અને તાપસ બે માયા-કપટ નીચે છૂપાયેલો જૈમિનિ રાક્ષસ સારો નથી.

ચાર્વાક કરતાં પણ જૈમિનિને ભયંકર કહેવાનું મહત્ત્વનું કારણ તો એ જ છે કે તે ધર્મને નામે અધર્મને ચલાવનાર છે, જ્યારે ચાર્વાક અધર્મને અધર્મરૂપે ચલાવે છે.

આમ હિંસાની પ્રાથમિક ભૂમિકા જોઈએ તો નીચે પ્રમાણે તેનું પૃથક્કરણ થઈ શકે—

૧. અજ્ઞાનથી થતી હિંસા.
૨. સ્વાર્થથી થતી હિંસા.
૩. હિંસામાં દોષ નથી એમ માનીને થતી હિંસા.
૪. ધર્મને નામે થતી હિંસા.
૫. અશક્તિથી થતી હિંસા.

ઉપરના પાંચ પ્રકારોને ટૂંકમાં આ પ્રમાણે સમજી શકાય—

(૧) અજ્ઞાનથી થતી હિંસા:

વિશ્વમાં ઘણા જીવો એવા છે કે જેઓ હિંસાને સમજતા જ નથી. અજ્ઞાનવશ એવી પ્રવૃત્તિઓ કરે છે કે જેમાં જીવોની પારાવાર હિંસા થાય છે જેમ નાના બાળકો તળાવ કે નદીને કાંઠે બેસીને દેડકાને કાંકરાથી મારે તેમાં બાળક અજ્ઞાનદશામાં છે અને દેડકાના પ્રાણ જાય છે. એ પ્રમાણે અનેક જીવો અજ્ઞાનથી હિંસા કરે છે.

(૨) સ્વાર્થથી થતી હિંસા:

શક્તિનો વિકાસ થતો જાય છે તેમ સ્વાર્થનો પણ વિકાસ થતો જાય છે. જો મોહનો પ્રબલ ઉદય હોય તો સ્વાર્થ સાધવા માટે જીવ ગમે તેવાં કર્મ કરતાં અચકાતો નથી. વિશ્વમાં શક્તિવાળા જીવોને હાથે થતી હિંસામાં સ્વાર્થ એ પ્રધાન ભાગ ભજવે છે સ્વાર્થ એક પ્રકારનો હોતો નથી, જુદા જુદા અનેક પ્રકારનો હોય છે. ધન પ્રાપ્ત કરવા માટે, પેટ ભરવા માટે, વાસના સંતોષવા માટે વિશ્વમાં ડગલે ને પગલે હિંસા થાય છે. તે સર્વ હિંસાઓ સ્વાર્થથી થતી હિંસાઓ છે.

(૩) હિંસામાં દોષ નથી એમ માનીને થતી હિંસા:

કેટલાએક જીવો હિંસા-ભયંકર હિંસા આચરે છે છતાં એમ માનતા હોય છે કે આ હિંસા જ નથી. વિવિધ પ્રકારના જીવોની તેઓ હસ્તી માનતા નથી ને તેથી તે તે જીવોની હિંસા કરવા છતાં ત્યાં હિંસા નથી એમ માનતા હોય છે. કદાચ એવા જીવોની હિંસા થતી હોય તો પણ તેમાં કંઈ પણ દોષ નથી એમ તેઓની માન્યતા હોય છે. ઈશ્વરે આ બધું શા માટે બનાવ્યું છે? એવા પ્રશ્નો કરીને પોતાની વિચિત્ર વાસનાઓની તૃપ્તિ કરવા માટે નાની હિંસાથી લઈને મોટી હિંસાઓ કરતાં તેઓ અચકાતા નથી.

કેટલાએક વિચિત્ર વિચારો ધરાવતા જીવો એમ માનતા હોય છે ને કહેતા હોય છે કે આ આત્મા મરતો નથી અને કોઈને મારતો પણ નથી, એમ માનીને ગમે તેવું આચરણ કરતાં તેઓ ખચકાતા નથી. મોટી મોટી લડાઈઓ લડનાર અને તેમાં જોડાયેલા સૈનિકોના મનમાં એવું ઠસ્યું ને ઠસાવ્યું હોય છે કે લડાઈમાં મરવામાં અને મારવામાં પાપ લાગતું નથી.

(૪) ધર્મને નામે થતી હિંસા:

હિંસામાં ધર્મ છે એમ માનનારા પણ વિશ્વમાં ઘણા છે. તેઓ જુદા જુદા જીવોનું બલિદાન આપે છે. યજ્ઞમાં થતી હિંસા ધર્મને નામે થાય છે. દેવદેવીઓને અપાતા ભોગોમાં જે હિંસા થાય છે. તે ધર્મને નામે થાય છે. કુરબાનીને નામે કરવામાં આવતી હિંસા ધર્મને નામે થાય છે. મોટે ભાગે ધર્મને નામે થતી હિંસામાં સ્વાર્થનું એવું મિશ્રણ થઈ ગયું હોય છે કે તે તે હિસાને સ્વાર્થહિંસા કહેવી કે ધર્મહિંસા કહેવી એ કોયડો થઈ જાય છે. ખરેખર જોવામાં આવે તો એ સ્વાર્થ–હિંસા છે પણ હિસા કરનારા અને કરાવનારાઓએ પોતાના સ્વાર્થને ધર્મનો અંચળો ઓઢાડયો હોય છે. એટલે અહિસા ધર્મને નામે કહેવાય છે. આ હિંસાનું સામ્રાજ્ય જગતમાં એટલું વ્યાપક બન્યું છે કે તેમાંથી જીવોને છોડાવવા એ કપરું કાર્ય છે. પૃથ્વી પણ આવી હિંસાથી '**त्राहि मां त्राहि मां**' પોકારી ઊઠે છે.

(૫) અશક્તિથી થતી હિંસા:

કેટલાએક જીવો જગતમાં એવા હોય છે કે તેઓને હિસા ગમતી નથી પણ કર્યા સિવાય ચાલતું નથી. તેઓ અશક્ત છે–પરવશ પડેલા છે. બીજી બાજુ કેટલાક જીવો એવા છે કે તેમનું જીવન હિંસામાં જતુ હોય છે પણ તે હિંસા સાથે તેઓને સીધો કાંઈ સબંધ હોતો નથી, એ સર્વ જીવો જે હિંસા આચરે છે તે અશક્તિથી થતી હિંસામાં ગણાય છે.

ઉપરની પાંચે પ્રકારની હિસા પાપ બંધાવે છે, તેથી જીવો દુર્ગતિનાં દુ:ખો ભોગવે છે. એ હિંસાથી છૂટવા માટે શક્તિવાળા જીવોએ સતત પ્રત્નશીલ રહેવું જોઈએ.

હિસાની સામે અહિસા રહેલી છે. તેનું સાચું સ્વરૂપ સમજવાથી હિંસાથી જીવ છૂટી શકે છે–તેનું સ્વરૂપ હવે પછી જણાવવામાં આવશે. (ક્રમશઃ)

[અનુસંધાન પૃષ્ઠ : ૨૧૬]

दातुः शुभं भवतु मङ्गलमस्तु पाठोत्कण्ठाजुषां श्रवणकर्म्मणि लालसानाम् ।
भद्राणि पाणिकमले विलसंतु सन्तु कल्याणधोरणियुजो भुवि संघपादाः ॥ ४१ ॥
मंगलं महाश्रीः । कृतिरियं श्री**गुणसमुद्रसूरी**णाम् ॥
अक्षरमात्रपदस्वरहीनं व्यंजनसन्धिविवर्जित रेफम् ।
साधुभिरेव मम क्षमितव्यं कोऽत्र न मज्जति शास्त्रसमुद्रे ॥ १ ॥
दृग्भ्रान्तितो वा लिखनातिरेकाद् व्यासंगतो वाऽन्यविधेरलीकम् ।
अत्रालिखं वर्णपदादिगद्यश्लोकादि यत्तन्निपुणैर्न दूष्यम् ॥

संवत् १६१२ वर्षे आश्विन शुदि ११ दिने **तालध्वजनगरे** श्री**आनंदविमलसूरि**शिष्य-श्री**कर्णगणि**ना लिखितं श्रीशान्तिनाथचरित्रमिदम् ॥ श्री ॥

[जोधपुर महावीरस्वामी मंदिरे ज्ञानभंडार पोथी० नं. १९ प्रति ११० नं. १४४]



ખંભાતમાં પ્રગટ થયેલી
૪૧ જિનપ્રતિમાઓ

★

લેખક : પૂજ્ય મુનિરાજ શ્રીવિશાળવિજયજી

★

ખંભાત પુરાણું બંદર છે. ઠેઠ ૧૨મા સૈકાથી લઈને ૧૭મા સૈકા સુધી એની જાહોજલાલી પુરબહારમાં હતી. ગુજરાતના પાટનગર પાટણ કે અમદાવાદ પછી બીજા નંબરનું આ શહેર ગણાતું રહ્યું છે. ખાસ કરીને સ્તંભન પાર્શ્વનાથ તીર્થ તરીકેની એની પ્રસિદ્ધિ થઈ ત્યારથી આ શહેર વિશેષ ઉન્નત બનતું ગયું છે. આ તીર્થની એ પ્રભાવશાળી પ્રતિમાનો પુરાતન ઇતિહાસ શ્રીજિનપ્રભસૂરિએ ' વિવિધ તીર્થકલ્પ'માં આ રીતે આલેખ્યો છે—

દ્વારિકામાં સમુદ્રવિજય દશાર્ણે શ્રીનેમનાથ ભગવાનના મુખથી મહાપ્રભાવશાળી રત્નમયી શ્રીપાર્શ્વનાથની પ્રતિમા જાણીને પ્રાસાદમાં સ્થાપન કરી પૂજા કરી. દ્વારકાનો દાહ થયો ત્યારે એ મૂર્તિ સમુદ્રમાં પધરાવી. કાળાંતરે કાંતિનગરીનો ધનેશ નામનો વહાણવટીઓ એ સ્થળે વહાણ લઈને જતો હતો ત્યારે એ પ્રતિમાના સ્થળ આગળ એનું વહાણ થંભી ગયું. દેવવાણીથી જ્યારે એણે જાણ્યું કે અહીં જિનબિંબ છે ત્યારે તેણે નાવિકો દ્વારા એ મૂર્તિ બહાર કઢાવી, પોતાના નગરમાં લઈ જઈ એક પ્રાસાદમાં સ્થાપન કરી. અચિંત્ય લાભથી ખુશી થયેલો ધનપતિ રોજ એ મૂર્તિની પૂજા કરતો હતો. એવામાં નાગાર્જુને આ મૂર્તિનો અતિશય જાણ્યો ત્યારે તેણે રસસિદ્ધિ માટે એ મૂર્તિ ગ્રહણ કરી, અને શેઢી નદીના કિનારે સ્થાપન કરી. નાગાર્જુન એ મૂર્તિને રસસિદ્ધિ માટે રોજ ચંદ્રલેખા નામની સતી સ્ત્રી પાસે રસમર્દન કરાવતો હતો. એમ કરતાં છેવટે એને રસસિદ્ધિની પ્રાપ્તિ થઈ અને એ સ્થળે રસ સ્તંભિત થતાં સ્થંભન (થાંભણા) નામે ગામ વસ્યું. કાળાંતરે એ મૂર્તિ નવાંગીવૃત્તિકાર શ્રીઅભયદેવસૂરિના હાથે એ સ્થળેથી બારમા સૈકામાં પ્રગટ થઈ. એ મૂર્તિ પાછળથી ખંભાતમાં લાવવામાં આવી અને ખંભાતને સ્તંભન તીર્થની નામના મળી.

બારમા સૈકામાં ને તે પછી અહીં દેરાસરો બંધાતાં ગયાં. ૧૭મા સૈકાના કવિ શ્રીઋષભદાસે અહીંના ૮૫ ઉત્તુંગ જિનપ્રાસાદોની ઝળહળતી ધ્વજાઓ અને સંભળાતા ઘંટા-નાદની વાત નોંધી છે. શ્રીહીરવિજયસૂરિ અને શ્રીવિજયસેનસૂરિના સમયમાં અસલ ગંધારના રહેવાસી અને પાછળથી ખંભાતમાં રહેતા વજિયા અને રાજિયા નામના બંધુઓએ

સં. ૧૬૪૪માં બંધાવેલા ચિંતામણિ પાર્શ્વનાથના ભવ્ય મંદિરનું વર્ણન એક શિલાલેખમાંથી આ પ્રકારે જાણવા મળે છે:—

મૂળનાયક શ્રીચિંતામણિ પાર્શ્વનાથની પ્રતિમા ૪૧ આંગળ ઊંચી અને શેષનાગથી સેવિત હતી. તેમજ મસ્તક ઉપર સર્પની સાત ફણાઓ કોતરેલી હતી.

એ મંદિરમાં બાર સ્તંભો અને ૭ દ્વાર હતાં. સાત નાની નાની દેવકુલિકાઓ હતી, ને બે દ્વારપાલની મૂર્તિઓ હતી. મૂળ પ્રતિમાની આસપાસ બીજી પચ્ચીશ ઉત્તમ મૂર્તિઓ સ્થાપન કરી હતી. વળી, એ મંદિરમાં એક ભવ્ય ભોંયરું હતું, જેને ૨૫ પગથિયાં હતાં. એ પગથિયાંની સામે જ સુંદર આકૃતિવાળી ગણેશની મૂર્તિ બેસાડેલી હતી. એ ભોંયરું ચોરસ હતું અને ૧૦ હાથ જેટલું ઊંચું હતુ. એની અંદર બીજી નાની નાની ૨૬ દેવકુલિકાઓ હતી અને એને પાંચ દ્વાર હતાં. એ ભોંયરામાં પણ બે દ્વારપાલો તેમજ ચાર ચામરધારકો હતા. એની વેદિકા ઉપર ૩૭ આંગળ પ્રમાણ શ્રીઆદિનાથની, ૩૩ આંગળ પ્રમાણ શ્રીમહાવીરદેવની અને ૨૭ આંગળ પ્રમાણ શ્રીશાંતિનાથની પ્રતિમાઓ સ્થાપન કરેલી હતી. વળી, એ ભોંયરામાં ૧૦ હાથીઓ અને ૮ સિંહો કોતરેલા હતા. આવી રીતે સ્થંભતીર્થ (ખંભાત)માં ભૂષણ સમાન અને જોવાલાયક એ મંદિર ઉક્ત બંને ભાઈઓએ બંધાવ્યું હતું.

આ મંદિર શેઠ અંબાલાલ પાનાચંદની ધર્મશાળા પાસે આવ્યુ છે પરતુ આ દેરાસરમાં ઘણો ફેરફાર થઈ ગયો છે. દ્વારપાલ, હાથી, સિંહ, કે દેવકુલિકાઓ વગેરે કંઈ જ હયાત નથી.

બીજું શ્રીમહાવીરસ્વામીનુ મંદિર પણ એ બંને ભાઈઓએ જ બંધાવ્યું હતું તે મંદિર ક્યાં આવ્યું તે હજી માલમ પડયું નથી.

મતલબ કે, ૧૭મા સૈકામાં બંધાયેલું મદિર એના મૂળસ્વરૂપે રહેવા પામ્યું નથી ત્યારે ૧૫મી શતાબ્દીના કે તે પહેલાંનાં મદિરો એના તત્કાલીન સ્વરૂપમાં જોવા ન મળે એ સ્વાભાવિક છે. કેટલાંક મંદિરો નષ્ટ થયાં કે જીર્ણ થયાં ને કેટલાંકને એક બીજામાં ભેળવી લેવાયાં. થોડાં વર્ષો પૂર્વે જ અહીનાં ચાર દેરાસરોને વધાવી લઈ એક જ મંદિરમાં પ્રતિમાઓ પધરાવવામાં આવી હતી.

મંદિરોની મૂર્તિઓ મુસ્લિમ કાળમાં ભડારી દેવામાં પણ આવતી, જે અત્યારે ઘણે સ્થળે ઘણી વખત પ્રગટ થતી જાણવા—જોવા—સાંભળવામાં આવે છે. ખંભાતમાં આ રીતે ઘણી વખત જમીનમાંથી મૂર્તિઓ મળી આવેલી છે. હાલમાં જ ૪૧ જિનપ્રતિમાઓ પ્રગટ થઈ છે, એ વિશે જ અહીં વક્તવ્ય છે:

સંઘવીની પોળમાં શ્રીકુંથુનાથજીના દેરાસરની સામે શ્રી. અમૃતલાલ ફૂલચંદ ઠાકરસીનું મકાન છે. પૂર્વ દિશામાં સામા દ્વારનું એક મકાન છે. તેની ઉત્તરે ખુલ્લી જગાના ચોકમાં કોઠી નાખવા માટે ખાડો ખોદવામાં આવ્યો ને કોઠી મૂકતાં જ તે ભાંગી ગઈ. આથી પાસે જ કૂવો કરવા માટે ૧૫ ફૂટ ખોદતાં તા. ૧૦-૬-૫૪ના જેઠ સુદિ બીજી હના દિવસે ૯—૫૦ મિનિટે પ્રથમ ૪ પ્રતિમા નીકળી આવી અને પછી એક પછી એક એમ સાંજ સુધીમાં તો કુલ ૪૧ જિનપ્રતિમાઓ નીકળી. તેમાં એક પ્રતિમાજી ખંડિત થયાં છે, એક ચૌમુખજી નીકળ્યા છે અને એક શેઠ—શેઠાણીની મૂર્તિ પણ નીકળી આવી છે. આ મૂર્તિઓ

ભવ્ય અને તેજસ્વી છે. કેટલીક મૂર્તિઓ ૧॥ ફૂટ, ૧। ફૂટ, ૧ ફૂટ અને ०॥। ફૂટની છે. લગભગ બધી મૂર્તિઓ ઉપર લેખ છે. મોટે ભાગે ૧૫મા સૈકાના લેખો છે. નમૂનારૂપે પાંચેક મૂર્તિઓના લેખો આ પ્રકારે છે:—

१. संवत् १४६० वर्षे आषाढ सुदि १० दशम्यां बुधे सोनि वीसलपुत्र सोनी त्रिलोक्यसिंहेन भार्या तेजलदेश्रेयोर्थं श्रीपार्श्वनाथबिंबं कारितं प्रतिष्ठितं उपकेशगच्छे श्रीदेवगुप्तसूरिभिः ॥

२. सं. १४२९ माघ व. ७ सा० चांपा भार्या षीमीश्रेय० श्री आदिनाथबिंबं का० प्र० श्रीदेवगुप्तसूरिभिः ॥

३. संवत् १४२८ वैशाख वदि १ सोमे पाल्हाउलगोत्रीय संघपतिभार्यया सं. पाल्हादेव्याः सुतगोवलश्रेयसे श्रीआदिनाथबिंबं कारितं प्रतिष्ठितं मलधारिगच्छे श्रीराजशेखरसूरिपट्टे श्रीमुनिशेखरसूरिभिः ॥

૪. શ્રી ચૌમુખજીની મૂર્તિઓ બહુ સુંદર છે. મૂર્તિઓ એક વેંતની છે. ચારે બાજુએ બબ્બે ગંધર્વો ફૂલની માળા ધારણ કરતા બતાવ્યા છે. બંને પડખે ચામરધારકો પણ છે. ચારે ભગવાનના પબાસનની નીચે હાથી, સિંહ, દેવી છે. ઉપરનું શિખર તૂટી ગયું છે. ચારે બાજુએ ખાનાં છે, જેથી ઉપરના ભાગમાં ચંદરવો બાંધવો હોય તો બાંધી શકાય. ચૌમુખજીની નીચે ભગવાન દેશના આપતાં ગઢની રચના કરેલી હોવી જોઈએ તે નથી. એના ઉપરનો લેખ આ પ્રકારે છે:—

પહેલી તરફ—**श्रीमहावीरदेव　　राणकश्रीमुञ्जलदेवस्य**

બીજી તરફ—**श्रीमहावीरदेव　　राणककर्पूरादेव्याः**

ત્રીજી તરફ—**श्रीमहावीरदेव　　राणकश्रीझांझण:**

ચોથી તરફ—**श्रीमहावीरदेव　　माताश्रीजयतलदेव्याः**

૫. એક જ પથ્થરમાં ઉપરના ભાગમાં જિનબિંબ અને નીચે શેઠ—શેઠાણીની મૂર્તિઓ છે. શેઠના હાથમાં ફૂલની માળા છે. શેઠાણીના હાથમાં પૂજાનો સામાન છે. તેમની બંને પડખે બાળક અને બાળિકા હાથ જોડીને ઊભા છે. તેમની નીચે આ પ્રકારે લેખ છે:—

सं. १४३२ साधुश्रीसारंगभार्या सिंगारदेव्याः स्वपुत्रेण साधुसायरेण पुत्र्या केवलदेव्या सहितेन का० प्र० श्री देवगुप्तसूरिभिः ॥

[આ ૪૧ જિનમૂર્તિઓના લેખો શ્રી. ચીમનલાલ ડી. દલાલે મહાવીરશાસન 'ના તા. ૧૬–૭–૫૪ ના અંકમાં આપ્યા છે. તેનો ઉતારો 'જૈન'ના તા. ૩૧–૭–૫૪ ના અંકમાં પ્રગટ થયો છે. જિજ્ઞાસુઓને તે અંકમાંથી લેખો જોઈ લેવા ભલામણ છે. **સંપા.**]

કર્મ મીમાંસા

લેખક : શ્રીયુત માસ્તર ખુબચંદ કેશવલાલ, શીરોહી

[લેખાંક–ત્રીજો]

આ પ્રમાણે જૈનેતર દર્શનોમાં દર્શાવેલ કર્મના અસ્તિત્વ અંગેની વિચારણા અગાઉ કરી છે. આથી કોઈ પણ મનુષ્યને કર્મનું અસ્તિત્વ માન્યા વિના ચાલે એમ નથી. કર્મના અસ્તિત્વ વિષે શંકા ધરાવતા વર્ગને પણ તેમના જીવનમાં કેટલીક વખતે ઇચ્છિત ધારણાઓ અનેકવિધ પ્રયત્નો કરવા છતાંય જ્યારે વિપરીતપણું પામે છે ત્યારે યેન કેન પ્રકારે પણ તેમના હૃદયમાં કર્મ અંગેની શ્રદ્ધા જરૂર ઉદ્ભવે છે. જીવ અને કર્મના સંબંધને લીધે જ બંધ–વિશ્વ–પ્રપંચ છે, અને તેમના વિયોગને લીધે જ જીવનો મોક્ષ છે. બંધની તરતમતાને આધારે જ દેવ–નારકની કલ્પના છે, પુણ્ય–પાપની કલ્પના છે; અને આ ભવનું પરભવ સાથે સાદૃશ્ય છે કે નહિ એ શંકાનો આધાર પણ જીવ–કર્મનો સંબંધ જ છે. સંક્ષેપમાં સંસાર અને મોક્ષની કલ્પના પણ જીવ અને કર્મની કલ્પના ઉપર જ આધાર રાખે છે. જગતમાં જીવ અને જડ એ બેનું તોફાન છે. જડની સંગતિથી આત્મા દુ:ખી થઈ રહ્યો છે. એ સંગતિ ટાળવા માટે આત્મા અને કર્મની ઓળખાણ કરવી આવશ્યક છે. એ ઓળખાણ કરવા પહેલાં તેના અસ્તિત્વની શ્રદ્ધા પહેલી પ્રગટ થવી જોઈએ.

કર્મની સત્તા ઘણી પ્રબળ છે, કોઈનું ત્યાં ચાલી શકતું નથી. આ કર્મ શું છે અને કર્મની સાથે કર્મફળનો સંબંધ શું છે તે અહીં ટૂંકામાં બતાવવાનો ઉદ્દેશ છે. કર્મના અસ્તિત્વ અંગે તો પૂર્વોક્ત દરેક દર્શનોમાં જે બયાન છે તે જોતાં માલમ પડશે કે–સંસ્કાર, વાસના, અવિજ્ઞપ્તિ, માયા, અપૂર્વ, કર્મ એવાં નામો પૈકી કોઈ પણ નામે કર્મનું માનવાપણું તો દરેકમાં છે. કર્મ તે પુદ્ગલ દ્રવ્ય છે કે ગુણ છે કે ધર્મ છે કે બીજું કંઈ સ્વતંત્ર દ્રવ્ય છે એ બાબતમાં દાર્શનિકોમાં વિવાદ છતાં વસ્તુગત ખાસ વિવાદ નથી એ તો સ્પષ્ટ જણાઈ આવે છે. આમ છતાં તેના અસ્તિત્વ અંગે અશ્રદ્ધા રાખનાર આત્માએ પોતાનું દુર્ભાગ્ય જ ગણવું જોઈએ.

જ્યાં સુધી આત્માને એક સ્વતંત્ર દ્રવ્ય તરીકે માનવામાં ન આવે ત્યાં સુધી આ લોક સિવાયના પરલોકમાં તેના ગમનની માન્યતા કે તેના કારણ પુણ્ય–પાપરૂપ કર્મની માન્યતાને અવકાશ નથી રહેતો પણ જ્યારે આત્માને સત્ય તત્ત્વરૂપે સ્વીકારવામાં આવે ત્યારે જ એ બધા પ્રશ્નોનો વિચાર કરવાનું સ્વતઃ પ્રાપ્ત થઈ જાય છે. આમ હોવાથી જ આત્મવાદ અને કર્મવાદ અંગે અતિવિસ્તૃતપણે સૂક્ષ્મરીતે વિચાર કરવામાં આવે ત્યારે જ અનાદિકાળથી સંયુક્ત આત્મા અને કર્મના સંબંધને મુક્તતા પ્રાપ્ત કરવાનો માર્ગ મળશે. કર્મની સાથે કર્મનાં ફળોનો ચોક્કસ સંબંધ છે અને ભૂતકાળના સંચિત કર્મવર્ગણાના પ્રતાપે જ જીવ વર્તમાન અવસ્થા ભોગવે છે એ વાત બધાં દર્શનોને માન્ય છે, પણ રીતસર એનો વિચાર કોઈએ કર્યો નથી.

આથી કર્મવાદની જે પ્રકારની વ્યવસ્થા જૈનોના ગ્રંથમાં મળે છે તે પ્રકારની વિસ્તૃત વ્યવસ્થા અન્યત્ર દુર્લભ છે. કર્મની વિવિધતા અને તેનું વિસ્તૃત વર્ણન પ્રાચીન કાળથી જૈન પરંપરામાં અતિસુંદરપણે આલખેલું છે. કર્મની સ્થિતિ, અને કર્મના પુદ્ગલો કેમ ભોગવાય ? કેમ બંધાય ? કેમ છૂટે તેનુ સર્વાંગપૂર્ણ તત્ત્વજ્ઞાન માત્ર જૈન દર્શનમાં જ છે.

અન્ય દર્શનકારો આત્માના ગુણો અને તેને રોકનાર કર્મના સંબંધમાં ઊતર્યા જ નથી. આત્મા ચેતનાથી ઓળખાય, ઉપયોગ હોય ત્યાં જીવ અવશ્ય છે. ઉપયોગ, ચેતના, જ્ઞાન એ જીવનું લક્ષણ છે. તે કોનાથી આવરાય, કોના જવાથી વધે; તે માટેનું વિવેચન જૈનો સિવાય અન્ય દર્શનોમાં નથી. આત્માનો મુખ્ય સ્વભાવ જ્ઞાન, તેને રોકનાર તે જ્ઞાનાવરણીય કર્મ એવી માન્યતા બીજા મતોએ માનેલી નથી. ભણ્યા પછી સંભાળી રાખવું કેમ પડે છે ? વગર સંભાળ્યુ ટકતું નથી માટે. જેનુ જ્ઞાન આપણને થયુ છે તે અત્યારે યાદ કરવું છે તોપણ કેટલીક વખત યાદ નથી આવતું, વિસ્મૃત થઈ જાય છે, થોડીવારે પાછુ યાદ આવી જાય છે. વિસ્મૃત થવાના સમયે જ્ઞાન છે તો ખરુ જ, અને જો ન હોય તો થોડીવાર પછી યાદ આવી જાય છે તે આવે નહિં. હવે જ્ઞાન છે અને વિસ્મૃત થયુ તેનુ શુ કારણ ? એનો જવાબ એ જ છે કે યાદ ન આવ્યું. તે વખતે કોઈક રોકનાર ચીજ હતી. યાદ આવ્યુ તે વખતે રોકનાર ચીજ ખસી ગઈ. જરૂર વખતે યાદ નથી આવતુ તેથી માનવું પડશે કે જ્ઞાનને રોકનાર કોઈક કર્મો છે, જેને જૈન દર્શનમા જ્ઞાનાવરણીય કર્મ તરીકે ઓળખાવ્યુ છે. જેને જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ થયો હોય તેને લગીર વારમાં આવડી જાય છે, ક્ષયોપશમ ન હોય તેને યાદ કરતાં ઘણી વાર લાગે છે. આ દિશામાં બીજા મતવાળાઓ ઊતર્યા નથી.

આઠે કર્મો તપાસી લો, અને આઠ કર્મના વિભાગો, કર્મકારણો, બંધની રોકાવાની, નિર્જરવાની દશા બીજા મતમાં નથી. જે મતવાલાએ જ્ઞાનાવરણીય કર્મ ન માન્યું તે તોડવાના રસ્તા બતાવે ક્યાંથી ? આત્માનો જ્ઞાન સ્વભાવ જણાવે ત્યાં જ્ઞાનની અધિકતા, ન્યૂનતા જણાય, જ્ઞાનમાં તરતમતા–ઓછાવત્તાપણુ શાથી છે ? જીવમાં સ્વભાવ સરખા છે છતાં અધિક ન્યૂનતા કેમ હોય છે ? કહેવુ પડશે કે, જ્ઞાન એ આત્માનો સ્વભાવ છતાં પણ કંઈક રોકનારી ચીજ છે. મિલકત સરખી છે છતાં ઘરાકમાં દબાઈ ગયેલાનો હાથ છૂટો હોતો નથી. તેમ દરેક જીવ કેવળ જ્ઞાનમય છતાં જ્ઞાન સ્વભાવને રોકનારા કર્મ વડે કેવળ સ્વરૂપ આવરાઈ ગયું છે. આ રીતે જૈનદર્શન સિવાય બીજાઓએ જ્ઞાન સ્વભાવને રોકવાનું કર્મ માન્યું નથી, અને રોકાવાનાં કારણો તથા તોડવાના પ્રકારો ત્યાં બતાવ્યા નથી ધર્મને બતાવનારા આત્માના સ્વભાવને રોકનારાં કર્મ ન બતાવી શકે તો આત્મસ્વભાવ પ્રગટ શી રીતે કરી શકાય ?

જ્ઞાન આત્માનો ગુણ માનીએ તો દર્શન આપોઆપ માનવું પડે. દર્શન એટલે સામાન્ય બોધ. કોઈ વસ્તુનું સામાન્ય જ્ઞાન થાય અને પછી વિશેષ જ્ઞાન થાય છે તેમાં પહેલાં સામાન્ય જ્ઞાન છે, તેનું જ નામ દર્શન. તે દર્શન એટલે જીવ સ્વભાવને જે માને તે જ દર્શનાવરણીય માની શકે છે. નિદ્રા વખતે જ્ઞાન હોય, માત્ર એટલો કાળ જ્ઞાન રોકાય, ઊંઘ ઊડી ગયા પછી જ્ઞાન લાવવા બીજો પ્રયત્ન કરવો પડતો નથી. નિદ્રા અવસ્થામાં જ્ઞાન હતું પણ અનુભવમાં નહોતું. નિદ્રા સામાન્ય દર્શનને રોકે એટલે જ્ઞાન શી રીતે આવે ? આ રીતે જ્ઞાનાવરણીયની જેમ દર્શનાવરણીય પણ સમજવું. [ચાલુ]

ન્યાયાલયના ચૂકાદાઓમાં સ્યાદ્વાદ

લેખક :—પૂજ્ય મુનિરાજ શ્રીજ્ઞાનવિજયજી (ત્રિપુટી) મુ. મેરઠસદર

ભગવાન શ્રીમહાવીરસ્વામીએ વિશ્વવ્યવસ્થામાં **સ્યાદ્વાદનું** નિરૂપણ કર્યું છે. એ એક દૃષ્ટિકોણ નથી કિન્તુ વિભક્ત દૃષ્ટિકોણોનું વાસ્તવિક સત્ય છે. રાષ્ટ્ર, સમાજ, જ્ઞાતિ, ધર્મ, સભા, સોસાયટી કે મંડળો એ દરેકની નિયમાવળીમાં કે વ્યવસ્થાપદ્ધતિમાં સ્યાદ્વાદ ઓતપ્રોત હોય છે જ. ભિન્નભિન્ન વિચારધારાઓમાં જ્યાંસુધી લાગેવળગે છે ત્યાંસુધી સાત નયોમાંથી કોઈ ને કોઈ એક નયની પ્રધાનતા હોય છે અને એ દરેક વિચારધારાઓનુ સામંજસ્ય કહો કે એ સાતે નયોનું સાપેક્ષ એકીકરણ કહો એ જ સ્યાદ્વાદ સિદ્ધાંત છે. સ્યાદ્વાદના વિવિધ અંશો અંગે જૈનદર્શનમાં ઘણાં ઘણાં વિવેચનો મળે છે.

રાષ્ટ્રરક્ષામાં ન્યાયાલય (કચેરી)ના કાયદાઓ મુખ્ય ભાગ ભજવે છે તેમાં પણ સ્યાદ્વાદને અચૂક સ્થાન આપવામાં આવે છે અને જો એને ભૂલી જવાય તો એ કાયદો લાભ ને બદલે માનવજાતની હાનિ કરનારો નીવડે છે.

સાપ્તાહિક સચિત્ર હિંદુસ્તાનમાં કેટલાએક ફેંસલાઓની યાદી છપાઈ છે, એના આધારે સ્પષ્ટ સમજી શકાય છે કે ન્યાયાધીશ ભિન્નભિન્ન પરિસ્થિતિમાં હરકોઈ એક મજબૂત દેખાતા દૃષ્ટિકોણને પ્રધાનતા આપી ન્યાય આપે છે. ઘણીવાર ઉપલી કોર્ટો બીજા દૃષ્ટિકોણથી એ ન્યાયને ફેરવી નાખે છે. આમાં સ્મુજ નથી, આમાં શક્તિપણ નથી, કિન્તુ દૃષ્ટિકોણનો જ ભેદ હોય છે. આનું નામ જ **સ્યાદ્વાદ.**

ચૂકાદો કરવામાં જે જે તર્કણાઓને અવકાશ છે તેની નાનકડી યાદી નીચે આપુ છું:

૧—એક બાપે મંદિરમાં પોતાના પુત્રને ઉદ્દેશીને કહ્યું કે–તે ચાંડાલ છે, તેણે ઢેડો સાથે ભોજન કર્યું છે, આ સ્થિતિમાં પિતાએ પુત્રનુ અપમાન કર્યું છે એમ મનાય કે ન મનાય?

(૧) હા. કારણ–"ચાંડાલ" શબ્દ અપમાન સૂચક છે.

(૨) નહી. કારણ—"ચાંડાલ" એ એક હલકી ગાળ છે, અપમાનજનક નથી.

(૩) નહી. કારણ—માબાપ મોટે ભાગે પોતાના સંતાનને 'ચાંડાલ' કહ્યા જ કરે છે.

સૂચના—ઓરિસ્સા (બિહાર)ની હાઈકોર્ટે બીજા નંબરવાળો ચૂકાદો આપ્યો છે.

૨—એક કોળીએ પોતાનો ફેંસલો સાંભળ્યા બાદ પંચને ગાળો આપી ત્યા તેણે પંચનું અપમાન કરવાનો અપરાધ કર્યો છે એમ મનાય કે નહી?

(૧) નહીં. કારણ–ચૂકાદો આપ્યા બાદ પંચ ન્યાયાધીશની સ્થિતિમાં રહેતું નથી.

(૨) હા. કારણ–પંચે ફેંસલો સંભળાવી દીધો છે પણ તેણે પંચની અદાલતને બરખાસ્ત કરી નથી એટલે હજી તે ન્યાયાધીશની હાલતમા છે–હજી તે ન્યાય આપી શકે છે.

સૂચના—અલાહાબાદ–પ્રયાગની હાઈકોર્ટે બીજા નંબરવાળો ચૂકાદો આપ્યો છે.

૩—વલ્લભરામ ધ્રુવે રામા પટેલ પાસેથી ૧૫) રૂપિયા લાંચના લીધા પરંતુ ધ્રુવે એ લાંચ શા કારણે લીધી છે એ નક્કી ન થઈ શકે તો તે લાંચ લેવાનો અપરાધી ખરો?

(૧) હા. કારણ—તેણે લાંચ લીધી છે.

*

(૨) નહીં. કારણ—તેણે લાંચ શા માટે લીધી છે એ સાબિત ન થાય ત્યાં સુધી તે લાંચ લેવાનો અપરાધી નથી.

સૂચના—અલ્લાહાબાદ પ્રયાગની હાઈકોર્ટે બીજા નંબરવાળો ચૂકાદો આપ્યો છે.

૪—એક પુરુષ કોઈ બીજી સ્ત્રી સાથે, પાર્ટીમાં જાય છે, તેને જ પોતાની સ્ત્રી તરીકે ઓળખાવે અને સાથોસાથ પૂછનારને એમ પણ કહી દે છે કે, મેં પહેલી સ્ત્રીથી છૂટાછેડા કરી લીધા છે. આ સ્થિતિમાં તેની અસલી સ્ત્રી પતિનું પરસ્ત્રીગમન માની છૂટાછેડાનો દાવો કરી શકે ?

(૧) હા. કારણ—સ્પષ્ટ છે કે પતિએ પરસ્ત્રીગમન કર્યું છે.

(૨) નહી. કારણ-અમુક મારી સ્ત્રી છે એમ પાર્ટીમાં કહેવા માત્રથી તેને પરસ્ત્રીગમન માની છૂટાછેડાનો દાવો તે કરી શકે ?

(૧) હા. કારણ-સ્પષ્ટ છે કે પતિએ પરસ્ત્રીગમન કર્યું છે.

(૨) નહીં. કારણ-અમુક મારી સ્ત્રી છે એમ પાર્ટીમા કહેવા માત્રથી તેણે પરસ્ત્રીગમન કર્યું છે, એ સિદ્ધ થતુ નથી.

સૂચના—પંજાબની હાઈકોર્ટે બીજા નંબરવાળો ચૂકાદો આપ્યો છે.

૫—સરકારે ખાંડનો અમુક ભાવ બાંધ્યો પરંતુ તેનો પત્ર આવ્યા પહેલાં વ્યાપારીએ વધુ ભાવ લઈને ખાંડ વેચી, તો એ વ્યાપારી ગૂનેગાર ખરો ?

(૧) હા. કારણ-આશા રાખી શકાય છે કે, ખાંડનો અમુક ભાવ બંધાયો છે એમ હરએક વ્યક્તિ જાણે છે

(૨) નહીં, ' સરકારે અમુક ભાવ બાંધ્યો છે.' એમ જાણવા છતાં પણ તેણે ખાંડને વધુ ભાવમાં વેચી છે એ સાબિત ન થાય તો.

(૩) નહીં. વ્યાપારીએ વધુ રકમ લીધી છે એ સાબિત ન થાય તો.

સૂચના—પેપ્સની હાઈકાર્ટે બીજા નંબરવાલો ચૂકાદો આપેલ છે

૬—એક દૂધવાળા પાસે ખરાબ દૂધ હતુ એ કારણે તેનો દંડ થયો, દૂધવાળાએ માની લીધું કે મારી પાસે ખરાબ દૂધ હતું, તો શું આ દંડ ઠીક છે ?

(૧) હા. કારણ -તે માને છે કે તેની પાસે ખરાબ દૂધ હતું.

(૨) હા. કારણ-એવુ અનુમાન લગાવી શકાય છે કે-તે દૂધ વેચવા માટે હતુ.

(૩) નહીં. એ નક્કી કેમ કહી શકાય કે એ દૂધ વેચવા માટે જ હતુ ?

સૂચના —અજમેરની હાઈકાર્ટે ત્રીજા નંબરવાળો ચૂકાદો આપ્યો છે

૭—એક મનુષ્ય એક મકાનમાં પીધેલી હાલતમાં મળ્યો, શહેરના તે વિભાગના મેજીસ્ટ્રેટે તેનો દંડ કર્યો, પરંતુ તેણે દારૂ ક્યાં પીધો હતો તે સાબિત થઈ શક્યુ નહીં. તો તેને દંડ કરી શકાય ?

(૧) હા. કારણ-મોટે ભાગે દારૂડિયો દારૂ પીએ તે સ્થાને જ પીધેલી હાલતમાં પડ્યો રહે છે.

(૨) નહીં. કારણ-નશો ઘણા ટાઈમ સુધી રહે છે તે દરમ્યાન દારૂડિયો ક્યાંનો ક્યાં ચાલ્યો જાય છે.

(૩) હા. કારણ—દારૂડિયો પોતે બરાબર જાણે છે કે પોતે દારૂ ક્યાં પીધો છે જેથી પોતે આ મેજીસ્ટ્રેટવાળા શહેરના વિભાગમાં દારૂ પીધો નથી એ સાબિત કરવું તે દારૂડિયાના હાથમાં છે.

સૂચના—સોરાષ્ટ્રની હાઈકોર્ટે બીજા નંબરનો ચૂકાદો આપ્યો છે.

૮—એકવીશ વર્ષની ઉંમરના એક જુવાને એક વૃદ્ધને મારી નાખ્યો, આ યુવાનને ફાંસી મળે કે જન્મટીપ મળે?

(૧) આજન્મ કેદ. કારણ—અપરાધી નાની ઉમરનો છે.

(૨) આજન્મ કેદ. કારણ—અપરાધીના પરિવારને કષ્ટ પડશે.

(૩) ફાંસી. કારણ—અપરાધી પોતાની જવાબદારી સમજી શકે એવી ઉમરનો છે. બીજું ન્યાયાધીશ અપરાધી અને અપરાધનો વિચાર કરે, તેના કુટુંબનો વિચાર કરીને ફેંસલો આપી શકે નહી.

સૂચના—ત્રિપુરાની હાઈકોર્ટે ત્રીજો ચૂકાદો આપ્યો છે.

૯—એક સ્વામીજી પોતાને ઈશ્વરનો અવતાર માને છે. તેનો ભક્ત રથયાત્રાને દિવસે આ સ્વામીજીની રથયાત્રા કાઢે છે. જગન્નાથજીની રથયાત્રામાં જનાર ૨૦ જાત્રાળુને એ તો માત્ર પથ્થરના બનેલા દેવ છે એમ કહી જગન્નાથજીની યાત્રામાં જતા રોકે છે. સ્વામીજીનો ઉક્ત ભક્ત તો ત્યાં સુધી જાહેર કરે છે કે, પોતે પથ્થરના દેવ ઉપર પેશાબ કરી શકે છે. તો શું સ્વામીજી અને તેનો ભક્ત ગૂનેગાર મનાય?

(૧) સ્વામીજી 'ધોખાબાજ' તરીકે અપરાધી છે. કારણ—તે જૂઠી વાત બતાવે છે (ગપ હાંકે છે)

(૨) સ્વામીજી જાણી જોઈને સમજપૂર્વક બીજાઓની ધાર્મિક ભાવનાને ઠોકરાવે છે. એ કારણે અપરાધી છે.

(૩) સ્વામીજી અપરાધી નથી. કારણ—તે ધોખો દેવા માટે નહીં કિન્તુ પોતાના ખરા વિશ્વાસથી પોતાને ઈશ્વરનો અવતાર માને છે

(૪) સ્વામીભક્ત બીજાની ધાર્મિક ભાવનાને ઠેસ પહોંચાડે છે તે વાતે અપરાધી છે. કારણ—તે જાણી જોઈને જગન્નાથજીની મૂર્તિની બાબતમા અપશબ્દ બોલે છે.

(૫) સ્વામીભક્ત અપરાધી નથી. કારણ—તે ખરેખર સ્વામીજીને ઈશ્વરનો અવતાર માને છે.

સૂચના—ઓરિસા (બિહાર) ની હાઈ કોર્ટે ત્રીજા અને ચોથા નંબરનો ચૂકાદો આપ્યો છે.

૧૦—એક મેજીસ્ટ્રેટે એક વેપારીને કાનૂન બહાર માલ વેચ્યો એ સાબિત ન થવાથી એને નિર્દોષ માન્યો પરંતુ માત્ર શકના કારણે તેનો માલ જપ્ત કરવાનો હુકમ કર્યો. શું આ હુકમ ઠીક છે?

(૧) નહીં. કારણ—શક પડવા માત્રથી માલ જપ્ત ન કરી શકાય.

(૨) હા. કારણ—શક પડવાનાં બીજાં પૂરતાં કારણો હોય છે.

(૩) હા. તે વ્યાપારી બીજીવાર મન થાય તો પણ એવી ભૂલ ન કરે તે માટે.

સૂચના—કલકત્તાની હાઈકોર્ટે પહેલા નંબરનો ચૂકાદો આપ્યો છે.

કોર્ટના ચૂકાદામાં સાત નયો-સ્યાદ્વાદ કેવો ભાગ ભજવે છે તે ઉપરની યાદીમાંથી સ્પષ્ટ સમજી શકાય તેમ છે.

સ્યાદ્વાદની ઉપયોગિતાના આ પ્રત્યક્ષ પુરાવાઓ છે.

ભગવાન મહાવીરસ્વામીના આ સ્યાદ્વાદને સગળું જગત્ પ્રગતિ કરે તો ઘણી આંટીઘુંટી અને આફતમાંથી બચી જાય.

श्री गुणसमुद्रसूरि रचित शांतिनाथचरित्र
लेखन-प्रशस्ति

लेखक : श्रीयुत भंवरलालजी नाहटा

मध्यकालीन जैन-इतिहासके साधन बहुत विस्तृत प्रमाणमें पाये जाते हैं। प्रतिमा-लेखों, ग्रन्थ-प्रशस्तिओं, लेखन-पुष्पिकाओंके अतिरिक्त ऐतिहासिक प्रबंधसंग्रह, काव्य, रास, पदावलियां, तीर्थमालाएं आदि अनेक साधन यत्र-तत्र उपलब्ध हैं। इस बिखरी हुई सामग्रीको एकत्र करने पर जैन इतिहासकी ही नहीं, भारतीय इतिहासकी अनेक गुत्थिएं सुलझ सकती हैं और एक सलंग इतिहास अच्छे रूपमें उपस्थित किया जा सकता है। अब से २०।२५ वर्ष पूर्व इनके संग्रह एवं प्रकाशनका कुछ प्रयत्न हुआ था, पर इधर इस उपयोगी कार्यकी प्रगति कुछ धीमी है। जिसे पुनः जोरोसे चालु किया जाना आवश्यक है।

प्रतिमा-लेखोंकी भाँति ग्रंथोंकी रचनाएं एवं लेखन-प्रशस्तिएं समकालीन लिखित होनेसे इतिहासके महत्त्वपूर्ण साधन हैं। प्रतिमा-लेखोंके प्रकाशनकी ओर थोड़ा बहुत ध्यान गया फलतः १०।१५ जैन प्रतिमा-लेख-संग्रह प्रकाशित हो चुके व अब भी हो रहे हैं। पर प्रशस्ति लेखोकी ओर बहुत ही कम ध्यान गया हैं। लेखन-प्रशस्तियोंके तो केवल दो ही संग्रह-ग्रंथ प्रकाशित हुए हैं, जिनमेंसे प्रथम देशविरति धर्माराधक सभा, अहमदाबादसे और दूसरा मुनि जिनविजयजीद्वारा संपादित सिंघी ग्रंथमालासे प्रकाशित हैं। हस्तलिखित प्रतियां लाखोंकी संख्यामें हैं और उनमेंसे हजारों प्रतियोंमें महत्त्वपूर्ण प्रशस्तिएं लिखी मिलती हैं। अतः उनके अधिक रूपमें प्रकाशनकी अत्यधिक आवश्यकता है।

तीन वर्ष हुए जोधपुरके महावीरस्वामी मंदिरके ज्ञानभंडार में माणिक्यचन्द्रसूरि रचित शान्तिनाथचरित्रकी प्रति अवलोकनमें आई, जिसमें गुणसमुद्रसूरि-रचित ४१श्लोकोंकी प्रशस्ति भी अंतमें दी हुई है। प्रशस्ति महत्त्वपूर्ण जान कर मैंने इसकी नकल की थी, जिसे यहां पर प्रकाशित की जा रही है। इसके ३३ वें श्लोकमें हरिभद्रमुनिके शत्रुंजय प अनशन करनेका उल्लेख विशेष महत्त्वपूर्ण है। जिनरत्नकोषके अनुसार मूल शान्तिनाथचरित्रकी रचना सं. १२७६ में माणिक्यचंद्रसूरिने की जो राजगच्छके सागरचंद्रसूरिके शिष्य थे ग्रंथ ८ सर्गोंमें है और इसका परिमाण ५५७४ श्लोकोंका है। प्रकाशित की जानेवाल लेखन-प्रशस्ति सं. १४१४ की है। हमें प्राप्त प्रति उसकी परवर्त्ती प्रतिलिपि है जो सं १६१२ की है। हमारे संग्रहमें सैकडों महत्त्वपूर्ण प्रशस्तियों हैं जिनमेंसे चुनचुन कर प्रकाशि की जाती रहेंगी।

श्री गुणसमुद्रसूरि-रचित

माणिक्यचन्द्रसूरिकृत शान्तिनाथचरित्रकी
लेखन-प्रशस्ति

ऋषभस्तुति-सुरासुराधीश्वरसेवितांह्रिपद्मश्चिदानन्दपदप्रतिष्ठः ।
इहाप्यमुत्रापि महोदयाय भूयादयं **नाभिभवो** जिनेन्द्रः ॥ १ ॥

यक्षस्तुति-श्रीनाभेयजिनाधिपांह्रियुगलीसेवानिबद्धादरो
भूदेवान्वयसंभवो विजयते यक्षाधिनाथो भुवि ।
क्षुद्रोपद्रवविद्रुतिव्यतिकराध्यक्षप्रभावोदयः
स्फातेर्धाम स **रामसीणि**मुकुटः श्री**क्षेमसिंहाह्व**यः ॥ २ ॥

वंश-अच्युतवृषाङ्कविधिभिः सुमनोभिर्भोगिभिर्नरैर्निचितः ।
त्रैलोक्याभोग इव श्रीमान् **श्रीमाल**वंशोऽस्ति ॥ ३ ॥
प्रांशुर्भृशं सुभगपर्वभरः शुभंयुः संभाव्यभाग्यपरभागभवोपलम्भः ।
वंशो नृमौक्तिकततिप्रभवो बिभर्त्ति **श्रीमाल** इत्यखिलवंशावतंसलक्ष्मीः ॥ ४ ॥

पूर्वज-तत्राभवद् भुजनसंसदि निश्चितार्थवादोदयो धुतिपदं शुचिताचिताङ्गः ।
मुक्तामणीवदमलप्रकृतिः सुवृत्तौ लोकंपृणोल्वणगुणो **वरनाग**नामा ॥ ५ ॥
दानं दधार करकोरकचारिचारु गोत्रद्विषा सह न संगतिमाततान ।
यो दानवारिभिरुवाह न संस्तवं च नव्यं बभार स कृती वरनागभावम् ॥ ६ ॥
न जनार्दनभीमविग्रहाधिगतिर्नद्रिरसज्ञसंगतिः ।
कथमेष जनैः स्म गीयते **वरनागो**ऽयमुदेति संशयः ॥ ७ ॥
उज्जागरानुरागो जिनराजसभाजने जनाभिमतः ।
अभवदभङ्गुर भाग्यो गरिमैकगृहं स **वरनागः** ॥ ८ ॥

संतति-तस्यात्मजोऽजनि तमीरमणाभिरामस्फूर्जद्यशाः सुकृतिनां कृतिनां पुरोगः ।
वैशद्यहृद्यमतिसन्ततिराततश्रीसारोपकारकुशलः किल **वीसलाह्वः** ॥ ९ ॥
धृतिमुवाह विहाय विहानयोत्सवमयं समयं न धनेऽर्जिते ।
स मतिमानतिमात्रमदीदिपत्स्यु(त् सु)चरितैश्च निजान्वयमन्वहम् ॥ १० ॥
राजहंससमवायसंमतः श्रीविलासवसती रसांचितः ।
मित्रमुद्यतमवेक्ष्य विकासी सूनुरस्य समजायत **पद्मः** ॥ ११ ॥
अनघनयविलासः प्रश्रयश्रीनिवासः प्रणिहतकलिलीलः पुण्यकृत्याप्रमीलः ।
वितरणगुणसारः क्लृप्तसर्वोपकारः स्वमलमकृत वंशं सैष लब्धप्रशंसं ॥ १२ ॥

तस्य पंच तनया दयालवः शीलशीलनकलाकलाशयाः ।
जज्ञिरे जनयिता च तैरभूत् पंचशाख इव धर्मपादपः ॥ १३ ॥
शिष्टसंगतिविशिष्टसौष्ठवो ज्येष्ठतामधित तेषु **सांगनः** ।
सिंहवत्तदनुजो भुजोष्मणा संबभूव **रणसिंह**नामकः ॥ १४ ॥
कलिकालकेलिभरसंगसंगरः सुकृतादभूद**भयड**स्तृतीयकः ।
वहति स्म विस्मयकरीं तुरीयको गुणसंपदं गरिमधाम **केल्हणः** ॥ १५ ॥
तेषां मनीषायतनं कनीयानजायतोत्तानयशोवितानः ।
कृतानतिः प्रत्यहमर्हणीयजनेषु **वील्हाक** इति प्रतीतः ॥ १६ ॥
वील्हाकस्य रतिप्रोतिसन्निभे वल्लभे शुभे ।
उभे बभूवतुर्भूरिसौभाग्यभरभासुरे ॥ १७ ॥
आद्यानवद्या चरिता नितांतं **संसारदेवी**ति तयोरभिज्ञा ।
परा परस्त्री दुरितक्रियाणां शीलोज्ज्वलाऽजायत **मुंजला**ह्वा ॥ १८ ॥
वील्हाङ्गजः स्फारविचारसारः **संसारदेवी**तनुभूर्बभूव ।
परिस्फुरत्सद्गुणमालभारी स्मरानुकारी **हरिया**भिधानः ॥ १९ ॥
वील्हाकस्य द्वौ सुतौ मुंजलायामासातां यौ राजहंसाविव स्वम् ।
आचारेण व्योमवत्तल्लवद्वाऽलं चक्राते वंशमुच्चैर्विशालं ॥ २० ॥
मुख्यो **महीप**नामाऽभिरामधामा महीतले विदितः ।
उद्भटपटुमतिरपरः सज्जनमुकुटस्तयोः सुभटः ॥ २१ ॥
वील्हात्मजेन हरिणा हरिणारिहारि विक्रान्तिनाथकलिकुंभिमदच्छिदायाम् ।
वंशोऽभ्यशोभि स यशोभिरदभ्रशुभ्रैरभ्राजि रंकरभरैर्मृगशमंशुनेव ॥ २२ ॥
धर्मकर्मठमना जिनागमासारसारसरसांतराशयः ।
नैपुणादिकगुणोदयादयं पर्यदीप्यत हरिर्विशेषतः ॥ २३ ॥
राकामृगाङ्कामलशीललीला नीलारविन्दोपमलोचनोऽभूत् ।
हरेरिव श्रीः सुभगाऽस्य कान्ता **हम्मीरदेवी**ति नितान्तकान्ता ॥ २४ ॥
अथ निसर्गमनोहरविग्रहौ सविनयौ सनयौ तनयौ तयोः ।
अभवतां भवतांतिनिवारणप्रवणकेवलिभक्तिपरायणौ ॥ २५ ॥
परिवर्द्धितानुपधिपुण्यनिधिः प्रबभूव **रासिल** इति प्रथमः ।
चरमस्तयोर्जयति **नान** इति प्रथमानमानधनदानमनाः ॥ २६ ॥
निरुपाधिसाधितपरोपकृतिः प्रतिपन्नवृत्तिनिभृतप्रकृतिः ।
सुमतिः कृताघनिकृतिः सुकृतिप्रवरः स भाति **हरिभू**रपरः ॥ २७ ॥

गुरुपरम्परा–बृहद्गच्छे स्वच्छे गुणगणमणी रोहणगिरि–
गुरुः श्रीमान् **शान्तिः** समजनि धनोत्तानितयशाः ।
अवन्ध्यं सान्निध्यं यदभिलषितौ दैवतवरैः
प्रचक्रे चक्रेशासुरभिमुखमुख्यैरहरहः ॥ २८ ॥

आसीद् **गुणाकर**गुरुर्गरिमातिमात्रपात्रं क्रमेण गुणधाम तदन्ववाये ।
अध्यक्षतामधिगतैरधिकं प्रसन्नैः सिद्धादिभिः सुरवरैर्भुवि पप्रथे यः ॥ २९ ॥
आसीत् ततः प्रवरसूरिवतंसरत्नं तत्पट्टनिर्जरगिरीन्द्रविनिद्रचन्द्रः ।
वाग्भंगिचंगिमगुणाधरितामृतश्री**रत्नप्रभो**ऽतिधिषणो धिषणोदयेन ॥ ३० ॥
तस्य प्रशस्यचरितस्य जयत्यमायाव्यायाममभाग् **गुणसमुद्र**गुरुर्विनेयः ।
जैनेन्द्रसप्तनयतत्त्वमयागमोक्तिश्रद्धालुताविदलिताखिलपापपंकः ॥ ३१ ॥
श्रीमद्**गुणाकर**गुरोरभवद् विनेयः सौजन्यधन्यमनसां धुरि माननीयः ।
उन्निद्रसान्द्रसुकृतैकरतिर्मुनीन्द्रो भद्रोन्नतिव्यतिकरो **हरिभद्र**नामा ॥ ३२ ॥

शत्रुंजये अनशन–अतुच्छवाच्छ(त्स)न्यकृतस्वगच्छोच्छ्रयस्य सोत्साहनहःसहस्य ।
शत्रुंजयाद्रौ हरिभद्रनाम्नो मुनेः प्रपन्नानशनस्य तस्य ॥ ३३ ॥
सन्यस्तसर्वार्थिकदम्बकस्य साम्यामृतप्लावितमानसस्य ।
निरंतरध्यानजिनाधिपस्य स्वर्वासिसंवासमुपागतस्य ॥ ३४ ॥
श्रेयःश्रिये तेन नियोगिना न नाम्ना हरेः कन्यसनन्दनेन ।
नैपुण्यपुण्येन गुणानुरागप्रोज्जागरूकाशयभासुरेण ॥ ३५ ॥
कल्याणीभक्तिना धर्मप्रोन्नतिप्रवणात्मना ।
श्रीमद्**गुणसमुद्रा**ह्वगुरवे भृशगौरवात् ॥ ३६ ॥
प्रध्वस्तसर्वदुरितं विशदानुभावसंभारभासुरतर स्फुरिताखिलश्रि ।
श्री**शांतिनाथचरितं** सुकृतप्रतानसंपादकं सकलमंगलधाम दत्तम् ॥ ३७ ॥
युगे–शशाङ्क–चतुः–क्षितिसम्मिते नृपतिविक्रमतः परिवत्सरे ।
तपसि मासि भृशं सकले विधावहनि पंचदशे गुरुसंगते ॥ ३८ ॥
अयमलेखि सुवर्णपरम्परा सकललोकविलोचनरोचनः ।
अवरजेन हरेः सुतयोः स्वयं प्रमदतालमदायि च पुस्तकः ॥ ३९ ॥
यावत् तरगततिसंगतिशालिवेलाशैलोर्णवो वसुमतीतलमण्डनत्वम् ।
धत्ते बुधैरनुदिनं परिवाच्यमानस्तावत् सतां सदसि नंदतु पुस्तकोऽयम् ॥ ४० ॥

[જુઓ : અનુસંધાન પૃષ્ઠ : ૨૦૪]

[અનુસંધાન ટાઇટલ પેજ બીજાથી ચાલુ]

प्राप्त पत्रमें १०९९से ११२३ तकके पद्य हैं जिसमें 'भगंदरनाशनो रसः दीपको रसः,' वाजीकरण औषधियोंका वर्णन ११११९ श्लोक तक फिर चार श्लोकोंमें प्रशस्ति है। प्रति १७वीं शताब्दीकी लिखित प्रतीत होती है। पत्रसंख्याका अंक कट गया है। ग्रंथके अंतमें ग्रंथका नाम लिखा नहीं गया है। प्रशस्तिमें इसकी संज्ञा निबंध और इस ग्रंथमें ५ उन्मेष होनेका उल्लेख किया गया है। ग्रंथकी रचना सं. १५२८के मिगसर वदी ५को हुई है। रणस्तंभदुर्गके शासक अल्लावदीन खिलजीके सब मंत्रियोंमें मुख्य धनेशकी पत्नी धर्मिणीके पुत्र सिंहने इस निबंधकी रचना की। प्रशस्ति इस प्रकार है—

प्रशस्ति

यं प्रास्तताखिलानां वसनधनघनक्लेशहाराय पूतः,
सूनुं तं श्रीधनाल्यो गुणगुणतुलिता श्रीर्यया धर्म्मिणिः सा।
तस्य श्रीपोरवाडान्वयमुकुटमणेः सिंहसाधोः शुभेऽस्मिन्।
ग्रन्थेनासत्यमार्गानुसरणचतुरः पंचमोन्मेष एषः ॥ २० ॥

खलचिकुलमहीपश्रीमदल्लावदीनप्रबलभुजसुरक्षे श्रीरणस्तंभदुर्गे ॥
सकलसचिवमुख्यश्रीधनेशस्य सूनुः समकुरुत निबन्धं सिंहनामा प्रभुर्यः ॥ २१ ॥
वसुकरशरचंद्रे १५२८ वत्सरे रामानंदज्वलनशशि
१३९३ मिते श्रीशके मासिमार्गे ॥
असितदलतिथौ वा पंचमी ·· के कें गुरुमशुभदिनेसौ
ग्रन्थवर्यः समाप्तः ॥ २२ ॥

यावत् तपति दिनेशो यावत् स्यात् स्वर्धुनीनीरम्।
यावन्मेरौ कनकं तिष्ठतु तावन्निबन्धोऽयम् ॥ ११२३ ॥ छ ॥
शुभं भवतु लेखकपाठकयोः ॥ छ ॥

इस ग्रंथकी पूर्ण प्रति खोज की जानी आवश्यक है, जिससे ग्रंथका नाम और विषयोंका पूरा परिचय मिल सके।

धनराज—प्रबोधमालाकी प्रशस्तिमें सिंहाका दशवें और ११वें श्लोकमें उल्लेख मिलता है। प्रशस्तिके अनुसार जिस समय प्रबोधमालाकी रचना हुई, धनराजके धर्मिणी और वाडू दो पत्नियां थीं और धर्मिणीके सीहा और श्रीपति दो पुत्र थे। उन्हें कुलदीपक, राजमान्य, दानवीर और गुणाकर विशेषण दिये हैं—

धरमिणि—वाडूनाम्ना स्त्रीयुगलं मन्त्रिधनराजस्य।
प्रथमोदरजौ सीहाश्रीपतिपुत्रौ च विख्यातौ ॥ १० ॥
कुलदीपकौ द्वावपि राजमान्यौ, सुदातृतालक्षणलक्षिताशयौ।
गुणाकरौ द्वावपि संघनायकौ धनाङ्गजौ भूवलयेन नन्दताम् ॥ ११ ॥

શ્રી જૈન સત્ય પ્રકાશ

અંગે સૂચના

યોજના

૧. શ્રી. જૈનધર્મ સત્ય પ્રકાશક સમિતિ દ્વારા 'શ્રી. જૈન સત્ય પ્રકાશ' માસિક ૧૯ વર્ષ થયાં પ્રગટ કરવામાં આવે છે.

૨. એ સમિતિના આજીવન સંરક્ષક તરીકે રૂા. ૫૦૦) આ૦ દાતા તરીકે રૂા. ૨૦૦) આ૦ સદસ્ય તરીકે રૂા. ૧૦૧) રાખવામાં આવેલા છે. આ રીતે મદદ આપનારને કાયમને માટે માસિક મોકલવામાં આવે છે.

વિનંતિ

૧. પૂજ્ય આચાર્યાદિ મુનિવરો ચતુર્માસનું સ્થળ નક્કી થતાં અને શેષ કાળમાં જ્યાં વિહરતા હોય એ સ્થળનું સરનામું માસિક પ્રગટ થાય એના ૧૫ દિવસ અગાઉ મોકલતા રહે અને તે તે સ્થળે આ માસિકના પ્રચાર માટે ગ્રાહકો બનાવવાનો ઉપદેશ આપતા રહે એવી વિનંતિ છે.

૨. તે તે સ્થળોમાંથી મળી આવતાં પ્રાચીન અવશેષો કે ઐતિહાસિક માહિતીની સૂચના આપવા વિનંતિ છે.

૩. જૈનધર્મ ઉપર આક્ષેપાત્મક લેખો આદિની સામગ્રી અને માહિતી આપતા રહે એવી વિનંતિ છે.

ગ્રાહકોને સૂચના

૧. "શ્રી જૈન સત્ય પ્રકાશ" માસિક પ્રત્યેક અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થાય છે.

૨. આ માસિકનું વાર્ષિક લવાજમ રૂા. ૩) ત્રણ રૂપિયા રાખવામાં આવ્યું છે.

૩. માસિક વી. પી. થી ન મંગાવતાં લવાજમના રૂા. ૩) મનીઑર્ડરદ્વારા મોકલી આપવાથી અનુકૂળતા રહેશે.

૪. આ માસિકનું નવું વર્ષ દિવાળીથી શરૂ થાય છે. પરતુ ગ્રાહક ગમે તે અંકથી બની શકાય.

૫. ગ્રાહકોને અંક મોકલવાની પૂરી સાવચેતી રાખવા છતાં અંક ન મળે તો સ્થાનિક પોસ્ટ ઑફિસમાં તપાસ કર્યા પછી અમને સૂચના આપવી.

૬. સરનામું બદલાવવાની સૂચના ઓછામાં ઓછા ૧૦ દિવસ અગાઉ આપવી જરૂરી છે


લેખકોને સૂચના

૧. લેખો કાગળની એક તરફ વાંચી શકાય તેવી રીતે શાહીથી લખી મોકલવા.

૨. લેખો ટૂંકા, મુદ્દાસર અને વ્યક્તિગત ટીકાત્મક ન હોવા જોઈએ.

૩. લેખો પ્રગટ કરવા ન કરવા અને તેમાં પત્રની નીતિને અનુસરીને સુધારોવધારો કરવાનો હક તંત્રી આધીન છે

મુદ્રક : ગોવિંદલાલ જગશીભાઈ શાહ, શ્રી શારદા મુદ્રણાલય, પાનકોર નાકા, અમદાવાદ.
પ્રકાશક : ચીમનલાલ ગોકળદાસ શાહ.
શ્રી. જૈનધર્મ સત્ય પ્રકાશક સમિતિ કાર્યાલય, જેશિંગભાઈની વાડી, ઘીકાંટા રોડ—અમદાવાદ.



श्री जैन सत्य प्रकाश

તંત્રી

ચીમનલાલ ગોકળદાસ શાહ

તા. ૧૫-૯-૫૪ : અમદાવાદ

વર્ષ ૧૯ : અંક : ૧૨] [ક્રમાંક : ૨૨૮

विषय–दर्शन



નિવેદન

સાહિત્યનો પ્રચાર કરવો એ જૈનધર્મનું આવશ્યક પ્રભાવના-કાર્ય ગણાય છે. જૈનધર્મ વિરુદ્ધ થતા આક્ષેપોના પ્રતિકારથી અને અજ્ઞાત એવી જૈન સાહિત્ય અને શિલ્પકૃતિઓથી જૈન, જૈનેતર વર્ગને પરિચય આપવાનું પ્રભાવના કાર્ય આ માસિક ૧૯ વર્ષથી સતત કર્યા કરે છે. એની જરૂરિયાતને પૂરવી એ પ્રત્યેક, જૈનધર્મીનું કર્તવ્ય ગણાય, અને એથી અમે જુદા જુદા સ્થળના શ્રીસંઘને અને પૂજ્ય આચાર્યાદિ મુનિવરોને પર્યુષણાપર્વ પ્રસંગે અમારી જરૂરિયાત વિશે વિજ્ઞપ્તિપત્રો પાઠવ્યા છે, એ મુજબ તે તે સ્થળે બિરાજતા પૂજ્ય આચાર્યાદિ મુનિવરો આ માસિકની આર્થિક જરૂરિયાત પૂરવા માટે શ્રીસંઘને ઉપદેશ આપશે અને શ્રીસંઘ પોતાની શક્તિ મુજબ આ પ્રભાવના-કાર્યમાં ફાળો મોકલી આપશે એવી આશા અમે રાખીએ છીએ.

—સંપાદક

॥ ॐ अर्हम् ॥

अखिल भारतवर्षीय जैन श्वेताम्बर मूर्तिपूजक
मुनिसम्मेलन संस्थापित

श्री जैनधर्म सत्यप्रकाशक समितिनुं मासिक मुखपत्र

जेशिंगभाईनी वाडी : घीकांटा रोड : अमदावाद (गुजरात)

वर्ष : १९	વિક્રમ સં. ૨૦૧૦ : વીર નિ. સં. ૨૪૭૯ : ઈ. સ. ૧૯૫૪	क्रमांक
अंक : १२	ભાદરવા વદિ ૩ બુધવાર : ૧૫ સપ્ટેમ્બર	२२८

બ ★ લિ ★ દા ★ ન

લેખકઃ પૂજ્ય મુનિરાજ શ્રીચંદ્રપ્રભસાગરજી.

ભગવાન મહાવીરના મુખમાંથી વાણીનો પ્રવાહ નાયગરાના ધોધની જેમ માલકોષ રાગમાં વહી રહ્યો હતો. એની સુમધુર શીતળતામાં દેવ-માનવો પોતાના હૈયાના તાપને શમાવી રહ્યા હતા. પ્રભુએ અર્પણનો મહિમા ઉચ્ચારતાં કહ્યું: 'સરિતા જળથી તૃષાતુરની તૃષા છિપાવે, વૃક્ષો ફળ અને છાયાથી ક્ષુધાતુરની ક્ષુધા મટાડી શીતળતા આપે છે, ચંદન ઘસાઈને અશાન્તને શાન્ત કરે છે, શેરડી પિસાઈને પણ મીઠો રસ આપે છે. તો શું માનવી આવુ કંઈક અર્પણ ન કરી શકે? માનવ મહાન છે, તો એનું અર્પણ પણ મહાન હોવું ઘટે!'

વૈશાલીના મહાનાયકનું હૈયું આ શબ્દો, કોરી ભૂમિમાં પાણી પડતાં જેમ પી જાય તેમ, પી ગયુ! અર્પણના આ ઉપદેશને વારંવાર સંભારતા મહાનાયક પોતાના નગરમાં પહોંચ્યા. ત્યારે એને સમાચાર મળ્યા કે દુશ્મન રાજાએ વૈશાલી પર ત્રાટકવા પ્રસ્થાન કરી નાખ્યું છે. આ સાંભળી શાન્તિપ્રિય મહાનાયકનું હૃદય કકળી ઊઠયું.

વૈભવમાં ઉન્મત્ત બનેલા રાજાઓને આ શું સૂઝયું છે? આજ આ નગર પર ત્રાટકે તો કાલે પેલા નગર પર ત્રાટકે! એક હારે, બીજો જીતે, પણ આ નિર્દોષ પ્રજાજનોનો નાશ થઈ રહ્યો છે, એનો વિચાર આ સત્તાન્ધોને કેમ નથી આવતો? રાજાઓની ક્ષણિક ઈચ્છાઓ ખાતર-પ્રજાનો ભોગ! રે સત્તાન્ધતા!!

એની વિચારધારા આગળ વધે તે પહેલાં તો સમાચાર મળ્યા કે વૈશાલીનો નૃપ ભયાકુલ બની ભાગી ગયો છે અને દુશ્મન રાજા તો વૈશાલી પર ઘેરો ઘાલી બેઠો છે! મહાનાયકથી બોલાઈ ગયું: 'ધિક્કાર છે તારા પૌરુષને! પ્રજાને નિરાધાર મૂકી અન્તે ભાગ્યો! રે, કાયરો તે વળી રાજ્ય કરી શકતા હશે?'

વિજયી રાજાએ કિલ્લો તોડી નગરમાં પ્રવેશ કરી, આજ્ઞા કરી: "સૈનિકો! આજ

ત્રણ પેઢીનું વેર લેવાનું છે. વૈશાલીને લુંટાય એટલી લૂટો, લુટતાં જરાય ન ગભરાશો, આજ લૂંટની ઉજાણી છે.'

અર્પણના ગીતમાં મસ્ત બનેલો મહાનાયક પણ આ પળે મૂંઝાઈ ગયો. પૌરજનોની લૂંટ એની આંખો ન જોઈ શકી, લોકોના આર્તનાદ એના કાન ન સાંભળી શક્યા. વેદનાથી વ્યથિત–એના આત્માને એક જૂની વાત સાંભરી આવી અને એ વિજયીરાજ પાસે પહોંચી ગયો.

'રાજન્! મને ઓળખો છો?' રાજાના અનુચરોએ આપેલા આસન પર બેસતા મહાનાયકે પૂછ્યું.

'મહાનાયક! આપને કોણ ન ઓળખે? જ્ઞાનથી, શિયળથી, સંસ્કારથી ને સભ્યતાથી આપ નગરના નાગરિકોમાં શ્રેષ્ઠ અને જયેષ્ઠ છો! અને એટલે જ તો આપને પૌરજનો પણ મહાનાયક કહી સત્કારે છે!'

મહાનાયકના સદ્‌ગુણો પ્રત્યે સમસ્ત પ્રજાજનને માન હતું તેમ એ દુશ્મન રાજાના હૈયામાં પણ, એમના એકના માટે તો, માન હતું જ. એટલે જ એણે પ્રસિદ્ધ ગુણોનો ગુણાનુવાદ નમ્રતાથી કર્યો.

'એમ નહિ, રાજન્! એમ નહિ. આ રીતે ઓળખાણ જાણવા કે મારો ગુણાનુવાદ સાંભળવા અત્યારે હું નથી આવ્યો. હું તો એ પૂછું છું કે તમારે ને મારે કંઈ સંબંધ ખરો કે?'—સંબંધ પર ભાર મૂકતાં મહાનાયકની અભય આંખોએ પ્રશ્ન કર્યો.

ભરાવદાર મુખ, દૂધ જેવી ધોળી દાઢી, જળથી ભરેલા સરોવર જેવી કરુણાપૂર્ણ આંખો અને સંયમથી સશક્ત દેહ—આ સૌ મહાનાયકની પ્રતિભામાં અભિવૃદ્ધિ કરી રહ્યાં હતાં.

આ પ્રતિભાશાળી વિભૂતિના શબ્દો પર રાજા વિચાર કરી રહ્યો હતો. એનો આત્મા ભૂતકાળના સાગરને તરતો તરતો બાલ્યકાળના કિનારે જઈ પહોંચ્યો. અને એની નજર સામે એક તેજોમય ગુરુની નિર્મળ મૂર્તિ ખડી થઈ. જે ગુરુએ વાત્સલ્યભાવ સાથે પોતાને વિદ્યાનું અમૃતપાન કરાવ્યું હતું તે જ આ વિદ્યાગુરુ! જે ગુરુના પ્રતાપે પોતે આટલો આગળ વધ્યો. એનાથી બોલાઈ ગયું: 'ગુરુદેવ!'

'હા, રાજન્ બરાબર છે. હું એ જ કહેવા આવ્યો છું. વિદ્યાભ્યાસ કર્યા પછી વિદાય વેળાએ તેં મને ગુરુદક્ષિણા માટે આગ્રહ કર્યો હતો તે યાદ છે? અને મેં કહ્યું હતું, 'દક્ષિણા આજ નહિ, આ થાપણ રાખી મૂકજે. જરૂર પડશે તો અવસર આવ્યે માગી લઈશ.'

રાજાએ તરત સેનાપતિને આજ્ઞા કરી: 'જાઓ, શીઘ્ર જાઓ. લૂંટ કરતા સૈનિકો મહાનાયકના ઘેર ન પહોંચી જાય. એ મારી પાસે ગુરુદક્ષિણા માગવા આવ્યા છે. આ તો આપણો ધર્મ છે કે એમનું ગૃહ અભય અને સુરક્ષિત રહેવું જોઈએ.

એ નગરાધિપ પર મારું પ્રાચીન વેર છે. એ વેરને વાળવાનો અવસર આજ ઘણા વર્ષે આવ્યો છે. પણ એ વેરના અગ્નિમાં આ મહાનાયકનું ગૃહ હોમાઈ ન જાય તે બરાબર ધ્યાનમાં રાખજો.'

કરુણાભર્યો હાથ ઊંચો કરતાં મહાનાયકે કહ્યું: ઊભા રહો! હું એવો સ્વાર્થી નથી કે મારી જાતની જ રક્ષા કરું! જગતોદ્ધારક મહાવીરનો ભક્ત આવો સ્વાર્થી કદી ન હોય! હું તો આખી વૈશાલી માટે અભય માગું છું.'

'ગુરુદેવ! આવો આગ્રહ ન કરો. જે આગમાં હું બળી રહ્યો છું તે આગ હજારો

ઉપદેશોની વૃષ્ટિથી પણ શમે તેમ નથી. એ સર્વસ્વને બાળીને જ જંપશે. છતાં તમે કહો તો અમુક સમયની મર્યાદા માટે સૈનિકોને રોકી શકું. અથવા મને યાદ છે કે આપને તરતાં બહુ જ સુંદર આવડે છે. જળમાં ઘણા સમય સુધી આપ રહી શકો છો. તો નગરના કાસારમાં આપ જ્યાં સુધી ડૂબકી મારીને પાણીમાં રહો તેટલીવારમાં જેને જે લેવું હોય તે લઈને, જ્યાં જવું હોય ત્યાં જઈ શકે છે. પણ આપ જેવા જળ બહાર દેખાઓ, તે પછી તો એક ક્ષણ સૈનિકો નહિ થંભે !'

મહાનાયકની વૃદ્ધ આંખમાં કોઈ ભવ્ય સ્મૃતિનું તેજ ચમક્યું. એમની સ્મૃતિના પડદા પર મહાવીરની વાણીના અક્ષરો તેજોમય બની ઉપસવા લાગ્યા. એને થયું: મારા જીવનમાં આ ઘડી મહાવીરના અર્પણના ઉપદેશની આવી લાગી છે. ખરેખર, કસોટીની આ વેળ છે! મારે મારા જીવનદ્વારા એ ઉપદેશને મૂર્ત કરવો જોઈએ. મહાનાયકે કહ્યું : 'તમારી ઇચ્છા એવી હોય તો તેમ કરીએ !'

રાજા વિચારવા લાગ્યો : આ વૃદ્ધ માણસ શ્વાસોચ્છ્વાસ રોકી રોકીનેય કેટલીવાર રોકશે? ક્ષણ, બે ક્ષણ, દસ ક્ષણ, પણ કલાકો સુધી તો નહિ રુંધે ને! તો પછી એટલી વારમાં પૌરજનો ક્યાં ભાગી જવાના હતા? ગુરુનું વચન પળાશે અને મારા વેરની તૃપ્તિ પણ થશે.

મહાનાયક નગરકાસાર પાસે આવ્યા. પૌરજનો ભયત્રસ્ત હતા છતાં પણ આ દૃશ્ય જોવા ક્ષણભર સૌ થંભી ગયા; કારણ કે મહાનાયકમાં સૌને રસ હતો—શ્રદ્ધા હતી. નગરમાં જ્યારે ઘોષણા થઈ રહી હતી કે 'જ્યાં સુધી મહાનાયક જળમાં ડૂબકી મારીને રહેશે ત્યાં સુધી સૌને અભય છે' ત્યારે મહાનાયક કાસારના મધ્યમાં રહેલા કીર્તિસ્તંભ સાથે પોતાની કાયાને ઉત્તરીયથી બાંધી જળસમાધિ લઈ રહ્યા હતા.

મહાનાયકના હૈયામાં વાત્સલ્ય હતું. માનવો માટે કરુણા હતી. સૌના કલ્યાણની તીવ્ર ઝંખના હતી અને નગરજનોની રક્ષા પ્રાણ આપતાંય થતી હોય તો પ્રાણ આપવાની અર્પણ-ભાવના પણ હતી. એટલે એમણે 'અરિહંત શરણમ્' લઈ પાણીમાં પોતાની જાતને સદાને માટે પધરાવી દીધી !

ક્ષણ...બે ક્ષણ......કલાક......બે કલાક થઈ ગયા, પણ મહાનાયક જલસપાટી પર ન આવ્યા...તે ન જ આવ્યા. વિજયી નૃપ અને લૂંટની કામનાવાળા સૈનિકો પ્રતીક્ષા કરી થાક્યા, પણ એ ઉપર ન આવ્યા.

રાજા ચતુર હતો. એ આ કરુણ બનાવ સમજી ગયો. એના પર જાણે વિદ્યુત્પાત થયો હોય તેમ તે ઘા ખાઈ ગયો. શું ગુરુએ પૌરજનોની રક્ષા કાજે પોતાની કાયાનું બલિદાન આપ્યું? અને મારા જ હાથે મારા વિદ્યાદાતાની હત્યા ? આહ ધિગ્, મારા વિજયને! એનો આત્મા શોકથી ઘેરાઈ ગયો. બલિદાનની વૃષ્ટિથી એનો વૈરાગ્નિ શમી ગયો. એ પવિત્ર આત્માને નમી તે જ ક્ષણે રાજા વૈશાલીને છોડી ચાલી નીકળ્યો.

આ વાત સાંભળી વૈશાલીના યુવાન અને યુવતીઓ દોડી આવ્યાં. સ્તંભ સાથે બંધાયેલા એ પુણ્યદેહને બહાર કાઢ્યો ત્યારે પાણીથી-પ્રફુલ્લ બનેલો મહાનાયકનો ઉજ્જવળ દેહ જાણે સૌને કહી રહ્યો હતો : દેહનું મૂલ્ય આનાથી વધારે કંઈ હોઈ શકે ખરું કે...?

વૈશાલીના પૌરજનો મહાનાયકને આંસુની અંજલી આપી રહ્યા હતા, કારણ કે એણે જ પોતાનું જીવન આપીને વૈશાલીને જીવન-આપ્યું હતું !



હિંસા-અહિંસા વિવેક

લેખક : પૂજ્ય પં. શ્રીધુરંધરવિજયજી

અહિંસા સ્વરૂપ—

હિંસાનો નિષેધ એ અહિંસા, એટલી સમજ તો 'અહિંસા' એ શબ્દથી મળે છે પણ એ સમજ પૂરી નથી. જો એટલી સમજને જ આગ્રહપૂર્વક પકડી રાખવામાં આવે તો કેટલીક પ્રવૃત્તિઓ જે અહિંસાના અંગભૂત છે તે અટકી પડે અને તેના લાભથી જીવો વંચિત રહે એટલું જ નહિ, પણ ગેરસમજથી મિથ્યા માન્યતાને કારણે પોતે ગેરલાભ મેળવે અને બીજાને ગેરલાભ કરાવે. એટલે અહિંસાનું સ્વરૂપ-યથાર્થ સ્વરૂપ જાણવું પરમ આવશ્યક છે.

અહિંસા એ પરમધર્મ છે. અહિંસાધર્મ એ ઉત્કૃષ્ટ મંગલ છે. ધર્મનું લક્ષણ અહિંસા છે.

'अहिंसा परमो धर्मः' 'धम्मो मङ्गलमुक्किट्ठं'

'अहिंसा संजमो तवो' 'अहिंसा लक्खणस्स'

આ સર્વ વચનો જો કેવળ હિંસાથી નિવૃત્ત થવું એટલા પૂરતાં જ હોત તો ધર્મ તરીકે—પૂર્ણ ધર્મ તરીકે ગણી શકાત નહિ. દુર્ગતિમાં પાડતા જીવને બચાવવો એ ધર્મનું અર્ધકાર્ય છે. હિંસાથી વિરમતો જીવ દુર્ગતિમાં પડતો બચે છે—એટલા પૂરતો એ ધર્મ છે એ બરાબર છે પણ દુર્ગતિ અટકી એટલે પત્યું એમ નહિ. જીવ દુર્ગતિમાં જતો અટક્યો પછી તેને જવું ક્યાં? કોઈ સારે સ્થળે તેને જવું છે ત્યાં તેને લઈ જનાર કોઈ જોઈએ. જે લઈ જનાર છે તે ધર્મ છે. ધર્મ દુર્ગતિમાંથી બચાવીને જીવને સદ્ગતિમાં સ્થાપન કરે છે એ ધર્મનું પૂર્ણ સ્વરૂપ છે.

" दुर्गतिप्रपतज्जन्तून्, यस्माद् धारयते ततः ॥
धत्ते चैषान् शुभे स्थाने, तस्माद् धर्म इति स्मृतः ॥ "

દુર્ગતિમાં પડતા પ્રાણીને જે કારણે ધારણ કરે છે માટે અને તેઓને શુભ સ્થાનમાં સ્થાપન કરે છે માટે 'ધર્મ' એ પ્રમાણે કહેવાય છે. એટલે ધર્મમાં અશુભથી બચાવવાનું અને શુભમાં લઈ જવાનું એમ બે તત્ત્વ હોવાં અનિવાર્ય છે. સામાન્ય ધર્મમાં પણ આ બે સ્વરૂપ હોય છે તો પરમ ધર્મ—અહિંસામાં એ બે હોય તેમાં આશ્ચર્ય શું? એટલે અહિંસા—હિંસાથી અટકવું અને સ્વ-પર આત્મશ્રેયઃમાં પ્રવૃત્તિ કરવી—આ અહિંસાની પૂર્ણ સ્થિતિ છે. અહિંસાનું સંપૂર્ણ સ્વરૂપ ઉપર પ્રમાણે સમજાય તેમાં જ અહિંસાની વાસ્તવ મહત્તા અને ગુણવત્તા છે.

હિંસાનાં ત્રીશ નામો :

અહિંસાના સ્વરૂપના બે અંશ છે એ સ્થિર થાય એટલે તેનો પ્રથમ અંશ-હિંસાથી અટકવું એ છે તેમાં જીવ પ્રથમ પ્રવૃત્ત થાય. જ્યાં સુધી હિંસાથી ન અટકે ત્યાં સુધી બીજો

અંશ-જે સ્વ-પર આત્મશ્રેયઃ છે તેમાં પ્રવૃત્તિ થાય નહિ. જેટલે જેટલે અંશે હિંસાથી અટકે તેટલે તેટલે અંશે જીવમાં સ્વ-પર આત્મશ્રેયઃમાં પ્રવૃત્તિ કરવાની યોગ્યતા પ્રકટે છે. હિંસાથી અટકવારૂપ અહિંસાની આરાધના-ઉપાસના કરવા માટે હિંસા એ કેટલી દુઃખદાયી છે તે વિચારવું જોઈએ. હિંસાનાં જુદાં જુદાં નામો કેટલાં છે એ પણ જાણવું જરૂરી છે. હિંસાનાં જુદાં જુદાં ઘણાં નામો છે પણ તેમાંથી પ્રચલિત અને અવશ્ય જાણવા યોગ્ય ત્રીશ નામો છે, તે આ પ્રમાણે—


૧. **પ્રાણવધ**—જીવને જીવનના આધારભૂત જે પ્રાણો છે તેનો વધ-ઘાત કરવો. ૨. **શરીરથી ઉન્મૂલના**—જેમ વૃક્ષને જમીનથી ઉખેડી નાખવામાં આવે એમ જીવને શરીરથી ઉખેડી નાખવો. ૩. **અવિશ્રંભ**—જીવોને અવિશ્વાસ ઉત્પન્ન કરનાર. ૪. **હિંસાવિહિંસા**—આત્મહિંસા કરનાર-આત્મા અરૂપી હોવાથી ખરેખર તેની હિંસા કરતો નથી-અરૂપીની હિંસા થતી નથી જ્યાં દોષ લાગે છે. ૫. **અકૃત્ય**—કરવા યોગ્ય નથી. ૬. **ઘાતના**—ઘાત કરવાનું કાર્ય છે. ૭. **મારણા**—મારવાનું કાર્ય છે. ૮. **વધ(ના)**—પ્રાણપીડા કરવારૂપ. ૯. **ઉપદ્રવણા**—ઉપદ્રવ-ઉત્પાત ઉત્પન્ન કરવારૂપ. ૧૦ **નિપાતના**—મન-વચન-શરીરને પાડવારૂપ અથવા શરીર અને ઇન્દ્રિયોથી જીવને પાડવા રૂપ. ૧૧ **આરંભ-સમારંભ**—જીવો પ્રાણ મુક્ત થાય એવી અનેક પ્રકારની સાંસારિક પ્રવૃત્તિ. ૧૨. **આયુષ્ય કર્મનો ઉપદ્રવ-ભેદ-નિષ્ઠાપન-ગાલન સંવર્તક-સંક્ષેપ**-આયુષ્ય કર્મ ઉપર સર્વ જીવોના જીવનનો આધાર છે તે ઘટે-તૂટે એવો ઉપદ્રવ કરવો. તેનો ભેદ કરવો, તે ગળી જાય-ઢીલું પડે એવું વર્તન કરવું, તે સંકોચાય એમ કરવું, તે સક્ષેપાય એમ કરવું. ૧૩. **મૃત્યુ**—મરણ-કોઈને પરલોકમાં પહોંચાડી દેવો. **અસંયમ**—પ્રવૃત્તિ ઉપર કાબૂ ન રાખવો તે અવિરતિ. ૧૫. **કટકમર્દન**—મોટા સૈન્યોથી અનેક જીવોનું મર્દન કરવું-ચાંપવા-દબાવવા. ૧૬. **વ્યુપરમણ**—પ્રાણોની પરિસમાપ્તિ કરવી. ૧૭. **પરભવ સંક્રામકારક**—જીવને બીજા ભવમાં પહોંચાડી દેવો. ૧૮. **દુર્ગતિપ્રપાત**—અશુભ ગતિમાં પડવું. ૧૯. **પાપકોપ**—પાપરૂપ અને કોપરૂપ. ૨૦. **પાપલોભ**—પાપનો લોભ, પાપ વધે એવાં આચરણ. ૨૧. **છવિચ્છેદકર**—શરીરનો છેદ કરનાર. ૨૨. **જીવિતાન્તકરણ**—જીવનનો અન્ત થાય એવું કરણ-સાધન. ૨૩. **ભયંકર**—સાત ભયોને જન્મ આપનાર. ૨૪. **ઋણકર**—દુઃખ-પાપને જન્મ આપનાર. ૨૫. **વજ્ર**—વજ્રની જેમ નાશ કરનાર વજ્ર જેવું ભારે-જેનાથી જીવ દુષ્કર્મથી અતિશય ભારે બને છે. ૨૬. **પરિતાપાશ્રવ**—દુઃખ-તાપ-પરિતાપ જેનાથી આવે છે. પરિતાપનું ઝરણ. ૨૭. **વિનાશ**—પ્રાણનો નાશ કરનાર. ૨૮. **નિર્યતના**—સંસારનું પરિભ્રમણ વધારવામાં કારણભૂત. ૨૯. **લોપના**—લોપ કરનાર. આન્તર જીવનનો લોપ કરનાર. ૩૦. **ગુણોની વિરાધના**—જ્ઞાન-દર્શન-ચારિત્ર વગેરે આત્મગુણોની વિરાધના કરનાર.

આ ત્રીશ નામોથી હિંસાનું વ્યાપક સ્વરૂપ ખ્યાલમાં આવી જાય એમ છે. આને મળતાં બીજાં નામો પણ હિંસાનાં ગણાવી શકાય પણ લગભગ ઉપરનાં ત્રીશ નામોમાં હિંસાનું સ્વરૂપ આવી જાય છે.

આ હિંસાને આચરનારને જે કડવાં ફળો ભોગવવાં પડે છે તે સાંભળતાં પણ કમકમાટી ઉપજે. એવી હિંસાથી દૂર રહેવાથી અહિંસાની એક બાજુ સિદ્ધ થાય છે.

બીજી બાજુ સિદ્ધ કરવા માટે તેનું સ્વરૂપ આગળ કહેવામાં આવશે.

[ચાલુ]



ઉદયન-વિહાર

[૫]

[ગત અંક ૧૦, પૃ. ૧૭૬ થી ચાલુ]

લેખક: પં. શ્રીયુત લાલચંદ ભગવાન ગાંધી

ઐતિહાસિક અનુસંધાન

卐

ઉપર્યુક્ત ચંદ્રલેખા-વિજય પ્રકરણરૂપકમાં નટીસૂત્રના સંવાદમાં એ પછી જણાવ્યું છે કે-પ્રતાપી મહારાજા કુમારપાલની તુલના કરી શકે તેવો કોઈ રાજા નથી. *

---

* નટી વિસ્મય-પૂર્વક પૂછે છે કે-હાલમાં એ મહારાજા કુમારપાલ સમાન કયા રાજા છે? [अज्ज एदस्स संपदं को नरवदी समाणो भोदि ?] સૂત્રધાર તેના જવાબમા કહે છે કે-'મુગ્ધે! માંધાતા વગેરે છ મોટા ચક્રવર્તી મહારાજાઓ સિવાય બીજો કયો રાજા આજે આ મહારાજા કુમારપાલની બરાબરી કરી શકે? જે રણસંગ્રામરૂપી યજ્ઞમાં પ્રાપ્ત થયેલા કાંત-(મનોહર) વિજય અક્ષતોથી મહાસિદ્ધિ માટે કીર્તિરૂપી દૂધ દ્વારા પ્રતાપરૂપ અગ્નિવડે સિદ્ધ કરેલા ચરુને ચાહે'—

" मान्धातृ-प्रमुखान् विहाय महतः षट् चक्रवर्तिप्रभून् ,
एतस्याद्य कुमारपालनृपते कस्तुल्यतामञ्चति ?
यः कान्तैर्विजयाक्षतै रण-मखप्राप्तैर्महासिद्धये,
कीर्ति-क्षीरभरेण वाञ्छति चरु सिद्ध प्रतापाग्निना ॥ "

—ચંદ્રલેખા-વિજય પ્રકરણની (છાણી-જૈન જ્ઞાનમંદિરની પ્ર. કાંતિવિજયજી મ.ના શાસ્ત્રસંગ્રહની નવી લખાયેલી પ્રતિ) ગૂજરાતના ગૌરવરૂપ પ્રતાપી મહારાજા કુમારપાલ સ્વર્ગવાસી થયા પછી અને તેના વંશજો પણ પરલોક-પ્રવાસી થયા પછી તેના સંબંધમાં કેટલીક કિંવદન્તીઓ પ્રકાશમાં આવી. પાછળના કેટલાક ગ્રંથકારોએ કુમારપાલના દાદાના બાપાની મા અમુક જાતિની હતી. તેવી સાંભળેલી જે હકીકત જણાવી, તેને હાલના સાક્ષરોએ આગળ પાછળના મૂળ વૃત્તાન્ત સાથે ન દર્શાવતાં ગેરસમજ થાય તેવી રીતે રજુ કરી છે. તેથી અહીં તે અંગે થોડું સ્પષ્ટીકરણ કરવું જરૂરી છે.

ડૉ. ભોગીલાલ જ. સાંડેસરાએ 'ઇતિહાસની કેડી' પૃ. ૮૩માં 'પ્રબંધ ચિંતામણિ' વિષયક લખતાં જણાવ્યું છે કે-" પણ એવી ઉપપત્નીઓના પુત્રો તરફ સમાજ કેવી દૃષ્ટિથી જોતો એ વિષય ઉપર આથી પ્રકાશ પડે છે. તે જો ખરેખર હલકા મનાતા હોત તો મેરુતુંગ જેવા જૈનત્વના અભિમાનીએ કુમારપાલની વડદાદી વેશ્યા હોવાનું લખ્યું જ ન હોત. "

—પ્રબંધચિંતામણિનો એ મૂળ ઉલ્લેખ ત્યાં દર્શાવ્યો નથી. પાટણના સંઘવી પાડાના જૈન

ઉદયન વિહારની પ્રશસ્તિ રચનાર પ્રબંધશતકાર મહાકવિ રામચંદ્રનો [વિસ્તારથી] ગ્રંથભંડારમાં રહેલ પ્રાચીન કુમારપાલ પ્રબંધ ગ્રંથની સં. ૧૪૭૫માં લખાયેલી તાડપત્રીય પોથીમાં પત્ર ૪૬માં એવી રીતે સંસ્કૃતમાં ઉલ્લેખ મળે છે કે—

"**भीमदेवस्य द्वे राज्ञ्यौ**। एका **बकुलदेवी** नाम पण्यांगना पत्तनप्रसिद्ध रूपपात्रं च। **तस्याः कुलयोषितोऽपि अतिशायिनीं प्राज्यमर्यादां** नृपतिर्निशम्य **तद्वृत्तपरीक्षा**निमित्तं सपादलक्षमूल्यां क्षुरिकां निजानुचरैस्तस्य **ग्रहणके** दापयामास। औत्सुक्यात् तस्यामेव निशि बहिरावासे प्रस्थानलग्नमसाधयत्। नृपतिर्वर्षद्वयं **मालवमण्डले** विग्रहाग्रहात् तस्थौ। सा तु **बकुलदेवी** तद्दत्त-**ग्रहणक**प्रमाणेन वर्षद्वयं परिहृतसर्वसङ्गा **चंगशीललीलयैव** तस्थौ। निःसीमपराक्रमो **भीम**स्तृतीयवर्षे स्वस्थानमागतो जनपरंपरया तस्यास्तां प्रवृत्तिमवगम्य **तामन्तःपुरे न्यधात्**। तदंगजः **क्षेमराजः**। द्वितीया राज्ञी **उदयमती**, तस्याः सुतः **कर्णदेवः**। **क्षेमराज-कर्णदेवौ** तत्पुत्रौ भिन्नमातृकौ परस्पर प्रीतिभाजौ।

...इतश्च **क्षेमराजस्य** पुत्रो **देवप्रसादकः**। तस्य पुत्रास्त्रयः **त्रिभुवनपालादयोऽभूवन्**' त्रिभुवनपालस्यैकाऽभूत् सुता, तनयास्त्रयः। आद्यः **कुमारपालाख्यो** राजलक्षणलक्षितः।"

—પાટણ જૈન ગ્રંથભંડાર સૂચી (ગા. ઓ. સિરીઝ નં. ૭૬ પ્ર. સન ૧૯૩૭) પૃ. ૧૫-૧૭માં અમે દર્શાવેલ છે.

ભાવાર્થ—**ભીમદેવને બે રાણીઓ હતી.** તેમાંની એક **બકુલદેવી** નામની પણ્યાંગના હતી, જે **પાટણ**માં પ્રસિદ્ધ રૂપપાત્ર અને ગુણપાત્ર હતી. રાજા **ભીમદેવે કુલીન સ્ત્રી કરતાં પણ અતિશય શ્રેષ્ઠ-વિશિષ્ટ એવી તેણીની ઉચ્ચ મર્યાદા** સાંભળ્યા પછી તેના **ચરિત્રની પરીક્ષા** માટે સવાલાખ મૂલ્યવાળી કટારી પોતાના અનુચરો દ્વારા તેને ગ્રહણ કરવાના રૂપમાં (ખાંડું મોકલે તે રીતે સ્વીકારવાના સ્વરૂપમા) અપાવી હતી. ઉત્સુકતાથી તે જ રાતે તેણે (**ભીમદેવે**) બહારના આવાસ (પડાવ)માં પ્રસ્થાન-મુહૂર્ત સાધ્યુ હતુ રાજા **ભીમદેવ** બે વર્ષ સુધી વિગ્રહના આગ્રહથી **માલવ**-મંડલમાં રહ્યા હતા. તે બકુલદેવી તો મહારાજા **ભીમદેવે** આપેલ ગ્રહણક પ્રમાણે બે વર્ષ સુધી સર્વ સંગનો પરિહાર કરી સારી રીતે **શીલલીલા**પૂર્વક જ રહી હતી. નિસ્સીમ પરાક્રમવાળો **ભીમ** ત્રીજે વર્ષે પોતાના સ્થાનમા આવ્યો ત્યારે જનપરંપરા દ્વારા બકુલદેવીની તે **પ્રવૃત્તિ જાણ્યા પછી** તેણે તેને અંતઃપુરમાં સ્થાન આપ્યુ હતુ; તેનો પુત્ર **ક્ષેમરાજ** હતો. બીજી રાણી **ઉદયમતી** હતી, તેનો પુત્ર **કર્ણદેવ હતો.** એવી રીતે ક્ષેમરાજ અને કર્ણદેવ એ બંને **ભીમદેવના** પુત્રો હતા, તે બંને ભિન્ન માતાના પુત્રો હોવા છતાં પરસ્પર પ્રીતિવાળા હતા.

...ક્ષેમરાજનો પુત્ર દેવપ્રસાદ હતો. તેને ત્રિભુવનપાલ વગેરે ત્રણ પુત્રો હતા. ત્રિભુવનપાલને એક પુત્રી અને ત્રણ પુત્રો હતા. પહેલો પુત્ર **કુમારપાલ** નામનો હતો, જે રાજ લક્ષણોથી લક્ષિત હતો."

—એ ઉલ્લેખને લગભગ મળતો ઉલ્લેખ વિ. સં. ૧૩૬૧ના **પ્રબંધચિંતામણિ**ની પોથીઓમાં અને તેની પ્રકાશિત થયેલી જૂદી જૂદી આવૃત્તિઓમાં જોવામા આવે છે એ વાંચતાં-વિચારતાં જણાય છે કે-બકુલદેવી ઉચ્ચ કુલમાં ઉત્પન્ન ન થઈ હોય, તો પણ સુકુલીન સ્ત્રી કરતા પણ અધિક સદ્ગુણશાલિની સુશીલ સ્ત્રી હતી અને તેણીની બરાબર પરીક્ષા કર્યા પછી મહારાજા પહેલા **ભીમદેવે** તેનો **રાણી** તરીકે સ્વીકાર કરી, તેને પોતાના અંતઃપુરમાં સ્થાન આપ્યુ હતું-એથી એ રાજમાતા તરીકે પ્રજાજનોની માનનીય ગણાય. મહારાજા **ભીમદેવે** નીતિ-સુભાષિતકારોના '**स्त्रीरत्नं दुष्कुलादपि**' એ પ્રસિદ્ધ વચનને માન આપ્યું જણાય છે. કેટલાક લેખકોએ એ બકુલદેવીને **ચૌલાદેવી નામથી** પણ ઓળખાવી જણાય છે. આચાર્ય શ્રીહેમચંદ્રે '**ચૌલુક્યવંશ**' અપરનામ સંસ્કૃત **દ્વયાશ્રય** મહાકાવ્યમાં **ભીમદેવની** પત્ની-સંબંધમાં નિર્દેશ કર્યો નથી, પરંતુ **ભીમદેવનો** પુત્ર ક્ષેમરાજ, તેનો પુત્ર **દેવપ્રસાદ**, તેનો પુત્ર ત્રિભુવનપાલ, તેનો પુત્ર **કુમારપાલ**-એવી રીતે ક્રમથી તેનો પરિચય આપ્યો છે.

પરિચય સન ૧૯૨૬માં પ્રકાશિત **નલવિલાસ** નાટક (ગા. ઓ. સિ. નં. ૨૯)ની સંસ્કૃત પ્રસ્તાવનામાં મેં આપ્યો છે. એથી અહીં વિસ્તાર કરીશું નહિ. એ સંબંધમાં એકાદ સાક્ષરે કરાવેલી ગેરસમજ અહીં દૂર કરવી ઉચિત છે.

ડૉ. ભોગીલાલ જ. સાંડેસરાએ સન ૧૯૪૫માં પ્રકાશિત 'ઇતિહાસની કેડી' પૃ. ૨૭માં '**હેમચન્દ્રાચાર્યનું** શિષ્યમંડળ' લેખમાં 'મહાકવિ રામચંદ્ર' સંબંધમાં લખતાં જણાવ્યું છે કે—"તેમણે રચેલ નલવિલાસ નાટક (પ્રસિદ્ધ ગા. ઓ. સીરીઝ)ના સંપાદક પં. લાલચંદ્ર ગાંધીના અનુમાન પ્રમાણે, **રામચન્દ્રનો જન્મ** સં. ૧૧૪૫માં થયો હતો, તેમણે દીક્ષા સં. ૧૧૫૦માં લીધી હતી, સં. ૧૧૬૬માં સૂરિપદ મેળવ્યું હતું, સં. ૧૨૨૯માં હેમચન્દ્રાચાર્યના પટ્ટધર થયા હતા અને સં. ૧૨૩૦માં તેમનું મરણ થયું હતું."

—એમાં ડૉ. સાંડેસરાની સમજફેર થઈ લાગે છે. કારણ કે મેં ત્યાં અનુમાન કર્યું નથી અને ત્યાં જણાવેલ જન્માદિ સંવત મેં મહાકવિ રામચન્દ્ર સંબંધમા નહિ, પણ તેમના ગુરુ આચાર્ય શ્રીહેમચંદ્રસૂરિ સંબંધમાં જણાવ્યા છે કે જે **પ્રભાવકચરિત્ર** વગેરેમાં મળી આવે છે. **નલવિલાસ** નાટકની સં. પ્રસ્તાવનામાં (પૃ. ૩૫માં) મે આવી રીતે સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે:—

"वि. स. ११४५ वर्षे जन्मभाजः, वि. सं. ११५० वर्षे सयतस्य, वि. स. ११६६ वर्षे **सूरिपदप्रतिष्ठितस्य**, वि. स. १२२९ वर्षे दिवंगतस्य सुप्रसिद्धस्य श्रीमतो **हेमचन्द्राचार्यस्य** **पट्टधुरन्धरस्तत्समकालीनश्चायं महाकविरामचन्द्रो** गूर्जरेश्वरसिद्धराज–कुमारपालयोः सत्तायां विद्यमान **आसीद्**, ययोः सत्तासमयो वि. स ११४९–९९–१२३० वर्षेषु विदितः।"

એ પ્રસ્તાવનામાં (પૃ. ૨૫–૩૭માં) મહાકવિ રામચંદ્રની **સ્વાતંત્ર્યપ્રિયતા** સૂચવતા કેટલાક શ્લોકો મેં ત્યાં તેની પ્રસિદ્ધ અપ્રસિદ્ધ કૃતિઓમાંથી દર્શાવ્યા છે, તેમાં જિનસ્તોત્રના અંતમનો એક શ્લોક આ પ્રમાણે જણાવેલ છે—

"स्वतन्त्रो देव! **भूयासं** सारमेयोऽपि वर्त्मनि।
मा स्म भूवं परायत्तस्त्रिलोकस्यापि नायकः॥"

—ડૉ. સાંડેસરાએ 'ઇતિહાસની કેડી' (પૃ. ૩૭)માં એ શ્લોક તો ટાંકયો છે, પરંતુ '**भूयासं**' પદને બદલે '**भूयाःस**' એવી રીતે જણાવેલ છે, તથા ત્યાં પૃ. ૫૫માં તેનો જે **અર્થ** પ્રકટ કર્યો છે, વસ્તુતઃ કવિના આશયથી વિરુદ્ધ અર્થ જણાવેલ છે તે એ કે—

"**તું રસ્તાનો કૂતરો ભલે થજે, પણ સ્વતંત્ર રહેજે; ત્રિલોકનો નાયક બનીને પણ પરતંત્ર ન રહીશ**" આવા વિલક્ષણ શબ્દોમાં જિનેશ્વરની સ્તુતિ કરનાર...કવિના જીવનમાં તેમજ કવનમાં સભર ભરેલા સ્વાતંત્ર્યપ્રેમ વિશે વધારે શું લખવું?"

—એ શ્લોકમાં કવિએ અસ્મદ્‌પુરુષનાં એકવચનવાળાં '**भूयास**' '**मा स्म भूवम्**' ક્રિયાપદનો પ્રયોગ કરી પોતાના સંબંધમાં એવી આશા–અભિલાષા પ્રકટ કરી છે, તેને બદલે **અર્થ** કરનાર સાક્ષરે યુષ્મદ્‌પુરુષનાં એકવચનવાળાં ક્રિયાપદરૂપે સમજી તેને દેવ સંબંધમાં ઘટાવ્યાં જણાય છે! અને ત્યાં જણાવેલ સારમેય શબ્દનો અર્થ પણ કવિના અભીષ્ટ આશયથી જુદો જણાય છે. તેનો અર્થ આ પ્રમાણે કરવો ઉચિત ગણાય—

" હે દેવ ! હું રસ્તામાં ફરનાર સારમેય (પરિચિત સાર વસ્તુવાળો) પણ સ્વતંત્ર થાઉં ત્રણ લોકનો નાયક થઈને પણ પરાધીન પરતંત્ર ન થાઉં."

—મહાકવિ રામચંદ્રના ગુરુ આચાર્ય શ્રી હેમચંદ્રે પરમાર્હત મહારાજા કુમારપાલની પ્રાર્થનાથી રચેલા યોગશાસ્ત્રમાં (પ્રકાશ ત્રીજામાં, શ્લો૦ ૧૪૧) શ્રાવકના પ્રભાતના મનોરથોમાં એને મળતો એવા આશયનો શ્લોક જણાવ્યો છે—

" जिनधर्मविनिर्मुक्तो, मा भूवं चक्रवर्त्यपि ।
स्यां चेटोऽपि दरिद्रोऽपि, जिनधर्माधिवासितः ॥ "

ભાવાર્થ:—જિનધર્મથી રહિત એવો હું ચક્રવર્તી પણ ન થાઉં; પરંતુ ચેટ એવો પણ અને દરિદ્ર એવો પણ હું જિનધર્મથી અધિવાસિત થાઉં.'

'પં. રામચંદ્રે રચેલ **પ્રબંધશત** બાર રૂપકોના–નાટક આદિના સ્વરૂપને જણાવનાર છે–[1] એવો એક ઉલ્લેખ મળે છે, તે તેમના સ્વોપજ્ઞ વિવરણવાળા **નાટ્યદર્પણ**ને ઉદ્દેશીને જણાય છે.

ડૉ. સાંડેસરાએ ઇતિહાસની કેડી (પૃ. ૩૨)માં જણાવ્યું છે કે—

"બાર રૂપકોની ચર્ચા કરતો રામચન્દ્રનો પ્રસ્તુત ગ્રન્થ જો મળી આવે તો આ વિષયમાં ઘણું નવું જાણવાનું મળી આવે એ ચોક્કસ છે."

બાર રૂપકોની ચર્ચા કરતો એ ગ્રન્થ **નાટ્યદર્પણ** નામથી સન ૧૯૨૯માં ગાયકવાડ પ્રાચ્યગ્રંથમાળામાં [નં. ૪૮] તરીકે પ્રકાશિત થઈ ગયેલ છે, જેનું સંપાદન અમે કર્યું છે –તેનાથી જૂદો જણાતો નથી. નાટ્યદર્પણની પ્રથમ આવૃત્તિ અલભ્ય થઈ હોવાથી બીજી આવૃત્તિ જલ્દી પ્રકાશમાં આવશે–તેમ ધારીએ છીએ.　　　　(ક્રમશઃ)

---

૧ ' પં. **रामचन्द्रकृत प्रबन्धशतं** द्वादशरूपक-नाटकादि-स्वरूपज्ञापकम् ५०००—ગ્રંથ-સૂચીમાં જણાવેલ શ્લોકસંખ્યા સંદિગ્ધ જણાય છે.

ગ્રાહકોને સૂચના

આ અંકે ૧૯મા વર્ષનું લવાજમ પૂરું થાય છે; તો જે ભાઈઓને ગ્રાહક તરીકે ચાલુ રહેવું હોય તેમણે ૨૦મા વર્ષનું લવાજમ મનીઑર્ડરથી મોકલી આપવું જોઈએ. ગ્રાહકોને વી. પી. કરીએ તે પહેલાં ગ્રાહક તરીકે ચાલુ રહેવા, ન રહેવા કાર્યાલયમાં સૂચના મોકલવી જોઈએ; જેથી વી પી. ખર્ચથી બચી જવાય.

વ્યવ૦



ગુફાઓમાં જૈન સંસ્કૃતિ

લેખક : શ્રીયુત મોહનલાલ દીપચંદ ચોકસી

જોગીમારા-મધ્યપ્રદેશમાં આવેલી સરગુજા રાજ્યના લક્ષ્મણપુરથી બાર માઈલ દૂર **રામગિરિ** અથવા **રામગઢ** નામનો પર્વત છે. એમાં **જોગીમારા** તરીકે ઓળખાતી ગુફા આવેલી છે. પ્રાચીન, અને પથ્થરમાં કોરેલાં ચિત્રોમાં આ ગુફાનાં ચિત્રોને મહત્ત્વભર્યું સ્થાન પ્રાપ્ત થાય છે. ધાર્મિક નજરે તેમ કળાની દૃષ્ટિથી આ ચિત્રો અનુપમ મનાય છે. એમાંનાં કેટલાંક ચિત્રો **જૈનસાહિત્ય** સાથે સંબંધ ધરાવે છે. એ ઉપરથી ફલિત થાય છે કે કેટલાક સમય સુધી આ ગુફાનો ઉપયોગ જૈનધર્મીઓ દ્વારા થયો હશે. અહીંથી ઈ. સ. પૂર્વની ત્રીજી સદીનો લેખ પણ મળી આવ્યો છે અને એ ઉપરથી **ડૉ. બ્લાખે** આ ગુફાના નિર્માણકાળનો એ સમય નિશ્ચિત કર્યો છે.

ઢંકગિરિ-જૈન સાહિત્યમાં આ ગિરિનો ઉલ્લેખ તો સ્થાન સ્થાન પર ઉપલબ્ધ થાય છે. આ પર્વતને પવિત્ર એવા શ્રી. શત્રુંજય ગિરિરાજની એક શાખારૂપે આલેખ્યો છે. હાલમાં આ સ્થાન વલભીપુરની નજીક છે. રાજવી **સાતવાહન**ના ગુરુ **શ્રીપાદલિપ્તસૂરિજી** હતા અને તેમનો **સિદ્ધ નાગાર્જુન** નામનો શિષ્ય આ સ્થાનનો નિવાસી હતો. એ વાતનું સમર્થન 'પ્રબંધકોશ' અને 'પિંડ–વિશુદ્ધિ 'ની ટીકાઓથી થાય છે. ઉક્ત નાગાર્જુને સ્વર્ણસિદ્ધિ માટે ઘણો પ્રયત્ન કર્યો હતો અને ઉલ્લેખાયું છે તે મુજબ આ ઢંકગિરિની ગુફામાં તેણે રસ-કૂપિકા રાખી હતી. આ જૈન ગુફામાં ભગવાન પાર્શ્વનાથની એક ઊભી મૂર્તિ છે. ત્યાં અંબિકાદેવીની આકૃતિ પણ જોવામાં આવી હતી. ડૉ. બર્જેસે એની શોધ કરેલી પણ આ **જૈન-ગુફા** છે એવું પુરવાર કરવાનો યશ તો ડૉ. હસમુખલાલ ધીરજલાલ સાંકળીઆને ફાળે જાય છે. આ સમયનાં કેટલાંક શિલ્પો શ્રીયુત સારાભાઈ નવાબે પણ સૌરાષ્ટ્રમાં જોયાની નોંધ 'ભારતીય વિદ્યા' ભા. ૧, અંક : ૨ માં કરી છે.

ચન્દ્રગુફા-બાબા પ્યારાના મઠ તરીકે ઓળખાતા સ્થાનમાં જે ગુફાઓ આવી છે તે ઈ. સ. પૂર્વેના પહેલા. બીજા સૈકાની હોવી જોઈએ એમ મી. બર્જેસનું માનવું છે કેમકે એ સદીનાં કેટલાંક ચિહ્નો એમાં ઉપલબ્ધ થાય છે: સ્વસ્તિક, મત્સ્યયુગલ, ભદ્રાસન, નંદીપદ અને કુંભકળશ જોવાય છે કે જેના સંબંધો જૈનધર્મમાં 'અષ્ટમંગળ' તરીકે આલેખાય છે તેની સાથે છે. ક્ષત્રપના સમયનો એક મૂલ્યવાન લેખ મળી આવ્યો છે; જે તત્કાલીન જૈન ઇતિહાસ ઉપર મહત્ત્વનો પ્રકાશ ફેંકે છે. મુખ્ય ગુફાનો આકાર ચંદ્રાકાર હોવાથી **ચંદ્રગુફા** તરીકે ઓળખાય છે. દિગંબર સાહિત્યને વ્યવસ્થિત કરનાર શ્રીધરસેનાચાર્યનો આમાં નિવાસ હતો. પુષ્પદન્ત અને ભૂતબલિનું અધ્યયન અહીં થયું હતું. અફસોસ એટલો જ છે કે આવા મહત્ત્વના સ્થાન તરફ જૈન સમાજનું ધ્યાન સરખું ગયું નથી!

ઢંકગિરિ અને ચન્દ્રગુફા એ સૌરાષ્ટ્રમાં આવેલ, જૈનધર્મ અને જૈન સંસ્કૃતિ ઉપર પ્રભાવ

પાથરનારાં જૂનાં સ્થાનો હતાં અને એના અસ્તિત્વથી સહજ અનુમાન કરી શકાય તેમ છે કે ગુફા–નિર્માણ વિષયક પરમ્પરા જૈનોમાં પણ પ્રાચીનકાળથી હતી.

બાદામી–ઈ. સ. ની બીજી સદીમાં આ સ્થાન સારી એવી ખ્યાતિને વર્યું હતું. સુપ્રસિદ્ધ લેખક **ટોલેમી**એ એનો ઉલ્લેખ કર્યો છે. પહેલાં અહીં **પલ્લવો**નો કિલ્લો હતો અને પાછળથી એ **પુલકેશી** પહેલાના હાથમાં ગયો હતો. એ પછી પશ્ચિમી ચૌલુક્ય અને રાષ્ટ્રકૂટોનું આધિપત્ય સ્થપાયું. તેમના પછી કલચૂરી હોયસાલવંશનું રાજ્ય સન ૧૧૯૦ સુધી રહ્યું. છેલ્લે દેવગિરિના યાદવોની સત્તા તેરમી સદી સુધી રહી.

અહીં ત્રણ બ્રાહ્મણ ગુફાઓ સાથે પૂર્વબાજુએ એક જૈન ગુફા પણ છે. એનો નિર્માણ-કાળ ઈ. સ. ૬૫૦ અનુમાની શકાય. ગુફા ૩૧ × ૧૯ ફુટની અને ઊંડાઈમાં ૧૬ ફુટ છે. તેના સ્થંભ એલીફન્ટાની ગુફા જેવા છે. એમાં ભગવાનની પદ્માસનસ્થ મૂર્તિ છે અને બરામદામાં અર્થાત્ આગળ ઓટલા જેવા ભાગ ઉપર મારનાગ, ગૌતમસ્વામી તથા પાર્શ્વનાથ પ્રભુની મૂર્તિ છે. દીવાલ અને થાંભલાઓ પર પણ તીર્થંકરની આકૃતિઓ છે. પૂર્વાભિમુખ દ્વાર આગળ ભગવાન મહાવીરની પલ્યંકાસનસ્થ પ્રતિમા છે.

શ્રમણહિલ–મદુરા તામિલ ભાષાઓનું એક કાળે મહત્ત્વનું કેન્દ્ર હતું. રાજકીય અને સાહિત્ય દૃષ્ટિએ એનું સ્થાન આગળ પડતુ હતુ. અહીં સાહિત્યસેવીઓ અવારનવાર એકઠા થતા. અહીં જૈન સંસ્કૃતિની ગૌરવ–ગાથા રજૂ કરતી સામગ્રી મોટા પ્રમાણમાં મળી આવે છે. શ્રીયુત **ટી. એચ. શ્રીપાળ** નામના એક જૈન ગૃહસ્થે અહીંથી સાત માઈલ દૂર આવેલ પહાડીમાં કોતરેલી જૈન–પ્રતિમાઓ તેમજ દશમી સદીના લેખોનો પત્તો મેળવ્યો છે. **સમરનાથ** અને **અમરનાથ** પહાડીઓમાં તેમને અચાનક જવાનું થયેલ અને એ વેળા આ પ્રતિમાઓ જોવાની તક એમને પ્રાપ્ત થઈ. આગળ વધતાં એક ગુફા જોવામાં આવી જેમાં તીર્થંકરની મૂર્તિઓ કોતરેલી નજરે ચઢી. યક્ષોની આકૃતિ સાથે બીજા એવાં પણ ચિહ્નો દૃષ્ટિગોચર થયાં કે જે ઉપરથી અહીં એક કાળે શ્રમણો વસતા હશે એમ કલ્પી શકાય. ડૉ. **બહાદુરચંદ છાબડા** કે જેઓ ભારત સરકારના મુખ્ય લિપિ–વાચક અને ચીફ એપિગ્રાફીસ્ટ છે તેઓએ આ સ્થાનને જૈન સંસ્કૃતિના કેન્દ્ર તરીકે જણાવ્યુ છે.

ઈલોરા—પશ્ચિમી ગુફા–મંદિરોમાં એલાગિરિ–ઈલોરાનું સ્થાન અતિ આગળ પડતું છે. પ્રાકૃત સાહિત્યમાં એનું નામ 'એલઉર' રૂપે મળે છે. ધર્મોપદેશમાળા–વિવરણ (રચનાકાળ સં. ૯૧૫)માં એક મુનિ **ભૃગુકચ્છ** નગરથી વિહાર કરી **એલઉર** આવ્યા અને દિગંબર વસતીમાં ઊતર્યા એવી નોંધ છે. એ ઉપરથી આ સ્થાનની ખ્યાતિ દૂર દૂર પ્રસરી હતી એ નિઃસંદેહ વાત છે. અહીંનાં ગુફા–મંદિરો ભારતીય શિલ્પકળાની અમર કૃતિઓ છે. એનાં દર્શન એ માનવજીવનનો અમૂલ્ય લહાવો છે. અહીં શિલ્પી, ચિત્રકાર, ઇતિહાસજ્ઞ અગર ધર્મના અનુરાગી માટે પ્રેરણાત્મક સામગ્રી મોજુદ છે. સૌંદર્યનું તો આ ધામ છે. ભારતીય સંસ્કૃતિની ત્રણે ધારાઓનું આ સંગમ સ્થાન છે. ત્રીશથી ચોત્રીશ સુધીની ગુફાઓ જૈનધર્મના સાહિત્ય ઉપર પ્રકાશ પાડનારી છે. એની કળા સંપૂર્ણપણે વિકસેલી છે. જૈનાશ્રિત ચિત્રકળાનાં અહીં નિતરાં દર્શન થાય છે. ફર્ગ્યુસનને સ્વીકારવું પડ્યું છે કે—

"कुछ भी हो, जिन शिल्पियोंने एलोराकी दो सभाओं [इन्द्र और जगन्नाथ] का सृजन किया, वे सचमुच उनमें स्थान पाने योग्य है जिन्होंने अपने देवताओंके सम्मानमें निर्जीव पाषाणको अमर–मंदिर बना दिया।"

આની શોધ નિઝામ રાજ્ય તરફથી થયેલ અને હાલ એ સંસ્થાનની દેખરેખ હેઠળ છે. છોટા-કૈલાસ તરીકે ઓળખાતી ગુફા દક્ષિણ-પૂર્વમાં છે. એનું સર્જન કૈલાસ સાથે ટક્કર લે તેવું છે. એક પરંપરાનો શિલ્પી બીજી પરંપરાનું અનુકરણ કેવી કુશળતાથી કરી શકે છે એનું આ જ્વલંત દૃષ્ટાન્ત છે. અહીંનાં મંદિરોમાં દ્રાવિડિયન શૈલીનો પ્રભાવ છે. નવમી સદીમાં રાષ્ટ્રકૂટોના વિનાશ પછી દ્રાવિડ-શૈલીનો પ્રભાવ ઉત્તર ભારતમાં ક્યાંયે જોવામાં આવતો નથી.

ઇન્દ્રસભા એ સામૂહિક જૈન-ગુફાઓનું નામ છે. બે બે મજલાવાળી ગુફાઓ અને ઉપ-મંદિર પણ એમાં સંમિલિત છે. દક્ષિણ બાજુએથી પ્રવેશી શકાય છે. બહારના પૂર્વ ભાગમાં એક મંદિર છે કે જેની આગળ તથા પાછળના ભાગે બે થાંભલા છે. ઉત્તરની બાજુ ગુફાની દિવાલ ઉપર ભગવાન પાર્શ્વનાથના જીવનમાં આવતી કમઠવાળી ઘટના આલેખેલી છે. પરિકર ઘણો જ સુંદર છે. ભગવાન મહાવીર તેમજ માતંગ યક્ષ તથા અંબિકા યક્ષિણીનાં રૂપ પણ વિદ્યમાન છે. બીજી પણ જૈનાશ્રિત કળાની વિપુલ સામગ્રી છે. જગન્નાથ સભા પણ પ્રેક્ષણીય છે. આ સંબંધમાં વધુ જાણવા જિજ્ઞાસુએ-આ માસિક (જૈન સત્ય પ્રકાશ) વર્ષ : ૭ નો અંક : ૭, ઈલોરાનાં ગુફા મંદિરો, અને આર્કિયોલોજિકલ સર્વે ઓફ વેસ્ટર્ન ઈંડિયા ખાસ વાંચવાં.

ઈલોરાની પ્રસિદ્ધિ સત્તરમી સદીમાં અતિશય હતી. જો કે એ કાળમાં અહીં આવવાના સાધનનો અભાવ હતો એમ કહેવાય. કવિરાજ મેઘવિજયજીએ ઔરંગાબાદમાં ચાતુર્માસ કર્યું હતું એ વેળા પોતાના ગુરુ મહારાજને એક **સમસ્યા પૂર્તિમય વિજ્ઞપ્તિ** પત્ર મોકલેલ જેમાં ઈલોરાનું વર્ણન સુંદર શબ્દોમાં કરેલ છે. મુનિ શ્રીકાન્તિસાગરજીએ પોતાના 'ખંડહરોંકા વૈભવ' નામા હિંદી ગ્રંથમાં પાનાં ૫૯-૬૦ ઉપર એ અક્ષરશઃ આપેલ છે.

વિબુધવિમલસૂરિ કે જેમણે પણ ઈલોરાની યાત્રા કરી હતી તે લખે છે કે—

"વિહાર કરતાં આવિયો રે, ઈલોરા ગામ મોઝાર,
જિનયાત્રાને કારણે હો લાલ;"

ખટ દરિસણ તિહાં જાણીએ રે, જાએ વિવેકવન્ત રે,
મુનીસર તત્ત્વધરી બીજી વારને હો લાલ."

સુપ્રસિદ્ધ પર્યટક મુનિ શ્રી**શીલવિજયજી** ૧૮ મી સદીમાં અહીં આવ્યા હતા. પોતાની રચેલી 'તીર્થમાળા'માં લખે છે કે—

"ઇલોરિ અતિ કૌતુક વસ્યું, જોતાં હીયડું અતિ ઉલ્હસ્યું;
વિશ્વકરમા કીધું મંડાણ, ત્રિભુવન ભાવતણું અહિનાણ."

આ આપણા ઐતિહાસિક વારસાની જૈન સમાજના મોટા ભાગને જાણ સરખી પણ નથી, ત્યાં એના સંરક્ષણ કે પ્રચારનો વિચાર કેટલાને આવવાનો? જાણે કળા તો જીવનમાંથી અદૃશ્ય થઈ ગઈ છે! અણમૂલા 'સત્ય'ને ભૂલી છીછરા અને ઉપરછલ્લા આડંબરમાં આવી પડ્યા છીએ. એક કાળે દીર્ઘદર્શી પૂર્વાચાર્યોના ઉપદેશથી કળાના ધામ સર્જનારા આપણે આજે ક્ષણજીવી માટીની ગઢ રચનાઓમાં પાણી માફક ધન ખરચીએ છીએ. સાહિત્યના એ મહામૂલા પ્રસંગોને આરસ પથ્થરમાં કોતરાવીએ કિવા મંદિરોની દિવાલો પર ચિતરાવીએ તો એનો લાભ લાંબા સમય સુધી લેવાય. પણ મુનિગણનો મોટો ભાગ 'ગઢ રચના' પાછળ જ ધન ખરચાવે છે એ સાથે વીજળીના યંત્રની કરામત અને પ્રકાશ વિસ્તારે છે. થોડા દિવસની એ રચના કામચલાઉ આકર્ષણ કરી, પછી હતી ન હતી થઈ જાય છે! આ પ્રથા ચલાવી લેવા યોગ્ય છે ખરી? જૈનધર્મને મંજુર છે ખરી? શું એ પરિવર્તન નથી માગતી?

કર્મ મીમાંસા

[લેખાંક : ચોથો]

લેખક : **માસ્તર શ્રીયુત ખુબચંદ કેશવલાલ સિરોહી**

વળી સુખ દુઃખ ન સમજાય એ પણ ન બને. સુખ અને દુઃખના કારણભૂત જુદાં કર્મો તેનું નામ વેદનીય કર્મ. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને પછી વેદનીય. હવે ચોથા મોહનીય કર્મ અંગે બે વિભાગ છે. (૧) દર્શન મોહનીય અને (૨) ચારિત્ર મોહનીય.

મોહનીયના વિચાર અંગે કેટલાકની માન્યતા ચોખ્ખી નથી, કેટલાકની માન્યતા ચોખ્ખી છતાં વર્તન ચોખ્ખું નથી હોતુ. સર્વમત જાણનારા પંડિતો પણ પોતાને જ્ઞાન છતાં સત્ય તરીકે સત્ય પદાર્થ માનતાં લપસે છે. સત્યને સત્ય તરીકે નહિ માનવામાં કોઈ ચીજ આડી આવે છે. જીવાદિક નવ તત્ત્વો સત્ય છે, તે બીજા મતવાળાએ વાંચ્યા અને જાણ્યાં છતાંયે તેમાં અસત્યપણાની પ્રતીતિ કેમ રહી ? કારણ એ જ છે કે માન્યતાને મુંઝવનારી કોઈ ચીજ આડે છે, અને તે ચીજ ખસે તો જ સાચી માન્યતા થાય.

રેલમાં બેસીએ તો મગજ પર ગતિની અસર થાય છે. પૃથ્વી અને ઝાડને સ્થિર છતાં ચર દેખવાનો અને ચરને સ્થિર દેખવાનો જેમ ભ્રમ થાય છે તેમ આત્મામાં પણ ભ્રમ થાય છે, જેથી સત્યને અસત્ય અને અસત્યને સત્ય ગણીએ છીએ એથી માન્યતાને મુંઝવનાર કોઈ કર્મ છે એમ સમજવું જોઈએ, તે કર્મ દર્શનમોહનીય નામે ઓળખાય છે.

વળી મનુષ્યો દરેક સન્માર્ગે વર્તવાની ઇચ્છા કરે, છતાં પણ પ્રવૃત્તિ થઈ શકતી નથી. દમનો દરદી કુપથ્ય જાણે, માને અને છોડવાની ઇચ્છા રાખે પણ ખાવા બેસતાં ફીકું લાગે તો મરચાં ખાય. વળી ખાંસીના દરદીને મરચુ-તેલ અપથ્ય છે, તે જાણે છે, છોડવા માગે છે; છતાં પણ કેટલાક મનના મજબૂત માણસો કુપથ્ય છોડી શકે છે અને મનના કાચા હોય તે બીજાઓના કહ્યા છતાં કુપથ્ય લે છે, તેવી રીતે દર્શનમોહનીયના ક્ષયોપશમે શ્રદ્ધાળુ થવારૂપ સમ્યક્ત્વવાળા થાય તે પાપ છોડવા લાયક છે તેમ ગણે છે. પરંતુ ઇચ્છાવાળા થયા છતાં સર્વ પાપ છોડી શકતા નથી, તેનું કારણ એ જ છે કે વર્તનમાં મુઝવનાર કોઈ ચીજ છે અને તે ચારિત્ર મોહનીય કર્મ મતલબ કે–અશુદ્ધ વર્તનમાં નાખી દે તે ચારિત્ર મોહનીય કહેવાય.

દર્શન મોહનીય માન્યતા પર અસર કરે છે જ્યારે ચારિત્ર મોહનીય વર્તન પર અસર કરે છે. સંસાર અસાર છે, દુનિયા માટેના પ્રયત્નોમાં ફોતરાં ખાડવાનાં છે એવી અંતઃકરણમાં માન્યતા એનુંજ નામ સમ્યક્ત્વ છે. કોઈ મરી જાય તેનો અફસોસ કરે છે પણ પોતાને જવાનું છે એનો અફસોસ આ જીવ કરતો નથી. વર્તનમાં ફરક પડવા છતાં માન્યતા સાચી રહે તો સમ્યક્ત્વ ચાલ્યું ન જાય. માટે માન્યતામાં ભેદ પડવો જોઈએ નહિ. એટલા માટે જ દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય એ બે વસ્તુ જુદી રાખી છે. કર્મોદયને લીધે શક્તિ કે સાધનના અભાવે પ્રવૃત્તિ કરી ન શકે એ બને, જેમકે ઉપવાસને યોગ્ય ગણતો હોય પણ પોતે ચાર વખત ખાવાવાળો હોવાથી ઉપવાસ કરી શકતો નથી. કર્મોદયના કારણે કાર્ય ન બનવા છતાં માન્યતા બરાબર રહે તો સમ્યક્ત્વમાં વાંધો નથી. પણ એક વાત લક્ષ્યમાં રાખવાની

છે કે પરિણામ જણાવવાવાળો, બોલવાવાળો, પ્રવૃત્તિ ન થવામાં મજબૂત કારણમાં હોય તો જ તેનો બચાવ ચાલે છે.

શ્રેણિક અવિરતિ છતાં એને ક્ષાયિક સમકિતી માનવા એ શ્રીજિનેશ્વર દેવનું વચન છે, માટે માનીએ છીએ. સેંકડે એંસી ટકા તો માન્યતા તેવું વર્તન હોય. માન્યતા તથા વર્તનમાં ફરકવાળા દાખલા ઘણા ઓછા છે. દુનિયાદારીમાં માન્યતા પ્રમાણે વર્તન ઘણે જ સ્થળે જોવાય છે. ઘણું જ ગંભીર કારણ હોય ત્યાં એ ન હોય એ બને આ રીતે દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય એમ બે પ્રકારે મોહનીય કર્મ કહ્યું.

હવે પાંચમું કર્મ આયુઃ—જીવન ટકાવી રાખવા અનેક પૌષ્ટિક ખાનપાનનો ઉપયોગ કરવામાં આવે છે. આરોગ્ય સાચવવા બરાબર કાળજી રખાય છે. ભયંકરમાં ભયંકર દર્દને નાબૂદ કરવા માટે વિજ્ઞાન દ્વારા અનેક ઔષધિઓ યા તો ઈંજેકશનની શોધખોળો થાય છે. દર્દના નિદાનની પરીક્ષા કરી તેનું ઉન્મૂલન કરવાની આવડતવાળા નિષ્ણાત વૈદ્ય–ડૉક્ટરો કે હકિમો જગતભરમાં છે. મોટા રાજાધિરાજ કે અગ્રગણ્ય દેશનેતાઓ કે મહર્દ્ધિકોને ઉપરોક્ત સામગ્રીઓ પૈકી કોઈની પણ કચાશ હોતી નથી, છતાં તેવાઓનીયે જીવનલીલા ઘડીભરમાં સંકેલાઈ જતાં વિલંબ થતો નથી. પાસે ખડા રહેનારાઓ ટગર ટગર જોયા કરે છતા કોઈનુ કંઈ પણ ન ચાલે. જગતની કોઈ પણ સત્તા તેને રોકી શકે નહિ, આ શું? અનેક ચક્રવર્તીઓ, અનેક મહર્દ્ધિકો આમ ચાલ્યા ગયા તેનું શુ કારણ? શું સાધનસામગ્રીની કમીના હતી? નહિ, નહિ. માનવું જ પડશે કે છતી સારવારે, છતી સામગ્રીયે પણ જીવનલીલા સંકેલાઈ જવામાં કંઈક કારણ છે, અને તે આયુઃકર્મ છે. આયુઃકર્મનો સ્થિતિકાળ પૂર્ણ થતાં કોઈ પણ સામગ્રી આયુને ટકાવી રાખવામાં સહાયભૂત નીવડતી જ નથી. નહિતર, જગતના કોઈ માનવીને મરવું તો ગમતું જ નથી. આયુઃકર્મ જગતમાં ન હોત તો અનેકોની જિંદગીઓ આજે પણ અસ્તિત્વમાં હોત.

જગતમાં નાનાં મોટાં અનેકવિધ પ્રાણીઓ છે. શારિરીક અવયવો, શારીરિક બાંધાઓ શારિરીક સૌંદર્ય, ઈંદ્રિયોનું ન્યૂનાધિકપણું, વળી કોઈ મનુષ્યપણે, કોઈ પશુપણે, કોઈ દેવ–પણે, કોઈ નારકીપણે શરીર ધારણ કરે છે. આ પ્રમાણે આ સંસારપટ ઉપર પરિભ્રમણ કરનાર જીવોને ઉપરોક્ત સંજોગોમાં જે ભિન્નતા સાપડે છે તે ભિન્નભિન્ન રૂપે તેવા સંયોગો અપાવનાર કર્મ તે 'નામકર્મ' નામે ઓળખાય છે.

એ રીતે કોઈનો મોટા રાજા મહારાજાઓને ત્યાં જન્મ, અને કોઈનો ચંડાળ આદિને ત્યાં જન્મ થાય છે આનું શું કારણ? હલકા કુળમાં જન્મ પામવાનું કોઈને પણ પસંદ નથી તેનું શું કારણ? ઉચ્ચકુળ અને નીચકુળ અપાવનાર પણ કોઈકને માનવું પડશે અને તે 'ગોત્રકર્મ' તરીકે ઓળખાય છે.

હવે અંતરાય કર્મ અંગે વિચારીએ. છતી લક્ષ્મીએ દાન દેવાની બુદ્ધિ નથી થતી. વગર લક્ષ્મીનો કેટલોક વર્ગ પુણિયા શેઠ જેવો છતાં તેને દાન દેવાની બુદ્ધિ થાય, કેટલાક મહેનત કરે છતાંય ન મેળવે, કેટલાક વગર મહેનતે સારી લક્ષ્મી મેળવી શકે છે. એટલે દાનનો અને લાભનો ગુણ ઉત્પન્ન થવો તે કર્માધીન છે, અને તે કર્મ તે 'અંતરાય કર્મ.' આ રીતે જે કર્મના આઠે પ્રકાર જાણે નહિ તે આત્મકલ્યાણના માર્ગે આવી શકે નહિ. એ પ્રકારો દ્વારા કર્મનું સવિસ્તૃત સ્વરૂપ સમજવા જૈન દર્શનમાં કહેલું તત્ત્વજ્ઞાન–ફીલોસોફી સમજવી જોઈએ.

(ચાલુ)

ऋषि रघुनाथ द्वारा

आचार्य लक्ष्मीचन्द्रको प्रेषित पत्र

संपा० पूज्य मुनिराज श्रीकान्तिसागरजी ग्वालियर

सचमुच पत्र लिखना भी एक बहुत बडी कला है। जैन मुनियोंने इस प्रेरणाशील कलाके विकासमें जो योग दिया है, उसमें उनका सांस्कृतिक व्यक्तित्व और प्रतिभाके दर्शन होते हैं। सामान्यतः पत्रोंमें वैयक्तिक भावनाका ही प्राधान्य रहता है परंतु श्रमणों द्वारा प्रस्तुत पत्र वैयक्तिक होकर भी उनमें जन–भावनाका प्रतिबिम्ब रहता है। वह उनके साधनामय जीवनगत औदार्यका सुपरिणाम है। गुणमूलक–परंपराके कारण वहां व्यक्ति व्यक्ति न होकर समष्टिमें परिवर्तित हो जाता है। नैतिक जीवनकी व्यापकता एवं सदाचारशील वृत्तिका मूर्त रूप पत्रोंकी एक एक पंक्तिमें परिलक्षित होता है। सामाजिक और सांस्कृतिक दृष्टिसे इन पत्रोंका अध्ययन किया जाय तो भूगोल, खगोल, इतिहास, पुरातत्त्व, तथा भारतीय–लोक-चेतनाको उद्‌बुद्ध करनेवाली अन्वेषणप्रधान प्रचुर मौलिक व विश्वसनीय साधन–सामग्रीका आभास मिल सकता है। कवित्व और विशुद्ध साहित्यिक दृष्टिकोणसे यदि इनका पर्यवेक्षण करें तो बहुतसे पत्र सरस काव्योंकी कोटिमें आ सकते हैं। स्वस्थ सौन्दर्य और कलाके उज्ज्वल आलोकमें देखने पर ज्ञात होगा कि ये पत्र कितने अंशोंमें सफल रससृष्टि कर आत्मस्थको जगाते हैं। मनोरंजन और गांभीर्यका समन्वय सुंदर विज्ञप्तिपत्र, क्षामणापत्र, और निजी पत्रोंमें दृष्टिगोचर होता है। स्वदर्शनकी उत्कट प्रेरणा एवं स्वयं द्वारा शासित होनेकी पवित्र भावनाका उदय ऐसे ही पत्रों द्वारा संभव है।

पुरातन ज्ञानागारोंमें इस प्रकारकी विपुल सामग्री प्रकाशनकी प्रतीक्षामें हैं। कतिपय पत्रोंका प्रकाशन गायकवाड ओरिएंटल सिरीझमें एवं सिंघी ग्रन्थमालान्तर्गत हुआ है। तथापि अप्रकट पत्रोंकी कमी नहीं हैं। कमी है उचित मूल्यांकन करनेवालोंकी।

आचार्य श्रीजिनचन्द्रसूरि, विजयदेवसूरि, ऋषि केशवजी आदि पुरुषोंके कतिपय पत्र मेरे संग्रहमें हैं जो विशेष ऐतिह्य तथ्योंका भले ही उद्घाटन न करते हों फिर भी उनका अपना महत्त्व है। शोधमें सामान्य तथ्य भी कभी कभी घटना विशेषके साथ संबंध निकल आने पर क्रान्तिकारी परिबर्तन कर सकता है।

यहां जो पत्र प्रकाशित किया जा रहा है वह नागोरी लोंकागच्छीय आचार्य श्रीलक्ष्मी-चंद्रजीसे सम्बद्ध है। आचार्यने यति श्रीरघुनाथजीको जो पत्र विप्र आभूके साथ भेजा था उसीके प्रत्युत्तर स्वरूप प्रस्तुत पत्र है। आचार्यश्री अपने समयके अपने गच्छके प्रतापी

व्यक्ति थे। यति श्री रघुनाथ रचित लोंकागच्छ पट्टावली प्रबंधकी दो प्रतियां मेरे संग्रहमें सुरक्षित है जिसमें आचार्यश्रीका परिचय इस प्रकार दिया है—आचार्य लक्ष्मीचंद्र हर्षचंद्रसूरिके पट्टधर थे। जन्म सं० अज्ञात है। वे कोठारी जीवराजकी पत्नी जयरंगदेवीके पुत्र थे। सं० १८४२ में व्रत ग्रहण किया। अमृतसर, लाहोर, स्यालकोट, दिल्ली, रोपड, भरतपुर, बन्नु, लखनऊ, मकसूदाबाद, काशी, पटना, कोटा, नागोर, फलोधी, बीकानेर, बाला, बनूड, नालागढ, आदि नगरोंमें आपका विहार हुआ था। सं० १८६० का चातुर्मास पतियालामें हुआ जब रघुनाथ ऋषिने अपनी पट्टावली पूर्ण की। बीकानेर नरेश रत्नसिंहने आपको रजतकी छडी दे कर सम्मानित किया था।

जैसा कि ऊपर कहा जा चुका है कि प्रस्तुत पत्रके प्रणेता पट्टावलीकार रघुनाथ ऋषि ही है। ये स्वयं संस्कृत भाषा और साहित्यके अच्छे विद्वान थे। स्वतंत्र ग्रन्थोंके अतिरिक्त महिम्नादि स्तोत्र इनके कवित्वपूर्ण पाण्डित्यके परिचायक हैं।

आपने पंजाब में रह कर जैन संस्कृतिकी उल्लेखनीय सेवा की है। सं० १८६३ में आचार्यका चातुर्मास चूरूमें था। वहां आपकी सेवामें यह पत्र भेजा गया था। मनसूरके प्रधानमंत्री चयनसिंह व उनके परिवारवालों—जैसे दयालुसिंह, हमीरसिंह, और कपूरसिंहका इसमें उल्लेख है। नगरके श्रावकोंका उल्लेख भी यथास्थान निर्दिष्ट है। रचना प्रासादिक गुणयुक्त है। मूल पत्र इस प्रकार है—

॥ ॐ ॥

॥ नमः श्रीसकलकलनाय भवतु सततम् ॥

॥ नमोऽर्हद्भ्यः ॥ **दोहा छन्दः संस्कृते ॥**

सुधासमानोदर्य्यवाग्विलासरञ्जितनृपाः ।
श्रीपूज्याः कविवर्यरत्नै रक्ष्या गुरुकृपा ॥ १ ॥
श्रीमत्पदप्रणतस्य मे विज्ञपनीयमिद तु ।
अत्रभवन्त सर्वदा निजहृदये प्रविदन्तु ॥ २ ॥ इदं दोहाछन्दः ॥

प्रथमं सोरठा नामकम् । अथ संस्कृतमयकवित्वम्—

श्रीश्रीपूज्यलक्ष्मीचन्द्रजिन्मुनीन्द्रवृन्दचन्द्र ! चिर जीव समविपुलमहामते ! ।
सदा रक्ष कृपादृष्टिमिष्टरूपशिष्टशिष्टिकारिणि प्रकृष्टकृष्टि वन्दय साधुतापतेः ॥
शोभनगुणसंचयो विशदस्ते महाशयोदारतरशीलमयो मामके तु मानसे ।
कोविदकुलावतंस ! संवसति शुद्धवशलुंकागणपद्महस ! हस इव मानसे ॥ १ ॥
कदा तदा गमिष्यति प्रभूतपुण्यजं दिनम् । यदा भवत्सुदर्शन सुखावह भविष्यति ॥ २ ॥

प्रमाणिकेयम् इत्यलम्, किमनल्पलिखनेन ? कामे मतिरस्ति यया श्रीश्रीपूज्यपादानां गुणगणगणनां
[illegible]

॥ ॐ नमः सिद्धेभ्यः ॥

स्वस्ति श्रीसद्मपद्मच्छदमृदुमृदितोपप्लवास्मत्रजस्या,
सेव्यं सौवर्गवर्गैरगणनगुणभृद्यस्य शस्यं त्रिलोक्याम् ।
आदेयं पादयुग्मं भवति भवततिच्छिदस्मृतं मूर्तिभाजां
भासा जाम्बूनद त प्रणिपततपतिं प्रीतये **आदिदेवम्** ॥ १ ॥ स्रग्धरा ॥

अचिरोदरमानससरोवरहंसेन शिवानि ।
शान्तिजिनेन विधीयतां भवतां सद्विभवानि ॥ २ ॥ सोरठा ॥

वन्यान् जन्तुगणानमोचयदल नो केवलं बन्धनात्
त्रस्तान् जन्म जटादितोपि भविनो दुर्मोहपाशद् यकः ।
पारेवाङ्महिमाहिमांशुवदनो नीलारविन्दद्युति–
द्वाविंशः पुरुषोत्तमः स कुशल वो रातु **नेमि**प्रभु ॥ ३ ॥ शार्दूल० ॥

नीपीय यस्यैकगिरं गुरु गताः प्रयान्ति यास्यन्त्यपि जन्मिनो गतिम् ।
प्रभुः स **वामातनुज**स्तनोतुः वः श्रिय श्रयच्छ्रीजनको जिनेश्वरः ॥ ४ ॥ वंशस्थम् ॥

पापापहारि सकलारिनिवारिहारि दारिद्र्यदारिदवदावदवाम्बवारि ।
श्रीधारि विष्टपचमत्कृतिकारि वः स्ताच्छ्री**वर्द्धमान**विभुपक्ष्मल शिवाय ॥ ५ ॥ वसन्त० ॥

सन्देहाचलश्रृङ्गभङ्गभिदुराद् वीरप्रभोः निर्ममे
लात्वा यत्त्रिपदीमुदारमतिको द्राग् द्वादशाङ्गीं हिताम् ।
यो वस्त्वपि चाबुधावगतये प्राक्षीत् पदार्थान् गुरू
सार्वं सर्वद **इन्द्रभूति**भगवान् भूयात् स वो भूतये ॥ ६ ॥ शार्दूल० ॥

श्री**मल्लुङ्काच्छगच्छे** भुजगपुरभव भव्यराजीवराजी
भास्वान् यः शासदासीन्मतिमहिममुदां शिश्विदानो निदानम् ।
यद्गाम्भीर्यस्य चाग्रे पृथुरपि रसधिर्गोष्पदायां बभूवा–
नन्दश्रेणीं प्रदेयात् स मुनिपरिवृढः श्रीजगज्जीवनाह्वः ॥ ७ ॥ स्रग्धरा ॥

॥ इत्याशिषः सततिः ॥

श्रीमदिष्टं नमस्कृत्य कामधुक्कोटिकामदम् ।
यथाज्ञप्तिसविज्ञप्तिछदन सदन मुदाम् ॥ ८ ॥ अनुष्टुप् ॥

अर्थप्रयोगकुशलः सुकुलः प्रसाधितो वासोभ्यधातुमणिकारणिकः समृद्धकः ।
यत्र स्वयभूरिव समुद्रशयो महावयो वर्वर्त्ति विश्वविदितः सुकृती सुरैजनः ॥ ८ ॥ मृदगकम् ॥

अनेकविधावणचारुचातुरो, मृतां मृतां तां निवहैर्नणां सदा ।
श्रीचूरुनाम्नीं पुरमुन्नतानतैर्गृहैः समैरध्युषिताः सुखावनिम् ॥ १० ॥ आख्यानकी ॥

श्रीमन्मुनीश्वरवराः प्रतिभानवंतः सत्प्रत्ययाः स्फुरदुदारकलानिवासाः ।
श्रेयोथसाधनपरास्समलब्धिभाजः श्रीइन्द्रभूतिगणभृत्तुलनामवाप्ताः ॥ ११ ॥ वसत० ॥

आख्यान्ति ख्यातिमन्तः कलिमलमलिनस्वान्तसशुद्धिहेतु
संसाराम्भोधिसेतुं भविककृते धर्ममाप्तोदितं ये ।
भव्यानामग्रतः श्रीजिनमतविपिनधौ वसन्तोपमाना
ज्ञानाद्याचारसम्पद्विलसितमधुरा निर्विकाराः प्रशान्ताः ॥ १२ ॥ स्रग्धरा ॥

शङ्खाङ्कामृतसोमसोदरगुण ग्रामाभिरामा महो-
दाराः स्फारपराक्रमाः सितयशोवादप्रतीतास्सना ।
अष्टाभिर्गणिसम्पदाभिरधिक विभ्राजिताजिह्मकाः
श्रीमन्मन्दरधीरवीरभगवत्सच्छासनोद्योतकाः ॥ १३ ॥ शार्दूल० ॥
श्रीनागपौरगणकौमुदतारकेशा ये सद्विहारसुपवित्रितनैकदेशाः ।
ऐदंयुगीनजनताहितकृत्यकृत्या राजन्ति राजमहिता महनीयपादाः ॥ १४ ॥ वसंत० ॥
संयान्नृणां शुद्धध्यशाङ्गश्रीविभ्राजिष्णूनां
तेषां श्रीश्रीपूज्याचार्यश्रेणीधुर्याणाम् ॥
श्रीश्रीलक्ष्मीचन्द्राभिख्यानां सूरीशानां भक्त्या
नाम नाम पादद्वन्द्वं तन्निर्द्वन्द्वं सानन्दम् ॥ १५ ॥ कामक्रीडा ॥
विबुधमाधवजित्सुखमल्लजित्प्रभृतयो भृतयोगवसूद्यलाः ।
अविरतं विरत दुरितेन यदशमिनः शमिनः समुपासते ॥ १६ ॥ द्रुतविलंबितम् ॥
शिष्टैर्महर्षिभिरहर्निशमुग्रचन्द्रैः ससेव्यमानमथ मोहनलालसञ्ज्ञैः ।
यवृद्धिचन्द्रवषतावरमल्लसाधू मेघादिचन्द्रयतिभिः सजुहारमल्लैः ॥ १७ ॥ वसत० ॥
विनीतशंभुरामसूरतादिरामनामकैर्वृतेषुदेवचन्द्रशैलतादिभिश्च भूरिभिः ।
सनादधीतितत्परै रूपास्ति सत्कमानसैर्महेच्छमान्यमानवेशमौलिमौलिमण्डनम् ॥ १८ ॥ पञ्चचामर० ॥
सदिन्दिरायां मृदुमन्दिरायां भूयाञ्जनो यत्र सुनाम नाम्न्याम् ।
स्तुतेतरां तत्र भवत्पदद्वयं द्वयातिगध्याहृतवर्म्मसस्पृहः ॥ १९ ॥ उपजातिः ॥
पुरि तत्र कृतस्थितिना व्रतिना कृतिना किल सत्कृतसत्कृतिना ।
विहितात्र भवच्चरणस्मृतिना रघुनाथक इत्यभिधानवता ॥ २० ॥ तोटकम् ॥
भवदीयनिदेशकिरीटभृता विनयानतकेन लिवीक्रियते ।
जिनदासयुजाथ विवांकुरुत प्रणतीर्बहुशोनुगयुग्मकृता ॥ २१ ॥ तोटकम् ॥
दृष्ट्वा पीयूषवृष्ट्या वो मङ्गल महदस्ति मे ।
सदैव दैवतानां हि श्रेयसां श्रेयसोत्सुकम् ॥ २२ ॥ अनुष्टुप् ॥
यद्यपि विश्वविवेकनिदान सश्रुतमेव पर करणीयम् ।
वच्मि तथापि प्रतिक्षणमृद्ध भावुकवृन्दमद्भुततर वः ॥ २३ ॥ दोधकम् ॥
अथ च-
दैवसरात्रिकपाक्षिकचातुर्माससमीयप्रतिक्रमणेषु ।
साधु यथाविधि साधककृत्यं साधयता दधता बहुमोदम् ॥ २४ ॥ दोधकम् ॥
प्रणामं प्रणाम भवत्पादपद्मे मया क्षामणाः क्षामितास्सन्ति सन्तः ।
लसन्तः सदा सद्गुणैः शुद्धमार्गे वसन्त. श्रितेभ्यो हितान्यादिशन्तः ॥ २५ ॥ भुजङ्गप्रयातम् ॥
पथ्यैरपि मुनीशानैः क्षन्तव्यास्ताः क्षमाक्षमैः ।
अनुकम्प्य मुधा दास दास दासं च सर्वशम् ॥ २६ ॥ अनुष्टुप् ॥
लोकोत्तरातिशयपुञ्जभृतां मुनीशां मुख्या मदीयमितिभाषितमामनन्तु ।
श्रीपूज्यपादचरणस्य चराचरे मे ध्येयं पर यदिह तच्चरणद्वयं वः ॥ २७ ॥ वसन्त० ॥
आभूनाम द्विजामीत द्विजराजमिवामिताम् ।
श्रीस्याग्मद् वः कृपात्र मन्मनः कुमुदं मुदम् ॥ २८ ॥ अनुष्टुप् ॥

भूयोपि भूयो भविकैर्भवद्भिः श्रीपूज्यपादैर्धृतसाधुवादैः ।
प्रसद्य सद्योनुचरेनवद्यो देयश्छदो येन मुहुर्मुदः स्युः ॥ २९ ॥ उपजातिः ॥
धन्यं जनुर्निजमवैमि भवादृशो यद्सत्पूरुषाः समदृशोपि हि मां प्रसद्य ।
सेवानुगमिति गणनावसरे लघिष्ठं मयाशये स्मृतिपथं वरदा नयन्ति ॥ ३० ॥ वसंत० ॥

भक्तिप्रह्वो भवच्छीर्षोत्र्यत्यो वो वन्दते पदौ ।
सङ्घो **रायपुरीया**दिः श्रीमद्दर्शनतन्मनाः ॥ ३१ ॥ अनुष्टुप् ॥
कृपारसभरस्फारः सारोदन्तमयश्छदः ।
इतो वो मन्मनः क्षेत्रे हर्षवर्षी भविष्यति ॥ ३२ ॥ अनुष्टुप् ॥

भानवसुधृतिप्रमितेब्दवरे शुभ**आश्विन**मासि दलेथ **सिते** ।
दिवसेश**तिथौ शनिवार**युते लिखितं खलु पत्रमिद त्वरया (१८६३) ॥ १ ॥ तोटकम् ॥

श्रीमत्प्रसादप्रासादमध्यमध्यासितेन वै ।
प्रीतये भवतां भूयाद् भगवत्पदवीभृताम् ॥ २ ॥ अनुष्टुप् ॥
बहुकृत्यविहस्तत्वात् कूट यद्धृष्टमत्र तत् ।
शोधनीयं सुधाधाम शुद्धसद्बोधवार्द्धिभिः ॥ ३ ॥ अनुष्टुप् ॥

श्रीमदोसवाहगणीयश्री**भोगी ऋषिदेवीदास**कृतप्रणतिततयो वाच्या बहुशः प्राज्ञैः ।
मनसूरपुराधिवासिसुकर्मकर्मचन्द्रापत्याना लालाचू**हड़सिंहा**दीनां सर्वेषां वदनावसेया ॥

सकलमन्त्रिमुख्यमहामात्र**चयनसिंहजि**तां तदगजन्मनां **दयालुसिंह-हमीरसिंह-कर्पूर-सिंहप्रभृ**तीनां च सहस्रशो वंदना अवधार्याः, शश्वत् श्रीश्रीपूज्यपादानां गुणगणान् प्रति प्रत्यह स्मरन्ति ते । अद्यश्वः क्षितिपतिरप्यत्र समागतोस्ति अन्येपि बहवो जनाः समेताः सन्ति तेन बह्वी लोकागतिः । सर्वं दिवस क्षणमपि पार्श्वं न मुंचन्ति मुग्धाः । अद्यश्वः **षष्ठांगं** शृण्वंति श्रावकाः सम्यक् पञ्चमेषु दिवसेषु तत्पूर्तिभावमुपेष्यति ततः **श्रीस्थानांगस्य** व्याख्यानं **बृहद्वृत्ति**-विमर्शपूर्वं करिष्यते मया । श्रीमच्छ्रीपूज्यपादप्रसादबलेन सन्मनसा विद्याविनोद करोमि । छात्राश्च विद्यार्थिनः प्रभूताः पठन्ति तत्र द्वित्रास्तु शाब्दशास्त्राभ्यासपराः सन्ति, केचन **गणिता**गम केचन **चिकित्सा**ग्रन्थान् सम्यगधीयते तत्र तत्र भवत्प्रसत्तिरेव सर्वनिर्वाहकरी ।

भवच्चरणरजःसेवकजिनादयस्तु शाब्दसूत्र मुखसात् करोति । तत्रत्याः सर्वेपि शिष्याः सम्यक् पठनक्रियाकुशला वो भुवतु* नित्यशः । श्रेयःश्रेणयः सन्तु सदा श्रीः ॥

ऐषमः **पर्युषणापर्व**सत्को महामहोत्राभूत् तपोवृद्धिश्च गरीयसी जाता । व्याख्यानादि धर्म-कृत्यं चानवद्य जातम् । तत्र श्रीमत्कृपाकटाक्षविलसितं बीजम् । इति श्रेयः ।

अस्मादृशेषु शरदिन्दुयशोधना ये कारुण्यनीरनिधयः सुरपादपन्ति ।
वन्दारुषु प्रतिदिन मुमुक्षुमुख्यमख्या महोदधिगभीरतराः प्रसन्नाः ॥ १ ॥
पूज्याचार्यश्रीश्री १०८ श्री**श्रीलक्ष्मीचन्द्र**जित्कानाम् ।
उपयातु चरणकमलातिथितां तेषामदर्पताम् ॥ २ ॥

बृहन्नागपुरीयलुङ्कागच्छेयशालिनाम् ।
श्रीम**च्चुरुपुरे** पुण्ये पुरन्दरपुरोपमे ॥ ३ ॥
इयलं बहुभ्यासन्यासप्रयासेन सतां पुरस्तात् तु तद्विदाम् ॥

---

* प्रथम लकारस्य प्रथमपुरुषबहुवचनं कर्त्तरि । भ्रांति निरासायेद लिखितम्

महो० भानुचन्द्रगणि रचित

एक नूतन ग्रन्थ

लेखकः **पूज्य उपाध्याय श्रीविनयसागरजी** साहित्याचार्य

कोटासे बंबईका प्रवास करते हुए मार्गमें यह नूतन कृति मुझे प्राप्त हुई। इस पुस्तकका नाम है नामकोष. टीका-इसके प्रणेता हैं महोपाध्याय भानुचन्द्रगणि; जो तपगच्छीय सूरचन्द्रगणिके शिष्य थे। ये वे ही भानुचन्द्रगणि हैं जो सम्राट् अकबरकी राजसभाके रत्न थे और जिन्होंने अपने उपदेशोंसे शत्रुञ्जय तीर्थका करमोचन कराया था। अतः लेखकके परिचयके बारेमें कुछ भी लिखनेकी आवश्यकता नहीं है। लेखक स्वयं अपनी परम्परा प्रशस्तिमें इस प्रकार वर्णित करते हैं:—

भूयः सूरयोऽभूवंस्तपोगणनभोङ्गणे। साम्प्रतं साम्प्रतं जज्ञे, श्री**हीरो**हर्मणिप्रभः ॥१॥
कलिन्दिकाकमलिनीसमुल्लासनभानुमान्। श्रीमान् **विजयसेनाख्य**स्तत्पट्टे प्रथितोऽस्ति सः ॥२॥
श्रीम**द्विजयदेवा**ख्यः, तत्पट्टामृतसूः समः। राजन्ते साम्प्रतं सम्यक्, साधुमार्गप्रवर्त्तकः ॥३॥
सम्प्रदाये तदीयेऽस्मिन्, जज्ञे **हानर्षि** उत्तमः। यो लुम्पाकमतं त्यक्त्वा, **तपापक्ष**मशिश्रयत् ॥४॥
तदन्ते निलयी श्रीमान्, वाचको विश्वविश्रुतः। श्रीमत्**सकलचन्द्रा**ख्यो, जज्ञे वैराग्यजन्मभूः ॥५॥
तच्छिष्यो **सूरचन्द्राह्वः**, समभूत् कविपुङ्गवः। विद्वद्वृन्दगजेन्द्राणां, मर्दने हरिविक्रमः ॥६॥
तच्छिष्यो **भानुचन्द्रेण**, वाचकेन विपश्चिता। नामचिन्तामणिर्नाम निर्णीतिर्निर्मिता मिता ॥७॥

* * *

लेखकने प्रत्येक काण्डके अन्तमें इस प्रकारकी पुष्पिका भी प्रदान की है:—

"श्रीशत्रुञ्जयकरमोचनादिसुकृतकारि—महोपाध्याय—श्रीभानु—
चन्द्रगणिविरचिते विविक्तनामसङ्ग्रहे ...... समाप्तः।"

इस पुष्पिकासे ऐसा प्रतीत होता है कि 'विविक्तनामसंग्रहः' नामक कोई नूतन कोषकी लेखकने रचना की हो, किन्तु आलोडन करने पर यह निष्कर्ष निकलता है कि यह नूतन कोष नहीं हैं, परन्तु आचार्य हेमचन्द्र प्रणीत 'अभिधानचिन्तामणिनाममाला' नामक कोषकी टिप्पणात्मक टीका मात्र है; और यही वस्तु स्वयं लेखक प्रशस्तिमें स्वीकार करते हैं:—"नामचिन्तामणिर्नाम निर्णीतिर्निर्मिता मिता।" अतः यह स्पष्ट हो जाता है कि यह स्वतन्त्र कोष न होकर टीका ही है।

इस टीकामें हमें लेखककी प्रौढ प्रतिभाके दर्शन यत्किञ्चित् भी प्राप्त नहीं होते। इसमें लेखक केवल गद्यमें पृथक्-पृथक् 'विविक्त' नाम लिखकर यत्र तत्र लिंगोंका निर्णय करते हुए अग्रसर दिखाई पड़ते हैं। उदाहरणके स्वरूपमें द्वितीयकाण्ड प्रथम श्लोककी टीका ही देखिये—

स्वर्गस्त्रिविष्टपं द्योदिवौ भुवि तविषताविषौ नाकः ।
गौस्त्रिदिवमूर्ध्वलोकः सुरालय……………… ॥

[टी.] 'स्वर्ग' इति स्वर्गः, त्रिविष्टपं द्यौः ओकारान्तो द्योशब्दः द्यौः, वकारान्तो दिव्शब्दः, एतस्यापि प्रथमैकवचने द्यौरिति रूपम् । भुवि—स्त्रीलिङ्गः, तविषः ताविषः नाकः गौः ओकारान्तो गोशब्दः स्त्रीपुंसलिङ्गः, त्रिदिवं—पुंक्लीबलिङ्गः, उर्ध्वलोकः सुरालयः स्वरव्ययेषु वक्ष्यते ।

इस 'पद्धति'को देखते हुए यह निश्चित कहा जा सकता है कि यह टीका विद्वद्भोग्या नहीं है किन्तु बालबोधस्वरूपा ही है ।

प्रशस्तिमें लेखकने रचनासंवत्का उल्लेख नहीं किया है किन्तु 'श्रीमद्विजयदेवाख्यः…… साम्प्रतं राजन्ते ।' उल्लेखसे यह निश्चित है कि सं. १६७२ के पश्चात्की यह रचना है ।

प्रस्तुत प्रतिके १२४ पत्र है ओर अनुमानतः १८ वीं शतीके पूर्वार्धमें लिखित है । पुस्तक मेरे संग्रहमें ही है ।

[अनुसंधान पृष्ठ : २३८ से आगे]

निश्चित है । इनके सीमंधर, वरकाणा, रोहिणी, जीरावला आदि स्तवन तो प्राप्त हैं ही । बड़े ग्रंथोमें कल्पांतर—वाच्य, बाल-शिक्षा और लघु-जातक टीका उपलब्ध हैं । इनमेंसे बाल—शिक्षा व्याकरण-ग्रंथ है, जैसलमेरके भंडारमें इसकी एकमात्र अपूर्ण प्रति प्राप्त है । इस ग्रंथमें जयानंदसूरिके शब्दानुसार ग्रंथका उल्लेख मिलता है वह भी अभी तक अज्ञात ही प्रतीत होता है । बालशिक्षाकी पूरी प्रति अन्यत्र किसी भंडारमें प्राप्त हो तो सूचित करनेका अनुरोध है । रचनाकालका निर्देश केवल लघुजातक—टीकामें ही मिलता है । यह ज्योतिष ग्रंथकी टीका संवत १५६१ में बीकानेरमें रची गयी ।

भक्तिलाभ उपाध्यायके शिष्य चारुचंद्र भी अच्छे विद्वान थे । उनका उत्तमकुमार चरित्र छप चुका है । हमारे संग्रहमें इस ग्रंथकी संवत १५७२में बीकानेरमें स्वयं ग्रंथकारकी लिखित प्रति प्राप्त है । इसकी श्लोक संख्या ५७५ है । ग्रंथकारकी—यह पहली रचना प्रतीत होती है । इनकी अन्य रचनायें इसप्रकार है—(१) भाषाविचार प्रकरण प्राकृत गाथा ४१ सावचूरि; इसकी अपूर्ण प्रति प्राप्त हुई है पत्रांक ३–४ मिले हैं । पत्रांक १—२ नहीं मिले । इसलिए इसकी भी अन्य प्रति अन्वेषणीय है । (२) हरिबल चौपई—रचना संवत १५८१ आसो सुदी ३ जिनहंससूरिराज्ये (३) नंदन मणिहार संधि, गाथा ४०, संवत १५८७ फाल्गुन, (४) रतिसार—चौपई, (५) महाबल मलयासुन्दरीरास गाथा ५१५, (६) पंचतीर्थि-स्तव—गाथा २९, संवत १५९८ आश्विन, (७) युगमंधरगीत—गाथा ११.

उपर्युक्त विवेचनसे स्पष्ट है कि भक्तिलाभोपाध्यायका समय पंद्रहवीं शताब्दिका न होकर १६ वीं शताब्दिका उत्तरार्ध निश्चित है । आशा है भविष्यमें वह भूल दुहराई न जावेगी ।

ઇતિહાસ-પુરાતત્ત્વ-સંશોધન

રાજકોટમાં એક વિચિત્ર પ્રવૃત્તિ

સ્થાનકવાસી સંપ્રદાયના પંજાબ કેસરીના બિરૂદથી ઓળખાતા મુનિ શ્રીપ્રેમચંદજીએ તા. ૨૧-૯-૫૪ના રોજ રાજકોટમાં આપેલા ભાષણની એક પુસ્તિકા અમને આજે જ મળી છે. એ ભાષણ વિશે અમે જવાબ આપીએ એ પહેલાં અહીં ટૂંકમાં એટલો નિર્દેશ કરવો ઉચિત જણાય છે કે એમના ભાષણને વાંચતાં મૂર્તિપૂજક અને સ્થાનકવાસી સંપ્રદાયના જૂના વખતથી ચાલ્યા આવતા વિવાદ-સાહિત્યથી તેઓ તદ્દન અપરિચિત હોય એમ લાગે છે. મૂર્તિપૂજા અને દેવદ્રવ્ય વિશેના એમના આક્ષેપોમાં કોઈ યુક્તિ કે વિચારવિમર્શ જેવું લાગતું નથી અને ન કોઈ ઊંડી ગવેષણાયે છે. કેવળ મૂર્તિપૂજક સંપ્રદાય સામેનો એમનો માનસિક રોષ ઠાલવવા એમણે પ્રયત્ન સેવ્યો છે. આજના વિચારપ્રધાન યુગમાં એમનો પ્રયત્ન કેટલો સફળ થશે એ અમે જાણતા નથી પરંતુ એક યા બીજી રીતે સમન્વય સાધતા શ્વેતાંબર અને સ્થાનકવાસી સંઘની એકતામાં ચિનગારી ચાંપવાનો એમનો આ પ્રયત્ન જણાય છે. મુનિશ્રીની આવી પ્રવૃત્તિ કલહ વધારનારી બને એ પહેલાં એમણે દેશ-કાળને પરખી લેવો જરૂરી છે. જો તેઓ મૂર્તિપૂજા વિષયક વિવાદનું જૂનું સાહિત્ય વાંચે તોયે તેમનું આ ભાષણ કેવળ બાલક્રીડા જેવું તેમને પણ લાગ્યા વિના નહિ રહે. મુનિશ્રી આવી પ્રવૃત્તિથી વિરમે એવી આશા રાખીએ. સંપા૦

Shri Jaina Satya Prakasha. Regd. No. B. 3801 श्री जैन सत्य प्रकाश

શ્રી જૈન સત્ય પ્રકાશ
અંગે સૂચના

યોજના

૧. શ્રી. જૈનધર્મ સત્ય પ્રકાશક સમિતિ દ્વારા 'શ્રી. જૈન સત્ય પ્રકાશ' માસિક ૧૯ વર્ષ થયાં પ્રગટ કરવામાં આવે છે.

૨. એ સમિતિના આજીવન સંરક્ષક તરીકે રૂા. ૫૦૦) આ૦ દાતા તરીકે રૂા. ૨૦૦) આ૦ સદસ્ય તરીકે રૂા. ૧૦૧) રાખવામાં આવેલા છે. આ રીતે મદદ આપનારને કાયમને માટે માસિક મોકલવામાં આવે છે.

વિનંતિ

૧. પૂજ્ય આચાર્યાદિ મુનિવર્ગ ચતુર્માસનું સ્થળ નક્કી થતાં અને શેષ કાળમાં જ્યાં વિહરતા હોય એ સ્થળનું સરનામું માસિક પ્રગટ થાય એના ૧૫ દિવસ અગાઉ મોકલતા રહે અને તે તે સ્થળે આ માસિકના પ્રચાર માટે ગ્રાહકો બનાવવાનો ઉપદેશ આપતા રહે એવી વિનંતિ છે.

૨. તે તે સ્થળોમાંથી મળી આવતાં પ્રાચીન અવશેષો કે ઐતિહાસિક માહિતીની સૂચના આપવા વિનંતિ છે.

૩. જૈનધર્મ ઉપર આક્ષેપાત્મક લેખો આદિની સામગ્રી અને માહિતી આપતા રહે એવી વિનતિ છે.

ગ્રાહકોને સૂચના

૧ "શ્રી જૈન સત્ય પ્રકાશ" માસિક પ્રત્યેક અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થાય છે.

૨. આ માસિકનું વાર્ષિક લવાજમ રૂા. ૩) ત્રણ રૂપિયા રાખવામાં આવ્યું છે.

૩. માસિક વી. પી. થી ન મંગાવતાં લવાજમના રૂા. ૩) મનીઑર્ડરદ્વારા મોકલી આપવાથી અનુકૂળતા રહેશે.

૪. આ માસિકનું નવું વર્ષ દિવાળીથી શરૂ થાય છે પરંતુ ગ્રાહક ગમે તે અંકથી બની શકાય.

૫. ગ્રાહકોને અંક મોકલવાની પૂરી સાવચેતી રાખવા છતાં અંક ન મળે તો સ્થાનિક પોસ્ટ ઑફિસમાં તપાસ કર્યા પછી અમને સૂચના આપવી.

૬. સરનામું બદલાવવાની સૂચના ઓછામાં ઓછા ૧૦ દિવસ અગાઉ આપવી જરૂરી છે.

લેખકોને સૂચના

૧. લેખો કાગળની એક તરફ વાંચી શકાય તેવી રીતે શાહીથી લખી મોકલવા.

૨. લેખો ટૂંકા, મુદ્દાસર અને વ્યક્તિગત ટીકાત્મક ન હોવા જોઈએ.

૩. લેખો પ્રગટ કરવા ન કરવા અને તેમાં પત્રની નીતિને અનુસરીને સુધારાવધારો કરવાનો હક તંત્રી આધીન છે.

મુદ્રક : ગોવિંદલાલ જગશીભાઈ શાહ, શ્રી શારદા મુદ્રણાલય, પાનકોર નાકા, અમદાવાદ.
પ્રકાશક : ચીમનલાલ ગોકળદાસ શાહ.
શ્રી. જૈનધર્મ સત્ય પ્રકાશક સમિતિ કાર્યાલય, જેશિંગભાઈની વાડી, ઘીકાંટા રોડ—અમદાવાદ.